જાગૃતિ
માસિક પત્રિકા

189

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૨ જાન્યુઆરી	છે
૨	૧૯૭૨ ફેબ્રુઆરી	છે
3	૧૯૭૨ માર્ચ	છે
૪	૧૯૭૨ એપ્રિલ	છે
૫	૧૯૭૨ મે	છે
૬	૧૯૭૨ જુન	છે
૭	૧૯૭૨ જુલાઈ	છે
૮	૧૯૭૨ ઓગસ્ટ	છે
૯	૧૯૭૨ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૭૨ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૨ નવેમ્બર	
૧૨	૧૯૭૨ ડીસેમ્બર	છે

For Reference See Pages: 9, 10, 35, 60, 65, 66, 67, 68, 73, 74, 75, 76, 83, 103, 122, 126, 145, 146, 151, 193, 194, 195, 200, 201, 202, 203, 204, 210, 215, 216, 235, 236, 237, 253, 255, 257, 306, 307, 308, 361, 362, 375, 376, 388, 389, 390, 398, 402, 403, 485.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

જાગૃતિ
માસિક પત્રિકા

189

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૨ જાન્યુઆરી	છે
૨	૧૯૭૨ ફેબ્રુઆરી	છે
૩	૧૯૭૨ માર્ચ	છે
૪	૧૯૭૨ એપ્રિલ	છે
૫	૧૯૭૨ મે	છે
૬	૧૯૭૨ જુન	છે
૭	૧૯૭૨ જુલાઈ	છે
૮	૧૯૭૨ ઓગસ્ટ	છે
૯	૧૯૭૨ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૭૨ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૨ નવેમ્બર	
૧૨	૧૯૭૨ ડીસેમ્બર	છે

શ્રી

કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

...ગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૧ જાન્યુઆરી : ૧૯૭૨

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

શ્રદ્ધા !

સંસારી માણસની તપસ્યા મોટી હોય છે પણ તે ક્ષુદ્ર ફળને સારૂ હોય છે. જેવી વાસના તેવું ફળ. આપણી ચીજની આપણે કહીએ તેનાથી વધારે કિંમત જગતમાં થતી નથી. સુદામા ભગવાનની પાસે તાંદુલ લઈને ગયા. એ મૂઠીભર તાંદુલના પૌંઆની કિંમત એક પાઈ પણ નહિ હોય પણ સુદામાને મન તે અમોલ હતા. તે પૌંઆમાં ભક્તિભાવ હતો. ચલણની નોટનું વજન કેટલું હોય છે ? સળગાવીએ તો એક ટીંપુ પાણી ગરમ નહિ થાય પણ એ નોટ પર છાપ હોય છે એ છાપથી તેની કિંમત થાય છે.

—ગીતા પ્રવચનો

વર્ષ : ૧૪ અંક : ૧ જાન્યુઆરી : ૧૯૭૨



આઘ સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
વત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬), પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.

સાવિત્રીબહેન એસ. વેલાણી –સહતંત્રી.

શ્રી. પ્રો. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી એડ્.

શ્રી ડૉ. હંસરાજભાઈ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી. ડૉ. ધનજીભાઈ કે. પટેલ
એલ એમ પી

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

અનુક્રમણિકા

* *

॥ ૐ નમઃ શિવાય ॥

તંત્રી સ્થાનેથી.......

જ્ઞાતિ બંધુઓ......

પીરાણા પંથ—જેને સતપંથના નામથી ઓળખવામાં આવે છે. એ હિંદુધર્મ નથી જ—એ વાત સમજવાની કંઈ વિશેષ જરૂર હોય એમ લાગતું નથી. એ હિન્દુ-ધર્મ નથી જ એમ સારી રીતે જાણતા હોવા છતાં એ વર્ગના કેટલાક આગેવાનો, કે જેઓનો તેમાં સ્વાર્થ છે તેઓએ આ પંથને વળગી રહેવાનો તેઓની પાછળની પેઢીઓને ઉપદેશ આપી રહ્યા છે, એ બાબત જો અત્યારનો યુવકવર્ગ સમજી લે તો એ દુઃખ મટી જાય અને હિન્દુકોમને ભ્રષ્ટ બનાવનારું જે કલંક છે એ કલંકનું નિવારણ થઇ શકે.

આશરે સાડાત્રણસો વર્ષ પહેલાં હિન્દુઓને વટલાવવા માટે આ પંથની યોજના ઘડવામાં આવેલી જણાય છે. ત્યારથી દોઢસો વર્ષ સુધી તો મુડદાંને અગ્નિસંસ્કાર કરવાની વાતપર હાથ નાખવામાં આવ્યો ન હતો. પરંતુ ધીરે ધીરે એ પંથના સંચાલકોએ એક અજ્ઞાન અને અભણ પ્રજાને ગેરરસ્તે દોરવા તેમના માનસપર અગ્નિસંસ્કારને બદલે દફનાવી દેવાની વાતો ઠસાવવા પ્રયત્ન કર્યો. સંવત ૧૮૩૨માં સૈયદો નખત્રાણા ગયા અને ખાનાંઓ સ્થાપવાની વાતો સમજાવી અને જુદા જુદા યુગના રિવાજો સમજાવવાનો ઢોંગ કરવા લાગ્યા.

Toe of Right leg of dead is burried

મુડદાના જમણા પગના અંગુઠે અગ્નિ અડાડિં તેને જમીનમાં દાટી દેવું લગ્ન પ્રસંગે ચૉરી ન બાંધવી, આવા પ્રસગોએ બ્રાહ્મણો સાથે સબંધ ન રાખવો કારણ કે તે લુંટી ખાય છે, આવી આવી બાબતો ભોળી પ્રજાના મનમાં ઠસાવી ત્યારથી બ્રાહ્મણોની જગ્યાએ મુખીઓએ સ્થાન લીધાં. આ રીતે ગરીબ અને લોભી માણસોના એક મોટા વર્ગનું જ્યાં અસ્તિત્વ હતું ત્યાંથી બ્રાહ્મણોની વિદાય અને મુખીઓને આવકાર મળતો થયો.

પાવળ /નૂરની ગોળી

આમ અંધશ્રદ્ધાળુ અને ગરીબ જનતાથી એક અધર્મ યુકત–અધમ પંથની શરૂઆત થઈ. દર ગુરૂવારે ખાનાંમાં લ્હાણની પ્રથાથી સૈયદો અને મુખીઓને ફાવટ આવવા લાગી. ત્યારબાદ રસોઇમાં ભેળસેળ કરવાની પ્રથા સ્વાભાવિક રીતે શરૂ થતાં ધાર્મિક ભાવના નષ્ટ કરવાની ચીજો પણ પ્રવેશ કરવા લાગી, અને એમાંથી પીરાણાના બાવાની નુરની ગોળીની વાત તો મુખ્ય થઇ ગઇ છે. ખાનાંઓમાં આ ગોળીઓ ઘસાય છે અને તે પીવામાં આવે છે. આ પંથ અર્ધો મુસલમાની હોવા છતાં તે છોડવાની હિંમત એક સમજુ અને કેળવાયેલો વર્ગ કેમ કરી શકતો નથી એ સમજાતું નથી.

ખરેખર! અફસોસની વાત છે કે હિન્દુઓની યાત્રાઓનાં જે પવિત્ર સ્થળો છે ત્યાં જવાના દરવાજા પણ તેમણે બંધ કરી દીધા છે, અને કાશી કે દ્વારકાની યાત્રા કરીને આવનારને પેલી ગોળી તો પીવી જ પડે, અને જો કોઇ ન પીએ તો જ્ઞાતિ બહાર જવાની સજા પણ ભોગવવી પડી. હોય એવા અનેક દાખલાઓ બન્યા છે. છતાં પણ આ બધી બાબતો કેમ ટકી રહી છે એવું વિચારતાં ખૂબ દુઃખ થાય છે.

ખરેખર! તો એમ જ લાગે છે કે પેલી મધ જેવી ગળી લાગતી ગોળીઓ પી–પી ને લોકોનાં હૃદય બહુ જ ભ્રષ્ટ અને મલિન થઇ ગયાં છે, એટલે આજે એ વાતની કોઇને નાનમ લાગતી નથી. અપવિત્ર સ્થાનની માટીમાંથી બનાવવામાં આવતી આ ગોળી હિન્દુઓથી પી શકાય જ નહિ, અને એ ભ્રષ્ટ કરનારી છે એ વાત આપણે તો શું સૈયદો પણ કબુલ કરે છે. છતાં એક અંધશ્રદ્ધાળુ જનસમુદાય તેઓનાં નવજાત શિશુને જન્મ પછીના ૨૧ મા દિવસે ખાનાંમાં લઇ જઇ આ ગોળી પાય છે.

પોતાની જાતને હિન્દુ કહેવડાવતો, કહેવાતો આ હિન્દુ–સમાજ દર ગુરૂવારે ખાનાંમાં ભ્રષ્ટ કરનારી ગોળી ઘસે છે અને પીએ છે. આ રીતે મલિન થઇ ગયેલ હૃદયમાં હિન્દુપણું મટી જાય છે એ વાત ઉતરી શકતી નથી. હિન્દુપણાના ઉપદેશને પ્રવેશ થવાનાં દ્વાર બંધ થઇ ગયાં છે. આ ગોળીને સાચા હિન્દુઓ માટે તો અંદુકની ગોળીની જ ઉપમા આપી શકાય. ઘણા વિદ્વાન અને સમજુ ભાઇઓ

સાચો ઉપદેશ આપે છતાં પણ લોકો એ માનવા તૈયાર ન થાય તેનું કારણ પણ એ ગોળી જ છે.

મુસલમાની રાહ પર લઈ જનારા એ પંથને અનુસરનારા ભાઈઓ પોતે હિન્દુ હોવાનો દાવો હરગિજ નહિ કરી શકે. ખાનાંને માનનારાથી હિન્દુ હોવાનું કહી જ ન શકાય. તો પછી પોતાને હિન્દુ અને કડવા પાટીદાર જ્ઞાતિના હોવાનું કહેવડાવનાર વર્ગે તે જ જ્ઞાતિના બીજા ભાઈઓનાં આચરણો કેવાં છે તે જોવું જોઈએ. પોતાની ખરી જાત પણ બતાવી શકતા નથી એવા પીરાણપંથના કલંકને દૂર કરવા, શાણા અને સમજુ યુવક વર્ગે સજાગ બની પોતાના વડીલ વર્ગને સમજાવવો જોઈએ; કેટલાક તો એવો દાવો કરતા હોય છે કે વડીલવર્ગને સમજાવવું મુશ્કેલ છે, તો પોતે અવશ્ય એ માર્ગે ન જ જાય એ માટે દઢ વિચારો અપનાવવા જોઈએ.

એકવખત રસ્તો ભૂલાઈ ગયો છે એ મોટામાં મોટું પાપ છે, પણ આ જમાનામાં ય એ જ ભૂલેલા રસ્તે આગળ વધવું એ મહાન પાપ છે.

હિન્દુ કડવા પાટીદાર જેવી ઉચ્ચ કોમનાં સંતાનોએ સાચો માર્ગ અપનાવવા કટિબદ્ધ રહેવું જોઈએ.

ધર્મના રક્ષણ ખાતર મહારાજા શિવાજી અને રાણા પ્રતાપ જેવા મહાપુરુષોએ સર્વ સુખોનો ત્યાગ કરી અનેક બલિદાનો આપ્યાં છે. એ જ મહાપુરૂષોની ભૂમિમાં નાહિમ્મત અને અધર્મને ધર્મ માનનારા પુરૂષો પાકે એ કેટલા દુઃખની વાત છે! ઘણા વીર પુરૂષોએ પોતાનો ધર્મ સાચવી રાખવા રણમાં અને મહેલ–મંદિરોમાં પોતાના પ્રાણનાં બલિદાન આપ્યાં છે. જ્યારે આજે તો એમાંનું કંઈ જ કરવાનું નથી માત્ર તમારા મનને દઢ કરો તો પણ ઘણું છે. આ અધર્મ પંથના રાહે જ્ઞાતિની પાયમાલી સર્જનાર દશોંદ જેવા લાગાઓ પણ ભરવા પડે છે. આ બધી બાબતો વિશે યુવક અને સમજુ વર્ગે ધડો લેવાની ખાસ જરૂર છે. પોતે પોતાની જાત સુધારવા આગળ આવવાની જરૂર છે. ધર્મના રક્ષણ અર્થે તો વિદ્વાન પુરૂષો અવશ્ય સહાય કરશે જ, કારણ કે એ તો એમનો મુખ્ય ધર્મ છે.

સાચા ધર્મના રક્ષણ માટે સ્ત્રીઓએ પણ આગળ આવવું જોઈએ. અનેક ભારતીય સન્નારીઓએ ધર્મ ખાતર પોતાના પ્રાણનાં બલિદાન આપ્યાની અમર ગાથાઓ પણ આપણને મળી રહેશે. માટે સ્ત્રીઓએ પણ આ બાબત સમજવી જોઈએ.

અંતમાં, અધર્મયુક્ત–અધમ પંથે લઈ જનાર અને જાતને ભ્રષ્ટ કરનાર એ પંથને તિલાંજલિ આપવાનું શાણા અને સમજુ સ્ત્રી–પુરૂષો અવશ્ય વિચારશે એવી નમ્ર અભિલાષા સાથે વિરમું છું. જય હિન્દ!

હરિભાઇ ધનજીભાઈ પટેલ
એમ. એ; એલ. એલ. બી.
વજેપુરા કંપા.

આતમ્ કહે મનડાં ને.........

આતમ્ કહે મનડાંને આ શું વર્તાય ?
આ જુઠા કળિયુગમાં બધે પાપ વર્તાય.
જાતિય બંધનો નરમ થયાં ને કપડાં તંગ થયાં,
વહુ—સસરાનાં બંધનો ગયાં ને દિલડાં વિકારી થયાં.

સત્ય, ન્યાય ને આદર ગીરવે મુકાયાં,
જુઠાણું, અન્યાય ને અનાદર પાસે રખાયાં.
ધર્મ, પ્રેમને ભાવના વિસારે પડયા,
મા—બાપ, વડીલ સૌનાં માન મર્યાદા ગયાં.

ચૌદ વર્ષની બાળના દિલડાં કાળાં થયાં,
સુપથ મૂકીને કુપથે ભટકતાં થયાં.
રાજા ગયા, જાગીર ગઈ, ગઈ મૂછની આંકડી,
વિલાસીતાએ કબજો લીધો ને ગઈ વીરતા ફાંકડી.

સ્વાશ્રય, સ્વાવલંબન, શૂરવીરતા ભૂલાઇ ગયાં,
પરાશ્રય, આળસને કાયરતા જીવનમાં વણાઇ ગયાં.
અરે ભાઇ ! આતો છે હળહળતા કળીયુગનાં એંધાણ
એજ આશ "હરિ"ના દિલને કે તમોને તેનાં નાથાય બંધાણ.

કાળું નાણું — ધોળું નાણું

—ચુનીલાલ એન. પટેલ
ટી. વાય. બી. કોમ. (ફાઈનલ)
ધનસુરા.

"કાળા નાણા બજારને અંકુશમાં લાવવું સમાજહિત વિરોધી છે"!

રાષ્ટ્રમાં જયારે આર્થિક કટોકટી પ્રવર્તમાન હોય ત્યારે સમાજના ભિન્ન-ભિન્ન વર્ગોમાં (વ્યાપારી અને નાણાંકીય પ્રવૃત્તિમાં) રોકાયેલો વર્ગ કેવા કેવા અનુભવ પામે છે તે બાબતને આપણે નીચેની થોડી નાણાંકીય બજારની ચર્ચા ઉપરથી સમજવા વિચારશું. એ સ્વાભાવિક છે કે કટોકટી ટાણે આ પ્રવૃત્તિનો કાંઇક જાણકાર હોય તે આમવર્ગને તેનું વિશ્લેષણ અને સમાલોચના કરી સાચી સમજ આપવા પ્રયાસકરે તેમ મને પણ થોડી સ્ફુર્તિ જાગી છે.

"ભારતના નાણાંપ્રધાને થોડા સમય પહેલાં કબૂલ કર્યું હતું કે, "ભારતમાં ધોળા નાણાં અને કાળાં નાણાં એમ બે પ્રકારની સમાન્તર અર્થવ્યવસ્થા ચાલે છે;" અને આગળ વધીને તેમણે કાળાનાણાંને અંકુશમાં લાવવાના પગલાં લેવા પ્રજાને વિશ્વાસ આપેલ છે. તેમાંના એક પગલા રૂપે તાજેતરમાં પાર્લામેન્ટમાં રજૂ થયેલ, દસ્તાવેજમાં દર્શાવેલ કિંમતે જ સ્થાવર મિલકત સરકારે લઈ લેવાનો કાયદો છે. નાણાં પ્રધાનના ઉપરોકત નિવેદનની એક એવી છાપ ઉભી થાય છે કે "જેમ બે ટ્રેનો જૂદા-જૂદા પાટા ઉપર પાસ પાસે ચાલી જતી હોય તેમ ધોળા નાણાં અને કાળાં નાણાંના સમાંતર બજાર ચાલી રહ્યાં છે. પરંતુ આ ધોળાં નાણાં અને કાળાં નાણાં એટલે શું? ધોળુ અને કાળું નાણું કાયમી પોતાના ગુણ ધરાવે છે? અને આવાં બે બજારો ઉપસ્થિત થવાનાં મૂળભૂત શાં કારણો છે? એવા ભિન્ન ભિન્ન પ્રશ્નો આપણા જેવા આમ-વર્ગના માનવીને થાય તે સ્વાભાવિક છે.

વાસ્તવમાં જોઇએ તો ધોળું નાણું એ તો ધોળું રહેતુ નથી અને કાળું નાણું પણ કાયમી કાળું નાણું રહેતું નથી. દા. ત. એક વ્યકિત પાસે "કાળાં નાણાં એટલે ચોપડે લાવેલ નથી. (નોંધાયા વિનાનાં) તેવા નાણાં છે આ વ્યકિત અમુક વપરાશી માલ

રેફ્રીજરેટર, મોજશોખની જરૂરિયાતો, જેવું કે સ્કૂટર ખરીદે છે. આ કિસ્સામાં આ માલ વેચનાર તેની વેચાણ કિંમત તેના ચોપડે જમા કરે છે. પરતુ ખરીદનાર વ્યકિત ઉપરોકત વસ્તુઓ કાળાં નાણાંના બેલેન્સમાંથી ખરીદે છે. અર્થાત ખરીદનારનું કાળુ નાણું વેચનારને ચોપડે આપો આપ અને સીધી રીતેજ પ્રમાણિત વ્યવહાર હોઇ ધોળુ નાણું બની જાય છે. આવીજ રીતે અનેક સાદાં ઉદાહરણો સમાજમાં જોવા મળે છે. જેવાં કે કાળાં નાણાંમાંથી શેઠજી નોકરોને અને પોતાના કુટુંબીજનોને ખુશ કરવા માટે પેઢીના અલાયદા નાણાંના ભંડોળમાંથી (બિન નોંધાયેલ નાણાંભંડોળમાંથી) સિનેમાની ટિકિટો લેવા જે નાણાં આપે છે તે સિનેમાવાળા માટે ધોળાં નાણાંમાં ફેરવાઈ જાય છે. આજરીતે ઉત્પાદક વર્ગને કાચો માલ યોગ્ય ભાવે નહિ મળતાં અમુક ટકા વધારો આપીને માલ ખરીદવો પડે છે અને સરકાર માન્ય ભાવ કરતાં જેટલો વધારે ભાવ ચૂકવાય છે તે ઉત્પાદક વર્ગ માટે પડતરમાં ગણાતો હોઇ હંમેશાં ધોળા નાણાંનો એક ભાગ હોઈ તે ચોપડે નોંધાય છે જ્યારે વેચનાર વર્ગ પ્રમાણિત કિંમત ઉપરની કિંમત કાળાં નાણાં રૂપે ઉચાપત કરે છે અને આ રીતે ધોળાં નાણાંમાંથી કાળાં નાણાંમાં ફેરવાય છે.

આ રીતે ધોળું નાણું કાયમી કાળા નાણાંના ગુણધર્મ જાળવી શકતું નથી. નાણાંને જેમ છાપ નથી તેમ કાળાંમાંથી ધોળામાં અને ધોળામાંથી કાળાં નાણાંમાં રૂપાંતર પરિસ્થિતિ અનુસાર થતું રહે છે, જેથી અમુક સમયે અમુક કરોડ રૂપિયા કાળાં નાણાં બજારમાં ફરે છે તેવાં ચોક્કસ નિવેદન કરવા વાહિયાત છે

કાળું નાણું ઉપસ્થિત થવાનાં કારણોની બાબત જોતા નીચેની બાબતો જોવી જરૂરી લેખાશે :– મુખ્યત્વે–કન્ટ્રોલ, કવોટા (Quota) Licence, પરમિટ અને ઉંચા કરવેરાના દર ! જ્યારે સરકાર પાસેથી અમુક લાયસન્સ અથવા પરમીટ મેળવવા માટે સરકારી કર્મચારીઓને (હોદ્દેદારોને) લાંચ આપવી પડે છે. ત્યારે તે રકમ કયાંથી કાઢવી અથવા કયા ચોપડે માંડવી ? સ્વાભાવિક રીતે લાંચ આપવા માટે અમુક રકમ એવી હોવી જોઇએ જે ચોપડે ન મંડાય ! ત્યારે વ્યાપારી આલમ પોતાનો અમુક માલ વેચી ચોપડે માંડયા વગર તે રકમ લાંચ રૂપે જાય છે. આવી રકમ લાંચ મેળવનાર માટે કાળુ નાણું બને છે ! તે જ્યારે વાપરશે ત્યારે પોતાનું નામ સામાન્ય રીતે જાહેર નહિ કરે અર્થાત તે પણ કાળાં નાણાં રૂપે વાપરશે એમ કહેવાય છે કે ભારતના અતિલોકપ્રિય અને સામાજિક સડા વિરોધી નેતા અને ભૂતપૂર્વ પ્રધાનશ્રી નંદાજી એકવાર સ્થાવર મિલ્કતનું રજિસ્ટ્રેશન કરાવવા ગયા ત્યારે તે ઓફિસરે લાંચના રૂા. ૧૦૦ માંગ્યા. શ્રી નંદાજીએ વળતો જવાબ આરામથી આપતાં

જણાવ્યું "હું નંદાજી છું" તેને ન ઓળખનાર અધિકારીએ કહ્યું કે તમે નંદાજી હો કે નહેરૂજી! અહિ તો એક દસ્તાવેજ થાય એટલે રૂા. ૧૦૦ ની નોટની પ્રથા છે! શ્રી નંદાજી આવો જવાબ સાંભળી આભાજ બની ગયા. તેજ રીતે વેહીકલ અને ડ્રાયવીંગ વિભાગમાં જોઈએ તો ગમે તેટલો નિષ્ણાત ડ્રાયવર હોય તો પણ તેને ટ્રાયલ લાયસન્સ માટે નિશ્ચિત રૂપિયા આપવા પડતા હોય છે. જેમ કે મોટર-સાયકલ માટે ૫૧ રૂા. ખર્ચ થાય. અર્થાત આમાં રૂા. ૫ ચલન ભરવું પડે, ટ્રાયલ માટે ૯ રૂા. લાયસન્સ ચાર્જ થાય, ૧૦–૧૨ રૂા. વકીલને ફી આપવી પડે. અને તે સિવાયના ૨૫ રૂા આર. ટી. ઓ. ઓફિસરને ખિસ્સામાં મૂકાવવા પડે અન્યથા લાયસન્સ કેન્સલ થાય. આ રીતે નબળા ડ્રાયવરો પણ નિષ્ણાતનું બિરૂદ મેળવીને અકસ્માતના ભોગ બનતા હોય છે.

તેજ રીતે સિનેમા જગતના કલાકારોને ઉપરથી રકમ આપવી પડે તે ક્યાંથી આવે? તે માટે પ્રોડયુસરે તૈયાર ફિલ્મના કરાર કરતી વખતે અમુક રકમ કાળાં નાણાં તરીકે લેવી પડે. સરકારે પ્રમાણિત કરેલ દર કરતાં વધારે દરે વ્યાજથી નાણાં લેવા પડે ત્યારે વધારાનું વ્યાજ ક્યાંથી કાઢવું અને કયા ખાતે માંડવું? તે માટે માત્ર કાળા નાણાંની જ જરૂર પડે? બેંકમાંથી લોન લેવા લાંચ આપવી પડે, તલાટી પાસે ઉતારા મેળવવા લાંચ આપવી પડે, સહી કરાવવા જતાં સરક્ષણ ફાળાને બહાને ૫ થી ૧૦ રૂા. આપવા પડે. ખરેખર પહોંચ વિનાના અપાતા ફાળાનાં નાણાં સૈનિકોને સહાય થતી હશે કે કેમ એનો ઉપરવાળો ભગવાન અને ફાળો ઉગરાવનાર વર્ગનો આત્મા જાણે. આ બધાં નાણાં ક્યાંથી કાઢયાં જે વેપારી આલમનો માણસ હશે તેને પહોંચ કે ડોક્યુમેન્ટ વિનાનું ખર્ચ માટે ભાગે બે નંબર કે કાળાં નાણાંમાંથી વાપરવી પડતી હોય છે. રાજકિય પક્ષને ચૂંટણી ફંડમાં આપવા માટે નાણાં ક્યાંથી કાઢવાં? અલબત્ત તે માટે કાળાં નાણાં ઉભાં કરવાં પડે! સામાજિક દેખાદેખીમાં મોટા ભભકાથી દીકરા–દીકરીનાં લગ્ન વખતે મોટા ખર્ચ કરવા કરવા માટે નાણાં ક્યાંથી લાવવા ૯૮% નો આવકવેરો ભરવામાંથી બચવા માટે શું? સીધો સાદો જવાબ મળશે બે નંબર કરવું–અર્થાત કાળું નાણું ઉભું કરવું! વળી અતિશય એકત્ર થયેલ કાળાં નાણાંનો હેતુપૂરઃસર ઉપયોગ કરવા માટે પણ સખાવતી અર્થે દાન ખાતે અપાય છે. જેથી અમુક બાબતોમાં બક્ષિસ વેરામાંથી પણ રાહત મળે.

આ રીતે કાળા નાણાંનું બજાર ઉભું થવા માટે અસંખ્ય કારણો છે, જે અંકુશમાં આવે તો કાળું નાણું અંકુશમાં આવે. માત્ર કાયદાના સુધારા વધારાથી અંકુશમાં લાવવું અશકય છે. એકમત એવો પણ પ્રવર્તે છે કે કાળું નાણું સમાજને લાભદાયક

જેનાથી જીવનધોરણ ઉંચુ લાવવામાં અને દાન દક્ષિણા અર્થે સારો એવો ફાળો અપાય છે. આ વધતા જતા ભાવો ફુગાવાના જમાનામાં વધારાનું નાણું કાળા નાણાં બજારમાં જતાં તેટલી ખરીદ શકિત આપોઆપ ઓછી થાય છે તે નાણાં સીધી રીતે વાપરી શકાતાં નથી તેથી તે ફુગાવાને ડામવાનો એક બળ તરીકે કામ કરે છે આ રીતે કાળું નાણું સમાજને લાભદાયક પણ છે. વળી એકમત એવો પણ પ્રવર્તે છે કે ઉપરોકત સામાજિક લાભો ઓછેવત્તે હોઈ કાળાં નાણાં બજારને સરકારે નાથવાને બદલે પ્રોત્સાહન આપવું જોઇએ. કાળું નાણું એ તો સમાજ વ્યવસ્થાનું પ્રતિક છે, સરકારની પ્રતિષ્ઠા અને કાર્યક્ષમતાનું પ્રતિબિંબ છે એવો પણ એકમત પ્રર્વતમાન છે ! એક ગુજરાતી ભાષાની લોકપ્રિય થયેલ કહેવત છે ને કે, "ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય" અર્થાત પ્રગતિના પથે જતા સમાજમાં વ્યાપાર જગતમાં આમ વર્ગોમાં નાણાં બજારમાં પણ કાળાં નાણાંરૂપી બદીથી કેટલીક વખત ધોળા નાણાંને મદદ કર્તા નિવડી પડે છે તેથી મારી ધારણા મુજબ એ બદી નાબુદ કરવી અશકય છે જો કે એ લાભકર્તા છે કે કેમ ? તે એક પ્રશ્ન ગણાય ?

Depends on Taxation Bulletine "In India"

શાના પર વિજય

નરેન્દ્ર વી. પટેલ
ક. પા. છાત્રાલય-ધનસુરા

માનવે ચંદ્ર તરફ પ્રયાણ કર્યું. તેનું યાન ચંદ્ર પર પહોંચ્યું. અને તેનો પૃથ્વી સાથેનો સંપર્ક ખોરવાઇ ગયો. સાહસી ચંદ્રવીરે પૃથ્વી તરફ પ્રયાણ કર્યું. તેનું યાન પૃથ્વીના એક સમુદ્રમાં આવીને પડ્યું.

ચંદ્રવીર પોતાની પ્લાસ્ટીકની હોડી લઇને પોતાના વતન તરફ જઇ રહ્યો હતો. તેને ચાંચિયાઓની હોડી મળી તેઓએ તેને પકડી લીધો. તેઓએ દશ કરોડ રૂપિયા મેળવી ચંદ્રવીરને સોંપવાની ઇચ્છા કરી. ચાંચિયાઓનો સરદાર ચંદ્રવીરની હેટ લઇને અમેરિકન સરકાર પાસે પહોંચ્યો. તેણે ચંદ્રવીર માટે દશ કરોડની શરત બતાવી. જ્યારે બીજી બાજુ જંગલી હોડી વાળાઓએ ચંદ્રવીરને બચાવ્યો અને સરકાર પાસે પહોંચ્યા ચંદ્રવીરને સરકારને હવાલે સોંપ્યો અને દશ કરોડની આશાએ આવેલ ચાંચિયાઓના સરદારને ઠાર કરી તે જંગલી સરદાર બોલ્યો. " માનવી ચંદ્ર પર વિજય મેળવી શકયો છે પરંતુ લોભ ઉપર વિજય મેળવી શકયો નથી." ★

"ધર્મં શરણં ગચ્છામિ"

અંબાલાલ જી. પટેલ
અજુપુરા (ડાકોર)

શ્રાવસ્તી નગરી આજ આનંદે ઉભરાય છે, કારણ કે આજ ભગવાન બુધ્ધે અહીં ધર્મ પરિષદ યોજી છે. આજ એનો મંગળ પ્રારંભ છે. સત્ય, દયા, ક્ષમા, અહિંસા પરિગ્રહ, ઉદારતા, ત્યાગ, પરોપકાર અને પ્રેમ આ બધાં સ્થૂલ તત્ત્વોની મિમાંસા થવાની છે.

નગર બહાર રાજમાર્ગોપર ધોળા અશ્વોના રથપર સવાર થઇ, લીલાં, લાલ પીળાં, કેશરી, શ્વેત વસ્ત્રોથી આભૂષણો સજી નગરવાસીઓ જેતવન ભણી જઇ રહ્યાં છે.

આ પરિષદ ટાંકણે ભગવાન તથાગતે એક આજ્ઞા પાઠવી છે કે કોઇએ પરિષદમાં સુવર્ણાલંકારો–આભૂષણો પહેરીને આવવું નહીં.

શ્રાવસ્તીની શ્રેષ્ઠ ધનાઢય નારી વિશાખા પણ ભગવાન બુદ્ધની જ્ઞાન–વાણી સાંભળવા રથપર ચઢી.

રથ દોડતો દોડતો જેતવન તરફ આવ્યો ને એ ચોંકી. એની ડોકમાં બહુમૂલો હાર રહી ગયો હતો. એ ક્ષણે તો રથ જેતવનના દરવાજે આવી ઉભો હતો. હવે ડોકમાંના હારનું શું કરવું? જ્ઞાન શ્રવણ કરવા જેવું કે હાર સાથે પાછા જવું?

વિશાખા સાથે એમની દાસી સુપ્રિયા હતી. એને વિશાખાએ એ હાર સાચવવા આપ્યો. ને બેઉ ધર્મસભામાં આવ્યાં.

શીળી છાયા અને મીઠો પવન વર્ષાવતા સંતોના હૃદય જેવાં વૃક્ષોની સઘન છાયામાં એક વૃક્ષની નીચે એક પથ્થરની ઉંચી શિલાના સિંહાસનપર પદ્માસન સ્થિત ભગવાન બુદ્ધ કમળપત્રશાં નયનોમાંથી પ્રેમ અને કરૂણા વહાવતાં જીવનનાં મૂલ્યો સમજાવી રહ્યા છે. અને અહિંસા, ક્રોધ અને શાંતિનું, જીવન અને મરણ, પરિગ્રહ અને અપરિગ્રહ, દયા અને અદયા, શૌચ અને અશૌચના દ્વંદ્વની ધીરજ ગંભીર વણીથી સમાલોચના કરી રહ્યા છે.

મોડેસુધી આ જ્ઞાન–યજ્ઞ, જ્ઞાન–પરિષદ ચાલ્યા પછી વિખરાઈ. નગરવાસીઓ ધર્મપરિષદમાં થયેલ વ્યાખ્યાનોની ચર્ચા કરતાં બાગમાં ઘૂમી રહ્યાં છે. વિશાખા અને સુપ્રિયા પણ આમજ ઘુમી રહ્યા છે એ વખતે સુપ્રિયાને સોંપાયેલો હાર ક્યારે પડી ગયો એનું એને ધ્યાન ન રહ્યું,

**

ધર્મ પરિષદ યોજતી વેળા ભગવાન બુદ્ધે એક નિયમ કરેલો કે પરિષદ ટાંકણે કોઈની કાંઈ જણસ પડી જાય તો તે ચીજ શ્રમણોએ મુખ્ય શિષ્ય આનંદ ને સોંપવી એક શ્રમણને જેતવનમાંથી વિશાખાનો હાર મળ્યો ને તે એણે આનંદને સોંપી દીધો.

આનંદે તે હાર ઓળખ્યો ને ભગવાન બુદ્ધને કહ્યું : 'પ્રભુ, વિશાખા આ હાર ભુલી ગયાં છે ! તથાગતે તે હાર સાચવી રાખવા આજ્ઞા કરી.

એજ ક્ષણે જેતવન બહાર રથપર સવાર થતાં જ સુપ્રિયાને "હાર યાદ આવ્યોને એણે વિશાખાને કહ્યું. હાર બાગમાં પડી ગયો છે. રહો, લઈ આવું,"

'રહેવા દે. હવે એ મારાથી ન લેવાય, કારણ કે હાર આનંદના હાથમાં ગયો હશે. ધર્મ કહે છે શ્રમણોનો સ્પર્શ થયેલ હાર હવે દાન આપવાની જણસ બની ગયો. હવે એ હાર મારાથી ન લેવાય !'

આ અવાજ વાળી વિશાખાએ રથને ગતિ માન કર્યો આવાસે આવતાં વિચાર આવ્યો. 'અરે આ હારથી તો ભિખ્ખુ સંઘની મેં ચિંતા વધારી ? તેઓ એ હારને રાખશે કયાં ?'

ને ઘણા મનોમંથનને અંતે વિશાખાએ પોતાનો હાર બનાવનાર કારીગરોને પોતાના આવાસે બોલાવ્યા અને કહ્યું : તમે મારો હાર બનાવી દીધે એના મૂલ્યની સ્મૃતિ ખરી ?' 'હા નવ કરોડ સુવર્ણ મુદ્રા એ હારની કિંમત છે. સિવાય એક લાખ મુદ્રા હાર બનાવવાનું અમારૂં મહેનતાણું."

બીજા દિવસનું પ્રભાત પ્રગટયું. વિશાખા સ્નાન કરી ધવલ વસ્ત્રો પરીધાન કરી થાળમાં નવકરોડને એક લાખ સુવર્ણ મુદ્રાઓ મુકાવી જેતવનમાં આવી. ધ્યાનસ્થ ભગવાન બુદ્ધને અભિવાદન કરી એક બાજુ ઉભી રહી. ત્યાંજ મંગળમય વાણીમાં તથાગત બોલ્યા :

'કેમ, પુન : આગમન થયું, વિશાખા !'

'અર્થાત ?'

ધર્મપરિષદમાં મારી દાસી સુપ્રિયા મારો હાર ભૂલી ગઈ છે. તે સાચવવા શ્રમણોને પીડા થાય તે નિવારવા આવી છુ.'

'શી રીતે ?'

'એ હારનું મૂલ્ય સાથે લાવી છું, તે ભિખ્ખુસંઘને સોંપીને.'

શ્રમણો દ્રવ્યને શું કરે ?'

'તો ભગવાન આજ્ઞા આપે.

એ સુવર્ણ મુદ્રાઓથી વિહારના પૂર્વ દરવાજે એક આવાસ બનાવો કે ભિખ્ખુ-ભિખ્ખુણીઓ તેમાં સુખથી વસી ધર્મ ધ્યાન કરી શકે.'

'ભગવાનની એ આજ્ઞાનું પાલન થશે'

'હવે તમારો હાર પાછો લઈ જાઓ'

'નહિ પ્રભુ, પરિષદમાં

લાગુ વાવી આપની આજ્ઞાનો મેં લોપ કર્યો છે, અને વળી એ હારને શ્રમણોનો સ્પર્શ થયો છે. એટલે વસ્તુ શ્રમણોની થઈ ગણાય માટે એ હાર વર્જ્ય છે.

'એ હારનું તમે ઉચિત મૂલ્ય આપી દીધું છે. હવે એ હાર તમારો.' તથાગતના નિયમોના ભંગના અપરાધ બદલ અલંકારના રૂપમાં હવે એ હાર નહીં લઈ જઈ શકું.'

'ત્યારે ?'

'કારીગરો આવી એ હારને ભઠ્ઠીમાં લઈ જઈ ગાળી નાખશે પછી જ એ સ્વીકારીશ.

ભગવાન તથાગત વિશાખાની આ સમજથી પ્રસન્ન થયા.

કારીગરો આવ્યા. હાર લઈ જઈ ભઠ્ઠીમાં નાખ્યો. નવ કરોડને એક લાખ સુવર્ણ મુદ્રાઓ વડે વિહાર પાસે જમીન ખરીદી ભિખ્ખુઓ માટે ભવ્ય રહેઠાણ બનાવ્યું.

વિશાખાની આ દાનશીલતાથી શ્રાવસ્તી નગરી ધન્ય બની ગઈ.

★

પુ જા ર ણ

મોહનલાલ કે. પટેલ
નાગપુર.

ડગલું,
આગળ એણે એક
ભર્યું, દિઠી
ન એકેય સરોવર
મહીં
કમળ પાંખડી.
બેઠી કાંઠે એ ઘેલી
નાર. ભાળી કળ પાંખડી
દૂર વચ્ચે, દોડી.
મૂક્યો પગ નીરમાં,
એ પુજારણે.
પાતાળ સમ હતું તે
સરોવર.
માથાં ડૂબ થયું પાણી.
વધી રહી, એ–શ્યામદુલારી.
સમાવી,
લીધી સરોવર વારીએ,
વિના કમળે.
જોઈ આ ચાલી ધારા
અશ્રુની નયનમાં
ઈશિતણા.
રડતા હૃદયે બોલ્યા
દીનાનાથ,
મળી મોકલેલ મને તારી,
એ....કમળ....પાંખડી.

★

યુદ્ધ વિરામ પછી

—બુધ્ધિસાગર પટેલ

કાલના યુદ્ધ–વિરામ પછી
આજથી દેશ–ભરમાં બ્લેક–આઉટ ખતમ થાય છે...

અને સરહદો પણ શાંત છે...
All Quiet on The Western Front ની જેમ

સમાચારપત્રોની હેડલાઈનોમાં ઝડપથી દોડયે જતા મિલિટરી–જવાનોના રાક્ષસી બૂટ હવે દેખાતા બંધ થાય છે અને લોકો પણ યુદ્ધની વાત છોડી 'કટીપતંગની' વાત કરતા થઇ ગયા છે. પાકિસ્તાની રેડીયો પર લાતો ખાઇને પણ દિવસ રાત ઝેર ઓકતો મરેલો–મુસાલિની આજથી કંઇક શાંત પડી ગયો છે.

સેબર–જેટ, મિરાજ, એફ–૧૦૪ સુપર સોનિક ફાઈટર, સાઈડ–વિન્ડર મિસાઈલસ-વાળા એફ–૮૬ સુપર સોનિક જેટ, બી–૫૭ બોમ્બર, ગાઝી, પેટન ટેન્ક અને શેફી ટેન્કની ખુવારી પર હતાશ બનીને આંસુ સારતો પાકિસ્તાની સરમુખત્યાર અર્જ-પાના ડંખથી બરાબર સુઇ નથી શકતો વધુમાં—

એક સરમુખત્યારની રત્ન જડિત વીંટીં-માંથી જેમ મલમલનો આખો તાકો પસાર થાય એમ દુઃખ, કષ્ટ અને યાતનાથી ભરપુર એવા દિવસો બંગલા દેશ માટે પસાર થઇ ચુકયા; અને આજથી એ આઝાદીના વાતાવરણમાં મુકતશ્વાસે શ્વસી રહ્યો છે,

ત્યારે દેશના એક ખૂણેથી એક વિદેશી –પત્રકાર પોતાની ડાયરીની નોંધમાં લખે છે

કોમ, મઝહબ અને ખતરાના નામે
ફાટી નીકળેલા યુદ્ધમાં
અનેક શહીદ થયા અને—
શહીદોની લાશ ઓળખવા ગયેલા
અનેક લોક હજી સુધી એ નકકી
નથી કરી શકયા કે,

મરનારમાં હિન્દુ કોણ હતો અને
મુસલમાન કોણ હતો.
—પણ હજારો ઇન્સાન યુદ્ધના મોરચે
ખપી ગયા છે એ એકહ કીકત છે...
કારણ સરહદોપર છંટાયેલું રકત
આદમના વારસદારોનું જ હતું ને... !

વૃક્ષોની અજબ દુનિયા

—રેવનદાસ એસ. પટેલ
મગોડીલાટ (રતનપુરકંપો)

દક્ષિણ આફ્રિકાના માડાગાસ્કર ટાપુઓમાં માણસોનો ભોગ લેનારાં વૃક્ષો થાય છે જર્મનીના ડૉ. કાર્લ લેશને પોતે આવા કિસ્સા જોયા હતા. આ વૃક્ષ માણસોના ભોગ કેવી રીતે લે છે એ પણ જાણવા જેવું છે. માડાગાસ્કર ટાપુમાં હબસીઓના વસવાટ પાસે આવાં વૃક્ષો આવેલાં છે. હબસીઓ આવાં વૃક્ષોને પોતાના દેવ માને છે અને આ દેવને અવારનવાર એકાદ સ્ત્રીનો ભોગ ચડાવે છે. ભોગ ચડાવનાર સ્ત્રીને વૃક્ષની ડાળી સાથે બાંધી દેવામાં આવે છે આ વૃક્ષની ડાળી બલીના શરીરને વીંટળાઈ વળે છે.

વૃક્ષનાં પાંદડાં પણ કડક અને અણીદાર હોય છે. આ પાંદડાંની ધાર બલીના શરીરમાં પેસી જાય છે. થોડા વખતમાંજ બલીના શરીરમાંથી લોહીનાં ટીપાં જમીનપર પડવા માંડે છે થોડા દિવસોમાંજ આ બલીના શરીરનું લોહી વહી જાય છે અને તે મરી જાય છે.

● ● ●

મધ્ય અમેરિકામાં અને ખાસ કરીને પનામા વિસ્તારમાં એક જાતનાં વૃક્ષો થાય છે. આ વૃક્ષનાં ફળ મીણબત્તી જેવાં હોય છે. ફળમાંથી ચરબી જેવો રસ નીકળે છે આ રસમાંથી મીણબત્તી બનાવી ઉપયોગમાં લઇ શકાય છે. અને દુનિયામાં સૌથી નાનામાં નાનું વૃક્ષ અમેરિકામાં આવેલું છે. એની ઉંચાઇ માંડ એક ફુટ જેટલી છે આ ઝાડ ડાબી અને જમણી બાજુ વધે છે અને ઉંચું વધતું નથી. આ વૃક્ષનાં મુળ ૭૦ ફુટ લાંબાં હોય છે. અને વૃક્ષનું આયુષ્ય ૩૦૦ થી એ વધુ વર્ષનું હોય છે.

● ● ●

આફ્રિકાના જંગલમાં એક જાતનું વૃક્ષ છે જે સવારે સંકોચાય છે અને રાત પડતાં (ચંદ્રના પ્રકાશમાં) વિસ્તાર પામે છે અને કંપે છે આ વૃક્ષનો રંગ સહેજ પીળો હોય છે એના પાંદડાંનો રંગ સહેજ કાળાશ પડતો હોય છે. વૃક્ષની ડાળીઓ લાલ રંગની હોય છે. આ વૃક્ષની છાલ કાઢતાં ગુંદર જેવો પ્રવાહી નીકળે છે. આ વૃક્ષના મુળના કટકાને બહાર કાઢતાં રંગ બદલાઇ જાય છે અને વૃક્ષનું પ્રવાહી શરીર ઉપર લાગવાથી અગ્નિ જેવી જાળ લાગે અને તે ભાગ કોહી જાય છે. આ વૃક્ષનો એક લાભ છે કે

ઝેરની અસર આવતી નથી. સર્પ દંશનો ભોગ બનેલાને આ વૃક્ષનો રસ પાવાથી ઝેરની અસર થતી નથી. થોડા વખત આગાઉ આ વૃક્ષને નાશક રવામાં આવ્યો છે.

અમેરિકામાં સો ફુટના ઘેરાવાવાળું એક વૃક્ષ છે. આ વૃક્ષની થડની બખોલમાં માણસો રહે છે. આ પ્રકારના કેટલાએ વૃક્ષોની બખોલમાં થોડા રાખવા માટેના તબેલા-હોય છે. અમેરિકામાં મેક્સિકોખાતે એક જાતનાં વૃક્ષ ઉગે છે આ વૃક્ષનાં પાંદડાંને સોય જેવો એક કાંટો હોય છે. આ કાંટો કાઢી નાખવાથી એની સાથે તેમાંથી દોરી પણ નિકળે છે આ દોરી લાંબી હોઈ સીવવાના કામમાં આવે છે. ★

દક્ષિણ અને ઉત્તર અમેરિકાના દેશોની રાજધાનીઓ

સંગ્રાહક : કુ. મણીબેન પટેલ
મદનમહેલ, જબલપુર
(મ. પ્ર.)

આર્જેનટિના – બ્યુનીસ એર્સ
બોલિવિયા – લા પાઝ
બ્રાઝીલ – રીઓ ડિ જનેરો
ચીલિ – સાન્ટિએગો
કોલમ્બીયા – બોગોટા
વેનેઝુએલા – કારકાસ
ઈક્વેડોર – કિવટો
પેરૂ – લીમા
પારાગ્વે – એસનસિયન
યુરાગ્વે – મોન્ટેવિડિયો
ટ્રિનિડાડ અને ટોબેગો – પોર્ટ ઓફ સ્પેન
બ્રિટીશ ગુયાના – જ્યોર્જ ટાઉન
ડચ ગુયાના – પારામારિબો
ફ્રેંચ ગુયાના – કેયન્ન
પનામા – પનામા સિટી
અલ સાલ્વાડોર – સાન સાલ્વાડોર
હોન્ડુરાસ – ટેગુસીગાલ્પા
બેલાઇઝ (બ્રિ.હોન્ડુરાસ) – બેલાઇઝ સિટી
ગ્વાટિમાલા ગ્વાટેમાલા
ક્યુબા – હવાના
હૈતી – પોર્ટ ઓ પ્રિન્સ
ડોમિનિકન રિપબ્લીક – સિઆડા ટ્રુજીલો સિટી
જમાઇકા – કિંગ્સટન
પ્યુર્ટો રિકો – સેન જુઆન
મેક્સિકો – મેક્સિકો સિટી
યુ.એસ.એ. (અમેરીકા) વોશિંગ્ટન (ડી.સી)
કેનેડા – ઓટાવા
નિકારાગુઆ – માનાગુઆ
કોસ્ટા-રિક – સાન જોસ ★

૧૯૭૧ ભારત પાકિસ્તાન યુધ્ધનો મહિમા

અંબાલાલ વી પટેલ
કે. પી. છાત્રાલય, ધનસુરા.
) વજેપુરા)

ભારત દેશ ગુલામીની જંજીરોમાંથી મુક્ત થયો ત્યારથી કુદરતી અને કૃત્રિમ વિટંબણાઓથી લચીત થયેલો જોવા મળે છે. કાશ્મીરનું આઝાદીના અરસામાં રક્ષણ કરવાનું ભારતનું કાર્ય, ૧૯૬૨માં ચીની આક્રમણ, તે અરસામાં દિવ, દમણ અને ગોવાનું યુદ્ધ, ૧૯૬૫ માં ગદ્દાર પાકિસ્તાનનું આક્રમણ. ગુજરાતમાં લીલો દુષ્કાળ, અમદાવાદનાં રમખાણો, ઓરિસ્સા પર વાવાઝોડાનો કોપ આ બધી વિટંબણામાંથી ભારત દેશ આર્થિક રીતે હજુ સ્થગિત થયો નથી

ત્યાં પાકિસ્તાન સરહદે ૧૯૭૧ ના યુદ્ધ પહેલાં થોડા દિવસે લશ્કરી જમાવટ સ્થગિત થતી દેખાઇ. તેમાંય ખાસ નોંધપાત્ર બ્રિગેડિયર લશ્કરની સ્થગિતતા જોઇ 'ભારતરત્ન નું બિરૂદ પામેલ શ્રીમતી ઇન્દિરા ગાંધીને ભારતની વિજયી સેનાને યુદ્ધવિરામ રેખાના સિમાડે ખડકવાનું યોગ્ય લાગ્યું. આથી ભારતના લશ્કરી અધિકારી સરસેનાપતિ એસ. એચ. એફ જે. માણેકશાહે ભારતના કચ્છ, રાજસ્થાન, કાશ્મીર, પંજાબ અને પૂર્વ વિભાગના સિમાડે પંજાબ રેજિમેન્ટ ગોઠવી.

યુદ્ધ પહેલાં ૧૦ દિવસ પૂર્વપાકિસ્તાન (બંગલાદેશ) ની પ્રજાથી છંછાડાયેલ અને 'લોહીતરસ્યા' "**भारत जितने वाला सपनोका सौंदागर**" યાહ્યાખાને રડિયોપર મુલાકાતમાં જણાવ્યું કે હું આવતા ૧૦ દિવસમાં રાવલપીંડીમાં નહીં હોઉં, યુદ્ધમેદાનમાં યુદ્ધ ખેલતો હોઇશ. વિધાતાએ આ તેની મેલી મુરાદ તેના સ્વયં હાથે પૂર્ણ કરી.

તા ૩–૧૨–૭૧ ના દિવસે પાકિસ્તાની દળો એઝરાઇલ જેવો સ્વાર્થી ધ્યેય રાખી ભારતના અમૃતસર, આગ્રા, જોધપુર, અંબાલા, પઠાણકોટ અને શ્રીનગરનાં હવાઇમિથકોપર બોમ્બ વર્ષા કરી તેમની કાદવ જેવી ગંદી વિચારધારાનો જવાબ

સ્વર્ગસ્થ શાસ્ત્રીજીના સૂત્રપ્રમાણે "**इटका जवाब पथ्थर से दो**" તેવી રીતે ભારતીય જવાનોએ આપ્યો. ૪ થી ડિસેમ્બર ને શુક્રવારે ભારતના સૈનિકોએ દુશ્મન (પાક.) નાં ૭ વિમાનના ભૂકકા બોલાવ્યા. તેમાં ખાસ નોંધપાત્ર અમેરીકાના નાક ગણાતાં સેબ્રેજેટ વિમાનો પણ તોડયાં. ભારતના વીર જવાનોએ યુદ્ધના શ્રી ગણેશ મંડાયા ત્યારે જ પાકિસ્તાનના હવાઈ દળને પાંગળું બનાવ્યું. જનરલ માણેકશાહનો હુકમ મળતાં ભારતીય લશ્કરો મુકિત વાહિનીને મિત્ર બનાવી પાકિસ્તાન સૈન્યની કમર તોડવા કટીબદ્ધ થયાં. ૪ થી ડીસેમ્બરના રોજ રાત્રે ૯ વાગતાંસુધીમાં ભારતીય જન્મભૂમિના જવાનોએ દુશ્મન (પાક.) નાં ૩૩ વિમાનોનો ભુકકો બોલાવ્યો.

ત્યાર પછી પાકિસ્તાનની પાંગળી હિંમત તૂટવા લાગી. છતાં અમેરીકી પ્રમુખ શ્રી નિકસનના આશીર્વાદથી અને નિકસન તરફથી ભેટ મળેલાં શસ્ત્રોથી યાહ્યાજીએ યુદ્ધ ચાલુ રાખ્યું. છેવટે જ્યારે યાહ્યાજી, નિકસન અને માઓત્સે તુંગ" તંત્રને બંગલાદેશ (પૂર્વ પાકિસ્તાન) ગુમાવવાની આકાંક્ષા પ્રેરિત થઈ ત્યારે ત્રિપુટી તંત્રે યુનોની સલામતિ સમિતિ બોલાવી આ સમિતિમાં નિકસન અને માઓત્સે તુંગના પ્રતિનિધિઓએ પાકિસ્તાનની પીઠ પંપાળી. પાકિસ્તાન તરફી વલણ દાખવી યુદ્ધવિરામની દરખાસ્ત રજૂ કરી, પણ તેની સામે વાસ્તવિકતા જોવાવાળા દેશ રશિયાના પ્રતિનિધિએ વીટો વાપરી આ દરખાસ્ત રદ કરી. આ પ્રમાણે રશિયાએ ભારતની તરફેણમાં સલામતિ સમિતિમાં ત્રણ વખત વીટો વાપર્યો. છેવટે સલામતિ સમિતિમાં છંછેડાયેલ 'ચીન–અમેરિકી' તંત્રે યુનોની મહાસભા બોલાવી આ મહાસભામાં યુદ્ધવિરામના ઠરાવપર મતદાન થયું. આ મતદાનમાં ભારતની તરફેણમાં ૧૧ મત પડયા અને પાકિસ્તાની તરફેણમાં ૧૦૪ મત પડયા. છતાં ભારતીય પ્રતિનિધિ સમરસેને ચોખ્ખા શબ્દોમાં સમિતિમાં જણાવ્યું કે ભારત કોઈપણ વિદેશી દબાણને વશ નહીં થાય.

આ પ્રમાણે યુનોમાં રાજરમત ચાલુ રહી ત્યારે આપણા સૈન્યો યુદ્ધ મોરચે આગેકૂચ કરતાં રહયાં અને તેમાંય ભારતના નવોદા જેવા નૌકાદળે સારી પ્રસંશા મેળવી. પાકિસ્તાનનું 'ગાઝિ' નામનું અમેરીકા તરફથી ભેટ મળેલુ જહાજ બંગાળાના ઉપસાગરમાં વિશાખાપટ્ટમથી થોડા માઈલોના અંતરે તોડી પાડયું. તે જગ્યાએ તેનું કબ્રસ્થાન બનાવાયું. દિવસે દિવસે લડાઈ જોરદાર પકડ પકડતી ગઈ. પાકિસ્તાનના સૈન્યનો ભૂકકો બોલવા લાગ્યો. ભારતરત્ન ઈન્દિરા ગાંધીએ સંસદમાં સોનાર બંગલા દેશને તા. ૬–૧૨–૭૧ ને સોમવારે માન્યતા આપી અને ભારતના હવાઈદળ, પાયદળ અને નૌકાદળે પાકિસ્તાન સૈન્યને યુદ્ધમેદાનમાં પાંગળું બનાવ્યું. પછી અમેરીકાએ ભારતને યંત્ર સામગ્રીની શકિતથી દબાવવા તેનો સાતમો નૌકા કાફલો 'એન્ટરપ્રાઈઝ'

નૌકાના જહાજ સાથે ભારત પાકિસ્તાન તરફ મોકલ્યો છતાં ભારતની અડગતા નિશ્ચિત રહી તેનું કંઈ પરિણામ આવ્યું નહિ અને છેવટે ભારત, પાકિસ્તાનની જે ખુવારી થઈ તેનો સ્કોર બોર્ડ નીચે દર્શાવ્યો છે.

ગુમાવતો દેશ	ટેંકો	વિમાનો
પાસ્તિાન	૨૪૪	૯૪
ભારત	૭૩	૪૫

આ સ્કોરબોર્ડથી ભયભીત બનેલ પાકિસ્તાનના લશ્કરી શાસનના સરસેનાપતિ યાહ્યાખાને પૂર્વ પાકિસ્તાનનો સંપૂર્ણ વહીવટ લે. નિયાઝિને સોંપી દીધો જ્યાં માયકાંગલા વાઘથી તેના દુશ્મન (ભારત)નો સામનો ન થઇ શક્યો. શું ઉંદર વાઘ જેવા દુશ્મન (ભારત)નો સામનો કરી શકતો હશે? આથી નિયાઝીને પોતાનો પરાજય નિશ્ચિત જણાયો ત્યારે જનરલ માણેકશાની ત્રીજી વખતની શરણે આવવાની અપીલને માન આપી લશ્કર સમક્ષ અને લશ્કરી અધિકારી જગજિતસિંહ અરોરા સમક્ષ રેડક્રોસના મેદાનમાં પૂર્વ બંગાળની પ્રજા અને ભારતીય જવાનો સમક્ષ સંધ્યાકાળે શરણાગતિ સ્વીકારી અને ભારતીય લશ્કરને તાબે થયા. ઇન્દિરા ગાંધીની યુદ્ધ વિરામની અપીલ સ્વીકારી યાહ્યાખાને ૧૫ મે દિવસે યુદ્ધ બંધ કર્યું

સંરક્ષણ મંત્રી શ્રી જગજીવનરામની ૧૫ દિવસમાં બંગલાદેશ આઝાદ કરવાની ઇચ્છા અને દુશ્મનની ભૂમિપર યુદ્ધ ખેલવાની જીજ્ઞાસા ભારતીય જવાનોએ ૧૪ દિવસમાં પૂર્ણ કરી તેનો જવાનોને આપણા લાખ વાર વંદન.

"જય જવાન-જય કિશાન"



* भारतीय स्वतंत्रता संग्राममें नारीका योगदान *

लेखिका : कुमारी निर्मला रामजीभाई पटेल
मदन महल, जबलपुर
(म. प्र.)

आज हमारी परीक्षाकी घडी आ गई है, आज हमें शत्रुने चुनौती दी है, अतः प्रत्येक भारतीय का यह कर्तव्य हो जाता है कि अपना पूरा सहयोग प्रदान करें ताकि विश्वको यह दिखा दे कि भारतीय वीरता और साहस में किसीसे कम नहीं है और मातृभूमिकी रक्षाके लिये प्राणोत्सर्ग तक कर सकते है दुसरेकी शांति भंग करना भारतका ध्येय नहीं और न ही दुसरे देश पर अधिकार करनेका । परन्तु यदि शत्रु आक्रमण करता है तो आक्रमणका प्रति उत्तर देना भी हमें आता है । भारतीय स्वतंत्रता संग्राम के इतिहासके पन्ने पलटकर देखें तो हमें पता चलता है कि पुरूषवर्गके साथ नारीने भी स्वतंत्रता संग्राममें बडा योग दिया ।

भारतीय स्वतंत्रता संग्राम में नारीका बहुत बडा योगदान रहा है । इस समय तात्कालिक नारीने अपनी बेडियोंका तोडकर राजनैतिक और सामाजिक क्षेत्र का अपनाकर वातावरणको बदल डाला । स्वतंत्रता संग्रामके इतिहास के पन्नोंका उलटकर देखें तो रणक्षेत्र में अनेक वीरांगनाओं के दर्शन होंगे ।

१८५७ के स्वतंत्रता संग्राम में जिस वीर स्त्री के रणकौशल तथा कार्यो से अंग्रेज सरकार भी क्षुब्ध हो उठी थी उस महारानी लक्ष्मीबाई का कान भुला सकता है उसकी वीरता और साहसको देखकर अंग्रेज दांतो तले अंगुली दबाते थे और उसकी वीरताका लोहा मानते थे ।

मातृभूमिके लिये कष्ट सहना और प्राणोत्सर्ग करना केवल पुरूष के ही अधिकारकी बात नहीं है, भारतीय नारी भी इसकी पूरी क्षमता रखती है यह बात प्रफुल्लवाला बक्शीने उस समय कहीथी जब आनन्द मठ के सन्यासी नेता सत्यानन्द ने स्त्रीयों को भी क्रांति वृत में दीक्षित हो सकनेमें संदेह प्रकट लिया था।

क्रान्तिकारीयोंका साथ

सत्य बात तो यह है कि भारतीय नारी ने स्वतंत्रता आंदोलन में पूर्ण रुपसे भाग लिया था और पुरुषोंको विप्लव कार्यो में सहायता दी थी। जब ब्रिटिस पुलिस क्रान्तिकारियों के घर पर गिरफ्तारी के लिये छापा मारा करती थी तब अकसर मां बहनें ही जरुरी कागजात तथा रिवाल्वर पिस्तोलें आदि पुलिसकी नजरोंमें धूल झोंककर करार क्रान्तिकारियों तक पहुचाया करतीथी सन १८१७-१८ में बंगाल में एक महिलाको अस्त्र कानूनमें दो सालकी सजा भी हुई थी, जिसका आज किसी को पता नहीं है।

काकोरी केस के बाद बनारस के सी. आई. डी. डिप्टी सुपरिडेंट रायबहादुर जतीन्द्रनाथ बनर्जी पर दिन दहाडे चौराहे पर गोली चलाई गई थी। इसके लिये सुवर्ण दीदीने प्रेरणा दी थी और पिस्तोलका प्रबंध किया था। यह बाल विधवा लडकी काशी हिन्दु विश्व विद्यालय में पढती थी।

दीदी और भाभी

सरदार भगतसिंह और चंद्रशेखर आजादका नाम तो सबने सुना होगा। लाहोर केस तथा दिल्ली षडयन्त्र केस में सरदार भगतसिंह और चंद्रशेखर आजाद के साथी के रुप में 'भाभी' और 'दीदी' के नाम से दो महिलायें बडी प्रसिध्ध हुई। जब भगतसिंह तथा बटुकेश्वर दत्त को छुडानेकी योजना चल रही थी। तभी योजना क्रियान्वित होनेकी निश्चीत तारीख के कुछ दिन पूर्व ही रावीके किनारे बमविस्फोट से भगवतीचरण चल बसे थे। वह तारीख आई जब गंभीर विपद और उदासी के वातावरण में क्रांतिकारी युवकगण भगत और दत्तको छुडाने के लिये चले और वे एक दूसरे से विदा लेने लगे। इनमें किसी को पता न था कि कोन जिन्दा लोटेगा और कोन शहीद होगा। उस

अवसर पर सुशीला दीदीने अपनी अंगुली चीरकर रक्तप्लावित अंगुली से सबके माथे पर टीका लगाया था और विजय कामनाकी थी । इसके बाद भगतसिंहकी फांसी के पश्चात उसका प्रतिशोध लेने के लिये बम्बई में जो लेमिंगटन गोलीकांड हुआ, उसमें भी स्वयं दुर्गा भाभी ने गोली चलाई थी ।

१४ दिसंबर १९३१ मे शांति और सुनीति चौधरी जिल्ला मजिस्ट्रेटके बंगले पर गई और साथमें पिस्तोल भी छिपाकर ले गई । वहां पहुचाकर मजिस्ट्रेटको बाहर आनेको कहा मेजिस्ट्रेट लडकियोकि अवाज सुनकर बाहर आया और सोचा कि ये लडकियां कोन है और यहां क्यो आई है उधर लडकियो ने अपनी पिस्तोल निकाली और दोनोने पांच सेकंड मे पांच पांच करके दस गोलियां चलायीं । मजिस्ट्रेटका शरीर छलनी हो गया और लहुलुहान होकर जमीन पर गिर पडा लडकियो ने अपनी खाली पिस्तोल फेंक दी । ये दोनो साहसीं लडकियां केवल १५ साल की थी उनकी उम्र कम होनेकी वजह से उन्हे आजन्म कालेपानीकी सजा मीली ।

वीणादास और प्रीतिलता

६ फरवरी १९३२ को कलकत्ता विश्व विद्यालय मे समावर्तन समारोह मनायाजारहा था । उस समारोह के मुख्य अतिथि बंगालके अंग्रेज लाट सर स्टेनले जेक्सन थे । इस अवसर पर वीणादास नामक स्नातिका जो कि वहां पर उपाधि लेने आई थी गवर्नर पर गोली चला दी । वीणादासने अदालत में सहायपूर्ण बयान दिया । समाचार पत्रो पर रोक लगा दिये जानेके कारण बयान प्रकाशित न हो सका.

२४ दिसंबर सन् १९३२ को रातके १० बजे चटगांव के पहाडीतली में स्थित युरोपियन इन्डस्टीट्यूट' परबम तथा रिवाल्वरो से भारी हमला हुआ । इस काभियानका नेतृत्व कुमारी प्रीतिलता ओहदेकरने लिया । आक्रमण करने वाले केवल १०-१२ क्रांतिकारी थे । कुछ अंग्रेज मौत के घाट उतार दीये गये और कुछ घायल हुए । अन्त में कलब से लगभग १०० गज की दुरी पर प्रीतिलता की लाश मिली । अंग्रेजो की गोलींसे बुरी तरह जख्मी हो गई थी । जब उसे बचनेका कोई

रास्ता न दीखा तो पोटेशियम सांइनाइड खाकर अपनी जीवन लीला समाप्त कर दी ताकि पुलीस उससे कोइ भेद न जान सके ।

कल्पनादत्त और पारूल

कल्पनादत्तभी कर्मठ क्रांतिकारीणी थी १६ फरवरी १९३३ को रात के १० बजे विद्रोहियो के गुप्त आश्रम स्थल चटगांव के गोशाला गांव को पुलिस तथा फोजने घेर लिया था । पुलिस के साथ विद्रोहियों का घंटो संघर्ष हुआ । शांति चक्रवर्ती जख्मी हुए तथा ब्रजेन सेन पकड लिये गये उस समय भी कल्पनादत्त निकल भागने में सफल हुई । तीन मास बाद कल्पनादत्तको गिरफ्तार किया गया और उसे 'स्पेशल ट्रिब्युनल' अर्थात तृतीय चटगांव अस्त्रगार लूंट के मुकमेदमे में आजन्म कालेपानी की सजा दी गई ।

कुमारी पारूल मुखर्जी ने जोखिम भरा क्रांतिकारी संगठन का काम डटकर किया । वह बहुत दिनों तक करार रही परन्तु २० फरवरी १९३६ को टीटागढ के एक गुप्त केन्द्र में पकड ली गई । उस पर मुकदमा चलाकर पांच सालकी सजा दी गई ।

सुहासिनी और लीलावती

सुहासिनी गांगुली चटगांवकी रहने वाली थी । क्रांतिकारियों की स्नेहमयी दीदी थी । १ दिसंबर १९३० को चंदननगर के मकानको पुलिसने चारो तरफ से घेर लिया दोनो ओर से गोलियां चलने लगी । कुछ लोगोंको पुलिसने पकड लिया तथा जीवन गोपाल वहीं शहीद हो गए । क्रांतिकारियो को आश्रय देनेके अपराध में सुहासिनी गांगुली भी गिरफ्तार करली गई । उनको दो साल की सजा मिली पर सजा काट लेनेके बाद भी उन्हे नजरबंद रखा गया ।

लीलावती नाग अंग्रेजी साहित्यमें एम. ए. थी । उन्होने दीपाली संघ नामक एक नारी संस्थाकी स्थापना की जीसका उदेश्य नारियोंकी सर्वतोमुखी उन्नति [करना था । उन्होने एक पत्रिका भी निकाली थी जिसके माध्यम से वह विप्लवके आदर्शोका प्रचार करती रही । इस कारण २० दिसंबर १९३१ को उसे गिरफ्तार कर लिया गया और १९३८ में नजरबंदी से वह रिहा की गई ।

रेणुका सेन

रेणुका सेनने अर्थशास्त्र में एम. ए किया था। १६ दिसंबर १९३० को सर्वप्रथम डलहोजी स्क्वायर बम काण्ड के संबंधमें वह गिरफ्तार की गई और १९३१ में रिहा की गई उसे एक महीने जेल में रखा गया।

अन्य क्रांतिकारी महिलाये

उपर्युक्त महिलाओं के अतिरिक्त और भी अनेक वीरांगनाओंने क्रान्तिकारी आंदोलन में पुरुषो के समान ही भाग लिया लीलावती कमाल बी. ए. महाराष्ट्र की रहनेवाली थी। और ग्रिण्डले बेंक के मामले में गिरफ्तारकी गई थी।

इन्दुमति सिंह भी छह साल जेल बंद रही। अमिता सेन सन् १९३४ से १९३८ तक जेल में नजरबंद रही। कल्याणी देवी एम. ए. से १९३३ में इसके बालीगंज वाले मकान से एक पिस्तोल बरामद हुई थी। उसे अपने छात्रावास से गिरफ्तार किया गया था। उसने भी जेल मे कई वर्ष काटे। कमला चटर्जी बी. ए. १९३३ में अध्ययन करती हुई गिरफ्तार कर ली गई।

सुशीलादास गुप्ता ५ वर्ष तक हवालात में बंद रही लावण्य प्रभा ५ वर्ष जेल में रही। कमला दास गुप्ता बी. ए. बीणादासके साथ ही गिरफ्तार की गई थी।

सुरमादास गुप्ता डेढ साल जेल में रही उषा मुकर्जी तीन वर्ष जेल में रही। सुनीति देवी २ वर्ष जेल में रही। प्रतिमा देवी ५ वर्ष जेल में रही। सरयू चौधरी टीटागढ कांड में गिरफ्तार की गई। इन्दुसुधा घोष चार साल जेल में रही। प्रफुल्ल नलिनी त्रिपुरा मजिस्ट्रेट की हत्या के षडयन्त्र में गिरफ्तार हुई उसकी मृत्यु भी जेल में गई हेलेना बाल बी. ए. अपने मामा प्रफुल्लकुमार दत्त के साथ गिरफ्तार हुई। कई साल जेलमें भी रही। आशादास और अरुण सन्याल पांच वर्ष जेल में रही। प्रमिला गुप्ता बी. ए. बीणादास के साथ ही गिरफतार हुई और कई साल नजरबंद रही सुप्रभाभद्र जो कि प्रतिमाभद्रकी छोटी बहन थी

रहीं। सुषमादास कई साल घर में नजरबंद रही। शांति करुणा सेन दो साल जेल में रही। शांति सुधा घोष एम. ए. १९३३ में विकटोरिया कालेजकी अध्यापिका थी! इसे श्रिण्डलेवेंक काण्ड के मामले में गिरफतार किया गया। यह चार साल नजरबंद रही १९३१ में ही मीरा बहन राजनैतिक क्षेत्र में आई। यह गांधीजीके आश्रममें रहती थी। वह गांधीजी के साथ १९३१ में गोलमेज सम्मेलन में भी गई थी। १९४२ के 'अंग्रेजो भारत छोडो' आंदोलन के सिलसिले में २१ माह तक गांधीजीके साथ बन्दी बनी रही। मीराबहन के जेल जाने से महिला जगत पर राजनैतिक रंग चढ गया १९२२ मे कमला देवी नामक महिलाने राजनीति में प्रवेश किया। जो एक सिध्ध अभिनेत्री थी परन्तु बाद में कोंग्रेस मे सम्मिलित हो गई १९२६ में संविधान सभाका चुनाव लडने वाली यह प्रथम महिलाथी यह १९३० तक अखिल भारतीय महिला सम्मेलनकी प्रबन्धिका रही। इसने बाल विवाह के विरुध्ध समाजमें आंदोलन खडा किया। जिसका परिणाम शारदा एकट में परिलक्षित हुआ।

अरुणा आसफअली भी एक एसी ही महिला है जिसका नाम इतिहास में चिरस्मरणीय रहेगा १९४२ के आंदोलनका नेतृत्व करते हुए इस वीर महिलाने पुलिससे जबरजस्त टक्कर ली इसी वीर महिलाने भारतके इतिहास में प्रथमबार ९ अगस्त को बम्बई के पुलिस स्टेशन पर तिरंगा झन्डा लहराया था।

इतिहासमें इन वीरांगनाओं के नामो को सदा स्वर्ण अक्षरो में लिखा जायेगा और देश इनका जन्म जन्मांतर तक ऋणी रहेगा।



જાતિપ્રથા તેનાં પરિણામો અને ઇતિહાસની મહત્તા

લેખક : કુ. મણીબેન પટેલ.
જબલપુર.

જાતિપ્રથા અસ્તિત્વમાં કેવી રીતે આવી અને આ પ્રથાનાં કેવાં ભયંકર પરિણામો ઉત્પન્ન થયાં ? કદી વિચાર કરી જોયો છે. મનુષ્યને મસ્તિષ્કને કાયાની જેમ જ્ઞાનના ભોજનની આવશ્યકતા છે, અને તે માટે ત્રણ અત્યંત આવશ્યક વિષયો છે. માનવ પ્રાણીનો ઇતિહાસ એટલે ઇતિહાસ અર્થાત્ ભૂતકાળ, અર્વાચીન પરિસ્થિતિ એટલે આજનો સમાજ ' તેના દુર્ગુણો અને તે દૂર કરવાના ઉપાયો અર્થાત્ નાગરિક શાસ્ત્ર અને પૃથ્વીનો ઇતિહાસ એટલે કે ભૂગોળ.

માનવ જીવન કેટલે અંશે વર્તમાનમાં પ્રાચીનતા જાળવી રહ્યુ છે, સમાજ આજની સ્થિતિમાં કેવી રીતે આવ્યો વિગેરે વિગેરે જાણકારી ઇતિહાસ અર્પી શકે છે. સાયન્સની વિદ્યાર્થીની હોવા છતાં ઇતિહાસનાં ઉદાહરણો માટે કષ્ટ કરવાનો મારો ધ્યેય એટલો જ છે કે અન્ય વિષયોના અતિરિક્ત ઇતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્રનું વિશેષ અધ્યયન હોય તો બહુજ સારું—નહીં તો સામાન્ય જ્ઞાન તો હોવું જ જોઇએ એટલે જ તો શાળાઓમાં બાયોલોજી, કેમીસ્ટ્રી ને સામાન્ય વિજ્ઞાનમાં સમાવેશ કરી ઇતિહાસ, ભૂગોળ પૃથક વિષયો રાખેલ છે.

જાતિપ્રથા ઉત્તર વૈદિકકાળમાં ઉત્પન્ન થઈ જે સમયે ભારતમાં આવેલા આર્યોએ ગંગા–યમુનાની ઘાટી સુધી પોતાનાં સામ્રાજ્ય વિસ્તારી દીધાં હતાં કદાચિત મનુ સ્મૃતિની રચના પણ આ યુગમાં જ થઇ હશે. જો કે ઇતિહાસકારોનો મત એ ગ્રંથની રચના ઇ. પૂ. ૩૦૦ થી ૧૫૦ ની વચ્ચે થયેલ હોવાનો છે. ભારતીય જ્ઞાનની અલ્પવિકસીતતાને કારણે અનેક ભારતીયજનો સત્ય તથ્યોથી વંચિત રહ્યા છે અને સ્વાર્થી જનગણ પોતાના ગૌરવ અને પ્રસિદ્ધિ માટે સત્યને લોહપર્દા પાછળ જ રાખે છે. જયંતકુમાર પટેલનો ઉદ્દ્ધૃત લેખ, જે જાગૃતિ ઓગસ્ટ ૧૯૭૦ માં પ્રકાશિત થયો હતો. તાજમહાલ શીર્ષક તે પ્રત્યક્ષ

 દૃષ્ટાંત છે. ધન્ય છે એવા જાગરણકર્તા યુવકોને તાજમહેલ હિંદુ મંદિર હતું એ સિધ્ધ, કરતાં અનેક પ્રમાણો ઉપલબ્ધ છે અને ચર્ચાસ્પદ વિષય છે. કહેવાય છે કે કુતુબમિનાર ભાસ્કરાચાર્ય વરાહમંદિર ઇત્યાદિ ખગોળ શાસ્ત્રીઓની "ઓબ્ઝરવેટરી" હતી. પરંતુ સત્યને છૂપાવવા મથતા અનેક ઈતિહાસકારો રૂઢિચૂસ્તોને બનાવે છે અને વરાહમંદિર આદિ વૈજ્ઞાનિકોનો સમય ફેરફાર કરે છે જેથી કુતુબમિનારની નિર્માણ તવારીખ કિંચિત રીતે પણ મળે નહીં.

મનુના પુત્રો માનવ કહેવાયા. (જેમ કુરૂના કૌરવ અને પાંડુ વંશના પાંડવ એજ રીતે) અને જાતિપ્રથા પણ કદાચિત મનુના જીવનકાળમાં મનુસ્મૃતિની પ્રેરણા સ્વરૂપે જ અસ્તિત્વમાં આવી કેમકે તે સમય પહેલાં 'નીતિ' શબ્દનો આવિષ્કાર જ ન હોતો થયો. સર્વપ્રથમ સમાજ ચાર વર્ણોમાં વિભાજીત થયેલ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. વિભાજન કર્મ ઉપર થયેલું હતું પ્રભુ પૂજા બ્રાહ્મણો કરતા, રાજ્ય અને યુદ્ધો અર્થાત "પોલીટીક્સ" રાજ્યતંત્રના પ્રશ્નોને સુઝવતાં ક્ષત્રિયો કહેવાયા, વેપાર વાણિજ્ય કરતા વૈશ્ય અને ઉપરોકત ત્રણેજાતિના સેવકો અત્યંત હીન શુદ્ર કહેવાયા. અહીંથી જ સમાજ દુષિત થવા લાગ્યો પ્રભુ પુજા કરતા એટલે બ્રાહ્મણો અત્યંત પાવન મનાવા લાગ્યા એ નિર્વિવાદ નથી. સમય જતાં બ્રાહ્મણોએ એકજ કામ હોવાથી, ધર્મને ગુંચાવી દીધો અને અત્યંત ખર્ચાળ બનાવી દીધો. ધાર્મિક પૂજાપાઠો સામાન્ય માણસો માટે અત્યંત અસંભવિત બની ગયાં અને અમીર ગરીબના ચોખ્ખા ભાગલા પડી ગયા. સમયના વહેણ સાથે બ્રાહ્મણો અતિપવિત્ર બનતા ગયા એટલી હદ સુધી કે શુદ્રો માટે મંદીરમાં પેસવાનું બંધ થઇ ગયું અને અંધકારની ગર્તામાં ધસડાયેલાં ક્ષત્રિયો અને વૈશ્યોએ કશો વાંધો ન ઉઠાવ્યો કેમકે સ્વાર્થી બ્રાહ્મણોને પરમાર્થી સમજી બેઠા હતા

કિંતુ પ્રભુ પ્રત્યે લાગણી કોને ન હોય ? અધર્મીઓને. પણ બ્રાહ્મણોનાં વચનો અનુસાર ધર્મથી સૌ ડરતા હતા ધર્મથી કહો કે બ્રાહ્મણોથી એક જ વાત છે. શુદ્ર લોકોને મંદીરોમાં અને અન્ય યજ્ઞ, પૂજા આદિસ્થાનોમાં આવવાની મનાઇ થઈ. પરંતુ તેઓ તો પ્રભુને પૂજવા ચાહતા હતા એટલે તેઓ પાષાણ ખડકો ઉપર વિકલ્પિત સ્વાનુસારે પ્રભુઓની આકૃતિઓ કોતરીને પોતાનાં જ રહેઠાણોમાં એક ખૂણો પ્રભુનિવાસ માટે રાખી તે પાષાણ ચિત્રોની પૂજા કરવા લાગ્યા અને મૂર્તિપૂજાના અહીં શ્રીગણેશ થયા.

શુદ્રો માટે મંદિરોમાં પ્રવેશ નિષેધે શુદ્રોને માનસિક ગુલામ બનાવી દીધા પોતાની જ કલ્પનામાં કેદ કરી દીધા આજે પણ "નીચ" કહેવાતી જાતિઓ એમ જ માને છે કે પોતાના પ્રવેશથી ઇશ્વરધામ અપવિત્ર થઇ જશે અને ફળરૂપે પોતાને "નરક" માં જવું પડશે. ભંગી ચમાર આદિ નગણ્ય શુદ્રોને મહાત્મા ગાંધીજીએ

પ્યારૂં નામ 'હરિજન' અર્પણ કર્યુ. હરિજનોના સામાજિક સ્તરના ઉત્કર્ષનો હેતુ મહાત્માજીએ પોતાના સંપૂર્ણ જીવનના એશઆરામો ન્યોચ્છાવર કરી દીધા.

મહાત્મા ફુલે અને સંત તુકારામ જેવા અનેક મહાન આત્માઓ થઇ ચુકયા પણ વર્ષોથી ચાલી આવતી કુપ્રથા આવા ચંદ માણસો માટે કાઢવી એ લોખંડના ચણ ચાવવા સમાન છે. ભીમરાવ આંબેડકર જેણે ભારતીય સંવિધાન રાષ્ટ્રને સમર્પ્યું તેઓ હરિજન હતા. કક્ષામાં એક બાજુ બેસાડવામાં આવતા અને નવાગંતુકો એમને પ્રશ્નો ન પૂછતા શિક્ષકો સદા શિર નીચે રાખવા માટે કહેતા પણ આત્મસમાન વીર ડૉ. આંબેડકર સદૈવ માથુ ઉંચુ જ રાખતા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા મહારાવશ્રીની મદદેથી તેઓ ઉંચા આવ્યા પણ એવા આત્મસમ્માનીઓની હરિજનોમાં અછત છે. અને સયાજીરાવ, ફુલેજી અને ગાંધીજી જેવા મહાન પુરુષોની પણ અછત છે જેથી પ્રાચીન પ્રથાને કારણે આજ પણ હરિજનોને નીચે જોઇ ચાલવું પડે છે.

રાષ્ટ્રીય એકતા માટે જાતિપ્રથા નડતર છે. લોડ વીલરે જાતિપ્રથાની હાનીયો નિર્દેશતા કહ્યું છે: "We have had the great advantage for air triumph over the congress whose one of the greatest drawback is the Hindu people's community feelings for they look to their co-castians or their community interests before than they look after their nations interests, which the congressites see no possibility to succumb".

એટલે કે ભારતીય રાષ્ટ્રિય કાંગ્રેસ ઉપર જીત માટે આપણને જાતિપ્રથા અંગ્રેજોને બહુ લાભદાયક નીવડી હતી કેમકે હિન્દુજાતિઓ પોતાની જાતિને પોતાના દેશથી અધિક મહત્વ આપે છે અને આ વિચારને હટાવવા માટે કોંગ્રેસીઓ નિર્બળ હતા.

વધુમાં લોર્ડ કર્ઝને (વાઇસરોય ૧૮૯૮–૧૯૦૫) કહ્યું હતું કે "The inter communal jealousy and consequently anti-nationalastic display has helped us a great deal to suppress the rebels demanding the withdrwal of the partition of Bengal" અંતર્જાતિય વાદ-વિવાદ અને ઇર્ષ્યાનાફળરૂપે પ્રતિરાષ્ટ્રીય પ્રદર્શને આપણને હુમલાખોરોને જેઓ બંગાળના પાર્ટીશનને પાછુ ખેંચવાની માગણી કરતા હતા. દબાવવા માટે ઘણી મદદ કરી છે" અંતે શિક્ષાસ્પદ ઉદ્ધરણ સારાંશ લાવી આપશે

सर्व सर्वसामान्य सुरेश के सर्जन है न कोई उच्च है न कौई नीचा है इस पृथ्वी पर सबने जन्म लिया है और सब एक दूसरे के समान जीवन व्यतीत करनेका अधिकारी है। सबको एक सी स्वछंदता अनुग्रहीत है–न जाति बीच मे आती है न धर्म, न भाषा, न देश, क्राइस्ट, अल्लाह जोरास्टर, राम कृष्ण, बुद्ध, महावीर आदि एक ही स्थान (प्रभुधाम)को पहुचने के अलग अलग रास्ते है" ★

સમાચાર વિભાગ—

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ

યુવક મંડળ : ઘનસુરા

— વાર્ષિક સામાન્ય સભા —

તા. ૨-૧-૭૨

ઉપરોકત મીટીંગ શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, જેના પ્રણેતા હતા મહારાજશ્રી ઓધવરામ તેવી પવિત્ર ભૂમિનાં પટાંગણમાં, મંત્રી શ્રી નાનજીભાઇ કે. પટેલના પ્રમુખસ્થાને યોજવામાં આવી હતી. જેમાં સમાજના અગ્રણી વડીલો, પ્રમુખ શ્રી હીરજીભાઇ કરશનભાઇ પટેલ, શ્રી વેલજીભાઇ ભાણજીભાઇ પટેલ, શ્રી ડાહ્યાભાઇ હરીભાઇ પટેલ, શ્રી મણીભાઇ જેઠાભાઇ પટેલ, શ્રી નાનજીભાઈ દેવજીભાઇ પટેલ જાગૃતિના પ્રકાશક શ્રી વિશ્રામભાઇ નથુભાઈ પટેલ, શ્રી વાલજીભાઈ કાનજીભાઈ પટેલ, તથા માજીધારાસભ્યશ્રી નારણભાઈ શીવજીભાઇ પટેલ અન્ય કેટલાક વડીલો હાજર રહ્યા હતા.

યુવકમંડળમાંથી પ્રમુખશ્રી શામજીભાઇ એસ. પટેલ (મુખી), મંત્રીશ્રી અરજણ-ભી. પટેલ તેમજ અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

સભાની શરૂઆત છાત્રાલયની બહેનોની પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ યુવક મંડળના ઉપપ્રમુખ શ્રી સવજીભાઇ લધાભાઇના અવસાનની નોંધ લઇ સભાજનોએ બે મિનિટ મૌન પાળી શોક વ્યકત કર્યો હતો.

આ સભામાં યુવક મંડળના મંત્રી શ્રી અરજણભાઇએ મંડળના વાર્ષિક અહેવાલનું વાંચન કર્યું હતું અને વર્ષ દરમ્યાન કરેલાં કાર્યની માહિતી આપી હતી. વસ્તીગણત્રીના કાર્યને વેગ આપવાનો અનુરોધ કર્યો હતો. જાગૃતિને સધ્ધર બનાવવા માટે આગ્રહ રાખ્યો હતો. અને આવા કામોમાં યુવક મંડળના સભ્યોએ જે ઉત્સાહથી કામ કર્યું છે તેનાથી બમણા વેગમાં કાર્ય કરવાની હાકલ તેઓશ્રીએ કરી હતી. ત્યારબાદ યુવકમંડળના ખજાનચી શ્રી રતિલાલ વી. પટેલે યુવકમંડળના વાર્ષિક હિસાબનો અહેવાલ વાંચ્યો હતો. ત્યારબાદ જુદા જુદા વકતાઓએ યુવક મંડળની પ્રવૃત્તિ શી હોઇ શકે તેમજ સમાજની પ્રગતિ કેવી રીતે થઇ શકે તે માટે પોતાના વિચારો વ્યકત કર્યા હતા. મોટાભાગના યુવકોએ સમાજના કુરિવાજોનું કલંક ધોઇ નાખવાનો આદેશ કર્યો હતો. ત્યારબાદ [illegible]

 સમાજને ઉપયોગી થઇ પડે તેવી બાબતો પોતાના વિચારો દ્વારા વ્યક્ત કરી હતી.

શ્રી રતિલાલ સોમાલાલ પટેલ
,, પ્રેમજીભાઇ દેવસીભાઈ પટેલ
પ્રો. શ્રી રતિલાલ લધાભાઇ પટેલ
શ્રી મગનભાઇ પટેલ
,, વાડીભાઇ કે. પટેલ–ગૃહપતિ
,, વિશ્રામભાઇ એન. પટેલ પ્રકાશક
,, પ્રેમજીભાઇ એ. પટેલ (નેશનલ ટાયર્સ)
,, કાંન્તિલાલ કે. પટેલ તંત્રી.–જાગૃતિ
,, રતિલાલ ડી. પટેલ અમદાવાદ
,, તુલસીદાસ એચ. પટેલ વિષ્ણુપુરા
,, માવજીભાઇ પી. પટેલ વજેપુરા
,, કુંવરજીભાઇ પી. પટેલ મોડાસા
,, નારણભાઈ એસ. પટેલ મા.ધા.સ.
,, રેવનદાસ એસ. પટેલ અગોડીલાટ
,, ભાઇલાલભાઇ એચ. પટેલ મોતીસરી
,, કાનજીભાઇ જી. પટેલ લક્ષ્મણપુરાકંપા
,, હરિભાઇ ડી. પટેલ વજેપુરાકંપા
,, સામજીભાઇ એસ. પટેલ હરીપુરાકંપા
,, નાનજીભાઈ કે. પટેલ રાયણનોમાળ

ઉપરોક્ત વક્તાઓએ કહ્યું હતું કે હવે સમાજની પ્રગતિ માટે પીરાણાના કલંકને વ્હેલામાં વ્હેલી તકે નિર્મૂળ કરવા કમર કસવી પડશે.

જાગૃતિ માસિકને સધ્ધર તેમજ સમાજમાં જાગૃતિ આણવાનું કામ કરવા માટે અસરકારક બનાવવું હશે તો તેને આર્થિક રીતે સધ્ધર બનાવવું પડશે. સમાજની દરેકે દરેક વ્યક્તિએ માસિકના આજીવન સભ્ય બની જવું જોઇએ. જ્યારે સનાતન સમાજના સભ્યોએ તો અવશ્ય આજીવન સભ્ય બની જઇ પોતે સાચા સનાતની છે તે પૂરવાર કરી આપવું જોઇએ તોજ દેશમાં વસતા આપણા ભાઇઓને ઘેર ઘેર આ પ્રગતિનો નાદ પહોંચી શકશે અને કુરિવાજો રૂપી કલંકને નાબૂદ કરી પ્રગતિના ઉન્નતમાર્ગે જવા માર્ગદર્શક બનવાનું કામ જાગૃતિ કરી શકશે. જેઓ કુરિવાજો રૂપી કલંકને ધોઇ નાખવા માગતા ન હોય તેમનાથી દૂર રહેવું પડે તો પણ તેના માટે ઝંપલાવવું પડશે. સ્વ. શ્રી નારાયણભાઇ રામજીભાઈ લીંબાણીએ પોતાના સર્વસ્વ જીવનને જ્ઞાતિ સેવામાં અર્પણ કરી દીધું અને જે માર્ગ આપણને સૂચવ્યો છે. અને તે માર્ગે આગળ વધવા જાગૃતિ માસિક જ આશીર્વાદ રૂપ નીવડવાનું છે. હજુ કેળવણીક્ષેત્રે તેમજ અન્ય ક્ષેત્રોએ વિકાસ સાધવા માટે આપણા સમાજે ઘણું કરવું પડશે. તે માટે દરેક વ્યક્તિ વર્ષે પાંચ રૂપિયા ફાળો આપે તે જરૂરી છે. દેશને ખૂણે ખૂણે વસતા સમાજના ભાઇઓ આ ફાળા માટે સંમિત દર્શાવતા હોય તો પત્રદ્વારા પોતાની સંમતિ મોકલી આપે.

આ પ્રસંગે એ વાત પણ ઉચ્ચારાઇ હતી કે વર્ષમાં એકવાર જ્ઞાતિનું સંમેલન ભરાવું જ જોઇએ તેમ કરવાનો સમય હવે પાકી ગયો છે તેથી જ અંધશ્રદ્ધા તેમજ કુરિવાજો વગેરે નાબૂદ કરી બંધારણોમાં ફેરફાર કરી ક્રાંતિ લાવી

(અનુ. પાન ૨૭ ઉપર)

ભારતના ધાર્મિક ઇતિહાસનો ટૂંકસાર

સંકલન : શ્રી સામજીભાઈ એસ. પટેલ
વડોદરા

ધર્મની બાબત અતિ ગહન, વિવાદગ્રસ્ત અને કઠણ છે- માટે કોઇ પણ ધર્મ, સંપ્રદાય કે મતપંથ પર પક્ષપાત કરી ઉતારી પાડવાના ઉદ્દેશ વગર ઇતિહાસ અને ધર્મગ્રંથોના આધારે દેશ કાળ પ્રમાણે સંજોગો અનુસાર ધર્મમાં થયેલાં રૂપાંતરો દર્શાવવાનોજ આ પ્રયાસ છે. તેમાં પણ સમજફેર અથવા બીજા કોઈ કારણથી ભૂલ થવા સંભવ છે.

એવી ગણતરી થઈ છે કે, હાલમાં પૃથ્વીપર જુદાજુદા ધર્મોના મળી હજારો મત પથો થયા છે. તે પૈકી આપણા આ આર્યાવર્તમાં જે મત પંથો છે તેમાંના નીચે દર્શાવ્યા મુજબના મુખ્ય ૩૨ પંથોનું વર્ણન ક્રમેક્રમે ટૂંકમાં આપવામાં આવશે. આશા છે કે સંજોગોવસાત ઇતિહાસ કે ધર્મશાસ્ત્રોથી વંચિત રહેલા કેટલાક વાચક ભાઇઓને આ લેખમાળા સૂચક થશે.

વેદધર્મ, બ્રાહ્મણકાળ, ચાર્વાકમત, જૈન ધર્મ, બૌધ્ધ ધર્મ, યોગી માર્ગ, શીવ ધર્મ, શૈવીસંપ્રદાય, પુરાણકાળ, વૈષ્ણવ સંપ્રદાય, દત્તાત્રેય પંથ યહુદી ધર્મ, પ્રત્યભિજ્ઞા અને રસેશ્વર, -જરથોસ્તિ ધર્મ, અદ્વૈતમાર્ગ, ઇસ્લામધર્મ, દાઉદીવોરા, ઇમલીપંથ, ઇસ્માઇલી, પીરાણાપંથ, ઇલાહીમત, માનભાવપંથ, નિમ્બાર્ક સંપ્રદાય, શ્રીસંપ્રદાય ચૈતન્ય સંપ્રદાય, કબીરમત, શીખધર્મ પુષ્ટિપંથ, ક્રિશ્ચિયન ધર્મ, સ્વામીનારાયણ સંપ્રદાય, અને આર્યસમાજ.

જગત નિયંતા પરમાત્માએ સકલ જગત નિર્માણ કર્યું છે. તેમાં અનેક જાતના પ્રાણી, પદાર્થ આદી ઉત્પન્ન કર્યા છે. તેમાં મનુષ્ય પ્રાણી સૌથી શ્રેષ્ઠ છે. કારણ કે અન્ય પ્રાણીઓ કરતાં. તેને વિશેષ બુદ્ધિ રૂપી વિચાર કરવાનુ બળવાન સાધન આપી જ્ઞાનયુક્ત કરેલા છે. માટે મનુષ્યોએ ધર્મ અધર્મ એટલે કર્તવ્ય અકર્તવ્યનો વિચાર કરવો જોઇએ.

આ વિશ્વનાં પ્રાણી માત્રને સુખની

(પાન ૨૬ ઉપરનુ ચાલુ)
શકાશે ક્રાંતિથી જ ઉન્નતિ સંભવિત છે.

અંતમાં આ કાર્યક્રમની સભાનું સંચાલન ગૃહપતિ શ્રી વાડીભાઇ કે. પટેલ તેમજ રતિલાલ ડી. પટેલ (વીલયી) એ કર્યું હતું અને છેલ્લે આભાર વિધિ તલોદ સાયન્સ કોલેજના પ્રોફેસર શ્રી રતિલાલ એલ. પટેલે કરી હતી ત્યાર બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઇ હતી. ★

ઇચ્છા છે. કોઇને પણ દુઃખની ઇચ્છા નથી. સુખ અથવા દુઃખ એ આપણી મનોવૃત્તિના જ વિકાર છે. જો આ ચિત્ત વૃત્તિ બહિર્મુખ થવાનો સ્વભાવ છોડી દઈ, અંતરમુખ રહી અવિકાર પણે સ્થિર થાય, તેજ શાંતિ અને તેજ અક્ષય સુખ. શાસ્ત્રવેત્તાઓ આ અક્ષય સુખને મોક્ષ કહે છે. એવા સુખ અથવા મોક્ષ માટે માણસ માત્રમાં જે વૃત્તિ છે તેને સંતોષવા મહાન પુરૂષોએ જે માર્ગ કાઢયા તેને ધર્મ, સંપ્રદાય, મત, માર્ગ અથવા પંથ કહે છે,

ઇશ્વર પ્રેરિત મનુષ્ય માત્રનો ધર્મ એક જ છે. પરંતુ દેશ, કાળ અને બુદ્ધિના ભેદ વડે આજે અસંખ્ય ધર્મો, સંપ્રદાય અથવા મતપંથો છે. પરંતુ સર્વ ધર્મ માત્રનું લક્ષબિંદુતો માત્ર અક્ષય સુખ એટલે કર્મ, જ્ઞાન, અને ભક્તિરૂપ સાધનોથી મોક્ષ મેળવવાનો જ હોય છે.

૧ : વેદધર્મ

આપણા આર્યાવર્ત એટલે હિંદુસ્તાનમાં જેટલા હિંદુ, ધર્મના સંપ્રદાયો છે, તે તો વેદ ને સૌથી પ્રાચિન માની તેનું શ્રેષ્ઠત્વ સ્વિકારે છે. પરંતુ પૃથ્વી ઉપર ચાલતા દરેક ધર્મનું મૂળ વેદ જ છે એ પણ સિદ્ધ થઇ ચુકયું છે. અને વસ્તિનું પ્રથમ ઉત્પત્તિ સ્થાન પણ આર્યાવર્ત જ છે. વેદ કોઇ પુસ્તક વાચક નથી. પરંતુ ભિન્ન ભિન્ન ઋષિમુનિઓના જ્ઞાનમાં પ્રતિત થએલા આધ્યાત્મિક નિયમોના સંગ્રહનું નામ છે...વેદ.

વેદને શ્રુતિ પણ કહે છે. તે ઇશ્વર પ્રેરિત અને અનાદિ છે. તે કાળે કરી લોપ ન થાય તે સારૂ ઋષિમુનિઓ તેને કંઠાગ્રહે રાખતા અને શિષ્યોને શીખવતા પાછળથી લેખન કળા ચાલુ થતાં પુસ્તકરૂપે પણ લખાયા છે. વેદ જ્ઞાન લક્ષણથી એક જ છે પરતુ વિવિધ વિદ્યા ઉપર તેના ચાર ભાગ પાડેલા છે. ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ ૪ અથર્વવેદ. આ ચારે વેદોમાં ઋગ્વેદ સૌથી પ્રાચીન છે. અને તેના ઉપરથી વ્યાસમુનિએ તેના ચાર ભાગ કર્યા. ઋગ્વેદ સૃષ્ટ પદાર્થનો યોગ્ય સંસ્કાર તથા ઉપયોગ કેવો કરવો તેનું કથન કરી સકલ પદાર્થ ગુણ દર્શક ઇશ્વર સ્તુતિ કરી છે. યજુર્વેદમાં સંસારમાં જરૂરી એવા વ્યવહારી પદાર્થનો ઉપયોગ સિદ્ધ કરી વિજ્ઞાન આદિ વિધિપૂર્વક નિયમિત ક્રિયા થઇ તેમાં સુખ મળે તેવું વૃતાંત છે સામવેદમાં ખરૂં જ્ઞાન તથા આનંદ વૃતિ પ્રાપ્ત થાય તેવું વૃતાંત છે. અને અથર્વવેદમાં કૃતકર્મનો વિચાર કરી સંશયની નિવૃતિ થાય તેવું વૃતાંત છે. વેદમાં સર્વ વિદ્યા બીજ રૂપે રહેલી છે. અતિ ગહન અને વિસ્તાર પામેલા વેદનું દરેકને સહેજ જ્ઞાન ન થાય તે હેતુથી મહાત્માઓએ મુળ વેદના રહસ્યને યથાયોગ્ય રીતે નાના મોટા ગ્રંથ રૂપે સરળ કરી કેટલાંક શાસ્ત્રો રચ્યાં છે. જેમાં દર્શનો, ઉપનિષદો, સુત્રો, સ્મૃતિઓ,

અને ગીતાજી મુખ્ય છે.

મહાભારત નામના ઇતિહાસ ગ્રંથમાં સૃષ્ટિના આરંભકાળના મહારાજા સ્વયં-

 યુધિષ્ઠિર સુધીના ચક્રવર્તિ મહારાજાઓની વંશાવળી આપેલી છે. એટલી કે ઈ. સ. પૂર્વે ૩૧૩૭ સુધી આર્યાવર્તના આર્યોનું જ રાજ્ય હતું. મહાભારતની લડાઇ પ્રસંગે ચીન, યુરોપ, અમેરીકા, ઇરાન, કંદહાર, વગેરેના રાજાઓ આવ્યા હતા. તે વખતે પૃથ્વી ઉપર નાનામોટાં ચોર્યાશી હજાર રાજ્ય હતાં. એકંદરે જોતાં મહાભારતના યુદ્ધ સમય સુધી સર્વનો એક જ ધર્મ, વેદ હતો. અને સમય પણ શાંતિનો હતો. તેથી આટલા સમયને પુરાણકારો સત્ય આદિ યુગના નામથી ઓળખાવે છે. આપણે આટલા કાળને વેદકાળ કહીશું. જો કે તે સમયમાં પણ કેટલાક લોકો વેદ વિરૂદ્ધ વર્તન કરનારા દેશમાં હશે. તેમને રાક્ષસ અસુર, આદિના નામથી ઓળખવામાં આવતા હતા.

(વધુ આવતા અંકે)

★

ગત તા. ૨-૧-૭૨ ના રોજ શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાતના મંત્રી, મુરબ્બી શ્રી નાનજીભાઈ કાનજીભાઇ પટેલના પ્રમુખસ્થાને યુવક મંડળની એક જનરલ મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં લગભગ સાડાત્રણસો જેટલા ભાઇઓએ હાજરી આપી હતી. આ મીટીંગમાં નીચે મુજબના ઠરાવો ચર્ચા-વિચારણા કરી નક્કી કરવામા આવ્યા હતા.

ઠરાવઃ-૧. સનાતન સમાજ યુવક મંડળના આદેશોને અનુસરનાર વ્યકિત જ ઉપરોકત મંડળનો સભ્ય બની શકશે અને તને અથવા તેના કુટુંબના વડાએ સનાતન સમાજ તરફથી ચાલતી વસ્તી ગણત્રીમાં નોંધ કરાવી સહી કરેલી હોવી જોઇએ. તે જ સમાજનો એક સભ્ય ગણાશે.

ઠરાવઃ-૨. મંડળની જનરલ મીટીંગ તથા અન્ય કાર્યક્રમોની જાણ જે તે સભ્યોને જાગૃતિ માસિક દ્વારા જ કરવામાં આવશે. આ રીતે કરવામાં આવેલી જાણનો આમંત્રણ તરીકે સ્વીકાર કરી કાર્યક્રમોમાં અવશ્ય હાજરી આપવાની રહેશે. પોસ્ટકાર્ડ અગર બીજી કોઇપણ રીતે આવા કાર્યક્રમની જાણ કરવામાં આવશે નહિ.

ઠરાવઃ-૩. સમાજમાં પ્રવર્તતા ધાર્મિક તેમજ સામાજિક કુરિવાજોને દૂર કરવા દરેક સભ્યોએ કટિબદ્ધ થવું જોઇશે અને એવા કુરિવાજો અંગે માસિકમાં પ્રસિદ્ધ માટે લેખો મોકલવાના રહેશે.

★ શ્રી મધ્યપ્રદેશ પાટીદાર જ્ઞાતિ વસ્તિ પત્રક સમિતિ, જબલપુર દ્વારા હાથ ધરાયેલ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વસ્તી ગણત્રી પત્રક મધ્યપ્રદેશનું છાપકામ પૂરું થઇ જતાં તેની પ્રતો જબલપુર મુકામે પહોંચી ગઈ છે. તો સમગ્ર સમાજના જે તે પ્રદેશમાં વસતાંભાઇબહેનો તેની પ્રત મેળવવાની ઇચ્છા રાખતાં હોય તેમણે (કુલ ૯ રૂા. ના ખર્ચે તૈયાર થયેલી નકલ જેની કિંમત રૂા. ૫ રાખવામાં આવી છે) નીચેના સરનામે સંપર્ક સાધીને મેળવી લેવી.

રામજી પટેલ એન્ડ બ્રધર્સ—નાગપુર રોડ **જબલપુર** (મ.પ્ર.) ફો. નં. ૨૦૪૪

અભિનંદન



રતિલાલ કે. પટેલ
બી. એ., એલ. એલ. બી.
એડવોકેટ

૧૯૬૮ માર્ચમાં ગુજરાત યુનિવર્સિટી દ્વ લેવાયેલી બી. એ.ની પરીક્ષા ૫૮% ગુણ સ પાસ કરી. ત્યારબાદ સર એલ. એ. શાહ લે કોલેજમાં એલ. એલ. બી.નો અભ્યાસ ૧૯૭૧ના એપ્રિલમાં ૫૮% ગુણ સાથે પાસ થ તે જ વર્ષે જુલાઈમાં એડવોકેટની સનદ મેળ

હાલમાં અમદાવાદ સીટી સિવિલ કોર્ટ ત તેમજ ક્રીમીનલ (ફોજદારી) કોર્ટ ઘીકાં અમદાવાદમાં પ્રેકટીશ (વકીલાત) ચાલુ છે.

ખરેખર! આ સમાજનું ગૌરવ છે.

વાલીઓને.....

આજનું વિશ્વ જ્યારે પ્રગતિના પંથે વણથંભી આગેકૂચ કરી રહ્યું છે ત્યા આપણા સમાજનાં કુમળાં બાળકોને સુશિક્ષિત અને સંસ્કારી બનાવવા માટે દરે વાલી સજાગ બની શિક્ષણ મેળવી રહેલાં પોતાનાં વ્હાલસોયાં બાળકોને શક્ય એટલ વધુ સવલતો આપવા પ્રયત્નશીલ બને એ ઇચ્છવા યોગ્ય છે.

રોજિંદા વ્યવહારમાં આપણે જ્યારે વ્યર્થ લાગતી કેટલીક બીન જરૂરી બાબતો માટે નાણાંનો ધૂમ વ્યય કરીએ છીએ ત્યારે છાત્રાલયો કે હોસ્ટેલમાં રહી શાળ અને મહાશાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પોશાક, તેમનાં ભોજન ખર્ચ તેમન અન્ય પરચુરણ ખર્ચ માટે સમયસરની જરૂરી રકમનો પ્રબંધ પણ ન કરી શકાતે હોય તો તેવા વાલીઓ પોતાના બાળકોના ભાવિ સાથે જ ચેડાં કરી રહ્યા છે તે અવશ્ય માનવું જ રહ્યું.

કારણ કે એ બાળકોને અભ્યાસ સાથે આર્થિક બાબતોની મૂંઝવણ અનુભવ પડતી હોવાથી તેઓની પ્રગતિ રૂંધાય છે એમ કહેવું ખોટું નથી. તો કોઇ પણ વાલી જો પોતાનાં શિક્ષણ મેળવી રહેલાં સંતાનોના ઉજ્જવળ ભાવિ ઇચ્છતા હોય તો સમયસર આર્થિક સવલતો પૂરી પાડવાનું અવશ્ય વિચારે એ જરૂરી છે.

શ્રી વાડીલાલ કે. પટેલ
ગૃહપતિ.

**

શ્રી ગણેશાય નમઃ

નં. પી. પી ૭૯



— જાહેર જનતાને —

ખુશ ખબર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો
હરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

હરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ હરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —

શ્રી ગણેશ ઇલેકટ્રીક એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા.

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બ[illegible])

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

પટેલ ઈલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના
વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધન સુ રા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટ્યુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઈલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર


વગેરે... વગેરે...

ઈલે. મોટર રીવાઈન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]

પ્રખ્યાત—

એ વ રે સ્ટ



— તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

'Everest'

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રીજી

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે

કંપનીનાં બનાવેલ



ટાયર ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

આથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
આથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

નવા * આજીવન * સભ્યો

પટેલ	રતનશીભાઇ રાજાભાઈ	હીરાપુરકંપા
,,	નારણભાઇ ધનજીભાઈ	,,
,,	મણીલાલ કાનજીભાઇ માવજીભાઇ	,,
,,	કાનજીભાઇ ધનજીભાઇ	,,
,,	ખેતાભાઇ લધાભાઈ	,,
,,	હરીભાઇ સવજીભાઈ	,,
,,	જયંતીભાઇ દેવસીભાઇ	,,
,,	રવજીભાઇ અરજણભાઇ	,,
,,	લધાભાઇ ગોપાલભાઇ	અમદાવાદ
	નેશનલ રીંગ્ઝ માર્ટ એન્ડ સો મીલ	નરોડા
,,	ખીમજીભાઇ હીરજીભાઇ C/o. શંકર વિજય સો મીલ	સૈજપુર
,,	પ્રેમજીભાઇ રતનશીભાઇ C/o. શ્રી જયહિંદ સો મીલ	,,
,,	પ્રેમજીભાઇ ગોપાળભાઈ	નરોડા
,,	દેવસીભાઇ રામજીભાઇ Co/. ઉમિયા વિજય સો મીલ	અમદાવાદ
,,	લાલજીભાઇ મેઘજીભાઈ Co/ શીવ વિજય સો મીલ	,,
,,	જેઠાભાઈ પુનમભાઇ C/o. શ્રી ગીતા વૂડ વર્કસ એન્ડ સો મીલ	અમદાવાદ
	શ્રી અંબિકા સો મીલ	,,
,,	અબજીભાઈ આર. C/o. શ્રી શંકર વિજય સો મીલ	,,
,,	કરશનભાઈ માવજીભાઈ C/o. ભારત સો મીલ	,,
,,	અબજીભાઇ ખીમજીભાઇ C/o. ન્યુ પ્રભાત સો મીલ	નરોડા
,,	વાડીયા બ્રધર્સ, વેલજીભાઇ રામજીભાઈ	,,
	પોકાર ઓટો રીપેર્સ	સૈજપુર
,,	પ્રેમજીભાઇ અરજણભાઇ સેંઘાણી	કોટડા (ચકાર)
	શ્રી કૃષ્ણ વિજય સો મીલ	સંગમનેર
,,	જગનભાઇ ધનજીભાઇ	રાજપુરકંપા
,,	પ્રહલાદભાઈ ધનજીભાઇ C/o. આશાપુરી સો મીલ	ડભોડા
,,	પ્રેમજીભાઈ દેવસીભાઇ	નવાનગરકંપા
,,	હંસરાજભાઇ જે. C/o. લક્ષ્મી સો મીલ	સેવાલીયા
,,	નારણભાઇ મુળજીભાઇ	મોતીસરી
,,	દિગ્વીજ સો મીલ	મ્હૈસુર
,,	ડાહ્યાભાઈ કરશનભાઇ	મોમ્બાસા કેન્યા
,,	ભાણજીભાઈ લધાભાઇ	એદલપુરકંપા
,,	હરીભાઇ સવજીભાઇ	,,

★

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

★

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To,

Book-Post



મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

કચ્છી કડવા પાટીદાર

સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૨ ફેબ્રુઆરી : ૧૯૭૨

ખેડૂત ભાઈઓ—

"ખેડ–ખાતર અને પાણી,
નસીબને લાવે તાણી"

ખેતીમાં દરેક પાકોનું વધુ ઉત્પાદન મેળવવા માટે
ભારત ફર્ટીલાઈઝર ઈન્ડસ્ટ્રીઝ લિ; મુંબઈનું સરકાર માન્ય
નવીન દાણેદાર નાઈટ્રોપોટાશ
N ૧૮ – P ૧૮ – K ૯

તથા ૧૫–૫–૫, ૧૦–૫–૫, દાણેદાર સુપર ફોસ્ફેટ (Water Soluble), યુરીયા, એમોનિયમ સલ્ફેટ, કેલ્શીયમ, એમોનિયમ નાઈટ્રેડ વગેરે ખાતરો તથા જંતુનાશક દવાઓ હાજર સ્ટોકમાં આપની જરુરિયાત મુજબ ખરીદવા માટે અમારો સંપર્ક સાધો—

અમૃતલાલ મણીલાલ શાહ
C/o. પ્રગતિ બુક ડીપો
બજારમાં, **ધનસુરા.**
જિ. સાબરકાંઠા. ફોન : C/o. ૬૦

ભગત એન્ડ સન્સ
મોતીભાઈ હરિભાઈ માર્કેટ,
જુના રેલ્વે સ્ટેશન સામે, કાલુપુર,
અમદાવાદ. ફોન : ૨૨૯૫૫

ભગત એન્ડ સન્સ – ગાબટ, જિ. સાબરકાંઠા. ફોન : ૨૭

આપના ઘરને સંગીતમય બનાવવા માટે **ખુશ ખબર !**

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાયર
- ટેપરેકોર્ડર્સ

વગેરેનું અત્યંત કાળજીપૂર્વક અને પદ્ધતિસરનું ગેરંટીથી

રીપેરીંગ કામ

કરી આપનાર તેમજ બેટરી સેટને ઇલેકટ્રીક સેટમાં ફેરવી આપનાર...

સર્વોદય રેડીયો સર્વિસ

પ્રોપ્રાયટર્સ :
ડાહ્યાભાઈ એસ. પટેલ
અંબાલાલ એલ. પટેલ
શેરપુરાવાળા (ધોળકા)

જવાહર બજાર, **ધનસુરા.**

લવાજમ ન ભરનાર

ગ્રાહક મિત્રોને—

આપ સૌ ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે આપનાં જાગૃતિ માસિકનાં ડીસેમ્બર. ૧૯૭૧ સુધીનાં લવાજમો પેટે આપના નામની સામે દર્શાવેલી રકમ બાકી નીકળે છે. હવે ફેબ્રુઆરી ૧૯૭૨થી આપ સૌનાં નામ ગ્રાહક પદેથી રદ કરવામાં આવે છે. તો આપના મિત્રો દ્વારા કે જેઓ જાગૃતિના ગ્રાહક છે તેઓની પાસેથી આપને કેટલી રકમ ભરવાની નીકળે છે તે જાણી લઈ સત્વરે જાગૃતિ કાર્યાલયના સરનામે તે રકમ મોકલવાની આપશ્રી મહેરબાની કરશોજી.

સિલોનમાં અત્યાર સુધીમાં જે ગ્રાહક ભાઈ–બહેનોએ નિયમિત લવાજમો ભર્યાં છે, તેઓ સૌને વિનંતી છે કે ફેબ્રુઆરી સુધીમાં જે ગ્રાહક મિત્રોનાં લવાજમો બાકી નીકળે છે તેઓને હવે અંક મોકલવાનો બંધ કર્યો છે. તેથી તેવા ગ્રાહક મિત્રો આપ સૌની પડોશમાં, ગામમાં કે શહેરમાં તેઓ જ્યાં રહેતા હોય ત્યાં તેઓને તેમનાં બાકી નીકળતાં લવાજમોની રકમ જલદીથી ભરી દે તેવી સૂચના આપવા આપ સૌને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

આશા છે કે આપ સૌ આ સેવાકાર્ય સત્વરે ઉપાડી લેશો અને જે ગ્રાહક મિત્રોનાં નામ રદ થયાં છે તેઓ પણ પોતાની પવિત્ર ફરજ સમજી જલદીથી બાકી લવાજમોની રકમ મોકલાવી આપે એ જ અભિલાષા અને ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તો ૧૯૭૨નું લવાજમ પણ મોકલી આપે.

મહારાષ્ટ્ર

ક્ર. નં.	નામ	ગામ	રૂા.
૧	પટેલ રતનસીભાઈ ડી. C/o. ન્યુ કમળા વિજય સો મીલ	અકુલજ	૬
૨	શ્રી કૃષ્ણ વિજયશ્રી સો મીલ	ઔરંગાબાદ	૬
૩	શ્રી મહારાષ્ટ્ર સો મીલ	કરાડ	૬
૪	પટેલ દામજીભાઈ એન C/o. ન્યુ ઈન્ડીયા સો મીલ	કોલ્હાપુર	૬
૫	હિંદ વિજય સો મીલ	ચોપડા.	૬
૬	મનમોહન સો મીલ	જલગાંવ	૬
૭	પટેલ કરસનભાઈ એમ C/o. ન્યુ શંકર સો મીલ	„	૬
૮	સો. ભાણજીભાઈ પટેલ C/o. હનુમાન વિજય સો મીલ	„	૬
૯	પટેલ રાજારામ એસ C/o. ન્યુ ઇન્ડીયા સો મીલ	ચોપડા	૬
૧૦	પટેલ સો મીલ	જાલના	૬
૧૧	ગજાનન સો મીલ	ધુલીયા	૬
૧૨	શંકર વિજય સો મીલ	„	૬
૧૩	પટેલ તેજાભાઈ જે. C. સદગીર સો મીલ	„	૬
૧૪	કૈલાસપતિ સો મીલ	„	૬
૧૫	ભગવાન સો મીલ	„	૬
૧૬	શ્રીકૃષ્ણ સો મીલ	નાગપુર	૬
૧૭	શ્રી આઝાદ સો મીલ	„	૬
૧૮	પટેલ સોમજીભાઈ આર. C. આઝાદ સો મીલ	„	૬

ક્ર. નં.	નામ	ગામ	રૂા.
૧૯	પટેલ પુંજાભાઈ રામજીભાઈ	નાગપુર	૬
૨૦	શારદા વિજય સો મીલ	„	૬
૨૧	ગોપાળ દાણા એન્ડ સન્સ	„	૬
૨૨	એચ. એમ. લીંબાણી એન્ડ કંપની	„	૬
૨૩	છગાણી લાલજી ધોળુ	„	૬
૨૪	પટેલ લખમશીભાઈ જેઠાભાઈ	„	૬
૨૫	„ માવજી ખેતાની કું.	„	૬
૨૬	જબલપુર ટીમ્બર ટ્રેડીંગ કું. C/o હંસરાજ દાના પટેલ	„	૬
૨૭	પટેલ દેવસીભાઈ વસ્તાભાઈ એન્ડ બ્રધર્સ	„	૬
૨૮	પટેલ નારાયણ દાના એન્ડ કું.	„	૬
૨૯	વાલજીભાઈ એન્ડ સન્સ	„	૬
૩૦	એમ. ડી. પટેલ એન્ડ સન્સ	„	૬
૩૧	વિજય સો મીલ	„	૬
૩૨	રામજી કાનજી એન્ડ સન્સ	„	૬
૩૩	રવજી નાનજી પટેલ એન્ડ કું.	„	૬
૩૪	પટેલ ટીમ્બર માર્ટ	„	૬
૩૫	„ ડાહ્યાભાઈ ખેતાભાઈ	„	૬
૩૬	„ અરજણ મેઘજી એન્ડ કું.	„	૬
૩૭	ભાણજી મેઘજી પટેલ એન્ડ કું.	„	૬
૩૮	મહેશ ટીમ્બર માર્ટ	„	૬
૩૯	સીવગણ રામજી પટેલ એન્ડ કું.	„	૬
૪૦	સુપર ટાઈલ્સ વર્કસ	„	૬
૪૧	શ્રી શક્તિ ટીમ્બર કોર્પોરેશન	„	૬
૪૨	રતનસી ગોપાલ પટેલ ટી. મ.	„	૬
૪૩	ગોવિંદલાલ એન્ડ બ્રધર્સ	„	૬
૪૪	ભવાની ટીમ્બર માર્ટ	„	૬
૪૫	પટેલ મનજીભાઈ વીરજીભાઈ C/o. સનરાઈઝ ટીમ્બર માર્ટ	„	૬
૪૬	પટેલ સોમજીભાઈ અરજણભાઈ	„	૬
૪૭	„ જીવરાજભાઈ દેવજીભાઈ C/o. માવજી વી. પટેલ એન્ડ કું.	„	૬
૪૮	પટેલ ગોપાલ એન્ડ સન્સ	„	૬
૪૯	મે. વિશ્વકર્મા સો મીલ	નાંદેડ	૬
૫૦	ન્યુ લક્ષ્મી સો મીલ	પંઢરપુર	૬
૫૧	હીરાલાલ ગોર્વીંદની કું.	બારામતી	૬
૫૨	લક્ષ્મી વિજય સો મીલ	વર્ધા	૬
૫૩	કૈલાસપતિ સો મીલ	વસમાંત	૬
૫૪	ન્યુ શાંતિ વિજય સો મીલ	સાંગલી	૬
૫૫	પટેલ ખીમજીભાઈ કચરાભાઈ C. ભવાનજી માવજીની કું. ઘાટકોપર મુંબઈ		૧૨
૫૬	પટેલ કન્સ્ટ્રક્શન કું.	„	૧૨
૫૭	પટેલ નાનજીભાઈ કાનજીભાઈ મુખી પાર્વતી ભુવન	„	૨૮
૫૮	પટેલ નારણભાઈ નાનજીભાઈ પાટીદાર સોસાયટી	„	૨૮
૫૯	„ ભીમજીભાઈ રવજીભાઈ માણેકલાલ એસ્ટેટ	„	૧૮
૬૦	„ નાનજીભાઈ સામજીભાઈ ઠે. હરેશ નિવાસ	„	૨૮
૬૧	„ સવગણભાઈ રાજાભાઈ	„	૬
૬૨	„ ખેતસીભાઈ પચાણભાઈ શ્રાવિકા આશ્રમ	„	૨૩
૬૩	„ નાનજીભાઈ કેસરાભાઈ માતૃપ્રેમ સોસાયટી	„	૧૮
૬૪	પટેલ નાગજીભાઈ કેસરાભાઈ વેલાણી ભુવન મુંબઈ		૧૨
૬૫	ધનજીભાઈ પ્રેમજીભાઈ વેલાણી શારદા સદન	„	૧૨
૬૬	પટેલ હંસરાજભાઈ રતનસીભાઈ		
૬૭	„ નારણભાઈ માવજીભાઈ હીરામણીકુંજ	„	૬
૬૮	„ સામજીભાઈ હંસરાજભાઈ હીરામણી કુંજ	„	૬
૬૯	„ શાંતિલાલ નારાયણભાઈ શીવજીભાઈ તુલસીભુવન	„	૬
૭૦	„ રવજીભાઈ દેવજીભાઈ કાણુવાડી	„	૧૬
૭૧	„ નારાયણભાઈ ખેતસીભાઈ કાણુવાડી	„	૬
૭૨	„ ભાણજી કરશન પટેલ એન્ડ કું. હેમકુંજ, મુલુન્દ	„	૬
૭૩	„ રતનશી વસ્તા C. આર વી.કન્સ્ટ્રક્શન	„	૬
૭૪	„ રાજ કન્સ્ટ્રક્શન કું.	„	૬
૭૫	„ માવજીભાઈ નારણભાઈ ઘાટકોપર મુંબઈ–૭૭	„	૨૩
૭૬	પોકાર પ્રેમજીભાઈ નારણભાઈ	„	૨૮
૭૭	પટેલ રવજીભાઈ અરજણભાઈ	„	૨૮
૭૮	„ ગંગારામ રામજીભાઈ પટેલ કો. ઓ. સોસાયટી	„	૧૬
૭૯	„ ધીરૂભાઈ વિશ્રામભાઈ પટેલ કો. ઓ. હા. સોસાયટી.	„	૧૩
૮૦	„ સીવદાસભાઈ કાનજીભાઈ પટેલ સદન	„	૧૩
૮૧	„ દેવજીભાઈ વીરજીભાઈ પારેખ ચાલ	„	૧૬
૮૨	„ ખીમજી નારણ એન્ડ કું. મલાડ મુંબઈ ૬૪	„	૮
૮૩	„ મજબાદત સો મીલ રે રોડ	„	૧૮
૮૪	„ લધાભાઈ નથુભાઈ હરેશ નિવાસ દાદર	„	૬
૮૫	„ માવજીભાઈ એન્ડ નાનજીભાઈની કું. C. ઈન્ડસ્ટ્રીઅલ સો મીલ મુંબઈ ૧૦	„	૬
૮૬	„ નારણ રાજની કુંપની	નાગપુર	૬
૮૭	„ નારાયણ ધનજી એન્ડ બ્રધર્સ	„	૬
			૭૮૫

સાબરકાંઠા જિલ્લો

ક્ર.નં.	નામ	ગામ	રૂપિયા
૧	પટેલ અંબાલાલ ધનજીભાઈ	અહમદપુરા	૬
૨	„ નાથાલાલ ખીમજીભાઈ	„	૬
૩	„ કચરાભાઈ દેવજીભાઈ	અમલાકંપા	૬
૪	„ વાલજીભાઈ કેસરાભાઈ C/o કેશવલાલ મેઘજીભાઈ	આસપુરકંપા	૬
૫	ડોકટર હરિભાઈ માવજીભાઈ	આકરૂન્દ	૬
૬	પટેલ રામજીભાઈ કરમસીભાઈ	આનંદપુરાકંપા	૬
૭	„ ભાણજીભાઈ રામજીભાઈ	ઈશ્વરપુરા મુડેટી	૬
૮	„ ગંગારામ રવજીભાઈ	કમોસણીકંપા	૬
૯	„ બાબુભાઈ પુંજાભાઈ	કાશીપુરા પુરાલ	૬
૧૦	„ સવજીભાઈ નાનજીભાઈ	કૃષ્ણપુરા	૬
૧૧	„ લાલજીભાઈ રામજીભાઈ	„	૬
૧૨	„ કાનજીભાઈ જીવરાજભાઈ કેસરપુરા કાણીયોલ		૬
૧૩	„ દેવસીભાઈ વસરામભાઈ કેસરપુરા મોડાસા		૬
૧૪	„ નાનજીભાઈ વિશ્રામભાઈ	„	૬
૧૫	„ મેઘજીભાઈ માવજીભાઈ	„	૬
૧૬	„ નારણભાઈ મુળજીભાઈ	ખોલેડાકંપા	૬
૧૭	„ ધનજીભાઈ ડી. મુખી	ખેડબ્રહ્મા	૬
૧૮	„ હંસરાજ એન્ડ દાસની કું.	„	૬
૧૯	„ ડાહ્યાભાઈ સવજીભાઈ C/o. અંબિકા રેડીમેઈડ સ્ટોર	„	૬
૨૦	ડોકટર છગનભાઈ એમ. પટેલ	ખેડબ્રહ્મા	૬
૨૧	પટેલ સવજીભાઈ હંસરાજભાઈ	ગોવિંદપુરા	૬
૨૨	„ વસ્તાભાઈ હંસરાજભાઈ	„	૬
૨૩	„ નારણભાઈ વસરામભાઈ	„	૬
૨૪	„ કરશનભાઈ રાજાભાઈ	„	૬
૨૫	„ ગોપાળભાઈ શીવદાસભાઈ	ગોતાકંપા	૬
૨૬	„ છગનભાઈ રામજીભાઈ	„	૬
૨૭	„ રામજીભાઈ નારણભાઈ	ચોરાડીંબા	૬
૨૮	„ કરમસીભાઈ હીરજીભાઈ	„	૨૮
૨૯	„ હરીભાઈ પ્રેમજીભાઈ	„	૬
૩૦	„ મણીલાલ શીવગણભાઈ	ગાંધીપુરા	૬
૩૧	„ પચાણભાઈ મનજીભાઈ	„	૬
૩૨	„ અંબાલાલ હીરજીભાઈ	ચંદ્રપુરાકંપા	૧૮
૩૩	„ મણીલાલ નારણભાઈ	જખનિયકંપા	૬
૩૪	„ રતનસીભાઈ પ્રેમજીભાઈ	ડુંગરીકંપા	૬
૩૫	„ લધાભાઈ પુંજાભાઈ	„	૬
૩૬	„ નારણભાઈ દેવસીભાઈ	„	૬
૩૭	„ કરમસીભાઈ ધનજીભાઈ	ડેભાડાકંપા	૬
૩૮	„ મણીલાલ વસરામભાઈ તખતગઢ સરતાનપુર		૬
૩૯	„ હીરજીભાઈ લખાભાઈ	„	૬
૪૦	„ રણછોડભાઈ ગોવિંદભાઈ	ગઢડાકંપા	૬
૪૧	„ કરશનભાઈ જીવરાજભાઈ	તાંદલીયાકંપા	૬
૪૨	„ હીરાભાઈ વસરામભાઈ	„	૬
૪૩	„ શામળદાસ વાલજીભાઈ	„	૬
૪૪	„ હરજીભાઈ કાનજીભાઈ	તલાવડીકંપા	૬
૪૫	અંબિકા વિજય સો મીલ પ્રો., કરશનભાઈ રામજીભાઈ	તલોદ	૨૩
૪૬	પટેલ રેડીમેઈડ સ્ટોર	„	૬
૪૭	પટેલ ધનજીભાઈ હંસરાજભાઈ	દામાવાસ	૬
૪૮	„ ડાહ્યાભાઈ ધનજીભાઈ	„	૬
૪૯	„ શાંતિલાલ વાલજીભાઈ	„	૬
૫૦	„ માવજીભાઈ હીરજીભાઈ	„	૬
૫૧	„ કરમસીભાઈ હરજીભાઈ	„	૬
૫૨	પટેલ રામજીભાઈ કેસરાભાઈ	દેસાઈપુરાકંપા	૯
૫૩	„ રતિલાલ કાનજીભાઈ	„	૬
૫૪	„ પ્રેમજીભાઈ સવજીભાઈ	„	૬
૫૫	„ જયંતીલાલ સવજીભાઈ	„	૬
૫૬	„ નારણભાઈ ધનજીભાઈ	„	૬
૫૭	„ જીવરાજભાઈ લધાભાઈ	„	૬
૫૮	„ વિઠ્ઠલભાઈ પુંજાભાઈ	„	૬
૫૯	„ અંબાલાલ સોમજીભાઈ	„	૬
૬૦	„ ગોવિંદભાઈ નાનજીભાઈ	„	૬
૬૧	„ નાનજીભાઈ ધનજીભાઈ	„	૬
૬૨	„ રવજીભાઈ જીવરાજભાઈ	ધરોલકંપા	૬
૬૩	„ હીરજીભાઈ કાનજીભાઈ	ધરમેડાકંપા	૬
૬૪	„ મેઘજીભાઈ લખુભાઈ	„	૬
૬૫	„ હીરજીભાઈ નથુભાઈ	ધનપુરાકંપા	૬
૬૬	„ રવજીભાઈ વસરામભાઈ	„	૬
૬૭	„ છગનભાઈ કાનજીભાઈ	નવાંકીકંપા	૬
૬૮	„ છગનભાઈ શીવજીભાઈ	નારણપુરાકંપા	૧૨
૬૯	„ સામજીભાઈ અરજણભાઈ	„	૬
૭૦	„ કરમસીભાઈ કાનજીભાઈ	નિકોડાકંપા	૬
૭૧	„ ધનજીભાઈ અમજીભાઈ	„	૬
૭૨	„ દેવસીભાઈ વાલજીભાઈ	પીપળીકંપા	૬
૭૩	પટેલ કાનજીભાઈ હરજીભાઈ	[illegible]કંપા	૬
૭૪	„ હંસરાજભાઈ ભાણજીભાઈ	[illegible]કંપા	૬
૭૫	„ અરજણભાઈ કરશનભાઈ	„	૬
૭૬	„ ડાહ્યાભાઈ ગંગારામ	બાબસરટીંબા	૬
૭૭	„ અરજણભાઈ હીરજીભાઈ	„	૬
૭૮	„ લાલજીભાઈ હીરજીભાઈ	„	૬
૭૯	„ સવજીભાઈ ખેતાભાઈ	„	૬
૮૦	„ હંસરાજભાઈ કાનજીભાઈ	બોરડીટીંબા	૧૨
૮૧	„ દાનાભાઈ જીવરાજભાઈ	„	૬
૮૨	„ ખેતાભાઈ પ્રેમજીભાઈ	„	૬
૮૩	„ હરદાસભાઈ માવજીભાઈ	બોરડીટીંબા	૬
૮૪	„ ખીમજીભાઈ નાનજીભાઈ	ભવાનીપુરા	૬
૮૫	„ ધનજીભાઈ વિશ્રામભાઈ	„	૬
૮૬	„ વિશ્રામભાઈ મનજીભાઈ	„	૬
૮૭	„ જેઠાલાલ મેઘજીભાઈ	„	૬
૮૮	„ કાનજીભાઈ હીરજીભાઈ	„	૬
૮૯	„ રમણલાલ હરજીભાઈ	„	૬
૯૦	„ પ્રેમજીભાઈ ગોવિંદભાઈ	ભુજપુરા	૬
૯૧	„ રણછોડભાઈ ખીમજીભાઈ	મઠાસણકંપા	૩
૯૨	„ નારણભાઈ કાનજીભાઈ	મહાપુરકંપા	૬
૯૩	„ સોભાલાલ વાલજીભાઈ	મેઢાસણ	૬
૯૪	„ માવજીભાઈ દેવજીભાઈ	મોહનાકંપા	૬
૯૫	„ અરજણભાઈ ધનજીભાઈ	„	૬
૯૬	„ કાનજીભાઈ જશાભાઈ	માણપુરકંપા	૬
૯૭	„ દેવસીભાઈ અરજણભાઈ	„	૬
૯૮	„ કરમસીભાઈ પ્રેમજીભાઈ	મેઘકંપા	૬
૯૯	„ સવજીભાઈ જેઠાભાઈ	„	૬
૧૦૦	„ નાથાલાલ હરજીભાઈ C/o. જયઅંબે કિરાણા સ્ટોર	મોડાસા	૧૨
૧૦૧	„ ઈશ્વરલાલ કાનજીભાઈ C/o. ગણેશ ઇલેકટ્રીક કંપની	„	૮
૧૦૨	„ રતિલાલ સોભાલાલ	„	૬
૧૦૩	પટેલ એન્ડ કંપની	„	૬
૧૦૪	સોની જશવંતલાલ નરસિંહભાઈ	„	૬
૧૦૭	પટેલ પુંજાભાઈ નાનજીભાઈ	મોહનપુરકંપા	૬
૧૦૬	„ લાલજીભાઈ કાનજીભાઈ	„	૬
૧૦૭	„ નાનજીભાઈ મનજીભાઈ	„	૬
૧૦૮	„ કરમસીભાઈ પ્રેમજીભાઈ	મોહનપુરકંપા	૬
૧૦૯	„ ગંગારામ નાનજીભાઈ	„	૬
૧૧૦	પટેલ ગોવિંદભાઈ મનજીભાઈ રવિપુરાકંપા ઈડર		૬
૧૧૧	„ માધાભાઈ માવજીભાઈ	„	૬
૧૧૨	„ સવજીભાઈ એન્ડ જેઠાભાઈ રણાસણકંપા		૬
૧૧૩	„ કાન્તિભાઈ હંસરાજભાઈ	„	૬
૧૧૪	„ ભાણજીભાઈ ગોવિંદભાઈ	રામપુરાકંપા	૬
૧૧૫	„ કરશનભાઈ સામજીભાઈ	„	૬
૧૧૬	„ માવજીભાઈ શીવજીભાઈ	„	૬
૧૧૭	„ શીવજીભાઈ મુળજીભાઈ	„	૬
૧૧૮	„ દેવજીભાઈ મુળજીભાઈ	„	૬
૧૧૯	„ ભાણજીભાઈ કાનજીભાઈ	„	૬
૧૨૦	„ મનજીભાઈ દેવજીભાઈ	„	૬
૧૨૧	„ અરજણભાઈ ખીમજીભાઈ	„	૬
૧૨૨	રામસીકંપા સમસ્ત	રામસીકંપા	૧૮
૧૨૩	પટેલ લાલજીભાઈ માવજીભાઈ	રાજવીકંપા	૪
૧૨૪	„ છગનભાઈ નારણભાઈ	રામેશ્વરકંપા	૬

૧૨૫ „ નારણભાઈ વસ્તાભાઈ „ ૬
૧૨૬ „ કરશનભાઈ હંસરાજભાઈ „ ૬
૧૨૭ „ લાલજીભાઈ કરશનભાઈ „ ૬
૧૨૮ „ અરજણભાઈ મુળજીભાઈ „ ૬
૧૨૯ „ રતનશીભાઈ અભાભાઈ „ ૬
૧૩૦ „ કરશનભાઈ મનજીભાઈ „ ૬
૧૩૧ „ રમણલાલ નારણભાઈ રૂપાલકંપા ૬
૧૩૨ „ વિશ્રામભાઈ નાનજીભાઈ લક્ષ્મણપુરા ૨૮
૧૩૩ „ સવગણભાઈ ખીમજીભાઈ „ ૬
૧૩૪ „ રવજીભાઈ કરશનભાઈ લક્ષ્મીપુરા ૧૨
૧૩૫ „ શાંતિલાલ મગનલાલ „ ૬
૧૩૬ „ મુળજીભાઈ વિશ્રામભાઈ લહેરીપુરા ૬
૧૩૭ „ પચાણભાઈ પુંજાભાઈ લાલપુરકંપા ૬
૧૩૮ „ ડાહ્યાભાઈ સવગણભાઈ લાલુકંપા ૬
૧૩૯ „ વાડીલાલ કાનજીભાઈ „ ૬
૧૪૦ „ મણીલાલ કાનજીભાઈ „ ૬
૧૪૧ „ કાનજીભાઈ મનજીભાઈ „ ૬
૧૪૨ „ સવાસભાઈ રામજીભાઈ „ ૬
૧૪૩ „ અરજણભાઈ રામજીભાઈ „ ૬
૧૪૪ „ પરસોતમભાઈ લધાભાઈ „ ૬
૧૪૫ „ નારણભાઈ દેવસીભાઈ „ ૬
૧૪૬ „ મણીભાઈ વાલજીભાઈ „ ૩
૧૪૭ „ વિઠ્ઠલભાઈ કાનજીભાઈ લીંબોદરકંપા ૬
૧૪૮ „ લક્ષ્મણભાઈ લધાભાઈ „ ૬
૧૪૯ „ અરજણભાઈ ભીમજીભાઈ „ ૬
૧૫૦ „ વાલજીભાઈ રામજીભાઈ „ ૬
૧૫૧ „ કચરાભાઈ મનજીભાઈ વજેપુરાકંપા ૩૩
૧૫૨ „ ભીખુભાઈ વાલજીભાઈ „ ૬
૧૫૩ શ્રી રામ વિજય સો મીલ વડાલી ૬
૧૫૪ પટેલ ગોપાલભાઈ ધનજીભાઈ „ ૬
૧૫૫ „ નારણભાઈ અરજણભાઈ „ ૬
૧૫૬ „ સામજીભાઈ વિશ્રામભાઈ વડાલીકંપા ૬
૧૫૭ „ કરમસીભાઈ નથુભાઈ „ ૬
૧૫૮ „ પ્રેમજીભાઈ સામજીભાઈ વાત્રકગઢકંપા ૧૨
૧૫૯ „ કરશનભાઈ ભાણજીભાઈ „ ૬
૧૬૦ „ ઇશ્વરભાઈ લધાભાઈ „ ૬
૧૬૧ „ વેલજીભાઈ કેસરાભાઈ વિલાસપુરાકંપા ૬
૧૬૨ „ શીવજીભાઈ ભાણજીભાઈ વેકરાકંપા ૧૨
૧૬૩ „ ગંગારામ કરશનભાઈ „ ૧૨
૧૬૪ „ નારણભાઈ દેવસીભાઈ „ ૬
૧૬૫ „ જીવરાજભાઈ ધનજીભાઈ સરદારપુરકંપા ૬
૧૬૬ „ ગોપાલભાઈ પ્રેમજીભાઈ સવાસલાકંપા ૧૧
૧૬૭ „ હંસરાજભાઈ રવજીભાઈ સબલપુરકંપા ૬
૧૬૮ „ ભીમજીભાઈ રવજીભાઈ „ ૬
૧૬૯ „ જયંતીલાલ સવજીભાઈ „ ૬
૧૭૦ „ કાન્તિલાલ મુળજીભાઈ સરતાનપુર તખતગઢ ૬
૧૭૧ „ કાન્તિલાલ ભોગીભાઈ „ ૧૨
૧૭૨ „ હરિભાઈ સવગણભાઈ „ ૧૨
૧૭૩ „ મણીલાલ મુળજીભાઈ „ ૬
૧૭૪ „ દેવજીભાઈ લાલજીભાઈ સવાસલા ૬
૧૭૫ „ શકુંતલાબહેન હરિભાઈ શીરપુરાકંપા ૬
૧૭૬ „ શિવલાલ જેઠાભાઈ „ ૬
૧૭૭ „ માવજીભાઈ ધનજીભાઈ શીણાવજપુરકંપા ૬

૧૭૮ „ રૂડાભાઈ માવજીભાઈ સુરતીકંપા ૬
૧૭૯ „ વિશ્રામભાઈ જીવરાજભાઈ શાંતિપુરા ૬
૧૮૦ „ લાલજીભાઈ રામજીભાઈ હીરાભાઈકંપા ૬
૧૮૧ „ નાનજીભાઈ ભાણજીભાઈ હીરાભાઈકંપા ૬
૧૮૨ „ ડાહ્યાભાઈ એન્ડ બ્રધર્સ હિંમતનગર ૬
૧૮૩ લક્ષ્મી વિજય સો મીલ „ ૬
૧૮૪ પટેલ ડાહ્યાભાઈ અરજણભાઈ „ ૬
૧૮૫ શ્રી લક્ષ્મી ક્લોથ એન્ડ રેડીમેડ સ્ટોર „ ૬
૧૮૬ શ્રી જગદંબા વિજય સો મીલ „ ૬
૧૮૭ પટેલ ભવાનભાઈ દેવસીભાઈ „ ૧૨
૧૮૮ „ છગનભાઈ દેવજીભાઈ „ ૬
C/o. ભગવતી કિરાણા
૧૮૯ „ ધનજીભાઈ ભીમજીભાઈ હિંમતનગરકંપા ૬
૧૯૦ „ રવજીભાઈ નાનજીભાઈ „ ૬
૧૯૧ „ કાનજીભાઈ રામજીભાઈ „ ૬
૧૯૨ „ મગનભાઈ દાનાભાઈ જગમેરકંપા ૬
૧૯૩ „ સામજીભાઈ સવજીભાઈ „ ૬
૧૯૪ „ ખેતાભાઈ રામજીભાઈ ચોરીવાડ ૬
૧૯૫ „ મણીલાલ દેવસીભાઈ „ ૬
૧૯૬ „ રામજીભાઈ દેવસીભાઈ „ ૬
૧૯૭ „ રતનશીભાઈ નથુભાઈ „ ૬
૧૯૮ „ કચરાભાઈ રાજાભાઈ ધનસુરા ૬
૧૯૯ „ ડી. કે. જાદવકંપા ૬
૨૦૦ „ પ્રેમજીભાઈ મેઘજીભાઈ બુઢાલકંપા ૧૨
૨૦૧ „ વસરામભાઈ નારણભાઈ મોતીપુરા ૬
૨૦૨ „ કરમસીભાઈ સવગણભાઈ „ ૧૨
૨૦૩ „ કરશનભાઈ પ્રેમજીભાઈ „ ૧૨
૨૦૪ „ નારણભાઈ શીવજીભાઈ „ ૧૨
૨૦૫ „ કાનજીભાઈ નથુભાઈ રામપીરકંપા ૨૮
૨૦૬ „ મોહનભાઈ શીવજીભાઈ એલ. „ ૨૮
૨૦૭ „ વસરામભાઈ માવજીભાઈ „ ૨૮
૨૦૮ „ પ્રેમજીભાઈ રામજીભાઈ „ ૨૮
૨૦૯ „ લાલજીભાઈ રામજીભાઈ „ ૬
૨૧૦ „ ભીમજીભાઈ રામજીભાઈ „ ૬
૨૧૧ „ નારણભાઈ પ્રેમજીભાઈ રાવણનોમાળ ૧૨
૨૧૨ „ ધનજીભાઈ મેઘજીભાઈ „ ૬
૨૧૩ „ દેવસીભાઈ મેઘજીભાઈ „ ૬
૨૧૪ „ રામજીભાઈ ભાણજીભાઈ [illegible]કંપા ૬

૧૫૮૮

જુદા જુદા જિલ્લા

ક્ર.નં. નામ ગામ રૂપિયા
૧ પટેલ રતનશીભાઈ નારણભાઈ ઊંઝા ૬
C/o. પટેલ સો મીલ
૨ ગુનાટેડ સો મીલ કલોલ ૬
૩ પટેલ પ્રેમજીભાઈ કાનજીભાઈ કરજીપુરા ૧૩
જિ. વડોદરા
૪ „ ગોવિંદભાઈ વાલજીભાઈ કડોદ ૩
૫ ધી પટેલ સો મીલ ડીસાખારડી ૧૧
૬ પટેલ વિઠ્ઠલભાઈ આર. જામનગર ૬
૭ શ્રી શંકર વિજય સો મીલ નવસારી ૬
૮ ન્યુ બજરંગ વિજય સો મીલ પાટણ ૬
૯ પટેલ ગોવિંદભાઈ સવજીભાઈ ઓઈંરફાર્મ ૬

૧૦ ભારત વિજય સો મીલ મહેસાણા ૧૧
૧૧ શ્રી રણછોડરાય ફ્લોર ફેક્ટર
એન્ડ સો મીલ જિ. સુરત માંડવી ૬
૧૨ લક્ષ્મી સો મીલ બારા ૪
૧૩ શ્રી રામ વિજય સો મીલ વડોદરા ૬
૧૪ પટેલ ખીમજીભાઈ ખેતાભાઈ „ ૬
૧૫ „ ગંગારામ જે. „ ૧૦
૧૬ „ રતિલાલ વી. C/o શીવશંકર સોમીલ „ ૧૦
૧૭ સત્યનારાયણ સો મીલ વલસાડ ૬
૧૮ ઉમીયા વિજય સો મીલ વિસનગર ૬
૧૯ શ્રી સરસ્વતી સો મીલ સાવલી ૬
૨૦ કુદરતી પરિશ્રમ સો મીલ સોનગઢ ફાર્મ ૬
૨૧ શ્રી નીલકંઠ વિજય સો મીલ હનુમાન ભાગડા ૬
૨૨ પટેલ દામજીભાઈ ભાણજીભાઈ હાલોલ ૬
C. અંબીકા સો મીલ

૧૫૨

ખેડા જિલ્લો

ક્ર.નં. નામ ગામ રૂપિયા
૧ પટેલ ગાભુલાલ હંસરાજભાઈ આણંદ ૧૦
કે. લાયન્સ ક્લબ
૨ „ કાન્તિલાલ કરશનભાઈ કાપડીનીવાવ ૬
૩ શંકર વિજય સો મીલ ખેડાટાઉન ૬
૪ પટેલ જગુભાઈ પી. C. અંબીકા મોલ્ડીંગ નડિયાદ ૮
૫ ઉમિયા વિજય સો મીલ ડાકોર ૭
૬ પટેલ ભગુભાઈ છગનભાઈ દુધાથલવાટ ૬
૭ „ રતિલાલ ભીમજીભાઈ „ ૬
૮ „ સવજીભાઈ જેઠાભાઈ „ ૬
૯ „ વસરામભાઈ નાનજીભાઈ „ ૬
૧૦ શંકર વિજય સો મીલ પેટલાદ ૬
૧૧ મહાલક્ષ્મી સો મીલ બારેજડી ૬
૧૨ ભગવતી સો મીલ ભાલેજ ૬
૧૩ પટેલ રામજીભાઈ લધાભાઈ મગનપુરાવાટ ૬
૧૪ „ વાલજીભાઈ શીવજીભાઈ „ ૧૮
૧૫ „ કરમસીભાઈ માવજીભાઈ ગૈયાનોવાટ ૬
૧૬ „ નરસિંહભાઈ અરજણભાઈ રામપુરા ૬
આમોદરાણુ
૧૭ „ દેવજીભાઈ સવગણભાઈ રંગીનપુરાવાટ ૬
૧૮ „ અરજણભાઈ [illegible] વડતાલ ૬
૧૯ „ મણીભાઈ મેઘજીભાઈ વિષ્ણુપુરા ૬
૨૦ „ દેવજીભાઈ નથુભાઈ „ ૬
૨૧ „ ચતુરભાઈ કરશનભાઈ „ ૬
૨૨ „ મગનભાઈ અરજણભાઈ „ ૬
૨૩ „ પુંજાભાઈ લધાભાઈ „ ૬
૨૪ „ પરસોતમભાઈ દેવસીભાઈ „ ૬
૨૫ „ વાડીલાલ હીરજીભાઈ „ ૬
૨૬ „ નારણભાઈ ખીમજીભાઈ વિઠ્ઠલપુરાકંપા ૬
૨૭ „ શંકર વિજય સો મીલ સોજીત્રા ૧૧
૨૮ રણજિતપુરા વાં [illegible] રણજિતપુરા ૬

૨૦૪

મધ્ય [illegible]

૧ પટેલ દેવજીભાઈ આર. ધારસી ૬
C/o [illegible] ટીમ્બર માર્ટ

૨ દુર્ગા ટીમ્બર માર્ટ એન્ડ સો મીલ „ ૬
૩ પટેલ સો મીલ „ ૬
૪ મે. હીમાણી સો મીલ „ ૬
૫ મહાદેવ ટીમ્બર માર્ટ „ ૬
૬ એમ. એલ. પટેલ એન્ડ બ્રધર્સ „ ૬
૭ કનૈયા સો મીલ „ ૬
૮ અંબિકા ટીમ્બર માર્ટ „ ૬
૯ શ્રી ગણેશ સો મીલ „ ૬
૧૦ „ નર્મદા ટીમ્બર માર્ટ „ ૬
૧૧ „ ક્રિષ્ના સો મીલ „ ૬
૧૨ રામ વિજય સો મીલ „ ૬
૧૩ પટેલ ધનજીભાઈ માવજીભાઈ ઇન્દોર ૬
C/o ભગત એન્ડ કું.
૧૪ „ કાનજીભાઈ કરમશીભાઈ „ ૬
C/o પટેલ એન્ડ કું.
૧૫ „ પેથાભાઈ નથુભાઈ „ ૬
C/o. પટેલ સો મીલ
૧૬ „ ખીમજીભાઈ નારણભાઈ „ ૬
C/o. નીલકંઠ વિજય સો મીલ
૧૭ „ ડાહ્યાભાઈ માવજીભાઈ „ ૬
C/o. સર્વોદય સો મીલ
૧૮ „ ભીમજીભાઈ ખીમજીભાઈ „ ૬
C/o. શંકર વિજય સો મીલ
૧૯ સારદા સો મીલ કટની ૬
૨૦ કનૈયા સો મીલ „ ૬
૨૧ રાધાકૃષ્ણ સો મીલ „ ૬
૨૨ ભારત સો મીલ „ ૬
૨૩ લક્ષ્મી સો મીલ જબલપુર ૬
૨૪ કે. એમ. પટેલ એન્ડ કું. „ ૬
૨૫ પી. જે. પટેલ એન્ડ કું. „ ૨૩
૨૬ કાન્તિલાલ એન્ડ જવેરીભાઈની કું. „ ૬
૨૭ શ્રી આશાપુરી સો મીલ જબલપુર ૬
૨૮ ભારત સો મીલ „ ૬
૨૯ વસંત ટીમ્બર માર્ટ જબલપુર ૬
૩૦ શ્રી જગદીશ સો મીલ „ ૬
૩૧ ઉત્તમ ઓટોમોબાઇલ્સ દલ્લી રાજહરા ૬
૩૨ દુર્ગા વિજય સો મીલ ધમતરી ૬
૩૩ મહાલક્ષ્મી સો મીલ ભાટાપારા ૬
૩૪ હનુમાન વિજય સો મીલ બિલાસપુર ૬
૩૫ સરસ્વતી સો મીલ રાયપુર ૧૮
૩૬ એમ. એમ. પટેલ એન્ડ કું. „ ૬
૩૭ પુંજાભાઈ પટેલ એન્ડ બ્રધર્સ „ ૬
૩૮ ગીતા સો મીલ „ ૬
૩૯ શ્રી રામ ટીમ્બર માર્ટ „ ૬
૪૦ શ્રી નારાયણ સો મીલ „ ૬
૪૧ હિંમત ટીમ્બર માર્ટ „ ૬
૪૨ ભારત ટીમ્બર માર્ટ „ ૬
૪૩ અંબીકા સો મીલ „ ૬
૪૪ જલારામ સો મીલ „ ૬
૪૫ રાયપુર ટીમ્બર માર્ટ „ ૬
૪૬ કૃષ્ણ ટીમ્બર માર્ટ „ ૬
૪૭ લક્ષ્મી સો મીલ રાજનાંદગાંવ ૬

૪૮ કાન્તિલાલ પટેલ એન્ડ કું. રાજનાંદગાંવ ૬
૪૯ શ્રી સુર્ય વિજય સો મીલ „ ૬
૫૦ „ કૃષ્ણ વિજય સો મીલ „ ૬
૫૧ ખેતા વસ્તા પટેલ એન્ડ સન્સ „ ૬
૫૨ આઝાદ ટીમ્બર માર્ટ „ ૬
૫૩ શીવજીભાઈ વી. હીરાણી „ ૬
C/o. બી. એલ. શર્મા ટી. મ.
૫૪ જલારામ સો મીલ „ ૬
૫૫ અશોક સો મીલ „ ૬
૫૬ શ્રી શંકર વિજય ટી. કું. „ ૬
૫૭ એ. કે. પટેલ એન્ડ બ્રધર્સ સો મીલ „ ૬
૫૮ શ્રી સરસ્વતી ટીમ્બર માર્ટ „ ૬
૫૯ „ દુર્ગા ટીમ્બર ડેપો „ ૬
૬૦ શ્રી શારદા સો મીલ વરડી ૬
૬૧ પટેલ કરમસીભાઈ જી, ભાકરાવાળાએસ્ટેટ ૬
C/o. નાયક રેસ્ટોરન્ટ
૬૨ પટેલ શીવજીભાઈ ભાણજીભાઈ વરોલીયા ૧૮
C/o. વેલાણી ફાર્મ
૬૩ „ શીવગણભાઈ વેલાણી „ ૬
C. વેલાણી ફાર્મ
૬૪ „ નાનજીભાઈ પુંજાભાઈ „ ૬
C. વેલાણી ફાર્મ
૬૫ „ હીરજીભાઈ જેઠાભાઈ „ ૧૮
૬૬ „ નારણભાઈ વસરામભાઈ જવાહરનગર ૬

૪૪૯

કચ્છ ભુજ

ક્ર.નં. નામ ગામ રૂપિયા
૧ પટેલ મનજી વાલજી ઉખેડા ૬
૨ „ પચાણ માવજી આનંદસર ૬
૩ „ વાલજી હીરજી „ ૬
૪ „ સામજી નાનજી „ ૬
૫ „ ગોપાલ કાનજી „ ૬
૬ „ દેવજી પ્રેમજી લીંબડી ૬
૭ „ કેસરા રામજી કલ્યાણપર ૪
૮ „ વાલજી ધનજી કોટડા–ચકાર ૬
૯ „ કાનજી લધા મુખી „ ૨૬
૧૦ „ [illegible] યુવક મંડળ ખેડોઈ ૬
૧૧ „ કરશન સવજી ખીમાણી „ ૬
૧૨ „ નાનજી ગંગાદાસ ખોંભડી ૬
૧૩ „ કાનજી ભીમજી રવાણી „ ૪
૧૪ „ પ્રેમજી કાનજી રવાણી „ ૪
૧૫ „ હીરજી વાલજી રવાણી „ ૪
૧૬ „ કરમસી ખેતા રવાણી „ ૪
૧૭ „ દેવજી પ્રેમજી ચૌહાણ „ ૪
૧૮ „ ભાલજી ગંગાદાસ „ ૪
૧૯ લાલજી અરજણ „ ૪
૨૦ „ હંસરાજ રામજી સેંગાણી „ ૪
૨૧ „ દેવસી મનજી „ „ ૪
૨૨ „ લધા મનજી „ „ ૪
૨૩ „ વાલજી દેવસી ભગત „ ૪
૨૪ „ માવજી હરજી મુખી „ ૪

જિલ્લો		
ીલ.	અમદાવાદ	૧૮
	,,	૧૮
સો મીલ	,,	૬
	,,	૬
	,,	૬
	,,	૬
જીભાઇ	,,	૩
ગુજીભાઈ	કઠવાડા	૬
	ચિલોડા	૧૨
	દહેગામ	૫
સો મીલ		
	,,	૬
ા	ધોળકા	૬
રણભાઈ	નરોડા	૧૨
મીલ		
ભાઇ	,,	૬
મીલ		
	,,	૧૨
જીભાઇ	,,	૬
	મહેમદાવાદ	૧૮
લ	,,	૬
શીવપુરા	ઇશનપુરકંપા	૬
	દહેગામ	૬
		૧૫૧

ગાળ, બિહાર, ઓરિસ્સા.

	આસનસોલ	૬
એન્ડ કું.	કત્રાસગઢ	૬
ટ કોન્ટ્રાકટર	કાંટાબાજી	૬
	ગણુ	૬
ન્ડ સો મીલ	,,	૬
	ગીરમજપેટ	૬
લ	ગોકાંક	૧૧
	ચાઇબાસા	૧૮

૯	લક્ષ્મી સો મીલ	ચાલાકુડી	૬
૧૦	પટેલ સો મીલ	જયપુર	૧૧
	C. લખમસી નાનજી		
૧૧	શ્રી વિષ્ણુ સો મીલ	જનગાંવ	૬
૧૨	વેંકટેશ્વર સો મીલ	તીરૂપતિ	૬
	C. હંસરાજ ડી. પટેલ		
૧૩	રાજરાજેશ્વરી સો મીલ	તીનલવેલી	૬
૧૪	સહજાનંદ સો મીલ	ત્રિવેન્દ્રમ	૬
૧૫	પટેલ લખમસી કાનજી	ટેનકાશી	૧૧
૧૬	શ્રી ભગવતી સો મીલ	પટણા	૬
૧૭	,, હંશરાજ હરજી	પટણાગઢ	૬
૧૮	પટેલ ટીમ્બર ડેપો એન્ડ શંકર સો મીલ	ધારવાડ	૬
૧૯	કચ્છ વિજય સો મીલ	પોલાંચી	૧૧
૨૦	પટેલ સો મીલ	બદામપહાડ	૬
૨૧	ગીતા સો મીલ	બાલાસર	૧૮
૨૨	શંકર સો મીલ	ઓલપુર	૫
૨૩	પટેલ કાનજી ભીમજી	મદ્રાસ	૬
	C. ભારત સો મીલ		
૨૪	કનૈયા સો મીલ	,,	૬
૨૫	શ્રી ભારત સો મીલ	મહેબુબનગર	૬
૨૬	શ્રી દામોદર સો મીલ	આંકે મારગાંવ ગોવા	૯
૨૭	દુર્ગા સો મીલ	લોહરકાગા	૬
૨૮	વિષ્ણુ સો મીલ	વિશાખાપટ્ટમ	૬
	C. શ્રી દુર્ગા એન્ડ કું.		
૨૯	પટેલ એન્ડ કું.	વિજયવાડા	૯
૩૦	શ્રી શંકર વિજય સો મીલ	હુબલી	૬
૩૧	પટેલ સો મીલ	,,	૬
૩૨	પટેલ આર. ગેન.	હૈદરાબાદ	૧૬
૩૩	એસ. એમ. પટેલ એન્ડ કું.	,,	૬
૩૪	મે. ગણેશ ટીમ્બર કું.	,,	૩
			૨૧૧

૨૫	,,	કેશવલાલ મેઘજી પજવાણી	ખોભડી	૪
૨૬	,,	ખેતા મેઘજી વાગડીયા	,,	૪
૨૭	,,	નારણ વિશ્રામ	ગઢસીસા	૬
૨૮	,,	કરશન હંશરાજ ભાવાણી	જીયાપુર	૨૮
૨૯	,,	લધા વસ્તા	,,	૬
૩૦	,,	દામજી રામજી	ટોડીયા	૬
૩૧	,,	મણીભાઈ જેઠાભાઇ વેલાણી	દુર્ગાપુર	૬
૩૨	,,	લાલજી કરશન		૨૬
૩૩	,,	પચાણ જીવરાજ	દેસલપર	૬
૩૪	,,	કાનજી નાનજી	,,	૧૮
૩૫	,,	સવગણ ખેતા રામજીયાણી	,,	૬
૩૬		શ્રી પાટીદાર યુવક મંડળ	દેવપુર	૮
૩૭		પટેલ નથુભાઇ નાનજી	નખત્રાણા	૬
૩૮		પટેલ એન્ડ કંપની	,,	૪
૩૯	,,	સોમજી દેવજી વેલાણી	,,	૪
૪૦	,,	હીરાલાલ એચ. પટેલ એન્ડ કંપની	,,	૪
૪૧		પટેલ સામજી હરજી ધનાણી એન્ડ કું.	,,	૪
૪૨	,,	દેવજી કચરા પટેલ એન્ડ કું.	,,	૪
૪૩	,,	દેવજી લધા	નવાવાસ	૪
૪૪	,,	ભોજા લધા	નેત્રા	૬
૪૫	,,	કેસરા પેથા પજવાણી	,,	૬
૪૬	,,	સીવગણ હંસરાજ	પદ્મપુરા	૬
૪૭	,,	વીંરજી કરશન	પાનેલી	૬
૪૮	,,	કરશન રાજા	ભુજ	૬
૪૯	,,	મણીલાલ હરીલાલ વાડીયા	માનકુવા	૬
૫૦	,,	નારણ રામજીની કું.	માંડવી	૬
૫૧	,,	રતનશી શીવજી	રાયણ	૪
૫૨	,,	જીવરાજ ભીમજીની કું. લક્ષ્મણપુર–નેત્રા		૬
૫૩	,,	હંસરાજ હરજી	લુડવા	૬
૫૪	,,	લધા હરણ	વિગોડી	૬
૫૫	,,	કરશન સાંવગણ માનાણી	વિરાણી	૬
૫૬	,,	કાનજી લખુ	વિરાણી–લખપત	૬
૫૭	,,	ડાહ્યા મુળજી	,, –ગઢસીસા	૬
૫૮	,,	વિશ્રામ કાનજી	વિરાણી નાની	૬
૫૯	,,	દીપકલાલ દેવજી માંકાણી	રાયણ મોટી	૬
				૩૮૮

.અમ

૧ શ્રી કૃષ્ણ વિજય
૨ લક્ષ્મી વિજય સે
૩ અંબીકા કચ્છ વિ
૪ ભારત વિજય સે
૫ પ્રભાત સો મીલ
૬ કલ્યાણી સો મી
૭ પટેલ સામજીભાઇ
૮ પટેલ સામજીભાઇ
૯ અન્નપૂર્ણા સો મ
૧૦ ગંગારામ જીવરાજ
C. ગણેશ
૧૧ પટેલ કાનજી મ
C. ભારત સો
૧૨ લક્ષ્મી વિજય સે
૧૩ પટેલ મગનભાઇ
C. રામ વિજય
૧૪ પટેલ દેવજીભાઇ
C. કૃષ્ણ વિજય
૧૫ જયઅંગે સો મી
૧૬ પટેલ વિઠ્ઠલભાઈ
૧૭ સત્યનારાયણ સો
૧૮ તુલસી વિજય સ
૧૯ પટેલ લાલજી મા
૨૦ વિષ્ણું સો મીલ

૬. ભારત, પશ્ચિમ

૧ પટેલ ટીમ્બર કું
૨ ,, કાનજી ના
૩ ,, ભાણજી
૪ ભારત સો મીલ
૫ શ્યામ ટીમ્બર કું
૬ આશાજી સો મીલ
C. વીરજી મ
૭ શંકર વિજય સે
૮ ક્રીશ્ના સો મીલ

realpatidar.com

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

વિનંતી

આ અંકમાં જે જે ગ્રાહક ભાઇઓનાં લવાજમો બાકી નીકળે છે. તેઓની નામાવલી જુદા કાગળ ઉપર છાપીને પ્રસિદ્ધ કરી છે. અને ચાલુ માસથી જ તેઓને અંક મોકલવાનું બંધ કર્યું છે.

વારંવાર સૂચનાઓ અને વિનંતીઓ કરવા છતાં તેનું સારૂં પરિણામ ન આવતાં અમારે આ પગલું ભરવાની ફરજ પડી છે. જેથી ગ્રાહકો અને વાંચકો અમને દરગુજર કરે.

—તંત્રી

વર્ષ : ૧૪ અંક : ૨ ફેબ્રુઆરી : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬), પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૧) પરદેશમાં રૂ. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

અનુક્રમણિકા

'જાગૃતિ' ના સંપાદક મંડળમાં ફેરફાર કરવામાં આવ્યો છે તેની નામાવલી આવતાં અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

આજીવન સભ્ય ફી ન ભરનાર ગ્રાહક ભાઈઓને સૂચના

આજીવન સભ્ય તરીકે નોંધાયેલા, પરંતુ હજુ સુધી જેમની સભ્યફીની રકમ મળી નથી તેવા આજીવન સભ્યોની નામાવલી આગામી માર્ચ-'૭૨ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતિ છે.

॥ ૐ નમ: શિવાય ॥

તંત્રી સ્થાનેથી..........

જ્ઞાતિ બંધુઓ,

આપણે જાણીએ છીએ તે મુજબ આપણા બાપદાદાઓ ભૂતકાળમાં અજ્ઞાનતાના અંધકારમાં ડૂબી જઈ, રાત–દિવસ કાળી મજુરી કરી જીવન ગુજરાન કરતા હતા. તે જમાનામાં એક અજ્ઞાની પ્રજાનું શોષણ કરવા પોતાના ક્ષુલ્લક સ્વાર્થ ખાતર વર્ષો સુધી એક ગરીબ જ્ઞાતિ નિરક્ષરતાના અંધકારમાં અટવાયા કરે એ રીતે વ્યવસ્થિત આયોજન કરી અભણ જ રહે એ રીતના 'ભણ્યો કણબી કુટુંબ બોળે' એવા કેટલાક વિચારો અજ્ઞાન અને રૂઢિચુસ્ત વડીલોના માનસ પટ પર ઠસાવવાનો નીચ પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેમ આપણે ચોક્કસ પણે સમજી શકીશું.

સામાન્ય રીતે આપણો સમાજ લાંબા સમય સુધી અભણ રહે તો તેનો લાભ અન્ય કોમોના કેટલાક વેપારી દ્રષ્ટિના ભાઈઓને તેમજ વટાળ પ્રવૃત્તિમાં પડેલાં વિધર્મી તત્વોને મળે એ સ્વાભાવિક છે આ બંને વર્ગની મેલી મુરાદ ધરાવતાં કેટલાંક તત્વોએ ગરીબી પર શાસન જમાવી એક કોમની સંપત્તિના ભોગે પોતાની આર્થિક શકિત એક યા બીજી રીતે વધારવાના જોરદાર પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરિણામે વર્ષો સુધી જ્ઞાતિની પાયમાલી સર્જતું, તેને કંગાલિયતની અધમ દશા ભણી ધકેલતું એક સુરેખ ચિત્ર આજે પણ ૫૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા આજના વડીલોના માનસ પર અંકિત થયેલું હશેજ એમ કહેવું કદાચ અસ્થાને નહીં ગણાય.

પરંતુ સમય સમય બળવાન છે 'નહી મનુષ્ય બળવાન' એ પંકિતના ન્યાયે આ અભણ પ્રજાનું માત્ર આર્થિક શોષણ કરનારો એક નાનો સર[illegible]ર્ગ ઘણા લાંબા સમય સુધી પોતાની પકડ જમાવી શકયો નથી એ આજે આપણે

જ્ઞાતિની હાલની સ્થિતિ જોતાં સારી રીતે સમજી શકીએ છીએ. કારણ કે સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે આપણે રોજી અને રોટી મેળવવા માટે સ્થળાંતર કરી અન્ય પ્રદેશોમાં જઈ વસવાટ કર્યો છે. ઉપરાંત બદલાયેલું વાતાવરણ, દેશની આઝાદીથી બદલાયેલી રાજકીય પરિસ્થિતિ તેમજ થોડા ઘણા અંશે કેળવણીના પંથે સાધેલી પ્રગતિથી પણ હું માનું છું ત્યાં સુધી સમાજનું એ રીતનું આર્થિક શોષણ ઘટયું છે. એટલું જ નહિ પણ સ્વાશ્રય, ખંત અને અધિક શ્રમના સદ્‌ગુણોથી આજે આપણે આર્થિક ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ પણ સાધી છે.

પરંતુ બીજો એક વર્ગ કે જે વટાળ પ્રવૃત્તિમાં પડેલો છે તેને આચાર વિચારોમાં પરિવર્તન કરી હિંદુ સંસ્કૃતિની વિરૂધ્ધના રાહ પર માત્ર પોતાના સ્વાર્થ ખાતરજ ચમત્કારોના નામે બિલકુલ અભણ અને અજ્ઞાન પ્રજાને દોરી ગયેલો હતો તેની પકડમાંથી સમાજનો કેટલોક વર્ગ ઘણાં વર્ષોથી છુટી ગયો છે પણ બીજો કેટલોક વર્ગ હજુ પણ એ ચીલા ચાલુ રાહ પર પડેલો છે. જો કે તેમાંથી છુટવા માટેના તેમના પ્રયાસો ચાલુ છે. પરંતુ યુવકવર્ગ જો વડીલશાહીના અંચળા હેઠળ અને મુસ્તાક નેતાગીરીના પગલે દોરાઈ જવાનું ચાલુ રાખશે તો વિધર્મીઓની સંસ્કૃતિની અસર તેઓના વિચારોમાં લાંબા સમય સુધી ઘર કરી બેસે તો નવાઈ નહીં.

ખરેખર જો જોઈએ તો જે વર્ગમાં વિધર્મી સંસ્કૃતિની અસર છે. તેમાંના યુવક વર્ગે હિંદુ સંસ્કૃતિનો સંપૂર્ણ અભ્યાસ કરી પૂર્વજો કયારથી અને શા માટે વિધર્મીઓના સકંજામાં આવ્યા છે તેનાં કારણો શોધી પોતે કોણ છે તે શોધી કાઢવું જોઈએ એક મહાન સંતપુરુષ જેને આપણે સોક્રેટીસના નામે ઓળખીએ છીએ. તેણે જેમ કહ્યું છે કે 'તું તારી જાતને ઓળખ' બરાબર એજ રીતે આત્મખોજ કરી યુવાનોએ આગળ આવવાની જરૂર છે. અને આ જાતની આત્મખોજ કર્યા પછી એમ લાગે કે પોતે ખરેખર ભારતીય સંસ્કૃતિનો અનાદર કરી રહ્યા છે તો જરૂરથી તેઓ જે વડીલો કે નેતાગીરીની બેઢંગી રફતારના રાહપર દોરાઇ રહ્યા છે તેમાંથી સ્પષ્ટ વકતા બની શકય એટલી નમ્રતા અને વિવેક બુધ્ધિથી એ વડીલશાહીને યોગ્ય માર્ગ પોતે અપનાવશેજ તેમ જણાવી દેવું જોઈએ.

આ કાર્યવાહીનો ખાસ કરીને કેળવાયેલા યુવક વર્ગ કે જે પોતે કેળવાયેલો છે. તેથી સંપૂર્ણ આત્મખોજ કરી વ્હેલામાં વ્હેલી તકે તેનો યોગ્ય માર્ગ અપનાવવા આગળ આવવું જોઈએ પણ તેઓએ બને સંસ્કૃતિઓના ખીચડારૂપ અર્ધદગ્ધ અવસ્થામાં ન જ રહેવું જોઈએ.

સુજ્ઞજનોને વિશેષ શું કહેવાનું હોય !

અસ્તુ

ધન્ય ભગિનીભાવ

પટેલ અંબાલાલ જી.
મુ. અજુપુરા (ડાકોર)

વાસુદેવ અને માધુરી આમ તો એક જ કોલેજમાં સાથે અભ્યાસ કરતાં હતાં. વળી બન્નેનાં મકાનો પણ નજીક જ હતાં પરંતુ માધુરી હતી એક શ્રીમંત પિતાની પુત્રી, જ્યારે વાસુદેવ હતો ગરીબ માનો વહાલસોયો પુત્ર

આ બેકારીના સમયમાં વાસુદેવ સ્નાતક થયેલ હોવા છતાં તેને નોકરી મળતી ન હતી. જે માએ તેને આટલો આગળ વધાર્યો તેને તે આજે સુખ આપી શકતો નથી એ વાતનું એને પારાવાર દુઃખ હતું.

એથી જતો આજે વરસતે વરસાદે. તાવ ભરેલ શરીરે તેણે 'ઇન્ટરવ્યુ" આપવા જવાનું હતું. એ આવ્યો ત્યારે સખત તાવમાં સપડાયેલો હતો.

માધુરીને બીજાં ભાઇબહેન હતાં નહી. આથી વાસુદેવને એણે ભાઈ માની લીધેલો. પરતુ શ્રીમંત માતા પિતાએ પોતાની આબરૂ માન અને મોભો જાળવવા ખાતર, માધુરીને ગરીબ વાસુદેવને ત્યાં જવાની ના કહેલી વાસુદેવ અને તેની મા, માધુરીનો સ્નેહ અને પ્રેમ સારી રીતે જાણતાં હતાં. વળી કુટુંબના દમાણની પણ તેઓને જાણ હતી અને તેથી માધુરીને તેમને ત્યાં આવવાની તેમણે ના કહેલી. અલબત્ત આગ્રહ ન રાખતાં.

જે તહેવારની માધુરી મહિનાઓથી રાહ જોતી હતી. તે રક્ષાબંધનનો તહેવાર આ જે હતો તેના હૈયામાં ભાઇને રક્ષા બાંધવાની હોંશ પણ ખૂબ જ હતી. બહેન ભાઇને અચુક આજે રક્ષા બાંધશે જ ને ? ભાઇ ભગિનીનાં નિર્મળ હૈયામાં આજનો તહેવાર એક જુદાજ પ્રેમનું ઝરણું વહેવડાવે છે. માધુરીને મન આજનો દિવસ અમૂલ્ય હતો.

વહેલી સવારે તે જલ્દી તૈયાર થઇ ફફડતા હૃદયે માત-પિતા પાસે કરગરીને રજા માંગી. પોતાની પુત્રીને આજના પવિત્ર દિને દુઃખી ન કરવી એવા વિચારથી તેને સંમતિ મળી. વાસુદેવના ઘેર જઇ બારણા પર ટકોરા મર્યા. પરતુ કોઇએ બારણું ખોલ્યું નહી. તુરતજ તેણે અખડી ગયેલા બારણાને ધક્કોમારીને ઉઘાડ્યું. અને તે અંદર ગઇ.

પ્રથમવારજ તેને ખ્યાલ આવ્યો કે કેટલા નિચાણમાં વાસુદેવનું

થોડીવાર પહેલાં પડેલા વરસાદનું પાણી ફળિયામાં ભરાઈ ગયું હતું.

ત્યાં તો સામેથીજ વાસુદેવનાં બાને આવતાં તેણે જોયાં અને તેઓ માધુરીને અચાનક જોતાં આશ્ચર્યથી બોલ્યાં. "દીકરી, આવા ગંદવાડમાં શા માટે આવી? બેટા તારા પગ બગડશે. અને તને રોગના ચેપ લાગશે." અત્યંત મિઠાશથી બોલેલા આ શબ્દો અને આવી ગરીબ નાજુક પરિસ્થતિ જોઈ તેની આંખમાં આંસુ આવ્યાં, ને તે બોલી : બા શું તમને ચેપ નહિ લાગે? અહીં આટલું પાણી ભરાય છે. તેની મને ખબર ન હતી. ઠીક, વાસુદેવભાઇ ક્યાં છે, મારે એમને રાખડી બાંધવી છે" ઉતાવળી થતી માધુરી પરસાળમાં ચાલી ગઇ, જ્યાં ખુણામાં વાસુદેવ કણસતો સૂતો હતો. એકદમ તેનો હાથ પકડીને માધુરી લગભગ રડી પડી અને બોલી : 'અરે આ શું? ભાઇને તાવ આવ્યો છે? બા મને જાણ કેમ ન કરી?" ત્યાં તો વાસુદેવ ભગિનીનો અવાજ સાંભળીને આંખો ખોલી, નરમ સ્વરે બોલી ઉઠયો." ઓહ ...માધુરી તું અહીં શા માટે આવી? આવા ગંદવાડમાં?" તે હાંફી ગયો અને પછી આંખો મીંચી દીધી.

સોનેરી દોરા વડે બાંધેલી રક્ષા એણે વાસુદેવના કાંડે બાંધી, અને વાસુદેવની આંખમાંથી પ્રેમનાં બે અશ્રુ ખરી પડયાં. બસ, આજે બહેનને આપવા માટે તેની પાસે શું હતું? ફકત પ્રેમનાં બે આંસુઓજ

તુરત જ માધુરીએ ડોકટરને બોલાવ્યા અને પ્રાથમિક ઉપચારો શરૂ કર્યાં. હવે વૃદ્ધા અવસ્થાને કારણે બાથી કાંઇ જ બનતું ન હતું. તેતી તેથીં ઘર સાફસૂફ કરી નાખ્યું. તાત્કાલિક ઉપચારોથી વાસુદેવને પણ આરામ થયો હતો. આ સમયે એ શ્રીમંત પિતાની પુત્રીએ રૂ.૧૦૦નું કવર તેના ઓશિકા નીચે દબાવ્યું અને ભારે હૈયે વિદાય લીધી.

આજે તેને આત્મ સંતોષ થયો હતો. કે રક્ષાબંધનનું પવિત્ર પર્વ તેણે સારી રીતે ઉજવ્યુ. વાસુદેવ પ્રત્યે સાચો ભગીની પ્રેમ તેણે દર્શાવ્યો એથી તે આનંદીત હતી.

વાસુદેવનું હૃદય તો ભગિનીપ્રેમથી ઉભરાતું જ હતું જ્યારે તેનાં બા સ્તબ્ધ બની ભાઈ બહેનનો પ્રેમ વાગોળતાં હતાં.

વાણીથી કહેલી
બહેન નહી.
પરંતુ
અંતરથી માનેલી
બહેન જ
સાચી બહેન છે.

ભાઇ અને બહેનના
પ્રેમને
નાત જાતના,
ધર્મ–સંપ્રદાયના
કે દેશ–વિદેશના
કોઇ વાડા કે સીમાડા
ક્યાંય નથી નડતા.

सती प्रथा

कुमारी निर्मला रामजीभाई पटेल
जबलपुर

मध्यकालिन भारत में एक भयानक प्रथा का चलन था। विधवा को विवाह न करने देने की जो विचारधारा निकल पडी थी जिसका अन्त सती प्रथा के रुप में हुआ। उसके अनुसार पति की मृत्यू के बाद पत्नी को चिता की जलती हुई धू धू आग में अपना शरीर झोंक देना पडता था। इस विषय पर अलबूनीने लिखा है :— "अगर किसी स्त्री के पति का देहान्त हो जाय तो दोबारा शादी नहीं कर शकती। उसके सम्मुख केवल दो मार्ग हैं—या तो वह आजीवन विधवा रहे विवाह न करे, या पति के साथ चिता में भस्म हो जाय।

सती प्रथा का जन्म अलबूनी से भी पहले हुआ होगा यह अनुमान लगाया जाता है। इस कालके स्मृतिकारों ने यहां तक लिखा कि अगर स्त्री पति के साथ मर जाति है तो उसका स्थान स्वर्ग में होगा और वह अपने पति तथा पिता के कुल की तीन पीढियों को तरा देगी। कुछ लोग इस शास्त्रीय विचार से तथा कुछ लोग विधवा की संपति को हडप लेने ले विचार से सती प्रथा का समर्थन करने लगे। स्त्रीयों के स्वभावमें प्रायः त्याग की भावना प्रबल होती है, अतः बहुत बार तो वे स्वयं सती हो जाती थी। बहुत बार उन्हें जबर्जस्ती भी सती किया जाता था। इस विषय में विधवा पत्नी की इच्छा या अनिच्छा का कोई बिचार नहीं किया जाता था। जो विधवा इस प्रकार जल मरने से इन्कार करती थी उसे समाज ताने देकर बुरी तरह से तंग करता था। कई बार अकीम खिलाकर विधवा को बेसुध कर दिया

जाता था। और चिता में आग दे देने के बाद अगर वह लपटों से भाग निकलना चाहती थी। तो लम्बे लम्बे बांसो से उसे चिता में धकेला जाता था इस जुल्म से बचने के लिये प्रायः प्रत्येक हिन्दु स्त्री अपने पति की मृत्यु के उपरान्त सती हो जाना अच्छा समझती थी। इस बात को लेकर मुसलमान बादशाहों ने विशेषकर मुहम्मद तुगलक और अकबर ने इस प्रथा को बंद करने का प्रयत्न किया परन्तु उन्हें सफलता नहीं मिली।

अंग्रेजो के राज में यह प्रश्न बडे जोर से उठा। उस समय के गवर्नर जनरल लार्ड विलियम बेंटिक ने ८ नवम्बर १८२९ के अपने रुक नोट में लिखा :—"हर साल सैकडों निरपराध अबलाओं को आग की लपटों की भेंट होते देखना और ऐसा तब होना जब हम इस प्रथा को कानून से बंद कर सकते है। मेरी अन्तरात्मा को दारुण व्यथा पहुँचाता है परन्तु यहां के लोग कहते है कि अगर इस प्रथा को बंद करने में राज्य ने हस्तक्षेप किया, तो विद्रोह हो जायेगा, ब्रिटीस शासन की जडे हिल जायेंगी। यह सोच कर इस प्रथा को कानून द्वारा बन्द कर देने की भी हिम्मत नहीं होती।" लार्ड बेंटिक का कहना था कि सिर्फ उसके शासन काल में केवल बंगाल में ८०० सती हुई। इस संबंध में प्रसिद्ध हिन्दु समाज सुधारक राजा राममोहन राय ने बडा आंदोलन किया। १८११ में उनकी भाभी को जबर्जस्ती सती किया गया था इसका दारुण दृश्य हर समय उनकी आंखों के सामने नाचा करता था। अंत में उन्होंने निश्चय कर लिया कि वे इस प्रथा का अंत करा कर छोडेंगे। सती प्रथाको बन्द न करने के लिए कट्टर पंथियो ने बहुत से हस्ताक्षर कराकर एक आवेदन पत्र भेजा राजा राममोहनरायने इन कट्टर पंथियों का जबर्जस्त उत्तर लिखा और सिद्ध किया कि सती प्रथा शास्त्रों के अनुसार कोई धार्मिक प्रथा न होकर बर्बरता तथा नरहत्या है। राजा राममोहनरायने गवर्नर जनरल से इस प्रथाको बंध कर देनेकी प्रार्थना की। बेंटिक भी यही चाहता था। परन्तु उसे डर था कि इस धार्मिक प्रथामें हस्तक्षेप करने से हिन्दु बिगड न पडे। अंत में काफी सोच विचार कर उसने समाज सुधारकोंका कहना मान लिया और ४ दिसम्बर १८२९ को रेग्यूलेशन १७ के अनुसार लार्ड बेंटिक ने विधवा को सती करना या विधवाका सती होना गेरकानूनी घोषित कर दिया तब से सती प्रथा बंद है। ★

સમાજનું કલંક

લેખક : રતીલાલ દેવસીભાઈ પટેલ
"વિલયી"
અ મ દા વા દ.

વિષયની રજુઆત કરતાં પહેલાં જ સ્પષ્ટતા કરવી જરૂરી બને છે કે મારા લખાણમાં કોઇના પ્રત્યે જરા સરખોય પક્ષપાત કે દ્વેષભાવ રાખ્યા વિના સંપૂર્ણ-પણે તટસ્થતાપૂર્વક "શુ હોવું જોઇએ"નો ચિતાર આપ્યો છે. તો આપ પણ એટલી જ તટસ્થતાથી વાંચી આચરણમાં મુકશો. સત્ય રજુ કરવામાં ટીકા કરવી પડે તો એ ટીકા ટીકા નહીં પણ માર્ગ-દર્શક કહેવાય છે. અને જો ટીકા માનવ-જીવન માટે પથદર્શક બની રહેતી હોય તો તેનાથી વધુ સારું શું હોઇ શકે! એટલું ચોકકસ છે કે સત્ય બધાંને આકરૂં લાગે છે, કારણ કે સત્ય છે ને એટલે!

મેં મારા લખાણમાં પીરાણાપંથી ભાઈઓને ઉદ્દેશીને કહયું છે તો એ ભાઇઓને મારી નમ્ર વિનંતિ છે કે તેઓ માત્ર ટીકાની દ્રષ્ટિએ ન જોતાં સત્ય અસત્યની તારવણી કરે. હું પોતે પણ માનું છું કે જે ધર્મ આપણે પાળતા ન હોઇએ તો તે ધર્મ પ્રત્યે નફરતની નજરે જોઇ દ્વેષભાવ રાખી હાંસી ઉડાવવી જોઇએ નહીં, પરંતુ સારાંનરસાંનો ખ્યાલ જરૂર આપવો જોઇએ. કારણ કે ધર્મ પર તો સંસ્કૃતિ ખટકાઈ છે. માનવજાતની રહેણી કરણી, આચારવિચાર ધર્મ પર અવલંબે છે.

આપણા સમાજમાં ધર્મ અંગે બે મત પ્રવર્તે છે. સમાજનો વિશાળ વર્ગ હિંદુધર્મ પાળતો સનાતન વર્ગના નામે ઓળખાય છે. જયારે બાકીનો નાનો વર્ગ અર્ધ હિન્દુ–અર્ધ મુસ્લીમ અવસ્થામાં રીબાતો સતપંથી કહેવાય છે. સમાજના ધર્મની દ્રષ્ટિએ પડેલા વર્ગો વચ્ચે વિચારસરણી તેમ જ આચારવિચારના ધોરણે હજુ યે સમન્વય સધાયો નથી!, જે ખરેખર દુઃખદ બીના છે જે સમા-જની શોભાને હીણપત આપનારી છે.

ધર્મ બાબતમાં એક પીરાણાપંથી ભાઇ સાથે ચર્ચા કરવાનો મોકો મળ્યો. મેં ભાઇને કહયું. ચર્ચામાં ઉતરતાં પહેલાં આપણે બંને કોણ છીએ તે નકકી કરીએ. હિન્દુ છીએ કે મુસ્લીમ છીએ? મારા આ સવાલથી ભાઈ ખચ-કાયા. તેઓએ હિંદુપણાનો સ્વીકાર કર્યો. ત્યારે મેં પણ એક વધુ દલીલ કરી. આપણામાં લોહી કોનું? હિન્દુનું કે મુસ્લિમનું આપણા પૂર્વજો કોણ?

જો આપણે ધર્મને "કાંઇક" નામ

જ આપવા માગતા હોઈએ તો આપણે હિન્દુ છીએ તો હિંદુધર્મ પાળવો જોઇએ હિન્દુધર્મને આધીન રહેવું જોઇએ. મને

સમજાતું નથી કે શા માટે અર્ધહિન્દુ અર્ધમુસ્લીમ અવસ્થા ભોગવીએ છીએ. દુનીયામાં ધર્મના નામે કેટલાંય યુદ્ધો થયાં છે પરંતુ એટલું ચોકકસ છે કે સત્યના સૂર્યપ્રકાશમાં અસત્યને ગમે ત્યારે ય છતું થવું પડે છે એમાં કોઇછુટકો નથી.

વયમાં અને જ્ઞાનમાં આપના કરતાં હું ઘણો અનુજ છું. સંભવ છે મારું જ્ઞાન મર્યાદિત હોય છતાં પણ હું મારી સમજ પ્રમાણે જે ચિત્ર રજુ કરવા માગું છું તે સર્વસામાન્ય સ્વીકાર્ય ગણી શકાય. અન્ય વ્યકિતની પણ એ સમજ હોઇ શકે કદાચ આપ પણ મારી સાથે સહમત થાઓ તો નવાઇ નહીં !

એક સમજવા જેવી વાત છે કે જો આપ સંપૂર્ણપણે મુસ્લિમ હોત તો અમારે કશુંજ કહેવાનું નથી. મુસ્લિમને કહેવા પણ ન જાત. પરંતુ આપ એક હિન્દુ છો અને હિન્દુ જ રહેશો. તેમાંય આપ એક જ્ઞાતિભાઈ હોવાના કારણે અમારા દિલનો બળાપો ઠાલવતાં કહેવું પડે છે કે એક હિન્દુને છાજે તેમ રહો કુમાર્ગે જઇ રહેલા ભાઇને એક ભાઇ ગુમરાહ બનતાં બચાવવા માગે છે.

ઘણા વરસોથી પીરાણાપંથી ભાઇઓમાં ધર્મપરિવર્તન થાય તે દ્રષ્ટિએ અમો રાહ જોઇ રહ્યા છીએ. અને એ શુભદિવસની રાહ જોવાય છે કે ભાઇઓ સાચા માર્ગ પર આવી જ્ઞાતિ ઉત્કર્ષ કરે. એક વધુ બળ પુનઃ એકઠું થાય આવી સમગ્ર સ્થિતિ સર્જવામાં આપના અજ્ઞાન માનસ અને અન્ય પ્રલોભનો આપી ફાયદો ઉઠાવ્યો છે, સમયે અને અજ્ઞાન માનસે જ મોટામાં મોટો ભાગ ભજવ્યો છે પહેલાં સમસ્ત સમાજ થોડે ઘણે અંશે સપડાઇ હતી. પરંતુ કહેવાય છે કે જયારે અધર્મનો અંત આવવાનો હોય છે ત્યારે કોઈ ન કોઇ દેવ માનવ સ્વરૂપે અવતાર ધારણ કરે છે તેમ આપણા સમજમાં પણ સ્વ.શ્રી નારાયણ રામજીભાઇનો જન્મ થયો. એમના અથાગ પુરૂષાર્થ અને જ્ઞાતિપ્રત્યેની સદ્દભાવનાના કારણે સમાજના વિશાળ વર્ગને એવી અધમતમાંથી ઉગારી લીધો.

તા. ૨–૬–૭૨ ના રોજ ધનસુરામાં મળેલ મીટીંગમાં પંદરેક ભાઇઓએ પ્રવચન કર્યાં હતાં. બધાંય પ્રવચનોનું વિશ્લેષણ કરતાં એક વાત જરૂર તરી આવતી હતી. કોઇનાય પ્રવચનમાં બનાવટ ન હતી, કૃત્રિમતા ન હતી. માત્ર દિલનો બળાપો હતો. હૃદયના ઉંડાણમાં પથરાયેલી જ્ઞાતિ પ્રત્યેની ઉત્કૃષ્ટ આત્મ-સંવેદના હતી.

પ્રવચનમાં એક ભાઇએ સંપૂર્ણપણે સબંધ તોડી નાખવાની વાત કરી તો તે બાબતમાં મારો અંગત મત એ છે કે જો આપણે એમ કરશું તો જ્ઞાતિનું ગૌરવ હણાશે. સમસ્ત ભારતમાં આપણા સમાજની જે ઈજ્જત, માન, મોભો છે તે લાંછનના ખપ્પરમાં હોમાઇ જશે.

Completely cut-off ties with Satpanthis

જ્ઞાતિબળ પણ ઘટી જશે. હા, જો માત્ર વિવાદ જ રહેવાનો હોય તો પછી સંબંધનો અંત લાવવો જ યોગ્ય અને સારો લેખાશે પરંતુ આમ કરતાં પહેલાં સમજાવટથી રાહ કાઢવો વધુ ડહાપણભર્યું ગણાશે. તો પીરાણાપંથી ભાઈઓ સમજે એવી આશા રાખું તો ખોટું તો નથીજ.

આપ આજઓછા પ્રમાણમાં સપડાયા છો પરંતુ પાંચ–પચ્ચીસ વરસે હિન્દુ કહેવડાવવાને લાયક રહેશો નહીં તો તેવી દયનીય પરિસ્થિતિ પેદા ન થાય તેનાથી સંભાળવું પડશે નહી તો કાળ જવાબ આપશે.

હમણાં સુધી થયેલી ભૂલનું મુલ્યાંકન કરવાની જરૂર છે. યોગ્યતા, અયોગ્યતા તપાસવી જોઇએ. નીતિધર્મનું અર્થઘટક સચોટપૂર્વક થવું ઘટે ફરીથી એ ભુલનું પુનરાવર્તન ન થાય તેની સંભાળ રાખવી આવશ્યક છે. ભૂતકાળમાં થયેલી ભૂલનું પુનરાવતન હજુયે ચાલુ રાખશું તો "આવનારી પ્રજા કદી માફ નહી કરે. ઇતિહાસનાં પાનાં કાળાં લોહીથી લખાશે. સમાજનું "શ્રેષ્ઠ પ્રતિષ્ઠિત" કલંક કદી ભુસાશે નહીં.

સમગ્ર માનવ જાતની હસ્તિ મીટાવી દો અને પછી ઇશ્વરનું સ્થાન ક્યાં અને કેટલે હશે તેનો વિચાર કરશો તો આપણને જાણવા મળશે કે માનવે જ ઇશ્વરને "દેવસ્વરૂપ" આપ્યું છે. આ રૂપ આપવા પાછળ તેનામાં રહેલી ધર્મ ભાવના છે. તો આપણે એ ધર્મભાવનાના રૂપને વિકૃતિના વાઘા ન પહેરાવીએ તો ઘણું સારું !

આજ માનવી ચંદ્ર પર જઇ આવ્યો છે ત્યારે આપણે ધર્મના વિવાદમાં ઉતરવા કરતાં આપણે બધા ફરી વાર એક થઈ પ્રગતિના સોપાન સર કરી ભાવી તેજોમય બનાવવાની કસર કસીએ.

આશ્ચર્ય જનક અને દુઃખદ બીના એ છે કે ભણેલો વર્ગ પણ વડીલોના રાહ પાછળ ખેંચાયે જાય છે. આ અંગે એક ભાઇએ દલીલ કરતાં વડીલોનો વાંક કાઢ્યો ત્યારે મેં કહ્યું 'મા–બાપ ભલે એમનો ધર્મ પાળે, તેઓના રાહની આડે ન આવશો. તેઓ જેમ કરતાં હોય તેમ કરવા દો પરંતુ તમારે શું કરવું જોઇએ અને શું હોવું જોઇએ તેનો વિચાર કરો. આની અસર 'આવનારી પ્રજા" પર પડશે. ભાવિ પ્રજા સંપૂર્ણ હિન્દુ કહેવાશે.

Old parents were allowed to practice Satpanth

બંગલા દેશમાં સર્જાયેલી શેતાનનેય શરમાવે તેવી હેવાનિયતનું મૂલ્યાંકન કરતાં આપણને જાણવા મળે છે કે ત્રીસ ત્રીસ લાખ માનવીની કતલ કરનાર કોણ હતા ? એક મુસ્લીમ હતો. એક દિવસ જેને પોતાનો ભાઇ કહેતો હતો એ ભાઇએ ત્રીસ લાખ માનવીને મોતની 'નવાજેશ" ધરી. ત્યારે એક હિન્દુ રાષ્ટ્રે બંગલા દેશની પડખે ઉભા રહી સ્વતંત્રતાની ભેટ ધરી. આ ઉપરથી આપણને બોધ પાઠ લેવાની જરૂર છે કે જે માનવીએ પોતાની કોમનીયે શરમ ન રાખી તે તમારી શું રાખશે ! તેનો આપ વિચાર કરી જોશો.

અન્ય હિન્દુ જ્ઞાતિ આપણાંથી દૂરી રાખતા અને કણબીના ઘરનું પાણી પણ ન પીતા.

પીરાણાપંથી કુટુંબ પ્રત્યે ગામના અન્ય જાતિનાં કુટુંબો પણ માનની નજરે જોતાં નથી. એટલું જ નહીં પણ મારા ખ્યાલ મુજબ ગામનો કોઇ કોળી, ચમાર કદી પીરાણાપંથી કુટુંબના ઘરનું પાણી સુદ્ધાં પીતાં અચકાય તો આજ કારણથી સનાતન કુટુંબને પણ પ્રથમવાર અજાણતામાં શંકાની નજરે જોતાં હોય છે. એટલે સનાતની કુટુંબને માનહાની લાગે છે. આપણા સમસ્ત સમાજની અન્ય કોમો પર કેવી છાપ પડે ? તેનો કદી આપણે વિચાર કર્યો છે ? ભાવિ અસરના પ્રત્યાઘાતોનું પૃથ્થકરણ કદી કર્યું છે. જો ગામનો કોળી ચમારે ય આપણા ઘરનું પાણી પીતો ન હોય તો એક વાત સ્પષ્ટ ફલિત થાય છે કે આપણામાં "કાંઇક" અવગુણ હોવો જોઇએ. તમો "તમારા પણાં" માંથી નીચે ઉતરી ગયા છો.

પીરાણાપંથના સંચાલકોએ ખુબજ યુકિત પૂર્વક કપટસહ આપણા ભાઇઓને અગ્રીમ સ્થાન આપ્યુ છે. તેનું કારણ એ છે કે આગળ પડતું સ્થાન મેળવનાર ભાઈ બીજા પાંચ પચીસ કુટુંબોને લલચાવીને પીરાણાપંથી બનાવી દે એ વાત આપણું અજ્ઞાન માનસ જલ્દી સમજી શકે તેમ નથી. અને તેનો ફાયદો સારી રીતે ઉઠાવી જાણ્યો છે. હું તો એટલું જ કહીશ કે ભૂલથી આપે અપનાવેલ માર્ગની જો ભવિષ્યમાં આપના બાળકોની સામે આંગળી ચીંધાતી હોય તો એ ખરેખર દુઃખદ બીના કહી શકાય.

આજે સમસ્ત ભારતમાં હિન્દુ ધર્મનો વિકાસ જોઇએ તે પ્રમાણે થયો નથી પરંતુ જ્યારે સંપૂર્ણ વિકાસ થઈ જશે ત્યારે આપ કયાં અને કેટલે હશો એ વિચાર ભયાનક ચિત્ર ઉભું કરે છે. ઘણાય ભાઇઓ ધર્મપલટો કરવા માંગતા હશે પરંતુ તેઓના મનમાં સંશય રહેલો છે. અજાણ્યો ડર તેઓની હિંમતને નકામી બનાવી દે છે જેના કારણે ધર્મપલટો કરવા માગે છે છતાંય તેમ કરી શકે તેમ નથી કારણો એ પણ હોઇ શકે.

સ્થાનપ્રાપ્તિના કારણે મળતા અનૈતિક લાભ ધર્મપલટો કર્યા બાદ સદંતર બંધ થઈ જાય. તેથી પોતાનું જીવન અંધકારમય બની રહે.

ધર્માંતર કર્યા બાદ પોતાનું સ્થાન "પગનાં પગરખાં" આગળ રહેતો તેવું નામોશીભર્યું જીવન જીવવાનું કોઇ પસંદ કરે નહીં.

સનાતની ભાઇઓ આદરણીય દ્રષ્ટિએ ન જુએ તો ધર્મપલટો કર્યા બાદ આખુ જીવન નામોશી ભર્યું જીવવું પડે તો ?

પરંતુ આ ડર રાખવાની જરૂર નથી સનાતન સમાજ તેઓને સંપૂર્ણપણે માનસહિત આવકારશે. બધાને સમાન ગણીએ છીએ. એટલું જસ્પસ્ટ છે કે તમોને કદી પરાયા માન્યા હોત તો

કદી દિલનો બળાપો ન ઠાલવત આપ સમાજના સભ્ય છો ને રહેશો. એમાં શંકા રાખવી અસ્થાને છે પ્રત્યેક સનાતની માનપૂર્વક બોલાવશે હું તો સનાતન સમાજના આગેવાનોને વિનંતી કરૂ છું કે ધર્મપલટો કરનાર વ્યકિતઓનું સંપૂર્ણ માન સાચવવું પડશે અને તેના માટે તૈયાર રહેવાનું છે જવાબદારી નભાવવી પડશે.

હું આશા રાખુ છું કે પીરાણાપંથી ભાઇઓ મારૂ લખાણ તટસ્થતા પૂર્વક વાંચે અને યોગ્ય લાગે તો પોતાના ગૃહ ઉદયની તૈયારી કરે. રાહ જોઇ રહેલા નવપ્રભાતને ઉમળકાભેર આવકારે.

'તમે જાણો છો' ?

પટેલ નારણભાઇ એસ. પટેલ
માઢવાકંપા.

૧ પૃથ્વીનું વજન ૬૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ અર્બ ટન છે.
૨ સુર્યનું કદ પૃથ્વીથી ૧૩ાા લાખ ગણું છે.
૩ ચંદ્રથી પૃથ્વીનું અંતર ૯ કરોડ ૨૯ માઇલનું છે.
૪ સુર્યને ફરતે પૃથ્વી સેકન્ડમાં ૧૮ાા લાખ માઇલની ઝડપથી ફરે છે, અને સુર્ય બ્રહ્માન્ડની ધરીને એક સેકન્ડમાં ૧૪૦ માઇલની ઝડપથી ફરે છે.
૫ પૃથ્વી ઉપર ૭૦% પાણી અને ૩૦% જમીનનો સમાવેશ થાય છે.
૬ પૃથ્વીના પોપડાનું દળ ૫૦ માઇલ જેટલું જાડું છે.
૭ પૃથ્વીની અંદર જેમ જેમ ઊંડે જઈએ તેમ તેમ દર ૫૦ ફુટે ૧ સે. ગ્રેડ ગરમી વધે છે.
૮ પૃથ્વીની ઉપર ૧૦૦ જેટલા પદાર્થો શોધાયા છે ૬૦ જેટલા પદાર્થો સૂર્યમાં માલુમ પડે છે.
૯ વૈજ્ઞાનિક સામ્યવાદી સરમુખત્યારોમાં 'યુગોસ્લોવેકીયા' મોટું છે.
૧૦ વિજ્ઞાનમાં જર્મની મોટું છે.
૧૧ ચંદ્રનો વ્યાસ ૨૧૬૦ માઇલનો છે.

૧૨ સીલીકોનમાં સ્ફટિકોની એક ચોરસવારની તકતી પર જેટલા સુર્યના કિરણો પડે તેમાંથી ૧૧% વિજળીમાં ફેરવાઈ જાય છે અને ૧૨૦ વૉટ વિજળી ઉત્પન્ન કરે છે.

૧૩ રશિયન વૈજ્ઞાનિકોએ પદાર્થનું ચોથું સ્વરૂપ પ્રકાશ જેવું પ્લાઝ્મા નામનું શોધી કાઢયું છે. જેમાંથી આખું વિશ્વ બનેલું છે.

૧૪ રશિયાએ અણુશક્તિ વડે ૧ વર્ષ સુધી વગર બળતણે અને બરફ પર પ્રવાસ કરે તેવી સ્ટીમર બનાવી હતી.

૧૫ રશિયાએ એક એવા યંત્રની શોધ કરી છે જે શરીરના તમામ થાકને ઉતારી શરીરમાં જમા થયેલ બધાજ ઝેર નાબુદ કરી નાંખે છે. આથી માણસને ઊંઘવાના આરામની ફક્ત ૨ કલાકની જરૂર રહે.

૧૬ રશિયાએ આખમાંથી સીમેન્ટ બનાવવાનું શોધ્યું છે ૧ રતલ પેટ્રોલના સ્ફોટનું માપ શોધ્યું છે. ૧ રતલ પેટ્રોલ ૨૦૦• ફુટ ઘન હવાને સ્ફોટક બનાવે છે.

૧૭ સૂર્યનો વ્યાસ ૮૬૬૦૦૦ માઇલનો છે.

૧૮ સૂર્યની સપાટીનું ઉષ્ણતામાન ૧૧૦૦૦ ફેરનહીટ જેટલુ છે.

૧૯ સૂર્યનું વજન પૃથ્વીના વજન કરતાં ૩,૩૨,૦૦૦ વધારે છે.

૨૦ અમેરિકન માનવી ચંદ્ર ઉપર ઇ. સ. ૧૯૬૯ ના ૨૧ મી જુલાઇ ના રોજ ઉતર્યો.

*
* *
*

ભારતના ધાર્મિક ઇતિહાસનો ટૂંકસાર (ગતાંકથી ચાલુ)

સંકલન : શ્રી સામજીભાઇ એસ. પટેલ
વડોદરા.

૨ : બ્રાહ્મણ કાળ

ઇ. સ. પૂ. ૩૧૩૭માં મહાભારતનું ભયંકર યુદ્ધ થયુ હતું. ત્યારે તેમાં મહાન વિદ્વાનો, રાજા, મહારાજાઓ અને ઋષિમુનીઓ ખપી ગયા હતા. જેથી વિદ્યા અને વેદોક્ત કર્મોનો પ્રચાર કમી થતાં માંહો માંહે ઇર્ષા, દ્વેષ અને અભિમાન રૂપી અગ્નિ સળગ્યો હતો. બ્રાહ્મણોને રાજ્યાશ્રય મળતો હતો તે બંધ થયો. જેથી તેમને પોતાની પ્રાચીન વિદ્યા ભણવા ભણાવવાનું અને ઉપદેશ આપવાનું પડતું મુકી પોતાનું ગુજ-

રાન ચલાવવાની રીત શોધવાની ફરજ પડી. સમય જતાં વેદ મંત્રોના અતિ ગહન અર્થો નં સમજવાથી કે પોતાના સ્વાર્થ ખાતર ફેરવી પોતાનો સ્વાર્થ સિદ્ધ થાય તેવા અર્થ કરી પ્રજાને સમજાવવા લાગ્યા. અને બ્રાહ્મણ સિવાયના વર્ગને વેદવિદ્યા શીખવાનો અધિકાર નથી. વિગેરે સમજાવી અજ્ઞાન રાખ્યા.

આ રીતે અશાંતિના પ્રભાવે અને સાચા શિક્ષણના અભાવે લોકોમાં દુર્ગુણો આવ્યા વેદ આજ્ઞા પ્રમાણેની ગુણ, કર્મ અને સ્વભાવ પ્રમાણેની વર્ણવ્યવસ્થા તુટી, અને જન્મ પ્રત્યે જાતિ મનાઇ. બ્રાહ્મણો પરમાત્માના મુખમાંથી, ક્ષત્રિઓ બાહુમાંથી વૈશ્યો ઉદરમાંથી અને શુદ્રો પગમાંથી ઉત્પન્ન થયા છે માટે બ્રાહ્મણો પરમાત્માનું મુખ છે તેથી તેનીજ વાણી સાચી માનવી. વગેરે પ્રચાર શરૂ થયો. અને શ્રાધ્ધ, તર્પણ વિગેરે શરૂ કરાવ્યાં અને રાક્ષસ કુપોત્પન્ન બની બેઠેલા બ્રાહ્મણોએ યજ્ઞ અને શ્રાધ્ધના નિમિતે ગાય, બકરાં, મેઢાં દેડકાં, અશ્વ ઉપરાંત મનુષ્યોનો પણ વધ કરી યજ્ઞમાં હોમવા સુધીનો રીવાજ શરૂ કરી દીધો.

આવા વેદ આજ્ઞા વિરૂદ્ધના રીવાજોથી વિચારવાન લોકો કંટાળી ગયા હતા. આ સમયનો લાભ લઇ બૃહસ્પતિ નામના જ્ઞાતિ બહિષ્કાર પામેલા બ્રાહ્મણે ચાર્વાક નામના શખ્સને નવો ધર્મ સ્થાપવા ઉશ્કેર્યો.

આ અશાંતિના સમયમાં બ્રાહ્મણો કહે તેજ ધર્મ એવી પ્રજાની માન્યતા હતી તેથી વેદ ધર્મનું સ્વરૂપ બદલાઇને જે નવું સ્વરૂપ ચાલતું હતું તેને બ્રાહ્મણધર્મ અથવા બ્રાહ્મણ કાળથી જ ઓળખાતો હતો.

૩ : ચાર્વાક મત

બૃહસ્પતિ નામના બ્રાહ્મણને કંઇક કારણોથી ાતિ બહીષ્કાર કર્યો હતો તેથી તેણે ક્રોધે ભરાઇ બ્રાહ્મણોની સત્તા તોડવા માટે ચાર્વાકને ઉશ્કેરી તેની મદદથી લોકાયતિક નામનો ધર્મ ચલાવવા પ્રયત્ન કર્યો, તેણે લોકોને સમજાવ્યો કે સૃષ્ટીના કર્તા કોઇ છે જ નહિ. પૃથ્વી, વાયુ, તેજ અને પાણી એ ચારે તત્ત્વો પ્રત્યક્ષ જણાય છે પુનર્જન્મ જેવું કાંઇ નથી. મુઆ એનું નામ જ મોક્ષ. આ જગમાં સુખ ભોગવવાં એજ સ્વર્ગ, અને દુઃખ વેઠવું એજ નર્ક છે. વગેરે જણાવી ધર્મ કર્માદિથી તદ્દન વિરૂદ્ધ સ્વેચ્છાચારને ઉત્તેજક બોધ આપી પોતાના ધર્મનો ફેલાવો કરવા પ્રયત્ન કર્યો. પરંતુ ચીરકાળથી પુનર્જન્મમાં ને મોક્ષની ભાવનામાં ઉછરેલી આસ્તિક આર્ય પ્રજાને આ ધર્મ યોગ્ય લાગ્યો જ નહિ. તેથી તેમના ધર્મમાં વધુ લોકો દાખલ થયા નહિ. અને તેથી બ્રાહ્મણ ધર્મનું પ્રાબલ્ય જેવું ને તેવું કાયમ રહેવા પામ્યું હતું.

(વધુ આવતા અંકે)

"જાગો દેશ વાસીઓ"

સંપાદક: ચુનીલાલ એસ. પટેલ
હિંમતનગરક પો.

ઋષિ મુનિઓનો આ ભારત દેશ હજારો વર્ષોથી જ્ઞાન સંસ્કૃતિ, ધર્મ અને સભ્યતાનો પ્રકાશ આખી દુનિયામાં ઉદાર હૃદયથી ફેલાવી રહ્યો છે અને ફેલાવતો રહેશે.

અંગ્રેજોના આગમનની સાથે ભારતને ખ્રિસ્તીદેશ બનાવવાના ષડયંત્રનો પ્રારંભ થયો પરંતુ રાષ્ટ્રના સૌભાગ્યથી યુગ વિધાયક મહર્ષિ દયાનંદ સરસ્વતી રામકૃષ્ણ પરમહંસ સ્વામીવિવેકાનંદ જેવા સંતોએ અડગ બનીને ભારતીયતાની રક્ષા કરી અને ખ્રિસ્તી પાદરીઓની ઝેરીલી લહેરો સત્યના અડગ પર્વતની સાથે અથડાઈને સમાપ્ત થઇ ગઇ.

પરન્તુ આજે ભારતના દુર્ભાગ્યથી સ્વતંત્ર ભારતમાં દુનિયાના અનેક દેશોની પ્રેરણા પ્રાપ્ત કરીને હજારો વિદેશી ખ્રિસ્તી પાદરીઓ ભારત આવી પહોંચ્યા છે. અપાર ધનબળથી તઓએ રામ–કૃષ્ણની પાવન ભૂમિને ઇસુનું સ્થાન બનાવવાની યોજના બનાવી છે કેરળ, ઓરિસ્સા ગોવા, આસામ અને છોટા નાગપુરના પ્રદેશોને પોતાના પ્રભાવમાં લાવવાની જાળ ફેલાવી છે અપાર ધનથી તેઓ હરિજનો અને આદિવાસીઓને જમીન, સ્ત્રી, નોકરી વગેરેની લાલચો આપીને ખ્રિસ્તી બનાવી રહ્યા છે.

વિદેશી ખ્રિસ્તી પાદરીઓ ભારતમાં આવીને ઉપદેશ આપે છે કે તમારા ગાલ પર કોઇ એક તમાચો મારે તો તમારે બીજો ગાલ ધરી દેવો પરંતુ આજે યુરોપ, અમેરિકાના ખ્રિસ્તી દેશો યુદ્ધની તૈયારીઓ કરી રહ્યા છે. વિયેટનામના યુદ્ધમાં અમેરિકાએ હજારો નિર્દોષ વિયેટનામ વાસીઓનો સંહાર કર્યો છે. તેઓ એટમબોંબ અને હાઇડ્રોજન બોંબથી પણ વિનાશક શસ્ત્રો બનાવીને દુનિયાને સર્વનાશના માર્ગે નોતરી રહ્યા છે પરંતુ અમેરિકા અને યુરોપમાં રહેવાવાળા ખ્રિસ્તી પાદરીઓ ભારત આવીને તમાચો ખાવાનો ઉપદેશ આપવામાં કયો હેતુ રાખે છે જેને માટે કરોડો ડોલરોનો ખર્ચ કરે છે આ બધું દયાને વસ થઇને કે ભારતને ઉંચુ લાવવા માટેનો ખર્ચ નથી પરંતુ તેમાં ભારતની શકિતને જડમૂળથી ઉખેડીને એશિયાના સામ્રાજ્યવાદની ચુંગાલમાં ફરીથી ફસાવવાની ભાવના કામ કરી રહી છે.

માટે દેશ વાસીઓ જાગો આપણી સરકૃતિને બચાવવા માટે વિદેશી ખ્રિસ્તી પાદરીઓનાં ષડયંત્ર નિષ્ફળ બનાવો અને ખ્રિસ્તીઓની ચુંગાલમાંથી દેશ-વાસીઓને છોડાવો; ભારતને ખ્રિસ્તી પાદરીઓના પંજામાંથી મુકત કરી અને દેશના ભાગલા પડતા અટકાવો. ★

"સનાતન ભાઈઓ આટલું તો હવે જરૂર કરી શકો."

સામજીભાઈ એસ. પટેલ
વડોદરા.

આપણા સમાજમાં "સનાતન" અને "સતપંથ" એમ મુખ્યત્વે બે પંથ છે. તેમાં સંસ્કૃતિની દ્રષ્ટિએ જોતાં બંને વચ્ચે ઘણો બધો તફાવત રહેલો છે. એકમાં જ્યારે 'ભારતની આર્ય સંસ્કૃતિ મુજબ ધર્મ ક્રિયા–કાંડ થતાં હોય છે. જ્યારે બીજો 'આરબી સંસ્કૃતિ તરફ ઢળેલો છે. આમ આ બંનેમાં તત્વની દ્રષ્ટિએ જોતાં ઘણું બધું અંતર રહેલું છે. આમ છતાં સનાતની ભાઈઓની સહિષ્ણુતાથી બંને વચ્ચેનો સામાજિક વહેવાર અત્યાર સુધી નભી રહ્યો છે.

આરબી–સતપંથ સંસ્કૃતિમાં જકડાએલાઓને મુકત કરવા આપણા પૂર્વજોએ ખૂબ મથામણ કરી છે તેમાં ઠીક સફળતા મળી છે. ત્યાર પછી સંજોગોવસાત તેનો પ્રચાર બંધ પડી જવાથી તેની પ્રગતિ થતી અટકી ગઇ અને જે અંતર રહી ગયું તેનાથી આજ દીવસ સુધી અરસ પરસ ઘર્ષણો થયા કરે છે. બંને વચ્ચે મહત્વ પૂર્ણ અંતરાય રૂપ હોય તો "મૃતદેહને અતિમ સંસ્કાર વિધિ" કરવા બાબત છે.

એક રીતે જોઇએ તો હીંદુ સંસ્કૃતિથી વિરૂધ્ધ થતી 'દફન ક્રિયા" એ કંઈ સતપંથ સંપ્રદાયનો મુળ સિધ્ધાંત નથી. પણ રૂઢીચુસ્તોનો એ પંથના યોજકો પ્રત્યેના વધુ પડતા મોહ તથા લાલચથી ઠોકી બેસાડેલો એક રીવાજ છે. અને

આમ પણ એ સંપ્રદાયવાળા (ગુજરાત કે કચ્છના ગામડા સીવાય) શહેરોમાં વસનારા બધા હિંદુ રિવાજ મુજબ અગ્નિ સંસ્કાર કરતા હોય છે તેથી તે સિધ્ધ થાય છે.

જ્ઞાતિ કરતાં વધુ પ્રેમ સતપંથ સાથે

સતપંથીઓને પોતાના જ્ઞાતિ બંધુ કે કુટુંબીજનો કરતાં પણ સતપંથી પ્રત્યે વધારે પ્રેમ અને આકર્ષણ હોય છે. એટલું નહિ પણ પોતાનું અલગ વર્ચસ્વ જમાવવા તેઓ તત્પર અને કટીબંધ્ધ છે. અને રજીસ્ટર થયેલી સંયુકત સ્થાવર જંગમ મિલ્કતને પોતાના સતપંથ ના નામે ફેરવી લેવા ચેરીટી કમીશ્નર સુધી દાવ પેચ ખેલાય છે. અને સનાતનીઓથી સતપંથીઓ દરેક રીતે અલગ હોવાનો દાવો કરે છે. તો પછી સનાતની ભાઇઓની એકલાની સહિષ્ણુતાથી કયાં સુધી એકતા ટકવાની!

એકતાની આડમાં સતપંથી મિલકત પચાવી પડતા. સતપંથીઓ સાથે ક્યાં સુધી એકતા ટકાવી?

ગુજરાતમાં આ અંગે સનાતન યુવક મંડળે સનાતનીઓની વસ્તી ગણત્રી તથા તેની સાથે સનાતન સિધ્ધાંતનું ચુસ્તપણે પાલન કરવા બાબતના પ્રયાસો શરૂ કરી દીધા છે. પરંતુ આ બાબત સમગ્ર પાટીદાર સમાજને સ્પર્શતી હોઇ તે અંગે અખિલ ભારતીય ધોરણે સંગઠિત રીતે પ્રયાસો થવા જોઇએ.

તે દરમિયાન "સનાતની ભાઇઓ આટલું તો હવે જરૂર કરી શકે" કે પોતાનાં સંતાનોનાં સગપણ કરતી વખતે વિચાર કરે કે જેમાં જન્મથીજ હિંદુ સનાતન સંસ્કૃતિના સસ્કારો રેડાએલા છે. તેઓની પોતાની ધાર્મિક ભાવના અને સંસ્કૃતિ સ્વતંત્ર રીતે જળવાઇ રહે તે હેતુ ધ્યાનમાં લઈ તેઓના સગપણ કરતી વેળા જરા હવે વિચાર કરે. ખાસ કરીને કન્યાઓને આ અંગે વધારે ધરમ સંકટમાં પડવું પડે છે. પોતાની જન્મ સિધ્ધ સંસ્કૃતિ બદલી લાચારીથી સતપંથ સંસ્કૃતિના રંગે રંગાવુ પડે છે. અપવાદ રૂપે છોકરાઓને પણ એવા કડવા અનુભવો થતા હોય છે અને સગાઓમાં પણ આથી ખટરાગો ઉભા થાય છે.

સતપંથી 33% અને સનાતની 67%

જ્ઞાતિના હાલના તબકે ટકાવારી જોતાં ૩૩% સતપંથી અને ૬૭% સનાતનીઓ હશે એવો અંદાજ છે. છતાં નબળી મનોવૃતિવાળા સનાતની ભાઇઓમાં એવી એક પાંગળી ઉદાસીનતા સેવાતી હોય છે કે "છોકરીઓ વધી પડી છે તો તેને કયાંક આપવી તો ખરી" ૬૭ ટકા વાળાને તેની દરકાર હોતી નથી

આપણા સમાજમાં મૂળમાંજ જ્યાં સંસ્કૃતિનો મોટો ભેદ રહેલો છે તે ટળે નહિ ત્યાં સુધી અરસ પરસ સુમેળની આશા રાખવી અસ્થાને છે. સતપંથીઓ જેમ પોતાની ભાવના અને રૂઢીઓમાં મક્કમ અને સંગઠીત છે. તેમ સનાતનીઓએ પણ પોતાની સંસ્કૃતિ પ્રત્યેનું ગૌરવ વધારવા સંગઠીત પણે વિચારવું આવશ્યક છે. જેથી તેના માટે એક સંમેલન યોજવાનો પણ વખત હવે પાકી ગયો છે. આશા છે કે આ અંગે ઘટતા પ્રયાસો થાય. ★

1972 -Jagruti (189)
1972-02 -Jagruti

નમ્ર વિનંતી

લેખક :–
નાનજીભાઈ કાનજીભાઇ પટેલ
મંત્રી :
પાટીદાર સમાજ—ગુજરાત

જાગૃતિ માસિકના ગયા જાન્યુઆરી અંકમાં તંત્રીશ્રીએ પીરાણાપંથના શિર્ષક નિચે જે માહિતી પ્રગટ કરી છે તે અક્ષ:રસ સત્ય જણાય છે, પરંતુ આવાં લખાણથી ગુજરાતમાં વસતા સતપંથી ભાઇઓની લાગણી મહંદ અંશે દુભાઇ હોય તેવું વાતાવરણ પરથી જણાય છે.

કોઇપણ ધર્મનું નિંદારૂપી વાતાવરણ ઉપસ્થિત થાય તો ધાર્મિક લાગણી દુભાય તે સ્વાભાવિક છે. પરંતુ આમાં તેવું બન્યું હોય તેમ બનવાનું કોઇ કારણ નથી. કારણ કે આમાં તો વર્તમાન અને ભુતકાળની સાચી પરિસ્થિતિના વર્તન મુજબ તંત્રીશ્રીએ પોતાના વિચારો જણાવ્યા છે. તેમાં કંઇપણ ખોટું હોય તેવું પૂરવાર થઇ શકે તેમ જણાતું નથી. સતપંથી ભાઇઓએ આ સામે ઉશ્કેરણીના રૂપમાં કદાચ થોડા સમય પહેલાંજ એક મીટીંગ પણ વજેપુરા કંપે રાખેલી અને તેમાં તંત્રીશ્રીના લખાણ સામે પગલાં લેવા કદાચ વિચાર્યું હશે પણ તેમ વિચારવું એ બરાબર નથી.

આપણે બધા જાણીએ છીએ કે પિરાણા સતપંથ એ આપણો મૂળધર્મ નથી આતો ઘુસણખોરીના રૂપમાં આપણા વડીલોની અંધશ્રધ્ધનો લાભ લઇ દાખલ થયો છે. આવું ઘણી જગાએ બને છે, તેમાં આપણે એકલા એજ દુ:ખ લગાડવાનું કોઈ કારણ નથી. કોઇપણ વસ્તુનો આપણે યેન કેન પ્રકારે અંગીકાર કર્યો હોય અને પાછળથી એમ સમજાય કે આપણે આ વસ્તુને ગ્રહણ કરવામાં ભૂલ કરી છે તો તેવી વસ્તુને છોડી દેવામાં કંઇપણ ખોટું નથી. તેવીજ રીતે આપણા વડીલોએ ભલે પિરાણા સતપંથને અનુમોદન આપ્યું, પણ પાછળથી સ્વ. નારાયણભાઇ જેવા મહાન પુરૂષોને એમ લાગ્યું કે આપણી બધાની મોટી ભૂલ થઈ રહી છે એટલે તેમણે આ સામે પોતાની સાચી સમજ રજુ કરી. તેમની વાત ઘણા બધાને સાચી લાગી અને પિરાણા સતપંથ સામે

વિરોધનો વંટોળ શરૂ થયો તેનું પરિણામ શું આવ્યું તે તો આપણે બધા જાણીએ છીએ.

માટે સતપંથી ભાઈઓને એક વિનંતી છે કે આપણો સારોએ સમાજ પિરાણા સતપંથને માનનારો આજે તેના ૦ા ભાગરૂપી પણ રહ્યો નથી તો હવે આવી ખોટી પકડ કે વિરોધ શા માટે કરવો જોઈએ. ભૂતકાળમાં ઘણા વિરોધો કર્યાં છતાં પણ કંઈ ચાલ્યું નહિ, તો આજે શું ચાલશે તે વિચારવું જરૂરી છે.

સનાતની ભાઈઓએ પણ ભુતકાળમાં ઘણાં ધમાલો કરી, મીટીંગો યોજી, ચોપાનીયાં બહાર પાડ્યાં. તેમાં ઘણી સફળતા પણ મેળવી. પાછળથી એમને પણ એમ લાગ્યું કે આવી ધમાલ ઓછી કરવી અને સતપંથી ભાઈઓ આપો આપ સમજી જશે. તેમાં ઘણાને આ વાત ગળે ઉતરી. સારો એવો સુધારો પણ થયો છે.

આજે તો સહકારનો યુગ છે. આ યુગમાં ખરેખર એક બીજાના સહકારની જરૂર છે. આપણી કોંગ્રેસ સંસ્થાનો દાખલો લઈએ તો પણ સમજાશે કે એક કોંગ્રેસમાં બે ભાગ પડવાથી પરિણામ શું આવ્યું. તેવીજ રીતે આપણા સમાજનું પણ જો વિભાજન થઈ જશે તો પરિણામ કેવું આવશે તે આપણે બધાએ વિચારી લેવાનું છે. સનાતની ભાઈઓની એકજ માગણી છે કે લગ્ન વખતે ચોંરી અને અંતિમ વખતે અગ્નિ સંસ્કાર હોવું જરૂરી છે.

પિરાણા સતપંથનાં તો આ બંને વસ્તુ નિસ્છેદ છે. છતાં પણ સતપંથી ભાઈઓએ એન કેન રીતે લગ્ન વખતે ચોંરીને મોટા ભાગે અપનાવી લીધી છે તો પછી અંતિમ વખતે અગ્નિસંસ્કાર અપનાવવામાં ક્યાં ગૂંચ ઉભી થાય છે તે સમજાતું નથી. અંગિકાર કર્યો તો બંનેનો કરવો હતો, અને જો હવે એક વસ્તુને છોડવી અને બીજીને પકડી રાખવી તેના કરતાં બંને વસ્તુ આપણને શરમાવનારી હોય તો તેને છોડી દેવામાં કંઈપણ ખોટું નથી.

પિરાણા સતપંથ એ ખરેખર હિન્દુધર્મ નથી તેની તો ઘણીવખત શરતો મૂકાઈ છે. વાત્રકગઢકંપાના સ્વ. શ્રી લાલજીભાઈ નાનજીભાઈએ પણ જે ચોપડીઓ પ્રગટ કરી છે તેમાં પણ સાફ સાફ ઉલ્લેખ કર્યો છે કે આ ધર્મ ખરેખરો હિન્દુ ધર્મ નથી.

આથી સતપંથી ભાઈઓને એકજ વિનંતી કરવામાં આવે છે કે આપે જેમ લગ્ન વખતે ચોંરી કરવાનું સ્વીકાર્યું, તેમ અંતિમ વખતે અગ્નિસંસ્કાર કરવાનું સ્વીકારો, એટલે તંત્રીશ્રીના લખાણ સામે વાંધો લેવાનો સમય પણ નહિ આવે અને સમાજમાં જે વિભાજનનો વંટોળ ઉપસ્થિત થયો છે. તે પણ આપો આપ બેસી જશે.

—એજ વિનંતી

વિકાસ કે અધોગતિના પંથે

વિશ્રામભાઈ નથ્થુભાઇ પટેલ

આજે વિકસતા જતા યુગમાં વિકાસની કેડીએ આગળ વધતા આપણા કચ્છ કડવા પાટીદાર સમાજના સિક્કાની બન્ને બાજુ ડોકીયું કરીશું તો જણાશે કે માણસ હંમેશાં પોતાનો સર્વાંગી વિકાસ કેમ થાય તેવું હમેશાં વિચારતોજ હોય છે. પછી તે ભલે નાના મોટા ઉદ્યોગ ક્ષેત્રે, ખેતીવાડી ક્ષેત્રે કે નોકરીપર હોય. આજે દરેક ક્ષેત્રમાં ક્રાન્તિ આવી છે પચીસ વર્ષ પહેલાંના જીવન સાથે આજની સરખામણી કરીશું તો આપણને જરૂર એમ લાગશેજ કે આપણે આપણા આર્થિક વિકાસના પંથમાં ઘણા આગળ વધી ગયા છીએ. વિકાસની કેડી પણ નિષ્કંટક હોતી નથી. એના અંદર પણ કાંટા, કાંકરા, ખાઇઓ વિગેરે આવેલાં હોય છે આવાજ અવરોધોનો આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ પણે ભોગ બની રહ્યા છીએ. આપણા સર્વાંગી વિકાસ સાથે ન સમજાય તેવી બદીઓને પણ આપણે મને કમને નિભાવી રહ્યા છીએ. અને જોવા જાણવા છતાં તેના પ્રત્યે આંખ મીચાંમણા કરી રહ્યા છીએ. તે આપણા માટે ઘણુંજ શરમજનક છે. આજે આવા એકાદ મુદ્દાને ધ્યાનમાં લઇને આપ સૌ વાચક અને ચાહક મિત્રો પાસે વૈચારિક સ્વરૂપે ઉપસ્થિત થયો છું. આશા છે કે આપ સૌ આ મુદ્દાને તટસ્થ પણે વિચારશોજ.

આપણા પાટીદાર સમાજમાં કેળવણીનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે. કન્યા-કેળવણી પ્રત્યે પણ આપણે હવે સજાગ બનતા જઇએ છીએ. પરંતુ તેમને થત અન્યાય સબંધી આપણે ઘણુંજ ઓછું વિચારીએ છીએ. આપ સૌ જાણો છો તેમ આપણા સમાજમાં લગ્ન વિચ્છેદની બદી ફાલી ફુલી રહી છે. અને આપણે સૌ તેના મૂક સાક્ષી બનીને જોઇ રહ્યા છીએ, એ આશ્ચર્યની વાત નહીં તો બીજું શું ? આવા કિસ્સામાં લગભગ પંચાણું ટકા પતિ પત્નીને વાંધો ન હોવા છતાં તેમને ફરજીયાત છૂટાં થવું પડે છે. કારણ કે ઘરમાં—વહુને, વેવાઈ કે વેવાણની સાથે બનતું નથી. અને કેટલાક કિસ્સાઓમાં સાસુ તરફથી વહુને ત્રાસ આપવામાં આવતો હોય છે. આપણામાં કહેવત છે કે "સ્ત્રી મરી તો ખાસડું ફાટયુ" પણ આતો જીવતા જીવને ઉતરી ગયેલું ખાસડું ગણીને, તેને ફેંકી દેવામાં આવે છે. કળકળતા હ્રદયે તે ઘરને છોડીને સદાના માટે તેને જતું રહેવું પડે છે. આપણે સૌ આ વાતનો સ્વીકાર કરીએ છીએ, આ છે આપણા પવિત્ર પાટીદાર સમાજની મજબુરી.

શરમ હો ! પાટીદાર સમાજને કે તેનો વહીવટ કરતા આગેવાન કાર્યકરોને કે જેઓ પ્રેક્ષક બનીને આ બધું જોઇ રહ્યા છે. ભારત દેશની અંદર અને દરેક સમાજની અંદર સ્ત્રી સન્માન થવુંજ જોઇએ તેમ આપણાં શાસ્ત્રો અને પુરાણો પોકારી પોકારીને કહે છે તેનો આપણે આવો અર્થ કરી રહ્યા છીએ. કમભાગ્ય છે આપણાં કે આવી નિરાધાર અને દુ:ખી બહેનોનાં આંસુ લૂછવા પણ આપણે તૈયાર નથી. આ છે આપણા સમાજની પોકળ પ્રતિષ્ઠા. આજે બહેન દિકરીઓનાં લોહી સસ્તાં થઈ પડયા છે તેવું આપણને લાવવા માંડયું છે. આવા ગુન્હાહિત કૃત્ય કરી છૂટી કરેલ બહેનોના ઠેકાણે આપણી દિકરીને ગોઠવવા આપણે તૈયાર થઇ રાહ જોઇ રહ્યા છીએ. ત્યારે વાલી તરીકે આપણને એ વિચાર પણ નથી આવતો કે જે ઘેરથી એક અનાથ બનેલી બાઇ આંસુ સારતી નિકળી છે. તેજ ઘેર મારી બહેન–દિકરી શું સુખ ભોગવશે. આપણે સૌ આવા કિસ્સાઓમાં જોઇ રહીએ છીએ કે આપણે ઘેર તો નથી. પણ આપણે સૌએ એ યાદ રાખવું જોઇએ કે જેમ લાઇન બંધ મકાનોના છેલ્લા ઘરમાં લાગેલ આગથી મારું ઘર પણ બચી શકશે નહીં. કારણ અપણું મકાન પણ એજ લાઇનમાં છે. ત્યારે આપણું મકાન પણ એજ લાઈનમાં છે. પ્રથમ કર્તવ્ય એ બની રહે છે કે આડોશી પાડોશી સાથે દોડી જઇને તે મકાનને બચાવી લઇએ તે તેમના ભલા માટે નહીં પણ આપણું ભલું પણ તેમાં પ્રથમ સમાયેલું છે, તેટલા માટે એ જરૂરી છે.

ઉપરોકત કિસ્સાઓમાં પણ આપણે આવીજ રીતે વિચારતા હોઇએ છીએ. કારણ આપણે ઘેર તો નથીજ. પણ એ ન ભૂલવું જોઇએ કે આપણે સૌ એક સાથેજ લાઈનમાં વસીએ છીએ અને આપણા ઘરને પણ આ કુરિવાજ વાળી આગ કયારે ભરખી જશે. તો આપ સૌ જ્ઞાતિ બંધુઓની પવિત્ર ફરજ બની રહે છે કે આવા કિસ્સામાં ફકત જોઇ ન રહેતાં તેની ઉપયોગીતા વિચારી આપણે કેટલા ઉપયોગી થઇ શકીયે અને એક બીજાને થતો અન્યાય કેમ બંધ થાય આટલુંજ આપણે વિચારીશું તો આ બાબતમાં ઘણુંજ કર્યું કહેવાશે

આ બાબતમાં યુવક મિત્રોને મારી ખાસ આગ્રહ ભરી અપીલ છે કે થોડાક યુવક ભાઇઓ પવિત્ર ભાવનાથી આગળ આવે અને ઉપરોકત બાબતને નિર્મૂળ બનાવવાના પ્રયત્ન કરે. અને આવા કટાયેલા સમાજ માનસને ફેરવવાના કામમાં લાગી જાય અને ખૂલ્લી ચેલેન્જ ફેંકે કે કોઈ પણ ભાઈ–બહેનને અકારણ થયેલ અન્યાય માટે અમોને મળે, અમે તમોને જરૂર મદદ કરીશું,

આશા છે કે આવા યુવક મિત્રો સત્યનો આશરો લઈ કર્તવ્ય પંથે પ્રયાણ આદરે, ઇશ્વરના આશીર્વાદ તમારી સાથેજ છે. સમાજને નિષ્કલંક બનાવવામાં પોતાનો ફાળો આપવા આગળ આવે

—એજ વિનંતિ.

"આપણું ગામડું !"

એચ. પી. પટેલ (પારેખ)
પ્રથમ વર્ષ બી. ડી. એસ. (અમદાવાદ)
નવાનગર

તલોદ સ્ટેશને પ્લેટફોર્મ પર બેસીને બટાકાવડા ખાધા અને કાગળિયા ફેંકવા જતો હતો ત્યાં મારી નજર એમાંના એક સુવાક્ય પર પડી. "લગ્નજીવન એ તો ઘેરાયેલા કિલ્લા જેવુ છે, જેઓ અંદર છે. તે બહાર આવવા મથે છે અને જેઓ બહાર છે તેઓ અંદર આવવા મથેછે." ચુસ્ત વિદ્યાર્થી હોવાથી મેં બહુ ભાંજગડ ન કરી. પરંતુ એ ઉક્તિ મને તો ગ્રામ્ય જીવન અને શહેરી જીવનના સંબંધમાં સાચી લાગે છે. જેઓ ગામડામાં છે તેઓને શહેરના અભરખા છે અને જેઓ શહેરમાં છે તેઓ ગામડાની ઝંખના કરે છે !

ગામડું એટલે પ્રકૃતિ માતાની ગોદમાં હૂંફ લેતું બાળક ! વિશ્વંભરોની વસાહત ! એની કુરૂપતા એટલે ચંદ્રમાનો ડાઘ ! ગામડાં તો આપણા દેશનો પ્રાણ છે, અને આપણે ખેડૂતો ગામડાંનો પ્રાણ છીએ. ગામડાની ધરતી સાથે જડાઇ ગયેલા અને જગતના તાતનું બિરૂદ પામેલા કિસાનનું દર્શન એટલે રાષ્ટ્ર-પ્રાણનું દર્શન...પણ લાગે છે 'જગતના તાત' નું બિરૂદ વાપરીને જાણે મશ્કરી જ કરે છે. મૂલ્ય માત્ર વાણીમાં જ ચૂકવે છે. 'રાષ્ટ્રનો પ્રાણ, જગતપિતા–' જેવા સુવાક્યોથી ખેડૂતને નવાજતા એ લોકોએ એમને ક્યાં સમૃધ્ધ બનવા દીધા છે ? એમનાં ભોળપણને ભોટપણ ગણે છે. આર્થિક ભીંસનો લાભ લેવાનું ચૂક્યા છે ? અજ્ઞાનતાને દૂર કરવાના શા શા પ્રયત્નો કર્યાં ? સુધરેલા સમાજનું મૂગું બલિદાન યજ્ઞના પશુ જેવા પવિત્ર અને છતાંય આહૂતિ માટે જ યોગ્ય આપણા ખેડૂત સમાજને હાલ આર્થિક ભીંસ વધારે છે, ટાઇફોઇડમાંથી તાજા જ ઊઠેલા દરદી જેવા. ખેતીમાં એવા રચ્યાપચ્યા છે જાણે 'રોટી એના રામ, બીજું સૌં હરામ.'

ગામડાને સીમાડે પહોચ્યો ને હરિયાળાં ખેતરો, કૂવાઓ અને વીજળિક સાધનો... ગામડાના પાદરે વૃક્ષોની ઘટાઓ અને સીમાડાનું તળાવ તમારું સ્વાગત કરશે. ધરતીની મોકળાશ જોઈને મોકળું

થશે. ધરતી આપ્યો ગુલાલ ઉછાળતા ગામડાના રસ્તામાં પ્રવેશ કરો–અનુભવ જુદો થશે. છાણ વગેરેથી ખરડાયેલા ..! સહેજ ગંદા પણ.

વિશેષ ધ્યાન તો બાળકોની અને ઘરની અસ્વચ્છતા પર જાય જ. બળદ, ભેંસો વગેર ઘરની આગળ જ બાંધવાનાં એટલે સુઘડતાનો અભાવ એ તો સ્વાભાવિક છે જ. પણ સ્વચ્છતા અનિવાય છે. ખેડૂતનાં બાળકો એટલે, તેમને અને ચોખ્ખાઇને મેળ નહિ એવું નથી. 'દેવનાં દીધેલ ને દેવ જેવાં રૂપાળાં રાખવાં જોઇએ ને ?' માખીઓનો ઉપદ્રવ પણ વધારે છે...કદાચ ઢોર માટેની પથારીઓ એંઠવાડ, ખુલ્લાં ખાણ અને અન્ય ગંદકી આ માટે કારણભુત હોય ?...છતાંય શકય સ્વચ્છતાના પ્રયત્નો કરવા જ જોઇએ. "જાડા કપડે લાજ ન જાય" એમ કપડાં વગેરેમાં સાદાઇ ખરી પણ જો સ્વચ્છતા ઉમેરાય તો વિશેષ દીપી ઉઠે. આવી ગંદકી જોવા મળે તો કોઇ સુંદર કેલેન્ડરમાં વખાણ કરતાં નીચેના ભાગમાં સિગારેટ કે બીડીની જાહેરાત જોતાં મોં મચકોડાઇ જાય એવુંજ થાય.

★

"હાથે લાકડી માથે પાઘડી,
સાવજની કાયામાં બકરી છે રાંકડી,
...એ તો મારા સસરાજી !
તનડું છે ખાસું, છૂપાં ન રહે,
એ મારાં રૂપેરી સાસુ.
આછેરી કાયામાં મૂલ એ સારું,
ટીકી ટીકી રૂપ મેં જોયુ તારું,
એ તો મારી નણંદનાવીર.
ઘૂઘટો તાણુ હો નવાનગરની વહુઆરુ...!

★

"છાનું છલકાતું, ને મીઠું મલકાતું,
હૈયે હરખાતુ, ઘૂઘટામાં ગાતું,
સપનાના સરોવરમાં મુખડું નાનું

★

સૂપડું સવા લાખનું ઝટકો રે ઝટકો..."
જેટલા દાણા એટલા પાણા...
પાણા એટલા સાસરિયાન',
દાણા એટલા મહિયારાના...."

★

આ જ છે ગામડાનુ રસદર્શન...ગામડાનો લોકપ્રાણ...! વાણીમાં વિલાસિતા જોવા ન મળે. પરિશ્રમ કરીને ય બોલવા જાય છતાં ય 'રશ્મિકાન્ત' નું "રેશમી કંતાન" કયારે કરે એનો ભરોસો નહિ ! અહીં તો પંકજે મળે અને મહિષી માતાનો મનગમતો લેપ...કંપ પણ !

લગ્ન પાછળનું બેફામ ખર્ચ અને તેના અચૂક રિવાજો, મરણોત્તર ક્રિયા ખર્ચ, લાજ કાઢવાની પ્રથા વગેરે રિવાજો સિવાય આપણી જ્ઞાતિનું સમાજતંત્ર ઘણું સબળ છે. ધાર્મિક રીતે સહેજ પછાત છીએ...લાગે છે કે વેદ અને ગીતાની ભૂમિમાં રહેતાં ય આપણે તેને ભૂલી રહ્યા છીએ, ગાયત્રી અને ઉપનિષદનાં ઉચ્ચારણો કાનમાં પડવા જ દીધાં નથી. 'જહાં ગીતા, વેદ ઔર શાંતિકા પદ પદ લગતા નારા, વહ ભારત દેશ હમારા' આ ગૌરવ વિલાતું હોય એમ નથી લાગતું ? આપણે સંકટો વખતે હુસેનપીર કે હાજીપીર જેવા મુસ્લિમપીરોને બાધા–આખડી કરીએ તો આપણા આર્ય–ભગવાનોનાં તેજ કયાં ઓસરી ગયાં છે ! હનુમાનથી માંડી માતાજી, વિષ્ણુ, શંકર, સત્યનારાયણ–આ બધાં તો આપણાંજ છે.

જાતિ, આબોહવા કે કુળના બંધન કરતાં પણ ધર્મનું બંધન વધારે મજબૂત નીવડયું છે. માનવજાતિનું ભાવિ ઘડવામાં જે પરિબળોએ કામ કર્યું છે અને હજુ પણ કરી રહ્યાં છે. તે અભિવ્યકિત ધર્મ છે. સામાજિક પાર્શ્વભૂમિકા તરીકે વિશિષ્ટ બળ તરીકે તે જ છે માનવ-ઘટકોને એક બીજાને જોડે એકઠા રાખવાની પ્રેરણા આ શકિતમાંથી મેળવવામાં આવી છે. એક જાણીતી હકીકત છે કે જે લોકો એક જ ઇશ્વરને પૂજે છે અને એક જ ધર્મમાં માને છે તે લોકો માત્ર એક જ રૂમના લોકો કે ભાઈઓના કરતાં પણ વધારે બળ અને મકકમતાથી એકબીજાની પડખે ઊભા રહ્યા છે. ધર્મ તો શિક્ષણનું અંતરત્તમ તત્વ છે. અને આ ધાર્મિક સત્વો ગામડાં જ સાચવી શકશે. અનુભવની પ્રતિમા સમા આપણા વૃદ્ધદાદાઓ વેદ-ગીતાના પ્રચારક બને. તેમનાં યુવક-યુવતીઓમાં અમૃત સિંચન કરે અને ધર્મના સાચા રાહે ચાલવા દોરે એવી વિનંતીના પ્રાર્થી બનીએ. રસ્તો તો ભૂલ્યા હતા પણ જાગ્યા ત્યાંથી સવાર ઊજવે. ફરીથી વેદ-ગીતાની વાણી ગુંજતી મૂકીએ અને ધર્મને સમજવાની ગેર-સમજુતિ ન થાય માટે કટિબદ્ધ રહીએ.

કેળવણી અંગે આપણે કંઇક પગભર થયા છીએ. સમયની પ્રગતિ આપણને સ્પર્શી કે "ભણી ભણીને શી ધાડ મારવાની!"—આવા વિચારો દૂર થવા માંડયા છે. પણ સાચું શિક્ષણ એટલે માત્ર શબ્દોનું ભંડોળ ભેગું કરવું એ નહિ પણ બુદ્ધિશકિતનનો વિકાસ, વ્યકિતને કુશળતાપૂર્વક ઇચ્છાશકિતનો ઉપયોગ કરવાની તાલીમ, 'શરીરને રોગ અને દુર્બળતાથી, બુદ્ધિને અજ્ઞાન અને ખોટા વિચારોથી, હાથ પગ વિગેરે કર્મેન્દ્રીયોને જડતાથી, મનને લાલચ ભય અને ક્ષુદ્ર સ્વાર્થ જેવી કુવાસનાઓથી, હૃદયને કઠોરતાથી, રસવૃત્તિને વિલાસમાંથી, શકિતને મદમાંથી, આત્માને કૃપણતા કે અહંકારના પંજામાંથી મુકત કરે તે જ વિદ્યા તે જ કેળવણી'

'કણબી પાછળ તો કરોડ છે'-ખેતી અને પશુપાલનમાં આપણા લોકોનો શ્રમ હાર્દિક છે અને ધીમે ધીમે બુદ્ધિપૂર્વકનો બની રહ્યો છે. આપણાં ખેતરો એટલે 'ક્ષેત્રે ક્ષેત્રે અનિલ લહરે ડોલતાં અન્ન-પૂર્ણા—" આપણાં ગામડાં આદર્શતા તરફ વળી રહ્યાં છે. ઘણાં ગામોનું વીજળીકરણ થવા માંડયું છે. સિંચાઇ યોજનાઓ પણ-લીફ્ટ ઇરીગેશન, ટયૂબ-વેલ અને પાણીનો પૂરો પૂરવઠો ધરાવતા કૂવાઓ, વીજળિક યાંત્રિકરણ અને ટર્બાઇન, સબમર્સીબલ પમ્પ જેવાં આધુનિક સાધનો ખેતી ક્ષેત્રે વપરાતાં થયાં છે. રાસાયણિક ખાતરો, દવાઓ, શંકર-બીયારણનું વાવેતર અને ઉત્પાદન વગેરે છેલ્લાં વૈજ્ઞાનિક પગલાં જ છે. ખર્ચ પણ બખલખ...છતાંય આપણા લોકોની હિંમત ઘણી છે... "મેરે દેશકી ધરતી, સોના ઊગલે, ઊગલે હીરે-મોતી-" આપણા લોકો વડે જ આ સાર્થક થાય તો ?

★

★★★ સમાચાર વિભાગ

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, મોડાસા.

નવા વરસના ચૂંટાયેલા હોદ્દેદારો

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ મોડાસાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૧૧-૭૧ શનીવારના રોજ રાત્રે ૯-૦૦ કલાકે પટેલ મણીલાલ પચાણભાઈ ના પ્રમુખ પદે શ્રીમાન પટેલ રતિલાલ સોમાલાલના નિવાસ સ્થાને શ્રી આશાપુરી સો મીલના કમ્પાઉન્ડમાં મળેલ હતી. જેમાં સં. ૨૦૨૮ ના વરસ માટે કાર્યવાહક સમિતિના હોદ્દેદારોની ચૂંટણી નીચે મુજબ કરવામાં આવી છે.

૧.	શ્રી	ગોવિંદભાઇ લધાભાઇ		પ્રમુખ
૨.	,,	અંબાલાલ મેઘજીભાઈ		ઉપપ્રમુખ
૩.	,,	મણીલાલ પચાણભાઇ		મંત્રી
૪.	,,	મણીલાલ સામજીભાઇ		સહમંત્રી
૫.	,,	વિઠ્ઠલભાઇ હરજીભાઇ	,,	ખજાનચી
૬.	,,	રતિલાલ સોમાલાલ	,,	વ્ય. કમિટિ સભ્ય
૭.	,,	હરીભાઇ શામજીભાઇ	,,	,, ,,
૮.	,,	કુંવરજીભાઇ પ્રેમજીભાઇ	,,	,, ,,
૯.	,,	રાજાભાઇ હમીરભાઇ	,,	,, ,,
૧૦.	,,	ડાહ્યાભાઈ સીવગણભાઈ પટેલ		,, ,,
૧૧.	,,	ચુનીલાલ રણછોડદાસ મીસ્ત્રી		,, ,,

લિ. મંત્રી

પટેલ મણીલાલ પચાણભાઈ

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી

મંડળ વલ્લભ વિદ્યાનગર

વાર્ષિકોત્સવ સને ૧૯૭૧-'૭૨

ગઇ તા. ૩૦-૧-૭૨ ના રોજ ખેતીવાડી કોલેજ આણંદ ક. ક. પાટીદાર વિ. મંડળ વલ્લભવિદ્યાનગરનો આઠમો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

સમારંભની શરૂઆતમાં મંડળના પ્રમુખશ્રી રમણભાઇ જે. પટેલે દરેકનું સ્વાગત કર્યું હતું ત્યારબાદ મંડળના મંત્રીશ્રી ગણપતલાલ વી પટેલે દરેકનું સ્વાગત કર્યું હતું ત્યારબાદ મંડળના દરેકની ઓળખવિધી કરાવી હતી અને મંડળના ઉદ્દેશોનો ખ્યાલ આપી વાર્ષિક અહેવાલનું વાંચન કર્યું હતું.

મંડળના અધ્યક્ષશ્રી બાબુભાઇ એચ. પટેલે વિદ્યાર્થીઓને તેમના તરફથી શકય એટલો સહકાર આપશે એવી ખાત્રી આપી હતી. અને પોતાને મળવા માટે જનરલ હોસ્ટપીટલ આણંદ તથા રહેઠાણનું સરનામું આપ્યું હતું સલાહકાર શ્રી જેઠાભાઇ એસ. પટેલે મંડળનું મહત્વ સમજાવી જ્યારે જ્યારે મંડળની મિટીંગો બોલવામાં આવે, અને મંડળની પ્રવૃતિઓમાં સાથ અને સહકાર આપી, મોટી સંખ્યામાં હાજર રહેવા દરેકને અનુરોધ કર્યો. હતો.

વિદ્યાર્થી મંડળના સભ્યોએ હાસ્ય અને રમુજી ટુચકાઓ કહી હાસ્યરસ રેલાવી, મનોરંજન આપ્યું હતુ.

મંડળના કેટલાક સભ્યભાઇઓ ડીગ્રી મેળવી અમારી વચમાંથી વિદાય લેશે, તેમનો સાથે સાથે વિદાયસમારંભ યાજવામાં આવ્યો હતો. વિદાય લઇ રહેલા ભાઇઓના નામ નીચે પ્રમાણે છે.

૧. શ્રી રમણભાઇ જે પટેલ	BE (civil)	ઘરોલ
૨. શ્રી રણછોડભાઇ એલ.	BSC. (Agri)	હડમતિયાકંપા
૩. શ્રી ધનસુખભાઇ એમ.	,,	વજેપુરા
૪. શ્રી ચંદુભાઈ એમ. પટેલ	BSC. (Agri)	નવામુવાડા
૫. શ્રી મગનલાલ પી.	,,	ઘરોલ

૬. શ્રી દેવજીભાઇ આર. ” મેઘપુરા
૭. શ્રી લહેર એસ. B.com. નાગપુર
૮. શ્રી મણીલાલ એન તાંદલીયા

તેઓ સૌ ભાઈઓને વ્યવહારૂ જીવનમાં કૌટુમ્બિક અને સામાજિક જીવનમાં સમૃદ્ધિ માટે એવી અમારી વ્યકિતગત તેમજ મંડળ તરફથી શુભેચ્છા સાથે પ્રભુને નમ્ર પ્રાર્થના છે.

અંતમાં વિદ્યાર્થીમંડળના સભ્યશ્રી ધનજીભાઇ એચ પટેલે અધ્યક્ષ, સલાહકાર મંડળના સભ્યો તેમજ અન્ય આમંત્રિતોએ હાજરી આપી સમારંભને સફળ બનાવ્યો તે બદલ મંડળ વતી હાર્દિક આભાર માની અલ્પાહાર બાદ કાર્યક્રમ પૂરો થયો હતો.

ગણપત વી. પટેલ
સેક્રેટરી
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ વિદ્યાનગર

શ્રી દક્ષિણ ભારત કડવા પાટીદાર સમાજ

શ્રી દક્ષિણ ભારત કડવા પાટીદાર સમાજની મીટીંગ તા. ૧૫-૧-૭૨ને શનિવારે મદ્રાસ ખાતે ભરવામાં આવેલ જેમાં તામીલનાડ, આંધ્રસ્ટેટ, કેરાલા અને મ્હૈસુર-સ્ટેટમાંથી મોટા પ્રમાણમાં સભ્યોએ હાજરી આપી હતી.

મીટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ, સદ્દગત સભ્યોને શ્રધ્ધાંજલિ અર્પ્યા પછી મીટીંગનું કામકાજ હાથ ધરવામાં આવેલ હતું.

ગયા વર્ષનો આવક જાવકનો હિસાબ અને અહેવાલને બહાલી આપવામાં આવી હતી.

કારોબારીના કુલ ૨૧ સભ્યોની ચૂંટણી કર્યા બાદ નવા હોદ્દેદારો નીચે મુજબ જાહેર કરવામાં આવેલા છે.

પ્રમુખ :— શ્રી કાનજી ભીમજી બેંગલોર ખોંભડી-કચ્છ

ઉપ-પ્રમુખ :— શ્રી વિશ્રામ હરજી મદ્રાસ કાદીઆ ,,
મહામંત્રી :— શ્રી રવજી વિશ્રામ ,, નેત્રા ,,
સહમંત્રી :— શ્રી રામજી ગોપાળ મદ્રાસ નાગલપુર ,,
,, :— શ્રી પ્રેમજી ધનજી મદુરા રવાપુર ,,
ખજાનચી :— શ્રી મનજી પ્રેમજી મદ્રાસ વિગોડી ,,

મીટીંગમાં પસાર કરવામાં આવેલ ઠરાવો નીચેમુજબ છે.

ઠરાવ : ૧ ગરીબ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા શિક્ષણ ફંડમાંથી ગરીબ વિદ્યાર્થીઓને મદદ આપવા પ્રમુખ અને ઉપ-પ્રમુખને સત્તા આપવામાં આવેલ છે.

: ૨ કારોબારી સમિતિના સભ્યો તરીકે કંપનીનું નામ સુચવવું અને કંપનીનો કોઈપણ પ્રતિનિધિ સમિતિમાં હાજરી આપી શકશે.

: ૩ દક્ષિણ ભારતમાં વસતા ભાઈઓની વસ્તીગણત્રી કરી પુસ્તીકા તૈયાર કરવી.

: ૪ સમાજની વાડી માટે ભંડોળના અભાવે અત્યારે વિચાર મુલતવી રાખ-આવેલ છે.

દરેક સભ્ય ભાઈએ પોતાના પ્રવચનમાં સમાજની એકતા માટે હાકલ કરેલ સામાજીક કાર્યમાં યુવાન અને વિદ્યાર્થી ભાઈઓને આગળ આવવા હાકલ કરવામાં આવી હતી.

ભારત-પાકિસ્તાનની લડાઈમાં કચ્છની પ્રજાએ જાળવેલ શાંતિ અને જવાનોએ બતાવેલ વીરતાંના ખૂબ વખાણ કરવામાં આવેલ. કટોકટીના સમયમાં આપણાં વડાપ્રધાન શ્રીમતી ઇન્દીરાગાંધીએ બતાવેલ કુશળતા અને હિન્દુસ્તાનની પ્રજાની શુભેચ્છા સાથે મીટીંગનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું.

લી
શ્રી દક્ષિણ ભારત કડવા પાટીદાર સમાજ
રવજી વિશ્રામ
મહામંત્રી

કડવા પાટીદાર સમાજ કન્યા છાત્રાલય ધનસુરા.

ઉઘરાવનાર
યુવકમંડળ ધનસુરાના સભ્યો
માવજીભાઇ અરજણભાઇ વાંસેરા

ઘઉં	કિલો.		
,,	૨૦	પટેલ જીવરાજભાઈ હરજીભાઇ	વાંસેરા.
,,	૨૫	,, માવજીભાઇ અરજણભાઇ	,,

ઘઉં	૨૦	,,	રતનશી હરજીભાઇ	વાંસેરા
,,	૨૦	,,	ધનજીભાઇ ગોપાળભાઈ	,,
,,	૧૫	,,	ઉતમભાઈ હરજીભાઈ	,,
,,	૧૦	,,	કેશરાભાઈ રામજીભાઇ	,,
,,	૧૦	,,	માવજીભાઇ સવજીભાઈ	,,
,,	૧૦	,,	લખમણભાઇ સવજીભાઈ	,,
,,	૨૦	,,	માવજીભાઇ સવગણભાઇ	,,
મકાઇ	૨૦	,,	હીરજીભાઇ ભાણજીભાઈ	,,
,,	૨૦	,,	દેવજીભાઇ હંશરાજભાઈ	,,
,,	૨૦	,,	રામજીભાઈ ખીમજીભાઈ	,,

સબલપુરકંપો

ઘઉં	૨૫	,,	રવજીભાઇ શીવજીભાઇ
,,	૧૧	,,	ભીમજીભાઈ રવજીભાઈ
,,	૧૦	,,	કાનજીભાઇ રામજીભાઈ
મકાઈ	૧૦	,,	હંસરાજભાઈ રવજીભાઇ
,,	૬	,,	વાલજીભાઇ કરશનભાઈ
,,	૧૦	,,	મનજીભાઇ કરશનભાઈ
,,	૧૦	,,	કરમસીભાઇ રવજીભાઈ
,,	૬	,,	લધાભાઇ નથ્થુભાઇ
,,	૪૦	,,	દેસાઈપુરાકંપા સમસ્ત
ડાંગર	૨૦		

૩૫૩

ધનસુરા છાત્રાલયોને અનાજ માટે ભેટ

	નામ	ગામ	રૂપિયા
પટેલ	રણછોડભાઈ જેઠાભાઇ	બાવળીયાકંપા	૨૫
,,	છગનભાઈ સવજીભાઇ	,,	૨૫
,,	છગનભાઈ વાલજીભાઇ	,,	૧૧
,,	ગંગારામ રામજીભાઇ	,,	૧૧
,,	બાબુભાઇ મુળજીભાઇ	મઠકંપા	૧૧
,,	મણીલાલ લધાભાઇ	,,	૧૦
,,	વીસરામભાઈ રવજીભાઇ	,,	૧૧
	શાંતીપુરા કંપા સમસ્ત	શાંતીપુરાકંપો	૧૧૧

પટેલ પ્રેમજીભાઇ રામાભાઇ ગાંધીપુરાકંપાવાળાનાં માતુશ્રી લક્ષ્મીબાઇના સ્મરણાર્થે ભોજન માટે ભેટ.

રૂ. ન. પૈ.	
૧૦-૨૫	કન્યા છાત્રાલય ધનસુરા
૧૦-૨૫	કડવા પાટીદાર વિદ્યાર્થીભવન ધનસુરા





શ્રી ગણેશાય નમઃ

ન઼ં. પી. પી ૭૯



— જાહેર જનતાને —

ખુશ ખબર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —

શ્રી ગણેશ ઇલેકટ્રીક
એન્ડ
કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, **ધનસુરા.**

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બદામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બદામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

શ્રી ૧।

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે

કંપનીનાં બનાવેલ



ટાયર ટ્યુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટ્યુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયિર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કાં. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

પટેલ ઈલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધ ન સુ રા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર


વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બહામકંપા વાળા]

પ્રખ્યાત—

એવરેસ્ટ ઈ. મોટર્સ



તેમજ

દરેક કંપનીના સ્ટાર્ટર તથા સ્વીચો અને તેને લગતી તમામ વસ્તુઓ.

'Everest'

જાગૃતિ માસિકના નવા આજીવન સભ્યો

પટેલ નારણભાઇ માવજીભાઇ	ઘાટકોપર–મુંબઇ
,, મોહનભાઇ વાલજીભાઇ	હરિપુરાકંપા–સાતરડા
,, માવજીભાઈ દેવસીભાઇ	,,
,, પચાણભાઈ મનજીભાઇ	,,
,, બાબુલાલ અરજણભાઈ	અણીયોરકંપા
,, વિઠ્ઠલભાઈ પરબતભાઈ	,,
,, નાનજીભાઇ માવજીભાઇ	,,
,, અરજણભાઇ વેલજીભાઇ	,,
,, રામજીભાઇ માધવજીભાઈ	,,
,, અરજણભાઇ વિસરામભાઇ	એદલપુરાકંપા
,, કાનજીભાઈ મનજીભાઇ	,,
,, રમણલાલ નાનજીભાઇ	,,
,, ખીમજીભાઇ માનણભાઇ	,,
,, અરજણભાઇ ધનજીભાઈ	મોરલીકંપા
,, રવજીભાઈ પ્રેમજીભાઇ	અમલાઇકંપા
,, રેવનદાસ સોમાલાલ	મગોડીલાટ
,, મુળજીભાઇ દેવજીભાઈ	મોતીસરી
,, કરશનભાઈ શીવજીભાઇ	રૂપાલકંપા
,, દેવજીભાઇ કરમસીભાઇ	,,
,, મેઘજીભાઈ હંસરાજભાઈ	,,
,, ગોપાલભાઇ પરબતભાઇ	કુંપાકંપા
,, નારણભાઇ પ્રેમજીભાઇ	રાયણનો માળ
,, ધનજીભાઇ મેઘજીભાઈ	,,
,, દેવસીભાઇ મેઘજીભાઈ	,,
,, વાલજીભાઇ કેસરાભાઇ	આસપુરાકંપો
,, કાનજીભાઇ અરજણભાઈ	લાલુકંપો
,, હંસરાજભાઇ અરજણભાઇ	,,
,, સવગણભાઇ વસરામભાઇ	,,

જાગૃતિ કાર્યાલયને ભેટ : રૂા. ૨૫–૦૦ પટેલ દેવરામભાઈ પચાણભાઈ ગાંધીપુરાકંપા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ–જબલપુર તરફથી મધ્યપ્રદેશમાં વસતા જ્ઞાતિ ભાઇઓનું વસ્તીપત્રક છપાવીને તૈયાર કર્યું છે. જે કોઇ ભાઇને આ પુસ્તક ખરીદવાની ઇચ્છા હોય તેમણે નીચે લખેલ સરનામે રૂા. ૧૦–૦૦ મ. ઓ.થી મોકલી તે પુસ્તક મેળવી લેવા ભલામણ છે.

રામજી પટેલ એન્ડ બ્રધર્સ
નાગપુર રોડ **જબલપુર**
(મ. પ્ર) ફોન : ૨૦૪૪

અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
તલોદ રોડ, હાઇસ્કૂલ સામે, **ધનસુરા.**
જિ. સાબરકાંઠા ફોન : પી. પી. ૭૪

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા

શ્રી. નં.

★

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.



મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૩ માર્ચ : ૧૯૭૨

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ
યુવક મંડળ
તરફથી
સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક

જડ ચેતનનો ભેદ

જડ પોતાને કે બીજાને જાણતું નથી ઈશ્વર ચેતન પોતાને તેમજ બીજાને જાણે છે-કરોડ સૂર્ય કરતાં આત્માનું તેજ અધિક છે. કારણ કે પુરૂષની આંખનું તેજ પડેલી વસ્તુને બતાવે છે. લોહચુંબક પકડી લે છે, પણ છોડી શકતું નથી. પણ ઇશ્વર ચેતન માયા આપે છે. ખેંચી પણ લે છે.

જેનો વધુ સંગ, તેનો રંગ-તેમાં જન્મ લે છે.

વર્ષ : ૧૪ અંક : ૩ માર્ચ : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬|, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦| પરદેશમાં રૂા. ૧૨૫| નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ –સહતંત્રી.
એમ. એ., બી.એડ્.

શ્રી. પ્રો. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસ. સી

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

અનુક્રમણિકા—

સૂચના

સંપાદક મંડળમાં ફેરફાર કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છે. (૧) સાવિત્રીબેન એસ. વેલાણી. (૨) ડૉ. શ્રી હંસરાજભાઈ એમ. પટેલ અને (૩) શ્રી ડૉ. ધનજીભાઈ કે. પટેલ નિવૃત્ત થાય છે અને તેમની જગ્યાએ (૧) શ્રી વાડીભાઈ કે. પટેલ–સહતંત્રી તરીકે (૨) શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ (૩) શ્રી અરજણભાઈ વી. પટેલ અને (૪) શ્રી પ્રેમજીભાઈ એ. પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

॥ ૐ નમઃ શીયાય ॥

તંત્રી સ્થાનેથી..............

ગ્રાહક બંધુઓ.

આપ સૌ જાણો છો તે મુજબ કાર્યાલય તરફથી પ્રત્યેક ગ્રાહકને વખતો વખત પોતાનાં બાકી રહેતાં લવાજમો વિશે જાણ કરવામાં આવી છે છતાં પણ બહેરા કાને અથડાતાં છેવટે દરેક ગ્રાહકોનું ડીસેમ્બર'૭૧ સુધીનાં બાકી નીકળતાં લવાજમોનું લીસ્ટ ગયા અંકમાં મૂકવામાં આવ્યું હતું એ લીસ્ટ મુજબ કેટલાક ગ્રાહકભાઇઓ તરફથી સહકાર મળ્યો છે. જ્યારે તેમાંના ઘણા ભાઈઓનાં લવાજમો હજુ બાકી છે તો સત્વરે તેઓ સૌ ભાઇબહેનો લવાજમો મોકલી આપે એજ વિનંતિ

સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ કે જે દેશવિદેશમાં લાખોની સંખ્યામાં પથરાયેલો પડયો છે એ સમાજ જો પોતાનું એકનું એક માસિક પણ ન ચલાવી શકતો હોય અને તે પણ આર્થિક શકિતના અભાવે તો તે સમાજ માટે શરમરૂપ અને લાંછનરૂપ ગણાવી શકાય.

આપણે જીવનભર માત્ર 'શંકટનો ભાર જયમ શ્વાન તાણે' એ રીતે માત્ર પોતાના જ સ્વાર્થ ખાતર વૈતરૂ કરીને પોતાનું જ પેટ ભરવાનું કાર્ય કરી બેસી રહીશું તો એ શોભાસ્પદ નથી જ પોતાના જ સમાજનું માસિક કે છાત્રાલયો જેવી અન્ય સંસ્થાઓ માટે જો આપણે કંઇ જ ન કરી શકતા હોઇએ તો એ ગેર વ્યાજબી છે.

આશા છે કે ગ્રાહક ભાઇબહેનો પોતપોતાનાં લવાજમો નિયમિત મોકલી આપી કાર્યાલયનું માથાના દુઃખાવા જેવું. કાર્ય હળવું બનાવે.

બાજું કેટલાક વાચક મિત્રો તરફથી એવી સૂચના મળે છે કે ગુજરાત સિવાય અન્ય પ્રદેશોના સમાચારોને પણ માસિકમાં સ્થાન આપવું જોઇએ તો મારી એ સામે હાર્દિક વિનંતિ છે કે આ બાબતમાં પોતપોતાનાં વિભાગના સમાચારો મોકલાવી આપવાની સુચના કરવામાં આવે છે છતાં પણ બહારના સમાચારો કાર્યાલય પર ન આવતા હોય તો અહી આગળ કોઈ ત્રિકાળજ્ઞાની માણસો રહેતા નથી કે જે તે કોઇપણ પ્રદેશમાં શુ નવીનતા થઈ તે સમાચાર ઉપજાવી શકે.

તો સર્વ બંધુઓને એક નમ્ર વિનંતી છે કે તમારા વિભાગમાંથી સમાજ માટે કંઈક ઉપયોગી એવું નવીન કાર્ય કોણે, કયાં અને શું કર્યું તે સમાચાર તેમ જ અન્ય ઉદાહરણ લઈ શકાય તેવી બાબતોના સમાચારની જાણ કાર્યાલય પર કરે તેવી હાર્દિક અભિલાષા છે.

આશા છે કે પોતાના વિભાગના સમાચારો અને પોતાના વિભાગનાં લવાજમો ન મોકલી આપવાની ભૂલ કોઇ ન કરે.

અસ્તુ.

★ ★

માર્ચ ૧૯૭૨ માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજમાંથી નીચે મુજબના સભ્યોએ ઉમેદવારી કરી છે.

અ.નં.	નામ	પક્ષ	તાલુકો
(૧)	શામજીભાઈ સવગણભાઈ પટેલ હરિપુરાકંપા (ભો.)	શાસક	બાયડ–સાબરકાંઠા
(૨)	નાથાભાઈ દેવજીભાઇ પટેલ તખતગઢકંપા	જનસંઘ	હિંમતનગર (સા.કાં.)
(૩)	ખીમજીભાઇ નાગજીભાઇ પટેલ	શાસક	અબડાસા–કચ્છ
(૪)	વિરેન્દ્રભાઇ સવદાસભાઇ પટેલ બેરીસ્ટર વિરાણી–કચ્છ	જનસંઘ	,,

ઉપરોક્ત ઉમેદવારોમાંથી નીચેના ઉમેદવાર વિજેતા બન્યા છે વિજેતા બનનાર ઉમેદવાર જનતાના સાચા પ્રતિનિધિ બની જનકલ્યાણની શુભ ભાવના સહ પોતાની ઉજ્જવળ કારકીર્દિ પ્રાપ્ત કરે તેવી અભિલાષા સહ–સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ, તેમજ જાગૃતિ કાર્યાલય તરફથી અભિનંદન.

નામ	પક્ષ	તાલુકો	કેટલા મતે
શ્રી ખીમજીભાઇ નાગજીભાઈ પટેલ	**શાસક**	**અબડાસા**	**૧૭,૦૦૦** વધુમતે

સાબરકાંઠા જિલ્લામાં માર્ચ ૧૯૭૨ ની ચૂંટણીમાં નીચેના ઉમેદવારો વિજેતા બન્યા છે.

તાલુકો	વિજેતા બનનાર	પક્ષ
પ્રાંતિજ	**શ્રી ગોપાલભાઈ વેણીભાઈ પટેલ**	**શાસક**
હિંમતનગર	**,, શંકરભાઈ દેવજીભાઇ પટેલ**	,,
ઇડર	**,, માનાભાઈ રેવાભાઇ ભાંભી**	,,
ખેડબ્રહ્મા	**,, માલજીભાઈ સગરામભાઈ ડાભી**	,,
ભિલોડા	**,, મુળશંકર આર. સુથાર**	,,
મેઘરજ	**,, જેઠાલાલ ચંદુલાલ ગાંધી**	**સંસ્થા**
મોડાસા	**,, અંબાલાલ જયશંકર ઉપાધ્યાય**	**શાસક**
બાયડ	**,, લાલસિંહજી કિશોરસિંહજી રહેવર**	**સંસ્થા**

ધર્મવિચ્છેદ

રતિલાલ દેવસીભાઇ પટેલ
"વિજયી"
અમદાવાદ.

વિષયની રજુઆત કરતાં પહેલાં સ્પષ્ટતા કરવી જરૂરી છે કે હું પોતે સનાતની હોવાના નાતે વિરોધ કરવા ખાતર પીરાણાપંથને લગતું લખાણ આપું છુ તેવો ખ્યાલ આપના મનમાં હોય તો આપને નમ્ર વિનંતી છે કે આપ તટસ્થતા પૂર્વક વાંચશો અને યોગ્ય લાગે તો આચરણમાં મુકશો. આપ અને હું આપણે બંને હિન્દુ છીએ તે કદી ન ભૂલશો.

ધર્મ અંગેનો વિવાદ આપણા સમાજમાં કેટલાય સમયથી ચાલુ રહ્યો છે. ટીકાઓ અથવા વિરોધ વારંવાર ઉખેળાયો છે. ધર્મની દ્રષ્ટિએ આપણા સમાજમાં સનાતન અને સતપંથી એવા બે વિભાગ છે. જે સમાજની શોભાને હીણુપત આપનારી વાત છે. અફસોસની વાત છે કે ધર્મ ભંગાણ હોવું ન જોઈએ અને થયું છે.

પ્રથમ તો આપણે જાણવું જોઇએ કે સનાતન અને સતપંથનો ઉપયોગ કઇ

રીતે અને શા માટે થયો છે. સનાતન શબ્દનો અર્થ 'પરાપૂર્વથી ચાલ્યો આવતો" એમ થાય છે. એટલે કે સદીઓ પહેલાં સદીઓથી ચાલ્યો આવતો ધર્મ આ ઉપરથી સનાતન ધર્મ ખૂબ જ જૂનો ધર્મ કહી શકાય.

જ્યારે સતપંથ એટલે સત્યનો માર્ગ પરંતુ "સત્યનો માર્ગ"નો અર્થ કયાં અને શા માટે વાપર્યો છે તે પણ જાણવું હિતાવહ છે ભગવદ્ ગીતામાં કૃષ્ણની વાણીમાં "સત્યનો માર્ગ" આવે છે. એટલે કે સત્યનો માર્ગ હિન્દુ ધર્મમાં આવે છે નહીં કે મુસ્લીમ ધર્મમાં. પરંતુ પીરાણાપંથના સંચાલકોએ લોકોને ઉંધે રસ્તે દોરી સત્યના માર્ગને સતપંથ ગણાવ્યો છે. પોતે ઉપજાવી કાઢેલા ધર્મ અંગેના નિતીનિયમોને સત્યનો માર્ગ ગણાવી પેઢી દર પેઢી અલગ અલગ રીતે સમજાવાય છે.

ભગવદ્ગીતા, કુરાન કે બાઇબલમાં કયાંય એવું લખાણ નથી કે ધર્મની નિંદા કરી અનુયાયીઓની સંખ્યા વધે તે માટે અવળો પ્રચાર કરો. અને અનિષ્ટતાને સહારો આપો. પરંતુ પીરાણાપંથી ધર્મ પ્રચારકોએ પોતાનામાં રહેલા કપટના કારણે કાફર (તેઓના માનવા પ્રમાણે હિન્દુઓ)થી હમેંશા અવળું કરવું એમ શીખવાડયું છે. તેથીજ હિન્દુઓ કરતાં મુસ્લીમોની સંપૂર્ણ પણે અલગ ધર્મ વિચારસરણી તથા અલગ વિચાર છે. તેઓએ હંમેશાં ભ્રામક પ્રચાર કર્યો છે અને તે આપણું અજ્ઞાન માનસ તે સમયે જલ્દી સમજી શકે તેમ ન હતું.

માફ કરજો, સતપંથી ભાઈઓ કદાચ આપને હું અયોગ્ય સવાલ કરૂં તો દરગુજર કરશો. આપ આપની ઓળખાણ હિન્દુની આપશો કે પછી મુસ્લીમની ? આપ આપની ઓળખાણ હિન્દુ તરીકેની તેમાંય "કડવા પાટીદાર" તરીકેની શા માટે આપો છો ? જવાબ હું આપું, આપ હિન્દુ હોવાના નાતે હિન્દુની ઓળખાણ આપો છો અને એથીયે આગળ વધીને કચ્છી પટેલ તરીકેની ઓળખાણ આપો છો. કારણ કે આપ હિન્દુ છો પરંતુ આપનું વર્તન હિન્દુને છાજે તેવું નથી. કારણ કે અપમાનમાં અસત્યની ભાવના છૂપાયેલી છે, લઘુતાગ્રંથીથી પીડાઓ છો

આપણી સમસ્ત સમાજ એક વખત "વિધર્મી"ના ભ્રામક પ્રચારમાં સપડાઈ હતી. પરંતુ કહેવાય છે કે જયારે અધર્મનો અંત આવવાનો હોય ત્યારે કાળ કદી પોતાનું પગલું ભુલતો નથી. આપણને પણ એક અણમોલ રત્ન સાંપડયું અને તે શ્રી નારાયણ રામજીભાઇનો જન્મ. તેઓના અથાગ પુરૂષાર્થ અને અપ્રતિમ જુસ્સાના કારણે જ્ઞાતિ પ્રત્યેની લોહીમાં વણાયેલી ઉત્કૃષ્ટ ભાવનાના કારણે સમાજનો વિશાળ વર્ગ ધર્માંતરમાંથી બચી ગયો.

આ ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે સમાજનો વિશાળ વર્ગ હિન્દુ ધર્મ પાળતો સનાતન ધર્મી હોય તો કાંઇ સમાજનો વિશાળ વર્ગ એવી કદી

ભૂલ ન કરે કે સતપંથી કહેવાતા ખુબ જ નાના વર્ગનો ધર્મ પાળે, તેઓ સમાજનું હિત હોય એ જ ધર્મ પાળે બધાં મૂર્ખ છે, એમ માનવું અયોગ્ય અને અસ્થાને છે

પીરાણાપંથના સંચાલકોએ અબુધ અજ્ઞાન લોકો સદાય ધર્મ પકડની નાગચૂડમાંથી ન છટકે તે માટે તેઓએ ગોળીને પવિત્રતાની નિશાની ગણાવી છે. ભુલથી પણ હિન્દુઓના દેવસ્થાને જઈ આવ્યા હોઇએ તો ઘેર પાછા ફરીને પહેલું કાર્ય ગોળી લેવાનું થાય છે કે જેથી મંદિરમાં જઇ આવવાથી થયેલ અપવિત્ર દેહનું શુદ્ધિકરણ થાય. જો આપ "ઇશ્વરીય શકિત" કાંઈક છે એમ માનતા હોય તો પવિત્ર–અ–પવિત્રતાનો સવાલ પેદા કરવો મૂર્ખામીભર્યું ગણાય કોઇ પણ દેવસ્થાને જવા માટે પવિત્ર દેહની જરૂર પડતી નથી. પરંતુ તમારા દિલમાં રહેલી શ્રદ્ધા અને ભગવાન પ્રત્યેની અપ્રતિમ ભાવનાની જરૂર પડે છે, નહીં કે વિકૃતિના વાઘા પહેરાવેલ ભાવનાની.

સૈયદોનું એઠું પાણી પીવાન પ્રસાદી તરીકે

મારા ખ્યાલ મુજબ ભોજન સમાપ્તિ બાદ સૈયદોના કોગળાને પ્રસાદી કે અમૃત માની ભાવિકજનોને એવું મલિન પાણી અપાય છે. તો મારે એટલું જ કહેવું છે કે હિન્દુઓ ભગવાનની મૂર્તિ આગળ રાખેલું પાણી પણ આરતી પૂજન બાદ અમૃત માની ચરણામૃત ગણી ભાવિકોને પ્રસાદ રૂપે આપે છે. પરંતુ તે પાણી બિલકુલ સ્વચ્છ અને નિર્મળ હોય છે જ્યારે સૈયદોના કોગળાના મલિન પાણીને આપ અમૃત કઇ રીતે સમજો છો તે મારી સમજમાં આવતું નથી

બીજી એક દુઃખદ બીના એ છે કે પીરાણાપંથના સંચાલકો પીરાણા ધર્મી કુટુંબો પાસેથી આવકનો અમુક ભાગ લઈ લે છે એવું જાણવા મળ્યું છે. જો આ વાત સત્ય હોય તો આનાથી બદનસીબી બીજી કઈ હોય! પોતાના બાળકોનું કે પરિવારનુ કલ્યાણ થાય કે ન થાય પરંતુ અમુક ભાગ આપવો એટલે આપવો. માનવ કલ્યાણમાં રોકાયેલ પૈસો એ જ ઉચામાં ઉંચો ધર્મ છે. આ વાતને ધ્યાનમાં લઇએ તો બહુ સારૂં કારણ કે આનાથી આપણું ભાવી કદી ઉજળું નહીં બને.

બંગલા દેશનો દાખલો ટાંકતા હું માત્ર એટલું જ કહી શકું કે ધિક્કાની ધરાની નિતી અપનાવતા પાકિસ્તાની લશ્કર સામે પ્રચંડ સામનો કરવાની શકિત શું માત્ર મુકિતવાહીનીમાં હતી? લશ્કરનો સામનો કરવામાં જો હિન્દુરાષ્ટ્ર ભારતે મદદ ન કરી હોત તો શું મુકિતવાહિનીમાં આઝાદી મેળવવાની હેસિયત હતી? બિલકુલ અશક્ય હતું, અસંભવ હતું. આ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે હમેશા નાના વર્ગને મોટા વર્ગનો સહારો ગમે ત્યારે ય લેવો પડે છે. એમાં કોઇ છૂટકો નથી, શંકા રાખવી અસ્થાને છે. અને કદાચ પોતાના હિતની અવગણના કરીને ન સમાય તો તેનું

પરિણામ ભોગવવું પડે છે. તો આપ સમજશો એવી આશા રાખું તો ખોટું તો નથી જ !

આશ્ચર્યની વાત તો એ છે કે ભણેલ વર્ગ પણ સમજવા તૈયાર નથી, સારાં નરસાંનો ખ્યાલ તટસ્થા પૂર્વક કરી શકતો નથી વડીલોનું અજ્ઞાન માનસ કદાચ ચીલાચાલુ પ્રથા ન છોડે તે સમજી શકીએ અથવા તો તેઓ સમજવા તૈયાર ન થાય પરંતુ આજના અણુયુગમાં અભ્યાસ કરતો ભણેલો વર્ગ "શું હોવું જોઇએ" અને "શું કરવું જોઇએ" તેનો પણ નિર્ણય ન લઇ શકતો હોય તે ખરેખર શરમજનક વાત છે અને શા માટે પગલાં ભરતા નથી એ પણ એક દુઃખદ બીના છે.

જાન્યુઆરી માસમાં તંત્રી સ્થાનેથી અપાયેલ લેખ પરત્વે પીરાણાપંથી ભાઇ-ઓની લાગણી દુભાઇ હતી. અને મારા જાણવા પ્રમાણે તંત્રી પોતાનું લખાણ પાછું ખેંચીલે તેવી તજવીજ પીરાણાપંથી ભાઇઓ તરફથી કરવામાં આવી હતી. જો આ વાત સત્ય હોય તો મારે આ માટે એટલું જ કહેવાનું છે કે સત્યની ખબર ક્યારે પડે ? સત્યતા રજુ કરવા માટે વ્યકિતગત રીતે ન મળાય અને તેમાંય તંત્રીએ ખોટું પણ શું કર્યું છે ? એક નક્કર સત્યતા બતાવી છે. અને સત્ય હમેશાં બધાને આકરૂ લાગે છે કારણ કે સત્ય છે ને એટલે ! આપ આવાં અઘટિત પગલાં ભરવા પ્રેરાઓ તે આપને કેટલે અંશે વ્યાજબી લાગે છે એમ કેમ માનતા નથી કે આપના પ્રત્યે હમદર્દી બતાવવા સત્યતા રજુ કરી છે. એક કણબી ભાઇ પર આવા અવિચારી અઘટિત પગલાં ભરે અને તે પણ જેને પોતાનો ધર્મ ન કહી શકાય તેના માટે ? ! આ વાતનું સ્વરૂપ સમજીએ તો ઘણું મોટું અને હાનિકર્તા કહી શકાય ન સમજીએ તો કાંઈ નહી, કોઇ ઉપાય નહી, સર્વથા અર્થહીન.

ફેબ્રુઆરી અંકમાં શ્રી નાનજીભાઇએ માનવીના મૃત્યુ સમયે અગ્નિસંસ્કારનો આગ્રહ રાખ્યો છે તે ખરેખર વ્યાજબી યોગ્ય અને સત્ય છે. કારણ કે જે હિન્દુ તરીકે પેદા થયો છે તેને કદી દાટવામાં આવતો નથી. આજે નહીં પણ અનાદિકાળથી ચાલી આવતી પરંપરા છે. અને તે હિન્દુઓનો ધર્મ છે. ધર્મની રીતિ છે આપ પણ કોઇ ધર્મ ઉપદેશકને પુછી જુઓ કે હિન્દુને કદી દાટવામાં આવ્યો છે ખરો ? હિન્દુની દફનક્રિયા થઇ શકે ખરી ? આપને જવાબ નકારમાં જ મળશે એમાં કોઈ શંકા નથી. તો આ બાબત પર આપનું ધ્યાન દોરાય તો ઘણુ સારૂં.

મેં આપેલ લખાણમાં કદાચ ક્ષતિ પણ હોઇ શકે "માનવ માત્ર ભુલને પાત્ર" જેમ આપે આપના જીવનમાં ભુલ કરી છે તેમ મેં પણ લખાણમાં કરી હોય તો આપ તટસ્થતા પૂર્વક વાંચશો અને યોગ્ય લાગે તો આચરણમાં મુકશો. એજ આશા રાખી શકું. ★

મહિમા

પટેલ જીતેન્દ્રકુમાર એન.
અમદાવાદ

"આદર્શ સાત શબ્દોનો મહિમા એટલે જીવનની સફરમાં સફળતા"

દેહ :- દેહ સાધ્ય નહીં સાધન છે. એને પોષણ આપી દુષ્ટ ન કરશો ભોગ ભોગવવા એ જ જીવનની કૃતકૃત્યતા છે એમ કદી ન માનશો. માનવદેહ એવુ ઉત્તમ સાધન છે કે જે વડે માણસ દિવ્ય બની શકે છે ને જીવનની ઉચ્ચતર સપાટી ઉપર પણ પહોંચી શકે છે. આ શરીર આપણને ભગવાને આપ્યુ હોઇ તેનો ઉપયોગ એ રાજી રહે એ રીતે કરવો જોઈએ. આપણા શરીર પર પ્રભુની માલિકી હોઇ એને ફેંકી દેવાનો ખોટે રસ્તે ઉપયોગ કે આત્મહત્યા કરવાનો આપણને કોઇ હક્ક નથી એ તો કાયરનું કૃત્ય છે. દેહની પૂજા પણ ન કરશો, અવહેલના પણ ન કરશો શરીરને કહ્યાગરું બનાવો. જેટલું એને કસશો એટલું એ સુંદર બનશે. ઘસાતું લોઢું ને કસાતું શરીર ઉજળું ને સુવાળું જ રહે. શરીર તો આત્માનું મંદિર છે એને પવિત્ર રાખજો, સદ્ગુણોથી શણગારજો ને સર્વાંગી સુંદર કરજો.

મા–બાપ : મા બાળકને માટે ઇશ્વર છે. માતામાં જેટલા પ્રમાણમાં જ્ઞાન અને કુશળતા હોય છે તેટલા પ્રમાણમાં છોકરીમાં આવે. મા બાળક સાથે વાતો કરે એટલે સંગીત જરે છે નાનું બાળક પણ આ વાત સમજે છે કારણ કે હૃદય હૃદય વચ્ચેની વાર્તા હોય છે. સાચી સમજણના અભાવે મા–બાપ પ્રેમ કે વહાલના બહાને બાળકોમાં કુસંસ્કારના બી રોપી જાણ્યે અજાણ્યે એમને મોતના મોં માં ધકેલી મૂકે છે. મા–બાપનું એક એક આચરણ બાળ કેળવણીનો પાઠ છે.

પ્રાર્થના : પ્રભુના ગુણોનો મહિમા ગાવો એનું નામ સ્તુતિ, એવા ગુણો પોતાનામાં આવે એવી માગણી કરવી એનું નામ પ્રાર્થના ને એ ગુણો જીવનમાં ઉતારી તદાકાર થવું એનું નામ ઉપાસના. આંખો બંધ કરીને બેસવું એ કાંઈ પ્રાર્થના નથી. શુભ ઇચ્છાની પૂર્તિ માટેનો પુરુષાર્થ એટલે પ્રાર્થના. પ્રભુએ આપેલી પોતાના હાથ પગ પર ઉભા રહેવાની શકિતનો પુરે પૂરો ઉપયોગ કરવો તે પ્રાર્થના

મંદિર:–મંદિર એટલે જ્ઞાનની ઉપાસના માટેની જગા.

મંદિર એવું હોવું જોઈએ કે જ્યાં ગયા પછી જીવનમાં ઉત્સાહ આવે હતાશ થયેલો માનવ આશાવાન થાય ને જીવનમાં આશ્વાસન મેળવી ઊભો થાય મંદિરની સંપત્તિ ભગવાનની છે. એ તો સમાજમાં પ્રભુભકિત વધારવા માટે જ વાપરવી જોઇએ એ રીતે વપરાતી ન હોય એવા મંદિરને સંપત્તિ આપનાર આપીને પણ પાપી થાય છે. સમાજમાં મંદિર અસંખ્ય હોય છે ને મંદિરમાં દર્શને જનારા પણ હજારો હોય છે. છતાં સમાજમાંથી ભોગજીવન નાબૂદ

 [illegible]જીવન સ્થપાતું ન હોય તો નક્કી માનવું કે કાળ બગડેલો છે. સરસ્વતિના મંદિરમાં તો પ્રાણોનું પ્રસ્ફુરણ હોવું જોઇએ કે નિરાશાના નિશ્વાસો.

ધર્મ : માનવીને સંન્નિષ્ઠ બનાવી કાર્યરત રાખે તેનું નામ ધર્મ. ધર્મનું નાનકડું કાર્ય પણ મહાભયમાંથી ઉગારી લે છે. ધર્મ જીવનદાયી હોવો જોઇએ. જીવનથી વિમુખ બનાવે. યુવાનોને પ્રેરણા આપવામાં નિષ્ફળ જાય ને જડત્વ આપે તે ધર્મ ધર્મ નથી. માનવોને પ્રેમથી જોડે તેનું નામ ધર્મ. માનવસબંધોમાં વિષ પ્રગટાવે તે અધર્મ માનવીની વૈયકિતક તેમજ સામાજિક ઇહલૌકિક તેમજ પરલૌકિક જીવન પ્રણાલી માટેની પ્રેરક વિચાર અને આચારની સંહિતા એટલે ધર્મ. સ્વધર્મ–માતા જેવો છે,જ ન્મપ્રાપ્ત છે માતાની જેમ પસંદગી હોતી નથી. તેમ સ્વધર્મની પણ પસંદગી હોતી નથી.

સમાજ : સમાજ જો અન્યાયને પોષક કર્મો કરે તો તેને પરિણામે સમાજમાં ગરીબી, મારામારી, ધર્મમાં સંકુચિત પણું અશાંતિ ફેલાય છે અને એના ફળ દરેકને ભોગવવા પડે છે. જો સમાજની દરેક વ્યકિત પોતાનો ધર્મ અતિશય ચીવટથી પાળે તે સમાજ શ્રેષ્ઠ બને છે. અંગત સ્વાર્થ માટે આખા સમાજને નુકશાન ન કરાય. શરીરનું હોય, સમાજનું હોય કે દેશનું એક અંગ દુબળુ હોય ને બીજુ ફુલેફાલે એ તંદુરસ્તીનું લક્ષણ નથી, પણ કલંક છે. જ્ઞાન, બળ, સંપત્તિ અને સેવા સમાજજીવનના આ ચાર પાયા છે. સમાજ એ શાંતિનો આશ્રમ છે. ત્યાં દુષ્કૃત્યો, ધર્મમાં સંકુચિત પણું ન હોવું જોઇએ. પ્રભુ—હે પ્રભુ તારા તરફ જોતાં જીવન સૌંદર્ય લાગે છે તે જગત તરફ જોતા જીવન કર્તવ્ય લાગે છે. પ્રભુના આચરણ પાસે જાય એ વિષય પણ પ્રસાદ બની જાય. બટાકા પૌઆમાં છાંટેલુ કોપરુ કહેવાય પણ જ્યારે મંદિરમાંથી મળેલા કોપરાને પ્રસાદ કહેવાય છે. પ્રભુના દિવ્ય હાથમાં ઉત્સુક સાધન (માનવ) હુ છું પ્રત્યેક કાર્યક્ષેત્રમાં તેણે મને નીમેલો છે મારુ જીવન એટલે તેની જ લીલા, મારો દેહ એટલે તેનું મંદીર ત્યાં બેસીને એ જ મારી જીવન નૌકા ચલાવે છે. કારણ કે એ જ મારો તારણહાર પરમમિત્ર અને રક્ષક છે. પ્રભુ એટલો દયાળુ છે એ દુ:ખ આપીને જ અટકતો નથી પણ દુ:ખની સાથે સહેવાની શકિત આપે છે. આપણે અહીં આવ્યા છીએ તેમા ઇશ્વરે આપણને માણી જોવાની તક આપી છે. ત્યારે માણી જોઇએ કે આપણામાં કેટલું બળ છે. જે વસ્તુની જ્યાં જરૂર છે તે વસ્તુ ઇશ્વરે ત્યાં પહોંચાડી જ હોય છે ઇશ્વરની દુનિયામાં તો કોઇ ભૂખ્યું ન રહે એવી યોજના છે. કેટલાક આંતરી લે છે એટલે બીજાને ઓછું પડે છે. ઇશ્વરની સૃષ્ટિમાં દરેકને મહેનત કરીને ખાવાનો હકક છે, ભેગું કરવાનો નહીં ઇશ્વરે દુ:ખ આપ્યું છે તો નિવારવાનો ઉપાય પણ આપ્યો છે.

★

પાંચમી તારીખે ખિસ્સા ખાલી ?

કાન્તિલાલ વી. પટેલ
ગોટાડીલાટ

"પૈસો એ જ પરમેશ્વર" આજના જમાનામાં આ કહેવતની પ્રતિતી થાય છે. જીવનના પ્રત્યેક વ્યવહારમાં પૈસાની અગત્યતા ડગલે ને પગલે માલુમ પડે છે. ઉચ્ચ શિક્ષણ મેળવવું હોય કે પછી રોજંદો જીવન નિર્વાહ ચલાવવો હોય તો પણ પૈસાની માયાજાળમાંથી માનવી છૂટી શકતો નથી. તેથી "પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ" એમ માની ઘણા લક્ષ્મી પૂજકો આંખો મીંચીને પૈસાની પાછળ દોટ મૂકતા માલૂમ પડે છે. પરંતુ ગમે તેવું, ખોટું ખરું કરીને મેળવેલો પૈસો સમાજને અધઃપતન તરફ ખેંચી જાય છે, એમાં નથી કુટુંબનું કલ્યાણ કે નથી દેશનું.

"આમદાની અઠ્ઠી ઔર ખર્ચા રૂપય્યા" ના ગીત જેવી આજે દરેકની સ્થિતિ છે. વ્યક્તિ જેટલું કમાય છે તેથી વધુ ખર્ચના આંકડા તેની નજર સામે નાચવા માંડે છે. દરેકને એક યા બીજી વસ્તુમાં કરકસરનો આશ્રય લેવો પડે છે. હજાર રૂપિયા કમાનારને પૂછશો તો કહેશે "પૈસા ક્યાં ખર્ચાય છે તે ખબર જ પડતી નથી." અને સામાન્ય માણસને તેના બજેટ વિષે પૂછશો તો કહેશે "બજેટ કેવું અને વાત કેવી ? અહીં તો કમાણી આઠ આનાની નેખર્ચ રૂપિયાનો છે. કમાવાનું કામ આપણું ને ખર્ચવાનું બૈરાનું" એમને જે કરવું હોય તે કરે, આપણને કંઈ ખબર નથી.

આ રીતે છેવટે તો હોય એટલી કમાણીમાં ઘર ચલાવવાની જવાબદારી સ્ત્રી ને શીરે આવે છે. તે બિચારી ક્યાં ક્યાં પહોંચી વળે ? વળી જો કુટુંબ મોટું હોય તો "એક સાંધે ને તેર તૂટે" એવી તેની દશા થાય છે. પહેલી તારીખે ઉઘરાણી કરનારાઓની લાઈન લાગી હોય છે. દુધવાળાનું બીલ, ઘર ભાડું, કરિયાણાનું બીલ, કાપડનું બીલ, ડોકટરનું બીલ, બાળકોનું શિક્ષણ ખર્ચ અને ઉધાર લીધેલા પૈસાનું વ્યાજ આપવામાં જ દસ દસની નોટો ચપોચપ ઉપડી જાય છે. અને પાંચમી તારીખ સુધીમાં તો વધ્યું ઘટ્યું પરચુરણ પણ ખલાસ થઇ ખિસ્સુ ખાલી થઈ જાય છે.

જ્યાં પાંચમી તારીખ પહેલાં ખિસ્સાં ખાલી થતાં હોય ત્યાં મનોરંજન કે અન્ય જરૂરી ખર્ચ પણ ક્યાંથી થઈ શકે? ગરિબાઈ અનેક દુર્ગુણોનું મૂળ છે. જ્યારે માણસને ખાવાના સાંસા પડે છે ત્યારે તે છેતરપિંડી અને સાચું-ખોટું કરવા ન છૂટકે પ્રેરાય છે. તેથી સમાજમાં લાંચરૂશ્વત, અપ્રમાણિકતા અને છેતરપિંડી વધતાં સરવાળે સમાજ નૈતિક અધઃપતનને માર્ગે વળે છે. બેકારી અને બિમારી સાથે સાથે જાય છે. અને આવા સંજોગોમાં બાળકોની લંગાર હોયતો "વધુ સંતાન વધુ સંતાપ" ની કહેવત અક્ષરશઃ સાચી પડે જ છે.

(પ્રભુતાને પગલે પગલે માંથી) ★

'વીટો' શું છે?

રજુઆત: **રેવનદાસ સોમાભાઇ પટેલ**
મગોડીલાટ (રતનપુરક પો)

ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ દરમ્યાન વારંવાર સંભાળાતો, 'વીટો' શબ્દે સામાન્ય માણસને ગુંચવી નાખ્યા. આ પરિસ્થિતિમાં, વીટો એટલે શું? એ સવાલનો જવાબ મેળવવો આપ સહુને ગમશે જ.

ઇ. સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ થયું. એક પક્ષે ઇગ્લેન્ડ, ફ્રાન્સ અને રશિયા હતાં જે પોતાને મિત્ર રાજ્ય તરીકે ઓળખાવતાં. જ્યારે સામા પક્ષે જર્મની, ઓસ્ટ્રેલિયા અને ઈટાલી હતા. ઈ. સ. ૧૯૧૯ માં યુદ્ધ પૂરું થયુ. મિત્ર રાજ્યોએ અનેરા આનંદથી પોતાની જીતને વધાવી લીધી અને યુદ્ધ આખરે બંને પક્ષો વચ્ચે વર્સેલ્સની સંધિ થઇ તે વખતે અમેરિકાના પ્રમુખ શ્રી વુડ્રો વિલ્સન હતા તેમને એક અનેરો ખ્યાલ સુઝયો જેને પરિણામે 'રાષ્ટ્રસંઘ' (લીંગ ઓફ નેશન્સ)ની સ્થાપના થવા પામી. ઇ. સ. ૧૯૨૦ ના જાન્યુઆરીની ૧૦મી એ તે માટે સ્થળની સ્થાપના જીનીવા ખાતે થઇ. ઘણા વર્ષો સુધી આ રાષ્ટ્ર-સંઘ કામ કરતું રહયું. અનેક સફળતાઓ અને નિષ્ફળતાઓ જોઈ પ્રથમ વિશ્વ વિગ્રહમાં હાર પામેલું જર્મની પોતાનું અપમાન સાંખી ન શકાયું અને ઇ. સ. ૧૯૩૯ માં બીજુ વિશ્વયુદ્ધ શરૂ થયું. ૧૯૪૫ માં આ મહા ભયાનક યુધ્ધનો અંત આવતાં અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ ઇંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચિલ અને રશિયાના વડા સ્તાલીન પ્રેરણા સમાએલી હતી. આ વખતે સ્થળ તરીકે સાનફ્રાન્સિસ્કો પસંદ કરવામાં આવ્યું એની સ્થાપના થઈ તે દિવસ હતો ઇ. સ. ૧૯૪૫ ના ઓકટોમ્બરની ૨૫ મી નો અને તે વખતે દુનિયાનાં પચાસ રાષ્ટ્રો તેનાં સભ્યો બન્યાં.

આ રાષ્ટ્રસંઘનો વહીવટ સરળ રીતે ચાલે તે માટે રાષ્ટ્રસંઘે ૬ સમિતિઓની સ્થાપના કરી તે નીચે મજબ છે ૧. મહા-સમિતિ ૨. સલામતિ સમિતિ ૩. વાલી સમિતિ ૪. આંતરરાષ્ટ્રિય ન્યાય અદાલત સમિતિ ૫. આર્થિક સમિતિ ૬. સામાજિક સમિતિ–ઉપરની સમિતિઓમાંથી 'વીટો'ને કેવળ સલામતી સાથે જ સંબંધ છે તેથી બીજી સમિતિ વિશે ન જોતાં કેવળ સલામતિસમિતિવિશેજ જાણીએ, આ સમિતિમાં કુલ્લે ૧૧ સભ્યો છે તેમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન એ પાંચ કાયમી સભ્યો છે. બાકીના ૬ સભ્યોને સભ્યપદ માટે ચૂંટણી લડવી પડે છે આ સમિતિ કોઇપણ નિર્ણય કરે તે માટે કુલ સાત મતની જરૂર પડે છે એટલે કે ૧૨ માંથી ૭ સભ્યો રાષ્ટ્રોનો ટેકો કોઇપણ ઠરાવ માટે જરૂરી છે વળી તેમાં પાંચ કાયમી સભ્યો માંથી પાંચેય સભ્યો સહમત હોવા જોઈએ એમાંથી એકેય કાયમી સભ્ય ઠરાવની વિરૂધ્ધ મત આપે તો તે 'વીટો' વાપર્યો એમ કહેવાય. 'વીટો' કરવાથી કોઇપણ ઠરાવ પસાર થઇ શકતો નથી.

1972 -Jagruti (189)
1972-03 -Jagruti

વિદ્યા દેવી—
સરસ્વતિ



પટેલ
લાલજીભાઈ ખીમજીભાઈ
મગોડીલાટ
(દહેગામ)

સરસ્વતી–મહર્ષિ બ્રહ્મા અને દેવી સાવિત્રીની પુત્રી, તે અત્યંત સુંદર અને રૂપવતી હતી. બ્રહ્મા અને સાવિત્રીએ પોતાના પુત્રો સનક, સુનંદ અને સનંતકુમાર આદિની સાથે સરસ્વતીને પણ વેદશાસ્ત્રનું જ્ઞાન આપ્યું હતું. સરસ્વતીએ વેદ વિદ્યા અને અન્ય શાસ્ત્રોમાં સારી પેઠે મન પરોવ્યું હતું તેથી કરીને તેનું આયુષ્ય આનંદમયી બન્યું. સરસ્વતી સઘળી વિદ્યાઓની સાક્ષાત દેવી ગણાવા લાગી. જ્ઞાન વિદ્યામાં એ ઘણી નિપુણ હતી. હાથમાં સિતાર લઈને ઈશ્વરની પ્રેમ ભકિતમાં લીન થઈને એ એવાં ભજનો ગાતી હતી કે જે સાંભળી મનુષ્યો જ નહીં પશુ પક્ષીઓ પણ મુગ્ધ થઇ જતાં. એણે પોતાની તીવ્ર બુદ્ધિથી સંસારમાં ઘણી વિદ્યાઓનો પ્રચાર કર્યો. સંસ્કૃતના બ્રાહ્મણાદિ ગ્રંથોમાં જે ભાષા મળી આવે છે તે ભાષા એણે ઘડી છે. સભામાં વ્યાખ્યાન આપવાનું પણ સરસ્વતીએ જ કરેલું.

સરસ્વતી અત્યંત પ્રતિષ્ઠીત અને પૂજનિય દેવી હતી. જે પ્રાચીન સમયમાં ઋષિકુમારો ઘણા સુશિક્ષીત હતા તે સમયે સરસ્વતીને યોગ્ય વર ન મળ્યો તેથી એણે પોતાની આખી જિંદગી બ્રહ્મચર્ય પાળી રાત દિવસ વિદ્યા અને નીતિનું શિક્ષણ મેળવવામાં ગાળી, પ્રાચીન સમયમાં કન્યાઓને ઈચ્છાનુસાર કુંવારી રહેવાની છૂટ હતી. સરસ્વતી તેના ઉદાહરણ રૂપે છે. બ્રહ્માના સમયથી તે જૈમિનીના સમય સુધી સરસ્વતીએ આપેલા શિક્ષણનો પ્રચાર આ દેશમાં ઘણો સારો રહ્યો. સરસ્વતીનું તાત્પર્ય પ્રાચીન સમયમાં આ દેશમાં સારી પેઠે સમજાવ્યું હતું. વિદ્યાભ્યાસ માટે તેણે ચલાવેલા નિયમોનું સારી પેઠે પાલન થયું હતું. પણ આજકાલ દશા બદલાઇ ગઈ છે. મયુરાસન ઉપર બીરાજેલી વીણાધારી દેવી સરસ્વતીના દર્શન તો આપણે સૌ કોઇ કરીએ છીએ પણ એ દર્શનનો વાસ્તવિક આશય તેમણે બતાવેલા જ્ઞાન ઉપાર્જન કરવાને જરા પણ યત્ન કરતા નથી.

દિવાળીનો દિવસ એ પવિત્ર વિદ્યા દેવીનું સ્મરણ કરવાનો દિવસ છે. એ દિવસે સરસ્વતીની પુજા કરાવીને બાળકો વિદ્યારંભ કરતાં હતાં. પુખ્ત ઉંમરના લોકો હિસાબ કિતાબ તપાસતા હતા એ સમયે વિદ્યા ભણવાની પ્રતિજ્ઞા કરતા હતા અને એ પ્રમાણે સરસ્વતી દેવીની પ્રતિષ્ઠા કરીને પોતાનાં આચરણો સુધારતા હતા. 'સાપ ગયા અને લીસોટા રહ્યા' એવી આપણી દશા થઇ છે આજે. પણ આપણા પ્રાંતમાં દિવાળીનું મોટું પર્વ મનાય છે. વેપારી ભાઇઓ

એ સમયે અવશ્ય શારદા પૂજન કરે છે. પણ વિદ્યાના ગુઢ આશય પર વિચાર કરવામાં જે સમય ગાળવો જોઇએ તેનો મોટો ભાગ નકામા સહેલ સપાટા મારવામાં તેમજ આતસબાજી ફોડવામાં અને જુગાર રમવામાં ગાળવામાં આવે છે. પવિત્ર રાત્રીએ જુગારમાં લાખો રૂપિયાનું પાણી થઈ જાય છે. કેટલાઓનાં ઘર ઉજ્જડ થઈ જાય છે.

કેટલીય સ્ત્રીઓની નાકની વાળીઓ સુદ્ધાંત ઉતારીને જુગારમાં દાવ ખેલાય છે. અને કેટલાંય નિર્દોષ બાળકો એ રાત્રિએ નિરાધાર થય છે. આ પ્રમાણે ઘણી જગ્યાએ જાગરણ કરીને સરસ્વતીનું સ્મરણ અને પૂજન છે.

દેશની દશાજ કાંઈક અવનવી થઇ ગઈ છે, જે આપણા વિદ્યારંભ અને ઉન્નતિનો દિવસ ગણાય છે, જે દિવસે પવિત્ર માતા સરસ્વતીનું નામ લઇને આપણે જ્ઞાનની ઉન્નતિ કરવાનું તેજ દિવસે આગણા ઘણા ભાઇઓ પોતાના અને પોતાના કુટુંબના વિનાશનું કારણ બનાવી દે છે.

સરસ્વતી નામની એક નદી પણ આપણા દેશમાં વહે છે. આપણા ગુજરાતમાં સિદ્ધપુર ક્ષેત્ર એજ નદી ઉપર વસેલું છે. વિદ્વાનોનું માનવું છે કે એ નદીને કિનારે પ્રાચીન સમયમાં વિદ્યાર્થીઓના આશ્રમો હતા. ત્યાં રૂષિમુનીઓ એકઠા થઇને મધુર સ્વરથી વેદનો ધ્વની કરતા હતા અને એ આશ્રમમાં ભણી આખા દેશમાં વિદ્યાનો પ્રચાર કરતા હતા. વાસ્તવમાં એ એક પવિત્ર સ્થાન હતું. જ્યાં શુધ્ધ વિચાર અને પવિત્ર આચરણ કેમ રાખવું તેનો બોધ અપાતો હતો આજ તો સરસ્વતીની કેવળ એટલીજ પ્રતિષ્ઠા થાય છે કે એ નદીમાં સ્નાન કરવાથી મોક્ષ મળશે. આજ પણ એ નદીને કીનારે સિધ્ધપુર ક્ષેત્રમાં પ્રાચીન ગૌરવ ઋષિઓના સંતાનો ઔદીચ્ય બ્રાહ્મણો ઘણી મોટી સંખ્યામાં રહે છે. પણ સરસ્વતીનું પ્રાચીન ગૌરવ જાળવી રાખે એવું કોઇ વિદ્યાલય કે ગુરૂકુલ ત્યાં નથી. જો આપણા દેશ બંધુઓ સરસ્વતીના સ્નાનનો ખરો મહીમા સમજે તો જલદીથી પોતાના આત્માને શુધ્ધ અને આચરણો દ્વારા પવિત્ર કરીને મોક્ષ પદને પામી શકે છે.

સરસ્વતીનું નામ આજે પણ આપણને સત્યના માર્ગ ઉપર ચાલવાનો ઉપાય બતાવે છે. અને આશા રાખવામાં આવે છે કે આર્ય સંતાનો કોઇ પણ સમયે સરસ્વતી માતાના ખરા પુત્રો કહેવડાવવા યોગ્ય બનશે અને માતાના નામની યથાર્થ પ્રતિષ્ઠા કરીને દેશની અને સમાજની દશા સુધારશે એ સમયે ચારે તરફ વેદનો મધુર સ્વર સંભળાશે આપણી ગૃહદેવીઓ સરસ્વતીએ બનાવેલા નિયમો મુજબ ચાલીને પરમ વિદુષીદેવીઓ બનશે અને આપણા સમાજ સંસારને સ્વર્ગ ધામ બનાવશે.

સરસ્વતીદેવી અમે તારી યથાર્થ પ્રતિષ્ઠા કરવાનું જાણતા હોત અને શુધ્ધ અંતઃકરણથી તારી ભક્તિ અને પૂજા કરી હોત તો સનાતન સમાજને અજ્ઞાન-

(અનુ. પાન ૧૫ ઉપર)

* सामाजिक रोग और उसका निराकरण *

लेखिका :—कुमारी निर्मला पटेल
मदन महल, जबलपुर (मध्य प्रदेश)

आहार निद्रा भय मैथुन च
सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
धर्मो हितेषामधिको विशेषो
धर्मेणहीना पशुभिः समानाः

—हितोपदेशस्योबोद्धातात्

(भोजन, निद्रा, भय और वंश विस्तारेण ये गुण दोनो अर्थात जानवरो और मनुष्योमें समान रूप से पाये जाते हे। मनुष्यों में केवल धर्म की ही विशेषता अधिक है। अतएव धर्म हीन मनुष्य पशुके समान है।)

जिस प्रकार मनुष्यको रोग होते है और उसकी चिकित्सा होती है। उसी प्रकार समाजको भी रोग होते हैं क्योकि समाज भी लोगोका सामूहिक रुप हे। मनुष्य और समाज के रोगों में कुछ अन्तर होता है। मनुष्यो के रोग एक आदमी या उनके परिवारों पर असर डालते हैं सामाजिक रोग सारे समाज पर अपना कुप्रभाव डालते हैं मानव शरीर के रोग के कई कारण होते है। इसी प्रकार समाजके रोग भी कुछ तो आन्तरिक बुरी हालत के फल स्वरुप होते है और कुछ बाह्य हालत के समाज पर अहितकर असर डालनेसे होते हैं। इन रोगोका इलाज भी शरीर के रोगोंकी तरह किये जा सकते हैं। समाज में कुछ रोग पाये जाते हैं उनमें से मुख्य निम्न लिखित हैं।

समाजके रोगोंमें मानसिक प्राछीनता सबसे पहला घातक रोग हे। यह रोग कई छोटे छोटे रोगोको जन्म देता हे। इस रोग से रोगी में अपने दिमाग से सोचने की शक्ति बिल्कुल नहीं रह जाती वह दूसरोंके इसारे पर नाचता है। उस में सामूहिक भावना न रहकर स्वार्थ परता बढ जाती है जो स्वार्थ सिध्धि को ही सबसे बडा ध्येय बना लेता है इससे व्यक्तिका मस्तित्क, या दिमाग एसा हो जाता है कि उसे किसी भी काम में भलाई या बुराई दिखाई नहीं देती जो काम उसके लाभका होगा वह अच्छा और जो लाभका नहीं होगा वह बुरा। एसे आदमी स्वार्थ सिध्धिके लिये सब कुछ करनेको हर समय तत्पर रहते है। उनकी नजरमें कोई पाप और पुण्य नहीं।

दूसरे से उन्हें कोई वास्ता नहीं चाहे कोई मरे या जिये । उनका काम बने इस तरहकी भावनाओंसे भरे लोग व्यक्तिगत स्वार्थ साधनमें जुट जाते है जिससे कसमकस बढ जाती है । आपसमें लोगोंके स्वार्थ टकरा जातें है और जरासी बातमें एक दूसरेके जानी दुश्मन बन जाते है । आपसमें यदि एक दूसरेकी रक्षा नही करेंगे ते मैं पूछती हुँ कि आपकी रक्षा कैान करेगा? सामाजिक जीवनको एसी बीमारियां शीघ्र ही विनाशकी ओर ले जाती है अतः इस रोगका शीघ्र ही इलाज किया जाय । समाजको इस विषय पर विचार करना होगा अन्यथा इस रोग से समाजका पीछा नहीं छुडा सकेंगे । हम अपने सोचनेका दिष्टिकोण बदल दें ते शीघ्र ही आश्चर्य जनक सफलता मिल सकती है । अपना प्रत्येक काम करते समय सोचें कि हमारे इस कामका दूसरो पर क्या असर पडेगा शीघ्र ही भले बुरेका ज्ञान हमे हो जायेगा । और यहीं पर इन्सानकी पहचान होती हैं । यदि वह निश्चय हो अपने समाजके लिये अपने हृदय में स्थान रखता है । ते कोई शक्ति नहीं जो उसे अपने मार्ग से विमुख कर सके । इस रोग की जड दिमागी कायरता और अपने सदियों के इतिहासका बिना सोचे समझे अनादर है । यदि हम अपने इस दिमाग की कमजोरीको दूर करके सोच समजकर चले ते हम आसानीसे समाजके इस दोषको दुर कर कर सकते हैं ।

कहनेका तात्पर्य यह हे कि हमारे समाजके उत्थानके लिये हम प्रयत्नशील नही होगे ते उसका उध्धार कोन करेगा ? महाकवि भूषण के शब्दो में

"दाराकी न दोर यह रारि नहीं खजुवे की,
बांधिवो नहीं है किधौं मीर सहवाल को ।
मठविस्वनाथ को न वास ग्राम गोकुल को,
देव वो देहरा, न मन्दिर गुपाल को,,
गोढ गढ लीन्हें और बेरी कतलाम कीन्हें,
ढोर ढोर हासिल उगाहत है साल को,,
बूडति है दिल्ली सो समाई क्यो न दिल्लीपति,
धक्का आनि लाग्यो शिवराज महाकाल को ॥

—शिवा बावनी कवित्त ३५

अर्थात अब दिल्ली की ओर शिवाजी आ रहा है, वह (दिल्ली) भी डूबना चाहती हे, क्योंकि उसमें महाकाल शिवाजी का धक्का लग चुका है । हे औरंगजेब तुम्हें बचाना है ते उसे बचाते क्यों नहीं ?

सारांश यह है कि समस्त जातियां उन्नति कर रही है और आपके समाजका पतन हो रहा है तो आप उसको समालते कयों नहीं, आप उसका उत्थान कयों नही करते !

समाज सुधार करना केवल पुरुषोका ही कर्तव्य नहीं है अपितु यदि नारियां भी सहयोग दे तो समाज में शीघ्र सुधार लाया जा सकता है। परिवार समाजकी एक इकाई है नारी परिवार में महत्वपूर्ण स्थान रखती हैं और परिवारमें बच्चोको शिक्षा मिलती है। जेसा कि डा. बेनीप्रसादने कहा है कि कुटुम्ब शिक्षाका महत्वपूर्ण साधन है।" बालक प्रारम्भ से ही आपनी माता के संपर्क मे आता है माता के स्वभाव एवं गुणो का उस पर पूर्ण रुपेण प्रभाव पडता है। माता अपने बालक में सेवा, सहयोग, सहिष्णुता, सहानुभूति परोपकार, परिश्रम, आत्मत्याग, आज्ञापालन आदि गुणोका विकास कर सकती हैं और यही गुण व्यक्तिको समाज सेवा के लिये प्रेरित करते है। इसलीये कहा गया है कि "परिवार में ही बालक को प्रारम्भिक विकास और सामाजिक शिक्षा मिलती है।" अतः माताओ और बहेनो से में यही कहुँगी कि वे अपने बालकों मे एसे गुणोका विकास करें जिससे वे आगे चलकर समाज सेवा करें

अंतमें मे इतना ही कहुँगी कि यदि समाजमें सुधार लाना हो तो पुरुषके साथ नारी भी अपना सहयोग प्रदान करें जिससे हम शीघ्र अपने लक्ष्यकी पूर्ति कर सकें। ★

[પાના ૧૨નું ચાલુ]

તાનો દિવસ કદી ન દેખવો પડત. ઇશ્વર પાસે એજ પ્રાર્થના છે કે આપણા સમાજમાં અને દેશમાં સરસ્વતી દેવી જેવી કન્યાઓ ઘેર ઘેર ઉત્પન્ન થાઓ અને તેમના દ્વારા સનાતન સમાજનું મુખ ઉજ્વળ થાઓ, તારા અભાવે જે દુઃખ ભોગવી રહ્યા છીએ તે સર્વ દુઃખ નાશ પામો.

—અસ્તુ

[પાના ૧૦નું ચાલુ]

એમ ગણવામાં આવે છે કે સલામતી સમિતિની આ એક મોટી ખામી છે આ રાષ્ટ્રસંઘ એટલે કે યુનો, (યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનીઝેશન) નું મથક ન્યુયોર્ક ખસેડવામાં આવ્યું છે. અને તેનાં મંત્રી તરીકે શ્રી વાલ્ડહેમ સેવા આપી રહ્યા છે.

(રંગતરંગના આધારે)

★

વાંચનાલય !

રતિલાલ એસ. પટેલ
કાશીપુરાકંપા.

હતી તે દિન રજા હું ગયો ફરવાને;
પડી તે દિન મજા હું ગયો વાંચવાને.

પડી વાંચનાલયમાં મજા હું ગયો જાણવાને;
હતી વાંચનાલયમાં શાંતિ હું ગયો માણવાને.

હતી ચોપડીઓ રોતી હું ગયો વાંચવાને;
પડી ચોપડીઓ કહેતી ન કોઇ આવે વાંચવાને.

પડી ખુરશીઓ ખાલી તે દિન ગયો વાંચવાને;
હતી ખુરશીઓ રાહ જોતી તો દિનગયો વાંચવાને.

જા જો બંધુ તમે ચોપડીઓ વાંચવાને;
જા જો બંધુ વાંચનાલયમાં વાંચવાને.

જઇને મિટાવો બંધુ રુદન ચોપડીઓનું;
જઇને મેળવો જ્ઞાન બંધુ ચોપડીઓનું.

સ્વીકારો બોલ એ મારા વિનંતી છે એ મારી;
કહું છુ સાચીવાત બંધુ વિનંતિ છે એ મારી.

દેશવિદેશની લગ્ન ભાવના

પટેલ લિલાવતી ગણપતલાલ
હડમતીયા કંપા.

૧. લગ્ન એટલે? બે આત્માનું અદ્ભૂત મિલન અને પુર્વજોના પગલામાં પગલું — ભારત

૨. લગ્ન એટલે? જીવનની શરૂઆત અને જવાબદારીનો સમય — ઇંગ્લેન્ડ

૩. લગ્ન એટલે? સરકસનો ખેલ જાગૃત જીતે ઊંઘે તે હારે — રશિયા

૪. લગ્ન એટલે? પાનખર ઋતુ પછી આવેલી વસંત બહાર — ફ્રાન્સ

૫. લગ્ન એટલે? નાટક પણ એ પાત્ર ભજવનાર ઉપર આધાર રાખે છે. — ઈન્ડોનેશિયા

૬. લગ્ન એટલે? ધરતી અને વર્ષાનો આત્મીય સંબંધ — ઇકવાડોર

૭. લગ્ન એટલે? તોફાની વછેરાને ગાડીનું બંધન — સ્પેન

૮. લગ્ન એટલે? બિડાયેલા કમળમાં ફસાયેલા ભ્રમરનું ચિત્ર — ભૂતાન

૯. લગ્ન એટલે? પતિ બેવફા નિવડે તો બારણેથી ઘરમાં થુંકવા જેવું અને પત્ની બેવફા નીવડે તો ઘરમાંથી બહાર થુંકવાનો પ્રયોગ. — ચીન

૧૦. લગ્ન એટલે? ઉચ્છખલ ઘેટાને પડેલું ગળામાં દોરડું — ઓસ્ટ્રેલીયા

૧૧. લગ્ન એટલે? બે ઘોડાપરની સવારી-સમતુલા નહિ જાળવનાર પડે પણ ખરા. — અફઘાનિસ્તાન

૧૨. લગ્ન એટલે? સાગર સંગાથે નદીનું મિલન — ડેન્માર્ક

૧૩. લગ્ન એટલે? અનેક ઝંઝાવાત પછી નાવડીને મળેલો સુખદ કિનારો. — ઇજિપ્ત

૧૪. લગ્ન એટલે? ઘેરાયેલો કિલ્લો, બહાર ઊભા હોય તેને અંદર આવવાની અને અંદર હોય તેને બહાર જવાની ઉતાવળ હોય છે. — અરબસ્તાન

૧૫. લગ્ન એટલે? પિંજરૂ-જેમાં પુરાયેલા કેદી પાછા નિકળી શકતા નથી. — ઓસ્ટ્રેલીયા

૧૬. લગ્ન એટલે? મ્યુઝીયમના પિંજરામાં ફસાયેલું પ્રાણી જેને લોકો જોવા મળે છે. — જર્મની

૧૭. લગ્ન એટલે? વસંત બહારમાં ખીલેલી ચાંદની. — અમેરિકા

૧૮. લગ્ન એટલે? વાવાઝોડા પછીનો શિતળ પવન. — બ્રાજિલ

૧૯. લગ્ન એટલે? કડવી દવા હસતાં હસતાં પીવાનો સમય — હંગેરી

૨૦. લગ્ન એટલે? લાકડાનો લાડુ-ખાનાર પસ્તાય અને જોનાર મૂંઝાય. — નેપાળ

૨૧. લગ્ન એટલે? લાકડાના ઘોડા પરની સવારી-દોડે દોડે અને ત્યાંના ત્યાંજ. — નેધરલેન્ડ

૨૨. લગ્ન એટલે? સતત અંધકારમાં મિણબત્તીનું અજવાળું. — પોર્ટુગલ

આદર્શ છાત્રાલય

પટેલ ચંદુભાઈ રવજીભાઈ
એસ. વાય. બી. એસ. સી.
દેસાઈપુરા

વિદ્યાર્થી અવસ્થા એ જીવનકાળમાં હૃદયવિકાસનો રંગીન સમય છે. ગુલાબી સ્વપ્નો અને સોનેરી આદર્શો ઘડવાનો આ રોમાંચક જીવનકાળ છાત્રાલય જીવન દરમ્યાનજ માણી શકાય છે. વિદ્યાર્થીઓના અધ્યન પ્રયાસો સુધારવા અને સુવ્યવસ્થીત બનાવવા માટેની ઉત્તમતક છાત્રાલયોમાંજ મળી રહે છે.

અનેક વિદ્યાર્થીઓ જ્યાં સાથે રહેતા હોય તેને છાત્રાલય કહે છે. છાત્રાલય એટલે પંખીનો મેળો.

છાત્રાલયનુ મકાન પુરાતન કાળના ઋષિમુનીઓના આશ્રમની જેમ શહેરના ધમાલીયા અને કોલાહલ ભરેલા વાતાવરણથી દૂર હોવું જોઇએ. છાત્રાલયમાં ફેશનને જરાપણ અવકાશ ન હોવો જોઇએ. ત્યાં તો ગ્રામ્યજીવનનું પ્રતિબિંબ પડવું જોઇએ. છાત્રાલયોમાં શુદ્ધ અને પૌષ્ટિક ખોરાક મળવો જોઇએ. અને જાજરૂ, બાથરૂમ, મુતરડી વગેરેની સંપૂર્ણ સગવડ હોવી જોઇએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વકતૃત્વ હરિફાઇ, નાટક, એકાંકી, સંગીત સ્પર્ધા, રમત–ગમત હરિફાઈ વગેરે કાર્યક્રમો યોજાવા જોઇએ અને તેમને યોગ્ય પ્રોત્સાહન મળવું જોઈએ

છાત્રાલયમાં દર વર્ષે એક અંક પ્રગટ થતો હોવો જોઇએ. જેથી કરીને વિદ્યાર્થીના વાલીઓ પોતાના બાળકોએ સાધેલી પ્રગતિ જાણી શકે.

છાત્રાલયોની સુધારણા માટે ગૃહપતિ એ અતિ આવશ્યક અંગ છે. છાત્રો માટે ગૃહપતિ ગુરૂ અને પિતાને સ્થાને છે. પ્રેમાળ, માયાળુ અને અનુભવી ગૃહપતિ વિદ્યાર્થીઓના જીવનમાં સારો એવો પલટો લાવી શકે છે વિદ્યાર્થીઓ ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે તેવા ગૃહપતિ હોવા જોઈએ. તેમના હૃદયમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકે તેવા ગૃહપતિઓની આજે છાત્રાલયોમાં ખાસ જરૂર છે. ગૃહપતિએ વિદ્યાર્થીઓની અંગત બાબતો જાણીલઇ તેની મુશ્કેલીઓના નિવારણ માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ. ગૃહપતિ પોતે ચારિત્ર્યવાન હોવા જોઇએ અને તેમણે પોતાના આચરણથી વિદ્યાથીઓને સર્વધર્મ સહીષ્ણુ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. તેમનું કર્તવ્ય છે કે છાત્રાલયમાં રહેતા છાત્રો જાતિ, ધર્મ અને સંપ્રદાયના વાડામાં ફસાય નહિ. વિદ્યાર્થીના અભ્યાસમાં તેમણે રસ લેવો જોઇએ, તેમનાં ખરાબ કૃત્યો કુટેવો તરફ આંખ આડા કાન ન કરતાં વિદ્યાર્થીના માતાપિતાને તેની જાણ કરવી જોઇએ આથી કુમળાં બાળકોને પતનની ભયંકર ખીણમાંથી ઉગારી શકાય. ગૃહપતિએ પોતાના અંગત સ્વાર્થ ખાતર વિદ્યાર્થીઓને નુકશાન ન પહોંચે તેનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ.

(અનુ. પાના ૨૦ ઉપર)

★★

ભારતના ધાર્મિક ઇતિહાસનો ટૂંકસાર

(ગતાંકથી ચાલુ)

૪ : જૈન ધર્મ

સંકલન : શ્રી. શામજીભાઈ એસ. પટેલ
વડોદરા.

જૈન ધર્મના ગ્રંથો ઉપરથી એ ધર્મ ઘણો પુરાણો એટલે વેદકાળમાં જ સ્થાપન થયાનું જણાય છે. રાજર્ષિની મરૂદેવી નામે સ્ત્રીથી ઉત્પન્ન થયેલ ઋષભદેવ (આદિનાથ) તેમના પહેલા તિર્થંકરથી એ ધર્મની ઉત્પતિ તેઓ માને છે. જૈન સિધ્ધાંત પ્રમાણે જગતનો કર્તા કોઈ ઇશ્વર નથી, પણ અષ્ટાદશ એટલે અઢાર દુષણો જેવાકે બળ, ભોગ, ઉપભોગ, દાન, પ્રતિગૃહ, નિંદ્રા, ભય અજ્ઞાન જુગુપ્સા હિંસા, રતિ, અવિરતિ, કામ, શોક, અને મિથ્યાત્વ આ દોષોથી જે પર હોય તેને તિર્થંકર (ભગવાન) કહેવાયા.

ઇ. સ. પૂ. ૧૬૫૫માં બિહારપ્રાંતમાં પટણા શહેરમાં જન્મેલા કોંકવેક નામના રાજાએ બ્રહ્મકર્મનો ત્યાગ કરી દિક્ષા લઇ તે વખતે પ્રચલિત બ્રાહ્મણ ધર્મની યજ્ઞાદિક ક્રિયાઓ વખતે થતી હિંસા અને શ્રાધ તર્પણાદિ ઉપર ચાર્વાકની પેઠે આક્ષેપો કરી તેમણે જૈન ધર્મને પ્રકાશમાં આણ્યો. તેથી જ તેમને જૈનાચાર્ય કહેવામાં આવે છે.

'અહિંસા પરમોધર્મ' એ એનો મૂળ સુત્ર છે. મન વાણી, અને કર્મથી કોઇપણ જીવને દુઃખ દેવું નહિ, સદાચાર પાળવો, પારકી વસ્તુ અધિકાર વગર લેવી નહિ. આ પાંચ મુખ્ય નિયમો છે. અને કઠિન તપ કરવા વિગેરે થોડે થોડે પ્રચાર વધતાં બ્રાહ્મણો પણ આ ધર્મમાં દાખલ થવા લાગ્યા.

જૈન ધર્મમાં ૨૪ તિર્થંકર થયા. તેમાં મહાવીરસ્વામી છેલ્લા તિર્થંકર હતા. ઇ. સ. પૂ. પાંચમા સતકમાં બૌદ્ધ ધર્મ સ્થાપન થતાં આ ધર્મની વૃદ્ધિ થતી અટકી આ સમયે એકબાજુ બૌદ્ધધર્મ બીજી બાજુ વેદધર્મ, બ્રાહ્મણોનો ધર્મ ચાલતો હતો. આમ ત્રણેની હરીફાઇ ચાલતી હતી,

જૈનોમાં નવકાર મંત્ર એ મુખ્ય મંત્ર કહેવાય છે. તેઓમાં સિદ્ધિ પ્રમાણે અરીહંત, સિદ્ધ, આચાર્ય. ઉપાધ્યાય, સાધુ અને શ્રાવક કહેવાય છે. આ ધર્મમાં લોકોની વધુ આસ્તા બેસે તે સારૂ મહાવિર સ્વામિના નિર્વાણ પછી તેમના શિષ્યોએ તેમની મૂર્તિઓ કરી અને તેમને ભગવાન તરીકે પુજવાનો પ્રચાર થયો. આ મૂર્તિઓના શણગારની બાબતમાં મત ભેદ થતાં શ્વેતાંબર અને દિગંબર એવા બે પંથ પડયા. શ્વેતાંબર જૈન સાધુઓ સફેદ કપડાં ધારણ કરે છે. રજોહરણ રાખે છે. અને ભિક્ષા માટે કમંડળ રાખે છે, અને કેશ તોડી નાખે છે. દિગંબર સાધુઓ કેશ તોડી નાખે છે. હાથમાં પીંછી રાખે છે, ભિક્ષા પાત્ર રાખતા નથી, હાથમાં જ ખાય છે અને વસ્ત્ર હીન હોય છે.

અમદાવાદના લુંપક નામના લેખકે સંવત ૧૫૦૮ માં જુદા પડીને મુર્તિપુજા જપ. કથાવાર્તા વિગેરે માનવી નહિ એમ ઠરાવી લીંબડીમાં ૧૫૩૪ માં સ્થાનકવાસી નામે પંથ ચલાવ્યો તેમાં પણ પાછળથી

તેરાપંથ, વીશપંથી વિગેરે થયાં. આવી રીતે જૈન ધર્મમાં પણ મતભેદથી અનેક પેટાપથો ઉદ્‌ભવેલા છે. સર્વ પંથોમાંથી આશય એક જ સુત્ર "અહિંસા પરમો ધર્મ" છે. આ ધર્મવાળાં પુનર્જન્મમાં અને કર્મ પ્રમાણે ફળ ભોગવવામા ઠીક માને છે. અને જાતિભેદ માનતા નથી. ગીરનાર, અષ્ટાપદ, પાવાપુરી, ચંપાપુરી, પાલીતાણા. આબુ, સમેતસીખર એ તેમનાં મુખ્ય તિર્થ સ્થાનો છે. અને ઋષભદેવ, અજીતનાથ અભિનંદનસ્વામી સુમતીનાથ, પદ્મપ્રભુસ્વામી સુપાર્થનાથ ચંદ્રપ્રભસ્વામી, સુવિધિનાથ શિતિલનાથ, શ્રેયાંસનાથ, વાસુપુજ્યસ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મુનિસુવ્રત નમિનાથ, અરિષ્ટનેમી, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી, તિર્થકરો છે.

(વધુ આવતા અંકે)

★

(પાના ૧૮ થી ચાલુ)

છાત્રાલયના વિદ્યાર્થીઓ ઉપર કુટેવોને પ્રભુત્વ જમાવતાં જરાપણ મુશ્કેલી નડતી નથી છાત્રાલયનો વિદ્યાર્થી મા-બાપથી દૂર હોય છે ખરાબ મિત્રોની સોબતથી તે કુટેવોનો ભોગ થઇ પડે છે આજકાલના વિદ્યાર્થીઓ ફેશન સમજીને જ્યાં ત્યાં સીગારેટ પીધા કરે છે. ફેશન સમજીને તેઓ મોઢાને ચીમની બનાવી બેઠાં છે. ઘણા વિદ્યાર્થીઓને ગાંજો ભાંગ, ચરસ વગેરેના ભોગ બની બેઠાં છે ને આવી કુટેવોને કારણે જ તેઓ તેજહીન અને નિરૂત્સાહી માલુમ પડે છે.

પૂ૦ ગાંધીજીએ કહ્યું છે કે બ્રહ્મચર્ય તે છાત્રો માટે અતિ આવશ્યક છે સદાચારી છાત્રો જ બ્રહ્મચર્યનું પાલન કરી યથાશકિત શરીરમાં રહેલ સત્વનું રક્ષણ કરી શકે છે.

વિદ્યાર્થી અવસ્થા એ સમગ્ર જીવનની બુનિયાદ છે. ★

અવનવું —— અરજણભાઈ એમ. પટેલ મેંગલોર

લોખંડથી કઠણ કોણ	કંજુસ
ઝેરથી કડવો કોણ	દુષ્ટ
સુરજ કરતાં વધારે તેજસ્વી કોણ	આંખ
શ્રીમંત કરતાં વધારે સુખી કોણ	સંતોષી
મેઘથી મોટું કોણ	દાતાર
પવનથી પહેલું કોણ	મન
આગથી મોટું શું	સત્ય
દીકરાથી વધારે સગુ કોણ	સ્વાર્થ
અમૃતથી ગળ્યું શું	ગરજ
ધનથી રૂડું શું	દયા
નીરથી નિર્મળ શું	નમ્રતા
અગ્નિ કરતાં વધારે બાળે એવું શું	ક્રોધ
અંધકારથી ભયાનક શું	અજ્ઞાનતા

★★

સાચના શ્રાપ

કાન્તિલાલ જોઈતાભાઈ પટેલ
મુ. પો. ડુગરવાડા
તા. મોડાસા જિ. સાબરકાંઠા.

સુંદર એક ગામ.

દોધરવાલા જેનું નામ.

શરૂશરૂના બે ધરને કારણે દોધરવાલા નામે ઓળખાતું ધીમે ધીમે વસ્તી વધી, ઘર વધ્યાં નામ દોધરવાલા માંથી ડુધરવાડા બન્યું

ગામને પૂર્વ પાદરે સુંદર મજાનું તળાવ, તળાવ કિનારે પીંપલેશ્વર મહાદેવનું દેવળ.

દેવળમાં કાકીંડ નામના એક મહારાજ રહે. કપડાં રંગવાનો ધંધો કરી પોતનું ગુજરાન નભાવે, ભિક્ષા માગવા ન જતા.–'જાત મહેનત ઝિંદાબાદ.'

મહારાજ ભગવાનના પૂરેપૂરા ભક્ત. ભક્તિ ભૂખ્યા ભક્ત આખો દિવસ ભક્તિમાં જ લીન રહેતા રાત્રે ૮ થી ૧૨ વાગ્યા સુધી રંગવાનું કામ કરતા. આરામ તો ફક્ત ૧૨ થી ૪ કલાકજ કરતા.

એક દિવસની વાત.

ભક્ત નિયમ મુજબ સવારે ચાર વાગે તળાવમાં સ્નાનાર્થે ગયા. ભગવાનનું ભજન લલકારતા જાય ને સ્નાન કરતા જાય. ભક્તનું ધ્યાન ભગવાનના ભાસમાં છે ત્યાં એક મગર આવ્યો મગર હરિભક્ત કાકીંડને ગળી ગયો.

વર્ષેક વિત્યું હશે.

ઉનાળાના દિવસો હતા કેટલાક શ્રંધ્ધાળુ સંતો યાત્રા અર્થે નીકળેલ. અંધારું થઇ જવાથી સંતોએ તળાવવાળા મહાદેવના દેવળે મુકામ કર્યો.

સંતો તળાવમાં સ્નાન કરતા ગયા પાણી સ્વચ્છ સુંદર હતું. થોડા સમય બાદ રસોઈ માટે તળાવમાંથી પાણી લાવવામાં આવ્યું સહેજ કાળાશ પડતું લાગ્યું. ફરી વાસણ માંજવા પાણી લાવવામાં આવ્યું પાણી પીળાશ પડતું હતું. થોડા સમય બાદ બે ભક્ત–સંતો જાજરૂ જવા પાણી લઇ ગયા, પાણી લાલાશ પડતું દીઠું. રાત્રે કદાચ કોઇને પીવું પડે જાણી, સુતી વખત પાણી લાવ્યા તો પાણી લીલાશ પડતું હતું.

આમ પાણીનો રંગ બદલાતો જોઈ યાત્રાળુ સંતો નવાઇ પામ્યા રહસ્ય જાણવા સંતોએ બીજા દિવસ રોકાઇ તપાસ કરી. તપાસ કરતાં ફક્ત રાત્રે ૮ થી ૧૨ વાગ્યા સુધીમાં તળાવના પાણીનો રંગ પલટાતો રહેતો.

યાત્રાળુ ભક્તોના ગુરુએ સમાધિ લગાવી તપાસ કરી સમાધિથી જાણવા મળ્યું કે, આ તળાવમાં એક મગર

છે. મગરના પેટમાં એક ભગવાનનો ભક્ત ભક્તિ કરી રહ્યો છે. તેનો આ પ્રતાપ છે. તેની હયાતીના રંગવાના કામના સમયની યાદીમાં, તે ભક્તની ભક્તિના પ્રતાપે ૮ થી ૧૨ વાગ્યા સુધીમાં પાણીનો રંગ પલટાતો રહે છે-

મગરના પેટમાંથી ભક્તને બચાવવા યાત્રાળુ ભક્ત સંતોએ તળાવ ડહોળ્યું, પણ મગર પકડાયો નહિ,

ગુરુએ શ્રાપ આપ્યો કે; "તળાવનું પાણી પાળ તોડી વહી જાઓ" પાણી વહી ગયું, તે કાયમને માટે વહી જ ગયું.

ભક્ત સંતોએ અલમસ્ત મગરને પકડયો પીઠમાંથી સીધો કાપ કરી ચીરવામાં આવ્યો. અંદર એક બખોલ દેખાઇ, પ્રકાશ દેખાયો.

શ્રી હરિ એક દિવ્ય આસન ઉપર ચતુર્ભુજ રૂપે બિરાજમાન છે. અને રંગાટીં ભક્ત કાકીંડ એમની સામે પ્રેમઘેલા થઇને નૃત્ય કિર્તન કરી રહ્યા છે. દેવતાઈ વાજિત્રો વાગી રહ્યાં છે. જાત્રાળુ ભક્તોએ ભક્તને અને ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યા 'દીઠા દેવને પહોંચી જાત્રા.' જાત્રાળુઓની જાત્રા ફરી.
ભગવાનની મૂર્તિ અચાનક અંતર્ધાન થઈ ગઇ.

ભક્તોએ જીવન ધન્ય માન્ય માની મગરને જીવતદાન આપ્યું.
પણ કેવી રીતે ?

મગરના શરીરથી ભક્ત ને ભગવાન જુદા પડયા, ને મગરનુ શરીર એકદમ નાનું બની ગયું. એવા નાના શરીરને ભક્તોએ જીવતદાન આપ્યું.

જીવ બોલ્યો; હું આપના દર્શનથીકૃતાર્થ બન્યો છું મારી એક માગણી પૂરી કરો તો મોટી મહેરબાની.

મારૂં નામ બદલતા જાઓ ને મને કોઇ અજબના આપતા જાઓ.
યાત્રાળુ ભક્તોએ ભક્ત કાકીંડના નામ પરથી તે જીવનનું નામ 'કાકિડો' પાડયું. અજબતામાં રગાટી ભક્તના રંગવાના ધંધાપરથી જયારે જયારે તે તે જીવ (કાકીડા)ને યોગ્ય લાગે ત્યારે પોતાનો રંગ પલટી શકે તેવો આશીર્વાદ આપ્યો. તે પણ ચોમાસામાં, પાણી વાળા દિવસોમાં વધુ.

ત્યારથી મગરની કાયા જેવા કાકિડાની ઉત્પતિ થઈ ને તે પોતે મન ફાવે તેવો રંગ શરીરે ધારણ કરી શકે છે. પીઠમાંના કાપનો સાંધો પણ નજરે પડે છે
રંગાટી ભક્ત કાકીંડને પાલખીમાં વરઘોડા રૂપે, વાજિંત્રો સાથે ગામમાં ફેરવવામાં આવ્યા. લાંબી મુદતે ને અદ્ભુત રીતે ભક્તને સજીવન જોતાં ગામ ગામલોકો તેમજ સગાસબંધીઓના આનંદનો પાર ન રહ્યો.

ભક્ત રંગાટીની કીર્તી ચોતરફ ફેલાઇ ગઇ દૂર દૂરથી લોકો તેમનાં દર્શન માટે આવવા લાગ્યાં.

આપણી સંસ્કૃતિ

સામજીભાઈ એસ. પટેલ
વડોદરા.

વૃદ્ધ ભારત ભૂમિની આર્ય સંસ્કૃતિ સૌથી પ્રાચિન છે. એમ દરેક રીતે સિધ્ધ થઈ ચૂકયું છે. હિંદુઓની સભ્યતા અને સંસ્કૃતિ પુરાણ કાળથી ઉચ્ચતાના શિખરે રહી છે, ગ્રીકો અને રોમનો પણ હિંદુઓનું અનુકરણ કરતા. ભારતના હિંદુઓને અને તેની સંસ્કૃતિને અતિ કઠોર અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું. પડયું છે. ભિષણ યુધ્ધનો અને કઠિન યાતનાઓ તેમને સામનો કરવો પડયો છે. આમ છતાં તેનું અસ્તિત્વ અને ગૌરવ આજ પર્યંત અડગ રહ્યું છે એજ તેની વિશિષ્ટતા છે.

હિંદુ કોને કહેવાય : હિંદુ મહાસભાએ એની એક વ્યાખ્યા આપી છે. કે જે ભારતમાં પ્રગટ થએલ ધર્મમાં આસ્થા ધરાવતો હોય, મૃતદેહને અગ્નિ સંસ્કાર વગેરે વિધી અને વર્તન વેદ કાલીન આર્ય સંસ્કૃતિ પ્રમાણે કરતો હોય તેને "હિંદુ" કહેવામાં આવે છે. અને બીજુ વેદો, સ્મૃતિઓ અને પુરાણોને આધીન રહી કર્મફળ, પુનઃર્જન્મ અવતારવાદ અને ઇશ્વરનું અસ્તિત્વ આટલામાં જેને સંપૂર્ણ શ્રધ્ધા હોય તે "હિંદુ" છે અને પોતે કરેલા સારા નરસા કર્મનાં ફળ આ જન્મે કે પુનઃજન્મે ભોગવવાં જ પડે છે, સતકર્મોથી સ્વર્ગ અને કુકર્મોથી નર્ક મળે છે. એ તેના મુળ આદેશો છે. અને તે ભારતની મૂળ સંસ્કૃતિમાંથી ઉત્પન્ન થયેલા દરેક ધર્મોએ આ વાતને માન્ય રાખી છે. પરંતુ પશ્ચિમી અને આરબી સંસ્કૃતિએ એ વાત કબુલ રાખી નથી. તેઓએ તો સ્વર્ગના માર્ગને અતિટૂંકો અને સરળ બનાવી દુનિયાભરના લાલચુ લોકો ને પોતાની તરફ આકર્ષ્યા છે.

ક્રિશ્ચીયન પ્રણાલિકા મુજબ મનુષ્યે પોતે કરેલા પાપોનો નિકાલ પાદરીઓ (ધર્મગુરૂ) સમક્ષ પ્રાયશ્ચિત કરવાથી તત્કાળ થઈ જાય છે. એ મતલબે દર રવીવારે તેઓને દેવળમાં જઈ પ્રાર્થના કરવાનું ફરજીયાત બતાવેલું છે તદ્ઉપરાંત મૃત્યુ સમયે પાદરી તરફથી આપેલ ચીઠ્ઠી (સર્ટિફિકેટ) મૃત દેહને શરીરે બાંધીને દફનાવવાથી તેને સ્વર્ગધામ મળી જાય છે. એવો સરળ માર્ગ બતાવવામાં આવ્યો છે. જ્યારે આરબી સંસ્કૃતિમાં બતાવ્યા પ્રમાણે દરેક મૃતાત્મા કયામતના દહાડે સજીવન

થશે અને તેણે કરેલા સારા નરસા કર્મોનો ન્યાય પોતે ભગવાન આપશે ત્યારે સાચો ઈસ્લામ હશે તેને સ્વર્ગ અને બાકીનાઓને (કાફરો)ને દોજક (નર્ક) મળશે. જેથી તેઓ મૃતદેહને જમીનમાં પોકળ રીતે દફનાવે છે ભારતની અને આરબી સંસ્કૃતિ વચ્ચે મોટો ભેદ હોય તો આજ છે. આમતો દરેકસંસ્કૃતિ દેશ અને કાળ પ્રમાણે જ સરજાયેલી હોય છે. પરતુ સમય જતાં કેટલાક ધર્મ ગુરૂઓએ પોતાના સ્વાર્થ ખાતર તેમાં ખોટા સાચા ચમત્કારો પુરી તેને ધર્મનું રૂપ આપી ભોળી અને અંધ શ્રદ્ધાળુ પ્રજાને રૂઢિગત બનાવી દીધી છે.

આપણા ભાઈઓ પણ મોગલ કાળમાં આવાજ કોઈ ચમત્કારીક અને સસ્તા સ્વર્ગની લાલચમાં રહી પોતાની મુળભૂત હિંદુ સંસ્કૃતિનો ત્યાગ કરી આરબી સંસ્કૃતિની જાળમાં ફસાયા છે. હવે તો તેમાંના ઘણા ખરાને પોતાની એ થએલ ભૂલનું મોડું વહેલું પણ ભાન થતાં તેમાંથી મુકત થઈ ચૂકયા છે. પરંતુ લગભગ ચોથા ભાગના લોકો હજી એજ હાલતમાં સબડે છે. તેમાં પણ રૂઢિચુસ્તો તો માંડ દસ ટકા હશે. બાકીના મોટે ભાગે તો જુથ વાદી લાગણી ઘેલા, પરતંત્ર અને ડરપોક હોય છે. કે જેઓ પોતાના અંતર આત્માના અવાજ પ્રમાણે વર્તી શકતા નથી. અને વિશેષ દુઃખ તો એ વાતનું થાય છે કે તેમાં ઠીક ઠીક ભણેલો ગણેલો યુવાન વર્ગ પણ ફસાએલો છે કે જેઓ હજી સુધી એ વાતને પુરી સમજવાની કે તે પકડમાંથી છુટવાની પૂરી કોશીષ પણ કરતો નથી. અને બહારથી તેઓ સુધારક હોવાનો ડોળ કરે છે. ખરી રીતે આવા લોકો દાખલા રૂપી બની સુધારા લાવવામાં ઉલટા અંતરાય રૂપ છે.

આપણા સમાજમાં પ્રવર્તતી કેટલીક કુરૂઢિઓ પ્રત્યે હાલમાં ઠીક જહોદ જાગ્યો છે. જેના વિશે આપણા જાગૃતિ માસીકમાં કેટલાક ભાઈઓએ પોતાના વિચારો પ્રદર્શિત કરેલ છે. આ ચળવળ કોઇ ધર્મને ઉતારી પાડવા બાબત નથી. પરંતુ આપણી ઉચ્ચ હિંદુ પાટીદાર કોમને ન છાજે તેવા કુરિવાજોનું ઇસ્લામોની દોસ્તીથી જે કલંક લાગેલું છે તેને દૂર કરવા બાબતની છે. તેમાં હવે જાહેરમાં જણાઇ આવતો માત્ર એકજ કુરિવાજ છે જે મૃતદેહને "દફનાવવાનો."

સતપંથી ભાઇઓ પૂર્વ કાળને તપાસી ભવિષ્યનો વિચાર કરી સ્વેચ્છાએ એમાં પણ પરીવર્તન કરવા તૈયાર થાય તો આપણામાં જે તડ પડી છે તે આપ મેળે પુરાઈ જાય. એટલું જ નહિ પણ પૂર્વે સેંકડો વર્ષોથી ધર્મ પરિવર્તનના કારણે ગુજરાતના આપણા કડવા પાટીદાર ભાઇઓથી જુદા પડી ગયા છીએ તે ફરીને એક વિશાળ કડવા પાટીદાર સમાજ તરીકે જાહેરમાં આવે, આશા છે કે સતપંથી ભાઇઓ આના વિશે જરૂર વિચાર કરશે. ★

એકતા સૈદ્ધાંતિક અને વાસ્તવિક

કુ. મણીબેન પટેલ
મદનમહેલ, જબલપુર

ઇતિહાસનાં પૃષ્ઠો પલટાવવાથી અનેક એવાં ઉદાહરણો મળી આવશે જેનાથી ભારતીય રાષ્ટ્ર એકતાની હીનતાને કારણે વિદેશી આક્રમણકારોએ દ્વારા ભ્રષ્ટ થયુ હતું રાજા પોરસના પાડોશી રાજ્યકર્તાએ મહાન સિકંદરને ભારત ઉપર આક્રમણ માટે ન કેવળ પ્રોત્સાહન આપ્યું પણ સાધન ધનની સુવિધા પણ અર્પણ કરી જયચંદના પ્રતિ રાષ્ટ્રીય કુનૈતિકતાથી મહમ્મદ ઘોરી દ્વારા પૃથ્વીરાજ ચૌહાણનું પતન થયું અને અંતમાં એ પોતે પણ અનૈતિક અફઘાન આક્રમણકારીઓનો ભોગ બન્યો દૌલતસિંહ લોદી જે તે સમયમાં પંજાબનો રાજ્યકર્તા હતો સલમકુળી ઈબ્રાહીમ લોદીની પ્રતિદશામાં કદમ ધરીને જહીરુદ્દીન બાબરને નિમંત્ર્યો અને મુગલ સલ્તનત હકુમતમાં આવી હતી. હિંદુ, મુસ્લિમ કે અંગ્રેજ એકતાની સૈદ્ધાંતિક દ્રષ્ટિએ, એકતાની હીનતા ને કારણે આલોચના તો સર્વેને ગ્રહણ કરવીજ પડશે. મિરઝાફર, રાયદુર્લભ શેઠ અમીચંદ જગતસિંહ વગેરેને કારણે લોર્ડ કલાઇવને પ્લાસીના યુધ્ધમાં વિજય મળ્યો હતો અને કદાચિત સંભવ હતું કે જો મરાઠા સરદારોએ અને નિઝામે ૧૭૬૭-૧૭૯૯ નાયુધ્ધકાલીન યુગમાં હૈદરઅલી અને ટિપુ સુલ્તાનના રાષ્ટ્રીયતાના સિધ્ધાંતોને મદદ આપી હોત તો ભારતમાં અંગ્રેજ કદાપી રાજ્ય ન કરી શકયા હોત. મરાઠા યુધ્ધોમાં સર્વે મરાઠા સરદારો અંગ્રેજોની ઇમ્પીયારિલિસ્ટિક પોલિસી" ની સામે હથિયાર નહોતાં ઉગામ્યાં પણ કેટલાક જેમ કે દિનકરરાવ અને જયાજીરાવ સિંધિયાનો તો પૂર્ણતઃ ૧૮૫૭ થી ૧૮૫૯ ના સંગ્રામમાં અંગ્રેજોનો સાથ હતો. કોઈ કવિએ સાચુંજ કહયું છે કે.

हिंदुओंके शिर पर वार है मुसलमानो की बूटों की "फल पा रहे है हिंदु ये आपस की फुटों का"

ઇતિહાસના ઉપરોક્ત દ્રષ્ટાંતનો મર્મ એટલેથી જ સમજાઇ જાય છે. હિંદુસ્થાનમાં રાષ્ટ્રીય ઐકય તો કોઇ કાળે જ રહ્યું છે. ઇતિહાસનાં દૃષ્ટાંતો કેવળ યાદ રાખવા માટે કે પરિક્ષા માટે ગોખવા માટે નથી. પરંતુ તે ઉપરથી કાંઇક શીખવા માટે છે. ઉપરોકત ઇતિહાસના ઉદાહણોથી

United we stand; Divided, we Fall" એ પંક્તિમાં સાર્થક થાય છે.

ભારતની પશ્ચિમી સીમા સર્વકાળે આક્રમણકારીઓના ચરણોથી જ ચંપાયેલી છે. પ્રાચીન કાળમાં અને અર્વાચીન કાળમાં પણ. આજે પકિસ્તાન ભારતીય સરહદની પશ્ચિમી પડોશમાં હથિયાર સજીને સ્થિત છે. ઐતિહાસિક દાખલાઓ આપણને અહીં ઉપયોગી નીવડશે. દરેક રાજકીય સંઘ વિચારોના મતભેદોને એક બાજુ રાખીને રાષ્ટ્રની સુરક્ષા માટે રાષ્ટ્રીય ઐકય આપનાવવું જોઇએ ઇન્દિરા ગાંધીથી આપને મતભેદ હોઈ શકે પણ રાષ્ટ્રની સુરક્ષાના પ્રશ્ને આપને સરકાર સાથે સામ્ય રાખવું ન કેવળ કર્તવ્ય છે પણ આપનુ માન છે, શોભા છે. જયચંદના પૃથ્વીરાજ સાથે પરસ્પર દ્વન્દ્વ હોવાથી મહમ્મદ ઘોરી ભારત પર મુસલમાન રાજ્ય કાયમ કરી ગયો. અને ભારતીય રાષ્ટ્રીયતા નષ્ટ કરી ગયો. આજના સંવિધાનમાં હિન્દુ, મુસલમાન પારસી, શિખ, જૈન,બૌધ્ધ સર્વે ભારતના નાગરિક છે અને ભારતીય છે. પોતે મુસલમાન હોઇએ કે નહી હિન્દુ હોઇએ કે બીજા પણ અંતે તો ભારતીય જ છીએ. હિંદુ હોય કે મુસલમાન યદિ આક્રમણકારી હોય અને આપણા દેશની સ્વતંત્રતા અને રાષ્ટ્રીયતા હોય તો સમધર્મી અને સમજાતિ સાથે લડવું પડે. અગર હાલમાં ઈરાન અને ઈરાકનું પરસ્પર દ્વન્દ્વ જાગે તો બન્ને દેશ ઇસ્લામી હોવાથી શું પ્રતિ દેશીય જનતાને પોતાના દેશ ઉપર કબજો કરવા આપશે અગર કેવળ ધર્મથી જ રાષ્ટ્રનું ગઠન થતું હોય તો યુરોપના સર્વ ખ્રિસ્તી દેશોનું એક રાષ્ટ્ર કેમ નથી થતું ? કારણ કે રાષ્ટ્રનું બંધન ધર્મ ઉપર નથી પણ સંસ્કૃતિ. ભાષા, સભ્યતા અને પ્રાકૃતિક સીમાથી જ રાષ્ટ્રનું નિયમન થાય છે. ભારતની પ્રાકૃતિક સીમા અરેબિયન સાગર, બંગાળનો ઉપસાગર, હિમાલય અને સિંધુ નદી છે. પ્રાચીન સમયથી ભારતનું ઐકય સાંસ્કૃતિક સીમાઓ ઉપર જ થયું છે.

ઇસ્લામી બંધુઓ ને વિચારવા યોગ્ય પ્રશ્ન છે કે જો ધર્મના ઐકય હોવા છતાં વિભિન્ન રાષ્ટ્રોનું સંગઠન થઇ શકે છે પણ પરસ્પર સમધર્મીઓ પણ લડી શકે છે. ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ ભારતમાં ૧૭૪૦ થી ૧૭૬૩ સુધી સામસામે હથિયારોથી સુસજ્જ હતા અને પરસ્પરની એકજ ધુન હતી એકને યા બીજાને ભારતમાંથી ઉખાડી ફેંકવાની અંતે ફ્રેન્ચ રાજ્યનું પતન થયું. શું ફ્રાન્સીસીઓ અને અંગ્રેજો, ક્રિશ્ચીયન (ખ્રીસ્તી) ધર્મ એટલે સમધર્મી નહોતા ? પણ તેમને પોતપોતાને સ્વરાષ્ટ્રનો ખ્યાલ હતો. સ્વરાષ્ટ્ર માટે જ એક બીજા સામે લડયા હતા.

કહેવાનું મંતર્યિ એટલું જ કે મુસલમાનો પણ ભારતના નાગરિકો છે

ભારત રાષ્ટ્ર મુસલમાન, હિન્દુ, શીખ સર્વેનું મંતવ્ય છે. કે સૌને એક સાથે મળીને ભારતની એટલે કે પોતાના રાષ્ટ્રની સુરક્ષા માટે એકતા લાવવી જોઇએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ન કેવળ હિંદુ નેતાઓ જ હતા. અબુલ કલામ આઝાદ. મહાત્મા ગાંધી, ફિરોજશાહ મહેતાએ સર્વે મળીને કામ કર્યું હતું. વળી ભારતીય સંવિધાન "સેક્યુલેરીઝમ" એટલે 'સર્વધર્મને માન આપવાનું" ના ઉપર આધારીત છે. ડો. ઝાકીર-હુસેન પણ મુસલમાન હતા પણ રાષ્ટ્રીય પદે આવતાં એમને શું ઉચ્ચાર્યું હતું સ્વરણીય છે.

"सारा भारत एक घर है और इस घरबालों ने मुझे कुछ दिनके लिए अपना कार्यकर्ता चुना है"

આ ઉપરથી સ્પષ્ટ છે કે હિંદુ મુસલમાન વચ્ચે રાષ્ટ્રીય બંધન છે જેનાથી બન્ને ધર્મભેદને ન ગણકારતાં એકતા આણી શકે છે અને રાષ્ટ્રીય સુરક્ષા અને સ્વતંત્રતાને ખતરામાં ઘુસેડતાં દુશ્મન વિદેશીઓને સમધર્મી હોય કે સમજાતીય, શત્રુ હોય તો તેને ઉખાડી ફેંકી શકે છે.

બીજુ–પ્રાંતવાદીયતા ભુલીજવી જોઇએ રાષ્ટ્રીય એકતામાં પ્રાંતવાદ નડતર છે. મરાઠી, ગુજરાતી કે બંગાળી–કેવળ ભાષા રાષ્ટ્રીય એકતાને નથી ચળાવી સકતી એ આપણને પોતાને સમજવું જોઇએ. ભાષાકીય મતભેદો રાષ્ટ્રીય પ્રશ્નોની વચ્ચે ન આવવા જોઇએ. બેલગાંવ માટે હાલમાં મહારાષ્ટ્ર અને મૈસુરમાં સંઘર્ષ છે તે રાષ્ટ્રીય એકતાને હાનિ-કારક છે અગર થોડો મહારાષ્ટ્રનો ભાગ કે મૈસુરનો ભાગ એકબીજામાં ચાલ્યો ગયો તો શું અંતે ભારતમાં તો છે જ સંઘર્ષ તો ત્યારે કરવો જોઇએ જ્યારે ભારતીય હિસ્સો વિદેશમાં ચાલ્યો જાય જેમ કચ્છનો થોડો હિસ્સો પાકિસ્તાને પચાવી પાડયો અને તેવુંજ તિબ્બતનું છે. હવે નાપાક ચીન નેફા અને કાશ્મીર પ્રતિ પણ પોતાની નજર કરે છે.

ભારતની બન્ને સરહદો પર ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વ પર વિદેશીરાજ્યોના આક્રમણનો ભય છે આ ભયને ઉખાડી ફેંકવા માટે એકતાની જરૂર છે. પ્રથમ પગલે સૈધ્ધાંતિક અને અંતિમ પગલે વાસ્તવિક એકતાની જેથી પુનઃ શત્રુઓ પોતાની અપવિત્ર દુષ્ટ દ્રષ્ટિ ભારત પ્રતિ કરતાંજ ભૂલી જાય. ચિતોડની સુરક્ષા માટે વીર રાણા પ્રતાપ જીવનની અંતિમ ક્ષણ સુધી લડયા હતા મ્હૈસુરની સુરક્ષા માટે નરોત્તમ શુરવીરો હૈદર-અલી અને ટિપુ સુલ્તાને પોતાના પ્રાણ યુધ્ધ કુંડમાં હોમ્યા હતા. તો આજે પણ આપણે એમજ કરવું જોઇએ આજ ચિતોડ અને મ્હૈસુરના સ્થાને સંપૂર્ણ ભારતનો પ્રશ્ન છે આપણે સર્વેને રાણા પ્રતાપનું અજોડ શૌર્ય અથાગ પરિશ્રમ અને અચલ નિશ્ચયની નકલ કરવાની છે આજ પણ ભારતમાં અનેક નેતાજી ઉપજી શકે છે. અનેક

શુરવીરો ઉઠી શકે છે અને ભારતની સુરક્ષા માટે પોતાના પ્રાણ હોમી શકે છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

કોઈને કોઈ દિવસે આપણા કર્મનું ફળ મળશે જ અને ભારતને ભવિષ્યમાં પોતાની સ્વતંત્રતાને કાજે ઉની આંચ પણ નહીં આવે મા ભારતીના આશીર્વાદ સદૈવ "ભારતીય ઉપર રહેશે જ.

સતપંથી ભાઈઓને....

ઉપરોક્ત પંથે આધુનિક સમયમાં પણ, ભૂલથી જ નહિ પરંતુ જાણી જોઈને, હાથમાં દીવો લઈ આગળ વધનાર સૌ ભાઈબહેનો...આપ સૌને અન્ય કોમના કેટલાક માણસો મુમના કણબી તરીકે ઓળખે છે તે વિશે કદી વિચાર કર્યો છે?

Appeal to Satpanthis

તો તેનો જવાબ મળશે **ના.**

શું આપ મૃતદેહને અગ્નિસંસ્કાર કરવાના બદલે દાટો છો?

શું આપના ધર્મગુરુ સૈયદ સંપૂર્ણ મુસલમાન છે?

શું આપ મુસલમાનના ધર્મ પુસ્તક કુરાનેશરીફમાંથી બનાવેલા કલમાના શબ્દો લાય લાય ઇલ્લિલાય મહમ્મદ ઈલ રસુલિલ્લાહ અને બિસ્મલ્લાહનો ઉપયોગ કરો છો.

તો તેનો જવાબ મળશે **હા.**

અમો માનીએ છીએ તે મુજબ આપ જે પંથે વિહાર કરો છો તે પંથ હિંદુ અને મુસલમાન બંને ધર્મનું મિશ્રણ છે કારણ કે તમો ન હિંદુ કે ન મુસલમાન; ન ઘરના કે ઘાટના જેવી સ્થિતિમાં છો તેથી મુમના સિવાય બીજું કયું મોટું ઉપનામ આપી શકાય!

જો તમો પિરાણા પંથના ચુસ્ત અનુયાયી હો તો તમારે તમારાં બાળકોને ભણાવવાં જોઈએ નહિ. પરંતુ તમે તો બાળકોને ભણાવો છો તેથી ઇમામશાહના બોલને ઉથાપીને ધર્મનું ઉલ્લંઘન કરી રહ્યા છો એ વાત ફલિત થાય છે. કાં તો તમો ચૂસ્ત ધર્મપાલન કરી સતપંથમાં રહેતા નથી અથવા તો તમે સગવડીયો પંથ પાળો છો.

આ બાબતમાં અમારે વિશેષ કહેવાનું રહેતું નથી; કારણ કે આજથી બસો ત્રણસો વર્ષ પહેલાં તમો કોણ હતા તે ભૂલી ગયા છો કારણ કે તમો સગવડિયા પંથે ચડી ગયા છો એમ કહો કે અમો એ પંથે નથી ચડયા તો તમોએ વિધર્મી ઈમામ શાહને ગુરુ તરીકે માન્યા જ ન હોત-એ લોકો તો જાણતા જ હતા કે તેમના અનુયાયી મુમનો જો ભણશે તો તેઓનું પોલ લાંબો સમય ચાલશે નહિ. તો હવે ઇમામશાહના બોલનું ઉલ્લંઘન કરવું ન કરવું એ તમારી મરજીપર નિર્ભર છે.

લિ. **"અનામી"**

★★

સમાચાર

ઓરડીટીંબા ગામના શ્રી સ્વસ્તિક કલા મંડળે ગત તા. ૩૦ જાન્યુઆરી—"ગાંધી નિર્વાણ દિન" નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં એક કાર્યક્રમ શ્રી. કરશનભાઈ કાનજીભાઇ પટેલના પ્રમુખપણે યોજવામાં આવેલ હતો. અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રેમજીભાઈ કે. પટેલ પધારેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. અને બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. પ્રસંગને અનુરૂપ શ્રી મોહનલાલ એચ. પટેલ, શ્રી મણીલાલ કે. પટેલ, શ્રી ચંદુલાલ કે. પટેલ, શ્રી વિઠ્ઠલભાઇ વી. પટેલ, શ્રી ચુનીલાલ એસ પટેલ શ્રી છગનલાલ કે પટેલ, શ્રી દેવજીભાઇ કે પટેલ, શ્રી મણીલાલ આર. પટેલ તથા ગામના આગેવાન શ્રી કાનજીકાકા શ્રી છગનલાલ આર. પટેલ વગેરે વકતાઓએ પુજ્ય ગાંધીજી વિષે મનનીય પ્રવચનો આપ્યા હતાં. મહિલામંડળની બહેનોએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. અંતમાં રાષ્ટ્રગીત ગવાયા બાદ સર્વે વિખરાયા હતા.

શ્રી સ્વતિક કલા મંડળ ઉત્તરોત્તર પ્રગતિ સાધે એ જ અભ્યર્થના.

—તંત્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, અહમદનગર

અહમદનગરમાં વસતા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઇઓ પોતાના સૉ મીલના ધંધામાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહેલ છે. અહમદનગરમાં પાટીદાર સમાજના ભાઇઓનાં નીચે મુજબનાં પાંચ ફર્મ છે.

૧. મે.પટેલ એન્ડ કંપની.
૨. ભારત ટીંબર મરચન્ટસ.
૩. પોપ્યુલર સો મિલ.
૪. શારદા ટિમ્બર માર્ટ.
૫. શ્રી રામ સો મીલ.

ઉપરોક્ત ફર્મમાં રહેતા ભાઇઓએ સાથે મળીને સંવત ૨૦૨૬ ના કારતક સુદ ૧ ના રોજે "શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ અહમદનગર" ની સ્થાપના કરી આ યુવક મંડળ આ સાલે બે વરસ પુરાં કરીને ત્રીજા વરસમાં પ્રવેશ કરે છે.

બે વરસના સમયમાં યુવક મંડળે સારી એવી પ્રવૃત્તિઓ વિકસાવી છે. આ યુવક મંડળે સારી એવી પ્રવૃત્તિઓમાં માનનીય મુરબ્બીઓ શ્રી કેશવલાલ ડાહ્યાભાઇ પટેલ, શ્રી દેવજીભાઇ હીરજીભાઇ પટેલ, શ્રી વાલજીભાઇ લખુભાઇ પટેલે સારો એવો સાથ સહકાર આપીને યુવક મંડળને પ્રોત્સાહન આપતા રહે છે.

આ યુવક મંડળની સામાન્ય સભા તા૨૫–૧૨–૭૧ ને શનિવારે રાત્રે ૯–૩૦ વાગે "ભારત ટિમ્બર મરચન્ટસ" માં શ્રી રામજીભાઇ રતનશી પટેલના પ્રમુખપદે મળેલ હતી જેમાં સંવત ૨૦૨૮ ના વર્ષ માટેની કાર્યવાહી સમિતિની વરણી કરવામાં આવેલ હતી.

નીચે મુજબના હોદેદારો સર્વાનુમતે ચુંટાયેલ જાહેર કરવામાં આવેલ હતા.

૧. પ્રમુખ	શ્રી રતનશીભાઇ ખેતાભાઈ પટેલ	દેશલપુર (ગુંતલી
૨. ઉપપ્રમુંખ	,, જીવરાજભાઇ રામજીભાઇ ,,	ટોડીયા.
૩. મંત્રી	,, ડાહ્યાભાઇ અરજણભાઈ ,,	ટોડીયા
૪. સહમંત્રી	,, ડાહ્યાભાઈ દેવસીભાઇ ,,	દેશલપુર(ગુંતલી)
૫. ખજાનચી	,, શામજીભાઇ જેઠાભાઇ ,,	ઘડુલી
૬. સહ ખજાનચી	,, ડાહ્યાભાઇ હરિભાઈ ,	પ્રાંતિજ
૭. સલાહકાર	,, રામજીભાઇ રતનસીભાઈ ,,	રસલિયા
૮. ,,	,, નાનજીભાઇ ભીમજીભાઈ ,,	કાદિયા (નાના)
૯. ,,	,, નાયાભાઈ રામજીભાઇ ,,	રામપર (સરવા)

શ્રી પાટીદાર મિત્ર મંડળ સરદાર પટેલ ટિમ્બર માર્કેટ નાગપુર

શ્રી પાટીદાર મિત્ર મંડળની વાર્ષિક ચુંટણી સભા તા. ૨૩–૧૦–૭૧ ના રોજ ૮–૦૦ વાગ્યે શ્રીમાન ધનજી શિવગણ પટેલ (કોટડા જડોદરવાળા)ના પ્રમુખપદે મળેલ

હતી જેમાં નીચે મુજબના હેદ્દેદારો સં. ૨૦૨૮ ની કાર્યવાહક સમિતિ માટે બહુમતે ચુંટાયેલા જાહેર કરવામાં આવે છે.

૧. પ્રમુખ	શ્રી જીવરાજ દેવસીં પટેલ		વિથોણ
૨. ઉપ પ્રમુખ	શ્રી જસરાજ અરજણ ,,		કોટડા–જડોદર
૩. મંત્રી	શ્રી લખધારામ હંસરાજ પટેલ બી. કોમ.		કોટડા જડોદર
૪, સહમંત્રી	શ્રી મનસુખલાલ સીવગણ ,,		,,
૫. ખજાનચી	શ્રી મુળજી ખીમજી	,,	નખત્રાણા
૬. ઓડીટર	,, મગનલાલ ધનજી	,,	નખત્રાણા
૭. ,,	,, હીરાલાલ ડાહયાભાઇ	,,	નાગલપર
૮. સભ્ય	,, નારાયણ કાનજી પટેલ		નખત્રાણા
૯. ,,	,, ગંગારામ વાલજી પટેલ		ગઢશીશા
૧૦. ,,	,, બુદ્ધિસાગર વાલજી પટેલ		કોટડા જડોદર
૧૧. ,,	,; પુરૂષોતમ ભાણજી	,,	,,
૧૨. કો. સ.	,, શીવજી શીવગણ	,,	,,
૧૩. ,,	,, ભીમરાજ રામજી	,,	નાગલપુર

લી.

મંત્રી એલ. એચ. પટેલ બી. કોમ.

લગ્ન ભેટ ધનસુરા

નામ	ગામ	ક. છાત્રાલય રૂા.	વિ. ભવન રૂ. ન. પૈ.	જાગૃતિ કા. રૂ. ન. પૈ
પટેલ લાલજીભાઇ મેઘજી C/o. શ્રી શીવ ટીમ્બર માર્ટ લક્ષ્મીબેનનાં લગ્ન પ્રસંગે	અમદાવાદ	૨૫	૧૨–૫૦	૧૨–૫૦
પટેલ જેઠાભાઈ પુંજાભાઇ ગીતા વુડવર્કસ એન્ડ સો મીલ રમીલાબેનના લગ્નપ્રસંગે	,,	૨૫	૧૨–૫૦	૧૨-૫૦
પટેલ દેવજીભાઈ નાનજીભાઇ કરશનભાઇ. કાન્તાબેન કમળાબેનના લગ્ન પ્રસંગે.	બાણીકંપા	૨૦	—	—

પટેલ કરશનભાઇ શીવજીભાઇ રૂપાલકંપા	૨૦	—	—
રામજીભાઇ શીવજીભાઈ પુત્રોના લગ્ન પ્રસંગે			
પટેલ કરશનભાઇ રવજીભાઇ દેવપુરાકંપા	૨૦	—	—
ભાઇલાલભાઇના લગ્ન પ્રસંગે.			
પટેલ રામજીભાઇ શીવજીભાઈ વડોદરા	૫૧	૫૧	—

અવસાન નિમિત્તે ભેટ

પટેલ રતનશીભાઇ માવજીભાઇ રાજપુરકંપા ૧૦૧
પૂ. પિતાશ્રી માવજીભાઇ જીવરાજભાઇની
પૂણ્ય સ્મૃતિમાં

પટેલ ગંગારામ વિરમભાઈ મોતેસરી ૫૦ કીલો ઘઉં ૫૦ કીલો ઘઉં
પૂ. માતુશ્રી સ્વ. નાથીબાઈ વિરમભાઇની
પૂણ્ય સ્મૃતિમાં

સુજ્ઞ વાચક, ગ્રાહક અને લેખક બંધુઓ તેમજ સમગ્ર સમાજમાં ભાઇબહેનોને નમ્ર વિનંતી છે કે ઉપરોકત દાતાઓએ લગ્ન જેવા માંગલિક પ્રસંગે અને વડીલોની પૂણ્ય સ્મૃતિમાં જે ભેટો આપેલી છે તે રીતે ફુલ નહીં તો ફુલની પાંખડી સમ ભેટ મોકલી આપણાં બાળકો તેમજ સંસ્થાઓ પ્રત્યે ઉદાર દૃષ્ટિ દાખવવા કૃપા કરશોજી.

આશા છે કે સમગ્ર સમાજનાં ભાઇ–બહેનો દાતાઓની ઉદાત્ત ભાવનાને અનુસરશે.

દાનવીર ભાઇઓની ઉદાર ભાવના બદલ સંસ્થાએ તરફથી આભાર સહ અભિનંદન. પ્રભુ તેમની ઉદાત્ત ભાવના કાયમ રાખે.

શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ, ઇંદોર.

(સ. પ્ર.)

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ઇન્દોરની વાર્ષિક સામાન્ય સભા તા. ૯-૨-૧૯૭૨ ના રોજ નાથાણી એન્ડ કું. માં મળી હતી. તેમાં ગત વર્ષના હિસાબો સર્વાનુમતે મંજુર કરી ચાલુ વર્ષ માટે નીચે મુજબની નવી કારોબારી સમિતીની નિમણુંક કરવામાં આવી છે.

(૧)	શ્રી મણિલાલ રામજીભાઇ પટેલ	પ્રમુખ
(૨)	„ ભીમજીભાઈ ખીમજીભાઈ	ઉપ-પ્રમુખ
(૩)	„ ભીમજીભાઇ રામજીભાઇ પટેલ	મંત્રી
(૪)	„ રતીલાલ ડાહ્યાભાઇ પટેલ	સહમંત્રી
(૫)	„ મનોહરલાલ મગનભાઈ પટેલ	ખજાનચી
(૬)	„ શાન્તીલાલ રતનશીભાઇ પટેલ	સદસ્ય
(૭)	„ કાન્તીલાલ વિશ્રામભાઈ પટેલ	„
(૮)	„ ચત્રભુજભાઈ ખીમજીભાઇ પટેલ	„
(૯)	„ તુલસીદાસ ધનજીભાઇ પટેલ	„
(૧૦)	„ જીવરાજભાઇ રામજીભાઇ પટેલ	„
(૧૧)	„ ગંગારામ વાલજીભાઇ પટેલ	„

મંડળ દ્વાર સંચાલિત વાંચનાલયમાં નવા પુસ્તકો મંગાવવા માટે રૂા ૪૫૦ મંજુર કરવામાં આવ્યા.

આજીવન સભ્ય ફી બાકી ✻

અ.નં.	નામ	ગામ	બાકી રૂપિયા
૧	પટેલ વિશ્રામભાઈ આર. રૂડાણી	અમદાવાદ	૧૧૩
૨	અંબિકા ટ્રેડીંગ કું. C/o રતનશી ગાંગજી પિત્રોડા	કલકત્તા (ઉલ્ટાડાંગા)	૧૧૩
૩	બારાસાત સો મીલ	કલકત્તા-૨૪ પરગણાં	૧૧૩
૪	પટેલ નાનજીભાઇ ખેતાભાઈ	ખેડુઆ	૧૧૩
૫	„ ડો. નારણભાઈ કરશનભાઇ	„	૧૧૩
૬	„ મેઘજીભાઇ લધાભાઇ	ચોગામડા	૧૧૩

૭		વેંકટેશ્વર સો મીલ	ડોડાલાપુર	૧૧૩
		C/o. દેવજીભાઈ બેંગલોરવાળા		
૮		પટેલ કરશનભાઇ ગંગદાસભાઈ	વાઘેલા ડેરોલકંપા	૧૧૩
૯	,,	દેવસીભાઇ પચાંણભાઇ	,,	૧૧૩
૧૦	,	શામજીભાઇ નારણભાઇ તલોદવાળા	ગોવા	૧૧૩
૧૧	,,	રવજીભાઇ જીવરાજભાઇ	દેસાઇપુરાકંપો	૧૧૩
૧૨	,,	છગનભાઇ માવજીભાઇ	ધનસુરા	૧૧૩
		C/o આશાપુરી સો મીલ		
૧૩	,,	રવજીભાઇ અરજણભાઈ મુળજીભાઈ	નારણપુરાકંપા	૧૧૩
૧૪	,,	કરમસીભાઇ હીરજીભાઈ	,,	૧૧૩
૧૫	,,	છગનભાઇ પચાણભાઇ	પરબડીકંપા	૧૧૩
૧૬	,,	સવજીભાઇ પ્રેમજીભાઈ	બોરડીટીંબા	૧૧૩
૧૭	,,	શીવલાલ અરજણભાઇ	માધવકંપા	૧૧૩
૧૮		મહાચંડી સો મીલ	મગરા (પ. બંગાળ)	૧૦૯
૧૯	,,	ગુજરાત ટીમ્બર કું.	,,	૧૦૯
૨૦	,,	લક્ષ્મી સો મીલ	મે મારી (પ. બંગાળ	૧૦૯
૨૧	,,	ડાહ્યાભાઈ કરશનભાઇ ખેતાભાઇ	રામપુરાકંપા તા. બાયડ	૧૧૩
૨૨		શારદા સો મીલ	રાણાઘાટ	૧૧૩
૨૩	,,	પ્રેમજીભાઇ લધાભાઇ	વાત્રકગઢકંપા	૧૧૩
૨૪	,,	નાથાલાલ જીવરાજભાઇ	વાત્રક	૧૧૩
		C/o. ગાયકવાડ મેડીકલ સ્ટોર		
૨૫	,,	અમૃતલાલ સવગણભાઇ	વડાલી	૧૧૩
		C/o શ્રી લક્ષ્મી વિ. ફ્લોર એન્ડ સો મીલ		
૨૬	,,	જગદીશચંદ્ર વસરામભાઇ નાંનજીભાઇ	હીરાપુરકંપા	૧૧૩
૨૭	,,	રતનશીભાઇ રાજાભાઇ	,,	૧૦૫
૨૮	,,	ખેતાભાઈ લધાભાઇ	,,	૧૦૫
૨૯	,,	જયંતિલાલ દેવસીભાઇ	,,	૧૦૫
૩૦	,,	હરિભાઈ સવજીભાઇ	,,	૧૦૫
૩૧	,,	રવજીભાઇ અરજણભાઇ	,,	૧૦૫
૩૨	,,	સામજીભાઇ સવગણભાઈ	હરિપુરાકંપો (બો.)	૧૧૩
૩૩		ગીતા સો મીલ	કલકત્તા શામબજાર	૧૦૯
				૩૭૨૬

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રી ગણેશાય નમઃ

નં. પી. પી ૭૯

— જાહેર જનતાને —



ખુશ ખબર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —

શ્રી ગણેશ ઇલેકટ્રીક
એન્ડ
કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, **ધનસુરા.**

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ ([illegible])

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ
કરી આપવામાં આવે છે.

શ્રી ૧।

આપની જરૂરીયાત મુજબ :



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઈયર
- સીયેટ વગેરે

કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

પટેલ ઈલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના
વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, **ધ ન સુ રા**
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ


- ટયુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઈલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...

ઈલે. મોટર રીવાઈન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

લિ.
હેવજીભાઈ કરશનભાઈ
ખીમજીભાઈ કરશનભાઈ
[બહામકંપા વાળા]

પ્રખ્યાત—

એ વ રે સ્ટ



ઈ. મો ટ ર્સ તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

'Everest'

હિંગળાજ માતાજી

મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

કઠવાડા (અશોકવાડી) મુકામે હિંગળાજ માતાજીનું નવીન બંધાયેલ છે
તેમાં માતાજીની મુર્તિઓની પ્રતિષ્ઠા સંવત ૨૦૨૮ ના
ચૈત્ર સુદ ૮ ને બુધવાર તા. ૨૨-૩-૭૨ ના રોજ રાખેલ છે.
તેની શાસ્ત્રોકતવિધિ

શાસ્ત્રીજી દામોદરદાસ હરિપ્રસાદભાઈ

ના અધ્યક્ષમાં થશે.

આ પ્રસંગે ચૈત્ર સુદ ૫ ને રવિવારથી ચૈત્ર સુદ ૮ સુધી વિવિધ કાર્યક્રમો રાખેલ છે.
તો તે પ્રસંગે સર્વે ભાવિક ભકતોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

ભેટ મોકલવાનું સ્થળ :—

卐 **શ્રી મફતલાલ મોરારજી પાંચોટીઆ,** કાકાનું ડહેલું, ખમાસાગેટ, **અમદાવાદ**

卐 **શ્રી ગંગારામ સવજીભાઇ પટેલ** શ્રી અંબિકા વિજય સો મીલ ગીતામંદિર રોડ, **અમદાવાદ**

卐 **શ્રી લાલજીભાઇ ધનજીભાઈ પટેલ** શ્રી શકિત હિંગળાજ સો મીલ પાસે સીંગરવા મેઇઝ પ્રોડકટ પાસે, **અમદાવાદ.**

સૂચના :— અમદાવાદથી અશોકવાડી (કઠવાડા) આવવા માટે બસ રૂટ નં. ૧૪૬
શહેરકોટડા પોલીસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન સામેથી મળશે.

સ્થાન:
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

★

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To,

Book-Post



મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

કચ્છી કડવા પાટીદાર

સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૪ એપ્રિલ : ૧૯૭૨

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છી કડવા પાટીદાર
સનાતન સમાજ
યુવક મંડળ
તરફથી
સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક



જૂની ગોદડી હોય તોય શું ? અને ધવલ, નિર્મળ, ઝીણું વસ્ત્ર હોય તો પણ શું ? (પાસે) એકલી સ્ત્રી જ હોય તો પણ શું ? અને (માણસ) અનેક હાથીઘોડાથી વીંટળાયેલો હોય તો પણ શું ? (સુંદર) ભાત ખાધા તો પણ શું અને ટેઠ રાત્રે ખરાબ ભોજન મળે તો પણ શું ? જો સંસાર ભયનો નાશ કરનારી બ્રહ્મ જ્યોતિ ન પ્રગટી (અંદર સાક્ષાત્કાર ન થયો), તો વૈભવ મળ્યો તેથી પણ શું ?

★

વર્ષ : ૧૪ અંક : ૪ એપ્રિલ : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ: સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ : સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬|, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૧| પરદેશમાં રૂા. ૧૨૫| નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ –સહતંત્રી
એમ. એ., બી એડ્.

શ્રી. પ્રો. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસ. સી

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી વિઠ્ઠલભાઈ કે. પટેલ

અનુક્રમણિકા

॥ ॐ નમઃ શિવાય ॥

તંત્રી સ્થાનેથી.........

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના ભાઈઓના વિચારોને માની લ્યો કે એક પ્રતિનિધિ તરીકે વાચા આપતાં અત્યંત આનંદ અનુભવું છું.

આપણે જાણીએ છીએ તે મુજબ આપણો સમાજ આચરણોની દ્રષ્ટિએ બે વિભાગમાં વહેંચાયેલો માલુમ પડશે એ આચરણો વિશે અવારનવાર આપણા મુખપત્રમાં ઉલ્લેખ કરવામાં આવે છે. પરંતુ એ બાબતને કેટલાક ભાઈઓ ટીકા તરીકે ગણાવે છે

હકીકતમાં આપણે સત્ય લાગતી બાબતો વિશેજ ઉલ્લેખ કરેલો છે તેમ છતાં પણ કોઈ તેને ધર્મની નિંદા કે ટીકા તરીકે ગણાવે તો તે ભાઈઓને મારી અતિ નમ્ર વિનંતી છે કે એને ટીકા સ્વરૂપે ન ગણતાં તે બાબતો વિશે દ્રઢતાપૂર્વક નમ્ર પણે મનન કરી વિચારી જુએ કે પોતે કોણ છે? મારું અસલ સ્વરૂપ શું છે? હું કયા માર્ગે જઈ ચડયો છું? અને જે માર્ગે વિહાર કરું છું તેમાં પોતાની જાતને હિંદુ કહેવડાવું છું છતાં પણ તેમાં હિંદુત્વનું અપમાન છે કે નહિ ?

કોઈપણ ધર્મ જો આચરણોની દ્રષ્ટિએ શુદ્ધ હોય તો તે અન્ય ધર્મ માટે લેશમાત્ર પણ કલંકિત નથી; પરંતુ હાથીના દાંતની જેમ ચાવવા અને દેખાડવાની દ્રષ્ટિએ કહેવાતા એકજ ધર્મની અંદર બે ભિન્ન ભિન્ન માર્ગોએ અનુસરવામાં જો દુષિત આચરણોનો અનુભવ થતો હોય તો તે શોભાસ્પદ નથી. એટલુંજ નહિ પણ હિંદુ ધર્મ માટે એ ખરેજ! એક કલંક સમાન છે.

સામાન્ય રીતે સનાતન સમાજના ભાઈઓની દ્રષ્ટિએ જોઈએ તો કચ્છ કડવા પાટીદાર સમાજમાં પ્રવર્તતા સતપંથની અંદર—

—જો મૃતદેહને દફનાવવામાં આવતો હોય,

—સૈયદોને ગુરુ તરીકે ગણવામાં આવતા હોય,

—ગોળી પીવાતી હોય અને

—પરસેવાની કમાણી [illegible] આપવી પડતી હોય.

તો આવાં આચરણો ધરાવનારી

કોઇપણ વ્યક્તિ જો પોતાને હિંદુ ધર્મી કહેવડાવવા માગતી હોય તો તે બેશક સમગ્ર હિંદુ ધર્મ માટે શરમરૂપ, કલંકરૂપ અને હિંદુ ધર્મની અધોગતિ સમ ગણાવી શકાય. એમાં લેશમાત્ર શંકા નથી.

એકજ પ્રજાની અંદર હિંદુધર્મમાંજ આ રીતે આચરણ દોષની દ્રષ્ટિએ બે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તતા હોય તો પોતાને સનાતની કે શુધ્ધ હિંદુ ગણાવતા ભાઇઓ માટે એ શરમાવનારી હકીકત છે. આ બીનાની સામે આચરણોની શુધ્ધિ માટેજ હમેશાં આપણા મુખપત્રમાં ભારપૂર્વક કહેવામાં આવે છે. પરંતુ આ બાબતનો નિર્દેશ કરવામાં ટીકા મનાતી હોય તો તેની જ સામે હિંદુધર્મનું અપમાન થાય છે અને તે દુનિયાની નજરે કલંકિત બને છે તેનું શું ?

તાજેતરમાંજ સંજોગોવશાત સુરત જિલ્લાના વતની શ્રીયુત નાથુભાઈ એસ. જાદવ જેઓશ્રી વડોદરા ખાતે રેલ્વે હાઇસ્કૂલમાં આચાર્યશ્રી તરીકે સર્વિસ કરે છે તેનની અને ખાનદેશથી પધારેલા તેમની સાથેજ આવેલા સ્વામીજીની મુલાકાત થઈ. શ્રી નાથુભાઇ પોતે સતપંથી છે છતાં એમની સાથેના વાર્તાલાપ પરથી જાણવા મળ્યું કે તેઓશ્રી જે સમાજના છે તે સમાજમાં મૃતદેહને દફનાવવાની કે ગોળી વગેરેને લગતી બાબતો પ્રચલિત નથી અર્થાત આચરણની દ્રષ્ટિએ શુધ્ધ છે તેવો નિર્દેશ હતો. તો તેમના કહેવા મુજબ કચ્છ કડવા પાટીદાર સમાજના સતપંથી ભાઇઓ સાથે પણ તેમને સારી એવી મુલાકાતો યોજાઈ હતી તે જાણીને આનંદ થયો.

પ્રેમ વડે હૃદયનો, જ્ઞાન વડે બુધ્ધિનો ને શકિત વડે શરીરનો વિકાસ કરે એનું જીવન સુદર ને યશસ્વી બને.

આશા છે કે આપણા સમાજમાં પણ યુવક ભાઇઓ તેમનાં વયોવૃધ્ધ વડીલોની મર્યાદા જાળવીને વડીલો ભલે પોતાના માર્ગે જાય પરંતુ તેઓને વિવેક બુધ્ધિથી સમજાવી પોતે શુધ્ધ આચરણો કેળવવા કટિબધ્ધ બની સમાજની કાયાપલટ કરવામાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવવાનો મક્કમ નિર્ધાર કરી હિંદુધર્મની શાન જાળવી રાખે એજ મહાભિલાષા.

—અનુ

Old parents were allowed to follow Satpanth

મહિમા

જીતેન્દ્રકુમાર એન. પટેલ
અમદાવાદ.

મહિમા :—

આ લેખ આપને કર્તવ્યમય, ભાવનામય, સેવામય સુવાસમય અને તેજોમય જીવન જીવવાની દ્રષ્ટિ આપનારું બની રહો.

આચાર્ય :—

પવિત્ર જીવન જીવવા માટેના આચાર શીખવે તે આચાર્ય કહેવાય છે. બીજાના જીવનમાંથી ઉત્તમ વસ્તુ શોધી કાઢે અને પોતાના જીવનમાં આચરે ને પછી બીજા આચરી શકે એવી બનાવે તે આચાર્ય. મા પોતે સારો ખોરાક લઇ પચાવી બાળકને પચે એવા પોષણના રૂપમાં આપે છે. તેથી તે પણ આચાર્ય છે આચાર્ય કુંભાર છે. અને શિષ્ય ઘડો છે જો ઘડો કાચો કે ખામી ભરેલ તૈયાર થાય તો લોકો તે ઘડાને તિરસ્કારે અને કિંમત વગરનો બને છે.

આચરણ :—

બીજાને સુધારવા હોય તો પ્રથમ આપણે સુધરવું પડે છે આચરણ વગરનો ઉપદેશ મિથ્યા છે. હું કહુ છુ તેમ ન કરો પણ હું કરું છું તેમ કરો દા. ત. ગાંધીજીનું જીવન તેમનો સંદેશો હતો. જેને ખરેખર દેશની શહેરની સેવા કરવી હોય તે પોતાનું કર્તવ્ય કદાપિ છોડશે નહિં હમેશાં કલંક દ્રષ્ટિ બંધ રાખો અને કલ્યાણ કારી દ્રષ્ટિને જીવનમાં ઉતારો જેમ લોભી માણસે લોભનાં ચશ્મા પહેર્યા હોય તો તેને જીવનમાં લોભજ દેખાય તેને બીજાના જીવનમાંથી દાન કે દયાનું આચરણ થતું નથી.

એકાગ્રતા :—

દુનિયારૂપી સાગરમાં કામ, ક્રોધ, લોભ સુખ વગેરેના પ્રવાહી છે. તે સમુદ્રની વચ્ચે એક દુઃખ રૂપી ઝેરી ટાપુ આવ્યો છે. આજે લોકો પ્રવાહીમાં તરવાનું પસદ કરે છે. પણ ટાપુમાં જઈ દુઃખ સહન કરીને જીવન મહાન બનાવવા માત્ર થોડા લોકો જ પહોંચે છે. આ સમુદ્ર પાસે પહોંચવા એકાગ્રતા જોઇએ છે. માછલી મેળવવા બગલાને પણ એકાગ્રતા જાળવવી પડે છે. આમ કોઇપણ વિષયમાં રસ જિજ્ઞાસા જાગે

● જેના વૈભવ પ્રભુનું ચરણામૃત છે ને જેનું જીવન પ્રભુની પ્રસાદી છે એજ સાચુ જીવ્યો છે.

● શિક્ષક પાસે જ્ઞાન અને તેજ હોવું જોઇએ એની દ્રષ્ટિ નિર્મળ, પ્રેમાળ અને મંગળ હોવી જોઇએ.

ત્યારે જ તેમાં એકાગ્ર થઇ જવાય છે. પ્રાર્થનામાં એકાગ્રતા આવી હોય તો જ તેમાં પણ રસ પડે છે. પોતાના કાર્યમાં પોતાનું વ્યક્તિત્વ રહેલું છે મારું કામ એટલે ખામી નહીં ચાલે તેને માટે મારે મનને એકાગ્ર કરવું પડશે પછી જે કાર્ય થશે તે દ્વારા માણસ દુનિયામાં પૂજાશે.

કેળવણી :—

અક્ષરજ્ઞાન, શરીરશ્રમ, ને ચારિત્ર્યઘડતરના પાયાપર જ કેળવણીનું મંડાણ થવું જોઇએ શાળામાંથી મળતું જ્ઞાન તેને અભ્યાસ કહેવાય પણ કુટુંબ, સમાજ, દેશ વગેરે પાસેથી જીવન જીવતાં શીખે (કેળવાય) તેનું નામ કેળવણી તેમાં મગજ, હ્રદય અને હાથપગ આ ત્રણને તાલીમ આપવાની હોય છે કેળવણી મુશ્કેલીમાં પણ માર્ગ બતાવે છે. આત્મના સુખ માટે પ્રસગ આવ્યે દેહને ફેંકી દે એ કેળવણી પામ્યો કહેવાય.

જીવન :—

પાણી માણસની તંદુરસ્તી માટે ઉત્તમ વસ્તુ છે તે બીમારને સાજો કરે છે પાણી સ્વચ્છ નિર્મળ છે તેવુ જ માનવ જીવનને પણ સ્વચ્છ અને બીજાને માટે ઉપયોગી બનાવવું જોઇએ મારા મત પ્રમાણે માનવજીવન નીચે જણાવેલ રત્નકણિકા જેવું હોવું જોઇએ "મારુ જીવન અંજલિ થાજો, ભૂખ્યાનુ ભોજન બનજો તરસ્યાનુ જળ થાજો" આવા ઉચ્ચ આદર્શો દ્વારા આખા વિશ્વને કુટુંબ ગણવું એ છે માનવતાનો વિકાસ આવો વિકાસ તે જીવન. સંકુચિતતા તે મૃત્યુ છે મારું જીવન એટલે સમાજનો ફાયદો જ હોવો જોઇએ જીવનમાં ગુંચ પડે તો ઉકેલજો તોડશો નહીં તૂટેલી ગુચ કદાચ સંધાય ખરી પણ વચ્ચે ગાંઠ નહીં જાય ઉચ્ચ જીવન માટે સંકલ્પબળ, સંકલ્પબળ માટે તપ આપણું જીવન ગાંગડુ જેવું ન બનતાં ઉત્તમ ચડેલા ખોરાક જેવું સમરસ થઈ જનારુ બનવું જોઇએ જેનાં મન, હ્રદય ને શરીરનો સુમેળ જામે એવું કદાચ જીવન સંગીત આ સંગીત આજે બેશુરું બન્યું. છે. ★

સંમેલન માટે

શામજીભાઇ એસ. પટેલ.
વડોદરા.

આપણા સમાજમાં હાલમાં લક્ષ્મી-નારાયણ ભગવાનનાં મંદિરો બાંધવાની પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં ચાલી રહી છે. કચ્છમાં નખત્રાણા તાલુકો તો આ બાબતે પોતાની સિદ્ધિ પણ હાંસલ કરી ચુકયો છે એમ કહી શકાય. પરંતુ કચ્છમાં છેલ્લે છેલ્લે જનકપુર જેવા નાના સરખા અને એકલવાયા ગામડાના નિર્ધન ભાઇઓએ એમના કપરા સંજોગોમાં પણ જે સાહસ કરી ભગવાન શ્રી લક્ષ્મી-નારાયણનું ભવ્ય મંદિર ખડું કરી દીધું તેના માટે જનકપુરવાસી ભાઈઓને ખરેખર ધન્યવાદ ઘટે છે. ગુજરાતમાં પણ ઠીક પ્રમાણમાં આ અંગે પ્રગતિ થતી રહી છે. આમ એક રીતે એ ખૂબ આનંદ અને ગૌરવ લેવા જેવું છે. પરંતુ તેટલાથી આપણું સમાજ સુધારણાનું કાર્ય પરિપૂર્ણ થતું નથી.

સમાજ વ્યવસ્થા જાળવવા તથા આપણા સમાજના દરેક નાનામોટા ગામડાની જનતાને સામાજિક તેમ જ આધ્યાત્મિક માર્ગદર્શન નિયમસર મળતુ રહે અને જેના વડે આપણા સનાતન હિંદુધર્મનો પ્રચાર થતો રહે તેવા એક સ્થિર અને મજબુત કેંદ્રીય છત્ર છાયાની ખાસ જરૂર છે. દરેક સંપ્રદાયો તથા જ્ઞાતિઓમાં આવી વ્યવસ્થા હોય જ છે. તેમ આપણામાં પણ આવી કંઈક વ્યવસ્થા હશે તો જ આવાં લાખોના ખર્ચે બંધાતાં મંદિરોનું મહત્વ જળવાશે. અત્યાર સુધી આવી કોઈ યોજના અંગે વિચારાયું હોય તેવું જણાતું નથી.

સતપંથ સંપ્રદાય આજલગી જો કંઈ ટકી રહ્યો હોય તો તેઓની આવી કંઇક કાયમી વ્યવસ્થાને લઇને જ. એકતો તેઓ પાકા રૂઢિચુસ્ત અને ધર્મ ઝનુની છે. વધારામાં તેઓનું એક મજબુત અને સંગઠીત કેન્દ્ર સ્થાન છે કે જેના આધારે તેઓ વખતો વખત દેશપરદેશથી એકત્રિત થઇ પોતાના વિચારો અને મુશ્કેલીઓની આપ લે કરી શકે છે. ધર્મપ્રચારકો ગામેગામ ફરતા હોય છે. નિભાવ માટે ભંડોળ છે. અને આવકનાં સાધન છે. જ્યારે સનાતનીઓમાં આવી કંઈજ

વ્યવસ્થા નથી. દરેક ગામના લોકો પોત પોતાની રીતે વર્તન કરતા હોય છે. સમાજની કોઇ એક ધર્મનીતિ નથી. પ્રચારનું કોઈ સાધન નથી. પોતપોતાના વિચારો અને મુશ્કેલીઓની આપ લે કરવા કોઇ મુકરર કરેલો સમય કે સ્થળ નથી. અને વિશેષ દુ:ખતો એ વાતનું છે કે મંદીરોની પ્રતિષ્ઠા મહોત્સવ વખતે પણ સમાજ સુધારણા કે ધર્મની બાબત અંગે મુકત કંઠે ચર્ચાઓ થઇ શકતી નથી. તેમ નાતની સભામાં પણ તેના વિશે ચર્ચાઓ કરવાને સ્થાન નથી. તો પછી સનાતની ભાઇઓને નડતી મુશ્કેલીઓ તથા પોતપોતાના વિચારોની આપ લે કરવાનું સ્થાન કયારે અને કયાં ?

માટે જ સનાતન સમાજ જેવું કંઇક છે તેની પ્રતીતિ કરાવવા તથા આપણી સમાજના આદ્ય સુધારકો તથા ગુરૂ ઓધવરામજી જેવા મહાત્માઓનાં અધુરાં રહેલાં સ્વપ્ના સિદ્ધ કરવા સનાતની ભાઇઓએ હવે આગળ આવવાની ખાસ જરૂર છે.

આ બાબતમાં તીવ્ર ઇચ્છા ધરાવતા ઘણા વિચારક ભાઇઓની એવી એક માંગ છે કે એ બાબતનું ઘડતર કરવા અખિલ ભારતીય ધોરણે એક **"સનાતન પાટીદાર સમાજનું ખાસ સંમેલન"** બોલાવવું અત્યંત જરૂરી છે.

તો આશા છે કે સમાજના આગેવાનો આ હકીકતને લક્ષમાં લઇ વહેલી તકે ઘટતા પ્રયાસો કરશો ★

- પોતાના દોષો અને ભૂલો પ્રેમથી સાંભળવાની સહનશીલતા, શ્રદ્ધા અને જિજ્ઞાસા જેની પાસે છે તે શિષ્ય.

- કનક, કાન્તા અને કીર્તિના પવનથી જે રૂની માફક ઊડી જતો નથી, કે ખસતો નથી તે ગુરૂ.

- જુવાની મળતી નથી મેળવવી પડે છે. એ માટે સંયમ અને ત્યાગ કેળવવાં પડે છે.

- કાળને બદલવાની, આકાશને બાંધવાની ને હિમાલયને ચૂર્ણ કરવાની અદમ્ય ઉત્સાહ શકિતનું જીવંત પ્રતિક એટલે યુવાન.



"સનાતની ભાઈઓને"

લે. 'અનામી'

ઈતર જ્ઞાતિ / સમાજોમાં સનાતનીઓની છબી ખરાબ થાય છે.

ગયા અંકમાં "અનામી" લેખકે લેખમાં 'સતપંથી ભાઈઓને' ઉદ્દેશીને ઉલ્લેખ કર્યો છે કે 'અન્ય કોમના કેટલાક લોકો આપ સૌને "મુમના કણબી" તરીકે ઓળખે છે તે વિશે કદી વિચાર કર્યો છે ? તેનો જવાબ તેણેજ આપ્યો 'ના'

તો હું "સનાતની ભાઈને" એજ વળતો સવાલ પુછું છું કે સતપંથીઓને તો પોતાના ધર્મ અને આચરણો પ્રમાણે 'હા' કહેવડાવવામાં કદાચ સંકોચ ન થાય એ હકીકત છે, અને કેટલાક તો તેમાં ગૌરવ પણ માને છે. પરંતુ જેઓએ જનોઈ ધારણ કરી વર્ષોથી સનાતન ધર્મ અંગીકાર કર્યો છે અને દરેક રીતે હિંદુ રિવાજ મુજબ વર્તતા હોય છે છતાં તેઓને કેટલાક ઈતર વર્ગ હજી પણ મુમના' તરીકેજ ઓળખે છે તેનું કારણ શું ? તેનો વિચાર તમોએ કદી કર્યો છે ખરો ?

Mumna

તેનું એકજ કારણ છે અને તે હું તમોને મારી જાણ પ્રમાણે આપીશ, કે જ્યાં સુધી તમો તેઓની સાથે એકજ જ્ઞાતિ તરીકે રહી દરેક સામાજિક વહેવારમાં સંપૂર્ણ પણે તેઓની સાથે ગુંથાએલા છો અને હજી પણ ગુંથાતા આવો છો ત્યાં સુધી ઈતર વર્ગની નજરે તમે બધા એકજ છો એટલે તમે પણ એ ઉપનામમાંથી મુક્ત થઈ શકતા નથી. ખરેખર એ ઉપનામ સાચા સનાતની માટે હવે 'ગાળ' સમાન છે. તેમાંથી મુક્ત કઈ રીતે થવાય તેનો વિચાર તમારે પણ હવે કરવાનો છે.

Use of Taqiyya by Satpanthis.

Renaming done by Satpanthis

સતપંથીઓએ તો પોતાને લાગેલી એ ગાળમાંથી મુક્ત થવા નીચે પ્રમાણે કેટલાક વાણી પૂરતા ફેરફારો કરી પણ દીધા છે. જેવા કે ખાનાને-મંદિર, કબરને સમાધી, પ્રેત ભોજન (દાડા)ને બારમું, જમાતને-સમાજ, કલમાને-મંત્ર, રોજાને અપવાસ, દુઆસલામને-હરીહર કે રામરામ, કેટલીક જગાએ ખાનામાં 'ૐ' લટકાવ્યા, શંકર, રામ, કૃષ્ણ વગેરેની છબીઓ લટકતી થઈ. ચંદન ઘસાવા લાગ્યાં. કાલ્પનિક દશાવતારને 'સપ્તાહનું' ઉપનામ આપવામાં આવ્યું. પીરાણા સત પંથને 'સનાતન સતપંથની' જયબોલાતી થઈ વગેરે આ બધું દુનિયાને દેખાડવા પૂરતું છે અંદર ખાને તો બધું એનું એજ છે. પરંતુ સનાતનીઓ એ ગાળમાંથી મુક્ત થવા શું કરે છે તેજ જોવાનું રહ્યું. ★

મમતાનાં આંસુ

રતીલાલ દેવસીભાઈ પટેલ
"વિલચી"
અમદાવાદ

સત્ય હોય તો જીંદગી ! અને મિથ્યા હોય તો ! તોય શું, વળી રિબાઈ રિબાઇને ઘરાયેલી જીંદગીનો ઓથ.

નિઃસ્તબ્ધ રાત્રીના ગાઢેરા અંધકારને ચીરતી એની એ બે આંખોમાં પછડાયેલી જીંદગી ભૂતાવળની પેઠે નાચતી હતી, વિતેલી જીંદગીના એક પાસાને વાગોળતી હતી, અનેક દિવસોનો સરવાળો કરતી હતી. હિસાબ ગણતી હતી, સદાય નિખાલસતાને વરેલી અકથ્ય વેદના વંચાતી આંખો જીવનનાં મૂલ તપાસતી હતી.

વરસો પહેલાંની એ ભયાનક સંધ્યાને એની આંખ જોઇ રહી. જ્યારે વિકારે પ્રેમનું પરિણામ નભાવવાની સાફ સાફ ના કહી. જાણે કાંઇ ન બન્યું હોય તેમ પોતાને આવડી મોટી દુનિયામાં રઝળતી કરી હતી.

વિભુતી વિકારને ચાહતી હતી, પ્રેમ કરતી હતી. પ્યાર કર્યો પણ અ.વડતથી અધુરી ગણાઈ. વિભુતી વિકારમય બની ગઇ. વિકારી વિકારની સાથે કલબમાં અચૂક હાજર રહેતી. 'ગાર્ડનીંગ' પણ સાથે જ. સન્ડેવોક તો બોટીંગ કરી માણી લેતાં. 'સ્કાય ડાયનીંગ' તો તેઓ માટે સામાન્ય થઇ ચૂકયું હતું. કોલેજમાં પણ 'ગ્રેટ લવર' તરીકે ઓળખાતાં. જ્યાં જુઓ ત્યાં વિભુતી વિકારની સાથેજ રહેતી વિશ્વાસઘાતનાં ઝેરને પોષી રહેલ વિકરના દિલને વિભુતી જાણી ન શકી ખરૂં પૂછો તો એને જાણવાનો પ્રયાસ જ કયાં કર્યો હતો, જાણવાજ માંગતી ન હતી.

વિકારનો પણ વાંક ન હતો. વિકાર તો કહેતો 'વિભુતી, તું જાણે છે કે વિકાર માત્ર સુંદરતામાં જ માને છે, કાળ સાથે કદી સહમત થતો નથી. છતાંય વિભુતી વિકારને ન જાણી શકી.

સમય પારખી ગયેલી વિભુતીએ વિકારને સર્વ હકીકતથી વાકેફ કર્યો અને કહ્યું, 'વિકાર, આ સર્વનો અંત લગ્ન ! લગ્ન કરી સુખી બનીએ, એક બીજાને વધુ પીછાનીએ આવનાર સંતાન પ્રત્યે ફરજ નભાવીએ.'

'લગ્ન !' ખુબજ નરમાશથી વિકાર બોલ્યો. અસંભવ ! હું બંધન સ્વીકારવા માંગતો નથી, નહી તોય મારે શું ! તું જાણે ને તારી જીંદગી. હું તો માત્ર પ્રેમ કરી જાણું છું, ભાગીદારી સ્વીકારતો નથી'. તેનું કહેવું પણ સાચું હતું. વિકાર વચન આપવાનું જાણતો હતો, નિભાવવાનું નહીં.

વિભુતી આવા હલકટ જવાબથી સાવ અવાક બની ગઇ. એની આંખમાં ક્ષમા માંગતી કરૂણા ટપકતી હતી. ન તો એણે આજીજી કરી, ન તો કાંઇ કયું માત્ર એટલું જ બોલી, 'વિકાર, તું સાચું કહે છે. કારણ કે તું પુરૂષ છે, બેપરવાઇનું પૂતળું. ત્યાગથી તો કાંઇ નહીં, ભાવનાથી યે હારી ગયો. ત્યાગ પણ બોજો લાગ્યો. મારી જીત એ જ બસ છે. પણ એ જીત મોત માંગે છે. તો એ મોતને હું જીંદગી સોંપીશ. જીંદગી વેડફી મોત માંગી જાણું છું, સ્વીકારી શકું છું, સાથે એ મોતને કરગરી જીંદગી પણ મેળવીશ. જીવીશ તોય મારી ખાતર અને મરીશ તોય શું ? તોય મારી ખાતર' જાણે ગાંડી ન બની ગઈ હોય તેમ મોટેથી બોલતી રહી.

'વિકાર તું નિશ્ચિત રહેજે. મારા થકી અણછાજતું કશું નહી થાય. આજ પણ તું સ્વતંત્ર છો. મારે એક શબ્દ સાંભળવો નથી. તું જઈ શકે છે. તેં મારી જીંદગીને તમાશો બનાવી છે તો હું એનો અંજામ પણ ભોગવીશ.' આટલું કહેતાં વિભુતી ફસડાઇ પડી. માથે હાથ ટેકવીને સૂન્યમનસ્ક ક્યાંય સુધી બેસી રહી, આવનારી જીંદગી વિષે વિચારતી રહી.

પછી તો કુદરતે કામ પૂરૂ કર્યું એ કામમાં વિભુતી જ.રાય વિંધી. રૂપ ન નિવડી મેં પાપ કર્યું છે તો હું જ ભોગવીશ. શા કાજે એ

● જીવનની મિનિટે મિનિટનો સદુપયોગ કરી શકે તે જ મહાન બની શકે.

ઉગતી રોશનીને ફુંક મારી બુઝાવી દેવી, વિલયી કરવી. અને વિભુતી કુંવારી માતા બની અને કહેવાઈ.

વિભુતી ને મા બની જીવવું હતું. અને જીવતી પણ હતી. દુનિયા એને સંભળાવતી રહી 'કોકનું પાપ માથે લઇને ફરે છે. ન જાણે કોનુ હશે' આમને . આમ દુનિયાએ વિભુતીને અકળાવી, ખૂબ અકળાવી, મનથી સંતાપાયે વિભુતી અશાંત બની.

એકવાર તો દિવસ ભરના વિચારને અંતે નિર્ણય પણ કરી લીધો. ગમે તેમ કરીને બાળકને ત્યજી દેવું. બાળકને એના ભાગ્ય પર જીવવા દેવું. એ દિવસે તો વિભુતીએ સઘળો પ્યાર બાળક પર ઢાલવી દીધો, ન્યોછાવર કરી દીધો. અનેક ચુંબનોથી બાળકને ભિંજવી દીધો. ધરાય ત્યાં સુધી સ્તનપાન કરાવ્યું. સંધ્યા ઢળતાં તૈયાર થઇ એ 'આફત'ને હંમેશને માટે ટાળવા. પણ કોણ જાણે અડધે રસ્તેથી પાછી ફરી. બાળકના રૂદનમાં 'મા'નું દિલ પિગળી ગયું. અને બાળકને લઇ ઘેર પાછી ફરી. રાત્રીના અંધકારમાં મમતાનાં આંસુ સારતી રહી અને કહી રહી 'બેટા, આજ તારી મા ધર્મ ચૂકી ગઇ. સદાય પ્રેમનાં ચુંબન દેનારી માતાએ તારા મૃદુ હોઠને છેતરી ઝેરનાં ટીપાંની નવાજેશ કરી. આજ મહા અનર્થમાંથી ઉગરી.'

થોડા દિવસ બાદ વિભુતી વળી આર્થિક ભીંસમાં સપડાઇ એ ભીંસે એની રહી સહી સારી જીંદગી વેરણ છેરણ કરી દીધી. આખરે તેને લાગ્યું મારી ખાતર બાળકને કયાં સુધી સહન કરવું. ફરી એકવાર બાળકને એના ભાગ્ય પર જીવવા દેવાની તક આપી અને સાચેજ માતાના પ્રેમને હડસેલો મારી દેવીશરણે મૂકી આવી.

ઘેર આવી રડી પડી, ખુબ રડી આખરે થાકી ત્યારે સુઇ ગઈ. ઉંઘમાં પણ જાણે કોઈ રડતું ન હોય તેવો અવાજ સાંભળતાં ઝબકી ઉઠતી અને ફરી રડી પડતી.

આમ વિભુતી બંધનહીન બની. દુનિયાની આંખે ફરી નિર્દોષ ગણાઈ, કલંક વિનાની. પરંતુ વિભુતીની દ્રષ્ટિ પુરૂષ પરથી સદાય ખસી ગઈ, પુરૂષ પર કદી આંખ ન ઠેરવી

એની જિંદગીનું મૃત્યુ થયું હતું. પણ એ મૃત્યુંનેય શાંતિ કયાં હતી! વિભુતી અકળાએલું જીવન જીવવા લાગી ભાવનાથી વિંઝાયી બનેલી કોઈ એક જીંદગીના નિઃસાસાથી પિડાતી હતી, સંસારના અંધારામાં સબડતી હતી. દિલ પણ કહેતું 'વિભુતી, નિઃસહાય બાળની હાય લઈ કદી સુખી નહી બને સાચેજ કયાંય એને ચેન ન હતું. તેની જીંદગી પર નિરાશાનું આવરણ છવાયેલું રહ્યું.

વિભુતી જીવનની સાર્થકતા વિષે વિચારતી 'તો પછી જીવનની

- સ્ત્રી સુશિક્ષિત હશે તો જ સમાજ સંસ્કારી હશે.
- સ્રીને માટે લાચારીથી મેળવેલાં ઘરેણાં કરતાં, સુતરનુ મંગળસૂત્ર વધુ સારૂં છે.

સાર્થકતા કયાં છે એ સાર્થકતા શામાં? અને એ સાર્થકતામાં માનવીનું મૂલ કેટલું? આ બધું શા માટે? આખરે હું કોણ? મારૂં સ્થાન કયાં આવા વિચારોથી અટવાયેલી રહેતી.

આખરે વિભુતિએ પ્રતિષ્ઠિત કુટુંબમાં નાનેરા બાળકની સાચવણીનું કામ સ્વીકારી લીધું.

પ્રથમ તો બાળકને જોતા વિભુતીના દિલે થડકાર અનુભવ્યો. પણ એ થડકારમાં તથ્ય ન માનતાં સમાવી દીધો. અને આશ્ચર્ય જતું કર્યું. તેને જાણવાની કોશિષ પણ કરી નહીં.

એ બાળકપર પોતાનો સર્વસ્વ પ્યાર ઠાલવી દીધો. વિલાપ માટે કેટલાય રમકડાંનો ઢગલો કર્યો હતો જાણે પોતાનો પુત્ર ન હોય તેવી તો સંભાળ રાખતી એકવાર તો વિનીતને પણ ગુસ્સે થઇને કહી દીધું 'તમે, વિલાપની દરકાર જરા સરખીયે રાખતા નથી પુત્ર પ્રત્યે પિતાની પણ કંઈક ફરજ હોય છે મને તો તમારી બેપરવાઇ જરાય ગમતી નથી.'

વિનીત કહેતો વિભુતી, આટલું બધુ વિલાપ પાછળ ધ્યાન આપે એ મને

કહેતું નથી ત્યારે વિભુતીએ કહ્યું 'વિનીત, જિંદગીથી હારેલાં કેટલાંય માનવી એવા કૈંક અરમાનો દિલમાં સાચવતાં હોય છે એને પૂર્ણ કરવા પ્રયત્ન પણ કરતાં હોય છે. વિભુતી પણ એની જીંદગીથી પછડાઈ ચૂકી છે. કાળે એની જીંદગીને તમાચો માર્યો છે. મેં પણ પ્રેમ કરી જાણ્યો છે અને તેનું પરિણામ પણ ભોગવી ચુકી છું. સંભવ છે તમને વિશ્વાસ નહીં આવે વિનીત હું એક કંલકિની છું ! જેને ન ઘર ન દુનીયા ન માન ! વિશ્વાસ આવશે તે કદાચ આજ સવાલ પણ પેદા થશે. કંલકિનીના સંસ્કાર કેવા હોય ? બાળકના જીવનનું શું ? જીવન કેવું ઘડાય !'

ઉતરી ગયેલી જીંદગી ! પણ વિનીત આજેય આ કથનને ઠોકરે ચડાવું છુ જો કે વિનીતે આ બાબતમાં ધ્યાન ન આપ્યું પરંતુ તેને વિભુતીનું આ સત્ય તદન અજુગતું લાગ્યું. વિભુતી અને તે પણ કલંકિની ! એ આશ્ચર્ય મનમાં રહી ગયું.

વિભુતીને ઘણીવાર ગમગીન બનેલી જોતાં વિનીત કહેતો 'વિભુ, તારે કાંઇ મુશ્કેલી હોય તો વિના સંકોચે જણાવજે એક મિત્ર માનીને સ્નેહી સમજીને મને કદી પરાયો ન માનીશ એક મિત્ર માની જે કાંઇ હોય તો કહે મારાથી બનતું બધુ કરી છુટીશ. વિશ્વાસ રાખજે ત્યારે પણ વિભુતી વાતને છુપાવતાં કહેતી 'ના...ના બસ આ તો

● સ્ત્રીનું સમર્પણ ને પુરૂષનું કર્તવ્ય એ બેનો સરવાળો એટલે સંસાર.

અમસ્તાં જ એ તો તમારો ખોટો વહેમ છે. હું તો તમારા થકી ઘણી સુખી છું એમ કહી વાતનો અંત લાવતી.

વિનીત પણ વિચારતો ગમે તે હોય પણ વિભુતી પોતાનાથી કાંઇક છુપાવે છે આંખથી આંખ મિલાવી પોતાની સાથે વાત કરી શકતી નથી.

વિભુતી પણ વિચારતી હજુ પણ કોઇ પ્રિય પાત્ર મેળવી જીવનની સાર્થકતાને પામવી દુનીયામાં આમને આમ ક્યાં સુધી અંથડાતાં કુટાતાં રહેવું એના કરતાં ભુતકાળને ફેંકી ફરી પ્રેમ-પ્રાપ્તિ મેળવવી પણએ શકય બને ખરૂં ? પ્રેમ કરીનેય કોઇ દિવસ જીંદગી બતાવવી પડે અને ભૂતકાળ બતાવે તો વળી તરછોડાવાનું રહ્યું. આમ સ્વપ્નમયી વિભુતી અકળાતી, અટવાતી.

અકળાયેલી વિભુતીને વિલાપ આશીર્વાદરૂપ બની ગયો. એનું સર્વ જીવન વિલાપ ખાતર વેડફી નાખતી. 'જિંદગીનો એક માત્ર વિસામો' માની વિભુતી ટાઢક મેળવતી. કારણ કે આખરે એ એ પણ મા હતી.

આજ સવારે માત્ર સહજ વાતચીતમાં વિનીતે કહ્યું 'વિભુ, આગ્રહથી એને ઘેર લઇ આવ્યો પુત્ર માની રાખ્યો પણ એ અભાગીપત્નિ જીવતાંતો સંતાન ન પામી શકી અને વિલાપનું સુખ

પણ જોઈ ન શકી. આ વાતથી દુની-યાને અજાણતાની ગર્તામાં રાખી પછી વિભુતીએ વિનીતની પાસે વિલાપની જિંદગી જાણી લીધી.

બસ આજ વાતે વિભુતિની આખી જીંદગી ઉલેચી નાખી. રાત્રીના આવા અંધકારમાં હજુએ પાસા ફેરવતી રહી વિચારતી રહી.

'તો પછી વિનીતનું પતિ પણું કાં ન સ્વીકારવું. વિનીતને દેહ સોંપી પત્ની પદ કાં ન ભોગવવું. બાળકની જિંદગી ઉજળી રહે. વિનીત થકી તો પોતાનું જીવન એક જીવન બન્યું છે. તેમાંય વિનીતને તો પોતાના પર અટલ વિશ્વાસ છે. સહજ અસ્વસ્થ રહું તો ઉપરા ઉપરી હજાર સવાલ વિનીત થકી થતો વળી એક વાર વિચાર ઝબકી ઉઠયો. પરંતુ તેમાં માતૃત્વ ઘવાતું હતું. બાળક જાણે તો પોતાનાથી જીવાય ખરું ? એના કરતાં બાળક પોતાની વિતેલી જિંદગીથી અજાણ રહે એ જ સારૂં. વળી વિનીતની નજરમાં 'વિભુતી'નું સ્થાન કેટલું ?

સત્ય હોય તો આ બધું શક્ય બને ! સત્ય હોય તો જિંદગી ! ન હોય તોય શું ! તોય વિલાપનો પ્રેમ, આમેય વિલા-પને પરાયો કયાં ગણ્યો છે બાળક પોતાની પાસે રહે એ જ ઉત્તમ પણ હકિકત મિથ્યા હોય તો આ બધાનું શું સર્વ મિથ્યા, જેનો કોઇ ઉપાય નહીં.

વર્ષો પહેલાંની ભૂલનાં એંધાણ તો

● પોતાના સંસાર તરફ જેની દ્રષ્ટિ આશ્રમ જેવી હોય એના જીવનમાં પ્રેમ પાવિત્ર્ય ને માંગલ્ય સાથે.

કયારનાંય ઘડાઇ ચુકયાં હતાં હવે તે માત્ર એકરાર કરવાનો જ બાકી હતો.

આવા વિચારોથી ઘેરાયેલી વિભુતી. આખરે નિંદ્રાધીન બની. છેક મોડી સવારે જાગી ફરી એક વાર ખુબ વિચાર કર્યો. આખરે તૈયાર થઇ, સંધ્યાટાણે.

વિભુતીને કસમયે આવેલી જોઇ વિનીતે સહજભાવે પુછયું 'કેમ વિભુ, આજ સવારથી કંઇ દેખાઈ નહીં ? કેમ તબિયતતો ઠીક છે ને ? વિભુતીએ હા કહી ટૂંકમાં પતાવ્યું.

વિભુતીએ વિનીતને પોતાની સાથે આવવા સૂચવ્યું ત્યારે વિનીતનું આશ્ચર્ય ન સમાયું તેનાથી બોલી જવાયું 'વિભુ,કયાં જવું છે એતો કહે ? પ્રયોજન શું છે ?

અત્યારે માત્ર મારી સાથે ચાલો હકીકત ત્યાં દુર દુર ઉભેલી છે.

વિનીતને વિભુતીનું આવું વર્તન ન સમજાયું, કદી નહી ને આજ આમ કેમ ? છતાય એ ચૂપ રહ્યો.

વિભુતી વિનીતને લઇ મંદિરે આવી પહોંચી વિનીત પણ દર વરસની પૂર્ણિમાએ આ મંદિરે આવતો હતો એટલે તેને કાંઇ નવું ન લાગ્યું.

'વિનીત મને મિત્ર તરીકે માની છે તો હું માત્ર એટલું જ કહી શકું કે તમારૂં અહિત ન થાય તે વાતે જે પૂછું તે સત્ય કહેજો'

'સત્યની સાક્ષી પૂરતુ આ મંદિર' મંદિરમાં ઉભા રહી વિભુતીએ કહ્યું.

'અને આ ભાગ્યશાળી પગથીયું જ્યાંથી તમે ગરમ સુંવાળી શાલમાં વિંટળાયેલ વિલાપને સ્વીકાર્યો સાથે પત્ર પણ મેળવ્યો હશે ! કદાચ ભૂલતી ન હોઉ તો પૂર્ણિમાની સંધ્યા વિલાઇ જતી હતી.

વિભુતી વિનીતના ચહેરાને એકીટસે જોઇ રહી. જવાબ શું આવે છે તે જાણવા અધિરી બની ગઈ. વિનીતને આજ ખબર પડી કે શા માટે વિભુતી સદાય ગમગીન રહેતી. શા માટે આજ પોતાને અહીં ખેંચી લાવી.

'ભગવાન ખાતર સત્યને છૂપાવશો નહીં આમાં કોઇકની જીંદગી, મોત કે જે કાંઈ ગણો તે સમાયાં છે.' વિભુતીએ ગળગળા સાદે કહ્યું.

વિનીત વિભુતિને ફાટી આંખે જોઇ રહ્યો. એનું આશ્ચર્યસીમા ઓળંગી ચૂકયું. આશ્ચર્ય એને કહી રહયું, કુદરતની વિચિત્રતા પણ કેવી !' આખરે એ બોલ્યો.

'વિભુ, તો તું વિલાપની જનનીને જાણે છે. તું જાણે જ છે. એમાં શંકા અસ્થાને છે તદ્દન સત્ય ! તદ્દન સાચું સત્ય !'

'વિનીત, હું વિલાપની જનનીને માત્ર જાણતી નથી એટલું જ નહીં પણ તેને હાજર પણ કરી શકું છું. વિલાપની માતાને એકમાત્ર વિભુતી જ જાણે છે કે

● પોતાનું કામ કરવુ એ આસકિત, બીજાનું કામ કરવું એ સંસ્કૃતિ અને ભગવાનનું કામ કરવું ભકિતને કર્મો કરીને અલિપ્ત રહેવું એ વિરકિત.

વિલાપની માતા વિભુતી છે ! અવિવાહિતા નારીની આંખનું તે જ !

'તુ......તું વિલાપની માતા !' વિનીત જડવત્ બની વિભુતીને એકીટસે જોઇ રહ્યો. એક પછી એક નવાઈ આંખ આગળથી પસાર થતી ગઇ.

'હજુ પણ શંકા ? આજે ય એ પત્રનું લખાણ આપી શકું તેમ છું છતાંય વિશ્વાસ ન આવે તો લોહીના રંગનું પારખું કરો. વિનીત, આમાં વિશ્વાસની જરૂર છે માની મમતા પારખવાની શકિતની જરૂર છે. પારખામાં હારી જઇશ તો જીંદગીભર ચૂપ રહીશ સદાય માટે. વિલાપનો ઓછાયો નહીં પડે ત્યાં દુર દુર જીવન વિતાવીશ.

માતાના રૂપથી અજાણ રહેલ વિલાપને એ રૂપની જ્યોતને ધરાઇ ધરાઇને પીવા દો. માતાના પ્યારને ભાગ્યશાળી બનાવો. આજેય આદેહ પવિત્ર છે એટલે 'માતા'ને બોજારૂપ નહીં બને. વિનીત, હું સમજું છું કે મારો માંગવાનો અધિકાર પણ શું છે ? વિલાપ તમારી જ અનામત છે કલંકિની પર તે વળી વિશ્વાસ કેવો ! એક સબંધથી યાચના કરૂં છું. એ યાચના તમારી દયા પર જીવે છે. વિલાપ મારી કે તમારી પાસે રહે તેનો કોઈ સવાલ નથી પણ વિલાપ 'સત્ય'થી વેગળો રહે એમાં જ 'મા' ની પવિત્રતા છે.

વિનીત કરગરી રહેલી વિભુતીની આંખોમાં સમાયેલી ટપકતી કરૂણા જોઈ રહ્યો. એક નારીની ભવ્યતા વાંચી રહ્યો. વરસો પહેલાંની કહેવાયેલી કલંકિનીને આજ માતાના રૂપમાં જોતો હતો. વરસો પહેલાં જે ઓછાયાથી નાસતી ફરતી હતી તેને આજ પોતાનો બનાવવા અધિકાર માગતી હતી. માતાના રૂપને પામવા ફાંફાં મારતી હતી.

'વિભુતી! અને તે પણ કલંકિની! જેટલું સત્ય તેટલું જ મિથ્યા. વિભુતિને કલંકિની કોણ કહી શકે સાચું મનાય પણ ખરૂ! અને કલંકિની હોય તો આમ બાળકની માંગણી કરે ખરી?' કલંકિની કદી માતાપદ સ્વીકારે ખરી!'

નહીં તોય હું ક્યાં જનક હતો. હું તો પાલક છું વિભુતી વિલાપ તારો જ છે બીજુ તો કંઈ નહીં પણ મને કદી પરાયો ન માનીશ. વિલાપનો એકવખતનો પાલક વિનીત હતો એ કદી ન ભૂલીશ. છતાંય એમ હોય તો મારૂ સર્વસ્વ એનું જ છે અને એ તું ભોગવ.

વિભુ આજ એક વચન આપ ભગવાનની ખાતર વિલાપને કદી ન કહેતી કે વિનીત તારો એક વખતનો પાલક હતો નહી તો માતાનું મૂલ વેરણછેરણ થઇ જશે, લાંછનના ખપ્પરમાં હોમાઈ જશે. આટલું સત્ય જીવનભર છુપાવજે. સલામત રહો વિલાપ અને તેની માતા વિભુતી.'

● રોગનો પ્રચાર આપમેળે થાય છે, જ્યારે સદ્‌ગુણોનો પ્રચાર કરવો પડે છે. કચરો પડયો સ્વાભાવિક છે, દૂર કરવા માટે જ પરિશ્રમ કરવો પડે છે.

● કાય નિષ્ઠા સામે પોતાના વ્યકિતગત હિતનું બલિદાન આપવા તત્પર રહે તેજ સાચો કાર્યકર.

● બુધ્ધિવાદી કેવળ જ્ઞાનની ચર્ચાજ કરે છે, બુધ્ધિજીવી ફકત બુધ્ધિનો વેપાર જ કરે છે જ્યારે બુધ્ધિનિષ્ઠ બુધ્ધિને જીવનમાં ઉતારે છે.



વિભુતી વિનિતની ચરણરજ માથે ચઢાવી વિલાપને તેડી મંદિરના પગથીયા શાંત ભાવે ઉતરી ચાલી નિકળી. અને મંદિરને પગથીયે સાવ જડવત દશામાં વિનીત મા દિકરાને જતાં જોઈ રહ્યો. વરસોબાદ દુઃખી મા–દિકરાના મિલનથી હર્ષનું આંસુ વિનીતની આંખમાંથી ધરા પર ટપકી પડયું અને તે ધરાએ ચૂમી લીધુ. ★

બંગલા દેશનો આઝાદી સંગ્રામ

—અંબાલાલ વી. પટેલ
ક. ક. પા. વિ. ભવન ધનસુરા.
(વજેપુરા)

હિંદુસ્તાનના ૧૯૪૭ ના આઝાદીના દાયકામાં આપણે આપણું ધ્યાન કેન્દ્રિત કરીશું તો આપણને ત્વરીત જણાશે કે આઝાદી સંગ્રામમાં ભૂતકાલીન અખંડ હિન્દુસ્તાનની પ્રજા લોકશાહી ઇચ્છતી હતી અને અંગ્રેજ ગોરાઓના દમનમાંથી છુટવા ફાંફાં મારતી હતી. આ આઝાદી સંગ્રામમાં હિન્દુ, મુસલમાન પ્રજાએ ઝંપલાવ્યું હતું પણ છેવટે ગોરાઓએ પોતાની ખૂનખાર ચાલબાજી અપનાવી મુસલમાન પ્રજાને ધર્મના નામે ઉશ્કેરી અલગ મુસલમાન સ્વરાજ્ય મેળવવાની ધગશ દર્શાવી. આવી ગોરાઓની ગંદી ચાલબાજીથી ત્વરીત પણે પ્રેરાઇ મહમદઅલી ઝીણા જેવા મુસલમાન નેતાઓએ ભિન્ન ભિન્ન પાકિસ્તાનની માગણી કરી છેવટે મહંમદઅલી ઝીણાની આકાંક્ષા મુરાદ બર આવી અને અખંડ હિંદુસ્તાનમાંથી પૂર્વ-પશ્ચિમ પાકિસ્તાન અને ભારત જેવા બે દેશો જગતની ભૂમિ પર અસ્તિત્વમાં આવ્યા.

પાકિસ્તાનની જનતા અને ભારતની જનતા લોકશાહી સરકાર ઇચ્છતી હતી. પણ આ જીજ્ઞાસા ઇશ્વરે ભારતની જનતાને ભૂતકાળમાં આપી પણ પાકિસ્તાનની પ્રજામાં તેમના શાસકો સરમુખત્યાર નીકળ્યા અને સરમુખત્યારોએ પોતાની સત્તા નીચે મુસલમાન પ્રજાને ભૂંસી નાખતા હતા અને તેમાં ખાસ કરીને બંગલા દેશના બિહારી મુસ્લીમોની કફોડી પરિસ્થિતિ હતી. સત્તાધિશો પશ્ચિમ પાકિસ્તાનમાં રહેતા હતા. આપણે ભૌગોલિક દ્રષ્ટિએ જાણીએ છીએ કે અટુલો પશ્ચિમ પાકિસ્તાન પાંગળો પ્રાંત છે તેથી પશ્ચિમ પાકિસ્તાનના સરમુખત્યાર શાસકો પોતાની જાહોજલાલી અને મોજશોખની ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે બંગલાદેશમાંથી વગર મહેનતની ધનસંપત્તિ ઉઠાવી જઇ પશ્ચિમ પાકિસ્તાનમાં પોતાના વિકાસ અર્થે બંગલા દેશની લક્ષ્મી (ધન સંપત્તિ) પાણીના પ્રવાહની માફક વેડફતા હતા. બંગલા દેશની દુઃખી જનતાને ગરીબીના ખાડામાં ધકેલતા જતા હતા.

ભૂતકાલિન ઇતિહાસકારો કહી ગયા છે કે "એક પ્રાંત (માણસ) લાંબો

સમય લાખો માણસોને ઉંદરની માફક ચૂસી શકતો નથી" તેથી બંગલા દેશની જનતાએ પ. પાક. ના શાસકો સાથે શાણપણથી ઉકેલ આવતો હોય તો સંગ્રામ કરવાની ઇચ્છા દર્શાવી નહોતી. પ. પાક. ના નેતાઓએ (ભૂટ્ટો.-યાહ્યાખાન) બંગલા દેશની જનતાને બે ટીપાં લોકશાહીનો રસ પીરસ્યો અને જણાવ્યું કે આપણે બંને પ્રાંતમાં ચૂટણીઓ યોજીએ ચૂટણીઓ યોજાઇ, ચુંટણીમાં ભૂટ્ટો અને યાહ્યા સરકારની મામૂલી બેઠકો આવી. પણ અગામી લીંગ પક્ષને બહુમતી મળી. સત્તાલાલચ છોડવાના પડકારનો સત્તાધિશોએ ઇન્કાર કર્યો અને બંગલા દેશની સત્તા સત્તાવાર ચૂટાયેલી સરકારને સોંપવાની અનિચ્છા દર્શાવી અને તેઓ બંગલા દેશની જનતાને કંગાળ રાખવા ઇચ્છતા હતા. પણ સચેત જનતાનું સુકાન સંભાળનાર અને અવામી લીગના નેતા શ્રી શેખ મુજીબુર રહેમાને પોતાની જનતાની પૂર્ણ લોકશાહીની માગણી કરી. આથી સત્તાધીશો રોષે ભરાયા ને બંગલા દેશની જનતાની લોકશાહીની માગણી સામે બંદુકો, તોપો, મશીનગન અને દારૂગોળો વગેરે લશ્કરી સંપત્તિ લશ્કરના માણસો (સૈનિકો) સાથે બંગલાદેશમાં તીડના ટોળાની માફક ઉતાર્યું. તેઓ બંગલાદેશની જનતા સામે લોહીયાળ હત્યારા યુધ્ધે ચડયા.

આ ભાઇ–ભાઇના યુધ્ધમાં કેટલાએ સ્ત્રી પુરુષોના જાન હોમાયા આ આઝાદી

● મનનો ગુલામ બને તે નહિ, મનને જીતે અને મનનો માલિક બને એનું નામ મનુષ્ય.

યુધ્ધમાં ઢાકા યુનિવર્સીટીની કોલેજોમાં અભ્યાસ કરવા આવેલી હોસ્ટેલની યુવાન ફુલજેવી કુમળી, સૌંદર્યવાન છોકરીઓનાં ધોળે દિવસે યાહ્યાખાનનાં પીશાચ લશ્કરે શીયળ લૂટયાં અને પોતની ઇચ્છા પ્રમાણે નવયુવાન છોકરીઓનો ઉપયોગ કરવા લાગ્યા.

પછી સત્તાધીશોના કંગાળ ગરફોડિયા માણસોએ નવોઢા, અર્ધાંગના જેવી ૨૦ થી ૪૦ વર્ષની પરણેતર સ્ત્રીઓની લાજ લૂંટી અને તેમની શુભ મહેચ્છાઓનો પરિચ્છેદ કર્યો. લાખો સ્ત્રીઓને વિધવા બનાવી. ત્યાર પછી તેમણે સ્ત્રીઓના સોના ચાંદીના અલંકારો ઉપર તરાપ મારી. જે સ્ત્રીઓ પાસેથી જેટલું સોનું લૂટાય તેટલું લૂટારાની માફક લૂટવા માંડયું.

ત્યાર પછી અસંતોષી, લોહી તરસ્યા પીશાચોએ નવોદિત બાળકોની કત્લેઆમ ચલાવી અને પોતાની બંદુકની અણીએ નવોઢા, નવયુવાન સ્ત્રીઓનાં અપહરણ કરવા લાગ્યા. આ પછી બંગલાદેશના યુવાનવર્ગનો દમ કાઢવા પાકિસ્તાનના સરમુખત્યારોએ મારો ચલાવ્યો પોતાની માતા, બહેન વગેરેની શીયળલૂંટ સ્વયં આંખે જોઇ છંછેડાયેલા યુવાનોએ, બુઢ્ઢાઓએ અને બાળકોએ પોતાની તાકાતનો પરિચય કરાવ્યો. ગામને ચોરેચોરે,

સિમાડે સિમાડે બંદુક, મશીનગનની તાલીમ લેવા લાગ્યા અને લડવા માટે પ. પાક. ના લશ્કરનો બનતો મુકાબલો કર્યો, અને ખુવારી કરી આથી અકળાયેલા યાહ્યાખાને વાહનવ્યવહારને ખોરવવાનો વિચાર કર્યો. રેલ્વેપુલો વીજળી અને ટેલીફોન વ્યવહારને ભાંગફોડીયો બનાવી નકામો કર્યો.

આવી મુશ્કેલીઓ પડવાથી બંગલા દેશની કૃષિ ઉત્પતિ નિષ્ફળ ગઇ અને બંગલાદેશની પ્રજાને અન્ન બાબતમાં રજળતા ભિખારી કરતાં પણ વધારે મૂશ્કેલીઓ સહેવી પડી. ભૂખમરાથી કેટલાય સ્ત્રી પુરૂષનાં મોત નિપજ્યાં બંગલા દેશના આઝાદી સંગ્રામમાં સ્ત્રી પુરુષોએ કડકડતી ઠંડીમાં, વરસાદની મોસમમાં પોતાના પ્રાણ હોમ્યા. બંગલાદેશના બુદ્ધિજીવીઓ, પ્રોફેસરો, વિદ્વાનોની ઠંડ કલેજે હત્યા કરવામાં આવી. પાકિસ્તાન મિશનની દિલ્હીમાંની કચેરીમાંના બંગાળી કુટુંબોએ પોતાના સાર્વભૌમત્વ દેશ માટે વફાદારી બતાવી તેથી પાકિસ્તાનના સરમુખત્યારોના એજન્ટોએ મારમારી બૂરી હાલત કરી કચેરીમાંથી બહાર કાઢી મૂકયા.

શેખ મુજીબુર રહેમાનને સત્તાધીશો હવાઇ માર્ગે પ. પા. માં કારાવાસ (જેલ)માં લઇ ગયા આથી તેની નેતૃત્વ વાળી પ્રજાએ ઝનૂની ગેરીલા પદ્ધતી અખત્યાર કરી અને પ. પાક.માંથી લશ્કરી પૂરવઠો વધારે પ્રમાણમાં આવવાથી બંગાળીઓની કત્લેઆમ થઈ. ઢાકા,

● સ્વાધ્યાય એટલે સ્વનું–પોતાનું અધ્યયન. સ્વાધ્યાય કરતી વખતે માણસે પોતાની જીવનપોથી પણ ખોલવી જોઇએ.

ખુલનાના અને અન્ય શહેરોના રાજમાર્ગો ઉપર હાડપિંજરો તેમજ સ્ત્રી, પુરૂષો બાળકોનાં શબોની કતાર લાગી અને પક્ષીઓ ચીંથરાની માફક નિર્જીવ સ્ત્રી પુરૂષો, બાળકોની લાશોને ચૂંથી રહ્યા હતાં. સ્મશાન જગ્યાઓ ગીચોગીચ મૃતદેહોથી પથરાઇ ગઇ હતી.

પ. પાકિસ્તાની સૈનિકોના દમનથી કંટાળી બંગાળીઓએ ભારતમાં કૂચ કરી, ભારતના શરણાર્થી બન્યા. ઉપરાંત ભારતથી પડોશી ઉપર દુઃખના ડુંગર તુટયા–હોઇ તેને સહાય કરવાનો વિચાર કરી ભારતે પોતે મૂશ્કેલીનો સામનો કરી વિશ્વમાં માનવધર્મ બજાવી નામના મેળવી બંગાળી શરણાર્થીઓને મદદ કરી.

આ બંગલાદેશનો આઝાદી સંગ્રામ બંગાળીઓની આંખોમાં આંસુરૂપે વર્ષો સુધી જીવંત રહેશે.

"જય ભારત-જય બંગલાદેશ"

ભારતના ધાર્મિક ઈતિહાસનો ટૂંકસાર

(ગતાંકથી ચાલુ.)

૫ : બૌદ્ધ ધર્મ

સંકલન : શ્રી શામજીભાઈ એસ. પટેલ
વડોદરા.

ઇ. સ. પૂ. ૬૨૩માં કપિલ વસ્તુના રાજા શુદ્ધોદનને ત્યાં ગૌતમ નામનો બુદ્ધિશાળી પુત્ર થયો. એક વખત કેટલાક દુખી, વ્યાધિગ્રસ્ત ભિક્ષુકો નજરે ચડવાથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને સન્યાસ ગ્રહણ કરી તે વખતના પ્રચલિત ધર્મોનો અભ્યાસ કરી છ વરસ સુધી તપ કર્યું. પણ તેથી તેને શાંતિ થઇ નહિ તેથી તેણે મધ્યમ માર્ગ અપનાવ્યો. નીતિમાન પવિત્ર જીંદગી ગાળી. પ્રાણી માત્ર ઉપર દયા રાખી તેમનુ ભલું કરવાથીજ મુક્તિ મળે છે. આ નીતિનુ પાલન કરવાથી તેને પૂર્ણ જ્ઞાન થયું અને તેથી તે બુદ્ધ કહેવાયા

માણસ જેવું કરે તેવું ભોગવે છે. દેવોને યજ્ઞો વડે સંતોષવાથી પાપ નાશ પામતું નથી. ધર્મગુરૂઓની યાચનાથી કોઇનું ભલું થતું નથી. માટે યજ્ઞો કરી હિંસા કરવી નિરર્થક અને પાપરૂપ છે. આ પ્રમાણે તેના ઉપદેશમાં સમાએલી સમાન ભાવના, સમાન અધિકાર, તૃષ્ણાનો ભંગ, દયાને શીરોમણી ગણી સદાચારથી વર્તવાનો બોધ ગરીબ, તવંગર, ઉંચનીચ તથા સઘળી વર્ણના સ્ત્રી તથા પુરૂષોને યથાર્થ લાગ્યો તેથી તેમાં લોકો દાખલ થવા લાગ્યા.

તેના સાધુઓ માથું મુંડાવતા, પીળાં વસ્ત્રો પહેરતા અને ભિક્ષાવડે ગુજરાન ચલાવતા. અને તેને રહેવામાટે મઠ (વિહાર) સ્થપાયા હતા, તે વખતના ઘણા રાજા મહારાજાઓએ આ ધર્મ સ્વીકાર્યો હતો.

ઇ. સ. પૂ. ૨૬૩ માં મગધની રાજગાદી ઉપર અશોક નામે રાજા હતો, તેણે આ ધર્મને ઠીક મદદ કરી હતી અને પોતે પણ તે ધર્મ અંગીકાર કર્યો હતો અને તેનાં પવિત્ર વચનો એકઠાં કરી માગધી ભાષામાં કોતરાવ્યાં હતાં. અને કાશ્મીર, તિબેટ, બ્રહ્મદેશ, દક્ષિણ અને લંકામાં સાધુઓ મોકલી ધર્મ પ્રચાર કરાવવા માંડયો. જેથી આ સમયમાં બૌદ્ધ ધર્મની ખરેખરી ચડતી થઇ

વેદનું સત્ય સ્વરૂપ પલટાવી દઇ બ્રાહ્મણોએ જે જબરી સત્તા જમાવી હતી તેને તોડવા માટે પ્રથમ આર્યોએ અને પછી જૈનોએ ઘણા પ્રયત્નો કર્યા હતા. પણ બૌદ્ધ ધર્મથી તે ધર્મને સખત ફટકો પડયો. આ ધર્મમાં પણ પુરાણની અસર થતાં અવતાર મૂર્તિ પુજા વિગેરે દાખલ થયાં અને મતભેદો પડતાં શુન્યવાદ, યોગાચાર, સૌત્રાંતિક અને વૈભાષિક એવા ચાર પંથ પડયા. અને માંસભક્ષણ આદીની સખત મનાઇ છતાં પણ પરદેશોમાં આ ધર્મનો જ્યાં ફેલાવો છે ત્યાં તેનું ભક્ષણ થાય છે. આ રીતે આ ધર્મની આ દેશમાંથી પડતી થઈ ✱

વિદ્યાર્થી જગતને.....

નવનીતકુમાર પી. પટેલ
H S. S
તખતગઢકંપા

આપણે સમાજથાં અવારનવાર જોઇએ છીએ કે અમુક વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થયો અમુકના ૫૦% આવ્યા, અમુકના ૬૦% આવ્યા. કેટલાય નાપાસ થયા. સામાન્ય રીતે નાપાસ થનારાઓની સંખ્યા વધારે જોવા મળે છે. આવું કેમ થાય છે ? મિત્રાને, વડીલોને સંબંધીઓને તથા વિદ્યાર્થીના વાલીને બધાને દુઃખ થાય છે કે અમારો છોકરો અથવા છોકરી નાપાસ થયાં થોડો ઠપકો આપ્યો બસ થયું...પછી હતું એમજ ચાલવા લાગ્યું. પણ એવી કલ્પના કોઇએ કરી છે કે..."તે નાપાસ શા માટે થયો ? તે માટે દોષિત કોણ, વિદ્યાર્થી કે શિક્ષક !

પ્રિય વિદ્યાર્થી બંધુઓ......ઉપરોક્ત કથન કેટલા અંશે સત્ય છે...તે મારા અનુભવથી મારો અભિપ્રાય આપની સમક્ષ રજુ કરૂં છું......

દોસ્તો...ભયંકર ઘૂઘવાટા કરતા સાગરમાં એક સુંદર નાવ મુક્ત વિહાર કરી રહી હોય...થોડીવારમાં પવનનો એક સપાટો આવ્યો...હવે જો તે નાવને ચલાવનાર સુકાની બરાબર હોંશિયાર અને ચલાક નહી હોય તો...તે ક્ષણવારમાં જ સમુદ્રના અગાધ જળમાં સમાઇ જવાની...આજરીતે પરીક્ષા એક સાગર છે, વિદ્યાર્થી.. નાવને ચલાવનાર સુકાની છે....અભ્યાસ એ એ નાવ છે. પરીક્ષા રૂપી સાગરને પાર કરવા માટે મજબૂત અને સજ્જડ સુકાનની જરૂર પડે છે. ગમે તેટલી સુંદર અને મજબુત નાવ હોય, પરંતુ જો તેને ચલાવનાર બરાબર નહી હોય તો એ નાવ મધદરીયે જઇને અવશ્ય ઝોલાં ખાશે.

પરીક્ષા રૂપી સાગર પાર કરવા મહેનત, પરિશ્રમ જોઇએ મહેનત કર્યા સિવાય બેસી રહેવું, ખાલી હવાઈ કિલ્લા રચવા તે વ્યર્થ છે. સંસ્કૃતમાં શ્લોક છે કે—

उद्यमेन ही सिध्यन्ति कार्याणी न मनोरथेः ।
नही सुप्तस्य सिंहस्य, प्रवेशंति मुखे मृगा ॥

મહેનત અને ઉદ્યમ કરવાથી જ દરેક કાર્ય સિધ્ધ થાય છે, વિચારો કરવાથી નહીં. સુતેલા સિંહના મુખમાં કંઇ હરણાં આવીને પ્રવેશ કરતાં નથી.

શિક્ષક તરીકેનો મારો અનુભવ જણાવું તો, જયારે જયારે વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવામાં આવે છે ત્યારે તેઓ સમયસર ગૃહકાર્ય લાવે છે. વર્ગમાં પૂછવામાં આવે છે ત્યારે જવાબ પણ "હા" માં જ મળે છે. વિદ્યાર્થી કોઈ દિવસ ગેરહાજર પણ નથી રહેતો. ઘણોજ નિયમિત હોય છે આટઆટલુ હોવા છતાંય પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વિદ્યાર્થીનું પરિક્ષામાં નાપાસ થવાનું કારણ શું ?

કોઇ વિદ્યાર્થીએ શાંતિથી આ બાબતમાં વિચાર્યું છે કે આપણે નાપાસ શા માટે થયા? વિદ્યાર્થી મિત્રો આનું કારણ એ માલુમ પડે છે કે તમે અભ્યાસનું મહત્વ બરાબર સમજ્યા નથી. વર્ગમાં શિક્ષક જ્યારે ભણાવે છે, એ વખતે તમારૂં ધ્યાન બહાર ભટકતું હોય છે. ચહેરો બ્લેક-બોર્ડ સમક્ષ અને મન રેડિયો પર આવતા નાટક-સિનેમાનાં ગાયનોમાં ફરતું હોય છે. પાંચ વાગે છૂટીનો ઘંટ વાગે છે ત્યારે ઘેર જઇને પુસ્તકોનો ખૂણામાં ઢગલો કર્યો અને નિકળી પડયા ફરવા બીજે દિવસે સ્કૂલનો સમય થાય છે ત્યારે શિક્ષકે આપેલું ગૃહકાર્ય યાદ આવે છે. આથી વિદ્યાર્થી પોતાના કોઇ મિત્રની નોટમાંથી હોમ-વર્કનો ઉતારો કરી લે છે.

સાચી વસ્તુ એ છે કે વિદ્યાર્થી ગૃહકાર્ય લખવા ખાતરજ લખતો હોય છે, નહીં કે પોતાને કંઇક આવડે? ભાગ્યેજ કોઇ વિદ્યાર્થી ગૃહકાર્ય લખવું જોઇએ એમ સમજીને લખતા હોય છે. વધુમાં જ્યારે પરીક્ષા નજીક આવે છે. ત્યારેજ બધા વાંચવા બેસે છે. પરીક્ષાના સમયે ખૂબજ ઉજાગરા કરે છે અને તબીયત બગાડે છે. બધા વિષયોમાં ધ્યાન પણ આપી શકતા નથી પરિણામ એ આવે છે કે વિદ્યાર્થી નાપાસ થાય છે.

વિદ્યાર્થી મિત્રો...પરીક્ષા આવતાં અગાઉ...કઇ રીતે વાંચવું? મહેનત કઇ રીતે કરવી? વગેરે થોડું માર્ગદર્શન હું તમારી સમક્ષ રજૂ કરૂં છું.

પ્રથમ તો એ કે...જ્યારે શિક્ષકવર્ગમાં ભણાવે ત્યારે એકાગ્ર ચિત્તે તેમાં ધ્યાન આપવું. આખા દિવસ દરમિયાન જે વિષયમાં જેટલું ચાલ્યું હોય, એટલું જ ઘેર આવીને વાંચી નાંખવું જોઇએ. દરરોજ આ રીતે જ ક્રમ ચાલુ રાખવામાં આવે તો હું માનું છું કે પરીક્ષા આવતાં સુધી સારી એવી તૈયારી થઇ શકે. તદ્ઉપરાંત...

પરિક્ષાને કેટલા દિવસ બાકી છે? વિષય કેટલા છે? પરીક્ષા આવતાં સુધીમાં સાતે સાત વિષયનું વાચન થવું જ જોઇએ ધારોકે પરીક્ષાને ૧૫૦ દિવસ છે. હવે એક વિષય કેટલા દિવસમાં વંચાય તો ૧૫૦ દિવસમાં બધાજ વિષય વંચાઇ જાય? આપણે આની ગણતરી કરવી પડે. ગણતરી મુજબ એક વિષય ૨૧ દિવસમાં પુરો થાય તો જ બધા વિષય ૧૫૦ દિવસમાં વચાઇ રહે.

(૨૧ × ૭ = ૧૪૭) જેમ જેમ વાંચવાનું મોડું ચાલુ કરવામાં આવે તેમ તેમ વાચનના દિવસ ઘટી જાય, સમય ખૂબ ઓછો રહે, મગજ પર બોજ પણ વધી જાય છે, ચિંતા થાય છે. કટોકટી પેદા થાય છે, ઉજાગરા કરવા પડે છે. તબિયત બગડે છે, પરીણામે નાપાસ થવાય છે

વિદ્યાર્થી બંધુઓ શિક્ષક તરીકેનો મારો અનુભવ મેં રજૂ કર્યો છે. આપ સૌ યોગ્ય બોધ અવશ્ય ગ્રહણ કરશો. અંતે આપની સફળતા ઇચ્છું છું...
નમસ્તે......! ★

મોચમના છોડ

હરિભાઈ ડી. પટેલ 'કશ્યપ'
મુ. પુરૂષોતમપુરા. પો. વડાગામ

સતસંગ સદા સત્પુરૂષનો કરી સત્ય શોધવું,
નાહી ધોઈ નિત પ્રભાતે ગીતાનું સ્મરણ કરવું.
તન મન ધનનો ગર્વ ત્યજીને સમભાવે રે'વું,
નમન નડીલોને સદા, પછી કાર્ય કરમાં લેવું.

★ ★ ★

સતસંગ સૈયદોનો કરી ભરોસે બધું છોડી,
તદ્અનુરૂપ આચરણ કરી જનોઈ તોડી.
પંડિત થઇ ભવિષ એવું તો ભાખતા ફરે,
થશે નકલંક અવતાર નક્કી મીયાં ધરે.

દિવસમાં થાય નહિ કંઈ ધરમની વિધિ,
ને નમાજ પઢીને અધી રાતે એની પૂજા કીધી.
ઈમામમાં ઈમાન રાખ્યું. ઈશ્વર તેને ગણ્યો,
લા'ણની લ્હાણી કરીને ખાવા સિવા કૈં ન ભણ્યો.
હીન્ગ, લસન, પ્યાજ ન ખાવી, ગોળી નિત ધોળી,
છેલ્લો છતાં 'જૂનો' માની ખીચડીમાં ખાંડ ચોળી.

* * * *

ચોમાસામાં ખેતરમાં ઊભેલા મોલની ગુણવત્તા પારખવી હોય તો તેની મોચમ પરથી પણ પારખી શકાય છે. મોચમ પરથી કર્તાની અને કર્મની એટલે કે ખેડૂતની તથા તેણે ઊગાડેલા મોલની કદર કરી શકાય છે. અહીં પણ દરેક પંકિતનો પ્રથમ અક્ષર લઈ એક પંકિત બનાવો અને વિચારી જુઓ.

જુદા * જુદા * * દેશના * નાણાં

સંગ્રાહક : ચન્દુલાલ એસ. પટેલ
એસ. એસ. સી.
(આવસરવાળા) અમદાવાદ.



ભારત—રૂપિયો
રશિયા—રૂબલ
આફ્રિકા—પાઉંડ
સ્પેન—પેસો
જર્મની—રીશમાર્ક
જાપાન—યેન
ડેન્માર્ક—ક્રોન
બર્મા—રૂપિયો
ચીન—યુઆન
પાકિસ્તાન—રૂપિયો.
સિલોન– રૂપિયો
ફ્રાન્સ––ફ્રેન્ક
ઇંગ્લેન્ડ––પાઉન્ડ

ઇરાક—દિનાર
ઈથિયોપિયા—ડોલર
ઈટાલી—લીરા
યુ. એસ. એ—ડોલર
હંગેરી—પેંગો.
ઈજિપ્ત—પાઉન્ડ
ઝેકોસ્લોવેકિયા—કોરૂના
નોર્વે—ક્રોન
ઓસ્ટ્રેલિયા—શીલીંગ.
કેનેડા––ડોલર
સ્વીડન––ક્રોન
મેક્સિકો– ડોલર
સ્વીઝરલેન્ડ—ફ્રેન્ક

સ......બ.......ર......સ

શિક્ષક : ધારો કે તમે જંગલમાં એકલા જઇ રહ્યા છો ને સામે વાઘ આવે તો શું કરો?

વિદ્યાર્થી : જે કંઈ કરવાનું છે તે વાઘે જ કરવાનું છે, મારે તો કંઈ કરવાનું રહેતું નથી.

સાસુ-વહુના ઝઘડા

પટેલ રાધાબેન હંસરાજભાઈ
મુ, મગનપુરા કમ્પા.

ઘરમાં કામ હોય તો ક્યારેક ખખડે પણ ખરાં. મનુષ્ય માત્રમાં અવાર નવાર ઝઘડાઓ અને કંકાસ થતા હોય છે. આજકાલ અનેક કુટુંબોમાં સાસુ-વહુના ઝઘડા કેવી રીતે થાય છે તે જોવાના છે

જેવી રીતે બાગમાં ગુલાબનું ફુલ ખીલીને આનંદથી પવનની સાથે લહેર કરે છે અને પછી માળી આવીને તે ફુલ તોડી જાય છે. ત્યારે તેને એક હારના બંધનમાં બંધાઈ જઈને બીજાની શોભા કરે છે. તેવી રીતે નવીસવી આવેલી વહુને એક સાસુના બંધનમાં રહી ને તેના આધીન કામ કરવાનું હોય છે. આમ આ કામ કરવા આજની વહુને બહુજ શરમજનક લાગે છે. વળી સાસુની પાછળ વહુને ઘસડાવું યાતો ઘસાવું, તેની વેઠ કરવી, તેના હુકમનું પાલન કરવું. આ બધી બાબતો વહુને ઘણી વખત ગમતી નથી આથી અંદરો અંદર ઝગડાનું પરિણામ સર્જે છે. આ વખતે પતિની સ્થિતિ યાતો સાસુના પુત્રની સ્થિતિ 'સૂડી વચ્ચે સોપારી' જેવી થાય છે આમ તે એક પણ પક્ષ તરફ બોલી શકતો નથી.

આપણે કુટુંબમાં મનુષ્યને અવતાર ધારણ કર્યો છે તે ઝઘડા કરવા માટે નહી, પણ સારાં કાર્ય કરવા માટે. આવા ઝઘડાની અંદર ઘણીં વખત બન્નેમાંથી કોઈ એક આપઘાત પણ કરી બેસે છે. આવા બનાવો બને તે માટે આપણે બધા કુટુંબમાં સપીને હળી મળીને સાથે રહેવું જોઈએ પહેલાંની વહુ જે સાસુ ઉપર જુલમ ગુજારતી હતી તે આજની મેડર્ન વહુ ક્યારે પણ જુલમ ગુજારતી નથી. સાસુ-વહુના ઝગડાઓ તો એક ચક્રની જેમ ફર્યાજ કરે છે. જેમ સમય વીતતો જાય છે. તેમ એકવખતની વહુ પણ નવી સવી આવેલી વહુ ઉપર બદલાઓ વાળે છે અને સાસુ તરીકેનો હોદ્દો ધરાવે છે આવા ઝગડા ન થાય તે માટે આજની યુવતીઓ અને સાસુના હોદ્દા ધરાવે છે તેને ખાસ ધ્યાન રાખવું જોઈએ

ઘણી વખત સાવ નાની બાબતમાં પણ ઝગડા થઈ જાય છે. આવી વખતે વહુના પતિને માતા પિતાથી જુદાં યાતો નવું ઘર વસાવવું પડે છે. આથી આપણા સમાજમાં સયુક્ત કુટુંબ તૂટીને વિભક્ત કુટુંબો અસ્તિત્વ ધરાવે છે. આમ ન બને તે માટે આપણને સાસુ-વહુના ઝગડાઓ થતા અટકાવવા જોઈએ.

કુટુંબમાં દરેક વ્યક્તિને પોત-પોતાની ફરજો અદા કરવાની હોય છે. જો કુટુંબમાં સંપી ને રહીશું તોજ આપણો કાંઇક ઉધ્ધાર અને માન રહેશે. અને આપણી પાછળની પેઢીને પણ સારા સંસ્કાર આપ્યા હશે તો સાસરે જઈ ને પણ માતા-પિતાનુ' નામ રોશન કરશે અને સમાજમાં સાસુ વહુના ઝઘડા પણ ઓછા થશે. આ બનાવ ના બને તે માટે આપણે સારા સંસ્કાર આપવા જોઈએ 'આજની યુવતી એ કાલની વહુ છે, તેમ સમજી ને વર્તન કરવું જોઈએ.

★

"ચોક્કસપણાની કિંમત"

★
★
★

લેખક : શીવજી એમ. પટેલ
ઘાટકોપર–૭૭
(મુંબઈ)

દરેક મનુષ્યે જીવનના દરેક ક્ષેત્રમાં ચોક્કસ બનવું જરૂરી છે. ચોકસાઇ એ એક જીવનમા ઊતારવા જેવો ઉત્તમ ગુણ છે. એવા ઘણા કામો છે કે જેમાં ચોકસાઇ એ એક અનિવાર્ય અંગ બની જાય છે. જેથી દરેકે દરેક નાના મોટા કામમાં ચોક્કસ બનવા પ્રયત્ન કરવો જોઈએ દરેક કામમાં ચોક્કસપણું કેટલું જરૂરી છે તે આ નાનકડા પ્રસંગ ઉપરથી સમજી શકશો.

એક રાત્રે એક ગામનો કોટવાળ એક માણસની સાથે અંધારામાં અથડાયો બીજે દિવસે કોટવાળે હુકમ કાઢયો કે કોઇએ રાત્રે ફાનસ લીધા વિના બહાર નીકળવું નહીં. બીજી રાત્રે કોટવાળ તેજ માણસની સાથે અથડાયો અને તેને ગુસ્સાથી પૂછ્યું "–તમારૂ ફાનસ કયાં છે?" માણસે જવાબ આપ્યો " આ રહયું સાહેબ, કોટવાળે કહયું–"પણ તેમાં તો કાંઇ જ નથી. માણસે કહ્યું–ફરમાનમાં એ વિષે કાંઇ કહેલું નથી." બીજે દિવસે બીજું ફરમાન કાઢવામાં આવ્યું. તેમાં એવો હુકમ કરવામાં આવ્યો હતો કે લોકો એ પોતાના ફાનસમાં મીણબત્તીઓ મૂકવી. બીજે દિવસે કોટવાળ વાળુ કર્યા પછી હમ્મેશ મુજબ રોન મારવાને નીકળ્યા અને ફરી પાછા એજ માણસની સાથે અથડાયા. કોટવાળે કહયું–"આ વખતે મેં તને પકડયો છે, તારી પાસે ફાનસ નથી. માણસે કહયું "હા મારી પાસે ફાનસ છે" ગુસ્સે થએલા કોટવાળે કહયું પણ તેમાં મીણબત્તી નથી. માણસે કહયું–આ રહી. કોટવાળે કહયું–" પણ તે સળગાવેલી નથી. માણસે કહ્યું–" ફરમાનમાં તે વિષે કાંઈ કહેલુ નથી. કોટવાળને ફરી ફરમાન કાઢવું પડયું કે "લોકોએ ફાનસમાં સળગતી મીણ બત્તીઓરાખી બહાર નીકળવું. ★

- પ્રત્યેક બાળકને જીવનલક્ષી શિક્ષણ મળવું જોઇએ અને તે માટે, પ્રત્યેક ઘર શાળામાં મળેલા સંસ્કારો આત્મસાત્ કરવા માટેની પ્રયોગ-શાળા બનવાં જોઇએ.

- શિક્ષણ જીવિકાના સાધન તરીકે હોય તો કલા છે, જીવન વિકાસ માટે હોય તો વિદ્યા છે.

સ્વદેશ પ્રેમ

અમૃત કે. પટેલ
ન્યુ ભારત સો મીલ, મદ્રાસ

સ્વદેશ પ્રત્યેનો પ્રેમ એ એક સ્વયં-સ્ફૂરીત ભાવના છે. દરેક મનુષ્યમાં કેટલાક આગવા ગુણો હોય છે, કે જેનાથી તે અન્ય માણસોથી જુદો તરી આવે છે. દેશ-પ્રેમની ભાવના પણ તેમાંનો એક ગુણ છે. જે દેશમાં આપણો જન્મ થયો. જેની ધુળ-માટીમાં રમી રમીને મોટા થયા, જેના અન્નથી જીવન-પોષણ થયું, શું તેના પ્રત્યે આપણે આદર ન દાખવવા જોઇએ ? માતૃભૂમિ માતા સમાન છે માતા જેટલા પ્રેમની અધિકારી છે, તેટલાજ પ્રેમની આકાંક્ષા માતૃભૂમિને પણ છે.

આપણું કર્તવ્ય છે કે, આપણે આપણી માતૃભૂમિ પ્રત્યે અનહદ પ્રેમ દાખવી વફાદાર રહેવું જોઇએ. કુતરાને પણ એક વખત રોટલો નાખવાથી તે આપણને વફાદાર રહે છે. શું આપણે કુતરાથી પણ ઉતરતા છીએ ? આપણા દેશની ભૂમિ જીવનભર આપણું ગુજરાન કરે છે. આથી આપણી ફરજ છે કે આપણે તેનો બદલો દેશનું સ્વમાન તથા સ્વતંત્રતા જાળવી રાખીને ચૂકવવો જોઇએ.

આપણે એ ન ભૂલવું જોઇએ કે, આપણા દરેક સારા કે નઠારા કાર્યની અસર દેશની પ્રગતિ કે રૂકાવટ પર પડે છે. આપણા દરેક કાર્યમાં એવો જાદુ હોવો જોઇએ કે જે આપણા દેશની ઉન્નતિમાં ફુલ નહીં તો ફુલની પાંખડી જેટલો પણ ફાળો આપે. દેશના હિત માટે જો વ્યકિતગત હિત પ્રત્યે આંખ આડા કાન કરવા પડે તો હિચકચાવું ન જોઇએ. દેશની પ્રગતિમાં દરેક નાગરિકે પ્રફુલ્લિત હૃદયે ફાળો આપવો જોઇએ. જે વ્યકિત દેશની સ્વતંત્રતા જાળવવા માટે તેમજ દેશ પર છવાયેલ કુરીતિઓ રૂપી કાળાં વાદળોને વિખેર-વામાં પોતાનું સર્વસ્વ અર્પે છે તેજ સાચો દેશભકત. દેશને ભ્રષ્ટાચારરૂપી કાદવમાંથી ઉન્નતિરૂપી સ્વચ્છ સમુદ્રમાં સહેલગાહ કરાવવાના પ્રયત્નોમાં લીન રહે છે.

દેશપ્રેમજ દેશની ઉન્નતિનું સાધન છે. દેશ–પ્રેમ રૂપી રામ–બાણ ચલાવવાથી દેશમાં ફેલાયેલા ભ્રષ્ટાચારરૂપી રોગો વિલીન થઈ જાય છે. હિંદમાં અંગ્રેજોના શાસન દરમ્યાન ભારતીય જનમાં રહેલ માતૃભૂમિ પ્રત્યેની લાગણી જ દેશને ગુલામીની બેડીઓમાંથી મૂકત કરી શકવામાં મદદરૂપ બની હતી. તેવીજ રીતે વર્તમાન ભારતનાં જેવા મળતું દેશ–પ્રેમનું 'રેશન' Ration જ ભારતમાં ફેલાયેલ અંધાધૂંધીના સામ્રાજ્યનું મૂળ છે.

સ્વદેશ પ્રત્યે અખૂટ લાગણી બતાવનાર અને સ્વદેશની રક્ષા ખાતરજ મરી ફીટનાર વીરલાઓનાં ઉદાહરણોથી આપણા ભારતનો ઇતિહાસ છલોછલ ભરેલો છે. મહારાણા પ્રતાપ, શિવાજી, સુભાષચંદ્ર બોઝ, ગાંધીજી તથા નહેરૂજી ભારતના ઇતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી ગયેલા ઝગમગતા સિતારાઓ છે. આ તારલાઓનું પ્રકાશમય જીવન આપણા અંધકારપૂર્ણ જીવનમાં પ્રકાશનો સંચાર કરવા માટે નિમિત્ત ન બને ?

ભલે, એ વાતમાં તથ્ય ઓછું હોય પણ તે અસત્ય તો નથી જ કે, ભારતની ઉન્નતિ અને પ્રગતિ માટે આપણું મન બહુ ઓછી ફીકર કરે છે. અધકચરું ભણતર પણ આ માટેનું એક કારણ હોઈ શકે. આપણું જ્ઞાન, આપણો રસ કસ ફકત 'આપણા દેશ' સુધીજ મર્યાદિત છે. આપણે જેટલો પ્રેમ

* જેમ દિવાળીએ વિત્તનો હિસાબ કાઢીએ છીએ તેમ વય ગાંઠે જીવનનો હિસાબ કાઢવો જોઈએ.

* તારૂણ્ય એ જીવનનો કોઈ કાળ નથી. એ તો મનની એક અવસ્થા છે



આપણા સગા સંબંધીઓ પ્રત્યે દર્શાવીએ છીએ તેટલોજ રસ ભારત કે ભારતીયજન માટે પ્રદર્શિત નથી કરતા. આપણા પોતાના ઘરમાં દેખાતા પૈસાનો 'દુકાળ' આપણી ઊંઘ ઉડાડી મુકે છે. પરંતુ પડોશીના ઘરમાં 'ધરતીકંપના' સમાચાર આપણા પેટનું પાણી પણ નથી હલાવી શકતા. આ આપણા સંકુચિત પ્રેમ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે.

ખુદ નિજનું ભલું ઇચ્છવું અને તે અનુસાર વર્તવું એ દેશની પડતીને આમંત્રણ આપવા જેવું છે. સ્વાર્થીમન દેશને અધોગતિના પંથે દોરી જશે. તે આપણી માતૃભૂમિનો સર્વનાશ નોંતરશે. આપણા મનમાં વેર, દ્વેષ, સ્વાર્થ તૃષ્ણા વગેરે સામગ્રીઓનો ભંડાર ભરી રાખી, શું આપણે આપણાજ હાથે નિજ 'માતા'નું ખૂન નહીં કરી નાખીએ ?

હિન્દુ ધર્મ રક્ષણ પ્રચારક મંડળ.

કારેલી બાગ, વડોદરા.
૧૮ ફેબ્રુઆરી ૧૯૭૨

ઉત્તર ગુજરાતના રબારીઓ, લગભગ ૬ લાખ જેટલા, મુસ્લિમ સંપ્રદાય પીરાણા પંથ અગર સત્પંથ નામે ઓળખાતો તેમનામાં દૃઢ થયેલો છે. બહારથી આ સપ્રદાય હિન્દુ હોય તેમ જણાય છે. પણ લાંબે ગાળે આ લોકોને મુસ્લિમમાં ફેરવી નાખવાની તેમાં યોજના છે. ગુજરાતમાં સંપૂર્ણ પણે આ ઘેટાંની ચામડીવાળાં વરૂઓએ લાખો પટેલોને મુસ્લીમોમાં જેવા કે મટીઆ પીરાણા, સત્પંથી શેખ, મુમના વગેરે કહેવાતા મુસ્લીમોમાં પલટી નાખ્યા છે.

અમારા મંડળે આ ધિક્કારપાત્ર પ્રોપેગન્ડાની તપાસણીનું કાર્ય કરવા માટેની શરૂઆત કરી છે. અને સવિતાબેન નાનજીભાઈ કાળીદાસ મહેતાની ઉદારતાને કારણે શ્રી નારાયણ અધિકારીની પિરાણા સૈયદો કે જેઓ તેમના ગુરૂ છે અને જેઓ તેમને પોતાને હરિવંશી ગણે છે. તેમની સાથેનો સંપર્ક સાધવા માટે શ્રી નારાયણ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. પીર ઇમામશાહ કે જેઓ પોતાની જાતને ઇન્દ્ર ગણે છે તેની મુખ્ય કબર અમદાવાદ પાસે પીરાણા નામના ગામડામાં છે. જ્યાં લાખોની કિંમતની મિલકતો હિન્દુ પિરાણા પંથીઓ પાસેથી વાર્ષિક અનુદાન તરીકે લઇને ભેગી કરવામાં આવી છે. સાબરકાંઠાના પાટીદારો જેઓ કંપાઓમાં રહે છે તેઓ લગભગ એક-લાખ આ સંપ્રદાયના અનુયાયીઓ છે. ૮૦ હજાર કચ્છના પટેલો પણ તેમના અનુયાયીઓ છે. પણ હાલમાં ત્યાં ચળવળ છે અને તેમાંના મોટા ભાગનાઓએ આ મુસ્લીમ સંપ્રદાયનો ત્યાગ કરવામાંડયો છે, જે અત્યાર સુધી હિંદુ સંપ્રદાય તરીકે કહેવામાં આવતો.

શ્રી નારાયણ અધિકારી જેઓ છેલ્લા પાંચ વર્ષથી પાટણ નજીક ડુંગરી મુકામે રહીને કામ કરી રહ્યા છે તેઓ કહે છે તેઓ કહે છે કે રબારીઓની અંદર જાગૃતિ આવી છે અને તેઓ પરિષદ ભરવાની ઇચ્છા રાખે છે અને તે માટે કોઇ કેન્દ્રના સ્થળે તે પરિષદ ભરવી જ્યાં ૫૦૦૦ (લગભગ) વ્યકિતઓ હાજરી આપી શકે.

આ પરિષદ માટે ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦ તૈયાર કરવા જોઇએ ઉપરાંત શ્રી અધિકારી રૂા. ૧૯૦૦ ખર્ચીને પાટણ પાસે ડુગરીમાં આશ્રમની શરૂઆત કરવા માટે ખર્ચવા માગે છે. આ સ્થળ, આ ધાર્મિક પ્રચાર માટેનું કેન્દ્ર સ્થાનની ગરજ સારશે. જ્યાં પચ્ચીસ રબારી

ના છોકરાઓને રાખવામાં આવશે જેઓ ભવિષ્યમાં શિક્ષણ પછી અમારા પ્રચારકો તરીકે કામ કરી શકશે.

હિન્દુ ધર્મ રક્ષક મંડળ ધર્મ ફિલસૂફને આમંત્રે છે કે જેથી તે આ ઉમદા કામ હાથમાં લે કારણ કે આ રબારીઓ ભગવાન શ્રી કૃષ્ણના ગોપાઓ છે અને તેઓને આ ઇસ્લામ સંપ્રદાયની બેડીઓમાંથી મુક્ત કરાવવા જોઇએ શ્રી સવિતાબેન એન. મહેતા આર્થિક મદદ સાથે આગળ આવ્યા ન હોત તો ઉત્તર ગુજરાતમાં આ ઉમદાકાર્ય હજાવું બન્યું ન હોત.

(અંગ્રેજી ઉપરથી અનુવાદ)

★

ગૃહસ્થો માટે.

જયન્તિલાલ દેવજીભાઈ ભાવાણી
કચ્છ (કુરબઈવાલા) હાલમાં મુલુંડ, મુંબઇ.

આતિથ્ય	એ	ઘરનો	વૈભવ	છે,
પ્રેમ	એ	ઘરની	પ્રતિષ્ઠા	છે.
વ્યવસ્થા	એ	ઘરની	શોભા	છે.
સદાચાર	એ	ઘરની	સુવાસ	છે.
સામાધાન	એ	ઘરનું	સુખ	છે.

★ ★ ★ ★

દેવુ	થાય	તેવું	ખર્ચશો	નહિ.
પાપ	થાય	તેવું	કમાશો	નહિ.
કલેશ	થાય	તેવું	બોલશો	નહિ
ચિંતા	થાય	તેવું	જીવશો	નહિ.
રોગ	થાય	તેવું	ખાશો	નહિ.

● ● ● ●

હિન્દુ	બની	મુસલમાન	બનશો	નહિ.
મુમનાની	પદવી	મળે	તેવું કરશો	નહિ.
હમેશાં	કોમ વગર	રહી જાય	તેવું કરશો	નહિ.
આપણા	હિન્દુભાઇઓને	નીચુ જોવું પડે	તેવું કરશો	નહિ.
દિવો	લઇ	ખોટે રસ્તે	જાસો	નહિ.
ચરણામૃત	મુકી	ઝેર	પીશો	નહિ.

જગ મુસાફિર

લેખક :
પ્રેમજીભાઈ દેવસીભાઇ પટેલ
નવાનગર–હિંમતનગર

हरि ऑम्

ईसावास्यम् इदम सर्वम्, यम् किं च जगत्यां जगत ।
तेन त्यकतेन भुंजीथा मा गुव कस्यस्विद् धनम् ॥

અર્થ :–"આ જગતમાં જે કાંઇ જીવન છે તે ઇશ્વરનું વસાવેલુ છે એટલા માટે ઇશ્વિરના નામ ઉપર ત્યાગ કરી તું યથાપ્રાપ્ત (દેવનો ભાગ કાઢી તે બાદ વધેલા ધનનો) ઉપયોગ કર્યા કર અને કોઇના ધનની વાસના (ઇચ્છા) ન કર."

આપણા ઉપનિષદોનો આ મંત્ર છે કેટલી વિરાટ અને સુક્ષ્મ ભાવના દર્શાવેલી છે...પરંતુ આપણે તો હવે એટલા નઠોર થઇ ગયા છીએ કે ભગવાન સાક્ષાત સ્વમુખે ઉપદેશ આપે તો તેને સાંભળીએ નહિ વહાલા વાંચક મિત્રો, અને બહેનો આપણે આવું ઉત્તમ જ્ઞાન પુરુ ન સમજી શકીએ તે ખૂબજ વિચાર કરવા જેવી બાબત છે. તેવાં જ્ઞાન આપણને નથી સમજાતાં તેનાં કારણો મારા મંતવ્ય મુજબ નીચે પ્રમાણે છે.

પ્રશ્નો :—

(૧) પૂજ્ય શ્રી સ્વ. નારણભાઇ રામજીભાઇ લીંબાણીએ આપણને જાગૃત તો કર્યા અને હિંદુધર્મમાં પાછા લાવ્યા પરંતુ આપણી ગરીબાઇથી આપણે તેનું સાચુ સ્વરૂપ ન સમજયા.

(૨) સતપંથમાં ટેવાયેલા અને જે હજુ પણ થોડા ઘણા મિત્ર સગાં વહાલાંઓ 'સતપંથ" અને સનાતન ધર્મને "એક મગની બે ફાડ" સમજે છે તેવા માણસોના સહવાસમાં રહેવાથી.

(૩) જેમ પાછળ રહી ગયેલા મુસાફરને આગળ જતા સંગાથને મળવા પોતાની ચાલવાની ઝડપ વધારીને (દોટ મૂકીને સંગાથે થઇ જવું જોઇએ. તેવી રીતે આપણે જે સંસ્કૃતિમાં પાછળ રહી ગયેલાઓએ પણ બધી રીતે આગળ આવવું જોઇએ.

(૪) સતપંથમાંથી છુટી સનાતનમાં ભળેલો સમાજ આળસુ અને બેપરવાહ બનતો ગયો તેને થયું કે અમે પિરાણામાંથી છુટી ગયા એટલે અમારે કાંઇ કરવાની જરૂર નથી જેથી તે વધારે મુંઝાતો જાય છે. અનેક ઝઘડા કંકાસમાં તે ઘણી લક્ષ્મી છતાં નિર્બળ બનતો જાય છે. કારણ કે તે ઉપરના શ્લોક પ્રમાણે બન્યો નથી.

(૫) સમાજના આગેવાનોએ જે દિશામાં જમાનો જાય છે તેનો ખ્યાલ રાખી ગામો ગામ સભાઓ ભરી જાગૃતિ આણવી જોઇએ. તે કરવામાં નિષ્ફળ ગયા છે જેથી સમાજના અમૂક ખૂણામાં

દબાઈ ગયેલો પ્લેગ (અજ્ઞાન)પાછો સમાજને ક્યારે રોગમાં ઝડપશે તે ગંભીર પ્રશ્ન વધુ વિચાર માગી લે છે.

(૬) હિન્દુ ધર્મની વિશાળતામાં અને ઘણા રસ્તાઓમાં સરળ અને મુખ્ય રસ્તા પકડવા જોઈએ તે રસ્તે હજુ ગયા નથી રસ્તો મળ્યો નથી.

(૭) ખરેખર સમાજમાં દરેક વ્યકિત-ઓમાં જે ૫૦ થી ૬૦% આદર્શ હોવા જોઈએ અને વધુ ઉત્પાદન લઇ (ઘણી કમાણી કરી) તેને યોગ્ય રસ્તે વાપરવાના અને આદર્શ પુર્વક જીવવાનું યોગ્ય દિશા સૂચન પણ સમાજને મળ્યુ નથી

ઉત્તર :—

(૧) શ્રી નારણભાઇ રામજીભાઇએ જાગૃતિ કરી તે પાછળની અધુરા અને જીદ્દી આગેવાનોએ પોતાની "સગવડિયા" રીત પ્રમાણે સમજા-વવા માંડ્યું અને જેથી સ્વાર્થ પરાયણતા આપણા સમાજમાંથી ગઈ નથી. અને તે રોગ પાછો સમાજને ન વળગે તે માટે ઘરો-ઘર પીરાણા નાબુદી સુત્રને જાગતુ કરવું જોઇએ.

(૨) હજુ પણ સમજાવવાથી ન સમજે તેવા પ્લેગવાળા માણસોને જુદા કાઢવા એટલે "પીરાણા સમાજ નામ" આપી અહીના લોકોમાં તે પીરાણાના ગુરુ અને તેના રીતિરિવાજો વગેરેના ચોપાનીયાં છપાવી જાહેર કરવા જેથી આપણા ઓઠે હિન્દુ કહેવાતા પીરાણા પંથી ભાઇઓને જગત ઓળખતુ થાય.

(૩) પોતાના કુટુંબ અને ગામમાં ગીતા, રામાયણ મહાભારત વગેરે નો ઘણા પ્રમાણમાં સાંજે કથા થાય જેથી જાગૃતિ આવે.

(૪) ધર્મના નામે ૧૦ મો ભાગ કાઢી ૦ાા ગામમાં અને ૦ાા સમાજના ભંડાળમાં વપરાય.

(૫) આપણા પ્રચારતંત્રને વધુ મજબુત કરી લગ્નસરા મંદિરની પ્રતિષ્ઠા વગેરે સમારંભોમાં વ્યવસ્થિત સભાભરી આધુનિક આદર્શો સાથે પરિસંવાદ યોજવા.

(૬) પોતાના સમાજને યોગ્ય દિશા સૂચન મળી રહે તેવા પવિત્ર અને નજીક મોટા તીર્થની (ભગ-વતી શ્રી ઉમિયા માતાના મંદીરની) રચના કરવી જેથી. ગરીબ લોકો પણ તેનો લાભ લઇ શકે.

(૭) "જાગૃતિ' માં સમાજ સુધારણા માટે ઇનામો જાહેર કરીને સારા લેખો મંગાવવા જોઇએ. જેથી લેખન સામગ્રી સભર રહે અને લોકોને આદર્શ દિશા સુચન મળી રહે.

ઉપર મુજબના પ્રશ્નોનો લોકો વધુ વાંચન વિચાર કરી સમાજને મદદ કરશે અને ઘરોઘર "નવ જાગૃતિ" આણી આપણા સમાજને વધુ "કણબી પાછળ કરોડ ! કણબી કોઈની પાછળ નહિ" તેને સાકાર બનાવશે.

—અસ્તુ.

સમાચાર

અત્રે બાયડ તાલુકાના (જિ. સાબરકાંઠા) હાથીપુરા કંપામાં એક વયોવૃદ્ધ માજીનું અવસાન થતાં, હિન્દુ સંસ્કૃતિ માટે કલંક રૂપ હિંદુ રિવાજનો અનાદર કરી તેમના મૃતદેહને અગ્નિદાહ આપવાને બદલે દફનાવવાનો વિધિ કરવામાં આવ્યો છે જે સમગ્ર હિન્દુધર્મ માટે શરમ જનક છે.

●

અત્રે બાયડ તાલુકા (જિ. સાબરકાંઠા)ના માધવકંપામાં ભરયુવાન વયે એક ભાઈનું અકસ્માતે કરૂણ અવસાન નીપજ્યું છે, તેમના શબને અગ્નિદાહ આપવાને બદલે દફનાવવામાં આવ્યું છે.

●

અત્રે આકરૂન્દ નજીક લાલુકંપામાં વયોવૃદ્ધ વડીલનું અવસાન થતાં તેમના મૃતદેહને પણ અગ્નિદાહ દેવાને બદલે દફનાવવામાં આવ્યો છે.

●

ઉપરોક્ત ત્રણે બનાવો હિંદુધર્મી પ્રજામાટે કલંકરૂપ અને દુ:ખદ ગણાવી શકાય. હિંદુ સંસ્કૃતિનું ખંડન કરવાનો અધિકાર ન હોવા છતાં જે તત્ત્વો તેનું ખંડન કરે છે તેની સામે સમગ્ર હિંદુધર્મ પ્રેમી જનતાના લાગણી દુભાય તે સ્વાભાવિક છે. જે તત્ત્વો હિન્દુધર્મનું છડેચોક ખંડન કરી અપમાન કરતાં હોય તેઓ દેખાવે જ માત્ર હિન્દુ છે, સંસ્કારે હિંદુ નથી. છતાં જો પોતાની જાતને હિંદુ કહેવડાવતાં હોય તો તેઓએ હિંદુ કહેવડાવવા માટે લાયકાત કેળવવાની જરૂર છે યુવાન પેઢીએ આવાં તત્ત્વોનો સામનો કરી સમાજમાં ધાર્મિક જાગૃતિ લાવવા માટે આગળ આવવાની જરૂર છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

હૈદરાબાદ-સિકંદરાબાદ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ હૈદરાબાદ-સિકંદરાબાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૯-૧૨-૭૧ ના રોજ સવારના ૯-૦૦ કલાકે શ્રી પાટીદાર ભવનમાં સમાજના ઉપ-પ્રમુખ શ્રી શીવજીભાઇ લધારામ પટેલના પ્રમુખપદે મળેલ હતી જેમાં ૫૦ થી વધુ સભ્યોએ હાજરી આપેલ હતી.

સહુ પ્રથમ સમાજના મંત્રી શ્રી શીવગણભાઇ શીવજીભાઈ પટેલ સમાજની ગત વાર્ષિક સામાન્ય સભા તેમજ વર્ષભરમાં થયેલ કાર્યોનો અહેવાલ રજુ કરેલ હતો. ત્યારબાદ સમાજનો આવક-જાવકનો હિસાબ રજુ કરેલ જેને સૌ સભ્યોએ માન્ય રાખેલ હતો.

આ પ્રસંગે શ્રી જેઠાલાલ પુંજાભાઈ પટેલ તેમજ સમાજના અન્ય કાર્યકર્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કરેલ હતાં ત્યારબાદ સંવત ૨૦૨૮ ના વર્ષ માટેની કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

૧.	પ્રમુખ	શ્રી	નાનજીભાઈ પુંજાભાઈ પટેલ	(દેશલપુર ગુંતલી)
૨.	ઉપ પ્રમુખ	,,	શીવજીભાઇ લધારામભાઇ પટેલ	(રસલીયા)
૩.	મંત્રી	,,	શીવગણભાઈ શીવજીભાઇ પટેલ બી. કોમ	(ભડલી)
૪.	સહમંત્રી	,,	મગનલાલ નારણભાઇ પટેલ	(ટોડીઆ)
૫.	ખજાનચી	,,	કરશનભાઇ રામજી પટેલ	,,
૬.	સહ-ખજાનચી	,,	કરશનભાઈ લધારામ પટેલ	(દેશલપુર-ગુંતલી)
૭.	સલાહકાર	,,	નથુભાઇ મેઘજીભાઇ પટેલ	(કોટડા-જડોદર)
૮.	સભ્ય	,,	શીવદાસભાઇ રતનશીભાઇ પટેલ	(વીરાણી)
૯.	,,	,,	શીવજીભાઇ મુળજીભાઇ પટેલ	(ટોડીઆ)
૧૦.	,,	,,	કાન્તિલાલ ખીમજીભાઇ પટેલ	,,
૧૧.	,,	,	મનજીભાઇ રામજીભાઈ પટેલ	(નેત્રા)

અંતમાં અલ્પાહાર લીધા બાદ સભા પુરી થઈ હતી.

લિ.
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વતી,
શીવગણભાઇ શીવજીભાઇ પટેલ
માનદ્મંત્રી.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના વડીલો અને યુવાન ભાઈબહેનો જોગ—

આપણે સૌ જાણીએ છીએ તેમ આપણા સમાજમાં ધાર્મિક દ્રષ્ટિના બે વિભાગ ગણવામાં આવ્યા છે એક સનાતન અને બીજો સતપંથ.

કોઈપણ ધર્મના નિયમો કે આચાર વિચારોનું જાહેરમાંજ જે આચરણ થાય તેજ ખરો ધર્મ છે. ધર્મના નામે ખાનગીમાં આચરવામાં આવતા રીવાજો જે આપણામાં રહેલા સતપંથી ભાઈઓ કે જેઓ આપણો પડછાયો પકડી રહ્યા છે તેનાથી સનાતનનું જેનામાં પાણી છે અને હિંદુ ધર્મનું ખમીર જેની નસોમાં વહી રહ્યું છે. તેવા આપણે સૌએ સમયસર ઘડીનો પણ વિલંબ કર્યા વગર ચેતીને તે સતપંથીઓ કે જેઓ હિંદુ ધર્મને કલંકિત કરી રહ્યા છે તેઓ હવેથી વધુ કલંકિત ન કરે તે માટે તેઓનાં કલુષિત આચરણો કે જેને તેઓ પવિત્ર આચરણો ગણે છે તેના પર ચોરે અને ચૌટે પ્રહાર કરી નગ્ન સત્ય કહેવામાં હવે જરા પણ અચકાવાની જરૂર નથી.

આપણા સનાતનીઓના પડછાયા હેઠળ હિંદુધર્મની પ્રજાને છેતરવા માટેના આ રહ્યા નમૂનાઓ.

★ લાલપુરકંપા તા. મોડાસામાં સંવત ૨૦૨૮ ના ફાગણ વદ ૧૩ ને સોમવાર તા. ૧૩–૩–૭૨ ના રોજ ભગવાનશ્રી બ્રહ્માજીનો પાટ પધરાવવાનું અને આદ્ય શક્તિ માતાની જ્યોતની સ્થાપના કરવાનું મુહૂર્ત હતું. જેનો વિધિ કોઈ બ્રાહ્મણો ધ્વારા શાસ્ત્રોક્ત વિધિ રીતે કરવામાં આવ્યો છે કે નહિ ? તે સનાતનીઓ જરૂર વિચારે.

આ મહોત્સવની પત્રિકામાં અહીંની (ગુજરાતની) અન્ય પ્રજાઓની આંખમાં ધૂળ નાખવા માટે લિ. કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજના હિતેચ્છુઓ એવું છાપવામાં આવ્યું છે પણ સનાતનીઓનો એ પ્રસંગ હરગિજ નથી તેની વાચક વર્ગના કોઈપણ સમાજનાં ધર્મપ્રેમી ભાઈ–બહેનોને નોંધ લેવા વિનંતી.

★ અત્રે આનંદપુરાકંપા તા. મોડાસામાં સંવત ૨૦૨૮ ના પ્રથમ વૈશાખ સુદ ૪ ને સોમવાર તા. ૧૭–૪–૭૨ ના રોજ શ્રી વિષ્ણુનારાયણના દશ અવતારની કથા પરાયણ મહોત્સવ ઉજવવામાં આવનાર છે. તેની પત્રિકામાં શ્રી સતપંથ સનાતન ધર્મનો જય છાપવામાં આવ્યું છે.

આ રીતે વખતોવખત સનાતન ધર્મનો પીછો પકડી સનાતનના નામે ચરી ખાવામાં આવે છે. કારણ કે સનાતનીઓ હિંદુ ધર્મનું પાલન કરે છે. સતપંથીઓ પણ આચરણો હિંદુ જેવાં ન હોવા છતાં પણ હિન્દુ હોવાને માત્ર દેખાવજ સનાતનના નામે કરે છે.

આ બાબતમાં સનાતની ભાઈઓએ હજુ પણ કુંભકર્ણની માફક ઊંઘતા રહેવાની જરૂર નથી. સતપંથીઓની સનાતન ધર્મી પ્રત્યેની આવી બગભકિતથી અંજાઈ ન જતાં તેઓનાં આચરણો વિશે છડે ચોક સત્ય હકીકતો બહાર લાવવાની અને કાણાને કાણો કહેવાની સનાતન ધર્મના વડીલો, માતાઓ અને યુવાન ભાઈ બહેનો શકિત કેળવી તેઓને સત્ય કહેવાના પ્રયત્નો આજથીજ આદરે.

—લિ. એક વિચારક



શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરામાં—

જૂન ૧૯૭૨ થી પ્રવેશ મેળવવા ઇચ્છતા નવા તેમજ જુના વિદ્યાર્થીઓના વાલીઓને આથી ખાસ સૂચના આપવામાં આવે છે જે ધ્યાનમાં લઇ તે મુજબ ઘટતું કરે.

ભોજનબીલ પેટે એડવાન્સ

પ્રથમ સત્ર	રૂ. ૨૫૦	પ્રવેશ મેળવતી વખતે જ ભરી દેવા
બીજું સત્ર	રૂ. ૨૦૦	દિવાળી વેકેશન પછી ઉઘડતી શાળાએ ભરી દેવા.

ઉપરાંત જૂના વિદ્યાર્થીઓ કે જેઓ ચાલુ વર્ષે ભવનમાં રહી અભ્યાસ કરતા હોય તેઓ જૂનથી ભવનમાં રહેવા ઇચ્છે છે કે કેમ ? તેની ચોકકસ માહિતી તા. ૧૦–૫–૭૨ સુધીમાં સમાજની ઓફીસે અવશ્ય મોકલી આપે. જો માહિતી નહિ આપે તો તેઓ અગામી એકેડેમીક વર્ષમાં ભવનમાં રહેવા ઇચ્છતા નથી તેમ સમજી તેઓનાં નામ રદ કરવામાં આવશે. પછીથી પ્રવેશ અંગેની કોઈ ખાત્રી આપવામાં નહિ આવે તેની દરેક પ્રવેશાર્થીઓના વાલીઓ નોંધ લે.

★

—કન્યા છાત્રાલયને લગ્ન પ્રસંગે ભેટ

રૂપિયા	નામ	ગામ
૨૫	પટેલ શાંતિલાલ વાલજીભાઇ	ઘાટકોપર
૧૩	,, માવજીભાઇ ભીમજીભાઇ	ભાવનગર
૧૩	,, સીવજીભાઈ ધનજીભાઈ	એદલપુરા
૧૩	,, રાંમજીભાઇ જીવરાજભાઇ	આનંદપુરાકંપો (સાઠંબા)
૨૬	,, રતિલાલ ડાહ્યાભાઈ	મોતીસરી
૧૫	,, મગનલાલ નારણભાઇ	બોરડીટીંબા
૧૧	,, ખીમજીભાઇ માવજીભાઈ	મોતીસરી
૧૧	,, નાથાભાઇ માવજીભાઇ	લઠ્ઠા (વિરાણકા)

—વિદ્યાર્થી ભવનને લગ્ન પ્રસંગે ભેટ

રૂપિયા	નામ	ગામ
૨૫	પટેલ રતિલાલ ડાયાભાઇ	મોતીસરી
૧૫	,, મગનલાલ નારણભાઇ	બોરડીટીંબા
૧૨	,, સીવજીભાઇ ધનજીભાઇ	અદલપુરાકંપો
૧૨	,, માવજીભાઇ ભીમજીભાઈ	ભાવનગર
૧૨	,, રાંમજીભાઇ જીવરાજભાઇ	આનંદપુરાકંપા (સાઠંબા)
૧૦	,, જીવરાજભાઈ દેવજીભાઇ	લાંણા (ધોળકા)
૧૦	,, નાથાભાઇ માવજીભાઇ	,, ,,
૧૧	,, અબજીભાઈ ખીમજીભાઇ	નરોડા

★

—કન્યા છાત્રાલયને ભેટ

૨૦૦ કીલો ઘઉં રાજપુરકંપાના પટેલ રતનશીભાઈ માવજીભાઇ તરફથી તેમના પિતાશ્રી માવજીભાઇ જીવરાજભાઇના સ્મરણાર્થે ભેટ આપવામાં આવ્યા છે.

શ્રી ૧



આપની જરૂરીયાત મુજબ :
- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટ્યુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટ્યુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેક્ચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા


પટેલ ઇલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધ ન સુ રા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઇટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...



પ્રખ્યાત—
એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ભીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]

Everest

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની સમૃદ્ધિ માટે અખૂટ પાણીની જરૂર છે. વર્તમાન સંજોગો જોતાં હવે પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં

—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઈપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુ શ ખ બ ર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

**દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે**

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેકટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

"ભજન"

—કરસન પટેલ
(નવી દિલ્હી) તા. ૬–૩–૧૯૭૨

ટેક :— ભજન કરો રામનુ, એવા તમો, વસો હરિના દિલ માંય;
પસ્તાવો પાપનો કરી તમો, નહાવ ગંગાજી માંય—એવા તમો...

સાધુ સંતોનો સંગ કર્યો નહિ, ઠગ ઠાકોરને દીધો સાથ;
અંતઃકાળે પસ્તાવો થયો, તમે ભજ્યા નહિ દીનાનાથ.—એવા તમો

નિત્યકર્મમાં રચી રહ્યા તમે, સત્યકર્મ કર્યું ન એક;
મનડાં ને મનાવી રાખવા, તમોએ અપરાધ કીધા અનેક—એવા તમો

આંગણે આવેલને ઓળખ્યા નહિ, ન દીધું ભૂખ્યાને ભોજન;
ખોટી માયામાં લપટાઈ રહી, તમો ખોઇ બેઠા વિવેક—એવા તમો

નીચનારીથી મન રાજી રહ્યું, સતીથી મન ચોરાણું;
મનુષ્ય દેહનો મર્મ ન જાણ્યો, એવા નરનું ન રહ્યું ઠામઠેકાણુ.—એવા તમો

'કરસન' કહે કૃષ્ણને સંભારો, ટળી, જાય આવા ગમનનો વારો;
મને પ્રભુ ચરણમાં રાખી, મારી ડુબતી નાવ ઉગારો.—એવા તમો



રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા. જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

★

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૫ મે : ૧૯૭૨

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છી કડવા પાટીદાર
સનાતન સમાજ
યુવક મંડળ
તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક

મેનેજરે નવા ઉમેદવારને પૂછ્યું : 'તમે દ્વિનોંધી નામા હિસાબ પધ્ધતિ જાણો છો?

'અરે એ તો હવે ઘણી જૂનવાણી થઈ ગઈ. વર્તમાન હિસાબને તો ત્રિનોંધી નામા હિસાબ પદ્ધતિ કહેવામાં આવે છે.

'એ વળી કઇ પદ્ધતિ? મેનેજરને આશ્ચર્ય થવાથી પૂછ્યું.

'એક તો સક્રિય ભાગીદારોને ખરેખરલાભ દર્શાવતો હિસાબ, બીજું જે ભાગીદારો સક્રિય નથી પણ માત્ર મુડી રોકનારાઓ જ છે તેમને માટે જરા ઓછો લાભ દર્શાવતો હિસાબ અને ત્રીજું સરકારને એટલે કે આવક વેરા વિભાગને ખોટ દેખાડતો હિસાબ.'

વર્ષ : ૧૫ અંક : ૫ મે : ૧૯૭૨

ॐ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ: સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ : સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- હર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬/, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧/ પરદેશમાં રૂ. ૧૨૫/ નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે



અનુક્રમણિકા

॥ ॐ नमः शीवाय ॥

तंत्री स्थानेथी.........

ज्ञाति स्वभाव :—

એક વાતને જાલ્યા પછી નહીં છોડવાની ટેવ માટે પ્રખ્યાત. પરિણામે કેટલીક વખતે માઠું પરિણામ પણ આવે ઉદ્યોગી, સહનશીલ ખેડૂતોએ ગુજરાતના ઉજ્જડ પ્રદેશને ફળદ્રુપ બગીચા સમાન બનાવ્યો. આપણે જેટલા ઉદ્યોગી છીએ એટલાજ નિર્ભય, જેટલા ઉદાત્ત એટલાજ ભોળા, તેથીજ સ્વાર્થીવર્ગની નીચ યુકિતઓ તરફ લક્ષ ન આપવાની બેદરકારી પણ ખરી અને અજ્ઞાનતા પણ. આ અજ્ઞાનતા અને ઝાલ્યું નહિ છોડવાની ટેવ ભાવિ પ્રજા માટે દુર્ભાગ્યની વાત થઇ પડી.

Effect of brainwashing that Satpanth is real Hindu religion.

સાચો હિન્દુધર્મ પીરાણાપંથ જ છે એવી જડ માન્યતાઓના કારણેજ ગુજરાતની પ્રિય ભૂમિ છોડી કચ્છ જેવા ઉજ્જડ પ્રદેશમાં એકાંત સ્થળે વસડી જવામાં યુકિતબાજ તત્ત્વોને ફાવટ આવી ગઇ હિંદુઓને મુસલમાની રાહ પર ચડાવી પોતાનું પેટ ભરવાનો ધંધો લઇ બેઠેલા એ પંથના ચાલકોને કણબીઓને મુંડવાની ઉત્તમ પ્રકારની સુવિધા આ રીતે કચ્છમાંથી પ્રાપ્ત થઇ.

This also means that the KKP people did NOT want to covert to Islam, but they were deceived to follow Islam i.e., Satpanth.

સૈયદો અને તેમના એજન્ટ કાકાઓનું આ પ્રમાણે કણબી જાત ઉપર સામ્રાજ્ય શરૂ થયુ અને તેઓને ભ્રષ્ટ કરવાની પ્રયોગ શાળાઓ એટલે કે ખાનાંઓ સ્થપાયાં. ધીમે ધીમે ખાનાઓના મુખીઓ અને નાતના આગેવાનોને, સૈયદો તેમજ કાકાઓએ એવા તો ભ્રષ્ટ કરી મૂકયા કે તેઓ ઉંચુ માથું કરી જ ન શકે એટલે તેઓ પણ ભોળા અને ધર્માંધ જાત ભાઇઓને મુંડવામાં કચાસ રાખે ખરા કે ? છેવટે પરિણામ એ આવ્યું કે ज्ञातिमांथी **देशवटे** આવેલા આ કણબી વિભાગે કણબી નામને પણ દેશવટો દેશવટો આપવાની શરૂઆત કરી.

ધીરે ધીરે દુઃખદ પરિસ્થિતિએ એવું ગંભીર સ્વરૂપ ધારણ કર્યું કે જ્ઞાતિમાં પટેલાઈ કે ગેડેરાપણું કરનારાઓનો શબ્દ એ જ કાયદો તેમનો હુકમ એજ ન્યાય નિર્દોષ માણસ દલીલ કરે તો મોટો ગુન્હો કહેવાય અને એ ગુન્હાની સજા પણ માત્ર દલીલ કરનારને જ નહિ પરંતુ તેના આખા કુટુંબને થતી.

The kind of atrocities done.

It was Gunda Raj. Complete Anarchy. No Law

આગેવાનોની સત્તાને પણ હદ હોવી જોઇએ. તેઓ તો આંધળા થઈ ને પોતાની સત્તાની મર્યાદા ન આંકે એ સ્વાભાવિક છે પરંતુ જાતે હિંદુ હોવાનો દાવો કરનારા, કરાંચી અને મુંબઈ જેવાં સ્થળોએ બીઝનેસ કરી ખ્યાતનામ બનેલા કણબી ભાઇઓએ પણ આગેવાનોની સત્તાની કંઇક હદ હોય એવી સમજ

Gedhera were completely misusing their powers to cause atrocities on poor people.

શકિત કેળવેલી નહી અને ઉપરથી મોટી મોટી રકમોના લાગા ભરી સૌયદો અને કાકાઓની પ્રીતિ સંપાદન કરવાનો અને ગેઢેરાઓને રાજી રાખવાનો વિશેપ પાઠ ભજવવામાં જ પોતાનું હિત છે એમ સમજતા.

ધંધાદારી માણસોનું આ જાતનું ગાડર પણું પછાતવર્ગના ગરીબ ભાઇઓ પર જુલમ ગુજારવા માટે આગેવાનોના હાથમાં એક શસ્ત્ર સમાન થઈ પડેલું અને આજે પણ એમજ છે.

હિંદુ હોવાનો દાવો કરનારની જાતને હિન્દુપણામાંથી ભ્રષ્ટ કરનારી ગોળી ગળવી પડે એ કંઇ ઓછું દુઃખ છે. એ ગોળી પીનારાઓ એટલુ પણ નથી સમજતા કે તે શેમાંથી બનાવેલી છે. કણબી જ્ઞાતિનાં વીર સંતાનો માટે નીચું જોવડાવનારા સંયોગો બનતા હોય તો એ બાબત સમજુ ભાઇઓથી કેમ સહન થાય ? હિન્દુપણાના સંસ્કારો પણ એક કણબી નાતમાં કણબીનાં સંતાનોમાંથી નષ્ટ થાય એ વાતથી પણ કંપારી છૂટવી ઘટે.

ભૂતકાળમાં પણ જ્યારે સસ્કારોથી વિભુષિત થયેલાં અંતઃકરણમાં આ દુઃખી વાતની અમુઝણ ઉત્પન્ન થઇ ત્યારે કેટલાક વીર પુરુષો કચ્છ વિભાગમાં પણ જાગ્યા અને પીરાણાપંથને જ્ઞાતિ-માંથી નાબુદ કરવાની ઇચ્છા ઘણા વર્ષોથી કેટલાક સમજુ પુરુપોમાં હતી પણ સાચી ધગશ નહોતી. તે ધગશને વેગ મળ્યો અને મંડળોની સ્થાપનાએ જ્ઞાતિ સુધારાનું સ્વરૂપ ખડું કર્યું અને એ મંડળોના સંચાલકોએજ કચ્છ વિભાગની પરિષદને પણ જન્મ આપ્યો.

પરિપદ ભરવાનો વિચાર કરવાથીજ કંઇ પરિપદનું સ્વરૂપ ખડું થઇ જતું નથી પરંતુ વિચારને અમલમાં મુકતાં ઉભી થનારી મુશ્કેલીઓને પહોંચી વળવાની તૈયારી પણ કાર્યવાહકોએ કરવી પડે છે જો એવી તૈયારી ન હોય તો ઉદ્દેશ ઘણી વખત ગર્ભમાંજ રહી જાય છે બર આવી શકતો નથી. સને ૧૯૨૦ માં કરાંચીના યુવક મંડળે પરિપદ ભરવાનું સાહસ ખેડયું અને રાજાભાઇ સામજીભાઇ ચોળુના પ્રમુખપદે પહેલી બેઠક યોજવામાં આવી કેટલાક ઠરાવો થયા છતાં પણ પરિપદ ભરવા પહેલાં કરાંચીનું વાતાવરણ અનુકૂળ બનાવી લેવાની વાત કોઇને સમજાઇ નહિ પ્રમુખ સાહેબે ભાષણ કર્યું તે પણ ધ્રુજતે પગે અને અમુક અપવાદ સિવાયના વકતાઓએ ઠરાવોને ટેકા આપ્યા તે પણ ડરતાં ડરતાં છતાં પણ જ્ઞાતિ–સુધારાની ધગશ રાખનારા કરાંચીવાસી ભાઇઓમાં કંઇક નવું જીવન આવ્યું અને બીજી બેઠક પણ તેમણેજ સને ૧૯૨૨ માં ભરી.

Complete ban on Pirana Satpanth is necessary for the upliftment of the community.

પીરાણાપંથના ત્યાગ સિવાય જ્ઞાતિની ઉન્નતિ કોઈ કાળે સંભવે તેમ નથી અને એનો ત્યાગ કરવામાં જેટલો વિલંબ થાય તેટલું મુમના પણ વધુ કેહાસ એ વાત પરિપદની બેઠકમાં નક્કી થઇ

ચૂકી. પરંતુ જ્યાં સુધી દેશમાં રહેલા આગેવાનો જ્ઞાતિહીતનો વિચાર કરતા થાય નહિ ત્યાં સુધી સુધારકો ને ઊંઘ કેમ આવે ? એટલે દેશમાં જ પરિષદની ત્રીજી બેઠક ભરવાની વાતે સુધારકોનું ધ્યાન ખેંચ્યું કાયવાહકોની જ્ઞાતિ સુધારાની ધગશ આડે કેટલાક આગેવાનો વિઘ્નરૂપ બન્યા છેવટે દેશમાં પરિષદ ભરવાની વાત મુલતવી રાખવી પડી અને પરિષદ ભરવા માટે દેશનું વાતાવરણ અનુકુળ કરવા માટે સુધારકો પાસે સમયનો પણ અભાવ હતો.

સ્વધર્મ વર્ધક મંડળના ભાઈઓએ છેવટે પોતાનો ઉદ્દેશ સમજી મુંબઈમાં કચ્છ વિભાગની પરિષદ ભરવાની ગોઠવણ કરી કે તરત જ મુંબઈના જ્ઞાતિસુધારક મંડળે એ વાતને ઉપાડી લીધી અને છેવટે પરિષદ યોજવામાં એનું પ્રમુખસ્થાન વિરમગામવાળા દેસાઈ શ્રી ચંદુલાલ ભાઈએ સ્વીકાર્યું હતું.

કચ્છના કણબી જ્ઞાતિના કહેવાતા આગેવાનોએ તો નક્કી જ કર્યું હતું કે કણબીનો દીકરો જો ભણ્યો તો વીરાણીવાળા નારાણ રામજીના જેવો થશે. અને પીરાણા ધર્મને તેમજ આગેવાનોને નીદશે માટે બાળકોને અભણ રાખવાં.

ઉપરાંત પીરાણા પંથના મુજાવર કાકા અને પંથ ચલાવનારાઓમાં પણ ઊંડે ઊંડે એવી ભાવના હતી કે કણબીનો દીકરો ભણશે તો હિંદુશાસ્ત્રો વાંચશે અને પીરાણાના પાખંડી મતમાંથી નીકળી જશે.

વળી અન્ય કેટલીક કોમોનો પણ આપણને કેળવણીની બાબતમાં પાછળ રખાવવા માટે દોષ છે.

ધાર્મિક કેળવણીના અભાવે પણ જાતે કુર્માક્ષત્રિય હોવા છતાં યવનોને ગુરુ તરીકે માન્યા છે અર્ધદગ્ધ પીરાણા પંથને સત્પંથ માન્યો, પ્રહલાદ, હરિશ્ચંદ્ર અને ધર્માવતાર પાંડવો પણ આ પંથમાં માનતા હતા એવું માની લીધુ અને પાંડવોના હાથે ગાય મારવાની વાત આપણે સાચી માની એટલુંજ નહિ પણ હિંદુ જ્ઞાતિના પ્રચલિત રીવાજ લગ્ન-મરણ જેવા પ્રસંગે ચૌરી અને ચીતાને પણ ભૂલી ગયા. બ્રાહ્મણો પાસે લગ્નવિધિ કરવામાં પાપ થાય કારણ કે બ્રાહ્મણમાંથી બ્રહ્મા ગયા ને આજ બ્રહ્માજીના રૂપમાંથી નબીમામદ પેદા થયા એમ માની લીધુ અને મરણ પ્રસંગે અગ્નિસંસ્કારને બદલે દફનાવી દેવાનું પણ કબુલ કર્યું મુસલમાની કલમાઓ પઢતાં પણ શરમાયા નહિ. હજુ પણ એ બેઢંગી રફતાર ચાલુજ છે એ બધુ બતાવી આપે છે કે આપણામાં ધાર્મિક કેળવણીનો અભાવ છે.

સતપંથ એજ સાચો પંથ છે એમ માનનાર વર્ગે પાછળનો ઇતિહાસ તપાસી પોતાનો સમાજ આ પંથમાં કઇ રીતે દાખલ થયો તેનાં કારણોનો તલસ્પર્શી અભ્યાસ કરે તો તેઓની પોતાનીજ ભાવિપેઢી માટે હિતાવહ છે.

સુજ્ઞેષુ કિં બહુના.

—ચાલુ

બાળકોને ભણવા ના દેવું

પાટીદાર

પટેલ રતનસી ગોપાલભાઇ
પટેલ સો મીલ
ખેરાલુ (ઉ ગુ.)

કળયુગના કિનારે જન્મ્યો; બહાદુર પાટીદાર યુવાન
પૂર્વજોનો બદલો લેવા, માતા ઉમીયાએ રેડયું જ્ઞાન

જ્યાં જ્યાં એણે કુચ કરી; ત્યાં વગાડયા ડંકા મહેનત તણા
અરે! પારકાં ને પોતાનાં કીધાં, વસ કીધા એણે ઘણાં

પૂર્વ, પશ્ચિમ ઉત્તર, દક્ષિણ; એની બાંયોમાં વસી ગયાં
છોડયું નહિ પરદેશને; જ્યાં ગયો ત્યાં અન્ય ખસી ગયાં

નવ યુવાન આ પાટીદાર, અજ્ઞાન સાંખી ન શકયો
આ અબુઝ અજ્ઞાન બુઝાવા; વિશાળ સમાજમાં ધપ્યો

પૂર્વજો એના ડમાઈ ગયા' તા ઓલા લુહાણાના ચોપડે
એ લુહાણા બીચારા બાપડા; રહેતા થઈ ગયા ઝૂંપડે.

આવો આ પાટીદાર યુવાન સંભાળ તારાં કુળજો
તારૂં કૂળ ઉમિયા મૂળ છે એમ કહી ગયા શ્રેષ્ઠ મુનીઓ

સાચી મહેનત તારો હકક છે એ હકકને ભુલીશ નહિ
'રતન' કહે એ ભુલનારને તું પાટીદાર સમજીશ નહિ



'સોમચંદ આજે તો ધર્મિષ્ઠાને તેડવા જવું પડશે. સવા વર્ષે શોક બદલવા ગઇ છે. માસ થઈ ગયો. બે ત્રણ દિવસમાં તો તેડી લાવવી પડે.'

'પપ્પા તે જુવાન જોધ સ્ત્રી વિધવા બની છે તે શું આપણા ઘરે બેઠી રહેવાની છે. તે તેડી લાવી નામોશી આપણે વહોરવી છોને પિયરથી જ નાતરે જાય તેવીસ વરસતો પુરાં થયા નથી. એ અભાગીને પગલે જ મારા મોટાભાઇ પણ સ્વર્ગે સીધાવ્યા.'

'સોમચંદ ગમેતેમ પણ આપણા રિવાજ મુજબ તો તે તેડી લાવવી પડશે છોને પછી બીજી વાર જાય ને કાયમ ત્યાં રહે'.

એક વિધવાની વિતક વાત

કાન્તિ જો. કુઘરવાડા
(કરશનપુરાકંપા)

● ● ● ● ●

'હું તો તેડવા જવાનો નથી. આ તેનો ચાર વર્ષનો કમલકાન્ત માટી ખાઈ ખાઇ ફુલીને ફુકકો થઇ ગયો છે નાનો ઉમેશ તો ફક્ત હાડકાંનું હાડપિંજર જ જોઇલો. કાં તો બંને બાળકો આજકાલમાંજ મરી જશે. નહિ તો તે પોતેજ મારી નાખશે ને નાતરે જતી રહેશે.'

'ભાઇ આજકાલ કરતાં અઠવાડિયાને બદલે માસ વીતી ગયો છતાં મને કોઇ તેડવા આવતું નથી. મારે મારું ઘર સંભાળવું જોઇએ. હવે તે તો ગયા પણ મારે મારા બે બાળકોના જાન બચાવવા પડશે ને ?

'બહેન તારી વાત સાચી છે પણ તેડવા આવ્યા વિના તે કેમ જવાય' ?

'ભાઇ મારે માટે મારું રહ્યું છે પણ કોણ ? કેવળ સોમચંદ તો મારું પડાવી લેવા જ રાજી છે. ભાઈ હું તો વગર તેડી પણ જવાની. ભગવાને બધો જ બોજ મારા પર નાખી દીધો છે. મારે કાર્યશીલ બનવું પડશે. જાતમહેનત જિંદાબાદ અપનાવીશ તોજ મારું જીવન જશે. હું મજુરી કરીને પણ મારું જીવન નભાવીશ.'

'બહેન તું તારી જુવાનીનો વિચાર કરી જઈ શકે છે.'

'શું મારાભાઇ જુવાનીનો વિચાર કરવા કહે છે. હાડચામના પિંજરોમાં લોભાવાનું શું હોય ? આ દેહ તો ખાળકુવા જેવો છે. ખોલો તો નકલી ગંદકી ! ગંદકી ! દુર્ગંધ ! દુર્ગંધ જિંદગી મળી છે તો જીવી જાણવી જોઇએ. જુવાની છે દીવાની, છતાં નથી ટકવાની. જવાની છે બધાંની મસ્તાની, છતાં નથી કોઇની થવાની. જવાની એ તે તો તે જવાની જ.'

'વાસનાનું સુખ તો ક્ષણિક છે, દુરથી આકર્ષણ આપતી વાસના નજીક આવતાં ગુપ્ત રોગની સૃષ્ટિ સર્જાવનારી

માયાવી રાક્ષસી છે. વાસના જન્ય નિર્બળતાઓ તો આપણી નબળામાં નબળી કેડીઓ છે. વિધાતાએ લલાટે સુખ લખ્યું હોય તો મારો ચાંદલો અધવચ્ચે જ શેં ભુસી નાખત ? મારે નાતરે ન જવું જોઇએ. હે ભગવાન ! મને સદ્બુધ્ધિ ને સદ્વૃત્તિ તથા મહેનત મજુરી કરી આ બે જીવડાઓના જીવન સફળ બને ને મોટા થઇ જાય એટલી જ ભીખ મને દેજે.

વગર તેડી ધર્મિષ્ઠા સાડલો માથે નાખી (શોક બદલી) સાસરે જઈ પોતાનું સંભાળી લીધું.

આ લપ પાછું ક્યાંથી આવ્યું. આ બે છોકરા તો મરી જશે પણ આ રાંડ ટકી જશે તો જીવશે ત્યાં સુધી મિલ્કત આપણને મળશે નહિ પેલા બે છોકરા તો આજકાલ મરી જશે. આ ન આવી હોત તો જાતે મારી નાખત તો પણ લોક જાણત નહિ કે જાતે મારી નાખ્યા છે, સોમચંદ પત્નીને સંભળાવી રહ્યો હતો.

'સસરાજી. કમલકાન્તને ને ઉમેશને લઇ જઇ બતાવોને બંનેમાં શરીર સાવ મુકાઇ ગયાં છે. ધર્મિષ્ઠાએ કાલાવાલા કર્યા.

'ધર્મિષ્ઠા દવાનું ખર્ચ કરવા છતાં બેમાંથી એકે બચે તેમ નથી તો શા સારું નકામો ખર્ચ કરવો.'

'સસરાજી આવું શું બોલો છો. તે મારી અંધની આંખો છે મારી સોનાની મહોરો કે મૂડી જે ગણો તે તેજ છે.'

તને ફાવે તેમ તું કરી શકે છે, સસરાએ કહ્યું.

'બસ મારે ઊંચે આભને નીચે ધરતી સિવાય મારું કોઈ નથી હે ભગવાન મને આશરો ને આધાર તારો જ છે.

ધર્મિષ્ઠા પોતે જ બંને બાળકોને દવાખાને લઈ ગઈ.

તપાસ કરતાં ઉમેશને માનું ધાવણ જ મળતું ન હતું. ખોરાક વિનાજ ઉમેશ મરવા પડયો હતો. પતિની માંદગીમાં સેવાની લગનીમાં, ને મરણ બાદ ચિંતામાં ધાવણજ સુકાઈ ગયું હતું.

'બહેન તમારો કમલકાન્ત તો આ દવાથી સાજો થઇ જશે. દૂધ–ઘીનો ખોરાક આપજો ઉમેશને બકરીનું દૂધ કાયમ આપ્યા કરો. શરીરના વિકાસનું કોઇ તત્વજ તેને મળતું નથી. તારી ચિંતામાં તેં તારા ધાવણની તપાસ કરી છે ? તને ધાવણ જ નથી તે ધાવણ વિનાજ ભૂખથી ચિમળાઇ ચિમળાઈ, રડી રડીને મરવા પડયો છે. ડોકટરે જણાવ્યું

'અરે ભગવાન, પતિની માંદગી પાછળ દવાઓમાં દેવું થઈ ગયું છે. ઘરમાં ખાવા અનાજ નથી. આજકાલ મારે કેવી રીતે જીવવું એજ મોટો પ્રશ્ન છે. મારી નિર્ધનતા છોકરાંને ભરખી જાય તેવી છે. હું આ બાળો-

તિયાંની બળેલી છું. ભગવાન તે છોકરાં આપ્યાં પણ એમને ઉછેરવા સાધન સંપત્તિ ન આપી છોકરાં માટે દૂધ–ઘી કયાંથી લાવું એ ટંક રોટલાને શાક મળી રહેતાં હોત તો નસીબદાર ગણાત નિરાધાર અવસ્થામાં અભાગી વિધવા અબળા આવા ભૂંડા વખતમાં છોકરાં માટે દૂધ–ઘી કયાંથી લાવી આપે ?

'મનમાં ચિંતા રાખવી તે તો ઘાસમાં અંગારા સંતાડવા જેવી મુર્ખતા ગણાય ચિંતામાં મારું શરીર બળહીન થઈ જશે તો બાળકોને કોણ કમાઇ ખવડાવશે આવક વિનાનું ઘર કેવી રીતે નભાવશે ? ને બાળકોમાં સત્વ ન હોય તો શરીર કેવી રીતે ટકે ? ભગવાને ધાર્યું હશે તે થશે. એણે સીધે હાથે આપ્યાં હશે તો કંઇ થવાનું નથી. હે દિનાનાથ તું જ નિરાધારનો આધાર છે'

'દુઃખતો વેઠવાનું શું પણ સમજ પૂર્વક ભોગવવું જ પડશે. વેઠવામાં દુઃખ છે. પણ તે ભોગવવામાંજ સાર છે.

વિધવા ધર્મિષ્ઠા પછી તો પુષ્કળ મહેનત કરવા લાગી ઊંઘ આરામ શી ચીજ છે તે તો અનુભવ્યું જ નહિ. વહેલી સવારે ઊઠી ઘરકામથી પરવારી બંને બાળકોને તૈયાર કરી બંનેને લઇ મજુરી કરવા જાય સાંજે પણ મોડી રાત સુધી ઘરકામ કરે સૂતા પહેલાં કામની યોજના કરે ને બીજા દિવસે તે પ્રમાણે વર્તે. મજુરીના પૈસામાંથી કરકસર કરે. સંસારના નિતી નિયમો, સમાજના રીતરીવાજો જાળવી રાખી થોડા થોડા પૈસા બચાવી દેવું ભરપાઇ કરે ને બાળકો માટે દુધ–ઘી લાવી ખવડાવે. આવકના પ્રમાણમાં ખાય ને નિશ્ચત જીવન જીવે.

પુરુષાર્થ કદી નકામો જતો નથી. બાળકોને દવા દારુ દુધ–ઘી મળતાં વર્ષ એ વર્ષમાં તાજગી આવી શરીર સુધર્યાં

ધર્મિષ્ઠા પછી તો બંને બાળકોને ભણાવવા પાછળ પૂરો ખર્ચ કરવા લાગી. વિપત્તીનાં વાદળ પાછળ સુખનો સુરજ છૂપાયો હોય છે.

બંને બાળક ભણવામાં આગળ વધવા લાગ્યા બંને એસ. એસ. સી. થઈ નોકરીએ લાગ્યા.

વિધવાએ બંને બાળકોને સારી રીતે પરણાવ્યાં અત્યારે તે વિધવા બાળકોનાં બાળકોને જોઇ આનંદિત થાય છે.

આ તેત્રીસ વર્ષની વિધવાએ લૂખ્ખો સુકકો રોટલો કે કોઇ કોઈ વાર ઉપ-વાસ ખેંચી કાઢયા હશે પણ કદિ કોઇની પાસે માગ્યું નથી. જાત મહેનતથીજ પ્રગતિ સાધી.

આજે ધર્મિષ્ઠાનું ઘર ગામની હરો-ળમાં આવી ગયું છે. વિધવાએ ટાઢ તડકો, ટુંકારા કોઇ વખત તો ભૂંડી ગાળોય સાંભળવી પડી હશે પણ તે બધાય કડવા ઘુંટડા ગળી જઇને મરતાં બાળ-કોને બચાવી, જતું નખ્ખોદ ટકાવી રાખ્યું તે વિધવામાતાને ધન્ય છે. તે અબળાને વારંવાર વદન છે. ★

ધર્મ વિષ

રતીલાલ દેવસીભાઈ પટેલ
"વિલચી"
અ મ દા વા દ.

શિર્ષક વાંચતાં જ આપને કહેવાનું મન થશે કે લેખકે શિર્ષક આપવામાં "કાંઇક" ભુલ કરી છે ધર્મ જેવા પવિત્ર શબ્દ સાથે વિષ શબ્દ અયોગ્ય છે. તેમાંય વિષ વાંચનમાં પણ પોતાની યોગ્યતા સાબિત કરતો નથી. હું આપની સાથે સહમત થાઉં છું કે ધર્મ સાથે અમૃત જ સારૂં લાગે પરંતુ હું જે વિષયની ચર્ચા કરવા માગુ છુ તેમાં ધર્મ-વિષ શબ્દ જ યોગ્ય લાગશે, જેમ આપણી સમાજનો ખુબ જ નાનો વર્ગ " કણબી મુમના " તરીકે ઓળખાય છે. શું કણબી–મુમના" શબ્દ આપણા સમાજને શોભા આપે છે? પરંતુ આ ઝેર કયું ?

વિષય રજુ કરતાં પહેલાં એકર સ્પષ્ટતા કરી દઉં મેં માત્ર આપણી સમાજના સતપંથીભાઇઓને ઉદ્દેશીને જ કહ્યું છે. સાથે સાથે વિનંતી કરવાનું પણ ભુલીશ નહીં સતપથી ભાઇઓ માત્ર ટીકા સમજી સભ્યતાને અવઠોરશો નહીં. તટસ્થતાથી વાંચશો. સત્યને પામવા કોશીશ કરશો.

આપણા સમાજમાં ધર્મ અંગે બે વિચાર સરણીઓ છે. સમાજનો વિશાળ વર્ગ સનાતન ધર્મ પાળે છે. અને ખુબ જ નાનો વર્ગ સતપથી ધર્મ પાળે છે ધર્મ અંગે ઘણા સમયથી મતભેદ પ્રવર્તે છે. રહેણી કરણી–આચાર વિચારમાં પણ ઘણો તફાવત છે. ખરેખર આમ હોવું આપણા સમાજની શોભાને હીણપત આપનારી વાત કહેવાય. ન હોવું જોઇએ પણ બની ગયું છે–તેનો અફસોસ છે. અને એથીયે વધુ અફસોસની વાત એ છે કે કોઇ સમજવા તૈયાર નથી થયેલી ભુલનું પુનરાવર્તન ન થાય તે માનવા તૈયાર નથી.

સતપંથી ભાઇઓને નમ્ર વિનંતી છે કે સનાતની ભાઇઓ હમેશાં ટીકા કે વિરોધ કરે છે એવુ ચિત્ર આપના માનસપટમાંથી દુર કરશો. અમે તો માત્ર દિલનો બળાપો ઠાલવીએ છીએ, એક જ્ઞાતિભાઈ હોવાના કારણે.

એક વાત સ્પષ્ટ છે કે આપણે જો તટસ્થ વિચાર ધરાવતા ન હોઇએ તો ગુસ્સામાં ને ગુસ્સામાં સભ્યતાને હડસેલો મારવો જોઇએ. અમે કદી કહેતા નથી કે અમો સાચા છીએ. અમે માત્ર એટલુ જ કહીશું કે સત્ય શું છે તેની ચકાસણી આપ કરી જુઓ. આપનો મતભેદ કયાં અને શાને અનુલક્ષીને છે તે બતાવવો જોઇએ. તો તે દિશામાં નકકર પગલાં લઇ શકાય.

હું પોતે સનાતની છું એ દ્રષ્ટિએ કહેવા માંગતો નથી પરંતુ "શું હોવું જોઇએ" તે આંખ સમક્ષ રાખી કહી શકું છું કે આપ ખરેખર ખોટું કરી રહ્યા છો. આપનું વર્તન આવનારી પ્રજા માટે શ્રાપરૂપ બને તેમ છે. આજ હું કહી રહ્યો છું પણ કાલ આપની જ આવનારી પેઢી આપને ગુનેગાર ગણાવશે આપ કદાચ મુકત ન થઇ શકો તો કાંઇ નહી પરંતુ આપના સંતાનોને દુર રાખો તો સારૂં શું આપને લાગતુ નથી કે આપણે પૂર્ણ હિન્દુ નથી હિન્દુ કહેવડાવવાને લાયક રહ્યા નથી.

અમો હંમેશાં ટીકા કરીએ છીએ. એવુ આપ માનો છો તો આપ એક વાત માનો આપ કોઇ બીજી જ્ઞાતિના આગેવાનોને મળી આપના ધર્મવર્તનથી વાકેફ કરી તેઓનો અભિપ્રાય મેળવો. અભિપ્રાય કેટલેઅંશે સાચો છે તે નક્કી કરો, અમો કદી કહેતા નથી કે અમારૂં માનો તો માત્ર આપની પાસે એટલી આશા રાખી શકીએ કે સમાજનું અહિત થાય તે કાર્ય કદી ન કરશો આપનું પ્રત્યેક કાર્ય સમાજની પ્રતિષ્ઠાને લાંછનરૂપ ન બની રહે તે સમજી આપની ફરજ અદા કરશો. આપણું પ્રત્યેક કાર્ય એવું હોવું જોઇએ કે અન્ય વ્યકિતને હાની કર્તા ન નિવડે. અન્યને હાનીકર્તા નિવડતું કાર્ય અજાણપણે પણ પોતાના "વ્યકિતત્વ" ને પણ હાનિકર્તા નિવડે છે તે કદી ન ભુલવું જોઇએ.

પહેલાં આપ સ્વજાત પર તટસ્થતાથી નિર્ણય લો શું આપનું વતન હિન્દુ છાજે તેવું છે ? શું આપની એક એ પ્રવૃત્તિ હિન્દુ ધર્મના રીતરીવાજ મુ બની છે ? જો આપને એમ લાગ હોય કે ભૂલ થઈ રહી છે તો તે ભૂલ પૃથ્થકરણ કરી જુઓ માનસિક વિશ્લેષ કરવું જરૂરી છે. ભુલ કયાં, કયારે અ શા માટે થઇ તેનાં જવાબદાર પરિબળો અભ્યસ કરી અંતઃકરણપૂર્વક જવા મેળવો ભૂલનું પુનરાવર્તન ન થ તેનાથી સંભાળતા રહેશો,

આપ સતપંથી છો એ દ્રષ્ટિએ કહેવા માંગતો નથી. હું માત્ર એટ જ જાણું છું કે આપ એક માનવ અને તે પણ હિન્દુ કુટુંબમાં પે થયેલ હિન્દુ માનવ છો તો આ યોગ્યતા તપાસી જોશો એવી આશ રાખું તો ખોટું નથી.

આપની ધર્મરીતિઓ હિન્દુપણા જાકારે આપે તેવી જેવી કે પ્રસ ગોચિત "પૂજા" વખતે ગોળની ગા બનાવી તેને વધેરી પ્રસાદીના થાળમ ભેગી કરી તે પ્રસાદીરૂપે ભાવિકજનો અપાય છે જો આ રીતિનું પૃથ્થકરણ કરીએ તો આપણને સવાલ પેદા થશે શુ સાચો હિન્દુ ગૌહત્યા કરી શકે ખરો જે માનવી ગૌરક્ષામાં માનતો ગોપાલ હોય, ગૌરક્ષા સમિતિની રચના કર ગાયોની રક્ષા કરવાના અધિકાર માંગત હોય, તો શું તે હિન્દુ માનવી આવ વર્તન કદી કરે ખરો ? આ ઉપરથ

ગોળની ગાય - પ્રસાદીમાં
Gol ni gaay kaapvama aave chhe.
Cow of jaggery is cut

આપનામાં રહેલા હિન્દુપણા વિષેનો સશંય પેદા થાય છે. પ્રથમ તો જે હિન્દુ તરીકે પેદા થયો છે તે કદી ગૌહત્યા ન કરે એમાં શંકા નથી.

ગોળની ગાય કાપવાનું

Cow of jaggery is cut

બીજુ, ગોળની ગાય બનાવી તેની હત્યા કરી પ્રસાદીરૂપે આરોગવી એ શું હિન્દુપણાનું લક્ષણ છે?

એકવાત સ્પષ્ટ છે હિન્દુધર્મે કદી હિંસાનો સ્વીકાર કર્યો નથી જયારે જયારે હિંસાનો ઉપયોગ કરવાનો સમય પેદા થયો છે ત્યારે સ્વધર્મના બચાવ અથવા માનવતાના કાર્ય વખતે થયેલ છે તેમાંય અહિંસાના શસ્ત્રોન વાપરવામાં પાછી પાની કરી નથી.

આ માત્ર એક રીતિ નથી બીજી અન્ય કેટલીયે રીતિઓ છે જેની ચર્ચા ઘણી વખત થઇ ગયેલ છે. અને હવે તો આપ શાબ્દિક ફેરફારો પણ કરો છો એપ્રિલ અંકમાં શ્રી "અનામી"એ જણાવેલ માત્ર વાણી પૂરતા જ ફેરફારો થતા હોય તો તેનો અર્થ એ થયો કે આપને કોઇક બીક છે. સ્વમાન હાનિ ન થાય તે માટે આપ આપની નબળાઇ છુપાવવાનો પ્રયાસ કરોછો એટલે સ્પષ્ટ ફલિત થાય છે કે આપ ગુનો કરોછો આપ જાણો છો કે આપે ભૂલ કરી છે અને જાણવા છતાંય નબળાઇને ઢાંકવાનો નિરર્થક પ્રયાસ કરો છો.

તેમાંય મને આશ્ચર્ય થાય છે કે આપ ગોળીનેએટલું બધુ મહત્વ શા માટે આપો છો !! ધારો કે અપાગોળી ન લો તો તેનાથી આપનું શું અહિત થવાનું છે. માનવીની નીતિમત્તા શુધ્ધ હશે અને જીવન પ્રત્યેની ઉંચી ભાવના હશે તો કોઇ કોઈનું અહિત કરી શકવાનું નથી. "પોતાપણાં" પર કાબુ હોય તો કશુંજ થવાનું નથી.

મૃત માનવીને દફનાવવાની ક્રિયા જો સાચો હિન્દુ હોય તો કદી ન કરે એ વાત આપ કદી ન ભુલશો. હિન્દુ સુસ્કારમાં સદીઓથી ચાલી આવતી પરંપરા છે. અને એ પરંપરા જાળવી રાખવીએ પ્રત્યેક હિન્દુની ફરજ છે.

એક ભાઇ સાથે વિવાદ થતાં સતપંથી ભાઇએ કહ્યું અમે અમારો ધમ પાળીએ. તમે તમારો ધર્મ પાળો. શા માટે સનાતની ભાઈઓ પારકી પંચાત કરે છે? તે ભાઇના મુખે "પારકી પંચાત' શબ્દ સાંભળતાં મારૂં આશ્ચર્ય સીમા ઓળંગી ચૂકયું. ત્યારે મારે કહેવું પડયું જો આપણે ધર્મ જ પાળવા માંગતાં હોઇએ તો માનવધર્મ જેવા શ્રેષ્ઠ ધર્મને શા માટે જાકારો આપીએ છીએ. ખરૂં પૂછોતો ધર્મ એને જ કહેવાય જેમાં માનવનું કલ્યાણ થતું હોય, માનવજીવનનું શ્રેય ઉન્નતિના માર્ગે થતું હોય આજે તો માનવ, માનવને ગમતો નથા ત્યાં ધર્મના થપેડાની શી જરૂરી છે તે મને સમજાતું નથી! હા! એકવાત ચોકકસ છે જો આપણે ધર્મને કાંઇક નામ જ આપવા માગતા હોઈએ તો હિન્દુ છીએ, હિન્દુ ધર્મ પાળવો કહીએ,

 ભાઈએ હિન્દુધર્મને આધિન બનવું જોઈએ. આપ શા માટે અર્ધ હિન્દુ–અર્ધ મુસ્લીમ અવસ્થામાં રીબાઓ છો આપ જેને પારકી પંચાત કહો છો તે જો અમે પારકી પંચાત માની હોત તો અમોને કાંઈ કહેવાનું નથી, પરંતુ અમોએ કદી આપને પરાયા માન્યા નથી તેથીજ કહેવું પડે છે દુ:ખ તો એ વાતનું છે કે આપ સમજદાર હોવા છતાંય લઘુતાગ્રંથીથી પિડાતા હો તો અજ્ઞાન, અબુધ માનવીનું સમજવાનું શું ગજું ?

દુ:ખદ બીના એ છે કે પીરાણાપંથના સંચાલકોએ માત્ર પોતાના સ્વાર્થ ખાતર અજ્ઞાન, અબુધ માનવીમાં ધર્મના નામે ધીમું ઝેર ફરતું કરેલ છે. જેમાંથી માનવી સહેલાઈથી છટકી ન શકે.

Demand to severe ties with Satpanthis

હું આપને સ્પષ્ટ વાત કરું તો હવે કેટલાય સનાતની ભાઈઓ કહે છે કે પીરાણાપંથી ભાઈઓ ન માને તો સંપૂર્ણપણે સંબંધનો અંત લાવી દો. અને મેં હમેશા આ દલીલનો એક જ જવાબ આપ્યો છે છેડા ફાડી નાખવો જેટલું બોલવું સહેલું છે તેટલું અમલમાં મૂકવું મૂશ્કેલ છે. આ વાતનું પરિણામ ખતરનાક આવશે એમાં કોઈ શંકા નથી. અને તેમાં સતપંથી ભાઈઓને ખૂબ શોષવું પડશે. પરંતુ આમ કદી ન બનવું જોઈએ, સમાજની પ્રતિષ્ઠા જોખમાશે, જ્ઞાતિબળ ઘટશે, સમાજનું ગૌરવ હણાશે, તેના કરતાં સમજાવટથી રાહ લેવો વધુ યોગ્ય અને ડાહાપણભર્યો ગણાશે.

હું માનું છું કે સતપંથી ભાઈઓમાં આગેવાન ભાઈઓ સમજદાર અને બુધ્ધિશાળી જરૂર હશે અને તેઓ સારી રીતે જાણતા પણ હશે કે પોતાની ભૂલ થઇ છે. પરંતુ મને આશ્ચર્ય થાય છે કે જાણવા છતાંય તેઓ ભૂલેલો રાહ કેમ છોડી શકતા નથી ? કઇ મુશ્કેલી કે ભય તેઓને સતાવે છે ? ધર્માંતર કરવામાં કયાં મુશ્કેલી નડે છે તેનો સંપથી નિકાલ લાવવો હિતાવહ છે. પરંતુ એક વાત ચોકકસ છે જયાં સુધી આપ મૂશ્કેલીને રજુ ન કરો અથવા તો આપને મૂશ્કેલી રજુ કરવામાં માનહાનિ લાગતી હોય તો તે યોગ્ય અને વ્યાજબી નથી સનાતની ભાઈઓ જરૂર સહકાર આપશે. આપ એકવાર સહકાર માંગી પારખુ લઈ જુઓ.

માર્ચ અંકમાં ‘ આપણી સંસ્કૃતિ” નામક લેખમાં શ્રી શામજીભાઈએ સંસ્કૃતિના ખ્યાલ ઉપરાંત ભણેલ વર્ગની ટીકા કરી છે તે ખરેખર સાચી છે. આપણા સમાજમાં ડોકટર એન્જિનીયર થયેલ વિદ્યાર્થીઓ પણ વિધર્મીની પકડમાંથી મૂકત થઇ શકયા નથી અને થવા પણ માગતા નથી. અભણ અજ્ઞાન માનવી સમજી ન શકે તે માની શકાય પરંતુ જો આટલું ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ સમાજસેવા તો ઠીક પણ સ્વહિત પણ સમજી ન શકતા હોય તો તેઓના

માટે આનાથી વધુ મોટી કમનસીબી કઈ હોઈ શકે?

હું પણ વિદ્યાર્થીભાઇઓને વિનંતી કરૂં છું કે તેઓ વર્તમાનને દ્રષ્ટિ સમક્ષ રાખી આવનારી પ્રજાના કલ્યાણ અર્થે શું હોવું જોઇએ તે ફરજ સમજી નિર્ણય લે તો આવનારી પેઢી આર્શીવાદ રૂપ બની રહેશે નહી તો ઇતિહાસ કદી માફ નહી કરે.

મેં આપેલ લખાણમાં કોઇની પણ ઉપેક્ષા કરી નથી. દ્વેષભાવ કે પૂર્વગ્રહથી દુર રહી માત્ર દિલની લાગણીનો ચિતાર આપ્યો છે તો આપ "આપની" રીતે વાંચી યોગ્ય લાગે તો ભાવિના સુભાગમનને આવકારી, ફરજનું અર્ધ્ય અર્પી એ આશા સાથે અહી વિરમું છું.

પહેલો અક્ષર જુદો પાડીને વાંચો

પાર્વતીબેન એમ. પટેલ
રામલીરકંપા

જા—પાનમાં સોપારી હોય છે.
આ—દરમાં કીડીઓ છે.
સો—નાનો સૂરજ ઊગ્યો છે.
ભૂ—ગોળ પૂરી બનાવાય છે.
બા—જરી બજારમાં વેચાય છે.
ખ—ડોલમાં પાણી છે
ખુ—રસી મૂકવી જરૂરી છે.
દુ—કાનની અંદર અવાજ થાય છે.
સૂ—રણમાં જીવન વિતાવવું મુશ્કેલ છે.
કા—દવને પાણી વડે દૂર કરી શકાય છે.
જી—વનમાં ખાડા ટેકરા પણ આવે છે.
જં—ગલમાં ફુલ થાય છે.
ધુ—વડ જંગલમાં છે.
સા—કર સરકાર ઉગરાવે છે
ફુ—બાટ દુકાનમાં હોય છે.
ર—તાળુ કંચન લઈ ને આવે છે.
બ—તક મળવાથી મારી ઈચ્છા પૂરી થઈ.

* *

માતૃપ્રેમ

—એક બહેન

માતા એ રણમાં મીઠા જળની વિરડી છે. ઉપરની કહેવત પર થી આપણને માતા નો પ્રેમ ભાવ જાણવા મળે છે. માતા નો પ્રેમ અનંત અને અનુપમ છે. તે હમેશાં નદીના નીર ની માફક બાળક ઉપર વહ્યા કરેછે. માના બાળક ઉપર નાનપણથી જ શરીરનો એક ભાગ છે. તેમ સમજી માતા વાત્સલ્ય ભાવ ધરાવે છે. આજના શસ્ત્રોમાં પણ માતૃ પ્રેમ ને અગત્ય નું સ્થાન આપેલું છે. આજના ઈતિહાસમાં પણ માતાના પ્રેમના દાખલા તરી આવે છે. જેવા કે જીજાબાઈએ પોતાના પુત્ર શિવાજીને સારા સંસ્કારનું સિંચન કર્યું હતું અને સાચા હૃદયથી પ્રેમ દર્શાવ્યો હતો.

માતા આપણા ઉપર જેવો પ્રેમ દર્શાવે છે. તેવો પ્રેમ જગતમાં બીજુ કોઈ દર્શાવતું નથી. માનવ જાતમાં માતાના પ્રેમ જેવો કોઈ પ્રેમ નથી. માતા એક જનની છે. માતાનો પ્રેમ નદીના નીર સમાન છે. તે હંમેશાં નદીના નીરની માફક વહે છે દુનિયામાં માતૃપ્રેમજ ઉચ્ચ કોટીનો છે માતા બાળક ઉપર કેટલો પ્રેમ દાખવે છે તે આપણે પણ અનુભવ કરી ગયેલ છીએ. માતાનો પુત્ર ગમે તેવો હોય છતાં પણ તેના ઉપર હેત રહે છે કુટુંબમાં કોઈને દયા નહીં આવે ત્યારે માતાને પોતાનાં બાળકો ઉપર દયા આવશે. આપણે તેના દયા ભાવ જાણી શકીએ છીએ. "મા તે મા, બીજા બધા વગડાના વા" આજની ભણેલી સ્ત્રીઓ બાળક ઉપર જોઈએ તેટલો પ્રેમ રાખતી નથી કારણ કે ભણેલ સ્ત્રી નોકરી પર જવાથી તેના બાળકોને આયા ને સોંપી જાય છે! જેથી બાળકને માતાનો પ્રેમ મળતો નથી અને બાળકના ઉપર આયાના સંસ્કાર પડે છે. આમ ભણેલી સ્ત્રી પોતાના બાળક ઉપર વાત્સલ્ય, પ્રેમ ધરાવી શકતી નથી અને બાળક માતૃ પ્રેમ પણ મેળવી શકતો નથી. આમ ન બને તે માટે આપણે આપણાં બાળકોની ની દેખરેખ અને લાલન-પાલન જાતે કરવું જોઈએ જેથી બાળક ઉપર સારા સંસ્કાર પડે

મનુષ્ય જીવન મેળવીને આપણને ઘણી ફરજો બજાવવાની હોય છે. તેમાં સમાજ પ્રત્યે. આપણને માતા-પિતાના આજ્ઞાનું કોઈ દિવસ ઉલ્લંઘન કરવું ન જોઈએ કારણ કે નાનપણમાં માતાએ આપણને મોટા કરવામાં કેટલું દુઃખ વેઠયું છે. તે માતા જ જાણે છે. આથી માતા-પિતાની આપણને સાચા હૃદયથી સેવા કરવી જોઈએ માતા પિતાને દુઃખ થાય તેવું વર્તન કરવું ન જોઈએ. એ આપણી પહેલી ફરજ છે. આપણાને દુઃખ પડે છે, ત્યારે માતા યાદ આવે છે. માતા એ બાળક માટે દેવી છે. તે હમેશાં બાળક સાથે સુઃખ-દુઃખથી દિવસો પસાર કરેછે! બાળકના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેછે. બાળક જ માતાનું સમસ્ત છે. માતૃ પ્રેમ એ એક અનુપમ અને અદ્વિતીય ચીજ છે. માતા પોષનારી અને સાચવનારી છે. ઈશ્વરે સ્ત્રી ને બાળકો જન્માવવા જ નથી પેદાકરી પણ બાળક ઉપર વાત્સલ્ય પ્રેમ રાખવા પેદાકરી છે. ★

ભારતના ધાર્મિક ઇતિહાસનો ટૂંકસાર

(ગતાંકથી ચાલુ)

૬ : યોગી માર્ગ

સંકલન–**શ્રી સામજીભાઇ એસ. પટેલ**
વડોદરા

આ ઋષિ પ્રણિત યોગીમાર્ગ શ્રી રામચંદ્રજીના ગુરૂ વસિષ્ઠથી ચાલતો આવેલો છે. પરંતુ આ માર્ગ ઘણોજ કઠિન હોવાથી તેમાં પરમહંસ અને સન્યાસીઓ સિવાય બીજા ઝાઝા માણસો દાખલ થઇ શકયા ન હતા. વેદના જ્ઞાનકાંડ ને મુખ્ય ગણી વેદોકત ધર્મની યજ્ઞાદિ સર્વ ક્રિયાઓ કરવી ગાયત્રીનો જપ કરવો ચિત્તની શુધ્ધિ રાખો નિરંજન નિરાકાર જયોતિસ્વરૂપ ઇશ્વરમાં મન જોડવું એ આ માર્ગનો મુખ્ય સિધ્ધાંત છે મહાત્મા વેદ વ્યાસ પણ એ ધર્મમાં હતા તેણે દેવો કલ્પિત છે, સર્વ ક્રિયાઓ મનોવિકારે ઘડી કાઢેલી છે. અહંબ્રહ્માસ્મિ એજ તારણ મંત્ર છે ૐનું ચિંતન એ ગૂહ્યમંત્ર છે વગેરે તત્વો દાખલ કર્યાં હતાં ઇ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં પતંજલી નામના ઋષિ થઇ ગયા તેમણે આ માર્ગના સિધ્ધાંત સરળ રીતે સમજાવવા "યોગ દર્શન" નામનું પુસ્તક લખ્યું છે.

તેમની પરંપરા ઉજ્જનના પ્રખ્યાત પરદુઃખભંજનમહારાજા વીરવિક્રમાદિત્યના સમયમાં મચ્છેન્દ્રનાથ અને ગોરખનાથ નામે સુપ્રસિધ્ધ યોગીઓ થઈ ગયા છે. તેમણે "હઠદિપીકા નામનો ગ્રંથ લખ્યો છે. આ મતના આચાર્યો ત્યાગી અને વનસ્પતિ આહારી છે. તેમના શિષ્યો મુનિવ્રત લઇ શકે છે.

આ મતમાં પણ પાછળથી મતભેદ થતાં જુદા જુદા પંથો પડી ગયા છે. નાથ (તેમાંથી કનૈયા કાનફરા વીગેરે) કાલ બેલિયા, દત્તાત્રય વગેરે પેટા પંથ પડી ગયા છે. અને પુરાણીઓની સંગતથી દેવી, દેવતાની પુજા, હોમ હવન વગેરે ચાલુ કર્યા. હજુ પણ કેટલાક યોગીઓ આ શુધ્ધ ધર્મ પાળે છે.

પરદેશી પ્રજા

વૈદક કાળ અને બ્રાહ્મણકાળમાં એટલે પુરાણો થતા પહેલાં મુખ્યત્વે કરીને પરદેશથી અગે છ જાતીઓ આવેલી છે. મલેચ્છા દ્રાવિડ, સિથિયન, ગ્રીક શક હુણ વગેરે. આ લોકો અભક્ષ્યનું ભક્ષ કરતા લીંગયોનીને પુજનારા મનુષ્ય તથા પશુનું બલી આપનારા, નાગપૂજા, ઝાડપૂજા, અને પથ્થર પૂજા કરનારા ભૂતપ્રેતને માનનારા હતા. આ લોકો આફ્રિકા તથા ઓસ્ટ્રેલીયામાંથી આવી દક્ષિણ ભારતમાં વસેલા હતા. અગ્રોના હિંદુઓ પણ આના રીવાજો સાથે કેટલાક ભળી ગયા હતા અને લીંગપુજા, ઝાડપુજા તથા યજ્ઞમાં જીવ હોમવા વગેરે કરવા લાગ્યા હતા. સિવાય જાટ કોળી, ધારાળા વાઘરી ભીલ, નાગ, તુરી, કંધ, સંતાલ, ગોડ, વગેરે અનાર્ય જાતો મધ્ય એશિયામાંથી આવેલા છે. અને તેમાંથી બહાર વસીયા ભગી દેડ અને ચમાર વગેરે અસ્પર્શ્ય જાતિઓ થયેલી તેઓ પણ હિંદુઓ સાથે રહેવાથી હિંદુના એક દેવ ગણાતાં તુલસીને માને છે.

★

★ ★

એક જ પૈસો..........



મોહનભાઈ આર. પટેલ
હડમતિયા કંપા

પૈસો એ આપણા ચલણનું સૌથી નાનું અંગ છે. એટલે પહેલી નજરે જોતાં એની કાંઈ જ કિંમત નથી. પણ જો એનો બચાવ કરીએ તો મોટી રકમના રૂપમાં પણ જોઈ શકીએ. અને નીચેની ગણતરીપરથી તેનો ખ્યાલ આવે છે.

અત્યારે આપણા ભારતની વસ્તી '૫૫ કરોડ'ની ગણીએ. અને જો આ ભારતની દરેક વ્યકિત દર અઠવાડિયે ફક્ત 'એક પૈસો' બચાવે તો એક વર્ષમાં ૨૯,૭૦,૦૦,૦૦,૦૦૦ પૈસા ભેગા થાય, એટલે કે ૨૯,૭૦,૦૦,૦૦૦ રૂપિયા ભેગા થાય. આ પૈસા ને એકમેકની ધાર અડકાડીને લાઈનબધ્ધ પૃથ્વી ઉપર ગોઠવવામાં આવે તો ૧૭ વાર પ્રદક્ષિણા કરવા ઉપરાંત ભારતમાં ઉત્તરથી દક્ષિણ ને પૂર્વથી પશ્ચિમ સુધી એટલે કે કાશ્મિર થી કન્યાકુમારી અને આસામથી ગુજરાત સુધીના સમગ્ર ભારતના વિસ્તારમાં ઉપરા ઉપરી બે થર થઈ શકે. અને એક ઉપર એક ગોઠવીએ તો માઉન્ટ એવરેસ્ટ જેટલા ૪૨૬ ઉંચા શિખરો થાય.

આ પૈસાને એક લાઈનમાં પાથરવાથી '૪,૫૧,૩૭૪' માઈલ લાંબી લાઈન થાય. જો કોઈ કલાકના ૬૦ માઈલની ઝડપે જતી ગાડીમાં બેસી અને રાત-દિવસ સળંગ મુસાફરી કરે તો લગભગ સાડા દસ મહિનાની અંદર આ લાઈન શાંતિથી પસાર કરી શકાય.

આમ 'ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય' અને પૈસે પૈસે........?



વૈકુંઠ દુર નથી ?

લેખક : પ્રે. દે. પટેલ
નવાનગર

સંસાર ચક્ર ચાલ્યા કરે છે. તે સાથે વસંત જુના ખઇ ખરી જાયછે તેવીજ ઋતુમાં નવાં આવેલાં પાન બીજા વરસેજ,, માનવીના જન્મ પછી ૬૦ ૭૦ કે ૮૦ વરસે જ તેનો અવતાર પૂરો થયો તેવું માને છે. અહીંથી દેહમાં થી છૂટો થએલા જીવ (આત્મા) પોતાના સંસ્કાર પ્રમાણે નવા દેહમાં બીજો અવતાર ધારણ કરે છે એમ આપણાં પ્રવિત્ર શાસ્ત્રો કહે છે

આપણને સારાં કામો કરવાનુ ઘણુજ મન થઇ આવે છે પરંતુ આપણી વારસાગત સંગતથી અસરથી આપણે એવા સારા વિચારો ને કમલમાં ભૂકી શકતા નથી દાખલા તરીકે સમાજ સુધારણા બાબતની મીટીંગોમાં આપણે હાજરી નથી આપી શકતા રાજકારણમાં કે બીજી કોઇ બાબતોમાં આપણે સમયનો ભોગ આપી શકીએ છીએ. બીજો દાખલો આપણા વાર્ષિક ખર્ચાઓમાં ૨૦૦ થી ૫૦૦ રૂ. ગમે તેમ અને ગમે તે રીતે આ મોંઘવારીમાં વપરાઇ જતા હોય છે. પરંતુ આપણી સોબતથી કે ગમે તે કારણસર સમાજ સુધારણા બાબતના કયાંક પાંચ દશ રૂપિયા આપવા પડે તો આપણે તે ન આપવા પડે તેવા શુધ્ધ વિચારો શોધીએ છીએ. મારા અનુભવથી હું લખુ છું કે આપણી આ "જાગૃતિ" માટે પણ આપણા સમાજમાં તેને કેટલો આવકાર છે તેનો દાખલો આપું કે આપણી જન સમાજ (નાત) લગભગ ૨૫ હજાર કુટુંબોમાં એટલે સવાલાખની વસ્તી ધરાવતી સમાજ છે તેમાં અંદાજે હવે રહ્યાં સહ્યાં ૨૫ હજાર માણસો પીરાણા ધર્મ પાળે છે બાકીનાં ૨૦ હજાર કુટુંબોમાં જો ૧૦ હજાર ગ્રાહકો મળવા જોઇએ તેમાંથી એક હજાર પણ ગ્રાહકો મળી શકતા નથી. આના ઉપરથી આપણને સમાજને આદર્શ બનાવવાનો દાખલો મળે છે. અસ્તુ તેવીજ રીતે આપણે પીરાણાપંથી ભાઇઓને સમજાવવા પ્રયત્નો ચાલે છે.

આવા લુલા પ્રયત્નોથી આપણે આદર્શ બની શકશું નહિ દરેકે દરેક કુટુંબ પોતાના સગાં, પડોશીને તે ઇસ્લામી સંસ્કૃતિમાં જતા ભાઇઓને જતા બચાવી લે અને વધુમાં આપણા જીવનમાં બોર્ડિંગોમાં અને મંદિરોમાં જુના રીવાજોને છોડી દિવસના અનુકુળ સમયે ગીતાપાઠ અને રામાયણ મહાભારતનો દરેક એકમોમાં ધાર્મિક વાતાવરણથી આપણે ધાર્મિક ઝનૂન પ્રેરણા, દિવ્યતા અને મોક્ષ મેળવી શકીશું. શું ધાર્મિક શ્લોકોમાં કાંઇ નથી? વાંચો તો ખરા.

૧ આત્માનં રથિનં વિધ્ધ,
શરીર રથમ એવ તુ ।
બુધ્ધિતુ સ રથિ વિધ્ધિ,
મનઃ પ્રગ્રહમ એવચ ॥
૨ ઇન્દ્રિયાણી યાન આહુ
વિષયાસ તેષુ ગોચરાન ।

★ ★

આત્મેન્દ્રિય મનો મુકતમ,
ભોકતેત્યાહુર મનીષીણુમ ॥
૩ વિજ્ઞાન સારથી રૂ યસ,
તુ મનઃ પ્રગ્રહાન નરઃ ।
સોઅધ્વનઃ પારમ્ આપ્નોતિ,
તદ્ વિષ્ણોઃદ્રરમં પદમ્ ॥

કંઠ ઉપનિષદ ૧–૩–૩–૪–૯

અર્થ–આત્મા રથનો સવાર છે. શરીર રથ છે. બુધ્ધિ સારથી છે. મન લગામ છે, ઇન્દ્રિયો ઘોડા છે અને કામ, ક્રોધ, લોભ, મોહ મત્સરઆદિ અજ્ઞાન સાથે લડવાનુ મેદાન છે. (૧) જે મનુષ્યનો બુધ્ધિરૂપી સારથિ (ડ્રા વર) હોંશિયાર છે. મનરૂપી લગામ (ગવર્નર) કાબુમાં છે તે મનુષ્ય સંસારમાં ખરાબ પરિબળો રૂપી દુશ્મનોનો નાશ કરી વિષ્ણુપદને પામે છે (૨) ઊઠો, જાગો, અને શ્રેષ્ઠ જ્ઞાની પુરુષોને મેળવી જ્ઞાન પ્રાપ્ત કરો અને આ માર્ગ ઉપર ચાલવામાં અવરોધ કરતા સંઘ, કુસંગ અને રૂઢીને છોડી દિવ્યતા પ્રાપ્ત કરો (૩) તો આવાં આપણી સંસ્કૃતિનાં મોંઘાં રત્નોનો ઘણો ફેલાવો થાય આપણા ભાવિ પેઢી બાળપણથીજ આવાં અમૃતોનાં પાન કરે તો પછી આપણે એક એવી શાનદાર જ્ઞાતિ કહેવાઇશું કે ભારતમાં તેનો જોટો નહિ મળે માટે તો આપણી સમાજની ચાલતી બોર્ડિંગોમાં જો વેદ ગાયત્રીનું સમુહ વાચન સાંજે અર્ધો કલાક વાંચન થાય તો તેના વિદ્યાર્થીઓ જીંદગીમાં નાપાસ નહિ થાય.

★



Buddh Avatar in Satpanth

સતપંથની નજરે "બુદ્ધ"

સંગ્રાહક
શામજીભાઈ એસ. પટેલ
વડોદરા.

પ્રિય વાંચક બંધુઓ! તમોએ ઘણાં ધર્મ શાસ્ત્રો, ઇતિહાસ, કથાઓ અને પુરાણો વાંચ્યા તેમ સાંભળ્યા હશે. આ પણ એક ધર્મ શાસ્ત્ર કહેવાય છે કે જેમાં બુદ્ધ ભગવાનનું વર્ણન આવે છે. જેને તેઓ "બુદ્ધાવતાર કહે છે.

હિંદુશાસ્ત્ર મુજબ બુદ્ધિને વિષ્ણુભગવાનનો નવમો અવતાર ગણવામાં આવ્યો છે. આ કહેવાતું સતપંથ શાસ્ત્ર પણ તેમ માને છે ખરૂં. પરંતુ તેના વર્ણન અને આમાં એટલો બધો ભેદ રહેલો છે કે તે જાણીને ઘડીભર તમોને આશ્ચર્ય થશે.

એક બાજુ જ્યારે 'બુદ્ધ ભગવાન' પ્રાણીમાત્ર ઉપર દયા અને પ્રેમ રાખવાનો કડક આદેશ આપે છે એટલું કે જે યજ્ઞમાં જીવ હિંસા થતી હોય તેવા યજ્ઞનો પણ ત્યાગ કરવા સુધીનું તેણે કહ્યું છે. જેથી તે કરૂણામૂર્તિ કહેવાયા છે. ત્યારે આ શાસ્ત્રમા તો તે પાંડવોને પણ પોતાના પાપનું નિવારણ કરવા "ગૌમેધ યજ્ઞ" એટલે કે યજ્ઞમાં ગૌવધ કરવા સુધીનું તે ફરમાવે છે. અને બીજી રીતે જાઇએ તો કાળની દૃષ્ટિએ પણ તેને સમકાલીન ગણ્યા છે. જ્યારે ઇતિહાસ અને અન્ય શાસ્ત્રોની નજરે તો પાંડવો અને બુદ્ધ વચ્ચે હજારો વર્ષનું અંતર છે. આશ્ચય તો એ વાતનું છે કે આ બધું લખાયું હશે. ત્યારે હિંદુ સમાજ કેમ ચૂપ રહયો હશે તે કાળમાં કદાચ તે લાચારીમાં હશે એમ ઘડીભર માની લઇએ, અને બીજુ એ પણ એક કારણ જોવામાં આવે છે. કે, એ પંથવાળા પોતાના પંથને ગુપ્ત પંથ તરીકે માને છે એટલે તેનાં શાસ્ત્રો અને ક્રિયાઓ પણ બધી ગુપ્ત જ રાખવામાં આવી છે. અને પછી તો સામાન્ય પણે એવી રૂઢિગત માન્યતા છે કે કોઇ પણ ધર્મ શાસ્ત્ર ખોટા ન હોય અને ખોટાં કહેવામાં પણ પાપ છે. અને પછી તો દરેક સંપ્રદાયવાળાને પોતાનોજ કક્કો ખરો રાખવાની ટેવ હોય છે એટલે જ કદાચ આમ થવા પામ્યું હશે.

Yagn i.e., Ritual of killing cow

વિશેષમાં આની અંદર વિચારવા અને મનન કરવા જેવી બાબત તો એ છે કે એ કહેવાતા સંતપંથને એટલી હદે ગુપ્ત રાખવાની શી જરૂર પડી હશે હકીકતમાં તો સત્ય અને ધર્મને કોઈ દિવસ છૂપુ રાખવાને કંઈ કારણ હોતું નથી બલકે અસત્ય અને પાપને જરૂર છુપાવવું પડે છે

સતપંથ શાસ્ત્રમાં બુદ્ધ ભગવાનનું વર્ણન અક્ષરશઃ આ પ્રમાણે છે

જયાં પાંડવ યજ્ઞ હોમ જો કરે ત્યાં બેઠ બ્રાહમણ વેદ આચરે ૩૯
તે બ્રાહ્મણ વચન બોલે સાર તબ લગી શ્રી બુધ્ધ આવ્યા દ્વાર ૪૦
ત્યાં નવમું રૂપ હરીએ લીધું પાંડવ દ્વારે જાય
બ્રાહ્મણ વચને ભુલ્યા પાંડવ હોમ યજ્ઞ કરાય ૪૧
દ્વારે બેઠા ભીમ તત્ક્ષણું દેખી રૂપને ભીમ અચંબે ઘણું ૪૩
વિકટ રૂપ ધરીને હરિ આવ્યા જાણુ તારે મુખથી બોલ્યા અમૃત વાણુ ૪૪
કલયુગ સંગે બ્રાહ્મણ ભુલ્યા જાણ અવતાર પાત્રની ખબર ન જાણુ ૪૫
તહાં વિકટ રૂપનો દેહ ગંધાય, સ્વામિની દષ્ટે સામું નવ જોવાય ૪૬
હું છું ક્ષુધાર્થી ભુખ્યો અપાર તે જાણી આવ્યો રાજાને દ્વાર ૫૩
આજે બ્રાહ્મણ દીસે છે અશુદ્ધ ને આજ અવતાર પાત્રકી ન જાણે બુદ્ધ ૬૯
એ બ્રાહ્મણમાંથી બ્રહ્મા ગયા તે અવતાર પાત્ર નથી મહંમદ થયા ૭૨
જે આજ કાલા હાથે વેદની વાંચે વાણ તેને ભીમ લેજે ચંડાણ જાણ ૭૪
બીજ શુક્રવારી કલજુગ માંહી વ્રત કરો અને પશ્ચિમ દીશા બેસી જાપ ઓચરો ૬૨૭
આદ્ય નારાયણે કલિયુગ ને તો આપ્યું રાજ તે માટે વિષ્ણુ મલેછ રૂપે થયા મહારાજ ૬૫૫
મનુષ્ય રૂપમાં હે સાચાદેવ કહીએ તેહ સતપંથ પાળીને દેવના ગુણ ગાઈએ નેહ ૬૬૧
પશ્ચિમ દીશા માંહી આરબ દેશ ત્યાં દશમો અવતાર મનુષ્ય વેશ ૭૦૩
જે જાંબુ દીપ ભરત ખંડરે જાણ ત્યાં કુંવારીકા ક્ષેત્ર મહા ઉત્તમ ઠામ ૭૦૮
ઈમામ પુરી નગરીમાં ગોર ઇમામ શાહ રહે ત્યાં કલીયુગમાં ગોર બરમાનું થાનક એહે ૭૦૯
ત્યાંથી બુદ્ધા બોલીઆ સત્ય સાર તમો સુણો યુધિષ્ઠિર કહું વિચાર ૭૩૫
ભાઈ તમે હાથે વેચો ગાય અને રાખો ઇમાન, તો અમર ઠામ નિર્માણ ૭૩૬
અમો આવી યજ્ઞનો જાણ્યો ભેદ હત્યા તમારી ઉતરે કરો ગૌમેધ ૭૩૭
પાંડવો ઊપર રહીએ ધર્યું હેત અઢાર ક્ષોણી દળ જે માર્યું રણખેત ૭૪૦
તેનું પાપ તમોએ શીર લીધું સહી તે નિંદા કરાવ્યા વિના ઉતરશે નહિ. ૭૪૧
કહે ધરમ જેને અમે પુજીએ રે સહી હમે તેનો વધ કેમ કરીએ રે સહી ૭૪૪
હરી કહે શ્રીકૃષ્ણને વ્હાલી હતી સુરભી રહી તે વિના યજ્ઞ વિંધી થશે નહિ. ૭૪૬
ત્યાં તો ઉપજી ચિંતા અને કરે વિચાર ક્ષત્રિય ધર્મ જશે ને લોક લજવશે ધામ ૭૪૯
કહે બુદ્ધ સાંભળો પાંચે ભાઈ હવે યુગમાં અથર્વ વેદ વરત્યો છે સહી ૭૮૫
એસો ભેદ હરીએ કહ્યો સમજાયે તમે મનમાં શંકા ન ધરો રાએ ૭૮૬
ત્યારે પાંડવ બોલીયા સતી સાથ જે તમો કહેશો તે કરશું હે દીનાનાથ ૭૮૭
સામ વેદની કાંડી ત્યાં કહી ત્યારે કામદુર્ગા ત્યાં આવી સહી ૭૯૭
શ્રી બુદ્ધ સામું જોઈ કામધેનું ઓચરે આ ચંડાળનું કહ્યું ભકત પાંડવો કરે ૮૦૧

ધેનુ કલીયુગમાં તુ જા વિષ્ટારે ખાય અને તું એમ ગળુ કપાવતી જાએ ૮૦૪
કામ ધેનુને આણી પુજવા અને જોવાને મલીયા લોક
મનમાં જે શંકા આણશે તો એસસે તમસીર ગોદે ૫ ૮૦૫
સ્વર્ગ ભવનથી હરિએ આણી ગાય ત્યાં તેને તો પ્રભુ પુંજી ધર્મરાએ ૮૦૮
રાજાએ મસ્તક કાપીને અળગોરે કરીઓ તેના પગચાર કાપી જુજવો કર્યો ૮૦૯
જયારે ખાલડી ઉતારીને અળગીરે ધરે ત્યારે શ્રી બુદ્ધરૂપે વાણી ઓચરે ૮૧૦
ખોલડી રે ઓઢડો કંતીરે માય અને મસ્તક માથે ધરે યુધિષ્ઠિર રાએ ૮૧૧
ચારે ચરણ બાંધવ ચારે તો ધરે અને હસ્તીનાપુર વચ્ચે સૌં નીસરે ૮૧૨
જયારે પાંડવોને ચોપાસે રકત ઉતરે જરી જરીને પાંડવ અંગથી હેઠો પડે ૮૧૪
હરિ ઇચ્છાએ તેના હીરા માણેક થઇ સરે શ્રી "બુધ" જાપ પાંડવ મુખે ઓચરે ૮૧૫
પાંડવો નિદા કરાવવા ભાગોરે ગયા તે જોઇ પ્રજા કહે પાંડવ ભુંડા થયા ૮૧૭
દ્રૌપદીએ હાથે પુંછ ગૃહી લીધી સાર હસ્તીનાપુરના ગોદરે સર્વે આવ્યા બાર ૮૨૦
સર્વે લોક નિંદા કરે ને જોવા જાય ભાઈ ચંડાળ વચને એણે મારી ગાએ ૮૨૭
જગત જેમ પાંડવની નિંદા કરે તેમ તે પાંડવનાં પાપ ઉતરે ૮૩૦
જયારે પાંડવોએ રૂપ ફેરવ્યા જદુરાય ત્યારે લોકોના મનમાં અચંબો થાય ૮૬૯
દર્શન પાંડવોને શ્રી બુધ્ધનાં થયાં ગાય વેધી ત્યાં બ્રાહ્મણ મેણાં જાય ૮૭૦
પડયા છે ત્યાં ગૌના આતરડાં જેહ બ્રાહ્મણે લઈ ગળે ગાલ્યાં તેહ ૮૭૨
કલીમાં ગૌ આંતરડાંની જનોઇ રહી આજે તે બ્રાહમણની દર્શનની વલે થઈ ૮૭૩
ત્યાર પછી ભકત અને વૈરાગી જેહ અને સર્વથી પાછળ દોડયા જેહ ૮૮૪
ગોના મુખમાંથી ચંદન પડયુ છે જહાં ત્યાં તેમને હાથે લધ્યું છે ત્યાં ૮૮૫
સર્વજન મલી એકઠા થાય જયાં ગાય વેધી ત્યાં દોડયા જાએ ૮૮૯
કોઇએ ચામડી પુંછડી લીધી હાથ કોઇએ તો સીંગડી લીધી હાથ ૮૯૦
વાણીઆ બ્રાહમણ ક્ષત્રિયની બેટી ચાલી સાથ તેને ગોનું ગોબર લાગ્યું હાથ ૮૯૧
વિપ્ર સર્વ ગયા પછી હરીએ માગી આજ્ઞાએ
હમે પશ્ચિમ દીશા માંહે પરવરૂં તમો સાંભળો ધર્મ રાય ૯૦૩
કલીયુગમાં નામ હમારૂં અને તેને કહું મહિમાએ
અથર્વ વેદી નામ અમારૂં તે શ્રી 'અલી' શાહાએ ૯૦૪
પાંડવને છોડી હરિજળ જાય ત્યારે અડસઠ તિરથ આવી લાગ્યાં પાએ ૯૨૪
સર્વ ભેદ ગંગાજીએ તિર્થો કહયો "શ્રી બુધ્ધા અવતાર" કૃષ્ણજીએ લીઓ ૯૨૫
જેણે 'ગુપ્ત પંથ" આંરાધીઆં જાણ તેનો સદા અમરાપુરી પોતા નિવારણ ૧૦૧૧
ત્યારે શ્રી "બુધ્ધાવતાર" સંપૂર્ણ સાચ એવી ગુરૂ બ્રહ્મા પર ઇમામશાહ વાચ ૧૦૧૨

(સતપંથ શાસ્ત્રના આધારે ટુંકાવીને)
સંગ્રાહક : શામજીભાઈ એસ. પટેલ વડોદરા

ઊણપ

પટેલ જીતેન્દ્ર એન
અમદાવાદ

સજ્જનો તમારા જીવનમાં શું હોવું જોઈએ. તમારી દૃષ્ટિ કેવી હોવી જોઈએ તમારામાં સમજણ કેવી હોવી જોઈએ. પ્રેમ કેવો હોવો જોઈએ. તમારા ભાવી માટે આશા કેવી હોવી જોઈએ તમને સ્વતંત્રતા કેવી જોઈએ તમને કેવી શાંતિ અને આનંદ હોવો જોઈએ

આવા પ્રશ્નો મૂઝવી રહ્યા છે તો આ એ અંક તમને જરૂર ઉપયોગી બનશે.

તમને જીવનની જરૂર છે-કદાચ તમારી તંદુરસ્તી સારી છે. અને તમે જે કંઈ ચાહો તે તમારી પાસે છે. તેમ છતાંયે શું તમને જીવન ખાલી લાગે છે? શું ખરેખર સંતોષી છો? શું જીવનનું સાચું ધ્યેય તમારી પાસે છે? જો આ પ્રશ્નના જવાબ નકારાત્મક હોય તો તમે ઈશ્વરની નજરે મૃત્યુ પામેલા છો. પાપે મનુષ્યને ઈશ્વર જે સાચું જીવન બક્ષે છે તેનાથી વિખૂટા પાડ્યા છે. સનાતન ધર્મની મારફતે તમે ઈશ્વરની પાસે પાછા આવી શકો છો ઈશ્વર તમને સાચું જીવન અર્પી શકશે. તમને જીવનનો ખરો આનંદ અને ખરું ધ્યેય પ્રાપ્ત થશે. તમને દ્રષ્ટિની જરૂર છે: સત્ય જોવા અને પારખવા માટેની શકિતની તમને જરૂર છે શું આ બાબત તમને મૂશ્કેલ લાગે છે? સત્ય સમજવું એ શું તમારે માટે મૂશ્કેલ છે? આનું કારણ એ છે કે તમને આધ્યાત્મિક અંધાપો છે. આ દુનિયાના દુષ્ટ દેવ શૈતાને તમારા મનને અંધકારમાં રાખ્યા છે. આ કારણથી જ તમે વિશ્વાસ કરી શકતા નથી અને અંધારામાં રહો છો દરેક મનુષ્ય સ્વભાવથીજ તેના હૃદયમાં અંધ છે. તેઓ ખરેખર સત્યને પારખી શકે તે માટે સનાતન ધર્મના પ્રકાશની જરૂર છે.

તમને સાજાપણાની જરૂર છે : પાપના રોગથી પીડાતા આપણા પીરાણાપંથી જ્ઞાતિબંધુને મુક્ત થવાની જરૂર છે. કોઈ વ્યક્તિની સહાયની તમને જરૂર છે. તમે દુ:ખી અને ચિંતાતુર છો? તમે જે ઈચ્છો છો તે શું તમે કરી શકતા નથી? આનું કારણ અયોગ્ય ધર્મનું પાલન કરો છો તે પાપ છે. પાપ આપણા શરીર માટેમૃત્યું લાવે છે. પાપ આપણા પ્રાણ અને આત્માને ભ્રષ્ટ કરે છે તમે આધ્યાત્મિક રોગથી પીડાઓ છો, જે તમારા જીવન અને આત્માને નષ્ટ કરે છે. તમારે તમારો ધર્મ છોડી પાપની ક્ષમા મેળવવાની જરૂર છે અને માત્ર સનાતન ધર્મજ તમારા પાપમાંથી મુકત કરશે. યાદ રાખો, 'આ પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.'

તમને પ્રેમની જરૂર છે : તમને સાચા પ્રેમની જરૂર રહે છે તમને ધર્મપ્રેમી મિત્રની જરૂર છે. તમે કોઈવાર એકલવાયાપણું અનુભવો છો? શું તમને એમ લાગે છે કે કોઈ તમને ચાહતુ

નથી શું તમને કદી એવો અનુભવ થયો છે કે જેને તમે પ્રેમ કહો છો તે સ્વાર્થ બની શકે છે અને તમને દુઃખ પણ પહોંચાડી શકે છે ? જ્યારે તમને જરૂર હોય ત્યારે તેની મદદ તમે ન મેળવી શકતા હો ? ઘણી વાર આપણને જરૂર હોય ત્યારે જ આપણા મિત્રો તરફથી આપણને મદદ મળતી નથી, મિત્રો પણ મૃત્યુ પામે છે. અને આપણે દુઃખી અને એકલા બની જઈએ છીએ.

ભાવિ આશાની તમને જરૂર છે: શુ તમારી બધીજ આશાઓ માત્ર આ જીવન પુરતી જ મર્યાદિત છે ? જો એમ હોય તો તમે દુઃખમાં ડુબી જશો તમે જાણો છો કે પૃથ્વી પર તમારુ જીવન માત્ર થોડા વર્ષો માટે છે ગમે તે સમયે અણુયુદ્ધ ફાટી નીકળે અને પરિણામે કરોડો મનુષ્યોનો નાશ થાય. તમે જાણો છો કે એક દિવસ તો ઇશ્વર તમારો ન્યાય કરવાનો જ છે. ગીતા કહે છે કે જે મનુષ્ય સનાતન રહિત છે તે આ પૃથ્વી પર આશારહિત અને ઈશ્વર રહિતનું જીવન જીવે છે આવું જીવન શા માટે જીવો છો ?

તમને સ્વતંત્રતાની જરૂર છે. તમને સલામતીનો અનુભવ કરવાની જરૂર છે આપણે એમ કહીએ છીએ કે આપણે સ્વતંત્ર છીએ, પરંતુ ખરું જોતાં આપણે બંધનમાં છીએ આપણે પાપ અને કુટેવોના ગુલામ છીએ. આ ક્રુર ગુલામગીરીમાંથી સ્વતંત્ર થવાની તમને જરૂર છે. સ્વતંત્ર થયા વગર તમે ઈશ્વરના ઉત્તમ આશીર્વાદ ને આનંદ પ્રાપ્ત કરી શકવાના નથી. માત્ર સનાતન ધર્મ જ તમને બંધનમાંથી મુક્તિ આપી શકે છે તેના વગર તમે મૃત્યુ અને ન્યાયદંડના સતત ભયમાં જ રહેશો સનાતન ધર્મ જ તમને વર્તમાનમાં અને હંમેશને માટે પાપના બંધનમાંથી મુક્ત કરી શકે અને સ્વતંત્રતા આપી શકે છે તમને શાંતિ અને આનંદની જરૂર છે. શું તમે તમારા હૃદયોમાં મૂંઝવણ અનુભવો છો ? તમે ખરેખર અસંતુષ્ટ છો ? આ સંસાર જે શાંતિ અને આનંદ આપે છે તે અલ્પજીવી છે. તે નષ્ટ થતાં બેચેની અને દુઃખ આપે છે. માત્ર આપણો સર્જનહાર જ હૃદયોને સાચો સંતોષ આપી શકે છે દુષ્ટ માણસોને શાંતિ મળતી નથી.
(નોંધ–યોગ્ય માર્ગદર્શન આવતા અંકે)

Ukheda Laxminarayan Temple Inauguration
Date: 05-May-1972

સમાચાર



શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ : ઉખેડા (કચ્છ)

ગત તારીખ ૫ મી મે ૧૯૭૨ ના રોજ મુંબઇ નિવાસી પરમ પૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલેના સાનિધ્યમાં ઉખેડા ગામે શ્રી લક્ષ્મીનારાયણ યોગેશ્વર ભગવાનની મૂર્તિઓનો પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

આશરે વીસેક હજારની માનવમેદનીના જનસમુદાયની સેવા કાર્ય માટે આજુ-બાજુનાં ગામોમાંથી આઠસો જેટલા સ્વયંસેવક ભાઇઓએ હાજર રહી યુવકમંડળોની ધર્મપરાયણતાને સાકાર બનાવી હતી.

તા. ૪ થી મેની સલૂણી સંધ્યાએ પૂ. શાસ્ત્રીજીના આગમન સમયે હજારોની માનવમેદની વચ્ચે બહેનોએ બેડાં સહિત સામૈયું કર્યું હતું. ઉખેડા ગામે ખરેખર આવું અભૂતપુર્વ સ્વાગતનું આયોજન કરવામાં આવતાં જનતાએ એક વિશિષ્ઠ પ્રકારનો આનંદ અનુભવ્યો હતો. સ્વાગત વિધિ બાદ પૂ. શાસ્ત્રીજીએ સભાજનોને આશીર્વાદ આપી મંદિર દર્શન બાદ રાત્રિના સમયે ધાર્મિક ઉપદેશાત્મક પ્રવચન કર્યું હતું.

શાસ્ત્રીજીએ તેમના પ્રવચનમાં ઉપદેશ આપતાં કહ્યું હતું કે પ્રત્યેક મનુષ્યમાં રહેલો આત્મા એ ઇશ્વર છે. માનવીએ એ આત્મા સાથે એટલે કે ભગવાન સાથે પ્રેમ કરવો જોઇએ. ભગવાન એ પણ માનવીનો ભાગીદાર છે. માટે ભાગીદાર સાથે પ્રેમથી વર્તવું જોઇએ. આપણે એ ભાગીદારથી છૂટા પડીએ તો વાસ્તવમાં કંઇજ રહેતું નથી અર્થાત્ મૃત્યુ પામીએ છીએ તેથી જો આપણે ભાગીદારીમાં ધંધો કરી જો ભાગ લઇએ છીએ તો બદલામાં ભાગ આપવોજ જોઇએ નહિંતર ભાગીદારી તૂટી જાય એટલે તમે જો તમારા ભાગીદારને ભૂલી જશો તો એ તમને ભૂલી જશે. આપણે ઋષિમુનિઓના પગનુ પૂજન કરીએ છીએ કારણ કે તેમનામાં ભગવાન છે, અને પ્રભુનાએ ભક્તોની સેવા કરવીજ જોઇએ.

માણસ માત્રે ગીતાનું અધ્યયન અને મનન કરવું જોઇએ. ભગવાન સાથે અંતઃકરણથી પ્રેમ કરનારનું જ ઇશ્વર કલ્યાણ કરે છે.

આપણે મોટાં મોટાં મંદિરો બનાવીએ પણ જો તે મંદિરોમાં સવાર–સાંજ આરતી સમયે કોઇ ના આવે તો તેનો શો અર્થ ? આપણે પત્થરની મૂર્તિઓમાં શ્રદ્ધા ઉપજાવી તેમાં પ્રાણ પૂરવા જોઇએ.

★ ★

સાથે સાથે શાસ્ત્રીજીએ ગીતાનો પ્રચાર કરવાનું સૂચન કર્યું હતું. જ્ઞાતિમાં એક પણ માણસ કૃતઘ્ની ન રહે, દરેકને ગીતા આવડવી જોઇએ એવી પ્રતિજ્ઞા લો. પ્રભુની ગીતા માટે સમય મળ્યો હોય એવી જ્ઞાતિ બનાવો. કોઇપણ **કડવો પાટીદાર જો સૂતી વખતે, ઉઠતી વખતે અને ભોજન સમયે જો શ્લોક ન બોલે તો સમજવું કે તે કડવો પાટીદાર નથી.** આવા આચરણો માટે નિશ્ચય કરવો જોઇએ, નિર્ણય કરવો જોઇએ. તમારે પ્રતિજ્ઞા લઇને દૃઢતાથી પાલન કરવું જોઇએ. આ અમૂલ્ય માનવદેહ મળ્યો છે તો ફોગટ ન ગુમાવવો જોઇએ.

ભગવાનને ફુલ નહિ ધરો તો ચાલશે પણ રોજ નિશ્ચય પૂર્વક ટેક રાખી જમતી વખતે, સુતી વખતે અને ડગલે ને પગલે તેમને યાદ કરો. ભગવાનેજ આપણને અહીં આવવાની બુધ્ધિ આપી તો આસ્તિક બનવાની બુધ્ધિ આપશે જ કડવા પાટીદાર સમાજનો માણસ શ્લોક બોલીનેજ જમશે અને ભગવાનને નમસ્કાર કર્યા પછી જ પથારી છોડશે. ભગવાને ગોકુળમાં વરસાદ વરસાવ્યો હતો અને કડવા પાટીદાર જ્ઞાતિ પર પણ તે જ વરસાવશે.

ઉપરોક્ત રીતે શાસ્ત્રીજીએ સમગ્ર સમાજને જીવનમાં ડગલે ને પગલે પ્રભુમાં આસ્થા રાખી જીવન જીવવા માટે આશીર્વચનો કહ્યાં હતાં.

●

આપણી સમાજના જાણીતા અને અગ્રણી કાર્યકર તથા નખત્રાણા તેમજ માંડવીમાં મશીનરીનો વેપાર ધંધો કરતા **શ્રીમાન પેથાભાઇ મેગજીભાઈ ચોધરીને** ભાગ્યેજ કોઇ નહીં જાણતું હોય એમના પૂજ્ય પિતાશ્રીનું તાજેતરમાં દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થના મૃતદેહને એમના વતન દરશડી ખાતેના કબ્રસ્થાનમાં અભૂતપૂર્વ લોકોની હાજરી વચ્ચે દફનાવવામાં આવ્યો છે. શ્રી પેથાભાઇ પોતે આમ તો બહારથી સનાતની જેવા જણાય છે. તેમ દરેક લક્ષ્મી નારાયણના મંદિરોની પ્રતિષ્ઠા વખતે અચૂક હાજરી આપી આગળ પડતો ભાગ લે છે. છતાં આવી ભૂલ કેમ કરી બેઠા તેના માટે સમાજમાં ખૂબ અંચબો ફેલાયો છે.

●

★ અત્રે મોડાસા તાલુકાના મડાસણા કંપાના રહીશ શ્રી ખીમજીભાઈ પ્રેમજીભાઈ પટેલનાં વયોવૃધ્ધ માતુશ્રીનું અવસાન થતાં તેમનાં મૃતદેહને સંપૂર્ણ હિંદુ રિવાજ મુજબ અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. આ પ્રમાણે સંસ્કાર વિધિ કરનાર લાગતા વળગતા તેમના સ્નેહીજનોની પ્રવૃત્તિ ખરેખર અભિનંદનને પાત્ર છે.

★ લોકવાયકા મુજબ જાણવા મળે છે. તે પ્રમાણે કેટલીક જગ્યાએ જે જે કંપાઓમાં સતપંથી ભાઇઓની સંખ્યા વિશેષ પ્રમાણમાં હોય અને સનાતની

ભાઈઓનું પ્રમાણ લઘુમતિમાં હોય ત્યાં ધાર્મિક પ્રસંગો વખતે કે મરણોત્તર ક્રિયાઓ જેવી કે મૃતદેહની પાછળની વિધિ જેવા પ્રસંગોએ ઠીકઠીક હેરાનગતિ પહોંચાડવામાં આવતી હોય છે.

★ તાજેતરમાં જ અત્રે ધનસુરા નજીક રાયણનામાળ કંપામાં એક વયોવૃદ્ધ વડીલનું અવસાન થતાં તેમના મૃતદેહને અગ્નિદાહ આપવાના બદલે દફનાવવામાં આવ્યો છે. આવા પ્રસંગોએ જે તે સનાતની ભાઇઓને હાજરી આપવી પડતી હોય તેવા સૌ ભાઇઓએ મૃતદેહને અગ્નિ સંસ્કાર અપવાનો નિશ્ચય મરનારનાં સગાંવહાલાં જાહેર કરે તોજ સ્મશાન ક્રિયામાં ભાગ લેવો જોઇએ. સ્પષ્ટ વકતા બનવાની દરેક સનાતની ભાઇઓએ નૈતિક હિંમત કેળવવી જોઇએ.

તખતગઢ—સરતાનપુર ✻ વાલી સંમેલન

ગત તા. ૨૩–૪–૭૨ ના રોજ શ્રી રામજીભાઇ નાનજીભાઇ પટેલ (ધોળ) હાઇસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓનાં વાલીઓનું એક સંમેલન યોજવામાં આવ્યું હતું

સમારંભના અતિથિ વિશેષ તરીકે અમદાવાદની નવગુજરાત વાણીજય કોલેજના પ્રિન્સીપાલ શ્રી રવિન્દ્રભાઇ ત્રિવેદી સાહેબ તેમજ પ્રમુખસ્થાને તલોદ સાયન્સ કોલેજના પ્રોફેસર શ્રી રતિલાલ એલ. પટેલ બિરાજ્યા હતા.

ઉપરોકત પ્રસંગે નીચે મુજબના વકતાઓએ વિદ્યાર્થીના ઘડતરમાં વાલીઓની ફરજ વિશે મનનીય પ્રવચન કર્યાં હતા.

● **શ્રી કાન્તિભાઈ એ. ત્રિવેદી**–સંચાલક : મહિયલ હાઇસ્કુલ

વાલીઓ અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનું અંતર ઘટવું જોઇએ. વિદ્યાર્થી અને શિક્ષકોના પ્રશ્નો પરત્વે વાલીઓએ પણ સતત ધ્યાન આપવું જોઇએ.

● **શ્રી પી. જી. પટેલ**-હેડમાસ્તર, ઓરણ હાઇસ્કુલ

વિદ્યાર્થીઓના જીવનઘડતર માટે શાળાના સમય સિવાયના સમયે વાલીઓએ પણ પૂરતી કાળજી રાખવી જોઇએ. પોતાનું બાળક શાળામાં જઇ પૂરતો અભ્યાસ કરે છે કે નહિ તે જોવાની દરેક વાલીની ફરજ છે. માત્ર શિક્ષકોજ વિદ્યાર્થીના જીવન ઘડતરનું કાર્ય કરે તે અપૂરતું છે. ખરેખર જો કોઇ વાલીને પૂછવામાં આવે તો ઘણાને પોતાનો પુત્ર કે પુત્રી કયા ધોરણમાં અભ્યાસ કરે છે એ પણ ખ્યાલ નહીં હોય. એટલે વાલી અને શિક્ષકના સહયોગથીજ વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર થઇ શકે.

- **શ્રી એમચંદભાઇ-ગૃહપતિ,** જીવકોરબા વિ. ભવન, તલોદ

વિદ્યાર્થીઓનું વર્તન દરેક સ્થળે બદલાતું રહે છે. ઘરમાં, શાળામાં, છાત્રાલયોમાં વગેરે સમયમાં તેના જીવનનું યોગ્ય ઘડતર થવું જોઇએ.

વાલી પોતાનાં બાળકોના જીવનઘડતરનું કાર્ય શિક્ષકોપરજ છોડી દે તે યોગ્ય નથી. પોતાનાજ બાળક માટે વાલીએ સજાગ રહેવું જોઇએ.

- **શ્રી વાડીભાઈ કે. પટેલ-ગૃહપતિ,** ધનસુરા વિદ્યાર્થી ભવન

બાળકોના ઉત્કર્ષની ચિંતા વાલીઓએ રાખવાની જરૂર છે. સામાન્ય રીતે એવી માન્યતા છે કે ઘણે સ્થળે શહેરો કરતાં ગામડાઓમાં પણ વધુ સારો અભ્યાસ મળતો હોય છે.

ઘણીવાર પોતાનાં બાળકની શકિતનો ખ્યાલ કર્યા વગર છોકરાંને તેના વાલી અમેરિકા મોકલવાના ઇરાદા રાખે છે. પણ વાસ્તવમાં છોકરાએ મેટ્રીકની પરીક્ષા પણ અંગ્રેજી અને ગણિત વગર જ પાસ કરી હોય છે.

વાલી જો સક્રિય હોય તો જરૂર સારું પરિણામ લાવી શકાય કન્યા કેળવણી અંગે પણ વાલીઓએ ખાસ ધ્યાન આપવું જોઇએ. શાળાની પ્રગતિ અંગેના કાર્યમાં વાલીઓએ ભાગ લેવાનો ફાળો આપવો જોઇએ.

- **શ્રી કાન્તિભાઇ કે. પટેલ-તંત્રી :** 'જાગૃતિ' માસિક

શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના પ્રશ્નો અંગે વાલીઓને જાણકારી હોવી જોઇએ. પોતાનાં બાળકો કેવો અભ્યાસ કરે છે તેની પ્રગતિ પત્રકમાં થતી નોંધથી પણ વાલી અજાણ હોય છે.

ઘણા કિસ્સાઓમાં વિદ્યાર્થીને ભણવાની ઇચ્છા હોવા છતાં વાલી તેને કામધંધે વળગાડવા ઇચ્છતા હોય છે. અને ચાલુ શિક્ષણે વિદ્યાર્થીઓ પર કામનો બોજ રાખી તેનું ભવિષ્ય બગાડવામાં આવે છે. કન્યા કેળવણીની બાબતમાં પણ માત્ર ઘર કામની લાલચમાંજ ઓછું ધ્યાન અપાય છે. પરિણામે બાળાઓનાં ભાવિ સાથે રમત રમવા જેવું થાય છે માટે વાલીઓએ કન્યાઓને પણ આ જમાનો ઓળખાને શિક્ષણ આપવું જોઇએ.

- **શ્રી રવિન્દ્રભાઇ ત્રિવેદી સાહેબ,** આચાર્યશ્રી નવગુજરાત વાણિજ્ય કોલેજ.

શિક્ષણના ક્ષેત્રે યોજાતા આવા કાર્યક્રમોમાં મને ખૂબ રસ છે જ. ગામ નાનું હોવા છતાં આજે આટલી મોટી સંખ્યામાં વાલીઓ હાજર છે તે ખૂબ આનંદની વાત છે.

આ શાળાના સંચાલકોમાં અને શિક્ષકોમાં ખૂબ ઉત્સાહ છે, તેથી શાળાની ખૂબ સારી પ્રગતિ થશે એમાં શંકા નથી.

★ ★

દસકા પછી ગામ કેવું હશે તેનો આધાર ગામની શાળાની પ્રગતિ પર છે. શૈક્ષણિક સંસ્થાઓમાં દાનની વાત કરીએ તો ખરેખર ધનવાન દાન આપી શકેજ નહીં, દાન તો હંમેશાં ગરીબો જ આપે છે.

શાળાની પ્રગતિ માટે આચાર્ય તથા શિક્ષકોમાં અસંતોષ ન થાય તે જોવાનું ખાસ કામ સમાજનું છે. આજનો શિક્ષક બિચારો બની ગયો છે, પણ સમાજે શિક્ષકને ધુત્કારવો ન જોઇએ.

● **શ્રી રતિલાલ એલ. પટેલ-પ્રોફેસર,** તલોદ સાયન્સ કોલેજ,

આજુબાજુની સ્કૂલોના વિદ્યાર્થીઓની સરખામણીમાં આપણી સ્કૂલ પાછળ ન પડી જાય તે ધ્યાનમાં રાખવાનું કાર્ય શિક્ષકોનું છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓના ગુપ્ત પ્રશ્નો પરત્વે ખાસ ધ્યાન રાખવું જોઇએ. કેટલાક વાલીઓ વિદ્યાર્થીને પાસ થવામાં જ ગૌરવ અનુભવે છે. પરંતુ તેનું પરિણામ ચકાસવાને બદલે તે પાસ થયો કે નહિ એજ જાણવા ઉત્સુક હોય છે. આ જમાનામાં શિક્ષકોનો મોભો જળવાય તે જોવાની સમાજની ફરજ છે.

સમારંભની શરૂઆતમાં મંત્રીશ્રી નાથાલાલ ડી. પટેલે શાળાની પ્રગતિનો હેવાલ આપ્યો હતો. અંતમાં આગંતુક આમંત્રિત મહેમાનોનો આભાર માની અલ્પાહારબાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

●

★ અત્રે ધનસુરાથી તા ૩-૫ ૭૨ ની સંધ્યાએ ઉખેડા (કચ્છ) ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા માટે નીચે મુજબના સભ્યો જવા નિકળ્યા હતા

શ્રી નાનજીભાઇ કાનજીભાઇ પટેલ આદ્યતંત્રી : જાગૃતિ માસિક તેમજ સનાતન સમાજના મંત્રી

શ્રી માવજીભાઇ પ્રેમજીભાઇ પટેલ સનાતન સમાજના સભ્ય

શ્રી ભાઇલાલભાઇ હરિભાઇ પટેલ ,, ,, ,,

શ્રી શામજીભાઇ સવગણભાઇ પટેલ પ્રમુખ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ ધનસુરા

શ્રી બહેચરભાઈ મુળજીભાઈ	,,	કારોબારી સભ્ય	,, ,, ,,
શ્રી રતિલાલ લધાભાઇ	,,	સંપાદક	જાગૃતિ માસિક
,, વાડીભાઇ કેસરાભાઇ	,,	સહતંત્રી	,,
,, કાન્તિલાલ ખીમજીભાઈ	,,	તંત્રી	,,
,, ચંદુલાલ કેસરાભાઈ	,,	સનાતન સમાજ યુવક મંડળના સભ્ય	

ઉપરોક્ત સૌ ભાઇઓ ઉમેડા ખાતે હાજર રહ્યા હતા. ત્યાં મંદિરમાં ભગવાનની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પૂરો થતાં પરમ પૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવેલની સાથે આપણા સમાજમાં પ્રવર્તમાન ધાર્મિક પ્રવાહોની બાબતમાં સક્રિયપણે પ્રવૃત્તિશીલ બનવા માટે ચર્ચા વિચારણા કરી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યાર બાદ કચ્છના આપણા સમાજના કેટલાક આગેવાનો સાથે મળી ધાર્મિક બાબતની તલસ્પર્શી કાર્યવાહી આગળ ધપાવવા માટે ત્યાંના કચ્છના આગેવાન ભાઇઓને ગુજરાત ખાતે આમંત્રણ આપવાનું નક્કી કર્યું છે. નજીકના જ ભવિષ્યમાં એક મીટીંગ રાખી ધાર્મિક પ્રશ્નોની તબક્કાવાર ચર્ચા કરી સતપંથી ભાઇઓમાં હિંદુધર્મને ન છાજે તેવાં આચરણો સામે લાલબત્તી ધરવાના પ્રયત્નો ટૂંક સમયમાંજ હાથ ધરવામાં આવનાર છે.

કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન ધનસુરામાં રહીને ધોરણ ૫ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કુલ ૧૨૧ હતા, જેમાંથી ૧૨૦ પાસ થયા છે. જેમાંથી ૪૦ વિદ્યાર્થીઓ સારા ગુણ મેળવી વર્ગમાં ઊંચા નંબરે પાસ થયા છે. તેમાં ઘણા સારા ગુણ મેળવી વર્ગમાં પ્રથમ નંબર મેળવી નીચેના વિદ્યાર્થીઓ પાસ થયા છે. જે અભિનંદનને પાત્ર છે.

(૧) નરસિંહભાઈ ગોવિંદભાઇ ડોસાણી (વડતાલ) પ્રથમ નંબર
(૨) ડાહ્યાલાલ શામજીભાઇ પટેલ (હરિપુરા) ,,
(૩) ઇશ્વરલાલ ગંગારામ પટેલ (રાજપુર) ,,
(૪) સુરેશકુમાર હરજીભાઈ (નવા મુવાડા) ,,
(૫) રૈયાભાઇ એતાભાઈ પટેલ (વીથોણ–કચ્છ) ,,

★

વાંચકો લખે છે કે—

★ વર્ષોથી જાગૃતિ વાંચું છું. હમણાંથી આપણા સમાજને જાગૃત કરવા અને અધોગતિના પથે જતો રોકવા માટે જે ઝુંબેશ ઉપાડી છે તે વ્યાજબી છે. આપણે સમજતા હતા કે જેમ જેમ શિક્ષણનું પ્રમાણ વધશે તેમ ધર્મની ભૂલ સમજાશે. પણ એક યા બીજા કારણે શિક્ષિતવર્ગ પણ ગેરરસ્તે દોરવાય છે, પછી વડીલોને શું કહેવું ? જેથી સમાજના આગેવાનો, શિક્ષિત અને બુદ્ધિશાળી ભાઇ-બહેનો તથા જાગૃતિના તંત્રી, સંપાદક મંડળ તથા સમાજના આગેવાનોને ખાસ વિનંતિ છે કે ધર્મ ભુલેલાસતપંથી ભાઇઓને પાછા વાળવા માટે શક્ય તેટલા જ પ્રયત્નો બધા ચાલુ રાખશો. અને હિંમતથી સાચું છાપવા બદલ તંત્રીશ્રીને હાર્દિક અભિનંદન.

—**શીવદાસ પટેલ** : દરશડી (કચ્છ)

★ જાગૃતિ નિયમિત વાંચીએ છીએ, સમાજના અનિષ્ઠને ઉદ્દેશીને લખવામાં આવે છે તેની ખાસ જરૂર હતી. લોકોને આપણા માસિક દ્વારા જ જાગૃત કરી શકાશે. ગુજરાતમાં પીરાણાપંથ (સતપંથ) પહેલાં કરતાં વધુ ફુલ્યો-ફાલ્યો છે તેમ જણાય છે. સમાજના ધર્મ ભુલેલા ભાઇઓને ફરી પાછા વાળવા શક્ય તેટલા પ્રયત્નો ચાલુ રાખશો. તંત્રી, સંપાદક મંડળ અને સમાજના આગેવાનોને અભિનંદન

—**બેતાભાઇ** : લકકડગંજ–નાગપુર

★ જાગૃતિ માસિક દરેક પાટીદાર કુટુંબમાં પહોંચાડી તે દ્વારા ધાર્મિક જ્ઞાન, સમાચારો વગેરે આપતા રહેવાથી અમૂક સમયે પોતાની મેળે લક્ષ સિધ્ધ થશે. વખત ઝડપથી બદલાતો જાય છે. અત્યારના આંતરજ્ઞાતિય લગ્ન પ્રથાના પરિણામે જ્ઞાતિ અભિમાનો ક્યાં સુધી ટકી શકશે તે એક સવાલ છે. પરંતુ એક હિંદુ માનવ તરીકે આપણી અને આપણામાંના સૌ કોઇની એક પવિત્ર ફરજ છે કે ભુલેલાઓને એકવખત સમજપૂર્વક રસ્તા પર ચડાવી પછી તેને તેના ભાવિપર છોડી દેવું જોઇએ.

આપણા સમાજના લોકો સામૂહિક રીતે ધર્મ પરિવર્તન કરી હિંદુત્વને પામેલા છે. તેઓ મનોમન ગર્વ રાખી શાંતિથી બેસી તમાસો જુએ છે પણ બીજાઓ માટે કંઇ કોશિષ પણ કરતાં નથી

—**અનામી**

★ પીરાણા ધર્મ આપણા સમાજ માટે એક કલંકરૂપ છે. તેઓ ધર્મનો પ્રચાર એકદમ જોરશોરથી કરે છે, જ્યારે આપણો સનાતન સમાજ પ્રચારમાં ઠંડો પડી ગયેલો છે. ચાલુ વર્ષના જાન્યુઆરી, ફેબ્રુઆરી, માસના અંક વાંચી અતિશય આનંદ તેમજ સંતોષ થયો છે. સનાતન ધર્મને જે સૂર્યના પ્રકાશ–તેજની જેમ ઉદ્દેશી પ્રકાશ કર્યો છે તે બદલ મારા ખરા અંતઃહકરણથી આભાર માનું છું

નારણ રામજી પટેલ : ટોડીયા (કચ્છ)

★ જાગૃતિ સંચાલનના તમામ સભ્ય ભાઇઓને અભિનંદન.

આપે જાન્યુઆરી' ૭૨ ના અંકમાં તંત્રીસ્થાનેથી પીરાણા ધર્મ સબંધી જે લેખ રજુ કર્યો છે તે બિલકુલ વ્યાજબી છે. જ્ઞાતિમાં જાગૃતિ લાવવાનું કામ આ રીતે થાય તે વ્યાજબી છે. અને તોજ આ માસિકનું ધ્યેય સિધ્ધ થાય.

ભારતમાં દરેક જ્ઞાતિ પ્રગતિને પંથે છે. તે પૈકી આપણે પણ કદમ મિલાવી રહ્યા છીએ. જે જમાનામાં પીરાણા પંથ પ્રવેશ્યો અને લોકોને આંધળા બનાવીને તે માર્ગે ખેંચી ગયા. પણ સદ્દનશીબે શ્રી નારણભાઇ રામજીભાઈ અને તેમના સાથીદારોએ મળી, ક્રાન્તિ લાવી, જ્ઞાતિને જાગૃત કરી, અધોગતિમાંથી ઉગારી લીધી. પછી તેમાં મંદ ગતિ આવી. પણ પ્રભુકૃપાથી વળી પૂજ્ય મહારાજશ્રી ઓધવરામના નેજા તળે ફરી ક્રાન્તિ આવી, જેમાં સારું પરિણામ આવ્યું. પણ વળી મહારાજશ્રી સ્વર્ગવાસ થયા બાદ મંદ ગતિ આવી. હવે તો કોઇપણ સંજોગે જ્ઞાતિનું કલંક ઉતારવા બધીજ જાતનો ભોગ આપવો અનિવાર્ય છે. આ કામ યુવકો ઝૂંબેશપૂર્વક ઉઠાવશે તો તેનાં સારાં પરિણામ આવશે.

આ પ્રમાણે કરવામાં આવશે તો મહારાજશ્રીના આશીર્વાદ અને પ્રેરણા મળતાં રહેશે.

—નથ્થુભાઈ નાનજીભાઈ પટેલ
નખત્રાણા



શ્રી જયઅંબે

ખેડૂત ભાઇઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

નીં

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઇપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશખબર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેકટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બદામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બદામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

શ્રી ૧

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ



ટાયર ટયુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

☎ નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા


પટેલ ઇલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધ ન સુ રા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઇટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...



પ્રખ્યાત—
એ વ રે સ્ટ ઈ. મોટર્સ

તેમજ

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

દરેક કંપનીના સ્ટાર્ટર તથા સ્વીચો અને તેને લગતી તમામ વસ્તુઓ.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ભીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]

'Everest'

નિમંત્રણ....

ભારતભરમાં ધંધાર્થે વસતા આપણી જ્ઞાતિના આગેવાન ભાઈઓ, યુવક મંડળો અને અન્ય સામાજિક સંસ્થાઓના સંચાલક ભાઇઓને જણાવતાં હર્ષ થાય છે કે અમોએ નીચે જણાવેલ સ્થળે પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કરેલ છે. તો આપણા સમાજને અને આપને ઉપયોગી કોઇપણ જાતના પ્રિન્ટિંગ (છાપકામ)ને લગતા એટલે કે....

★ વસ્તિપત્રક
★ ઇતિહાસ
★ બંધારણ
★ વાર્ષિક અહેવાલ

તથા અન્ય કામકાજ માટે અમારો સંપર્ક સાધવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

—શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, જબલપુર (મધ્ય પ્રદેશ) નું વસ્તિ–પત્રક અમારા પ્રેસમાં છપાયું છે તે બદલ અમો ગર્વ લઇએ છીએ.

✻ અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ

ANUPAM PRINTING PRESS

તલોદ રોડ; હાઈસ્કૂલ સામે, **ધનસુરા,** જિ. સાબરકાંઠા (ગુજરાત)

પ્રોપ્રાયટર : **કાન્તિભાઈ ખીમજીભાઈ પટેલ** (ટીંબાતલાવ કંપાવાળા)
(બી. એ.) તંત્રી : **'જાગૃતિ'**

JAGRUTI May '72 Reg. No. G. 322

સ્થાન :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા. જિ. સાબરકાંઠા.

ગ્રા. નં. ૩૦૯

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.



Book-Post

To,
Shri Amnamallai Saw Mill
TINALVALI
High Way Road
South India

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

卐

જાગૃતિ



તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૬ જુન : ૧૯૭૨

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજૂ કરતું પ્રાણવાન માસિક



આરતી !

સવારે અને સાંજે મંદિરમાં ભગવાનની પૂજા અર્થે આરતી થાય છે. ચારે કોર સુવાસ ફેલાયેલી હોય છે. ધૂપ બળે છે, દિવા કરેલા છે, અને એ રીતે પ્રભુની આરતી ઉતરાય છે. આવા પવિત્ર અને શાંતિમય વાતાવરણમાં ખરેખર આપણે પરમાત્માને જોઇ શકીએ છીએ. જેમ કે ધૂપ પોતે બળીને સુવાસ આપે છે. તેમ આપણે પણ મન, વચન અને કર્મથી પવિત્ર રહી મહામૂલો મનુષ્ય દેહ પાવન કરીએ.

—તંત્રી





વર્ષ : ૧૫ અંક : ૬ જુન : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬), પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧) પરદેશમાં રૂ. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

અ નુ ક્ર મ ણિ કા

॥ ૐ નમઃ શીવાય ॥

તંત્રી સ્થાનેથી.........

ગ્રાહક બંધુઓ

આપણા સમાજમાં ધાર્મિક વિસંવાદિતાનું રૂપ આપણે જોઇ શકીએ છીએ. આપણામાંના જ કેટલાક ભાઇઓ સૈયદ ઇમામશાહના પંથના માર્ગે ચઢવાથી આપણી ભાવનાઓ નષ્ટ ભ્રષ્ટ થઇ ગઈ છે. કેટલાક રીત રીવાજોમાં પણ અધમતાએ વાસ કર્યો છે. ધર્મના કારણે જ ભૂતકાળમાં, કાચું સોનું પાકે એવા રસાળ ગુજરાત પ્રદેશનો ત્યાગ કરી કચ્છમાં આપણી જ્ઞાતિને જવું પડયું હતું, તેનું મુખ્ય કારણ પણ પીરાણા ધર્મનો સ્વીકાર કર્યો છે તે જ છે. અધર્મ યુકત અધમપંથને વળગી રહેવાની લાલસા જેમ જેમ વધતી ગઇ તેમ તેમ જનતાનાં જીવન ખારાં ઝેર જેવાં થઇ ગયાં. ધન ગયું, માન ગયું, વિદ્યા ગઇ, જેના લીધે સારૂં માવડું સમજવાની શકિતનો પણ લોપ થઇ ગયો. અને અધર્મરૂપી ઝેરી ભાવનાઓ પેઢી દર પેઢી ઉતરી

આવી. ખરેખર! આ સ્થિતિનું જેને ભાન થાય તે તો જરૂર પોતાના જ ભાઇઓની દયાજનક સ્થિતિ ઉપર આંસુ પાડયા વિના રહી જ ન શકે.

કચ્છ કડવા પાટીદાર ભાઈઓની અધમદશા માટે જેટલો અફસોસ કરીએ તેટલો ઓછો છે. તેઓએ આંખે પાટા બાંધ્યા! ઇમામશાહને ઇન્દ્ર માની લીધો. અમરાપુર મહાલવાની અજ્ઞાન લાલસાએ પાચ પાંડવોએ મળી ગૌવધ કર્યાની અને સતી પાંચાલીએ મસ્તક, ચામડાં લીધાની વાત પણ સાચી માની લીધી. ફરમાનજી બીસમીલ્લાના કલમા પઢતાં પણ શરમાયા નહીં. દશોદના દોકડા ભરી-ભરીને તૂટી ગયા. અને બેહસ્ત મુકામે પહોંચ્યા પહેલાં પરદેશનાં ઝાડ જોવાં પડયાં. અને કરવત ખેંચવાની સ્થિતિ પ્રાપ્ત થઇ.

પાખંડી પીરાણા મતની ગોળીઓ જેમને ગળી લાગે છે તેમની સ્થિતિથી ધર્મ પોપવાના લાગા ભરવા ઉપરાંત જગતની દૃષ્ટિએ હલકા દેખાવાનું અને નાક કપાવવાનું દુઃખ થાય એવી પરિસ્થિતિ ઉભી કરી છે. પાટીદારનું જેમનામાં પાણી હોય તે તો જરૂર પોતે જાતે તેમાંથી છૂટવા અને બીજાઓને છોડાવવાનો પ્રયત્ન કરે જ. અને તેમ કરવાનો તેમને જન્મ સિદ્ધ હક્ક છે એ વાતનો પણ ઈન્કાર કરી શકે તેમ નથી.

માટે તમામ જ્ઞાતિબંધુઓને મારી નમ્ર વિનંતી છે કે આપણી કડવા પાટીદાર જેવી ઉચ્ચ જ્ઞાતિના વિભાગમાં પીરાણા પંથનું જે પાખંડ ઘૂસી ગયું છે તેને સત્વરે નાબુદ કરવા દરેક ભાઇઓ પોતાનાથી બનતા પ્રયત્ન જરૂર કરે. કચ્છના ભાઈ ઓમાંથી આ બદી દિન-પ્રતિ-દિન ઘટતી જાય છે. અહીં પણ એ બદીને ફાલતી ફૂલતી અટકાવવાની ખાસ જરૂર છે

પરદેશ અને કચ્છની દૃષ્ટિએ મને લાગે છે કે આપણે ઘણાજ મોડા પડયા છીએ પરંતુ 'જાગ્યા ત્યાંથી સવાર' ગણવામાં આવે તો પણ ખોટું નથી. ગુજરાતમાં હિંદુ ગણાતી અન્ય કેટલીક જ્ઞાતિઓમાં પણ આ પંથને છૂપી રીતે માનવામાં આવે છે અને તેથી જ તેને ગુપ્તપંથ તરીકે ઓળખવામાં આવે છે. અને આ ગુપ્તપંથ હોવાથી જ તેનો સડો આગળ વધતો જાય છે. હવે આ ગુપ્તપંથ પર જાહેરમાં પ્રકાશ પાડવામાં આવે તો કદાચ એ સડો આગળ વધતો અટકી શકે. આ પંથના યોજકોએ હિંદુઓને વટલાવીને મુસલમાન કરવા માટે જ ગુપ્તપંથની યોજના કરી છે. પણ દરેક હિંદુઓએ સાચા હૃદયથી તનતોડ મહેનત કરી એ પાખંડી મતની જડ હિંદુ સમાજમાંથી કાઢી નાખવી જોઈએ. આ બાબતમાં આનાથી વિશેષ કંઇ કહેવાનું હોય નહિ.

Gupt Panth
Secret or
Hidden Sect

અસ્તુ!

કેળવણી

શ્રી વિઠ્ઠલદાસ પ્રેમજીભાઈ પટેલ
નિકોડાકંપા

□

સામાન્ય રીતે આપણાં બધામાં એવી માન્યતા છે કે કેળવણી એટલે જ શિક્ષણ, પણ આ માન્યતા ખરી નથી. શિક્ષણ તો કેળવણીનું એક અંગ છે. કેળવણીનો વિચાર કરતી વખતે શિક્ષણને ધ્યાનમાં ન લેવું એ યોગ્ય નથી, કારણકે શિક્ષણ એ કેળવણીનો પાયો છે

કેળવણીમાં શિક્ષણ, સામાજિકજ્ઞાન, રાષ્ટ્રિયજ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે. ફક્ત શિક્ષણ લઇ લીધા પછી આપણે એમ કહીએ કે અમે પૂરી કેળવણી લીધી છે, તો તે અયોગ્ય જ કહેવાય કારણકે જ્યારે આપણને શિક્ષણ ઉપરાંત સમાજમાં શું શું થાય છે, આજુબાજુનું વાતાવરણ કેવું છે, દેશમાં શું ચાલી રહ્યું છે, વગેરેનું જ્ઞાન હોય ત્યારે જ આપણે કેળવણી લીધી છે તેમ કહી શકીએ.

આજે સામાન્ય માન્યતા એવી છે કે સારા લેખકોની ગાઇડો વાંચી પરીક્ષા પાસ કરી દેવી બસ! કેળવણીની અત્યારના વિદ્યાથીઓમાં ઘણે ખરે અંશે આવી જ માન્યતા છે. અરે! વિદ્યાર્થીઓતો શું ઘણા શિક્ષકો પણ એવું જ માનતા હોય છે. ઘેરથી ગાઇડોમાંથી ગોખી લાવી વિદ્યાર્થીઓ આગળ રજુ કરે છે. ગુરુઓ આવા હોય તો વિદ્યાર્થીઓ પણ તેવા જ બનવાના છે તેથી ગુરુઓએ વિદ્યાર્થીઓને સાચું શિક્ષણ આપી કેળવણીની સાચી સમજણ આપવી જોઇએ.

કેળવણી લેવી હોય તો ફક્ત શિક્ષકો કે પૂસ્તકો પાસેથી ન મેળવી શકાય, પણ તે મેળવવા માટે આપણે જાતે જ પુરુષાર્થ કરી શિક્ષણ ઉપરાંત સામાજિક જ્ઞાન મેળવવુ જોઈએ. આખા સમાજને નજર સમક્ષ રાખી તેની પાસેથી કંઇ ને કંઈ સારૂં ભાથું મેળવી લેવું જોઇએ, કે જે આપણને તેમ જ આપણા ભાવી મિત્રો, સ્નેહીઓ વગેરેને ભવિષ્યમાં મદદ રૂપ બને. આને જ આપણે ખરી કેળવણી કહી શકીએ.

કેળવણી આપણા જીવનમાં અતિ ઉપયોગી નીવડે છે. કેળવણી દ્વારા જ આપણે માન, કીર્તિ વગેરે મેળવી શકીએ છીએ. ગાંધીજી એક 'મહાત્મા' થઇ ગયા તે કેળવણીને લીધે જ. અબ્રાહમલિંકન અમેરિકાના એક સર્વ-શ્રેષ્ઠ સમાજ સુધારક બની ગયા તે કેળવણીને જ આભારી છે. તેમણે તો કેટકેટલાં દુઃખો વેઠીને આ કેળવણી લીધી હતી. તે કેળવણીને બરાબર સમજી શકયા તેથી જ તે એક લોક-પ્રિય નેતા બની શકયા. જવાહરલાલ

ગમે છે—નથી ગમતું !!

રેવનદાસ સોમાભાઇ પટેલ
મગોડીલાટ (રતનપુરકંપો)

- નવી નવી જાતની રસોઈ બનાવી દરેક સ્ત્રીને ગમે છે, પરંતુ રસોઇ બનાવી લીધા બાદ એંઠવાડ કાઢવાનું કોઇપણ સ્ત્રીને—નથી ગમતું.
- નવી ફેશનની સાડીઓ ખરીદવાનું દરેક સ્ત્રીને ગમે છે, પણ તેનું બીલ ચૂકવવાનું કોઇપણ પતિને—નથી ગમતું.
- દરેક નેતાને પ્રધાનપદ મેળવવાનું ગમે છે, પરંતુ તે મેળવ્યા પછી લોકોની સેવા કરવાનું—નથી ગમતું.
- દરેક સિનેમા-શોખીનને ચિત્ર નિહાળવું ખૂબ ગમે છે, પરંતુ ખેલ પૂરો થયા બાદ રાષ્ટ્રગીત સાંભળવાનું—નથી ગમતું.
- દરેક તંત્રીને લેખ છાપવાનું ગમે છે, પરતુ તેના લેખને પુરસ્કાર આપવાનું —નથી ગમતું
- દરેક યુવક-યુવતીને પોતાનું પસંદગી મુજબ લગ્ન કરવાનું ગમે છે, પરંતુ માબાપની પસંદગી મુજબનાં લગ્ન કરવાનું—નથી ગમતું.
- દરેક મિલ-માલીકોને પોતાની મીલ વધારે નફો કરે એ ખૂબ જ ગમે છે, પરંતુ તે જ મિલમાલીકોને કામદારો વધારે મોંઘવારી ભથ્થુ માગે છે તે —નથી ગમતું
- ખાચો-ખીચ ભરેલી બસમાં આરામથી બેઠેલા નવયુવકને ઊભા રહેલી સુંદર યુવતીને જગ્યા આપવાનું ગમે છે, પરંતુ ઊભાં રહેલાં સાઠ વરસનાં ગંગામાને જગ્યા આપવાનું—નથી ગમતું
- દરેક માણસને વધારેમાં વધારે આવક મેળવવાનું ખૂબ ગમે છે, પરંતુ એ આવક ઉપર આવકવેરો ભરવાનું—નથી ગમતું.

નહેરૂએ પણ કેળવણીનાં બે પાસાં બતાવ્યા છે : 'સાંસ્કૃતિક પાસું કે જે માનવીને વિકાસ સાધવામાં સહાય કરે અને ઉત્પાદક પાસું જે માનવીને કાર્યો કરવામાં સહાય કરે છે.' ડૉ. રાધાકૃષ્ણને કહ્યું હતું કે 'જે કેળવણી યુવાન વિદ્યાર્થીને તેની આસપાસ ચોમેર રહેલા દુઃખને દારિદ્રય તરફ, જીવનની અનેક પ્રકારની વિટંબણાઓ તરફ, દુઃખે પિડાતાં, મૂંગી વેદનાના અંધારામાં ડૂબી ગયેલા જીવતર તરફ છેક જ દુર્લક્ષ કરવા દે છે, તે કેળવણી નિષ્ફળ નીવડી છે એમ જ સમજવું જોઈએ.'

★

ઉણપ

ગતાંકથી ચાલુ

— જીતેન્દ્રકુમાર એન. પટેલ
અમદાવાદ

મહાવીર સ્વામી જૈન ધર્મના રક્ષક હતા. જ્યારે ઇસુ ખ્રિસ્ત ખ્રિસ્તી ધર્મના રક્ષક હતા તેવા જ સનાતન ધર્મના આપણા જ્ઞાતિબંધુ સ્વ. શ્રી પટેલ નારાયણભાઇ હતા. ઇસુના ધાર્મિક સિધ્ધાંતોના પ્રચારકોની સંખ્યા વધુ હોવાથી ઇસુ પ્રખ્યાત ધમ ગુરુ બની ગયા હતા. પણ આપણા ભાઇશ્રીના સિધ્ધાંતોનો પ્રચાર ઓછો હોવાથી તેઓ પ્રખ્યાત નથી પણ મારી ઇચ્છા છે કે તેમણે આપણને નક્કર સત્ય બતાવ્યું છે. તેના અલગ અલગ દષ્ટાંતો આપીને તેમનું નામ પ્રખ્યાત કરીએ. આ શુભ કાર્ય હું મારા આ લેખથી જ કરું છું. સજ્જનો મને આશા છે કે સ્વ. શ્રી લીંબાણી નારાયણભાઇ રામજીભાઇની આ પ્રભાવિત વાણી તમને અવશ્ય ગમશે.

જીવન : હું કહું છું કે જ્ઞાતિબંધુઓને જીવન મળે તે માટે હું આવ્યો હતો. મૃત્યુ જેનો અંત છે તેવું જીવન નહિ પણ તમને જીવન મળે તે માટે મેં પુષ્કળ કષ્ટો સહન કર્યાં. આજેતમે મૃત્યુમાંથી નીકળીને જીવનમાં પ્રવેશ કરો છો. ઇશ્વરે તેના દૂત તરીકે મને દુનિયામાં મૂકયો પણ જીવન અલ્પ બન્યું છતાં મારા કાર્યની સુવાસને અનંત જીવન આપ્યું છે જે કોઇ દેવ પુત્ર (દૂત) પર વિશ્વાસ રાખે છે તેને અનત જીવન મળે છે.

દષ્ટિ : હું તમને આધ્યાત્મિક દષ્ટિ આપી શકું છું અંધજનોને દ્રષ્ટિ આપવા હું અહીં આવ્યો હતો હું કહુ છું. કે જે કોઇ મારી પાછળ આવશે તે અંધકારમાં કદી નહિ ચાલે અને તેને જીવનમાં પ્રકાશ મળશે મનુષ્યોની દષ્ટિ ઉઘાડવા હું આવ્યો હતો. અંધકારમાંથી પ્રકાશમાં લઇ જવા માટે અને સતપંથના ધર્મ પ્રચારકોના અધિકારમાંથી ઇશ્વરની પાસે લઈ જવા માટે હું આવ્યો હતો. મને તમારા આધ્યાત્મિક ચક્ષુ ખોલવા છે

જોશો તમે તેનુ આશ્ચર્યકારક સત્ય જોઈ શકો.

સાજાપણું : હું તમને આધ્યાત્મિક સાજાપણું આપી શકું છું. ઈશ્વર આપણા પાપને માફ કરી શકે છે અને કરશે. કારણ કે હું ઈશ્વરનો દૂત છુ. તે માટે દરેક જ્ઞાતિબંધુઓએ પોતાના પાપનો પસ્તાવો કરી તારણહાર મારા પર વિશ્વાસ રાખે. જેઓના હૃદયો પાપથી ભંગાયેલા છે તેમને મદદ કરવા અને સાજાપણું આપવા ઈશ્વરે મને અહીં મોકલ્યો હતો.

પ્રેમ : હું તમારા પરરાખુ છું ભલા–ભૂડા શ્રીમંત, ગરીબ દરેક મનુષ્ય પર ઈશ્વર એક સરખો જ પ્રેમ કરે છે. આ પ્રેમ તેણે આ રીતે પ્રહાર કર્યો છે. જયારે તમે અધર્મી હતા ત્યારે હું અલ્પ જીવનમાં ધર્મની ઇમારત બનાવતા બનાવતા મૃત્યુના મુખમાં સપડાયો તમારો સર્જનહાર ઈશ્વર તમને ચાહે છે. તે તમારો સાચો મિત્ર બનવા ચાહે છે. તે તમને કદી પણ એકલા છોડશે નહિ.

આશા : હું તમને આશા આપી શકુ છું તે આપણા અધર્મના પાપમાંથી બચવા માટે જીવન આપણને અર્પણું કર્યું છે. પરંતુ હું મૃત્યુમાંથી પાછો સજીવન થયો છું. હું આજે જીવ|ત છું હજારો જ્ઞાતિબંધુઓ કે જેઓ મારા પર વિશ્વાસ કરે છે. હું એના હૃદયોમાં જીવંત છું જેઓએ મારો તેમના ઉધ્ધારક તરીકે સ્વીકાર કર્યો છે. તે દરેકને ચોક્કસ આશાની ખાતરી છે કે હું વધારે ને વધારે જ્ઞાતિબંધુઓના હૃદયમાં સજીવન બનીશ સનાતન ધર્મ જ માનવ જાતની એકમાત્ર આશા છે. **સ્વતંત્રતા**–અધર્મીઓનું સામર્થ્ય તોડવાનુ મારુ કાર્ય હતું હવે તેઓ આપણને અધર્મનાં દરેક બંધનમાંથી મુક્ત કરી શકે છે. તે મહાન વિજેતા છે તે તમને તેના તારણની સ્વતંત્રતા અને પ્યાર આપી શકે છે આ પલટાતા જગતમાં આપણે જાણતા નથી કે શું બનવાનું છે. પરંતું સનાતન ધર્મ અત્યારે અને હંમેશને માટે તમારો આશ્રય અને સામર્થ્ય બની શકે છે.

શાંતિ અને આનંદ : હું તમારા અધર્મનો બોજ ઉઠાવવાને આ પૃથ્વી પર આવ્યો હતો તમે જ્યારે મારી વાણી સાંભળો છો ત્યારે હુ તમને શાંતિ અને વિસામો આપું છું તમને દષ્ટિમાં ન્યયીં ઠરાવીશ અને ઇશ્વરની સાથે સમાધાન કરાવી શાંતિ પમાડીશ જ્યારે તમને આ શાંતિ મળશે ત્યારે તમે તમારા હૃદયોમા અદમુ! આનંદ અનુભવશો જીવત મારા અનુભવ ને પામવાની તમને જરૂર છે જો તમને શાંતિ અને આનંદ મળશે તો તમારા જીવનમાં દુઃખ અને મુશ્કેલીઓ આવે તો પણ તમે શાંતિ અને આનંદ અનુભવી શકશો

સામાજિક દુષણો

અરજણ હંસરાજ ધનાણી
ભીવંડી

આજના આપણા કૂદકે ને ભૂસકે આગળ વધી રહેલા વિજ્ઞાનયુગમાં જેમ અન્ય સમાજો પ્રગતિમાં આગેકૂચ કરી રહ્યા છે તેમ આપણો સમાજ પણ પ્રગતિને પંથે હોવો જોઇએ. અને તે છે પણ ખરો. પરંતુ દુઃખની વાત એ છે કે આપણો સમાજ પ્રગતિની સાથે સાથે અમુક બાબતમાં અધોગતિને પંથે જઈ રહ્યો છે, એટલે કે બદતર બનતો જાય છે. જેમ કાર્યશકિત કોઇ અવરોધક બળને લીધે મંદ પડતી જાય છે તેમ આપણો સમાજ પણ સામાજિક દુષણો રૂપી અવરોધક બળને લઈને નિમ્ન કક્ષાએ જઈ રહ્યો છે.

આપણા સમાજમાં જે સામાજિક દુષણો ઘર કરી ગયાં છે. તેમાં, બાળ-લગ્ન અને છૂટાછેડા જેવા કુરિવાજ પણ અગ્રસ્થાને છે. જો કે આવા બનાવો ફકત આપણા જ સમાજમાં બને છે તેવું નથી. બીજા અન્ય સમાજોમાં પણ બને છે. પરંતુ મારા માનવા મુજબ આવા દુઃખદ બનાવો જેટલા આપણા સમાજમાં બને છે તેટલા બીજા સમાજોમાં નથી બનતા. વધારે દુઃખની વાત એ છે કે આવા બનાવો ઘટવાને બદલે દિનપ્રતિદિન આપણા સમાજમાં વધતા જતા જોવા મળે છે.

ઘણાં ખરાં માતા-પિતા પોતાનાં બાળકોનાં સગપણ અને લગ્ન વગર વિચાર્યે કે સગાસબંધીઓના કહેવાથી કરી નાખતાં હોય છે. જે બાળકોને હજુ લગ્ન એટલે શું! એટલે કે લગ્નના અર્થની અને પોતાની ફરજોની પણ ખબર ન હોય તેવા બાળકોનાં પણ

 [illegible] નાખવામાં આવે છે. આવા લગ્ન જેને જીવનભર દાંપત્ય જીવન ગુજારવાનું હોય છે તેના આનંદ માટે નહીં, પરંતુ ફક્ત તેના માતા–પિતાના લ્હાવા માટે જ થાય છે એમ કહી શકાય. પોતાના બાળકોના ભાવિનો વિચાર કર્યા વિના જે માતા પિતા કેવળ પોતાના જ સ્વાર્થને ખાતર જે ઉતાવળીયું પગલું ભરે છે. એ ખરેખર અત્યંત ભૂલભરેલું તેમ જ બાળકોને માટે અત્યંત હાનિકારક કહી શકાય.

આમ વગર વિચાર્યે અને અજ્ઞાનતામાં થયેલાં લગ્નોનું પરિણામ ભયંકર આવે છે. લગ્ન બાળકોની સંમતિથી થયેલાં ન હોવાથી, અને તે પાત્ર કે કુપાત્રનો વિચાર કર્યા વિના થયેલાં હોવાથી, તેનું પરિણામ બહુ જ વિકટ આવે છે અને તેને જ પરિણામે છૂટા છેડા જેવા દુઃખદ પ્રસંગો બનવા પામે છે.

છુટાછેડા એક, દુઃખદ તેમ જ ભયંકર અપવિત્ર દુષણ છે. આ દુષણનાં મૂળ બાળલગ્ન જેવા કુરિવાજમાં રહેલાં છે લગ્ન જેવો એક અતિ મહત્વનો પ્રસંગ પરણનાર વ્યકિતઓનાં અજાણતાં ભજવાઇ જતો હોવાથી. બિચારા પરણનાર આ પ્રસંગ વિષે કશું જાણતાં નથી. આ રીતે તેમના જીવનનો એક અમૂલ્ય અને સૌથી મહત્વનો પ્રસંગ તેમની અણસમજમાં જ ઉજવાઇ જાય છે અને તેથી જ પાત્ર અને કુપાત્રનો વિચાર કર્યા વિના થયેલાં લગ્નો પછી છુટાછેડાનું સ્વરૂપ પકડે છે.

ઘણાં વડિલો પોતે જ ભુલ કરી બેસે છે અને એ ભૂલનો ભોગ બિચારાં નિર્દોષ દંપતિને સહેવો પડે છે જેમકે બે વેવાઇઓ કોઈ કારણસર ઝઘડી પડે છે. અને આ ઝઘડો ભયંકર સ્વરૂપ પકડે છે. અને અંતે તેઓ પોતાનાં છોકરાંના છૂટાછેડા કરી નાખે છે અને તેમનો સબંધ તોડી નાખે છે. આ રીતે વડીલોની ભૂલને લીધે નિર્દોષ બાળકોને ઘણુ જ સહન કરવુ પડે છે. આમ આવા બનાવો ફક્ત સામાન્ય માણસોના ઘરમાં જ નથી બનતા પરંતુ સમાજમાં અગ્રગણ્ય વ્યકિતઓના ઘરમાં પણ બને છે. સામાન્ય માણસોમાં આવા કિસ્સા બને એ કદાચ બનવા યોગ્ય છે, પરંતુ સમાજમાં અગ્રગણ્ય વ્યકિતઓ કે જેણે સામાન્ય માણસોને આવા કિસ્સાથી બચાવવા જોઈએ તેઓ જ જો આ રીતે વર્તે તો તે અત્યંત દુઃખ રૂપ કહેવાય માટે અગ્રગણ્ય વ્યકિતઓએ આ બાબતમાં ખાસ ખ્યાલ રાખવો જોઇએ.

બાળલગ્નને તિલાંજલી આપવામાં આવે અને પોતાના બાળકોને વિચારીને અને પાત્ર કે કુપાત્રનો ખ્યાલ કરીને જો લગ્નગ્રંથીથીં જોડવામાં આવે તો છૂટાછેડાની બાબતમાં આપોઆપ અમુક અંશે અંકુશ આવે. માટે વડીલોએ ખાસ ખ્યાલ રાખવો જોઈએ કે પોતાનાં બાળકો પોતાની જ ભૂલનો ભોગ ન બને.

॥ ૐ ॥
સ મે પ્રિય :



અદ્વેષ્ટા સર્વભૂતાનાં
મૈત્રઃ કરુણ એવચ ।
નિર્મમો નિરહંકારઃ
સમ દુઃખ સુખઃક્ષમી ॥
સન્તુષ્ટઃ સતતં યોગી
યતાત્મા દૃઢ નિશ્ચયઃ ।
મય્યર્પિત મનો બુદ્ધિર્યો
મદ્‌ભક્તઃ સમે પ્રિયઃ ॥

પ્રાણીમાત્ર સુખ શાંતિની શોધમાં સતત પ્રવૃત્ત રહે છે. તેની એક એક પ્રવૃત્તિનું લક્ષ્ય માત્ર શાંતિ છે, અને તે પણ શાશ્વત–કદી નિવૃત્ત ન થાય એવી શાંતિ જોઈએ છે. તેની આ શાંતિની ઝંખના, જે રીતે, અને જે ક્ષેત્રમાં જે માન્યતાથી તે પ્રવૃત્ત થયો છે, તે રીતે તે ક્ષેત્રમાં અને તે માન્યતાથી સિદ્ધ થાય તેમ નથી, એ સ્પષ્ટ જ છે. અનાદિકાળથી કરવામાં આવતી મહેનતના પરિણામે પણ આ બાબતમાં માણસ નિરાશ જ થયો છે. કેટલાક એ નિરાશાભરી સ્થિતિમાં જ આ જગતમાંથી વિદાય લે છે, અને બીજા જન્મમાં પહેલાંની નિરાશા ભૂલીને ફરી આશાવંત બની પુરુષાર્થ કરે છે. પણ નિરાશા જ તેને માટે લખાયેલી હોય છે. તેનું કારણ શું ? વિચાર કરતાં આ પ્રશ્નનો જવાબ મળે છે. કે, — જે વસ્તુને તે પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ છે. તે વસ્તુ જે જગ્યાએ નથી ત્યાં શોધે છે જે માન્યતાનુ અવલંબન લઈ ને પ્રવૃત્ત થાય છે, તે માન્યતા પાછળથી ઠગારી નીવડે છે, અને જે રીતે ઉપયોગમાં લે છે, તેનાથી આ શાશ્વત શાન્તિ મળે તેમ નથી. તો પછી નિરાશા સિવાય બીજું શું મળે ? પરંતુ આ નિરાશા વિચારવાન વ્યક્તિને મુંઝવણમાં મૂકી. તેને યોગ્ય દિશામાં પ્રવૃત્ત થવા પ્રેરે છે. વિચાર દ્વારા પોતાની ભૂલને સમજે છે અને યોગ્ય જાણકારનું શરણુ લઈ, સાચી વાત પામી જાય છે, કે જે વસ્તુ પોતે જ વિનાશશીલ છે–આગમાપાયી છે; તેની પાસેથી સાચું સુખ–શાશ્વત શાન્તિ કેમ મળી શકે ? જે પોતે જ અમૃત–અવિનાશી હોય ત્યાં જ કાયમ માટેની શાન્તિ નિવાસ કરે છે. તે અવિનાશી તત્ત્વનો સાક્ષાત્કાર કરવામાં આવે તો જ પ્રાણીની આ મહેચ્છા પૂરી થઇ શકે; તે માટે તેણે ભગવાનનું અવલંબન લેવું રહ્યું. ભગવાનના સ્વરૂપને સમજવું, તેને સાક્ષાત્ કેમ કરવું, તેનાં સાધનો જાણવાં અને એ કક્ષામાં આવવા માટે સતત પ્રયત્નશીલ થવું જરૂરી છે. ભગવાનના સ્વરૂપ વિષે વિચારવામાં આવે

 [illegible] મુખ્યતયા બે સ્વરૂપોનું વર્ણન કરેલું જણાય છે. (૧) આધ્યાત્મિક સ્વરૂપ (૨) આધિદૈવિક સ્વરૂપ. શરૂઆતમાં આધિદૈવિક અવલંબન સરળ પડે છે, કેમ કે લોકોને દશ્યના અવલંબનની આદત પડી ગઈ છે, અને અધ્યાત્મ સ્વરૂપ દશ્ય નહિ દૃષ્ટાનું પોતાનું સ્વરૂપ છે. અને કોઈ પણ વિશેષ ભાવથી રહિત છે એટલે નિરાવલંબન જેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે, જે માણસને માટે શરૂઆતમાં બહુ કઠણ લાગે છે, તેને માટે અસંભવ જેવું જ થઇ પડે છે. માત્ર અધિકારી યોગ્યતા ધરાવતા અંત કરણવાળી વ્યક્તિ જ આ આધ્યાત્મ સ્વરૂપને સમજી, તન્મય સાધી, સમજપૂર્વક સ્થિર પકડ લઈ શકે છે.

આધિદૈવિક ભાવ સરળ છે. તે ભગવાનના ભાવાત્મક સ્વરૂપને પ્રકટ કરી દે છે, ભગવાનના ભાવિત સ્વરૂપનુ અવલંબન લઈ સાધન–ભજન કરનારને ધીરે ધીરે, જેમ જેમ અંતશુદ્ધિ પ્રાપ્ત થતી જાય છે, તેમ તેમ પ્રેમતત્ત્વનું–ભાગવત પ્રીતિનું પ્રાકટ્ય પ્રાપ્ત થાય છે. સગુણ સાકાર તત્ત્વની અનુભૂતિ મેળવી અનુભવ આનંદિત બને છે. પોતાનુ સર્વસ્વ પોતા સહિત પોતાના ભગવાનને (ઇષ્ટને) સમર્પણ કરે છે અને હળવો બની જાય છે. તેની એક એક પ્રવૃત્તિથી ભગવાન પ્રસન્ન થાય છે. માટે તે પ્રવૃત્તિ કરે છે, આમ ભગવાન જ માત્ર તેના લક્ષ્યમાં સ્થિર રહે છે. ભગવાન સિવાયનું તેના અંતઃકરણમાં કાંઈ આવી શકતું નથી. કદાચ આવે તો ટકી શકતું નથી. તેથી ભગવાનની અનુગ્રહાત્મક શકિતથી તેને બુદ્ધિયોગ પ્રાપ્ત થાયછે, એટલે કે વિચાર સ્ફુરે છે અને તે સાધનથી ભગવાનના તાત્ત્વિક–આધ્યાત્મિક સ્વરૂપનો પરિચય મેળવી લે છે, કે જે સ્વરૂપ સાક્ષાત અપરોક્ષ છે અને પોતાનું પણ એજ સ્વરૂપ છે એમ સમજી પૂર્ણતામાં બિરાજે છે.

ભગવાનનો અનુગ્રહ કયારે થાય? કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? આવી આકાંક્ષા સામાન્ય બને છે. અનુગ્રહની પ્રાપ્તિ માટે માણસ પૂજા, પાઠ, જપ, દેવદર્શન વગેરે ઘણું ઘણું કરતાં હોય છે અને એક પ્રકારનો માનસિક સંતોષ અનુભવતા હોય છે, કે અમે ઘણું બધું ભગવાનને માટે કરીએ છીએ, ભગવાનને વહાલા છીએ વગેરે; પરંતુ ખરેખર તે ભગવાનને માટે આ બધું કરે છે, કે કેમ? તેની પ્રીતિ માત્ર ભગવાનમાં જ છે કે કેમ? તે ભગવાનનો જ ભકત છે અને બીજાનો ભકત નથી. આ બધી બાબતો તપાસી લેવી જોઇએ કેમ કે સંભવ છે કે ભગવાનનું પૂજન–પાઠ વગેરે આરાધનાની પાછળ આ સંસારની સગવડો સિદ્ધ કરવાનો અને અગવડો દૂર કરવાનો આશય પણ રહેલો હોય! જેમકે કોઇ વ્યકિત મંદિરે ભગવાનના દર્શન કરવા જાય, અને ભગવાનને કહે હે ભગવાન! આ કાતિલ મોંઘવારીમાં આર્થિક ભીંસ બહુ રહે છે; તો થોડી રાહત થાય તેમ કરજો. અથવા કુટુંબના [illegible]

પુત્ર વગેરે પરિવારમાંથી કોઈ બિમાર રહેતુ હોય, તો તેને સારો કરવા પ્રાર્થના કરે.

આમ દુન્યવી બાબતો સિદ્ધ કરવા તરફ જ તેનું લક્ષ્ય છે તેની પ્રીતિ દુન્યવી પદાર્થો તરફ જ રહે છે. આથી સમજી શકાય છે, કે તે વ્યકિત દુન્યવી બાબતોનો ભકત છે–તેનું ચિત્ત સંસારની અવાસ્તવિક વસ્તુઓ તરફ જોડાઇ રહ્યું છે; તેથી તે ભગવાનનો ભકત નથી, તેનું મન ભગવાન સાથે જોડાયેલું નથી. તે તો જગદ્‌ભકત છે, ભગવદ્ ભકત નહિ. ભગવાનને માત્ર પોતાની અભીપ્સિત વસ્તુઓ પ્રાપ્ત કરવાનું સાધન જ બનાવી ઉપયોગ કરી લે છે તે વ્યકિત ભગવાનને વહાલો કેમ હોઇ શકે? અરે! ખુદ માણસને પણ જો સમજ પડે, કે અમુક વ્યકિત મારો ઉપયોગ કરી માત્ર તેનો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા જ પ્રવૃત્ત થયો છે. તો તેને તે વ્યકિત પ્રત્યે ભાવ રહેશે નહિ. થોડો ઘણો ભાવ હશે તો પણ ચાલ્યો જશે. માટે ભગવાનનો સાધન તરીકે ઉપયોગ કરી સંસારની વસ્તુઓના ભકત બનવા કરતાં, સંસારની સર્વ વસ્તુઓ-પોતાના સહિત ભગવાનના ઉપયોગમાં લાવી, ભગવત્ પ્રેમ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ થવું વધુ સારૂં અને સાચું છે. આ વિચારને લેખનાં મથાળે આપેલ ગીતાજીના બે શ્લોકો પ્રેરણાદાયી થાય તેમ છે જે ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને ઉપદેશ પ્રસંગે કહ્યા છે. તેમાં સ્પષ્ટ કર્યું છે કે મને પ્રિય થનાર વ્યક્તિ કેવી હોય? કેવા ગુણો ધારણ કરનારી હોય? કેવું આચરણ કરનારી હોય?

હવે આપણે તે શ્લોકો ઉપર જરા દૃષ્ટિ નાખીએ—

“**અદ્વેષ્ટા સર્વભૂતાનામ્**” ભગવાન કહે છે કે સવ-પ્રાણિ-પદાર્થના રૂપમાં હું જ છું. એ ભાવનાથી મારી સાથે પ્રેમ-પૂર્વક જોડાયેલ ભકત કોઇ પણ પ્રાણિનો કે પદાર્થનો દ્વેષ ન કરે, દ્વેષ પ્રતિકૂળતાના જ્ઞાનથી અંતઃકરણમાં પ્રકટે છે અને પ્રતિકૂળતા પોતાથી અથવા ભગવાનથી ભિન્ન પદાર્થની સત્તાના સ્વીકારથી જ પ્રતીત થાય છે. જ્યારે માણસ પરમાત્મ-સત્તા છોડી પદાર્થ સત્તાનો ભકત બને છે ત્યારે તે પદાર્થ પ્રાપ્તની પ્રબળ ઇચ્છા વેગ પકડે છે. તેમાં વિઘ્ન કરનાર વ્યકિતના પ્રત્યે અંતઃકરણ દ્વેષાત્મક વલણ ધારણ કરે છે. આવો દ્વેષાત્મક વલણવાળો વ્યક્તિ મને પ્રિય નથી પણ સર્વમાં મારૂ દર્શન કરનાર દ્વેષ ભાવથી રહિત થયેલો મને વહાલો લાગે છે.

“**સર્વભૂતાનાં મૈત્રઃ**”—જે સર્વ પ્રાણિઓ પ્રત્યે મૈત્રિભાવ રાખે છે કોઇના પ્રત્યે વૈરભાવ રાખતો નથી. તે મને પ્રિય છે જ્યાં સુધી માણસ પોતે કોઇનો દુશ્મન બનતો નથી, ત્યાં સુધી કોઇપણ વ્યકિત તેનો દુશ્મન બની શકે નહિ. પોતાના મનમાં દુશ્મનીભાવ પ્રકટ થાય છે ત્યારે જ તેનુ પ્રતિબિંબ સામે દેખાય છે. તેથી પોતે કોઇના દુશ્મન ન બનતાં સર્વ સાથે મિત્રભાવ કેળવી વૃત્તિને વૈરહીન રાખવાથી સર્વોત્તમ સ્વરૂપ

 પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

"**કરુણ**"—પોતાનાથી નીચી કક્ષામાં રહેલ વ્યકિત પ્રત્યે કરુણભાવ કેળવે વ્યવહારના ક્ષેત્રમાં કે પરમાર્થના સાધનના ક્ષેત્રમાં કોઇપણ ક્ષેત્રમાં, પોતાથી પાછળ રહેલી વ્યકિતને યોગ્ય મદદ કરે. ભકત હૃદય હમેશાં કરુણા ભાવથી ભરપુર રહે છે. કોઇપણ દીનદુઃખીને જોઈને તેનુ હૃદય દ્રવિભૂત થઇ જાય છે. સર્વના પ્રત્યે કરુણ ધારણ કરનારનું હૃદય કદાપિ અશુદ્ધ થવાનો સંભવ પણ નથી. ભગવાન સ્વય કરુણાવરુણાલય છે એટલે કરુણા ધારણ કરનાર ભકત ભગવાનને પ્રિય લાગે છે.

"**નિર્મમ**"—કરુણાભાવ રાખતાં કોઇ પ્રત્યે મમતા ન બધાઈ જાય તેનું ધ્યાન રાખવું જોઇએ. આ જગતના સઘળા પદાર્થો અને પ્રાણિઓ રૂપે ભગવાન જ માત્ર છે. અથવા આ સર્વ ભગવાનનું જ છે, આવી ભાવના દઢ થતાં પોતાના પરિચ્છિન્નભાવથી ઉત્પન્ન થતી મમતા, ભગવદ્‌ભકતના હૃદયમાં પ્રવેશ કરી શકતી નથી. આ ઉત્તમ ભાવનાથી "મમતા" દૂર કરી નિર્મમ ભાવ સ્થિર કરનાર ભકત મને વહાલો લાગે છે-

"**નિરહંકાર**"—પરંતુ જ્યાં સુધી વ્યકિત અહંકાર રહિત ન બને ત્યાં સુધી મમતા દુર થઈ શકે નહિ. કેમકે પોતાના વાસ્તવિક સ્વરૂપને અથવા ભગવાનના યથાર્થ સ્વરૂપને સમજી પોતાની અલ્પતાદેહની મર્યાદા દૂર ન કરે આ શરીર હું છું એવો પરિચ્છિન્ન ભાવ દુર ન થાય ત્યાં સુધી ઈદંતા દશ્યપણું દૂર ન થાય. અહંતાને લીધે જ ઈદંતાની પ્રતીતિ થાય છે પછી ઇદંતાના અનુકૂળ પદાર્થોમાં સહેજે રાગ બંધાય છે. અને જ્યાં રાગ છે, ત્યાં મમતા ઘર કરીને રહે છે. માટે ભગવાન અર્જુનને કહે છે કે પહેલાં અહંકાર છોડ તો મમતા જશે. આવો નિરહંકારી પુરુષ મને વહાલો લાગે છે.

"**સમ દુખઃ સુખઃ**"—અહંકારને દુર કરવા માટે સુખદુઃખને સમકક્ષમાં રાખવાં પડે. એટલે કે સુખની સ્પૃહા અને દુઃખનો તિરસ્કાર. આ બે વૃત્તિઓને હઠાવી સમતાવૃત્તિ ધારણ કરવાથી સુખ-દુઃખને સમાન દષ્ટિએ જોઈ શકાય છે. જ્યારે માણસનું અંતઃકરણ શુધ્ધ થાય છે. ભગવદ્ આરાધના શાસ્ત્રવિહિત શુભ કર્મોનું નિષ્કામ વળતરની અપેક્ષા રાખ્યા વિના—અનુષ્ઠાન કરવાથી કામ-ક્રોધાદિ મનના મેલ દુર થાય છે, અંતઃકરણ નિર્મળ દર્પણ જેવું શુધ્ધ સ્વચ્છ બને છે, ત્યારે સુખ અને દુઃખ પચાવવાની શકિત આવે છે. અને બન્ને સ્થિતિમાં સમવૃત્તિથી રહી શકાય છે. આવો શુધ્ધ હૃદય ભકત મને વહાલો લાગે છે.

"**ક્ષમી**"—સુખ-દુખને સમવૃત્તિમાં લાવવા માટે માણસે પોતાની સહન શકિત વધારવી જોઇએ, તે ત્યારે શકય બને, જયારે માણસ પોતાના સુખ અને દુઃખનું કારણ નિમિત્ત રૂપે પ્રતીત થતી વ્યકિત કે વસ્તુ પર આક્ષેપ મુકવાને બદલે. પોતાના પૂર્વે કરાયેલા

શુભ અશુભ કર્મો, જે પ્રારબ્ધ રૂપે પ્રાપ્ત છે-ફળ આપવા પ્રવૃત્ત થયાં છે, તે ઉપાદાનરૂપ પ્રારબ્ધ કર્મ ઉપર દૃષ્ટિ રાખે જ્યારે માણસને સુખ-દુઃખ પ્રાપ્ત થાય તેવા પ્રસંગો બને ત્યારે, સમજે કે મારા સુખદુઃખનું કારણ અમુક વ્યક્તિ નથી પણ મારૂં પૂર્વનું કોઈ કર્મ ફળ આપવા પ્રવૃત્ત થયું છે, તેથી તે સમતા બુદ્ધિથી સહન કરી પસાર કરી દેવાનું જ માત્ર રહે છે આ સમજ ધારણ કરવાથી સુખદુઃખમાં નિમિત્ત બનનાર પ્રત્યે રાગદ્વેષ થશે નહિ અને ઋણાનુબંધમાંથી બન્ને છુટાં જશે આવો ક્ષમાવાન ભક્ત મને ઘણો વહાલો લાગે છે,

" **સંતુષ્ટ: (સતતમ્)** "—ક્ષમાવાન તેજ બની શકે, જે ઈશ્વરી વિધાન પ્રમાણે પ્રાપ્ત થતી હરકોઈ સ્થિતિમાં સંતોષ અનુભવે "પોતાના ઇષ્ટદેવની ઇચ્છા પ્રમાણે ભલે થાઓ" આ ભાવના દૃઢ કરી ભક્ત અનુભવે છે કે જે કોઇ પરિસ્થિતિ કે પ્રસંગ પોતાના જીવનમાં આવે છે તે પોતાના ઇષ્ટદેવની મંજુરીને આધીન રહીને જ આવે છે; એટલે તેમાંથી પસાર થવાનું જ છે; આવી સમજથી પોતાનું ચિત્ત સ્વસ્થ રાખી શકે છે. આવો ભક્ત મને વહાલો લાગે છે, "ન તુ કામ કામી" અનેક પ્રકારની કામનાઓને વશ રહી તેની પૂર્તિ કરવામાં રાત્રી-દિવસ મચી રહેલ વ્યક્તિ મને વહાલો લાગતો નથી.

"**સતતં યોગી**"—જ્યાં સુધી માણસ કામનાઓના કીચડમાંથી બહાર નીકળી યોગી બનતો નથી, ત્યાં સુધી તેને આ દુન્યવી પદાર્થોથી સંતોષ કેમ થઇ શકે ? આ જગતના વિષયોથી કોઇને પણ આજ સુધી સંતોષ થયો નથી. અગ્નિમાં જેમ જેમ ઘીની આહુતિ આપતા જાઓ. તેમ તેમ અગ્નિ વિશેષ પ્રદિપ્ત થતો જાય છે અગ્નિની શાન્તિ આહુતી આપવાથી નહિ, પણ બંધ કરવાથી થાય છે. સંતોષ તો પરમાત્મા સાથે સતત જોડાણને રહેવા રૂપ યોગ પ્રાપ્ત કરવાથી જ શક્ય બને. અહિ યોગી શબ્દ સાથે "સતતમ્" શબ્દ ભગવાને મૂક્યો છે, તે બતાવે છે કે કલાક બે કલાક યોગી થઇને પછીનો સમય વિયોગી રહી ફરે તે ન ચાલે. સતત એટલે ચોવિસે કલાક યોગી બની રહે એટલે કે આત્માથી જ આત્મામાં સ્થિર રહે-સંતુષ્ટ રહે, તો જ સાચો સંતોષ મળી શકે. અથવા પોતાની વૃત્તિઓ ભાવ દ્વારા પોતાના ઇષ્ટના સ્મરણમાં સતત જોડી રાખે દૃશ્ય પદાર્થોમાં આસ્થા ન થવા દે આવો ભક્ત મને પ્રિય છે.

"**યતાત્મા**"—સતત યોગી થવા માટે "યતાત્મા' પોતાના અંતઃકરણ મન-બુદ્ધિ ઉપર કબજો મેળવવા આવશ્યક છે. મન ઉપર પૂરો કબજો આવ્યા વિના સતત થઇ શકાતું નથી. તેથી પોતાના પૂ. ગુરુદેવે આપેલી સાધન પ્રણાલી અનુસાર અભ્યાસ અને વૈરાગ્ય પ્રાપ્ત કરી તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરી મનને વશમાં કરી શકાશે. આવો યતાત્મા મને બહુ વહાલો છે.

 દૃઢ નિશ્ચય"—યતાત્મા થવા માટે દૃઢ નિશ્ચય પ્રાપ્ત કરવો જોઈએ. જેનો નિશ્ચય દૃઢ નથી, તે કોઈપણ આસન ઉપર પોતાની પકડ જમાવી શકતો નથી ભક્તિમાર્ગની રીતે પોતાના ઈષ્ટદેવ પ્રત્યે આ નિશ્ચય હોય છે. પોતાનું સર્વસ્વ ઈષ્ટના ચરણે અર્પણ કરી તેનો થઈને રહેવાનો નિશ્ચય જેનો દૃઢ છે, તે મને વહાલો લાગે છે જ્ઞાનની રીતે જીવ અને બ્રહ્મની એકતામાં જે પોતાના નિશ્ચયને દૃઢ કરીને બેઠો છે તે તો મારો આત્મા જ છે." **"ज्ञानी तु आत्मैव मे मातम्"** ॥

"મય્યર્પિત મનોબુદ્ધિ:"—મન અને બુદ્ધિ જેણે અર્પણ કરી દીધાં છે, મારા સિવાય બીજા પ્રાણી કે પદાર્થને તે સમર્પિત થતો નથી. ભગવાન જ માત્ર તેની મન અને બુદ્ધિનો વિષય બને, સંસારના પદાર્થો નહિ માણસ કોઈના પણ શરણે ગયા વિના રહી શકતો નથી જો તે ભગવાનને શરણ નહિ થાય તો સંસારના શરણે જઈને રહેશે જ. જણાય છે કે વ્યક્તિ યા તો પત્ની કે પતિના શરણે કે પુત્રના શરણે, સત્તાના શરણે કે સંપત્તિના શરણે રહેતો હોય છે જો ભગવાનનું શરણ છૂટી જાય તો અનેકને શરણે રહેતો થઈ જાય છે અને સંસારના વમળમાં આવી દુ:ખી થઈ જાય છે. ભગવાન તો કહે છે કે જે મન અને બુદ્ધિ મને અર્પણ કરે છે. તે મારો ભક્ત છે. અને મને અતીવ પ્રિય થાય છે ૐ

સ્વામી કૃષ્ણાનંદજી
તખતગઢ, જિ. સાબરકાંઠા

આઓ બચ્ચો તુમ્હે દિખાયે ઝાકી હિન્દુસ્તાનકી.

નવીનભાઈ એમ પટેલ નાશિક-૧

ચાલીમાં વસનારા મધ્યમવર્ગનો વૈભવ તે વળી શો હોવાનો? તોયે કેટલાકને પોતાની મોટાપનું પ્રદર્શન કરતાં રહેવાની જન્મજાત ખોડ હોય છે. અમારા આ બે પડોશી, અમૃતલાલ ને ઈશ્વરલાલ. પોતપોતાનું શ્રેષ્ઠત્વ સ્થાપિત કરવાની ચડસાચડસીમાં પડયા હતા.

વયમાં બંને લગભગ સરખા જ અને બંનેને છે સરખા ઉંમરનો એક એક દિકરો. અમૃતલાલ એક દિ પોતાના નાનકા માટે બાબાગાડી લાવ્યા અને નાનકાને તેમાં બેસાડી ખાસ ઈશ્વરલાલના બારણા પાસેથી કેટલીયવાર ફેરવી ગયા. ઈશ્વરલાલની વહુથી આ નવો વૈભવ શેં સહયો જાય! બે દિ ગયા ન ગયા અને ઈશ્વરલાલના લાડલાની ત્રણ પૈડાવાળી સાયકલ ચાલીમાં ભમવા લાગી બંનેની ચડસાચડસીમાં ચાલીના ચારેક છોકરાના પગ ચગદાયા અને ચાર-પાંચ સાડી ધોતીયાં ફાટયાં. અમૃતલાલ કાંઈ ગાજ્યા જાય એમ થોડા હતા? બીજે મહિને લાવ્યા હારમોનિયમ અને સા...રે...ગ...મ...ના આલાપથી ચાલી માંડી ગાજવા. અમે શહેરના રહેવાસી, ચાલીના નિવાસી, શાંતિથી રહેવું હોય તો સહનશીલ બન્યેજ છૂટકો! પણ અમૃતલાલને મહાત કરવા ઈશ્વરલાલ હવે કયું નવું શસ્ત્ર ઉગામશે એની અમને સતત ચિંતા હતી.

આ અંગે અમારે બહુ વાટ જોવી ન પડી રાતના અગિયારેક થયા હતાં સહુ લગભગ જંપી ગયાં હતાં ત્યાં તો 'જાગો મોહન પ્યારે...' એ અમને જગાડી દીધાં. અને પછી તો 'તુમ હૈ ચીન તો હમ હૈ પ્રાચીન...' અને ભાતભાતનાં ગીતો શરૂ થઇ ગયાં. સવાર પડ્યું અને અમૃતલાલ ના હારમો નિયમે આરોહ–અવરોહ સાથે પૂરવ-પશ્ચિમના સંગીતનો સમન્વય સાધવા માંડયો બીજી બાજુ ઇશ્વરલાલનું ગ્રામોફોન ગાજી ઊઠયું. 'જય જય રણછોડરાય પ્રભુ' જય જય રણછોડરાય' દ્વારા ચાલીમાં ડાકોર ઊભું થઇ ગયું. અને પછી તો આઓ બચ્ચોં તુમ્હેં દિખાયેં ઝાંખી હિન્દુસ્તાનકી ......' દ્વારા અમને સહુને થઇ ગઇ હિન્દુસ્તાનની ઝાંખી ! 'પાડે પાડા લડે તેમાં ઝાડનો ખો.'

ભગવાનને કરવું તે અમૃતલાલનો નાનકો માંદો પડયો ગ્રામોફોનનો સામનો હવે કોણ કરે ? મોકળુ મેદાન મળ્યું છે જાણી ઇશ્વરલાલને શૂર ચઢયું, વેળા-કવેળા જોયા વિના ગ્રામોફોનની ગીતગંગા વહેવા લાગી. પડોશીઓએ ખૂબ વાર્યા, પણ ઇશ્વરલાલ તો એક નાએ ન થયા. એક બાજુ રેકર્ડો પર રેકર્ડો વાગે, બીજી બાજુ તાવમાં તરફડતો નાનકો ચમકીને ચિચિયારી પાડી ઉઠે.... મસ્તક ફૂટો ગમે તેમ કરો પણ ગ્રામોફોન ગરજી રહ્યું હતું.' હવે અમૃતલાલનો પિત્તો ગયો. 'તૂટે આ મશીન, ફુટે આ પ્લેટો, લઉ છું હવે આ લાકડી......' અને રેકોર્ડ તરતજ બંધ થઇ.

બીજે દિવસે "જનશકિત"માં સમાચાર વાંચ્યા.

ફરિયાદ–ગ્રામોફોન સામે ફરિયાદીનું કહેવું છે કે સરકાર એક બાજુ સાયલન્સ ઝોન દ્વારા જનતાને શાંતિ મળે એ માટે પ્રયાસ કરે છે, તો બીજી બાજુ અત્યંત ગીચ વસ્તી ધરાવતાં મકાનો અને મહોલ્લાઓમાં ગ્રામોફોન, રેડીયા જેવાં શાંતિભંગ કરનારાં ભયંકર ઉપદ્રવ મચાવે છે તો પ્રસ્તુત ખટલામાં સમન્સ બજાવવાની પરવાનગી મળવી જોઇએ.

અમૃતલાલ એમના સુકાઇ ગયેલા નાનકાને લઇને અને ઇશ્વરલાલ પોતાના ગ્રામોફોન અને ઘસાઇ ગયેલી રેકર્ડો સહિત કોર્ટમાં હાજર થયા.

અમૃતલાલના વકીલ નામદાર કોર્ટના ધ્યાનમાં લાવ્યા કે ફરિયાદીના છોકરાની માંદગી પ્રત્યે દુર્લક્ષ સેવી ટાણે–કટાણે ગ્રામોફોન વગાડી આરોપીએ ફરિયાદીને ભયંકર નુકશાન કર્યું છે. આવા વર્તનથી સાર્વજનિક શાંતિનો ભંગ થાય છે એ તો સહુને સુવિદિત છે.

જવાબમાં ઇશ્વરલાલ વકીલે અને પ્રતિપાદિત કર્યું કે પોતાની રૂમની અંદર કોઇપણ વાજિંત્ર વગાડવાનો દરેક જણને પૂરેપુરો અધિકાર છે. આવા અધિકારને છીનવી લઈ વ્યકિત સ્વાતંત્ર્ય પર તરાપ મારનારો કોઈ કાયદો અસ્તિત્વમાં નથી. ખરૂં જોતાં તો માંદા છોકરાને મનોરંજન પુરૂ પાડવાનો મારા અસીલનો આ નમ્ર પ્રયાસ ગણાય.

બંને પક્ષના વકીલોની કેફિયત સાંભળ્યા બાદ નામદાર ન્યાયાધીશે નીચે મુજબ ચુકાદો આપ્યો. (પાના નં. ૧૭ ઉપર)

સ્વીકાર કરો યા ઈન્કાર

હરિલાલ ડી. પટેલ 'કશ્યપ'
પુરૂષોત્તમપુરા વાયા–વડાગામ.

ધરતીની ગોદમાં ભારતની ભોમમાં ઉભ્યાં એ ખોરડાં,
એકેકની સામે ઊભાં, નેવેનેવેથી બાંધ્યાં સ્નેહ દોરડાં.
પ્રાંગણમાં પૂર ભર્યાં પ્રેમનાં, એ'ના ફરતી ઐક્ય દિવાલ,
વૈશાખી લૂ, ઈશાની વાયને, નહિ માંય ધ્રુજ્યાની ચાલ.

વહેતી પ્રેમ સમ્યૌ સરિતા,
કહેતી ભ્રાતૃપ્રેમ કવિતા.
પ્રાંગણમાં ખીલી ફુલવાડી,
ઊડે અમીરસ જળઝારી.

કર્મ–ધર્મની માઝા રાખી ભૂમી પૂજતા શ્રમ સૂત્રોથી,
પ્રસ્વેદ બિંદુ કાળ ગ્રીષ્મે હોમતા ભૂમિએ હળ–ગોપુત્રોથી.
પસીનાનાં બની આવ્યાં વાદળ નેવે વર્ષે અમૃત ધારા,
હે ઉમાપુત્રો! સનાતન સંસ્કૃતિ મહીં વહેતી ગીતા ધારા.

કાળની તુફાની છોળ આવી,
સનાતની જ્યોત બુઝાવી.
પ્રાંગણમાં અંધકારનાં ઓળા,
એકમેકને ન દેખે ડોળા.

પરધર્મીએ ધજા ચડાવી, તોડી સનાતન ધર્મગ્રંથી,
જુદા પરચા પૂરી, એકને ભરમાવી બનાવ્યો સત્પંથી
પરસ્પરના હૈયે ભ્રમણા જાગી, કયું સાચુ કયું ખોટુ?
'**સતપંથ**' છે નામ માત્ર રૂપાળું પણ આચરણ ખોટું.

સ્વધર્મ ત્યજી પીરને મળ્યો,
ગુરૂ કર્યો પણ બોધ ન કળ્યો.
'કહ્યું' છોડી સૈયદ ભેળો ભળ્યો,
આનામાં જઈને ગોળી ગળ્યો.

હે કબર પૂજારી બંધુ! છુપો પાળવો પડે એ ધર્મ નહિ,
રામાયણ, ભારત, ગીતા, જુદાં ગણે એ હિન્દુનું કર્મ નહિ.
ગણાવો છો ગોત્રો કશ્યપના, ભૂલ્યા છો પંથ પૂર્વજનો જ્યાં,
ચાહે તો સ્વીકાર કરો યા ઈન્કાર, '**કશ્યપ**' ને શરમાવો કાં?

ભારતના ધાર્મિક ઈતિહાસનો ટૂંકસાર (ગતાંકથી ચાલુ)

૭. : શિવધર્મ

સંકલન: શામજીભાઈ એસ. પટેલ
વડોદરા.

અશોકના વખતમાં બ્રાહ્મણ ધર્મ તુટવાની અણીપર આવી ગયો હતો. તેથી બ્રાહ્મણોએ અશોકના મરણ બાદ લગભગ સો વરસ બાદ તિબેટમાં શિવ નામે રાજા થઇ ગયો. તેને પોતાના પક્ષમાં લીધો. અને સમય અને સંજોગોનો વિચાર કરી રાક્ષસકુળમાંથી ઉત્પન્ન થએલા બ્રાહ્મણો સાથે સંપી ગયા. અને તેને પણ બ્રાહ્મણ તરીકે સ્વીકારી લીધા અને "શીવધર્મના" સ્થાપના કરી. અને શીવલીંગની પુજા શરૂ કરી દીધી. "જગતનો કર્તા પરમેશ્વર છે. અને તે પોતાના જ્ઞાન, ક્રિયા અને ઇચ્છા એ એ ત્રણ શકિત વડે જગત સરજે છે. અને જીવોના શુભ અશુભ કર્મો તપાસીને સુખ–દુઃખ આપે છે. વિગેરે ઉપદેશ આપવાનું શરૂ કર્યું. અને નિર ઇશ્વરવાદી ચાર્વાક, જૈન તથા બુદ્ધ ધર્મની વૃદ્ધિ થતી અટકાવવા પ્રયત્ન કર્યો.

માળવાના પ્રખ્યાત રાજા વિર વિક્રમાદિત્ય પોતે શિવ ધર્મ પાળતા હતા છતાં. તે ન્યાયી હોવાથી બૌદ્ધ અને જૈન ધર્મવાળાને ત્રાસ ન આપતાં તેણે બ્રાહ્મણધર્મની ફરી પ્રાણપ્રતિષ્ઠા કરવા સારૂ સંસ્કૃત વિદ્યાલયો સ્થાપી, બ્રાહ્મણોને સંસ્કૃત શીખવાની સગવડો કરી આપી. અને પછી સમય અને સંજોગોનો વિચાર કરી " પુરાણો " ધર્મસ્વરૂપ રચવાનો પ્રયત્ન કર્યો. અને વિક્રમાદિત્યનો સંવત ચાલુ કરી તેમનું નામ અમર કર્યું. જે સંવત વિક્રમ સંવત નામે આજે પણ ચાલે છે,

★

★

(પાના ૧૫ થી ચાલુ)

આવો વિચિત્ર ખટલો કોર્ટ પાસે ભાગ્યેજ આવે છે. સમગ્ર પરિસ્થિતિ જોતાં લાગે છે કે વેળા–કવેળાએ ગ્રામોફોન વગાડવાથી માંદા માણસની પજવણી અને સાર્વજનિક શાંતિનો ભંગ બન્ને થાય છે. ફરિયાદીને થયેલી નુકશાની ભરપાઇ કરવા આરોપીએ એની તમામ રેકર્ડો સહિત ગ્રામોફોન ફરિયાદીને હવાલે કરવું, એવો હું હુકમ આપું છું.

દાદરા પર ધબધબાટ કરી હરખાતા હરખાતા અમૃતલાલ ઘેર આવ્યા. બીજે દિવસે વહેલી સવારે ફરી સંભળાયુ. 'આઓ બચ્ચોં તુમ્હેં દિખાયે.........' આ સુરો કયાંથી આવ્યા, તો અત્યંત આશ્ચર્ય વચ્ચે અમને જણાયું કે એ સુરગંગા ઇશ્વરલાલના ઘરને બદલે હવે અમૃતલાલના ઘરમાંથી વહી રહી હતી, નિંદર ભરેલી અમારી આંખોને...... ઝાંખી હિન્દુસ્તાનકી......

★

સાધુ—

રતિલાલ એસ. પટેલ
—તલોદ

★ જેની કમાણી બધા માટે વપરાય તે–સાધુ
★ જગતને સારુ આપે તે–સાધુ
★ જગતને જીવનના લક્ષસ્થાન તરફ લઇ જવાની દોરવણી આપે તે–સાધુ
★ જગતના ભોગ–વિલાસોમાં સ્વાદ ન લે તે–સાધુ
★ સ્વાદ અને વાદ જેના જીવનમાં નથી તે–સાધુ
★ જગતના કલ્યાણ માટે જીવન ગાળે તે–સાધુ
★ શ્રમ, શ્રધ્ધા અને સાદાઇ જેના જીવનમાં વણાયેલાં છે તે–સાધુ
★ અંગત મિલ્કત ન ધરાવે તે વિશ્વસેવક–સાધુ
★ જેનું જીવન સાદુ અને સરળ છે તે–સાધુ
★ અપવાદો અને વિરોધો ગમે તેવા આવે તો પણ દ્દઢતાથી સામનો કરે તે સાધુ
★ શ્રમ–પરિશ્રમ કરી જે જમે તે–સાધુ
★ માન–અપમાનમાં સરખી સમાનતા રાખે તે–સાધુ

" ખેતર સુધરે ખાતરે, દિલ સુધરે દે દાન,
જન સુધરે સતસંગથી, ભવ સુધરે નિજભાન."

અવનવું

સંગ્રાહક : પટેલ અરજણ માનણ
મેંગલોર

૧ તિબેટના લોકોનું અઠવાડિયું પાંચ દિવસનું થાય છે.
૨ પેરીસમાં એક દીવાદાંડી છે તેનું તેજ એક અબજ મીણબત્તીના દીવા જેટલું છે. તેનો પ્રકાશ ત્રીસ માઇલ દુર ફેંકે છે
૩ મિસરના લોકો ગધેડાની પૂજા કરે છે.
૪ સિયામના લોકો પોતાના ઘરનાં બારી બારણાંની તથા ઓરડીની સંખ્યા એકીના હિસાબે રાખે છે.
૫ બ્રહ્મદેશમાં ગેંડાનું લોહી સોનાના ભાવે વેચાય છે.
૬ દુનિયામાં સૌથી ઝડપી પક્ષી વિષુવવૃત પ્રદેશના "ફ્રૂગેટ બર્ડ" નામના દરિયાઇ પક્ષી છે. તે કલાકના ૫૦ (પચાસ) માઇલની ઝડપે ઉડે છે.
૭ એક શેર વજનનાં કરોળિયાના બારીક ઝાળાનો તાર આખી પૃથ્વીને ફરતો પહોંચી શકે તેટલો લાંબો થાય છે.
૮ "સીલ" નામનું દરિયાઈ પ્રાણી દર દોઢ મહિને ઉંઘી જાય છે.

સતપંથી સમાજના અગ્રણીઓને ચેતવણી

માવજીભાઈ ડી. પટેલ
મુંબઈ

સતપંથ મૂળ પીરાણા પંથી છે. પરાણુ એક મુસલમાની ધર્મ છે. આ પંથ કચ્છી પાટીદારોમાં ગુસેલો પણ સારા નસીબે અત્યારે મોટા ભાગના પાટીદારો આ પીરાણા પંથના ધર્મથી મુક્ત થઇ સાચાં સનાતની ધર્મને માનતા થયા છે.

આપણા પાટીદારોમાં આ પીરાણા-પંથને કઇ રીતે મનાવવામાં આવે છે છે તેનો ઊંડો અભ્યાસ કરતાં આ પંથના નામે ઘણી હકીકતો, રીત-રિવાજ છૂપાવી જુદા જુદા ખોટા નામે પ્રચાર કરવામાં આવે છે અને છૂપી રીતે મનાવવામાં આવે છે.

ગુજરાતમાં આ પંથને સતપંથી સનાતન સમાજના નામે હાલ પ્રચલિત કરી અંધશ્રધ્ધામાં રાચનારા આપણા ભાઈ-બહેનોને ભોળવવામાં આવે છે.

આ સતપંથ તો ખરેખર પીરાણા પંથી મુસ્લીમ ધર્મ છે. કચ્છી પાટીદારો ગુજરાતમાં વસે છે તેમાંથી આ પંથમાંથી ઘણા મુક્ત થયા છે. આ પંથના નામે પૈસા ઉઘરાવી ખાનારા પોતાના પેટનો ખાડો પૂરવા ખોટાં નામો ધારણ કરી આ પથને ટકાવે છે અને તે રીતે ભોળા અજ્ઞાન ખેડૂતોને ભોળવે છે.

હવે આ સબંધમાં ગુજરાતમાં વસતા કચ્છી પાટીદાર યુવક મંડળોએ પોતાના પ્રચારકો ઉભા કરી ભારતમાં વસતા આપણી જ્ઞાતિના ભાઇઓનો સાથ-સહકાર મેળવી સતપંથીઓને ઉઘાડા પાડવા કમર કસવી જોઇએ.

સતપંથીના નામે ખોટા પ્રચાર કરનારાઓને આથી ચેતવણી આપવાની કે હવે તમે આ ધર્મના નામે જે ધતીંગ ચલાવ્યું છે તે ગુજરાતમાં વસતા બીજી સમાજના ભાઇઓમાં આ ધતીંગ ખૂલ્લું કરવા અમારે પ્રયાસો કરવા પડશે જેથી ચેતો અને સતપંથના નામે હજુ પણ જે સંસ્થાઓ ઉભી કરી, તેનું ખોટું નામ આપી તમે કંમ્પાઓમાં પીરાણાનાં ખાનાં ઉભાં કરો છો તે બંધ કરો. દસ અવતારના નામનો ખોટો પ્રચાર બંધ કરો નહિતર અમે હવે આ બધી હકીકતો ખૂલ્લી પાડવા ગામે ગામ પચાર કરવા એક મોટું આંદોલન જગાવશું જેથી ચેતો અને સમજો

હવે આવા ખોટા ધતીંગો ચાલશે નહિ, અને તે જે રીતે ચલાવો છો તે ચલાવવા દેવામાં આવશે નહિ.

યુવાનો અને કેળવાયેલો વર્ગ આના માટે જાગૃત બને અને આવા સમાજના નામને કલંક લગાડનાર કેટલાક સતપંથીઓને ખૂલ્લા પાડવા કમર કસો.

★

તમાકુની મોહીની □

સંગ્રાહક : શાન્તિલાલ પ્રેમજી દીવાણી
રાયણમોટી

તમાકુમાં ભર્યું જાદુ; થયા વશ એહને લોકો;
પીએ, સુંઘે અને ચાવે, તમાકુ મોહીની મોટી.
પૂજાએ છે પરેશ્વર અને એ નથી કયાંયે રહી બાકી;
ભલે હો બ્રહ્મ કે ભોગી, તમાકુ મોહીની મોટી,
પ્રસારે મુખમાંથી એ, અરે બદલો બહુ ભૂંડી;
હણે તન ધર્મને લૂંડી. તમાકુ મોહીની મોડી;
નથી આહાર તો કરતાં. ભૂલીને પણ પશુ તેને;
જુઓ બુધ્ધિ મનુષ્યોની તમાકુ મોહીની મોટી;
કરે ઉપવાસ તો પ્રીતે, ગણે ના ભ્રષ્ટ બીડીને;
ઉપાસે પ્રેમથી એને. તમાકુ મોહાની મોટી;
રહે મન એહમાં ભમતું. લળી કૈં રોગને કરતું;
છતાં ના વ્યસન તો ખસતું, તમાકુ મોહીની મોટી;
વ્યસન બીડી અને ચાનું, દેવાળુ છે. અરે છાનું,
છતાં ના પાપ એ જાતું, તમાકુ મોહીની મોટી.
ધુમાડો ધન તણો થાયે વળી આરોગ્ય તો જાય;
સુખે ના ઊંઘ લેવાયે, તમાકુ મોહની મોટી.
જણાવો એહના ભોગી, લહેજત શી રહી એમાં;
સુગંધી છે ભરી કેવી, શીતળતા શી રહી એમાં.
નથી કૈં ફાયદો એથી, અરે દુર્ગણોથી પુરી;
તણાયા અલ્પ બુધ્ધિથી કરી નક્કલ બીજાઓની,
વિદેશી એઉ રંડાએ, કર્યું છે દેશનું પાણી,
છતાં ઓ હિંદ સંતાનો હજી શું લાજના આવી!
પ્રભુએ શાન જો દીધી, તજો એ મોતની સીડી;
તમારા શ્રયને માટે; વિનંતી આજ મેં કીધી.

સમાચાર વિભાગ

શ્રી પાટીદાર સ્ટુડેન્ટ્સ હોસ્ટેલ, ભુજ. (કચ્છ)

ઉપરોક્ત હોસ્ટેલમાં ઈ. સ. ૧૯૭૧ ના જૂન માસથી જુદી જુદી વિદ્યા શાખાઓમાં અભ્યાસ કરતા ૨૪ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હતા.

આ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી એવાં મફત પુસ્તકો મળી શકે તે રીતે રૂા. ૨૦૦૦) એ હજારના ખર્ચે પ્રાયમરી લાયબ્રેરીનો લાભ મળે છે.

ઉપરાંત શારીરિક કેળવણી માટે નીચે મુજબની રમતગમતોનાં સાધનો જેવાં કે આઉટડોર ગેઈમ્સમાં બેડમીન્ટન, વૉલીબોલ, ક્રિકેટ વગેરે તેમજ ઇનડોર ગેઈમ્સમાં ટેબલટેનીસ, ચેસ, કેરમ વગેરેનો લાભ મળે છે તેમજ બૌધિક વિકાસ માટે ફ્રી પ્રેસજનરલ, ગુજરાત સમાચાર, કચ્છ મિત્ર, બ્લીટ્ઝ, ધી ઇલસ્ટ્રેડવીકલી ઓફઇન્ડિયા, ચિત્ર લેખા, બીજ વગેરે દૈનિક. તેમજ મેગેઝીન્સનું પ્રયોજન કરવામાં આવ્યું છે.

આ સંસ્થામાં અઠવાડિયામાં એકાદવાર ચર્ચાસભાનું આયોજન પણ કરવામાં આવે છે.

આ સંસ્થાને સમાજના આગેવાન તેમજ ધારાસભ્ય સર્વશ્રી ખીમજી નાગજી માસ્તર, પ્રેમજી પુંજા પટેલ તેમજ શ્રી કરમસી સીવદાસ પટેલનું માર્ગદર્શન તેમજ પ્રેરણા વખતો વખત મળી રહે છે.

ગત તા. ૧૩ માર્ચના રોજ અબડાસા તેમજ ભુજ મત વિસ્તારના ધારાસભ્યો શ્રી ખીમજી નાગજી પટેલ તેમજ સર્વશ્રી રામજી રાઘવજી ઠક્કરને સન્માનવાનો સમારંભ રાખવામાં આવ્યો હતો.

તા. ૧૭ મી માર્ચના રોજ હોસ્ટેલના એસ. એસ. સી. ના વિદ્યાર્થીઓની વિદાય વેળાએ સ્નેહ-ભોજન બાદ મુંબઇ નિવાસી શ્રી ભાણજી દેવસી પટેલના માનમાં નગરવાસી જ્ઞાતિજનોની હાજરીમાં સમારંભ રાખ્યો હતો.

આ બદલાતા જતા યુગ સાથે કદમ મિલાવવા શિક્ષણક્ષેત્રે જ્ઞાતિજનો વધુ પ્રગતિ સાધે એ જાતના પ્રયત્નોથીજ ભાવિ સમાજ સુઘડ બની શકે.

નાનાલાલ વી. ઉકાણી
સુપ્રિન્ટેન્ડેન્ટ



દુઃખદ અવસાન

અત્રે મંજલ નજીક આણંદસરના વતની તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના આગેવાન શ્રી પચાણભાઇ માવજીભાઈ પટેલનું ગત તા ૨૪–૩–૭૨ના રોજ સાધારણ બિમારીથી ૫૭ વર્ષની યુવાન વયે દુઃખદ અવસાન થયું છે.

પચાણભાઈ માવજીભાઈ પટેલ

સદ્‌ગતશ્રીએ રાજાશાહીના જમાનાથી પંચાયત રાજ્યમાં તેમજ પોતાના સમાજમાં પણ અગ્રગણ્ય કાર્યકર તરીકે સેવાકાર્ય કર્યું હતું.

તેમણે ગામના વિકાસ માટે સંગઠનથી તેમજ આત્મબળ કેળવીને ગામમાં પાણી પૂરવઠા યોજના, રોડ, ભગવાનશ્રી લક્ષ્મીનારાયણનું મંદિર, ગામનું વીજળી-કરણ તેમજ અન્ય નાની મોટી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ દાખવ્યો હતો

સદ્‌ગત શ્રી પોતાની પાછળ ત્રણ દિકરા, પૌત્ર, પૌત્રીઓ, વિધવા પત્ની તેમજ ભાઈભાંડુઓના વિશાળ પરિવારને વિલાપ કરતું મૂકી ગયા છે.

પ્રભુ સદ્‌ગતનાં કુટુંબીજનોને પડેલી ખોટ સહન કરવાની શકિત અર્પો તેમજ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પો એજ અભ્યર્થના,

---

અત્રે આક્રન્દ નજીક ઓરડીટીંબા નિવાસી પટેલ સવજીભાઈ તથા ખેતાભાઇ પ્રેમજીભાઈના પિતાશ્રી સ્વ. પ્રેમજીભાઇ નથુભાઈ પટેલ (કચ્છ–વિરાણીવાળા) નું ૮૦ વર્ષની ઉંમરે તા. ૨૭–૪–૭૨ ના રોજ દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ યાંત્રિક બાબતોના નિષ્ણાત, સ્વભાવે મિલનસાર તેમજ માયાળુ હતા. તેમના વિશાળ પરિવારને પ્રભુઃ સદ્‌ગતના અવસાનથી પડેલી ખોટ સહન કરવાની શકિત અર્પો તેમજ તેમના આત્માને શાંતિ અર્પો એજ અભ્યર્થના.

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણદેવ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ–રામેશ્વરકંપા

સં. ૨૦૨૮ ના બીજા વૈશાખ સુદ ૬ ને ગુરુવાર તા. ૧૮-૫-૭૨

ગત તા. ૧૮ મે '૭૨ ના રોજ મોડાસા તાલુકાના રામેશ્વરકંપામાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિનો નવીન દેવાલયમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આશરે ત્રણથી પાંચ હજારની માનવમેદનીમાં ઉજવવામાં આવ્યો હતો.

ઉપરોક્ત પ્રસંગે એકત્ર થયેલ માનવમેદનીને કેટલાક ભાવિક ભક્તો તરફથી ભજનોનો તેમજ સંતપુરુષો તરફથી ઉપદેશાત્મક જ્ઞાન ઉપાર્જન કરવાનો અમૂલ્ય લહાવ મળ્યો હતો,

૧૭ મી મેની સંધ્યા સમયે ભોજનવિધિ પૂર્ણ થયા બાદ પ્રશાંત રાત્રિના સમયે નીચે મુજબના સંતપુરુષોની વાણીનો શ્રોતાજનોને લાભ મળ્યો હતો.

મહારાજશ્રી ગંગાનંદજી : દરેક માનવી જન્મે છે ત્યારથી તેને જુદા જુદા સંજોગોમાં જીવન વ્યતિત કરવું પડે છે. દરેકને પોતપોતાનાં માતાપિતા તરફથી જ્ઞાન મળે છે તેમાંથી અમુક ગ્રહણ કરે છે. દરેક પોતાના મનની વાત પોતેજ સમજે છે. બત્તીમાં જ્યારે મોગરો આવે ત્યારે પ્રકાશ ઝાંખો થઇ જાય છે, એ મોગરાને ખેરવી નાખીયે તો નવો પ્રકાશ આવે છે. માનવીને પણ એજ રીતે કેટલીકવાર અંધકારમય અને પ્રકાશિત જીવન જીવવાનો અનુભવ કરવો પડે છે. દરેક જીવ સરખા નથી હોતા, દરેકના કર્મો પણ સરખાં નથી હોતાં. જીવ પોતેજ પોતાના કર્મો સુધારીને ધારે તો જીવનમાં પ્રકાશ પાથરી શકે છે. અમુક નિશ્ચિત સ્થળે જવા માટે અનેક માર્ગો પરથી પહોંચી શકાય છે. પણ ત્યાં જવા માટે જેની ગતિ તીવ્ર હોય તે જલ્દી પહોંચે, અને મંદ ગતિ હોય તે મોડા પહોંચે. ઈશ્વર પ્રાપ્તિ માટે પણ એમજ છે.

પોતે સુખી થાય અને બીજાને સુખી કરે એ સર્વ સામાન્ય માનવધર્મનું દરેકે પાલન કરવું જોઇએ. કેટલાક માણસો 'શ્રી કૃષ્ણ શરણં મમ' એમ મોઢેથી તો બોલે છે પણ દિવસે કર્મથી ગળાં કાપે છે એ બરાબર નથી. આજે આપણે પ્રતિષ્ઠા મહોત્સવ માટે ભેગા થયા છીએ. ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા મંદિરમાં તો આપણે કરીએ છીએ પણ ખરેખર તો તે હૃદયમાં થવી જોઈએ. આ પ્રતિષ્ઠા જ ખરી પ્રતિષ્ઠા છે. ઉપર ઉપરની ભાવનાનો કોઇ અર્થ નથી, માટે દરેક માનવ પાસે અંતરની કલ્યાણકારી ભાવના જોઇએ.

સ્કોલરશીપ

અત્રે કાનપુરાકંપા તા. બાયડ નિવાસી પટેલ વિઠ્ઠલભાઈ લધાભાઇ તરફથી તેમના પિતાશ્રી સ્વ. લધાભાઇ અબજીભાઇના સ્મરણાર્થે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના માધ્યમિક શાળાનાં ધો. ૮ થી ૧૧ માં ભણતા વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવાની છે.

ગરીબ અને હોંશિયાર વિદ્યાર્થીએ અરજી કરવી લાયક વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવામાં આવશે

અરજી મોકલવાનું સ્થળ :—

પટેલ વિઠ્ઠલભાઈ લધાભાઇ
મુ. કાનપુરકંપા
પો. આમોદરા. જી. સાબરકાંઠા.

જાગૃતિ કાર્યાલયને ભેટ

રૂા. ૫૧) શ્રી રામેશ્વરકંપા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા નિમિત્તે ભેટ.
રૂા. ૨૫) ઓરડીટીંબા નિવાસી પટેલ સવજીભાઇ પ્રેમજીભાઇ ના પિતાશ્રી સ્વ. પ્રેમજીભાઇ નથુભાઈ પટેલની પૂણ્ય સ્મૃતિમાં ભેટ.

કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન — ધનસુરાનું

ઝળહળતું પરિણામ

૧૯૭૨ માર્ચ અને એપ્રિલમાં લેવાયેલી પરીક્ષામાં કુલ ૧૪૦ વિદ્યાર્થીઓ બેઠા હતા. તેમાંથી ૧૩૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પાસ થયેલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન—

પ્રતિ વર્ષે પરિણામમાં આ રીતે વધુ સિદ્ધિ હાંસલ થતી જાય છે તેનો યશ છાત્રાલયના સંચાલકશ્રી તેમજ તેના પર નિયંત્રણ રાખનાર સમાજના મૂક સેવકો જેવા કારોબારીના અગ્રણીઓને ફાળે જાય છે, વિદ્યાર્થી ભવનની પ્રગતિનું એ શુભ ચિન્હ છે.

—તંત્રી

પાના નં ૩ નું ચાલુ.

મહારાજશ્રી વિશ્વેશ્વરનાથ: ઇશ્વરની ઇચ્છાથી જ ત્રણ વસ્તુઓ પ્રાપ્ત છે; માનવ જન્મ, મુમુક્ષા જાગ્રતી, અને સંતસમાગમ આ ત્રણ વસ્તુઓની પ્રાપ્તી પછીજ ઇશ્વર માર્ગે સંતસેવા વિના જ્ઞાન કલ્યાણકારી ન બને. વાંચેલું અભિમાન લાવશે જ્યારે સેવાથી વિનય આવશે, માટે જ મહાપુરુષો સાથેનો સમાગમ એટલે કે સત્સંગ જરૂરી છે, મનને ઇશ્વરાભિમુખ કરવામાટે પણ સંતોને બોલાવી સત્સંગ કરવો. તેનાથી જ પોતાના દોષોનો ખ્યાલ આવશે.

મહારાજશ્રી કૃષ્ણાનંદજી: હૃદયમાં ભગવાનની પ્રતિષ્ઠા થવી જોઇએ. કોઇપણ કાર્ય કરવા માટે આપણા મનમાં **પ્રથમ** વિચાર પ્રગટ થાય છે. પછી તે આચરણમાં આવે છે. આજે દરેકનું મૂલ્ય પૈસાથી થાય છે માણસ પૈસાની પાછળ છે; કોઇપણ ચીજ વસ્તુનું જ નહિ; માણસનું મૂલ્યાંકન પણ પૈસાથી જ થાય છે. કલ્પના કરી કે દરેક પૈસાદાર માણસો સુખી છે? પૈસા હોય તો પણ તન અને મનની તંદુરસ્તી ન હોય છતાં પૈસા સાચવવાની ચિંતાથી મનમાં દુઃખ થયા કરે છે.

ઋષિમુનીઓએ સુખ માટે માર્ગ બતાવ્યા છે, પૈસા વિના દેહ સુખ નહિ; ધનના ઉપભોગવિના પ્રાણસુખ નહિ અને ધર્મવિના મનનું સુખ નહિ. તેથી આત્મ સાક્ષાત્કાર વિના પૂર્ણ સુખ નથી. થોડાક દિવસના સુખથી કોઈને સંતોષ નથી શાસ્વત સુખ જોઇએ છે પણ તે માટે કિંમત ચુકવવી પડે છે.

આત્મસાક્ષાત્કાર માટે-વેદમાં કર્મ, ઉપાસના અને જ્ઞાનનું મહત્વસમજવું જોઇએ. કર્મથી હૃદયની શુદ્ધિ થશે પણ કર્મના વળતરનો ખ્યાલ ન રાખવો. જીવનમાં રોજિંદું કામ કરવુ જોઈએ દા. ત. આપણે રોજ પાંચ માળા કરવાનો વિચાર કરી માળા કરીએ પણ કંઈ ફાયદો ન થાય માટે બંધ ન કરવી જોઈએ. ચિત્તની શુધ્ધિ માટે વળતરની અપેક્ષા ન રાખવી જોઈએ. વૈદિક મંત્રો દ્વારા પ્રતિમામાં પ્રાણ પૂરાય છે. ચેતનાના મંત્ર દ્વારા મન પર પ્રભાવ આવે છે અને દર્શન વખતે કયાંક ખેચાણ આપે છે. દર્શન વખતે શાન્તિ થાય છે. પ્રવિત્ર શરીર ભાવથી મંદિરમાં જવું જોઈએ. મંદિરમાં પણ શાન્તિ હોય તો જ ધ્યેયસિધ્ધ થશે. આ શરીર જાય તે પહેલાં એવી સ્થિતિ પ્રાપ્ત કરો કે ફરી જન્મવું ન પડે, એકડો ફરીથી ઘૂટવો ન પડે. મૃત્યુ પછી કંઇ જ કામ આવતું નથી. ચિત્તની શુધ્ધિ અને એકાગ્રતા આવશ્યક ચીજો છે શરીર ન હોય અને આપણે હોઈએ એટલી વિચારણામાં આગળ વધીએ ત્યારે ફક્ત ઈશ્વર જ દેખાશે. ભગવાનનું વર્ણન શીરીતે થાય ? ગોળ ખાધા વિના સ્વાદની શી ખબર? અનુભવ વિના ખ્યાલ ન આવે અને ગુંચવણમાં પડીએ આપણે ૨૪ કલાકમાંથી ૧ કલાક તો ઈશ્વર સ્મરણ માટે, એકપણ દિવસ ચૂકયા વિના કાઢવો જોઈએ. તો જ ભક્તિ ભાવ ઉપજે છે.

ભક્તરામમહારાજશ્રી (સરડોઈ) : ભગવાનનું નામ સ્મરણ જીવ માત્રે કરવું જોઈએ. જીવનમાં અહમ્‌થી જ દુઃખ ઉત્પન્ન થાય છે. તો અહમ ને જીવનમાં ન ઉત્પન્ન થવા દેવો જોઈએ. જે જન્મ્યા છે. તે જરૂર જવાના છે. ભાવિમાં જે બનવાનું છે. તે બનશે જ. આપણે સૌએ સંત પુરુષોને ઓળખવા માટે એમનાં લક્ષણો ઓળખવાં જોઈએ. ક્ષમા, દયા દિલમાં ધરે છે મારાં તારાં મમતા નો ત્યાગ વિનય અને વિવેક પૂર્વક વિચારે છે. પરધનને પથ્થર સમાન અને પરસ્ત્રીને માતા સમાન ગણે છે.

ગીરજાશંકર મહારાજ (સુંડી) : વડીલોનું પૂણ્ય અને ભગવાનની કૃપા થતાં જ મંદિર બનાવવાનો વિચાર આવ્યો. પૂર્વ સંસ્કારોથી જ સારાં કાર્યો કરવાનો સમય સાંપડે છે શુભ વિચારોથી સારૂં જ્ઞાન પ્રાપ્ત થાય છે. ભણેલો ભૂલે, અભણ પંડિત થાય" કર્મથી જ કર્મનું નિવારણ થાય છે પ્રતિષ્ઠાથી ભગવાન કંપામાં આવીને મંદિરમાં જ નહિ પરંતુ અંતરમાં પણ બીરાજ્યા છે અશુભ કાર્ય કરવા માટે ખૂબ ઢીલ કરવી, ગુપ્ત રીતે આત્માની શુધ્ધિ થાય છે. જાહેરમાં સારાં કામ કરવામાં ઘણી વખત અશુધ્ધ થાય છે જેમ પાપને છૂપાવીએ તેમ સારાં કામ છૂપાવો જાહેર ન થાઓ ભીમે જેમ દુર્યોધન ને ગદા મારી દુષ્ટનો નાશ કર્યો તેમ તમો પણ દુષ્કૃત્યનો નાશ કરો. તમોએ હજુ પૂણ્યનો છોડ જ મેળવ્યો છે ભગવાન કોઈનું દેવું રાખતા નથી તમારી મહેનતનો બદલો તરત જ આપે છે. મંદિરમાં ભગવાનની પૂજા કરવાની ભૂલ થાય નહિ. દેવને જેટલા હસતા રાખશો તેટલા જ હસતા રેહેશો. જીવનની સંધ્યા કયારે આવે છે તે નક્કી નથી દિવસ આથમતાં સંધ્યા સમયે જેમ દિપ પ્રગટાવવાની તૈયારી કરીએ છીએ તેમ જીવન દીપની તૈયારી રાખવી જરૂરી છે. કર્મ અને ભક્તિ કરતાં જે જગ્યાએ કચરો લાગે તે કાઢી નાખવો. મનમાં જરા પણ અહંકાર ન રાખશો, અહંકાર થતાં ભગવાન રીસાઈ જાય છે

ભગવાનનો ફોટો રાખીએ પણ તેના ભાવ જીવનમાં ન ઉતારીએ તો કોઈ અર્થ નથી. સારી ભાવનાથી આચરણ કરીએ તો હૃદયમાં ખુદ ભગવાનની મૂર્તિ રમતી થશે. દરેક ભાઈઓ શુભ ભાવના રાખજો. આપણે સંસારની લંકામાં બેઠા છીએ. વિભીષણે પણ લંકામાં દુઃખ પડવા છતાં રામનું નામ છોડયુ નથી દુઃખ પડવા છતાં તમો પણ નિરાશ ન થશો

વહીવંચા ખંડેરાવ રામસંગ ભટ્ટ (અમદાવાદ) : આજે રામેશ્વર કંપામાં ભગવાન શ્રી લક્ષ્મી નારાયણ પધારે છે તે આપણાં તેમજ ગામનાં અહોભાગ્ય છે. આપણા હિંદુ સમાજમાં ઘણા એવા ધર્મો છે ભગવાનને માને છે, પણ માતાજીને માનતા નથી. પરંતું પહેલાં માતાજી અને પછી ભગવાન છે જ્યારે આપણે મંદિરમાં ભગવાનની પ્રાર્થના કરીએ છીએ. ત્યારે પણ પ્રથમ સીતા અને પછી રામનું સ્મરણ (સીતારામ) કરીએ છીએ તેજ પ્રમાણે રાધેશ્યામમાં પણ એમ જ છે સજ્જનો રીતે

અને શક્તિથી જ આ જગત ઉત્પન્ન થયેલું છે આપણાં કુળદેવી પણ ઉમીયા માતા છે તે આપણે ન ભૂલવું જોઇએ કડવા પાટીદારોએ ઊંઝા ગામનું તોરણ બાંધ્યું તે વખતે કુળદેવીનું શિખરબંધ મંદિર બંધાવ્યુ છે. જો ભગવાન તમારા હૃદયમાં છે તો આ કુળદેવી ઉમીયામાતા પણ તમારા હૃદયમાં હોવાં જોઈએ બ્રાહ્મણો વરી કરે છે. અને પત્થરની મૂર્તિમાં આજે પ્રાણ પુરાશે કંપાનાં અહોભાગ્ય છે કે મંદિર બનાવવા પૈસા અને સમયનો ભોગ આપ્યો છે

વિશ્રામભાઈ એન. પટેલ : એક સામટો કુદકો ન મરાય, કર્તવ્યની કેડીપર પ્રેમપૂર્વક ચાલીએ. કર્મ કરીએ, ફળની આશા ન રાખીએ. જે કર્તવ્ય કરો તે શ્રધ્ધાથી કરવુ જોઈએ, આપણે કોઈ પણ કાર્ય કોઈ અલૌકિક શક્તિની પ્રેરણાથી જ કરીએ છીએ હર્ષ શોકના ભાવથી પર રહી આપણું કર્તવ્ય યથાવત્ ચાલુ રાખવું જોઈએ

નાનજીભાઈ કે. પટેલ : આનંદની વાત છે. આજે ભગવાનની મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા રામેશ્વરકંપામાં થઈ રહી છે. ગ્રામજનોનું છેલ્લાં ચાર પાચ વર્ષનું સ્વપ્ન આજે સાકાર થયું છે.

પ્રેમજીભાઈ એસ. પટેલ (મુંબઇ) : ગામના ભાઇઓ માટે આજે શુભ અવસર છે. નાણું મળશે પણ ટાણું નહિ. મળે, ફરીથી આવો માંગલિક પ્રસંગ નહિ મળે.

લાલજીભાઈ કરશનભાઇ : પરિસ્થિતિ અનુકુળ આવતાં કુદરતની પ્રેરણાથી જ આ મંદિર ઉભું કર્યું છે

હરજીભાઈ લાલજીભાઇ પટેલ : નાના સરખાકંપામાં ભવ્ય કામ થઈ રહ્યું છે. તે બદલ કંપાના ભાઈઓને ધન્યવાદ જે ગામમાં ભગવાનનું મંદાર નથી તે સ્મશાન જેવું લાગે છે. મનુષ્યે હંમેશાં માનવપણું જાહેર કરવા માટે ઈશ્વરની આરાધના કરવી જરૂરી છે. ★

આપના બાકીનાં લવાજમો મોકલી આપો.....

આપનાં બાકી લવાજમો તેમજ આજીવન સભ્ય ફી જે કોઈ ભાઇઓએ લખાવેલ હોય પરંતુ હજુ સુધી મોકલી ન આપી હોય તેવા તમામ ભાઈઓને વિંનંતી સાથે જણાવવાનું કે આપની નીકળતી બાકી રકમ તુરત જ મોકલી આપશો.

—તંત્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ

યુવક મંડળની પ્રસંશનીય સેવા પ્રવૃત્તિ

અભિનંદન....... સ્વયંસેવક ભાઈ-બહેનોને

ગત તા. ૧૫, ૧૬, ૧૭, ૧૮ મે ૭૨ ના રોજ મોડાસા તાલુકાના રામેશ્વર-કંપામાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાણપ્રતિષ્ઠાના મંગલ પ્રસંગ સમયે જિલ્લાના કેટલાક કંપાઓમાંથી સનાતન ધર્મ પ્રેમી યુવક ભાઇઓએ ઉપસ્થિત રહેલી માનવ-મેદનીની જે સેવા-સુશ્રુષા કરી હતી તે ખરેખર અભિનંદનીય છે

યુવક ભાઇઓએ ખરેખર કર્તવ્ય પરાયણ રહી એકનિષ્ઠાથી જે સેવા બજાવી હતી અને એ રીતે મંડળના આદેશને માન આપી મંડળને યશસ્વી બનાવ્યું છે તે બદલ મંડળ તરફથી અભિનંદન આપવામાં આવે છે.

આ પ્રસંગે કારોબારીના સાત સભ્યો હાજર હતા ત્યાં આવેલ સ્વવ્યંસેવકોમાં ઉંમરનો કે કાર્ય પસંદગીનો સવાલ ન હતો તેમની મૂકવાણી એક જ સવાલ કરતી હતી, અમને સેવા કરવાનો મોકો આપો. આધુનિક શિક્ષણ યુગમાં શિક્ષત યુવકો કાર્ય ન કરે એવી માન્યતા આ પ્રસંગે ભૂલાઇ ગઇ હતી બધા જ કાર્ય આનંદથી, ઉત્સાહથી થતાં હતાં.

પંદરસો માણસોની પંગત માત્ર વીસેક મીનીટમાં જ ઉઠી જતી અને જયારે બીજી દશ મીનીટમાં બીજી પંગતની તૈયારી થઈ જતી જોઇ મોડાસા એસ. ટી ડેપો મેનેજર અને અન્ય આમંત્રિત વ્યકતિઓ સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં હતાં.

પૂર્ણાહુતીની પૂર્વસંધ્યાએ સ્વયંસેવકોના 'સનાતન' પ્રત્યેનો પ્રેમ એમની વાણીમાં તેમજ રાત્રીની ઉંઘ વેચી એમણે કરેલા સ્થાનિક કાર્ય દ્વારા દેખાઈ આવે છે.

પૂર્ણાહૂતિ બાદ સ્વયંસેવકોની સામાન્ય સભા યોજાઇ હતી જેનુ પ્રમુખસ્થાન માજી પ્રમુખ શ્રી વિશ્રામભાઇ એન. પટેલે શોભાવ્યું હતું સભાની જુસ્સાદાર શરૂઆત પ્રો. રતિભાઈ એલ પટેલ, ત્યાર બાદ ગૃહપતિ વાડીભાઇ કે. પટેલ, શ્રી પ્રેમજીભાઇ (મુંબઇ) ઉપ-પ્રમુખ શ્રી પ્રેમજીભાઇ ડી. પટેલ. સભાપતિ વિશ્રામભાઈ એન. પટેલ શ્રી પ્રેમજીભાઇ અખેરામભાઇ, દેવજીભાઇ (કચ્છ) મંડળના પ્રમુખ શ્રી શામજીભાઇ મુખી

પોતાનાં વકતવ્યો રજૂ કર્યા અંતે મંત્રીશ્રી અરજણભાઇ વી. પટેલે આભારવિધિ કરી સર્વના વકતવ્યનો સાર "સ્વયંસેવકોનું કાર્ય પ્રસંશનીય હોવાનો હતો. તથા સૌએ આશા વ્યકત કરી કે જ્યારે જ્યારે આવા પ્રસંગો યોજાય ત્યારે આપણે યુવકો આપણી શકિતથી સર્વને વિદિત કરીએ. ત્યાર બાદ રામેશ્વરકંપા વતીથી શ્રી રતિભાઇ કે. પટેલે સર્વે સ્વયંસેવકોનો આભાર વ્યકત કર્યો હતો અને આવા પ્રસંગોએ સૌ સાથ આપી આથી પણ સુંદર કાર્ય કરી આપણા સનાતન ધર્મના ઝંડાને સદા ઝળહળતો રાખીએ એવી અભિલાષા સેવી હતી.

સ્વયંસેવક ભાઇ-બહેનોનું ગામવાર લીસ્ટ.

બેરોજ ૭, શંકરપુરા ૭, ખાલોડા ૩, ઈશ્વરપુરા ૧૧, વાંસેડા ૧૦, નાંદેસણ ૪, તલાવ બ્રહ્મપુરી ૩, ગઢડા ૩, ગાંધીપુરા ૧૦, ગણેશપુરા ૮, બીલપુરકંપા ૧૦ અમૃતપુરા ૫, લીંબોઇકંપા ૬, ગાજણકંપા ૫, મદાપુર ૫, કેસરપુરા ૫, મોહનપુરકંપા ૨, મહાદેવપુરા ૩, દેસાઇપુરા ૩, રામપુરા (મોડાસા) ૨, ભવાનીપુરા ૨ હડમતીયા ૨૪, રામસીકંપા ૫, વજેપુરા ૧૩, શરડીકંપા ૫, એદલપુરા ૫, વિશ્નુપુરા મગનપુરા, હીરાખાડી, રાજપુર ૧૦, મોતીશ્રી, છત્રીસા, અહમદપુરા ૧૧, બોરડી કંપા ૬, શેરાપુરા ૪ બાવસાર ૫, નવાનગર ૮, માધવ ૭, ઇશનપુર ૪, હરિપુરા (અણીઓર) ૪, રવીપુરા (ફરેડી) ૩, અમલાઈ કંપા ૨, વડાલી વિભાગ ૧૧, ટીંબા કંપા, રામપુરા ૧૦, મોડાસા ૧૨, અણીયોર ૨, અદાપુર ૭, ખરોડ ૫, હીરાપુર ૪, ગઢકંપા ૫, જોગીવટા કપા ૧, નવટાંકી ૮, શાંતિપુરા ૬, બહેનો ૧૦,

લિ.

શામજીભાઈ એસ. પટેલ પ્રમુખ
અરજણભાઇ વી. પટેલ મંત્રી
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજયુવક મંડળ (ગુજરાત) ધનસુરા

જાગૃતિ કાર્યાલય–ધનસુરા.

— સુચના —

તમામ ગ્રાહક ભાઇઓ તેમજ જ્ઞાતિબંધુઓને આથી જણાવવાનું કે શ્રી રમણભાઈ નાનજીભાઇ પટેલ (એદલપુરાક પાવાળા) કાર્યાલય તરફથી નવાં તથા જુનાં બાકી લવાજમો ઉઘરાવવા, આજીવન સભ્યો નોંધવા તથા જાહેરખબર મેળવવા દરેક કંપાઓની મુલાકાત લે છે. તો તેમને સહકાર આપવા આગ્રહભરી વિનંતી છે.

નિઃસ્વાર્થ પણે આવું ઉમદા સેવા કાર્ય કરવા બદલ સંપાદક મંડળ તરફથી તેઓશ્રીને હાર્દિક અભિનંદન.

તેમજ આવી રીતે જે કોઈ ભાઇઓને કાર્યાલય વતી સેવા કરવાની ઇચ્છા હોય તેમણે કાર્યાલયને જાણ કરવા વિનંતી છે.

શ્રી કન્યાછાત્રાલયને લગ્ન પ્રસંગે ભેટ

૨૧–૨૫ રામજીભાઇ લાલજી–ઇન્દોરવાળા
૨૬–૨૫ કરસનભાઈ મેગજી એદલપુરા
૧૧–૨૫ દેવસીભાઈ રવજીભાઈ ધનજી કુવાવડ કંપા
૧૧–૨૫ શવજીભાઈ નાનજી બદામકંપા
૧૧–૦૦ કરસનભાઈ ખેતાભાઈ કાશીપુરા કંપા
૨૫–૦૦ પા. ખીમજીભાઈ હરિભાઈ મોતીસરી
૧૩–૦૦ પા. પરબતભાઈ વાલજી હીરાપુરા કંપા
૧૫–૨૫ પા. હીરજીભાઈ કરમસીભાઈ રવિપુરા કંપા
૧૧–૦૦ પા. માવજીભાઈ દેવસીભાઈ કેસરપુરા કંપા
૧૧–૦૦ પા. રામજીભાઈ લધાભાઈ માધવ કંપા
૧૧–૦૦ પા પચાણભાઈ ખેતાભાઈ માધવ કંપા
૧૧–૦૦ પા. પ્રેમજીભાઈ પુન્જાભાઈ છોટાસણ કંપા
૧૦–૦૦ પટેલ ગોપાલભાઈ મુળજીભાઈ રણાસણ કંપા
૧૦–૦૦ " માવજીભાઈ પ્રેમજીભાઈ વાંસેડા કંપા (રાજસ્થાન)

૧૯૮–૨૫

વિદ્યાર્થીભવનને લગ્ન પ્રસંગે ભેટ.

૨૧–૨૫ પા. રાંમજીભાઈ લાલજીભાઇ ઇન્દોરવાળા
૨૫–૦૦ પા. કરસનભાઈ મેગજી એદલપુરા
૧૧–૨૫ પા. દેવસીભાઈ રવજીભાઈ ધનજીભાઇ–કુવાવડ કંપો
૧૧–૨૫ પા. સવજીભાઈ નાનજીભાઈ બદામકંપા
૨૦–૦૦ પા. ખીમજીભાઈ હરિભાઈ મોતીસરી
૧૨–૦૦ પા. પરબતભાઈ વાલજીભાઇ હીરાપુર કંપો

૧૦૦–૭૫

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રી ૧।



આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુ શ ખ બ ર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેક્ટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

પટેલ ઇલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

●

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધનસુરા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ


- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઇટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...

●

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

●

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]



પ્રખ્યાત—


એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

●

'Everest'


LAXMI
LAXMI

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.



To,

Book-Post

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

કચ્છ કડવા પાટીદાર

સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૭ જુલાઈ : ૧૯૭૨

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક



આપણને જે મળ્યું છે તે ખોઇ બેસીયે તે પહેલાં કોઈક રૂડા કામ પાછળ વાપરી દઈ ને અર્પણનો આનંદ મેળવવામાં જ ડહાપણ સમાયેલું છે, ખરૂં કે નહિ? બસ જીવનનું પણ એવું જ છે. એકને એક દિવસ સંસારના રંગરાગ ખોવાઈ જવાના જ છે, જેને ખૂબ સજાવીએ છીએ તે શરીર પણ બળી જવાનું જ છે.





વર્ષ : ૧૫ અંક : ૭ જુલાઈ : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમ

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬]. પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧] પરદેશમાં રૂા. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ –સહતંત્રી.
એમ. એ., બી એડ્.

શ્રી. પ્રિ. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસ. સી

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

અનુક્રમણિકા

॥ ॐ નમઃશિવાય ॥

તંત્રી સ્થાનેથી.........

આપણે જાણીએ છીએ તે મુજબ આપણા સમગ્ર સમાજનું માનીતું મુખપત્ર 'જાગૃતિ' બે-પાંચ માસમાં ચૌદ વર્ષ પૂરાં કરી પંદરમા વર્ષમાં પ્રવેશ કરશે. કોઇ પણ બાળકનો જન્મ થતાં જ તેનું ભરણ-પોષણ, શિક્ષણ, સંસ્કાર વગેરેની જવાબદારી તેનાં માતા-પિતાના શિર પર હોય છે. અને દરેક માતા-પિતા પણ પોતાના બાળકનું જીવન ઘડતર કેમ સારી રીતે થાય તેજ ઇચ્છતાં હોય છે.

આપણું જાગૃતિ માસિક પણ હાલના તબકકે બાલ્યાવસ્થામાંથી પસાર થઇ યુવાવસ્થામાં પગરણ માંડી રહ્યું છે, પરંતુ તેના બાલ્યકાળથી માંડી યુવાવસ્થામાં પગલાં પાડતાં સુધીમાં આ બાળકને તેનાં માતા-પિતા તરફથી કોઈપણ જાતનું સુખ નથી મળી શકયું એ અત્યંત ખેદજનક બાબત છે.

હું માનું છું ત્યાં સુધી આપણા સમગ્ર સમાજની દેશવિદેશમાં વસતી વસ્તી આશરે બે લાખની આસપાસ હશે. એ બે-એક લાખના માનવ-સમુદાયમાંથી આશરે સવા લાખની આસપાસની સંખ્યા પોતાના મૂળ વતન કચ્છથી રોજી અને રોટી માટે વિવિધ વ્યવસાય ક્ષેત્રે ભારતવર્ષના વિવિધ પ્રાંતોમાં વર્ષોથી વસવાટ કરે છે. આ બધાંજ એકજ જ્ઞાતિનાં સંતાનો કોણ કયાં વસે છે અને કયા કયા વ્યવસાયોમાં રચ્યાં પચ્યાં રહે છે તેના સમાચારો દ્વારા ખ્યાલ આપવાની જવાબદારી આ બાળક પર છે. એટલુ જ નહિ પણ વિશ્વના કોઈપણ ખૂણામાં પડેલો સમાજનો માનવી પોતાના જ સમાજ વિશેનો તેના વિચારો રજુ કરવા ઇચ્છે તો તે આ માસિકરૂપી બાળક જ તેને ઉપયોગી થઇ શકે તેમ છે.

પરંતુ આ બાળકના પોષણની જવાબદારી સંભાળી શકે તેવી તેનાં માતા-પિતા રૂપી ગ્રાહકોની સંખ્યા માત્ર સાડાબારસો જેટલી જ છે. એટલે નિઃશંક પણે એમ કહી શકાય કે આ સાડાબારસોની સંખ્યા સિવાયનો વિશાળ સમાજ આ બાળક પ્રત્યે સાવકા બાળકની દષ્ટિથી જ જુએ છે. સમગ્ર સમાજ જો ગરીબી ભોગવતો હોય તો સ્વાભાવિક છે કે આ મોંઘવારીના જમાનામાં આ નાનેરા બાળકનું પોષણ ન કરી શકે, પરંતુ કેટલોક અમીરીમાં આળોટતો વર્ગ સમાજથી જાણે કે દૂર જ નિજાનંદની મસ્તીમાં રાચનાર માનવી તરીકે જીવન

જીવતો હોય એમ જ લાગે છે. ખરેખર જ્ઞાતિના માસિકની કિંમત જે આંકવી જોઇએ તે તે આંકી શકયો નથી એ દુઃખની વાત છે આશા છે કે અમીરીમાં આળોટતો વર્ગ ઉપેક્ષાવૃત્તિ ન સેવતાં ઉદાર દિલે આ માસિકના આજીવન સભ્ય તરીકે નામ નોંધાવી બુઝાતા જતા દિપકમાં પ્રાણ પૂરે. જો કદાચ સમયસર માસિક પ્રત્યે તેના નિભાવ માટેની દિર્ઘદ્રષ્ટિ નહીં કેળવાય તો દિનપ્રતિદિન મુશ્કેલીઓમાં વૃદ્ધિ થતી જશે. ગ્રાહક વર્ગ ન હોય અને આ સમાજનાં જે સભ્યો હોય તેઓ પોતે ગ્રાહક બનવાના મનોમન સપથ લે. અને જે ગ્રાહક તરીકે ચાલુ છે તેવા ભાઇઓ પોતાનાં બાકી નીકળતાં લવાજમો તો અવશ્ય મોકલાવી જ આપે.

આશા છે કે સમાજનો શાણો અને સમજુ વર્ગ યુવાવસ્થાને ઉંબરે આવી ચડેલા આ બાળકના નિભાવની જવાબદારીનો બોજ ખેલદિલી પૂર્વક ઉઠાવે. સાથે સાથે વાર્ષિક ગ્રાહકોનો સહકાર મળતો આવ્યો છે તેઓ સૌ પણ સ્વેચ્છાએ તેના આજીવન સભ્ય તરીકેની રૂ. ૧૦૧–૦૦ જેટલી ફી ભરે અને ભારત સિવાય અન્ય દેશોમાં વસતા ગ્રાહક ભાઇઓ રૂ. ૧૨૫–૦૦ ભરી કાયમી આ માસિક ચાલે ત્યાં સુધીનું સભ્ય પદ મેળવી લે.

ધીરે ધીરે વાર્ષિક ગ્રાહકોની સંખ્યા ઘટાડી આજીવન સભ્યોની વૃધ્ધિ કરવાનો જ વિચાર ચાલી રહ્યો છે. જેથી કોઇપણ ગ્રાહકોનાં બે–ત્રણ–ચાર વર્ષ સુધી ન આવતાં લવાજમોનો આ બાળકની કમર તૂટી જાય ત્યાં સુધીનો બોજ સહન ન કરવો પડે.

ભુતકાળમાં જે જે ગ્રાહક ભાઇઓનાં લવાજમો નથી આવ્યાં તેઓ સૌ પણ માસિક પ્રત્યેના પોતાના ઋણની જવાબદારીમાંથી મુકત બને તેવી અભિલાષા સેવવી અસ્થાને નથી

—અસ્તુ.

ખિસ્સામાંથી સો રૂપિયા પડી જાય તો ખૂબ દુઃખ થાય, પણ તે ખોવાઇ જાય તે પહેલાં જ કોઈ દુઃખીની આંખનાં આંસુ લૂછવામાં વાપરી શકાયા હોય તો અનેરો આનંદ અનુભવાય–ખરું ને ?

ઇચ્છા છે મારા હૃદયની.........

—વાલજી આર. પાચાંણી
(ઇટારસી.) બી એસ. સી [ફાઇનલ]

ઇચ્છા છે મારા હૃદયની,
પ્રલય-દશ્ય ને જોઇ લઉં.

જીવન એક નિશ્ચિત અવધિ છે,
મૌત અવશ્ય સમ્ભાવી 'ઘટના' છે.
ઇચ્છા છે મારા હૃદયની,
બે-દિવસ વધુ જીવી લઉં.

'ચમન'નું ફુલ ખીલે છે,
ખીલતું 'ફૂલ' મુરઝાય છે.
ઇચ્છા છે મારા હૃદયની,
'ચમન'નો પ્રવાસ કરી લઉં.

પ્રાતઃ કિરણ સ્વર્ણમય છે,
અસ્તાચલ તેનો અંત છે.
ઇચ્છા છે મારા હૃદયની,
જીવન નું 'રૂપ' જોઈ લઉં.

'સંસાર' એક શતરંજ-ખેલ છે,
'પ્રાણી' એક અદ્ભૂત શિકાર છે.
ઇચ્છા છે મારા હૃદયની,
એક 'ચાલ' હું પણ ખેલી લઉં.

'સમ્બન્ધ' એક કાચી દોર છે,
'બંધુત્વ' એક મોટી ભૂલ છે.
ઇચ્છા છે મારા હૃદયની,
'મિલન' ને જરા પરખી લઉં.

'સમય' ચાલ્યો જાય છે,
'ઇતિહાસ' પુરાણો થાય છે.
ઇચ્છા છે મારા હૃદયની,
'મહાન' પોતાને બનાવી લઉં.

નોળિયા ખસ્યા ને વગડામાં વસ્યા.

કાન્તિ જો. ડઘરવાડા
(કમલકાન્ત)

વાત છે જુના જમાનાની.

એ જમાનામાં નોળિયા, બિલાડીઓની જેમ ઘરોની અંદર જ રહેતા. માણસોની સાથે જ હરતા–ફરતા, માણસના પડછાયા રૂપ જ રહેતા.

એકવાર મોટા મેદાનમાં મનુષ્યોની મોટી મેદની મળી, દરેકના સાથી નોળિયાઓએ પણ જુદો અડ્ડો જમાવ્યો.

આ માણસ સાથી નોળિયાઓએ ચૂપચૂપ થતો તીણો અવાજ સાંભળ્યો. અવાજ તરફ શોધ કરતાં એક દર જોયું. દર નજીક સ્પષ્ટ અવાજ આવ્યો. નોળિયા દરમાં દાખલ થયા. ત્યાં ઊંડે લાંબા પાતળા રેશમસા પ્રાણી જોયાં. નોળિયાઓને આવકાર મળ્યો. સારા પ્રમાણમાં આગતા-સ્વાગતા થઈ. સ્વાગતથી નોળિયા પ્રસન્ન થયા. અને તે લાંબા–પાતળા, રેશમસા પ્રાણીઓને આમંત્ર્યા. સર્વે બહાર આવ્યા. મનુષ્યોએ આ લાંબા પાતળા રેશમસા પ્રાણી જોયાં. આવા પગ વિનાના પેટે ચાલતા પ્રાણી પ્રથમ જ જોતાં નવાઈ પામ્યા ને ગભરાયા.

'નાસો–નાસો' અને 'નાઠો–નાઠો' કરતા ભાગ્યા. કેટલાક 'નાગો–નાગો' સમજ્યા, ને તે લાંબા પાતળા રેશમસા પેટે ચાલતા પ્રાણીઓ 'નાઠો–નાઠો'માંથી 'નાગો' નામે ઓળખવા લાગ્યા. અત્યારે તે નાગો અને સાપોના નામે ઓળખાય છે.

મનુષ્યો બીકના માર્યા નાઠા તેથી નાગોને શૂરાતન આવ્યું કે આવડા મોટા અમારાથી ડરે છે તો વધુ ડરાવવા તે જોરથી પાછળ પડયા.

આ જોઈ નોળીયાઓને લાગી આવ્યું કે આ તો હાથનાં કર્યાં હૈયે લાગ્યાં. શું તેઓનું બળ તે વધુ ગણાવે છે. આમ વિચારી દરેક નોળિયા નાગોની સામે થયા. નોળિયા નાગોને મારી નાખવા લાગ્યા. ઘણા નાગોને મારી ખાધા. ભારે યુદ્ધથી ઘણા બીકના માર્યા નાસી ગયા ત્યારથી નોળીયા નાગોને દીઠા નથી મૂકતા.

પાતાળ નિવાસી નાગો પાતાળ પેસવા ઘણું મથે છે. તે માટે ઉંદરોના દરોમાં પેસે છે, પણ ઉપરના ઉપર. કોઈને સાચો રસ્તો જડતો નથી ને તે પૃથ્વી પર જ રખડે છે.

આ બાજુ મનુષ્યો નાઠા હતા તે પાછુંવળી જુએ છે તો કોઇને દેખતા નથી, તેથી પોતાની બેઠક વાળી જગાએ પાછા વળે છે. ત્યાં નોળિયાને નાગો વચ્ચે થયેલ યુદ્ધથી લોહિયાળ ધરતી જોઇ. ત્યાં ન દેખાયા નોળિયા કે ન દેખાયા

નાગો મનુષ્યોએ માની લીધું કે નાગોએ નોળિયાના જાન લીધા.

અરે! પણ આ શું! નોળિયાઓનો અવાજ કયાંથી?! આટલામાં નોળિયા દેખાતા નથી તો અવાજ શાનો?

અરે!? પગો પર નોળિયા ચઢયાનો ભાસ શાનો સાચે જ આ મરણ પામેલ નોળિયા ભૂત થયા લાગે છે મનુષ્યો વધુ ડરવા લાગ્યા. નોળિયા ચઢયાના અનુભવવાળી જગાએથી નોળિયાઓને હડસેલી મૂકવા લાગ્યા.

વાચકોને થશે કે આ શું અચરજ. પણ નોળિયા મર્યા નથી. તેઓએ પાતાળ નિવાસી દૈવી નાગોને મારી ખાધા તેમાં નાગોની પાસેના નાગમણિ નોળિયાઓના શરીરમાં ઊતરી ગયા ને તેથી જ આ નોળિયા અદૃશ્ય બન્યા હતા. આ નોળિયા પોતાના મનુષ્ય સાથી સાથે આનંદથી ગેલ કરતા રમવા ઉપર ચઢવા જાય છે પણ તે અદ્રશ્ય છે. નોળિયા મનુષ્યોને દેખી શકે છે પણ મનુષ્યો આ અદૃશ્ય નાળિયાઓને દેખી શકતા નથી. તેથી મનુષ્યો નોળિયાઓને ભૂતો સમજી તેમના શરીરપરના સ્પર્શના આધારે હડસેલી મૂકે છે. છતાં તેઓ બળજબરીથી નજીક આવ્યા કરે છે, ને મનુષ્યો માર્યા કરે છે. છેવટે નોળિયા ખસ્યા ને વગડામાંજ વસ્યા.'

બાકીના ઘરે રહેલા નોળિયા બીજા સાથીદાર નોળિયાઓને ગોતવા ગામમાંથી નીકળી પડયા. સાથીદાર મળ્યા નહિ ને નોળિયા વળ્યા નહિ મનુષ્યો પણ બાકીના નોળિયાઓને તિરસ્કારી કાઢી મૂકવા લાગ્યા કારણ કે મનુષ્યે માનેલા પેલા ભૂત–નોળિયા બાકીના સંબંધીઓને મળવા આવશે તો ઘરમાં ભૂતોનો વાસ થશે તેથી ઘરમાં રહેલા નોળિયાઓને પણ કાઢી મૂકયા. આમ અંતે નોળીયા-ઓને આં વિરહ વસમો લાગ્યો.

નોળિયા અત્યારે પૂરાણી મિત્રતાને કારણે મનુષ્યોને દેખી સામા તાકતા પૂરાણી મિત્રતા યાદ કરતા નાસી જાય છે. ને નોળિયા નાગોને અત્યારે પણ દેખે છે તો મારવા ધસે છે. નાગ ડરીને ભાગી જાય છે પણ નોળીયા પોતાની એશ–આરામી જિંદગીને દુઃખ-મય બનાવી દેનાર નાગોને છોડે કે..!

પહેલો અક્ષર કાઢીને વાંચો.

શાન્તિલાલ ગંગારામ પટેલ
બદામકંપા

- પ્રવીણા મને બહુ ગમે છે.
- રમાનો પ્રેમ દુનિયામાં અજોડ છે.
- વાનર દુનિયામાં શું ન કરી શકે?
- સાજન સેવા એ જ પ્રભુ સેવા.
- સાંકળ આગળ બળ પાણી ભરે છે.
- ચક્રમ પ્રમાણે સવાલોના જવાબ આપો.
- તકરાર કરીને જ કામ કરવું શ્રેષ્ઠ છે.
- વતન સારૂં તો બધું સારૂં.
- બાજરી બજારમાં વેચાય.

છીપનાં મોતી

લેખક : પટેલ તુલસીદાસ ગોપાલદાસ
રમોસકંપા

- પ્રેમ કરવો હોય તો ઈશ્વર જોડે જ કરજો, જે તમને તેના પ્રેમમાં નિષ્ફળ નહીં બનાવે.
- સત્યને બચાવની જરૂર રહેતી નથી.
- માગ્યા વગર કોઈને શિખામણ આપશો નહીં, નહિતર અપ્રિય બનશો.
- મૈત્રી એ આનંદનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર કરે છે.
- આતિથ્ય વગરનું ઘર ખંડેર સમાન છે.
- મૌન જ વાણીનો ભંડાર છે.
- જ્યાં વિલાસ છે ત્યાં વિકાસ નથી.
- સંસ્કાર વગરનો જ્ઞાની, વિવેક વગરનો શ્રીમંત અને વિચાર વગરનો ઉદ્યમી સરવાળે નુકશાન જ કરે છે.
- તમે જે માર્ગ ઉપરથી પસાર થાઓ એ માર્ગ ઉપરથી કાંટા ઉપાડી લઈ ફુલ ખીલવતા જજો.
- સદ્‌ગુણ વગરનું જીવન એકડા વગરના મીંડા જેવું છે.
- સોનાની કસોટી અગ્નિ કરે છે અને માનવીની કસોટી સોનું કરે છે.
- અનુભવ એ જીવનપંથના ખાડાટેકરા બતાવતો માનવીને સાચે રાહે લઈ જતો દિવો છે.
- મહાન બનવું હોય તો નાના બનતાં શીખો.
- સત્ય એ ખૂબ જ ખેડાયેલો રાજમાર્ગ છે, અને જ્ઞાન એનો ભોમિયો છે.
- એક અવિચાળી વાક્ય સદ્‌ગુણ ભરેલી જિંદગીને ઝેર સમાન બનાવી દે છે.
- નકામો ખર્ચ કરનાર ધનવાન એક દિવસ નિર્ધન બને છે.
- ચિંતા અને ચિતા એમાંથી ચિતા મુડદાને જલાવી દે છે જ્યારે ચિંતા એ તો જિવતા માનવીને રોજ જલાવે છે.

"સ્વપ્ન કથા"

સંકલન :- શ્રી શામજીભાઈ એસ. પટેલ
વડોદરા.

લૂણી અને નર્મદા વચ્ચેની ધરતી પર દોડતા ઘોડાઓના ડબલાથી ઊડતી ધૂળ આંખોને આંધળી બનાવતી હતી. દોડતા ઘોડાઓના ડાબલાના અવાજ કાનોને બહેરા બનાવી રહ્યા હતા. પણ ચિત્તોડના દરબારમાં થતા નર્તકીઓના ઝાંઝરના ઝમકાર એનાથી કંઈક વધારે સશક્ત સિદ્ધ થયા. ઢાલ–તલવારનું અસ્તિત્વ નાચ–નખરામાં ખોવાઈ ગયું. એક પણ તીર કમાનમાંથી ન છૂટ્યું, એક પણ તલવાર મ્યાનમાંથી બહાર ન નીકળી, એક પણ સૈનિક ઘાયલ ન થયો. અને એક લાખ ને વીસ હજારની જંગી ફોજ સાથે મહંમદ ઘોરી સીમા ઓળંગીને આગળ ને આગળ વધી રહ્યો. આણુ તો શું, આની પહેલાં પણ કંઈકના સિમાડા ઓળંગીને વિના રોકટોક એ આગળ વધી રહ્યો હતો.

ગુપ્તચરો દ્વારા આવેલી ખબર રાણીવાસમાં પહોંચી ગઈ આ સમાચાર સાંભળી મહારાણી ચિંતિત બની ઊઠી. મહારાજને પૂછવાથી સીધોસાદો ઉત્તર મળ્યો : ' હા, મહંમદ ઘોરી આગળ વધી રહ્યો છે પણ એમાં ચિંતાની કોઈ વાત નથી. એ તો અણહિલવાડને જીતવા જઈ રહ્યો છે.'

'તો એને રોકયો શા માટે નહિ, મહારાજ! શું અણુહિલવાડમાં રાજપુત મૂળરાજનું રાજય છે, અને આણુ કાયરોની રાજધાની છે?'

'મહારાણી જે વાતમાં તમને સમજણ નથી પડતી એમાં તમે માથું ન મારો.' મહારાજે ક્રુદ્ધ સ્વરે કહ્યું.

'તો પછી મહારાજ મને સમજાવે કે, એની સેનાને કોઇ સંબંધીની જાન માફક અહીંથી જવા કેમ દીધી? શત્રુના આગમન વખતે નાચગાનના આ જલસા શા માટે રચાવ્યા?

'કારણ કે મહમ્મદ ઘોરી આપણો શત્રુ નથી. ઉલટું, એની અપાર સેના અને અનંત શકિત આપણા શત્રુના ગર્વના ચૂરેચૂરા કરવા જઈ રહી છે. મહારાજ મૂળરાજની જડ ઉખાડી નાખીને જ એ જંપશે. એની ખુશીમાં જ આ ઉત્સવ રચાવ્યો છે.'

'પરંતુ મહમ્મદ ઘોરી અણુહિલવાડને જો જીતી લેશે તો આપણે માટે એ ભયરૂપ નહિ બની જાય? શું મહમ્મદ ઘોરી...' બોલતાં બોલતાં મહારાણીનો કંઠ રૂંધાઈ ગયો.

'આપણે એની સાથે સંધિ કરીશું.'

'એટલે એનો અર્થ તો એ થયો કે

મહારાજ મૂળરાજ મૃત્યુને ભેટીને પણ જીવી જશે, જ્યારે આપણે જીવતે જીવ મોત ભોગવ્યા કરવાનું એ જ ને!'

મહારાજની ક્રોધિત આંખો મહારાણી ભણી ફરી. પલભર માટે મહારાણીનું સમસ્ત શરીર ભયની ધ્રૂજારીથી કંપી ઊઠ્યું. પણ આજે એ મહારાજથી પણ વધુ ક્રુધ્ધ હતી.

મહારાજ અગ્નિ ઓકતા હોય એમ બોલ્યા : મારી સમક્ષ એની બિરદાવલી ગાનારાની શી હાલત થાય છે, એ તો તમે સારી રીતે જાણો છો, રાણી, હવે એક શબ્દ પણ બોલશો નહિ, નહિ તો એનો અંજામ બહુ બૂરો આવશે.'

'પણ મારી વાતનો ઉચિત ઉત્તર મળ્યા વિના હું ચૂપ નહીં રહી શકું. મહારાજ, મને એ જણાવવાની તકલીફ લ્યો કે, અણહિલવાડના પરાજય બાદ સંધિ સિવાય આપની પાસે બીજો કયો માર્ગ રહેશે?'

મહારાજ ચૂપ રહ્યા. આ પ્રશ્નનો ઉત્તર એણે કદી પોતાની જાતને પૂછ્યો ન હતો.

'તમે સંધિ કરશો, એ મલેચ્છ સાથે સંધિ કરશો. કે જે હજારો કોસના અંતરેથી અહીં આવી, આપણી સભ્યતા અને આપણી સંસ્કૃતિને મિટ્ટીમાં મિલાવવા ચાહે છે એ બર્બર સાથે સંધિ કરવીએના કરતાં લાખ દરજ્જે સારું છે. કે આપ અણહિલવાડના દરબાર સાથે સંધિ કરી લ્યો.'

'મહારાણી...' મહારાજ ચીસ પાડતા બોલ્યા: જો તમે મારા ચાર પુત્રોની માતા ન હોત, તમે અમારા ઉત્તરાધિકારીની જનેતા ન હોત...તો...'

તો મને હાથીના પગ તળે કચરાવી નાખત, એમ ને? પણ મહારાજ, મૃત્યુકાળની એ ભયાનક યાતના તો હું અત્યારે જ ભોગવી રહી છું એનું શું? અને કદાચ, જો તમારો ઉત્તરાધિકારી પણ તમારી માફક દેશને લૂંટાતો જોઇ રહેશે, તો લોકો મારા માતૃત્વ પર થૂ કશે. જ્યારે મારા કાને આ સમાચાર આવશે ત્યારે એ ચારેય કપૂતોને મારા હાથે જ હું ઝેર દઇ દઇશ. મારી રગેરગમાં ક્ષત્રાણીનું લોહી વહે છે'

થોડી પળ ઉશ્કેરાટભરી વીત્યા બાદ મહારાણી આગળ બોલી: 'તમે કાયર નથી એ તો હુ સારી રીતે જાણું છું રણમેદાનમાં તમને કોઇ હરાવી શક્યું નથી. પણ એકતા પાસે તમે ન ટકી શક્યા. મને દિનરાત એ ડર સતાવે છે કે તમારા અવગુણને લીધે, કદાચ ઇતિહાસના પૃષ્ઠો પર આપનું નામ સુવર્ણ–અક્ષરને બદલે કાળા અક્ષરે ન લખાય!'

અને આંખમાં આવેલા આંસુ લૂછી

જ્યાં મહારાણીએ ઊંચુ જોયું ત્યાં તો મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા હતા. મહારાણીને આછી એવી આશાની દોરી મળી ગઇ પણ આખા દિવસની પ્રતિક્ષા બાદ પણ રણભેરીનો સ્વર એને ન ન સંભળાયો, તે ન જ સંભળાયો.

ઘોરીની સેના ચારપાંચ કોસ દૂર જ છાવણી નાખીને પડી હતી. અણહિલવાડ પહોંચવા માટે આઠ–દશ દિવસ પૂરતા હતા. મહારાણી રાતે પણ મહારાજની પ્રતીક્ષા કરતી રહી, પણ એમાં એને નિરાશા સાંપડી. અર્ધજાગ્રત અવસ્થામાં પલંગપર પડીપડી એ પડખાં ફેરવી રહી હતી. દેશનું અંધકારમય ભાવિ એને બેચેન બનાવી રહ્યું હતું.

અર્ધીરાત વીતી ગઈ એટલે એણે રિપુદમનને જગાડયો. ભરઊંઘમાંથી બેબાકળો ઊઠેલો યુવરાજ એને પૂછવા લાગ્યો : 'મા, તમે! શું વાત છે, મા? કુશળ તો છો ને? '

કુશળ કયાં છું, મારા દીકરા! આજે હું કુશળ નથી. કાલે પણ કુશળ નહિ હોઉં મારી કુશળતા તો તારે જ શોધી લાવવાની છે, બેટા. આજે મારા દૂધનું મૂલ્ય માગવા હું તારી પાસે આવી છું.'

'મા, કંઈ સ્પષ્ટ વાત તો કરો.' યુવરાજ હવે પૂરેપૂરો જાગ્રત થઇ ગયો હતો.

'બેટા, મહમ્મદ ઘોરી આપણી સીમા પર આવીને ઊભો છે.'

'હા, મા. આપણી સીમા ઓળંગી એ આગળ વધી રહ્યો છે.' રાજકુમારે આશ્વાસન આપતા કહ્યું.

'અને એનો રસ્તો તેં ન રોકયો! તમારા જેવા સિંહો આ ભૂમિ પર આળોટતા હોય અને શત્રુ આપણી સીમા ઓળંગીને જાય એ મારૂં દુર્ભાગ્ય છે. જેણે તને જન્મ આપ્યો એ માનું દુર્ભાગ્ય છે. અણહિલવાડની દુર્દશાની કલ્પના કરી પ્રસન્ન થઈ રહ્યો છે ને! બેટા, આજ જૂના ઝઘડાઓ ભૂલી જવાનો અવસર સામે પગલે આંગણે આવ્યો હતો. પણ તેં તેમજ તારા પિતાજીએ એને જાકારો દીધો. બેટા, તું મારા દૂધનું મૂલ્ય આજ ચૂકવી દે. ઘોરી આવી રહ્યો છે એ સમાચાર અણહિલવાડના મહારાજાને પહોંચાડી સચેત કરી દે.'

'પણ મા, એમની સાથે તો આ પ્રમાણે જ થવું જોઈએ. એ એ જ લાગના છે.'

'કારણ કે તમને એ એમનાથી ઉતરતા સમજે છે, એટલે ને?'

'હા, મા.'

'તો સાંભળ, ગજનીના હાથે તમે વેચાઈ જશો, છતાં મોટા નહિ બનો.'

'પણ મા, પોતાના માણસો પાસે માનની અધિક આશા રહે છે. એમણે

માથી વંચિત રાખ્યા છે. અગર જો માનની દષ્ટિથી એ આપણને જોતા હોત તો, તારા એ જ દૂધના સોગંદ ખાઈને કહું છું, મા! ચોરીને એક એક તસુ જમીન માટે પોતાના સો સો સૈનિકોનો ભોગ આપવો પડત પણ હવે અમારાથી કાંઇ પણ થઇ શકે તેમ નથી."

'ભલે તમે બધા કંઇ જ ન કરો. પણ મારા એક પ્રશ્નનો જવાબ તો આપ. અણહિલવાડના પરાજય બાદ એ આપણા પર આક્રમણ કરશે ત્યારે તમે શું કરશો.

"વિપરીત સ્થિતિમાં તલવાર ચલાવવાનું અમે પણ શીખ્યા છીએ, મા તમે નચિંત રહો."

"તલવાર પકડવાનો અવસર આવી ગયો છે, બેટા! વિપરીત સ્થિતિ પોતાનું રાક્ષસી મ્હોં પહોળું કરીને ઊભી છે પણ હજી કાંઈ વડી–પાપડ વંકી નથી ગયાં. તું અણહિલવાડની સહાયતા ભલે ન કરે. અણહિલવાડ એના પરનું આક્રમણ ભલે પોતે જ ખાળીલે. પણ એ સૂતેલા સિંહને વિશ્વાસઘાતના પંજામાં પડતો તો બચાવ ઘોરી અણહિલવાડ પહોંચે ત્યારે એને અણહિલવાડનો દુર્ગ ભિડાયેલો નજરે પડે એટલું જ હું તારી પાસે માગી રહી છું" રાજકુમારની વિચારમય મુદ્રા જોઈ રાણીએ પોતાની વાત પર જોર આપતાં કહ્યું : 'અણહિલવાડનાં દ્વાર ચોરીને બંધ થયેલાં મળે રિપુદમન, કેવળ આટલું જ મારા દૂધનું મૂલ્ય તારી પાસે માગું છું, આપીશને મારા લાલ

પણ મા તું ભૂલી કેમ ગઇ કે એનાથી ચડિયાતો આપણો કોઇ શત્રુ નથી!'

જાણું છું બેટા! તારા ભાઇનું માગું આપણે જ્યાં નાખ્યું હતું એ કન્યા સાથે એણે પોતાના પુત્રનાં લગ્ન કર્યાં. હું એ પણ જાણું છું કે તારા બાપુએ જ્યારે સિંહનો શિકાર કર્યો ત્યારે એણે કહ્યું હતું કે, હવે તો ગીધે પણ સિંહને મારવાનું સાહસ કરવા માંડયું છે! આ બધું મને યાદ છે બેટા! પણ એ બધીય યાદોને ઢાંકી દેતી એક મોટી વાત મારી નજર સમક્ષ સ્પષ્ટ દેખાઇ રહી છે. આજની સ્થિતિની ભયાનકતા. આજના દિવસનુ આપણું કર્તવ્ય. એની સમક્ષ પેલી બધી વાતો બિલકુલ વામણી લાગે છે. રિપુદમન, તમે ચારેયભાઇઓ અંદરો અંદર લડશો તો પણ માની શાન જાળવવા જરૂર એક થઇ જશો. મારો તો એ વિશ્વાસ છે, બેટા! મારી એ શ્રધ્ધા ઇમારતને ખંડિત ન કરીશ, મારા લાલ. જનની જન્મભૂમિને બચાવવાનો પ્રસંગ જયારે આવ્યો છે ત્યારે આણુ અણહિલ વાડ એ ન રહે પણ એક બને. નહિતર આવનારી નવી પેઢી આપણા પર થૂંકશે'

 રાજકુમારને હજુય ચૂપચાપ ઉભેલો જોઈ રાણી અકળાઈ : 'હું તને પુછુ છું કે તારી નજરે અણહિલવાડની સ્ત્રીઓનું સતીત્વ લૂંટાતુ તું જોઈ શકીશ?' આટલું બોલતાં બોલતાં તો એનાં આંસુ આડે બંધાયેલો બંધ તૂટી ગયો. કુમારના ખભા પકડી ઢંઢોળતાં એ બોલી : અણહિલવાડનાં ભવન સળગતાં જોઈ તારી છાતીમાં શું ઠંડક થશે? એ જ ભયાનકતા પછી આપણી હશે. ત્યારે આપણી કોઈ ઇચ્છા કામ નહિ આવે. અત્યારે સમય છે, મારા લાલ પોતાના પુત્રને રણમેદાનમાં મોકલવાનું ગૌરવ મને દે. આજે સંકટમાં ઝુઝવાનો અવસર આવ્યો છે. હું આ અવસર એળે ગુમાવવા નથી ઇચ્છતી મારું મન વારંવાર કહ્યા કરે છે કે મારુ પણ કર્તવ્ય છે એ કર્તવ્યને પૂરું કરવા અત્યારે હું તરફડી રહી છું.

બીજે દિવસે રાજકુમાર રિપુદમન, આબુથી દશેક યોજન દૂર ગયો ત્યારે ઉષાએ અનેરા ઉત્સાહથી એને ભાવભીની વિદાય આપી. ઝડપી ગતિવાળા અશ્વો પર માર્ગ કાપતો કુમાર પોતાના ચુનંદા પંદર સાથીદારો સાથે આગળ ધપી રહ્યો હતો. રસ્તામાં પડાવ નાખીને પડેલા ઘોરીના સૈન્યને થાપ આપી, અણહિલવાડ ભણી એમણે ઘોડા દોડાવ્યા એકપણ ક્ષણનો આરામ કર્યા વિના મુસાફરી કરી ત્રીજી સંધ્યાએ અણહિલવાડ એ આવી પહોંચ્યા.

એમને મહારાજા સમક્ષ રજુ કરવામાં આવ્યા ત્યારે મહારાજા વ્યંગભર્યું હાસ્ય કરતાં બોલ્યા : 'આબુનરેશનો પુત્ર અહીંયાં ક્યાંથી? તમારી લોખંડી ચોકીને ભેદીને એ અહીં જીવતો કઇ રીતે આવી શક્યો?'

મહારાજ, એમણે હથિયાર જમીનપર નાખી દઈ, આપના નામની દુહાઈ આપી હતી' દ્વારરક્ષકોએ જણાવ્યું.

હથિયાર જમીન પર નાખતાં એમને સરસ આવડે છે.' મહારાજનું કટાક્ષબાણ રાજકુમારના હૃદયને વીંધી ગયું. એની સ્નાયુબદ્ધ ભુજાઓ ફરકી ઊઠી વિશાળ આંખોમાં રતાશસુંદરીઓ રમવા લાગી પણ કડવો ઘૂંટડો ગળે ઉતારી જઈ એ બોલ્યો : 'આજે પોતાના સ્વજન સમક્ષ હથિયાર નીચે નાખવાનો અને પરદેશી શત્રુઓ સામે ઉઠાવવાનો અવસર આવ્યો છે મહારાજ, એ માટે જ અમારાં હથિયાર આપની સેવામાં રજુ કર્યા છે.'

મહારાજ મૂલરાજના અટ્ટહાસ્યથી રાજદરબારની દીવાલો ધ્રૂજી ઊઠી : 'અમે જ્યારે જ્યારે ઇચ્છ્યું છે ત્યારે ત્યારે તમ રાં હથિયાર અમારા ચરણોમાં આવીને પડયાં છે, રાજકુમાર! એને માટે તમારે કોઇ વિદેશીની સહાયતા લેવી જરૂરી નથી. તું ભુલો પડીને અમારી હદમાં આવી ગયો છે તો અમારું સ્વાગત

સ્વીકારીને જ પાછો જજે. તારી સરભરા અમે ખુબજ સારી રીતે કરીશું.'

કુમારે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો : 'અમે કોઈ પણ વિદેશીના અંચળામાં શરણું નથી લીધું, મહારાજ. પરંતુ આપની આ વિશાળ શકિત સમક્ષ અમારી જાતનું સમર્પણ કરી રક્ષાયજ્ઞમાં અમે અમારા તરફથી અર્ધ્ય આપી રહ્યા છીએ, મહારાજ ઘોરી આપના પર આક્રમણ લઈને આવી રહ્યો છે. પાંચ-છ દિવસમાં તો એ અણહિલવાડના સીમાડાને આંબી જશે. મારા પિતાજી તો આપની સાથેના વેરને વળગી રહ્યા છે, પણ મારી મા મારું બલિદાન આપવા ઉત્સુક બની રહી છે. એ એમ કહે છે કે, આપણે અંદરોઅંદર લડીએ છીએ. પણ જો આપણે એક થઈશું તો વિદેશીનું આક્રમણ આપણો વાળ વાંકો નહિ કરી શકે. આપને ઘોરીના આક્રમણ સામે ચેતવવા જ મને મોકલ્યો છે.

થોડીક ક્ષણો ચૂપ રહી મહારાજે આદેશ આપ્યો : 'રાજકુમાર અને એના સાથીઓને રહેવા માટેનો પ્રબંધ કરો. રાજકુમારના કથનની સત્યતા જાણ્યા પછી એમને મુકત કરવામાં આવશે.

રાજકુમારે ફરી આગ્રહ કર્યો : 'મહારાજ ભલે અમને બંદી બનાવવામાં આવે. પરંતુ મારી વાત પર જરા પણ અવિશ્વાસ કર્યા સિવાય દુશ્મનનું આક્રમણ ખાળવા કટિબદ્ધ બનો. રસ્તામાં અમે એમની છાવણીઓને થાપ આપી આવ્યા છીએ એની પાસે અંદાજે સવાલાખનું સૈન્ય છે.'

યુધ્ધની તૈયારીઓ તો શરૂ થઈ ગઈ પણ રાજકુમારના કથન પર તો ત્યારે જ વિશ્વાસ મૂકવામાં આવ્યો કે જયારે ઘોરીએ અણહિલવાડ ફરતો ઘેરો ઘાલ્યો. અંધારી ઘનઘોર રાત્રિ હતી. રાજકુમારને રાખવામાં આવેલ ગૃહનાં દ્વાર ત્યારે ઊઘડયાં મહારાજ સ્નિગ્ધ સ્વરે બોલ્યા : 'કુમાર, આજે આબુનો હાથ ઊંચો થઇ ગયો છે અણહિલવાડને આવી સખ્ત હાર ખાવી પડશે એવું મેં સ્વપ્નેય વિચાર્યું નહોતું, ચાલો ચેતવાનો સમય મળ્યો છે તો કદાચ સંભવ છે કે દેશનું ભાવિ સુધરે પણ ખરું હવે તમે જઇ શકો છો. અમારા પસંદ કરેલા સો સૈનિકો તમારી રક્ષા માટે સાથે મોકલુ છુ કુશળતા પુર્વક તમે આબુ પહોંચી ગયા છો એ સમાચાર મળ્યા પછી જ હું રણમેદાનમાં અંતિમ સોડ તાણીશ. ઘોરી માટે અહીંનુ રણક્ષેત્ર પંજાબ જેટલું સુલભ નહિ હોય.

'તમારાં પુજય માતાજીને મારો આટલો સંદેશો અવશ્ય આપજો કે, જો આ યુદ્ધમાં ઘોરી હારશે તો આ વિજયનો યશ આબુ-દરબારને મળશે. મારી એ વિરાંગના બહેનને રજપુતોનાં

શિર ઊંચાં કરી, અમને એકતાનો પાઠ શિખવાડ્યો છે. અગર આ યુધ્ધમાં હું જીવતો રહીશ તો હું પોતે આપને આવીશ. પણ અત્યારેતો મારી આ શ્રધ્ધા તું જ એમનીસમક્ષ વ્યક્ત કરજે.'

મહારાજ જેવા શાંત થયા એવો તરત જ રિપુદમન હઠીલા બાળક માફક બોલી ઊઠયો : નહિં મહારાજ મારી માને આપ સન્માન આપવા ઇચ્છતા હો તો એના એક પુત્રને ઘોરીની સેના સામે લડવાનો અનેરો અવસર આપો. મારા પર જો આપને વિશ્વાસ હોય તો ગઢની રક્ષામાં મને શામેલ કરો.' મહારાજ ચૂપ રહ્યા એટલે કુમારે
દૃઢ દૃષ્ટિ એમની તરફ કરી પૂછ્યું : મારા પર આપને સંદેહ તો નથીનેમહારાજ !'

'ના, બેટા. બિનજરૂરી સંદેહ કરવાનું રજપુતો નથી શીખ્યા. પણ એક વાત અવશ્ય છે. અણહિલવાડ અને ઘોરી વચ્ચેના યુદ્ધમાં તારું, બલિદાન દેવુ મને ઉચિત નથી લાગતું.

ઉત્તેજિતકુમારે વચ્ચેથી વાત કાપતાં કહ્યું ; 'જો ફક્ત અણહિલવાડ વિરૂદ્ધ જ ઘોરીનુ યુદ્ધ હોત તો મારી મા મને અહીં શા માટે મોકલત ? ઘોરીનું આ યુદ્ધ સમસ્ત ભારતવર્ષ સામે છે. સમસ્ત ભારતની સંસ્કૃતિને માટીમાં મિલાવવાના મનોરથો સાથે આ યવન અહીં આવ્યો છે. શું અણહિલવાડ જ સમસ્ત દેશનું પ્રતિનિધિત્વ કરશે ? આબુનાં બલિદાન તેમજ ત્યાગને આ યજ્ઞમાં ભાગ લેવાનું સૌભાગ્ય શું નહિ સાંપડે ?'

મારા લાલ, આ યજ્ઞમાં ભાગ લેવાનો તમારો પૂરો અધિકાર છે. આ તો આપણી અંદરોઅંદરની ફૂટનું પરિણામ છે. એટલે તો ઘોરી આપણા દેશમાં આટલી આસાનીથી અહીં સુધી ઘૂસી આવ્યો કોઇએ એને પડકાર્યો નહિ હવે તો મૃત્યુ અમારૂં સ્વાગત કરતું સામું આવીને ઊભું. છે અમે તો જીવનનો મોહ છોડી દીધો છે હા આ યુધ્ધ પૂરુ થયા પછી જો જીવતો રહીશ તો દેશને અખંડતાના સૂત્રમાં બાંધવા મારી પાઘડી બધાયનાં ચરણોમાં રાખી દઇશ અને સંભાળ, તારે ઉત્તરી દ્વારની રક્ષા કરવાની છે.'

ઘોરીએ આવા ભયાનક શત્રુની કલ્પના પણ કરી નહોતી ભયાનક યુધ્ધ થયું અણહિલવાડ–નરેશ જાણે કાળાનું સ્વરૂપ ધારણ કરી યુધ્ધમેદાનમાં કૂદી પડયા. યુધ્ધમાં મૃત્યુ પામેલા પોતાના બને રાજકુમારોનાં અંતિમ દર્શન કરવાની ઇચ્છા પણ એમણે ન દર્શાવી. એમણે આદેશ આપ્યો કે, બંને કુમારોના અગ્નિસંસ્કાર જરાય વિલંબ વિના કરવામાં આવે. મૃત્યુના એ મહાસાગરમાં ડૂબેલા પુત્રો, ભાઇઓ, સબંધી, સૈનિકોને, પ્રજાજનો વિજયના જાણે સેતુ બની ગયા અણહિલવાડના શૂરા સૈનિ- કોની વીરહાક જય રણચંડીથી લૂણી અને

નર્મદા વચ્ચેનો ભૂખંડ જાણે ગુંજી ઊઠ્યો. ઘોરીના સૈનિકો ભાગી ગયા. એમને ક્યાંય દૂર સુધી તગડી મૂકી મહારાજ મૂળરાજ પાછા ફર્યા ત્યારે અણહિલવાડમાં વિજયના શંખનાદને રુદન એકસાથે ગૂંજી ઉઠયાં.

રિપુદમનના શબનાં દર્શન કરતાં જ મહારાજ યમરાજમાંથી કરૂણાની મૂર્તિ બની ગયા એમની વૃદ્ધ આંખોમાં વિજયના ગૌરવ સાથે પરાજયની છાયા પણ છવાયેલી હતી. રાજકુમારના મસ્તકને પોતાના ખોળામાં લઈ, એના વાળમાં આંગળીયો ફેરવતાં એ બોલ્યા: બેટા, એકતાના મહેલના પાયામાં તારી માતાની પહેલી ઈંટ પડી છે.' આટલુ બોલતાં બોલતાં તો એનો કંઠ રૂંધાઇ ગયો.

રાજકુમારનાં અસ્થિ આબુ મોકલતી વખતે આબુનરેશને મહારાજે એકપત્ર પણ સાથે પાઠવ્યો.

આ પત્રના અંતમાં લખ્યુ હતું: 'મારી શકિત–સ્વરૂપા બ્હેનને આ પુત્રના મૃત્યુની વધાઇ આપી જણાવશો કે, ભલભલા શૂરવીરોને પણ ઇર્ષ્યા આવે એવા મૃત્યુને ભેટી, એ અમર થઈ ગયો છે.

આ સાંભળીને મહારાણી બોલી ઊઠી: મહારાજ, જુઓ, મારી કૂખે આબુની લાજ રાખી. હું કેટલી ભાગ્યવાન છું! મારો લાલ શત્રુઓને તગડતાં તગડતાં મૃત્યુને ભેટ્યો. હવે ચૂપ કેમ થઇ ગયા છો? મને વધાઇ કેમ નથી આપતા?'

મહારાજે રાણીને તંદ્રામાંથી ઢંઢોળી, જગાડતાં કહ્યું: 'જાગો રાણી સ્વપ્નામાં તમે દુઃખ ભોગવી રહ્યાં છો.'

રિપુદમનને પણ બોલાવવામાં આવ્યો. ખૂબજ નવાઇ પામી હોય એમ મહારાણી મહારાજને તેમજ એની આજુબાજુના વાતાવરણને નિહાળી રહી એની નજર રિપુદમન પર પડતાં જ એ ચોંકી ઊઠી.

'રિપુદમન બોલ્યો: મા, હું છું.'

મહારાણી પાગલ માફક ચીસ પાડી ઊઠી: 'તું મૃત્યુ પામ્યો નથી? તું કેમ મૃત્યુને ભેટ્યો નહિ રિપુદમન?' અને એ રડતાં રડતાં બોલી: 'શું એ માત્ર સ્વપ્ન જ હતું?

'હા, મહારાણી! તમે કદાચ સ્વપ્નું જ જોયું હશે!'

'સ્વપ્નામાં મેં દેશને અખંડિત જોયો. અત્યારે જાગી ત્યારે એના ટુકડેટુકડા થયેલા દેખાય છે એ સ્વપ્નું લાંબા કાળ સુધી ચાલ્યા કર્યું હોત તો કેટલુ સારું હતું! મહારાજ-જાગીને તો હું દુઃખી દુઃખી થઇ ગઇ છું. સ્વપ્નામાં મેં જે એકતાનો મહેલ જોયો તેમાં મારો એક પથ્થર પણ જડાયેલો હતો પણ જાગી જતાં એને દૂર પડેલો જોઉં છું. દેશના એ દુશ્મન સામે તું કેમ ન

 ...રિપુદમનને ? તું મારી નજર સામેથી દૂર થા, રિપુદમન ! નહીંતર હું પાગલ થઇ જઇશ. મારે એકાંત જોઇએ છે.'

પછી પોતાની સાથે વાત કરી રહી હોય એમ એ બોલી; ઇતિહાસકાર અમારા કપાળ પર આ કલંકનો ટીકો લગાવી લખશે : અંદરોઅંદરના કલહે દેશનો સર્વનાશ સરજી નાખ્યો.' ભવિષ્યમાં જ્યારે કોઇ મતાનો લાલ એકતાના આ મહેલની ઇંટ બનશે, એ મારો રિપુદમન બનશે. એ દિવસે મારો આત્મા અપૂર્વ શાંતિ અનુભવશે.' ★

પ્રેરક સંતવાણી

સંપાદક : રાજેશ હંસરાજભાઈ પટેલ
દહાણુ રોડ

★ સંસાર- વહેવારમાં અનેક જીવોની સાથે આપણો સંબંધ છે. તે બધા જીવો સાથે તેમનું કંઇ પણ નબળું પાસું જોયા કર્યા વિના આપણા પોતાના આન્તરવિકાસ ખાતર સર્વત્ર સદ્ભાવ પ્રગટાવવાનો છે.આપણે તેમને માટે ત્યાગ કરવાની ભાવનાવાળા બનવું જ પડશે. તેમને માટે વિરોધ ને વિરોધસહન કરવાનું આપ મેળે આવી મળે તેને તપ સમજીને ભોગવીએ તો જ જીવન ઊંચું આવી શકે.

★ માનવીના હૃદયમાં જાગેલો સદ્ભાવ જ બીજાનામાંનું જે ઉત્તમ તત્વ છે તેને પારખી લેતો હોય છે. મૂલ્ય કે મહત્વ સદ્ભાવનું જ રહેલું છે.

★ જીવનમાં સદ્ગુણોનો સંપૂર્ણ પ્રભાવ પ્રગટયા વિના જે તે બધા જીવો સાથે આપણે ઉત્તમપણે વર્તી શકવાના નથી.

★ આપણે કોઈનાથી દુઃખી થવાપણું હોતુ નથી. બીજાને લીધેઆપણે દુઃખી થઈએ છીએ માન્યતામાં ખરેખર દોષ છે. ખરું જોતાં,આપણે જાતે જ આપણી પ્રકૃતિ અને આપણા સ્વભાવ (મન, ચિત્ત, બુદ્ધિ પ્રાણ અહંકાર) નાં વલણોને લીધે દુઃખી થતા હોઈએ છીએ.

★ આપણને પ્રગટતા વિચારો, વૃત્તિવલણો તથા જુદી જુદી વ્યક્તિઓના સંબંધોને લીધે થતા આઘાત પ્રત્યાઘાતો આ બધુ જેમ જે રીતે પ્રગટે તેમ તેનું ઝીણવટથી નિરીક્ષણ કરતાં આપણે આપણો જીવસ્વભાવ કેવા પ્રકારનો છે તે સમજી શકીએ છીએ.

★ આપણો સ્વભાવ જે વ્યક્ત કરે તે હમેશાં સાચું છે, એમ માનવામાં મોટી ભ્રમણા રહેલી છે નજરે જોયેલું પણ કેટલીક વખત ખોટુ હોવાનો સંભવ છે. આપણે નરી આંખે જે જોયેલું હોય છે, તે જોવામાં આપણા મનની જેવી સ્થિતિ હોય–જે પ્રકારની સમજણ હોય તે જ પ્રકારનો મર્મ અને સંદર્ભ આપણનેદેખાય છે.
એટલા માટે, બીજાને યોગ્ય રીતે સમજવાને માટે આપણા સ્વભાવની સમજણથી તેને ન જોતાં, તેની સમજણની રીતે તેના દ્રિષ્ટકોણથી તેને જો જોવાનો અને સમજવાનો પ્રયત્ન કરીએ તો પરસ્પરમાં સારો સુમેળ પ્રગટી શકે.

★ પ્રકૃતિ અને સ્વભાવ કોઈ કાળે સુધરી શકે નહિ એ માન્યતા ખોટી છે. એ સુધારણા શક્ય છે ને સાધ્ય છે.

★ જેની જેની તરફ આપણને અણગમો કે કંટાળો જાગતો હોય. તેને તેને વધારે ચાહી ચાહીને દિલથી વધારે ગમવાનું બને તેવી રીતે આપણે વર્તવાનું છે. એ માટે પ્રત્યેક વ્યક્ત અને ઉજળી બાજુ જુઓ, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો અને સર્વત્ર હાર્દિક પ્રગટાવો.

★ મીજાજ ગુમાવવો એટલે ઈશ્વરનો વિરોધ કરવો તેમજ તેને હેરાન કરવો, ને જાતે દુઃખી થવું.



વિચાર કણિકાઓ

સંપાદક : પટેલ બાબુભાઈ દેવજીભાઈ
રામુપુરા કંપા (આમોદ્રા)

- ☐ શુદ્ધ જીવન જીવવા માટેના આચાર શીખવે તે આચાર્ય
- ☐ વટલાવાનો અર્થ એ છે કે પારકાની મહેનતનું ખાવું પવિત્ર આહાર હોય તો જ હૃદય પવિત્ર થાય. જ્યાં આહાર શુદ્ધિ છે ત્યાં હૃદયશુદ્ધિ છે.
- ☐ બાહ્યક્રિયા મહત્વની નથી પણ તે કયા ભાવથી ને કયા હેતુથી કરીએ છીએ એનુ મહત્વ છે.
- ☐ ગુરુ નાળિયેર જેવા હોય છે. નાળિયેરનું ઉપરનુ કઠણ પડ, અંદરની છાલ અને છેવટની કાચલી દેખાય (ભેદાય) ત્યારે જ મીઠું ટોપરુ મળે એવું જ ગુરુના વિશે છે.
- ☐ આપણે એવું જીવન જીવવું જોઈએ કે આપણી જીવવાની રીતથી સમાજમાં કોઈનેય નુકશાન ન થાય.
- ☐ દાન આપવામાં પાત્રને સમય જોતાં આવડે તો જ સાચું દાન થાય નહીં તો લેનાર-આપનાર બેયને નુકેસાન થાય.
- ☐ અમુક ધર્મવાળા બનીને જ અમૂક ધર્મ પાળી શકાય એ વાત બરાબર નથી ધર્મ તો અંતરની વસ્તુ છે બાહ્ય પરિવર્તન કરવાથી કાંઈ ધાર્મિક થવાતું નથી.
- ☐ ધર્મમાંથી વિવેક જાય તો તે ધર્મ અધર્મ થઈ જાય.
- ☐ પૂજ્યતા કે પવિત્રતા ભગવાં કપડાં પહેરવાથી જ નહીં કાળજાનો રંગ બદલવાથી આવે છે
- ☐ પૈસાના નશામાં આપણે શરીરબળ ખોયુ. ભાઈઓ વચ્ચેનો પ્રેમ સંપ ને વિશ્વાસ ખોયો આવો પૈસો સંપત્તિ છે કે વિપત્તિ ?
- ☐ બાળકોનાં નસીબ તમારા હાથમાં છે. એટલે એમના ભલા માટે પણ વ્યસન છોડજો.
- ☐ લગ્ન એટલે શુદ્ધ પ્રેમનું સમજપૂવકનું સમર્પણ.
- ☐ જરાક સરખું કાણુ પણ સમયસર પુરી ન દેવાય તો મોટા બંધ ને પણ તોડી નાખે છે તેમ નાનું સરખું વ્યસન પણ આખા જીવનને ખરાબ કરી નાખે છે કાણું સમયસર પુરી દેવું જોઇએ વ્યસન વહેલી તકેછોડી દેવું જોઇએ.
- ☐ જે સમાજની દરેક વ્યક્તિ પોતાનો ધર્મ અતિશય ચીવટથી પાળે તે સમાજ શ્રેષ્ઠ બને.
- ☐ ગામની કેળવણી નો ચોકીદાર એટલે શિક્ષક.

" રવિશંકર મહારાજ ના સૌજન્યથી "

કોણ ?

પટેલ પ્રેમજીભાઈ જેઠાભાઇ
અંમદાવાદ.

પરણ્યો પુરુષ નયન નમણી નારી ને,
હતો વિદ્વાન પોતે; ન કિધી પ્રિત અક્ષરની,
નિભાવવા સંસાર આ, કમાવા ગયો શહર ભણી,
વહુ કરતી સેવા, ઘરડાં માબાપ કેરી,

આવ્યો છે કાગળ કંથ કેરો,
મા, બાપ. વહુ ત્રણે ભરાણાં નિરક્ષર,
પામી ન શકયા કોઇ, વિગત પત્ર કેરી
મુંજાય મનમાં નારી, વિચાર મનથી કરે,

અતે આવ્યો અંત, તર્કવિતર્ક કેરો,
પહોંચી કન્યા પંથ પર, દીધો પત્ર પથિકને,
ઉત્સુક બની નારી, અવાક થઈ ઘડી બે ઘડી,
આવ્યું, ભાન વિગત પત્ર કેરી જાણવા,

પથિકે કહી વિગત પત્ર કેરી,
ઉછળી પડી સાંભળી વિગત પત્ર કેરી,
કવિ પ્રેમજી પૂછે ? કહો કન્યાનો કોણ છે કંથ

વાંચનાર કે લખનાર (પત્ર)

ટૂંક સાર :— જ્યારે ભગવાને સૃષ્ટિ સર્જી ત્યારે પોતાની શકિતનો બધા માણસોને પરિચય આપ્યો નથી. એટલે કે ઘણા મનુષ્યોને દૈવી શકિત જાણવાને માટે નિરક્ષર રાખેલ છે. ઉપરોકત રૂપક કાવ્યમાં પુરુષ એટલે કે દૈવીશકિત સીધી કે આડકતરી રીતે મનુષ્ય સાથે સંકળાયેલી છે. જ્યારે ભગવાન મનુષ્યને ધરતી પર મોકલે છે ત્યારે મનુષ્ય દૈવી શકિતથી બીલકુલ અજાણ્યો હોય છે માટે તેને દૈવી શકિતનો પરિચય મેળવવા માટે પૃથ્વી પરના પથિક એટલે કે મહાન પુરૂષો કે જે દૈવી શકિત વિષે પરિચિત છે. મનુષ્યે એ મહાન માણસો પાસેથી જયારે દૈવી શકિત વિશે પરિચય મેળવ્યો પછી તે માણસે તેનો જેની પાસે દૈવી શકિતનો પરિચય મેળવે છે. તેને જ પૂજે તે યોગ્ય નથી જરૂર છે કે તેને પોતાને દૈવી શકિત વિશે પરિચય આપ્યો તે બદલ

માન આપવું જોઇએ પણ તેનો અર્થ એવો નથી જ કે જે આપણને દૈવી શક્તિનુ ભાન કરાવે તેજ દૈવી શક્તિ છે.

ઉપરનો સાર વાંચી તમને લાગશે કે ખરેખર આપણે દૈવી શક્તિની જ પૂજા કરવી જોઇએ જે આપણને તેમના ચમત્કારો અથાગ શક્તિ બતાવે તેમને પૂજવા ન જોઇએ. જરૂર છે કે તમે એમને માન આપો.

તાજેતરના વાતાવરણ પ્રમાણે આપણી જ્ઞાતિમાં પણ જે પીરાણાપંથની પૂજા કરે છે તે બીલકુલ ખોટી છે તે આપણને ઉપરોક્ત લખાણમાંથી જણાયું હશે માટે સમજુ માતા, પિતા, વડીલો, ભાઇઓ તથા બહેનો ને મારી નમ્ર વિનંતી છે કે આપણી જ્ઞાતિના આ જે બે ભાગ છે તે આપણી સમાજને અધોગતિના પંથે દોરી જશે માટે 'જાગ્યા ત્યારથીજ સવાર' એમ સમજી ને યોગ્ય કરવા કૃપા.

નોંધ : ઉપરોક્ત લખાણમાં જો અતિશયોક્તિ જેવું લાગે તો માતા, પિતા, વડીલો, ભાઇઓ અને બહેનો પાસે માફી માગું છું.

આપનો
પટેલ પ્રેમજીભાઈ જેઠાલાલ

ભેંશ ભાગોળે ને છાસ છાગોળે (કહેવત કથા)

પટેલ રેવનદાસ સોમાભાઇ
મગોડી લાટ(રતનપુર કંપો)

આપણામાં ખેડુત વર્ગમાં જાનવરો પ્રત્યે ભારે મોહ તેમાંયે સ્ત્રીઓ ભેંસને તો પોતાનું સ્ત્રીધન સમજે છે ખેડા જીલ્લામાં પાટીદારો આ કારણે જ અમુલ ડેરી જેવી અતી જાણીતી ભવ્ય સંસ્થા ઉભી કરવામાં શક્તિમાન બન્યા છે.

વર્ષો પહેલાંની એક કણબી–પટેલ અને કણબણની આ વાત છે કણબી પટેલે કણબણને વાત કરતાં કહ્યું કે મેં એક સારી ભેંસ જોઈ છે તો તે ભેંસ મારી કણબણે કહ્યું–તારી કયાંથી પૈસા તો મારા છે. કણબીએ કહ્યું.–પરંતુ કણબણ જીદ્દે ચડી–અને કહે પણ તેથી શું. હું દોહું, તમને બધાને દૂધ આપું, છાસ પીવડાવું, ઘી ખવડાવું અને ભેંશ મારી નહિ ?

પણ દાણાના પૈસા મારા. ઘાસચારો

મારો અને ભેંસ તારી? વાહરેવાહ કણબી ખીજવાયો કણબણ પણ ખિજાઇને બોલી ભેંશ, મારી મારી ને મારી? સાડી સત્તરવાર મારી, લે રાંડ, ભેંશ તારી એમ કહી કણબીએ ખિજાઇને કણબણને એક લપડાક ચોંટાડી દીધી કણબણે તો રડારોળ કરી મુકી, ધાંધલ મચી ગઈ. બહારથી જતાં વસરામભાઈ દોડી આવ્યા અને કણબીને પૂછવા લાગ્યા, કેમ? રામજીભાઈ શું ધાંધલ માંડયું છે કણબીનું નામ રામજી હતું તે બોલ્યા આ રાંડ કહે છે કે ભેંશ મારી પૈસા હું ખરચ્યુ છું ને એ કહે છે કે ભેંશ મારી.

ત્યાં તો કણબણ વચમાંજ બોલી, બોલો વસરામભાઇ હું ભેંશની ચાકરી કરૂં, નવડાવું, ખવરાવું, પીવરાવું, તો પછી ભેંશ એમની કે મારી.

સારૂં સારૂં હું હમણાંજ તમારો નિકાલ આણી આપું છું વારૂ ચાલો આપણે કોઢમાં ભેંસ છે ત્યાં જઈએ અને ભેંશ જોઈ આવીએ

પણ ભેંશ કોઢમાં નથી? રામજીભાઇ બોલ્યા. તો કયાં છે–વશરામભાઇએ પુછ્યું. ભાગોળે છે–રામજીભાઇએ જણાવ્યું. કેટલા રૂપીઆમાં ખરીદી? વસરામ ભાઇએ પુછ્યુ. હજુ ખરીદવાના વિચારમાં છુ. રામજીભાઇ ધીરેથી બોલ્યા, વાહ વાહ નાટક બહુ સરસ ભજવ્યું? ભેંશ ભાગોળે ને છાશ છાગોળે ને ઘરમાં ધમાધમ? જાઓ જાઓ ભેંસ લઇ આવો ને પછી નિકાલ કરાવજો વસરામભાઇ બોલતા બોલતા બહાર જતા રહ્યા ઉપરની કહેવત ભેંસ ભાગોળે ને છાશ છાગોળે–જેવી જ કહી શકાય એવી અન્ય કહેવતો (૧) સાસુ વહુમાં સાંબેલુ ગેબ? (૨) ઘઉં–ખેતરમાં, બેટા પેટમાં અને અહીં મનસુબા ચાલે (૩) મુવા પહેલાં મોકાણ (૪) પરણ્યા પહેલાં અઘરણી (૫) તાવડી તાતા કરે, હજી બાજરી બજારમાં (૬) મુવા પહેલાં ઘોર (કબર) ખોદવી. ★

પ્રમાણિકતા સૌરભ

પટેલ નરસિંહદાસ કાન્તિલાલ
દહેગામ (નવટાંકીવાળા)

સ્વરાજ્ય નોતું આવ્યું ત્યારે એમના બનેવી પ્રધાન હતા એક વખત વેકેશનમાં એ બધા એમને ઘેર ગયા. પાછા વળતાં બનેવીએ એ બધાને ફસ્ટકલાસમાં બેસાડી દીધાં. બધાએ ટિકિટનું પૂછ્યું તો એમણે કહ્યું "વ્યવસ્થા થઇ ગઇ છે. તમારે ચિંતા કરવાની જરૂર નથી." ને પછી બધા ઘેર પહોંચ્યા ને પિતાને જઇને વાત કરી જાગૃત પિતાએ બાળકો સાથે સ્ટેશન પર જઈ જેટલાં બાળકો હતાં એટલાથી બમણી પહેલાં વર્ગની ટીકિટો ખરીદી ને બાળકોના દેખતાંજ ફાડી નાખી. એ ફાટેલી ટિકીટોના ટુકડા બાળકોના હૃદયમાં એવા તો કોતરાઇ ગયા કે ભવિષ્યમાં અનિતિનાં ઘોડાપુર પણ પ્રમાણિકતાના સંસ્કારને મિટાવી શકે નહિ.

હાય જમાનો !

મોહનલાલ કે. પટેલ
નાગપુર.

શું થતું હતું ને શું થઇ રહ્યું છે આજે;
ધન જરા જમીન કાજ લડી રહ્યાં સૌ આજે.
ભકિત ભજનો મુકી વેગળાં નાચે બંધુ મારા;
પૈસો, મારો પૈસો, હાય પૈસો બન્યા ધુતારા.

દાન દક્ષિણા કરી નીચ-કર્મ 'બંધુજી' માનતા થયા;
રામચંદ્રજીના વંશ જ આજે દાનવ બનતા જોયા.
ધર્મ, નીતિ, ન્યાયને પૂરી તીજોરીમાં ફરતા,
ભકિત-ધૂન દેખી સાંભળી "ભાઇજી" આ હસતા.

કઠણ કામ આવ્યે દેખાડે આ જગતને જુસ્સો;
મનમાં ને મનમાં બોલે મારો પ્રભૂ છે પૈસો.
ભાઈ-ભાઈ લડે બાપ-બેટામાં થાય બાથંબાથ;
સાસુ વહુમાં રમખાણુ હોય નગદરાજનો સાથ.

દેરાંણી જેઠાણીના કજીયામાં સાસુ મારી જાય;
સાસુ માંડે મનામણાં તો ઝેર પીવા જેવું થાય.
જીભાજોડી ને વળી તરવારો જયાં સામસામી ખેંચાય;
સંભાળીને ચાલજે '**મોહન**!' ગર્દન તારી આવી ન જાય.

વિવાહ પ્રથા

કુમારી નિર્મળા આર. પટેલ
જબલપુર

મનુષ્ય સમાજકા વિસ્તાર જૈસે જૈસે બઢતા ગયા, સભ્યતાકા વિકાસ હોતા ગયા મનુષ્યો કે ભિન્ન ભિન્ન સમાજ સમુદાય ઔર સંપ્રદાય હોને લગે ઔર ઉનકી રીતિ-નીતિ ભી હો ગઈ દેશ કાલ ઔર જીવિકા કે અનુકૂલ વહાં ભિન્ન ભિન્ન પ્રથાએં પ્રચલીત હો ગઈ. વિવાહ પ્રથા કા ધીરેધીરે વિકાસ ભી હોતા ગયા ઔર ભારત મેં ઈસ વિકાસકી પરાકાષ્ઠા મનુ મહારાજ કે સમયમેં હો ગઇથી મનુ મહારાજ ને અપને માનવ ધર્મ શાસ્ત્રમે આઠ પ્રકાર કે વિવાહોંકા વર્ણન કિયા હૈ.

બ્રાહ્મો દૈવસ્તથા ચાર્ષઃ પ્રાજાપત્યસ્તથા સુરઃ !
ગાન્ધર્વો રાક્ષસશ્ચૈવ પૈશાચશ્ચાઢટમઃ સ્મૃતઃ !

અર્થાત બ્રાહ્મ, દેવં આર્ષ' પ્રાજાપત્ય આસુર, ગાન્ધર્વ, રાક્ષસ ઔર પિશાચ ઉસ સમય આઠ પ્રકાર કે વિવાહ કરને કરાને કી પ્રથાથી.

વિવાહ પ્રબંધ હોને કે પહિલે સ્ત્રી–પુરૂષ કે લિયે પરસ્પર મિલનેમે કિસી પ્રકારકી રોકટોક નહીં થી કુમાર કુમારી કા ભેદ નહીં સમઝા જાતા થા કિન્તુ શનૈઃ શનૈઃ ઇન્દ્રિય લોલુપતા આ જાને કે કારણ ઇસમેં ભી શિથિલતા હો ગઈ પરંતુ વિવાહ પ્રબંધ હો જાને પર કુમારી કન્યાસે કિસી પુરૂષ કા મિલના મનુષ્ય સમાજમેં તબતક અપરાધ નહીં પાપ સમઝા જાને લગા જબ તક કી નિયમાનુસાર ઉસકા વિવાહ ન હો જાય; બલ્કિ વિવાહ પે પશ્ચાત ભી તીસ યા છત્તિસ બાર રજાવતિ હોને પર પતિ સંગ કરને કા નિયમ મનુ સ્મૃતિ મેં મિલતા હૈ. વિવાહ પ્રથા કે સાથસાથ નિયમ નિર્માણ કા ભી પ્રારંભ હુઆ સમઝા જાતા હૈ. માનવ ધર્મ શાસ્ત્રધર્મ કો સબસે પહલી પુસ્તક મનુસ્મૃતિ હૈ. મનુને જો કુછ કહા વહ દયા હૈ હમી નહી, સંસાર ઇસિ બાતકો માનતા હૈ વેદ ઔર ઉપનિષદ કે પશ્ચાત મનુસ્મૃતિ હી પ્રધાન હય જીસમેં મનુ કે વિપરિત બાત પાઈ જાતી હય વહ સ્મૃતિ નહી માની જા શક્તી

ઇસકે અતિરિક્ત વિદેશી વિદ્વન ભી ઇસ બાતકો માનતે હયકિ મનુસ્મૃતિ માનવ ધર્મ શાસ્ત્ર વેદ કો છોડ કર સબસે પ્રાચીન હય ધાર્મિક દ્રષ્ટિસે કિસી બાત પર વિશ્વાસ કર લેના એક બાત હય ઔર ઐતિહાસિક પ્રમાણોં દ્વારા સિધ્ધ કરકે ઉસકો સર્વ માન્ય કરના દૂસરી બાત હય હર્ષ હય કિ વેદોં કા અબસે છઃ હજાર વર્ષ પૂર્વ તક કા હોના સિદ્ધ હો ચુકા હય ઔર વેદોંમેં વિવાહ પ્રથાકા વર્ણન મિલતા હય

પ્રાયઃ દેખા જાતા હય કિ જબ કોઇ નિયમ કિસી પ્રથા કે સુધાર કે લિયે બન જાતા હય તબ ભી કુછ કાલ તક ઉસકા પૂર્વરૂપ કહીં કહીં પાયા જાતા હય તથા ગુપ્ત રીતિસે સબ જગહ [illegible]

ઉપયોગ હોતા રહતા હય વૈવાહિક નિયમ બનને કે પહેલે સ્ત્રી પુરૂપ એક દૂસરે કો સ્વયં પસંદ કર સબંધ જોડ લેતે થે ઉનકી સંતાનમેં ઈસિ પ્રકાર કે ભાવ ઔર પ્રત્યક્ષ ઉદાહરણ પ્રસ્તુતથે અતએવ કુમારી કન્યા યોગ્ય અવસ્થા પ્રાપ્ત હોને પર કિસી પુરૂપ સે છિપે છિપે પ્રેમ કર લેતી થી કભી કભીંતો ઉનમે માતા પિતા કે રક્ત કા પ્રભાવ ભી થા આજકલ કી તરહ સામાજીક તથા જાતીય ભય ઉનકી રૂચિમેં બાંધકર નહી થે યોગ્ય સૌન્દર્ય ઔર ગુણ કર્માનુસાર વે અપના જોડા ખોજ લેતે થે ફિર પ્રગટ મેં વહી દમ્પતિ માને લિયે જાતે થે ધીરે ધીરે કુમારી રક્ષા વિધાન પ્રબલ હોને લગા પરંતુ સાથહી કુમાર રક્ષા વિધાન કા કોઇ મહત્વ નહી થા પુરૂપ સ્વછંદ વિચરણ કર સકતા થા પર સ્ત્રી કો યહ સ્વતંત્રતા નહી થી ઇસમેં ભી હમારે ઇસ વિચાર કી પુષ્ટિ હોતી હય કિ પુરૂપ વિજેતા ઔર સ્ત્રી પરાજીતા હય કયોંકિ સ્ત્રી અપની ઇચ્છાનુસાર વિચારણ કર અપને યોગ્ય વર કી ખોજ સ્વયં નહીં કર સકતી થી, હાં પુરૂપ અપને યોગ્ય સ્ત્રીને ખોજને કે લિયે યત્ર તત્ર સ્વછંદ ભ્રમણ કર સકતા થા

માનવ સૃષ્ટિ કા આદિમ સ્થાન હિમાલય માના જાતા હય વહી સે માનવ સમાજ ઇધર ઉધર ફેલા હય, જૈસા કિ કતિપય વિદ્વાન સિધ્ધ કર ચૂકે હય પ્રાચીન કાલકે એક ભારતીય સમુદાય કા નામ ગન્ધર્વ થા. હિમાલય પ્રાંત નિવાસી હોને કે કારણ ગન્ધર્વ કન્યાએ અધિક રૂપવતી હોતી થી, અભી ઉત્તરી પહાડો મેં સ્વરૂપ અધિક પાયા જાતા હય. ઇસસે પુરૂષો કી દૃષ્ટિ ઉન પર પડની સ્વાભાવિક હય ભારતીય યોગી તથા તાંત્રિક હી નહીં, પ્રશ્ચાત મેસ્મેરેઝીમ કે ગ્નાતાભી ઇસ પ્રકાર કે આકર્ષણકી મહિમા સહજ હીમેં સમઝ સકતે હય તિસપર ઉનમે ઉન માતા-પિતાકા અંશ ભી થા જો વિવાહ પ્રબંધ ન હોને કે પહલે યથેષ્ટ આચરણ કરતે થે. ઉસ પરંપરા કે કારણ જીસ કુમારી ઔર પુરૂપકા પરસ્પર ગુપ્ત રૂપસે પ્રેમ હો જાતા થા; ફિર નિશ્ચિત પધ્ધતિ ઔર પ્રતિજ્ઞાઓં કે સાથ ઉનકા વિવાહ કર દિયા જાતા થા. ધીરે ધીરે ઉનમેં પસન્દગી કે સમય કુછ ચિન્હ જૈસે અંગુઠી આદિ ધારણ કરનેકી ભી પ્રથા ચલ પડી જો ઉનકે ગુપ્ત પ્રેમકા પ્રત્યક્ષ પ્રમાણ સમઝા જાતા થા જૈસાકિ આજ-કલ ઇસાઇયોં મેં હય. ઇસ પ્રકારકા વિવાહ પ્રદમત: ગન્ધર્વ સંપ્રદાયમેં પ્રચલિત હોને કે કારણ ઈસકા નામ ગન્ધર્વ વિવાહ રખા ગયા.

કોઈ કોઇ ઇસ વિવાહકો દોપપૂર્ણ માનતે હય. ઉનકા કહના હય કિ અબોધ બાલિકા અપને યોગ્ય વર ચુનનેમે અસમર્થ હોને સે પ્રાય: ધોખા ખા જાતી હય; પર ઉનકા યહ પક્ષપાત ભ્રમપૂર્ણ હય. હમારી સમઝસે ઈસ પ્રકારકા વિવાહ અચ્છા કહા જા સકતા હય, કાલાન્તરમે યહ દોપ [illegible] ગયે કિ પદ્ધતિ ઔર પ્રતિજ્ઞાબદ્ધ પ્રથા

કી ઉપેક્ષા હોને લગી. શકુન્તલા કા દુષ્યન્ત કે સાથ ઇસી પ્રકારકા વિવાહ હુઆ થા. પર ઉસમેં પધ્ધતિ ઔર પ્રતિજ્ઞાઓંકા કિયા જાના કહીં નહીં પાયા જાતા હય.અત: એવં ગર્ભ સ્થિતિકી અવસ્થામે જબ શકુન્તલા દુષ્યન્ત મહારાજ કે દરબાર મેં પહુંચાઇ જાતી હય તો વહાંપર મહ રાજ દૂષ્યન્તજી સાફ સાફ કહ દેતે હય કિ મૈને ઇસ સ્ત્રી કી કભી સુરત તક નહીં દેખી હય. ઉલ્ટા ઉસ પર ચરિત્ર ભ્રષ્ટતા કા કલંક લગાયા જાતા હય ભાગ્ય કે ફેરસે શકુન્તલાસે અંગૂઠી ભી ખો ગઇથી સબંધ હોતે સમય ઉસકે પાસ કોઈ ગવાહ ભી નહી થા કયાંકી વહ સબંધ જંગલકે એકાંત સ્થાનમેં હુઆ થા. ઓર જીસકો ઉસકીં અતરંગ સખિયોં કે અતિરિકત દૂસરા કોઈ જાનતા હી નહીં થા તબસે વીવાહ બાજી બજાકર પંચો કે સામને અપને ઇષ્ટકો સાક્ષી કરકે કીયા જાના હી આવશ્યક સમઝા જાને લગા. ઇષ્ટસે અભીપ્રાય ધર્મસે હય, અર્થાત્ પ્રેમબંધન ધર્મકી પુટસે શોધા ગયા હય. ગંધર્વ વિવાહ મેં ભી પદ્ધતિ ઓર પ્રતિજ્ઞાઓં કા કીયા જાના આવશ્યક રખા ગયા દેવયાની વગેરેકા વિવાહ ઇસકા પ્રમાણુ હય.

આસુર-વિવાહ

જો સમુદાય ફારસ, અફગાનીસ્તાન, બલૂચિસ્તાન યા સીરિયાકી ઓર રહતા થા ઉસકા નામ અસુર થા. કદાચિત્ આધુનિક પારસી હી અસુર કહલાયે જાતે હોંગે. રૂપમેં ગન્ધર્વ કિન્નરોં કે પશ્ચાત ઉનકા હી નંબર હય વિવાહ કરને તથા વર નિશ્ચિત કરતે સમય ઉનમે લડકી કી ઇચ્છા હી નહીં માતા-પિતાકી ઇચ્છા ભી અપેક્ષીત હોતી થી પુરૂષ લડકી કો તો ઉસકે સમ્માનાર્થ આભૂષણુ આદિ દેતા હી થા પર લડકી કે માતા-પિતા કી માંગ ભી પૂરી કરની પડતીથી રાજા દશરથન અપને રાજયકા કુછ ભાગ દેકર કૈકેયીસે વિવાહ કિયાથા વૈસે હી જબ ભીષ્મને ભાદ્રી કે પિતાસે પ્રસ્તાવ કિયા તો ઉત્તર મિલા-આપ હમારે કુલ કી રીતિ જાનતે હી હય ઇસપર ભીષ્મને બહુતસે હાથી ઔર આભૂષણાદિ દેકર પાંડૂસે ભાદ્રીકા વિવાહ કિયા થા અસુરજાતિમેં પહેલે પહલ પ્રચલીત હોને કે કારણ ઇસ પ્રકારકે વિવાહકા નામ યથા સમય આસુર વિવાહ, રખા ગયા. ઇસ પ્રથા કી ઉત્તરોત્તર વૃધ્ધિ હોતી ગઇ. પ્રસિધ્ધ યુનાની યાત્રિ મેગસ્થનીન લિખતે હય 'તક્ષશિલાકે બાજારમેં યુવતી કન્યાએં બેચને કે લિયે લાઇ જાતીથી જો સબસે અધિક મૂલ્ય લગાતા થા ઉસીકે સાથ સૌદા પટ જાતા થા સભ્યતાકે વર્તમાન યુગમેં ભી સમાજ મેં યહ પ્રથા ભયંકર રૂપ ધારણ કર રહી હય. કહીં કહીં તો લડકી કે એક કે બાદ દુસરે પતિ સે ઔર દૂસરે કે બાદ તીસરે પતિસે ઉત્તરોતર બઢકર રૂપયે દિયે જાતે હય ઉદાહરણ દેહરાદૂન કે ઉત્તરીભાગ જૌનસાર, ભાવર ઔર રિહરી ઇલાકે મેં યહ

કુત્સિત પ્રથા ઇસી રૂપમેં પ્રચલીત હય ઔર ન્યુનાધિક રૂપસે સંપૂર્ણ ભારતમેં પ્રચલિત હય.

રાક્ષસ વિવાહ

કભી કભી ઐંસા ભી હો જાતા થા કિ કન્યા પુરૂષ એક દૂસરે સે બ્યાહ કરના ચાહતે થે પર કિસી સ્વાર્થવસ માતા-પિતા કો ઉનકા સબંધ કરના પસદ નહીં હોતાથા ઐંસી દશામે પુરૂષ કન્યાકો ભગાલે જાતાથા. ઇસ પ્રકારકે વિવાહકા નામ 'રાક્ષસ વિવાહ' રખાગયા, ક્યાંકિ ઐંસા ઘટનાએ પ્રાય: રાક્ષસ સમુદાયમેં હી પ્રથમ હોને લગી થી. મધ્યભારત તથા દક્ષિણ ભારતમેં રાક્ષસ સમુદાય રહતા થા. અર્જુનકા સુભદ્રાસે રાક્ષસ વીવાહ હી હુઆ થા ઔર વૈસે હી ભીમકા હીંડબાસે, પૃથ્વીરાજસે સંયુક્તાકા એવં કૃષ્ણ ઔર રૂક્મણીકા ઇત્યાદી.

પૈશાચ વિવાહ

ઇસકે અતિરિક્ત માતા-પિતા તથા કન્યા કી ઇચ્છા વિરૂધ્ધ ભી બલાત્ કન્યા હરણ કર લી જાતી થી. કન્યા રોતી ચિલ્લાતી રહતી થી ઔર ઉસી પ્રકાર ઉસકે માતા-પિતા ભી રોતે પીટતે રહતે થે. યદિ કુછ સામર્થ્ય હુઇ તો માર કાટ ભી ઐસે અવસર પર હો જાયા કરતી થી. પિશાચોમેં ઐસી ઘટનાએ પ્રથમ હોતે કે કારણ ઇસે "પિશાચ-વિવાહ" કેહા હય. યહ સબસે નિષ્કૃષ્ટ સમજા જાતા થા. જયદ્રથ્ કા દ્રૌપદી હરણ ઔર રાવણ કા સીતા હરણ ઇસકે જવલંત પ્રમાણ હય. અંગ્રેજો મે ભી ઇસ પ્રકાર કે વિવાહ હોતે થે. ઔર ઉસે અંગ્રેજી મેં રેપ સે મિલતા જુલતા કિડનેપ સરીખા નામ દિયા જા સકતા હય પર આજકલ ભારતવર્ષ ભાંતિ વહાં ભી યહ જુર્મ સમજા જાતા હય.

ઉપયુક્ત ચારો પ્રકાર કે વિવાહો મેં કહી ભી જાતપાંત કા ભેદ નહી પાયા જાતા હય. ઔર ન સામાંજીક સભ્યતાકા આદર અતએવ ઉક્ત ચારો વિવાહ આજકલ હી નહી મનુસમાજકે સમયસે પહલે ભી નિકૃષ્ટ સમજે જાતે થે. મનુસ્મૃતિ મેં ઇસ પ્રકાર કા ઉલ્લેખ હય.

બ્રાહ્મ વિવાહ

જયોં જયોં સભ્યતા બઢતી ગઇ, વિવાહ પ્રથા ભી પરિષ્કૃત હોતી ગઇ. ધીરે ધીરે જાતીયાં ભી બન-ગઇ ઔર સમાજમેં વિહાહ પ્રબંધ આવશ્યક હો ગયા. લડકીકા વિવાહ કટના મહા અધર્મ સમજા જાને લગા. સંભવત ઉસ સમય સમાજ બઢાનેકે લિયે ઐસી પ્રથા આવશ્યક જાન પડી હોગી. અતએવ ઉચ્ચી જાતિયોં મેં કન્યા કા પિતા કિસી વર કો આદર ઔર પ્રતિષ્ઠા કે સાથ અપને ઘર પર બુલાતા થા ઔર આભુષણ આદિ સે સન્માનીત કરકે ઉસે કન્યાદાન દેતા થા. યહ પ્રથા આજકલ ભી ઊચ્ચી જાતિયોં મેં પ્રચલિત હય. એ સાવિવાહ પહલે બ્રાહ્મણોમેં હોને કારણ યહ બ્રહ્મ વિવાહ કહલાયા થા.

દૈવી વિવાહ

બ્રહ્મ વિવાહ મેં કુલ વૈભવ આદિકા

પૂર્ણ જ્ઞાન અવશ્ય હો જાતા થા પર વર કન્યા વિવાહ કાલતક એક દુસરે સે અપરિચિત હી રહેતે થે. ઉન્હે એક દુસરે કી યોગ્યતા, સુન્દરતા આદિ કા પરિચય પ્રત્યક્ષમેં નહિં મિલ સકતા થા. જીસસે કભી કભી ઉનકે દામ્પત્ય જીવનમેં ઉન્હે અનુચિત યોગ કા ફલ આજન્મ ભોગના પડતા થા. આજ ભી ઈસ સર્વનાશકારી પ્રથા કા દુષ્પરિણામ કમ નહી હય. ઈસલિયે ઉન્હી ઉચ્ચ જાતિકે સમાજ સુધારકોને એક દુસરી અચ્છી પ્રથા નિકાલી, કિ માતા પિતાકે ઘર પર કન્યાકી ઓરસે કોઈ શર્ત ઠહરાઈ જાય. જો ઊસ પ્રતિજ્ઞા કો પૂરી કર દેગા, કન્યા ઉસીકો વરેગી ફિર પ્રતિજ્ઞા પુર્ણ કરને વાલે પુરૂષ કે કુલ આદિકા પરિચય પ્રાપ્ત કર લિયા જાતા થા. પુર્ણ પરિચય પ્રાપ્ત હો જાને પર બ્રાહ્મ પદ્ધતિસે વિવાહ સપન્ન હોતા થા યહી પ્રથા સ્વયંવર કહલાતી થી ઉદાહરણાર્થ સીતા સ્વયંવર કો હી લીજીયે. કન્યા પક્ષકી પ્રતિજ્ઞા પુર્ણ હોને પર મહારાજ જનકને સજા દશરથસે બારાત લેકર આને કે લિયે પ્રાર્થના કી, ઔર અપને ઘરમેં વેદી રચકર યથાવિધિ સીતાકા વિવાહ રામસે કર દીયા.

ઈસ પ્રકાર કા વિવાહ સભી ઉચ્ચ જાતિયોં મેં હોને લગા અપને બલ, બુદ્ધિ, ઔર વિદ્યા કી પરીક્ષા દેનેપર વિવાહ કા હોના સમાજસે અબલ બનાનેકા અતિ ઉત્તમ સાધન હય. પ્રથમ ક્ષત્રિયોંમેં હોનેકે કારણ ઇસકા નામ, ક્ષાત્ર ઔર કિસી યજ્ઞકી રચના કરે વહી પર વર નિશ્ચય કિયે જાતે કે કારણ ઇસકા નામ દૈવ વિવાહ રખા ગયા.

બ્રાહ્મણોમેં ઇસ પદ્ધતિ કે પ્રચલીત હોનેકા પ્રબલ પ્રમાણ દ્રૌપદી સ્વયંવર હય, સમયાન્તર પર યહ પ્રથા ભારતમેં કાલ ચક્ર કી કુટિલતાવશ બંદ હો ગઇ. પરંતુ આજકલ સમાજમેં ઇસકી ઉપયોગિતા ફિરસે અપેક્ષિત સમાજ સુધારક ઇસકે પ્રચાર કરનેકે પ્રયત્નમેં હય જૈસે આર્ય સમાજ ઔર બ્રહ્મ સમાજમેં ઐસે ઉદાહરણ ભી હો ગયે હય.

આર્ષ વિવાહ

આર્ય વિવાહમેં વરસે કેવલ એક બૈલ યા ગાય લેકર કન્યાદાન કિયે જાનેકી પ્રથા મનુસ્મૃતિ મેં વર્ણિત હય. ઔર પ્રાજાપત્ય વિવાહમેં કુછ લેનદેન નહી હય, પર વરસે પ્રતિજ્ઞા કરાલી જાતી હય કિ વહ કન્યાકા આજન્મ નિર્વાહ કરે. યે વિવાહ ભી ઊંચી જાતિયોં મેં હી પ્રચલીત હુએથે સિવિલ મેરેજ મેં ઇસી ઉદ્દેશ્યસે અદાલતમેં રજીસ્ટ્રી કરાલી જાતી હય.

ઉત્કૃષ્ટ વિવાહ

મનુલિખિતત આઠ પ્રકાર કે વિવાહો મેંસે પ્રથમ ચાર નીકૃષ્ટ સમજે જાતે થે. જો અબ ભી વૈસેહી સમજે જાતે હય. ઉનકા વર્ણન હમ પહલે ભી કર ચુકે હય. દુસરે ચાર પ્રકાર કે વીવાહ ઉત્કૃષ્ટ આદરણીય હય, પરંતુ વર્તમાન સમાજ સુધારક દૈવ વિવાહ કી પ્રથાકો ફીરસે અપનાના આવશ્યક સમજ રહે

તુક્કા !

નરસિંહદાસ કાન્તિલાલ પટેલ
દહેગામ (નવટાંકીવાળા)

(૧) ખરેખર ધોળે દિવસે તારા ઉગતા હોય તો !
(૨) અંધારામાં જોઈ શકાતું હોય તો ?
(૩) શ્રેષ્ઠ હાલરડાં ગાનાર પુરુષ ને ઈનામ આપવામાં આવતું હોયતો ?
(૪) અક્કલ વેચાતી મળતી હોય તો ?
(૫) માથામાં વાળને બદલે કાંટા ઊગતા હોયતો ?
(૬) એકજ દવાથી દરેક રોગ મટાડી શકાતા હોય તો. ?
(૭) ઘી ને બદલે રોટલી પર અત્તર લગાડાતું હોય તો. ?
(૮) દરેક મનુષ્ય શ્વાસ ખાતાં હોય તો ?
(૯) વસ્તુ ના રંગ પ્રમાણે પડછાયા પડતા હોય તો ?
(૧૦) પાંચ વર્ષે પ્રધાન પાગલ બની જતા હોય તો ?
(૧૧) દરેક સ્ત્રી એજ બાળકોને જન્મ આપતી હોય તો ?
(૧૨) બટાકામાંથી ઘી બનતું હોય તો ?
(૧૩) કોલેજમાં ભણનારને માથે મુંડન કરવાનું ફરજિયાત હોય તો ?
(૧૪) દરેક માણસોને રાવણની જેમ ૧૦ માથાં હોય તો ?
(૧૫) સ્ત્રીને માથે ફુલ ઊગતાં હોય તો ?
(૧૬) મહેનત વગર પૈસા મળતા હોયતો ?
(૧૭) બાળક ને જન્મ સાથે ૩૨ દાંત આવતા હોય તો. ?
(૧૮) રેતી પીલવાથી તેલ નીકળતું હોય તો ?
(૧૯) કેરીમાં ગોટલો ન હોય તો ?
(૨૦) રાત દિવસ ન થતાં હોય તો ?
(૨૧) માનવીનું રહેઠાણ ઝાડ ઉપર હોય તો ?
(૨૨) પાણીથી લખાતું હોય તો ?

પાનું ૨૬નું ચાલુ

હય ઇસકે પશ્ચાત વે ક્ષાત્ર ઔર પ્રજાપત્યકો સર્વોત્તમ ઔર આર્ય તથા બ્રાહ્મ કે દ્વિતીય શ્રેણી કા માનતે હય.

અસવર્ણ વિવાહ

સભ્યતા કે વિકાસ કે સાથ હી વર્ણ વ્યવસ્થા કા ભી વિકાસ હોતા ગયા ઔર કાલાન્તર મેં હી વિવાહ સંબંધ હોના નિશ્ચીત કર દીયા ગયા. પરંતુ આવશ્યકતાનુસાર અસવર્ણ મેં ભી વિવાહ હો સકતા થા.

કાકવાણી !

નરસિંહદાસ કાન્તિલાલ પટેલ
દહેગામ (નવટાંકીવાળા)

(૧) કીડી પણ જ્યારે સામટી ભેગી થઈ ત્યારે મોટા ફણીધરો સુધ્ધાંને હરાવે છે.
(૨) ઘડિયાળ જોઈને જાય તેસુરતી અને કૅલેન્ડર જોઈને જાય તે અમદાવાદી મહેમાન સમજવા.
(૩) પૃથ્વીપરનું સ્વર્ગ આજકાલ કાશ્મીરમાં નહીં પણ સાસરીમાં સમજવું ?
(૪) પહેલો સગો પાડોશી પણ આજના યુગમાં પહેલો દુશ્મન પડોશી ગણાય છે,
(૫) બકરાંની આત્મકથામાં પહેલો અને છેલ્લો અક્ષર મ આવશે.
(૬) કોઇ ન સાંભળે છતાં બોલવાનું ચાલુ રાખનાર કાં સ્ત્રી હોય અગર નેતા હોય.
(૭) ખોટા હીરાને પણ ખરા ઠેરવવા માટે જ યુનો નામનું ઝવેરી બજાર ખુલ્લુ મુકવામાં આવ્યું છે.
(૮) ચીનાઓ સાપને માનભર્યું સ્થાન આપે છે, પણ ભોજનની થાળીમાં.
(૯) પોલીસ ચોકીની ભીંત અપશબ્દો સાંભળવા માટે જ અડીખમ ઊભી છે.
(૧૦) ભરૂચનું કુતરું ભસે અને ભાવનગરમાં સંભળાય એવું આજે પાકિસ્તાન અને અમેરિકાનું સમજવું.

આપણે.....

બુદ્ધિસાગર પટેલ–નાગપુર.

કચ્છની નાભિમાંથી પ્રગટીને આખા મલકમાં
જંગલી ફુલોની જેમ ફુલી–ફુલીને પથરાઇ રહેલો આપણો સમાજ
જોઉં છું તો–હજુપણ કાચબાની પીઠપરથી નીચે ઉતર્યો નથી;
ભલે બીજા બે ત્રણ આર્મસ્ટ્રોંગ ચંદ્ર પર જઈ આવે.
રોકેટ અને મિસાઇલ્સના યુગમાં આજે આપણે
કાચું અનાજ ખાઈ શકતા નથી વલ્કલ વસ્ત્રો પહેરી શકતા નથી કે ગુફામાં રહી શકતા નથી
હજુ આપણે કોઈ મુસલમાનની હોટલમાં માંસ–મચ્છી ખાતાં શીખ્યા નથી,
કે દેશની સળગતી સરહદોપર કોઇ કણબી યુદ્ધમાં લડયો હોય એવું યાદ નથી,
અને સુપ્રીમકોર્ટનાં પગથિયાં ઘસવાનો કિસ્સો આપણી કોઈ તવારિખમાં નથી.
ફક્ત પોતાના હક્કનો રોટલો રળી ખાનારા આપણા સમાજને
હંમેશા નિરૂપદ્રવી માનવામાં આવ્યો છે.

 કોઇ આપણી ઓળખાણ માગે તો આપણે વિના સંકોચથી કહીએ છીએ કે—
કચ્છના કોઇ ગામડાંમાં પોતાની વાડીમાં પાણીવાળનાર કોઇ રામજીભાઇ—એમે તે
ગુજરાતમાં વાત્રક પર ઈરીગેશન કરનાર કોઇ લખુભાઇ–તે અમે
અને બલ્લારશાહના ઓકસનમાં લાકડાના લાટપર ઊભા રહી બોલી બોલતા કોઇ
નથુભાઇ–તે એમ

સૌનો અલગ–અલગ દષ્ટિકોણ હોવા છતાંય આજે આપણે સૌ
સમાનતાના એક વિરાટ છત્ર હેઠળ એક સરખાં જીવીએ છીએ.
અને આટલું હોવા છતાંય આપણે આપણી જ્ઞાતિને ગૌરવ અપાવે કે,
તેને માટે કોઇ જુદો ઈતિહાસ રચી આપે એવું કોઇ કાર્ય હજુ સુધી કરી શકયા નથી
સુખ અને સંતોષનો ઓડકાર લઈ, ભર ઉનાળાના બપોરની જેમ
ઊંઘ ખેંચી રહેલા આપણે પ્રગતીના સમયમાં કયાં સુધી પડખું ફેરવવાના નથી ?
આપણી આસપાસનું વાતાવરણ બદલાય, પરીસ્થીતી જુદા રૂપે ખડી થાય અને
નજરસામે ભૂગોળ પોતાની રચના બદલે કે પૃથ્વી પર કોઇ સરમુખત્યાર નવો ઈતીહાસ રચે
પછી ટ્રેઈન–પાઈપની જેમ તંગ બની ચુકેલા જમાનામાં આપણે જ્યારે ઘુસી નહી શકીએ
ત્યારે આ પૃથ્વીના ગોળા પર ઊભવા માંટે આપણને કયાં જગ્યા મળવાની હતી ?
આજે આપણાં બાળકો એકડા બગડા સુધીજ ભણે છે.
કાલે તેઓ આઇન્સ્ટાઈના સિદ્ધાંતો ભણી શકશે. એવી અત્યારે કલ્પના કરીએ છીએ
અને આપણી બહેન–દીકરી વહુઓ હજુપણ ઘરમાં ગોંધાઇને રહી ગઈ છે.
ભલે દેશને આઝાદી મળે ત્રેવીસ–ચોવીસ વર્ષનાં વહાણાં વાતાં હોય... !
આની હકીકતો આપણામાટે શરમ જનક અને અશોભનીય બનીને સામે બેઠીછે તેનું શુ ?
આંગળીને વેઢે ગણી શકાતા આપણા ડૉકટરો, ઈજનેરો, વકીલો, પ્રોફેસરો અને સ્નાતકોને
પોતાની વાટખર્ચીમાની, વિકાસની લાંબી મજલભણી જઈ રહેલા સમાજે
કયારેક એટલુંય વિચાર્યું છે કે–આટલી મુડીમાં સંઘ કાશી કેવી રીતે પહોંચશે ?
આજે આપણો એક વર્ગ મંદિરમાં જઇ ભીમનાથ મહાદેવની કથા સાંભળેછે તો –
બીજો વર્ગ જગ્યામાં જઈ કષ્ટ–બંદગી માટે પોતાનું મસ્તક નમાવે છે.
આવો વિરોધાભાસ આપણા સમાજમાં સનાતન અને સતપંથ કહેવાતા
બે વચ્ચે હજુ પણ છે... અને એ બે વચ્ચેનુ ઘર્ષણ મિટાવવા કદાચ,
આપણા સમાજમાં નારાયણ રામજી લીંબાણી જેવી વ્યક્તિ ફરી પેદા નથી થઇ,
સમાજના અનેક કાર્યક્રમોમાં આગેવાનના રૂપમાં પોતાનું વજન રાખી, શરીરે શાલ લપેટી
બેસી રહેલા બુઝુર્ગ વર્ગે વર્ષો–દિવસ સુધી પોતાની આણવર્તાવી માટે હવે –
પાછળ આવી કયારના ઊભેલા નવયુવાનોને બેસવા જગ્યા તો કરી આપે
અંગ્રેજોની ગુલામી જેવા, જૂના અને ખોખરા થઇ ગયેલા રીત–રીવાજો
વર્ષોથી આપણી ખાંધે ચડી બેઠા છે તેને ફેંકી દેવા માટે

શું આપણુને કોઇ સરકારી (?) કાર્ય– વિધિ કરનાની જરૂરત જણાય છે......?

પૂરા હિન્દુસ્તાનના નકશા પર એક ટપકાંની જેમ મુકી શકાતી આપણી જ્ઞાતિ
અને એક મુઠ્ઠીમાં સમાવી શકાય એટલા એના મુખ્ય મુદ્દાના પ્રશ્નો છે
પણ નળાખ્યાનની વાર્તામાં જેમ —
દમયંતિના હાથમાંથી મરેલાં માંછલાં જીવતાં બનીને સરી જતાં હતાં તેમ
આપણા હાથમાંથી આપણા પ્રશ્નો છપટાઇને હંમેશાં છપકતા રહ્યા છે ...
શા માટે...? શા માટે...? શા માટે...?

સમાચાર—

આખરે સમાજના કુરિવાજો પ્રત્યે જાગેલી

"ઝુંબેશ"

સમાજના કેટલાક અઘટીત રિવાજોને એક "ઠરાવ" દ્વારા નાબુદ કરી દેવાના નાતના આગેવાનોને થયેલ વીનંતી.

આજના આધુનીક અને વીકસતા યુગમાં પણ સમાજની પ્રતીષ્ઠાને હાની પહોંચાડે તેવા શરમજનક કેટલાક કુરીવાજો સમાજના અમુક વર્ગમાં જે ઘર કરી ગેઠેલા છે તેને હવે સંપૂર્ણ પણે અને વહેલી તકે નાબુદ કરી દેવાની સુધારક ભાઇઓની ઘણા વખતની જે માગ હતી તેને ધ્યાનમાં લઈ વીશાળ પ્રમાણમાં સહીઓ ખરડાના રૂપમાં એક વીજ્ઞપ્તી પત્ર નાતના આગેવાનોને સુપ્રત કરવામાં આવ્યો છે.

સમયના અભાવે વધુ પ્રમાણમાં ભાઇઓનો સંપર્ક સાધવાનુ તથા સહીઓ લેવાનું અશકય હોઈ અમુક મર્યાદીત પણ અગ્રગણ્ય વ્યકતીઓની શહીઓથી જે પત્ર મોકલવામાં આવ્યો છે તે દરેકની જાણ માટે અત્રે પ્રસીધ્ધ કરવામાં આવ્યો છે. આશા છે કે જ્ઞાતીના દરેકજણ તેને સંપૂર્ણપણે આવકારશે એટલુંજ નહી પણ હકીકતને સાચા સ્વરૂપમાં સમજીને સમાજના શાણા 'સતપંથીઓ' પણ આ ખરડાના વીરોધર્થી હવે અળગા રહેવાનું પસંદ કરશે અને આવકારશે.

અહીંઓ સાથેની પત્રની નકલ આ પ્રમાણે છે.

માનનિય પ્રમુખશ્રી અને મંત્રીઓ,

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ–નખત્રાણા કચ્છ.

સાહેબો,

નીચે સહી કરનાર અમો જ્ઞાતિ ભાઇઓની એક માનસહ અરજ છે કે આપણા સમાજમાં જમાનાને અનુરૂપ ઘણા ઘણા રીતરીવાજોમાં પરીવર્તન કરવામાં આવ્યું છે. અને ટૂંકમાં કહીએ તો આપણે દરેક રીતે પ્રગતીના પંથે છીએ એ ખૂબ આનંદની વાત છે પરંતુ આપણામાં હજી કેટલેક અંશે આપણી પાટીદાર હીંદુ કોમને ન છાજે તેવા કેટલાક કુરીવાજો ઘર કરી બેઠેલા છે તેને હવે વહેલી તકે નાબુદ કરવા ઘટતા પ્રયાસો થવા જોઇએ.

આપણામાં સાંપ્રદાયીક રીતે બે મત છે. એવું તો દરેક કોમમાં હોય પણ છે. પરંતુ આપણામાં જે સંસ્કૃતીનો મુખ્ય ભેદ છે તે તો ટળવોજ જોઇએ. અમારું જે મંતવ્ય છે તે કોઇ સંપ્રદાયને ઉતારી પાડવા કે ટીકાની દ્રષ્ટીએ નહી પણ જ્યારે આપણે બધા એકજ (કડવા પાટીદાર હીંદુ) છીએ એકજ (ઉમીયા) માતાજીનાં સંતાનો છીએ. એટલું નહી પણ દરેક રીતે અરસ–પરસ ગુંથાએલા છીએ તો પછી અમુકજ રીવાજના કારણે આપણામાં જુદા પણું જણાઇ આવતું હોય અને આપણી હલકી ગણના થતી હોય તો તેવા રીવાજમાં હવે જરૂર પરીવર્તન આવવું જોઇએ એમ અમારું માનવું છે.

આપણામાં તદન અઘટિત એવા મુખ્યત્વે બે કુરિવાજ છે. એક છે "મૃત–દેહને દફનાવવો" અને બીજો "કબ્રસ્તાનમાં પ્રસાદ લઇ જવો અને આરોગવો" આ રિવાજો આપણામાં સર્વત્ર છે તેવું પણ નથી પરંતુ જે પ્રમાણમાં છે તે પણ આપણા માટે કેટલા હીણપત સમાન છે તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ "ચોરી" અને "ચેહ" એ આપણી ભારતની હિંદુ સંસ્કૃતિનું મુખ્ય ચિન્હ છે. આપણામાં જ્યારે ચોરી સર્વત્ર થવા લાગી છે ત્યારે "ચેહ" પણ હવે સર્વત્ર થવી જોઇએ. અને બીજો "કબરને પૂજવાનો મહીમા" કે જે કોઇપણ સંપ્રદાયમાં નહિ હોય તેવો અશુધ્ધ મહિમા આપણામાં હજીપણ કેટલીક જગાએ છે માટે આવી ઘેલછાઓ વહેલી તકે નાબુદ થાય તેમ અમો ઇચ્છીએ છીએ.

કેટલીક એવી ખોટી માન્યતા છે કે "દફન ક્રિયા" એ સતપંથનો સિધ્ધાંત છે. અને કેટલાક હવે તેને 'સમાધિ" કહેતા થયા છે એ બધી માન્યતા ભૂલ ભરેલી છે. તેનાં કારણો એ છે કે એ પંથ સ્વીકાર્યા પછી પણ ૨૪૦ વર્ષ સુધી આપણામાં બધી ક્રિયાઓ સનાતન રિવાજ મુજબ કરવામાં આવતી હતી પણ પાછળથી [illegible]

 સંવત ૧૮૩૨ ના પોષ વદ ૧૩ ના રોજ નખત્રાણામાં નાતે એક ઠરાવ કરી ભાટ, બ્રાહ્મણ, ચાંરી વીગેરે તે વખતના કહેવાતાં ધર્મગુરૂઓની (વિધર્મીઓના) વિશ્વાસમાં રહી તેને બંધ કરી દીધેલ છે. અને બીજા આજે પણ આપણી જ્ઞાતિ શીવાયના એજ સંપ્રદાયને માનવાવાળા જે છે તેમાંના ઉંચ્ચ કોમના લોકોનો આજે પણ "અગ્નિ સંસ્કારજ" કરે છે. તદ્ઉપરાંત આપણા ભાઇઓ પણ કે જેઓ એ સંપ્રદાયને માનવા હોવા છતાં કચ્છ કે ગુજરાતના અમુક ગામડાં સિવાયના અન્ય ઠેકાણેનો બધા અગ્નિ સંસ્કારજ કરતા હોય છે. એટલે એ પુરવાર થાય છે કે એ રીવાજ "સતપંથ" સંપ્રદાયને સિધ્ધાંત તો નથીજ એ તો અજ્ઞાનતામાં ઠરાવતો માત્ર એક રૂઢિગત રીવાજ છે.

Demand to cut ties with Satpanthis

આ બાબતમાં ગુજરાતમાં પણ હાલમાં ઠીક ચળવળ જાગી છે. પરંતુ તેઓમાંનો અમુક વર્ગ પાર્ટીશન કરવામાં માને છે એ તો છેલ્લુ સ્ટેપ છે. તે પહેલાં આપણે તેને વિચાર કરવાની પુરી તક આપવી જોઇએ બધા સતપંથીઓ રૂઢિસુસ્ત છે એવું હવે નથી ઘણા આ વાતને વિચારતા થયા છે પરંતુ "ઠરાવ" જેવું તેઓને કંઈક સાધન મળી જાએ તો ઘણા તેને અપનાવતા થાય એ નિશ્ચિત છે.

આમ થવાથી આપણા સમાજમાં પ્રર્વતતા કેટલાક મતભેદો છે તે આપ મેળે દુર થાશે અને એકતા જળવાશે એમ અમારૂં ચોક્કસ પણે માનવું છે. માટે જ્ઞાતિના આગેવાનો આ વાતને લક્ષમાં લઈ આ અંગે વહેલીતકે ઘટતા પ્રયાસો કરશે એવી અમારી સંપૂર્ણ આશા છે.

લી. આપના વિશ્વાસુ જ્ઞાતિ બંધુઓ.

સહીઓ

૧	પટેલ શીવજી વાલજી	માનકવા	૧૨	પટેલ રતનશી મુળજી	ખીંભડી
૨	,, પરબત હરજી	કોડાય	૧૩	,, મેગજી રતનશી	મમાયમોરા
૩	,, ધનજી વાલજી	,,	૧૪	,, કેશુભાઈ પુંજાભાઈ	,,
૪	વેલાણી અરજણ કરસન	લોડવા	૧૫	,, ધનજી શામજી	દરશડી
૫	પટેલ રવજી લાલજી	કોડાય	૧૬	,, રવજી વાલજી	,,
૬	,, નારાણ મુળજી	વીરાણી	૧૭	,, શામજી શીવજી	,,
૭	,, રામજી જેઠા	કોડાય	૧૮	,, રવજી જીવરાજ	ગઢશીશા
૮	,, લધારામ હરજી	,,	૧૯	,, પરબત દેવજી	બીદડા
૯	,, મોહનલાલ ભીમજી	,,	૨૦	,, મુળજી દેવજી	નેત્રા
૧૦	,, મનજી ધનજી	નખત્રાણા	૨૧	,, રવજી હીરજી	દરશડી
૧૧	,, શામજી માવજી	મમાયમોરા	૨૨	,, કરશન અરજણ	,,

૨૩	પટેલ	માવજી ધનજી	નખત્રાણા
૨૪	,,	શાંતિલાલ રામજી	ગઢશીશા
૨૫	,,	શામજી વી. ઉકાણી	,,
૨૬	,,	નારણદાસ રામજી	,,
૨૭	,,	વાલજી શામજી	,,
૨૮	,,	દેવશી મેગજી	દુર્ગાપુર
૨૯	,,	ગંગારામ રામજી	ગઢશીશા
૩૦	,,	કેસવજી શીવજી	કોટડા
૩૧	,,	હરજીભાઈ લાલજી	,,
૩૨	,,	મોહનલાલ ગંગારામ	ગઢશીશા
૩૩	,,	જયતીલાલ વાલજી	,,
૩૪	વેલાણી	ખેતસી પચાણ	લોડવા
૩૫	પટેલ	લધારામ વિશ્રામ	,,
૩૬	વેલાણી	પચાણ પ્રેમજી	,,
૩૭	પટેલ	શીવદાસ લાલજી	દેશલપુર
૩૮	,,	શીવગણ પ્રેમજી	દરશડી
૩૯	,,	શાતીલાલ વાલજી	વીથોણ
૪૦	,,	રણમલ માવજી	ઉખેડા
૪૧	,,	લખમશી લધા	દરશડી
૪૨	,,	વિશ્રામ ખીમજી	નખત્રાણા
૪૩	વેલાણી	ડૉ. પી. આર.	ઘાટકોપર
૪૪	પટેલ	ભાણજી રાજારામ	,,
૪૫	,,	ભાણજી ધનજી	દરશડી
૪૬	,,	મેઘજી ભાણજી	દુઝાપુર
૪૭	,,	પુંજા મેઘજી	,,
૪૮	,,	કાનજી રતનશી	દરશડી
૪૯	,,	ગંગદાસભાઈ કાનજી	ગઢશીશા
૫૦	,,	રતનશીભાઈ નારણ	મમાયમોરા
૫૧	,,	પ્રેમદાસ સામજી	દરશડી
૫૨	,,	મીઠુભાઈ લાલજી	વડોદરા
૫૩	,,	શામજીભાઈ માવજીભાઈ	,,
૫૪	,,	એમ. એચ.	,,
૫૫	,,	લધારામ રામજી	વિથોણ
૫૬	પટેલ	રામજી લખુ	વિથોણ
૫૭	,,	પ્રેમજીભાઈ શીવદાસ	વડોદરા
૫૮	,,	ગંગારામ રામજી	,,
૫૯	,,	રતનશીભાઈ અખઈભાઈ	,,
૬૦	,,	કરશનભાઈ માવજી	લોડવા
૬૧	,,	કંકુબેન કરસન	,,
૬૨	,,	રામબાઈ જી.	ગઢશીશા
૬૩	,,	મંજુલાબેન જી.	,,
૬૪	પટેલ	શકુંતલાબેન કે.	લોડવા
૬૫	,,	વાસંતી કે.	,,
૬૬	,,	શામજી કરશન	ભુજ
૬૭	,,	વિશ્રામ નારણ	,,
૬૮	,,	ડૉ. વાલજી એચ.	,,
૬૯	,,	વિશનજી ભાણજી	,,
૭૦	,,	નારણ ભાણજી	મમાયમોરા
૭૧	,,	શીવદાસ ગોપાળ	દરશડી
૭૨	,,	જીવરાજ હીરજી	,,
૭૩	,,	કરમશી હીરજી	મમાયમોરા
૭૪	,,	માવજી સોમજી	,,
૭૫	,,	શીવજી વાલજી	,,
૭૬	,,	વેલજી લાલજી	,,
૭૭	,,	મુળજી મેગાજી	,,
૭૮	,,	ખીમજી મુળજી	,,
૭૯	,,	માવજી કેશરા	,,
૮૦	,,	હરજી રામજી	,,
૮૧	,,	ખેતશી હરજી	,,
૮૨	,,	અરજણ ભીમજી	લોડવા
૮૩	,,	કાનજી રવજી	,,
૮૪	,,	દામજી ખેતશી	,,
૮૫	,,	રતનશી અરજણ	,,
૮૬	,,	વાલજી કાનજી	,,
૮૭	વેલાણી	વાલજી વીરજી	,,
૮૮	,,	લધા દેવશી	,,

૮૯	પટેલ	વેલજી બી. એસ. સી.	,,	૯૮	પટેલ	શામજી હરજી	રાજપર
૯૦	,,	કરશનદાસ રામજી	ગઢશીશા	૯૯	,,	છગનલાલ દેવશી	,,
૯૧	,,	હીરજી નાનજી	,,	૧૦૦	,,	રવજી હંશરાજ	,,
૯૨	,,	નારાણ જીવરાજ	,,	૧૦૧	,,	રતનશી દેવજી	,,
૯૩	,,	અમૃતલાલ હીરજી	,,	૧૦૨	,,	દેવજી રવજી	,,
૯૪	,,	શીવજીભાઈ નાનજી	કણીત્રોલકંપા	૧૦૩	,,	રાણીભાઇ વાલજી	નખત્રાણા
૯૫	,,	કરમશી વિશ્રામ	ગઢશીશા	૧૦૪	,,	હંશરાજ દાના	,,
૯૬	,,	હંશરાજ હીરજી	,,	૧૦૫	,	કરમશી પેથા	કોટડાચકાર
૯૭	,,	જેઠાલાલ હંશરાજ	રાજપર				

અગત્યની જાહેરાત

★ આપણા સમાજના સર્વે વિદ્યાર્થી ભાઇબહેનોને જણાવવાનું કે ચાલુ સાલથી શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરાના યુવક મંડળ દ્વારા ગુજરાત એસ. એસ. સી બોર્ડની પરીક્ષામાં ગુણવત્તાના ધોરણે વધુ માર્કસ મેળનાર પ્રથમ ત્રણ જણને ઇનામ આપવાનું નકકી કરવામાં આવ્યું છે. તો માર્ચ ૧૯૭૨ માં ઉત્તીર્ણ થતાર વિદ્યાર્થી ભાઇબહેનોએ એસ. એસ સી. ના પરીક્ષા પાસ કર્યાની પ્રમાણભૂત ગુણપત્રકની નકલ સત્વરે નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે.

મંત્રી : **શ્રી કચ્છ કડવા પાટીદાર**
સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત)
ઠે. પટેલવાડી; તલોદ રોડ **ધનસુરા** જિ. સા કા.

★ જાગૃતિ માસિકમાં લેખન સામગ્રી મોકલનાર જ્ઞાતિનાં સૌ લેખક–લેખિકા ભાઈબહેનોને જણાવવાનું કે તેઓ સૌએ આત્મસુઝથી તૈયાર કરેલ લેખો, વાર્તાઓ વગેરે જે જાગૃતિ માસિકમાં પ્રસિદ્ધ થાય છે તેમાંથી જેઓનુ શ્રેષ્ઠ લખાણ સાબિત થાય તેઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઇનામ ઉપરોકત યુવક મંડળ તરફથી આપવામાં આવશે.

મંત્રી : શ્રી ક. ક. પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ [ગુજરાત], ધનસુરા.

★ આનંદની વાત છે કે તાજેતરમાં જ યોજાએલી પંચાયતોની ચૂંટણીઓમાં માલપુર તાલુકાના અણિયોર કંપા નિવાસી શ્રી વિશ્રામભાઇ નથુભાઇ પટેલ પ્રકાશક જાગૃતિ અણીયોર ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવેલ છે. તેઓશ્રી અન્ય કેટલીક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે વિજય મેળવ્યા બદલ અભિનંદન



સમાજનું ગૌરવ

આથી સમાચાર પ્રસિદ્ધ કરતાં અત્યંત આનંદ થાય છે કે આપણી સમાજના પૂનામાં રહેતા સુપ્રસિધ્ધ વેપારી મેં. ટીંબર ટ્રેડીંગ કો. વાળા શ્રી પટેલ નાનજીભાઇ દેવજી રામાણી કચ્છમાં ગામ કાદીઆના નાના સુપુત્ર ચિ પ્રવિણકુમાર નાનજીએ ૧૯૭૨ ના માર્ચ માસમાં મહારાષ્ટ્ર રાજય તરફથી લેવાયેલી *S. S C.* ની પરીક્ષામાં ૮૬. ૨૯% મેળવી જવલંત ફતેહ પ્રાપ્ત કરી, લગભગ અઢોલાખ વિદ્યાર્થીઓમાંથી ૧૧ મો નંબર આવેલ છે. આપણી સમાજમાં આટલા ઉચ્ચ ગુણાંક મેળવનાર બહુ જ ઓછા વિદ્યાર્થી હશે. એ દષ્ટિએ ખરેખર આપણી સમાજનું ગૌરવ ગણી શકાય.

"Simple Living & High thinking" માં માનવાવાળા ભાઈશ્રી પ્રવિણકુમાર હવે પછી ડોકટરી અગર એન્જીનીયરીંગ અભ્યાસ અર્થે ફર્ગ્યુસન કૉલેજ (પૂના) ના સાયન્સ વિભાગમાં પ્રવેશ કરશે.

અભ્યાસ પ્રત્યેની ખંત, ધૈર્ય અને દ્રઢ મનોબળને લીધે ચિ. પ્રવિણભાઇ દર વર્ષે કલાસમાં હંમેશાં પ્રથમ નંબરે પાસ થતા. *S. S. C.* પરીક્ષામાં અદ્દભુત સિધ્ધી મેળવનાર ભાઇશ્રીને આપણી સમાજના હાર્દિક અભિનંદન

★ અત્યંત આનંદની વાત છે કે અત્રે બોરડીટીંબા, દેવીસર (કચ્છ) નિવાસી પટેલ રતિલાલ લધાભાઇ (M. Sc,) છેલ્લાં આઠેક વર્ષથી તલોદ સાયન્સ કોલેજમાં રસાયણશાસ્ત્રમાં લેકચરર તરીકેની કામગીરી બજાવતા હતા. ચાલુ વર્ષે જૂન-૭૨ થી તેઓશ્રીને તે જ કોલેજમાં પ્રિન્સીપાલ તરીકે બઢતી આપવામાં આવી છે-આશા છે કે તેઓશ્રીની ભાવિ કારકિર્દિ સવિશેષ ઉજવળ બને.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત ધનસુરા
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા
કન્યા છાત્રાલય, જાગૃતિ કાર્યાલય, વિદ્યાર્થી ભવન વગેરે સંસ્થાઓ
તરફથી અભિનંદન.

ઉપરોકત મંડળની કારોબારીની ચુંટણી થતાં નીચે મુજબના ઉમેદવારો ચુંટાઇ આવ્યા છે.

પ્રમુખ : પટેલ લક્ષ્મણભાઈ જીવરાજભાઇ
ઉપ પ્રમુખ પટેલ મનજીભાઇ વિશ્રામભાઇ
મંત્રી : પટેલ મોહનલાલ જેઠાભાઇ
સહ મંત્રી : પટેલ નાનાલાલ અબજીભાઇ
ખજાનચી : પટેલ રણછોડભાઇ નારણભાઇ
કો. ઓ. સભ્ય : પટેલ રતિલાલ જેઠાભાઇ
,, પટેલ પ્રવીણભાઇ નારણભાઇ

અમારા મંડળનો મુખ્ય ઉદેશ સમાજ સેવા છે. અમદાવાદમાં રહેતા યુવકો વચ્ચે પરસ્પર ઐકય સાધો પરિચય વધારવાનો તેમજ સામાજિક પ્રગતિ જેવાં કાર્યોમાં ભાગ લઇ સમાજને ઉપયોગી બનવાનો છે.

અત્રે વડાલી નજીક ચામુકંપા નિવાસી પટેલ રતનશીભાઇ લક્ષ્મણભાઇનાં કુટુંબીજનો–ત્રણે ભાઇઓએ મળી શ્રીમદ્ ભાગવત સપ્તાહનો સમારંભ રાખ્યો હતો.

સમારંભની શરૂઆત સવત ૨૦૨૮ ના પ્રથમ વૈ. વદ ૯ ને રવિવારના રોજ રોજ થઇ હતી તેમજ સમારંભ પૂર્ણાહુતિ સંવત ૨૦૨૮ ના પ્રથમ વૈ. વદ ૦))ને શનિવાર ના રોજ થઈ હતી.

ઉપરોકત જ્ઞાન યજ્ઞમાં જ્ઞાતિ ભાઇઓએ બહોળા સમુદાયમાં હાજરી આપી હતી અને યુવક ભાઇઓએ ઉત્સાહપુર્વક ઉત્સવની ઉજવણી કરવાની સુંદર વ્યવસ્થા કરી હતી.

આવા માંગલિક પ્રસંગો અવારનવાર ઉજવાય અને સામાજિક કુરિવાજો તેમજ કુસંસ્કારોનો ક્ષય થાય એવી મહેચ્છા.

આ શુભ પ્રસંના આયોજન બદલ ત્રણે ભાઇઓની ત્રિપૂટીને તેમ જ વ્યવસ્થા બદલ યુવક ભાઇઓને અભિનંદન.

—:—:—

'જાગૃતિ'ની જાહેરાતના દર

ટાઈટલ	પેજ–૨	(આખુ પાનું)	વર્ષ–૧	રૂા. ૧૭૫
,,	પેજ–૨	(અડધુ પાનુ)	,,	રૂા. ૧૨૦
,,	પેજ–૩	(આખુ પાનુ)	,,	રૂા. ૧૭૫
,,	પેજ–૩	(અડધુ પાનું)	,,	રૂા ૧૨૦
,,	પેજ–૪	(આખુ પાનુ)	,,	રૂા. ૨૫૦
,,	પેજ–૪	(અડધુ પાનું)	,,	રૂા. ૧૭૫
,,	પેજ–૨ની પછી શરૂઆતનું પાનું		,,	રૂા. ૧૭૫
,,	પેજ–૩ની આગળનું પાનું		,,	રૂા ૧૭૫
અન્ય કોઈ પણ	આખુ પાનું		,,	રૂા. ૧૨૫
,,	અડધુ પાનું		,,	રૂા. ૭૫

નવા નોંધાયેલા આજીવન સભ્યો

૧	પટેલ રતિલાલ વિશ્રામભાઈ	મોતીવિણી
૨	,, લખમશીભાઈ લઘાભાઈ	ઘાટકોપર–મુંબઈ
૩	,, મેઘજીભાઈ હરીભાઈ	મોતીસરી
૪	,, સુરેશચંદ્ર સામજીભાઈ વીરજીભાઈ C/o ઉમીયા વિજય સો મીલ	દહાણુ રોડ
૫	,, હંસરાજભાઈ રામજીભાઈ C/o. સેન્ટ્રલ સો મીલ	દહાણુ રોડ
૬	,, સવદાસભાઈ રતનાભાઈ	કનીજલાટ
૭	,, પ્રેમજીભાઈ કરશનભાઈ	,,
૮	,, શીવજીભાઈ રતનાભાઈ	,,
૯	,, પ્રેમજીભાઈ કાનજીભાઈ	,,
૧૦	,, કાનજીભાઈ સવગણભાઈ	,,
૧૧	,, વાલજીભાઈ રતનાભાઈ	,,
૧૨	,, ભાઈલાલભાઈ હરીભાઈ	મોતીસરી

દાન દાતા તરફથી શિષ્યવૃત્તિ.

ચાલુ સાલે એટલે કે જૂન-૧૯૭૨ થી એપ્રીલ ૧૯૭૩ માં ધોરણ આઠ કે તેથી આગળનો અભ્યાસ કરતાં કચ્છ કડવા પાટીદાર સમાજનાં ગરીબ અને હોંશિયાર વિદ્યાર્થી ભાઇ બહેનોને શ્રી માનણભાઇ ભીમજીભાઇ પટેલ આર્થિક મદદ આપવા વિચારે છે તો જે કોઈ વિદ્યાર્થી ભાઇબહેનોને આર્થિક સહાયની જરૂર હોય તેમણે નીચેના સરનામે જણાવી અરજી પત્રક મંગાવી લેવું. ત્યાર પછી યોગ્ય પાત્રને તેમજ જાગૃતિ માસિકને આ અંગે જાણ કરવામાં આવશે.

અરજી પત્રક મંગાવવાનું સરનામું.
ડૉ. હંશરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
મહુધા, જિ ખેડા.

★ 'જાગૃતિ' માસિકના પ્રકાશક શ્રી વિશ્રામભાઈ નથ્થુભાઈ પટેલ તરફથી ગત તા. ૧૯-૬-૭૨ ના રોજ અત્રે વિદ્યાર્થી ભવન તથા કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતા સર્વ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને એક ટંકનું પાકુ ભોજન આપવામાં આવ્યું હતું. ★

આપનાં બાકી લવાજમો તુરત મોકલી આપો

શ્રી ૧।



આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટ્યુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટ્યુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ન. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

પટેલ ઇલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધનસુરા
જિ. સાબરકાંઠા.


આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઈલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર

વગેરે... વગેરે...

ઈલે. મોટર રીવાઈન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

લિ.
દેવજીભાઈ કરશનભાઈ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]



પ્રખ્યાત—

એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

'Everest'

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશખબર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો
હરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

હરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ હરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —




શ્રી
ગણેશ ઇલેકટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, **ધનસુરા.** ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બદામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બદામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ
કરી આપવામાં આવે છે.


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
બેન્ડ સો બેન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઇપણ જાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો રૂબરૂમાં સંપર્ક સાધો.

JAGRUTI July '72 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા.)

ગ્રા. નં.

Book-Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.



મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

 કચ્છ કડવા પાટીદાર

સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૮ ઓગષ્ટ : ૧૯૭૨

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન માસિક



૧૫, ઑગસ્ટ–૧૯૭૨

આજે આપણા દેશને સ્વતંત્ર થયે ૨૫ વર્ષ પૂરા થાય છે. આ નિમિત્તે સમગ્ર દેશમાં તેની શાનદાર રીતે ઉજવણી કરવા નકકી થયું છે તેમાં સક્રિય ભાગ લઈ આપણે પણ આપણી ફરજ અદા કરીએ અને પૂજ્ય ગાંધીબાપુએ શીખવેલા સત્ય, અહિંસાના પાઠનું ચિંતન કરી તન, મન, ધનથી દેશની અને સમાજની સેવા કરીએ.



વર્ષ : ૧૪ અંક : ૮ આગસ્ટ : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ: સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમ

સ્વર્ગવાસ : સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬), પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ –સહતંત્રી.
એમ. એ., બી એડ્.

શ્રી. પ્રિ. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસ. સી

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

અ નુ ક્ર મ ણિ કા ❋

★ ★

નમ્ર વિનંતી ❋

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનાં ભાઇ–બ્હેનો જોગ.

સવિનય વિનંતી કે ધનસુરા મુકામે આપણાં બન્ને છાત્રાલયોમાં રહી અભ્યાસ કરતાં બાલક-બાલિકાઓ માટે પાણીની જે મૂશ્કેલી નડે છે તેનું નિરાકરણ કરવા અંદાજે વિસેક હજાર રૂપિયાના ખર્ચે તૈયાર થનાર વારિગૃહ માટે યુવક મંડળના સભ્યો આપનાં પાસે આર્થિક સહાયક મેળવવા માટે આવશે.

આશા છે કે આપ સૌ સુજ્ઞજનો આપણાં જ બાળકો માટે ઉદાર દિલે ફાળો આપવા મહેરબાની કરશોજી.

તથા ધંધાર્થે દૂરદૂર વસતા અન્ય ભાઇઓને પણ વિનંતી સાથે જણાવવાનું કે આપ પણ આપનો ફાળો મોકલી આપી આભારી કરશોજી.

લિ.
શામજીભાઈ એસ. પટેલ
પ્રમુખ,
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
(ગુજરાત) ધનસુરા, જિ. સાબરકાંઠા.

સહ તંત્રીસ્થાનેથી.........

જણાવતાં ખૂબ જ હર્ષ થાય છે કે આપણું જાગૃતિ માસિક હવે ૧૪ મા વર્ષમાં પ્રવેશી ચુકયું છે. તેને વિટંબણાઓમાંથી પસાર થવું પડે તેવાં કપરાં વર્ષો ગયાં. અનેક રોગોના ભોગથી બચવા માટે અનેક દવાદારૂની શોધના પ્રયત્નો છતાં તેને રોગથી નિર્મૂળ કરી શકાયું નથી તે બાબત જરા ચિંતાયુકત છે. હવે તો આયુર્વૈદિક ઔષધ એ જ તેનો ઇલાજ છે. ગમે તે રીતે પણ માસિક આપણું છે. તેને તંદુરસ્ત બનાવ્યે જ છુટકો—તો જ તે સસ્મિત વદને ઉત્સાહ પૂર્વક બીજાને આવકારી શકશે, કાર્યશીલ બની શકશે, આશાઓને સાકાર બનાવી શકશે, બાળક સાથે બાળક જેવું બનશે યુવાન સાથે યુવાન જેવું બનશે, પવિત્ર વૃદ્ધ સાથે તેમનાં જેવું બનશે, દરેક પ્રત્યે સહાનુભુતિ દાખવી શકશે તેમ જ ન્યાય આપી શકશે. અંતે એક દિવસ એવો આવશે કે જ્યારે તે જ્ઞાતિની દરેક વ્યકિતનું માનીતું બન્યું હશે.

જાગૃતિ માસિકનું કામ છે સમાજમાં જાગૃતિ આણવાનું અને ઉન્નતિને માર્ગે સમાજને આગળ ધપાવવવાનું. આ બાબતને સિદ્ધ કરવા માટે પ્રાથમિક પગલું તો એ છે કે જાગૃતિના વાર્ષિક ગ્રાહકો બંધ કરવા. તેને બદલે ત્રૈવાર્ષિક ગ્રાહકો જ લેવા. રૂા. ૧૮–૦ અઢાર ભરીને ત્રણ વર્ષસુધી માસિક મેળવી શકે તેના કરતાં પણ ઉત્તમ બાબત તો એ છે કે આજીવન સભ્યો જ ફકત ચાલુ રહે. એટલે એક વખત ગ્રાહક બન્યા પછી લવાજમ આપવાનો અગર ઉઘરાવવાનો સમય જ ન આવે. આ કાર્યની અંદર રોકાઈ જતી શકિત પછી માસિકના સર્જનની બાબતમાં સુસજ્જ બનાવવામાં કામે લગાડી શકાય અને પરિણામે સમાજનો સર્વાંગી વિકાસ શકય બનાવી શકાય.

જાગૃતિ માસિક આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કર્યા પછી બહેનોના શિક્ષણના સ્તરમાં પ્રગતિ લાવી શકશે, ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાવી શકશે, લગ્નપ્રથામાં ઉચિત ફેરફારો કરી ભવિ પેઢીનું ઉચ્ચતર ઘડતર માટે માર્ગ ખુલ્લો કરશે. અનેકવિધ વ્યવસાયોમાં પ્રવેશ થશે.

ગત અઠવાડિયામાં પ્રિન્સિપાલ રતિભાઈ પટેલનો સન્માન સમારંભ તલોદ મુકામે યોજવામાં આવેલ. તે પ્રસંગના દશ્યપરથી એક ચોકકસ વસ્તુ ફલિત થતી હતી કે ભવિષ્યમાં સમાજના અનેકવિધી પાસાનો વિકાસ થશે તે આશાસ્પદ છે

અને આ રીતે વિચાર કરતાં એક બાબત ખાસ નોંધ પાત્ર કહી શકાય કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની કોઈપણ વ્યકિત પોતે પોતાની તેમજ સમાજની પ્રગતિ ઈચ્છતી હશે તે અવશ્ય આ માસિકની ગ્રાહક બન્યા વિના નહિ રહે.

હવે તો આપણા સમાજના પ્રમુખશ્રી તેમ જ અન્ય અગ્રણીઓ અને યુવકમંડળના અગ્રણીઓ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં ભોગ આપતા બન્યા છે તે ખરેખર શુભ ભાવિના એંધાણ છે.

મૂલ્યાંકન

સંગ્રાહક : જીતેન્દ્રકુમાર એન. પટેલ
અમદાવાદ

પ્રેમ :

સાચો પ્રેમ આત્માની અતિ ઉન્નત અવસ્થા છે. પ્રેમની કિંમત માતા હીન પુત્રને કે પ્રિયતમ વગરની પ્રિયતમા જ આંકી શકે છે. પ્રેમમાં સોદાગીરી ન હોય તેથી જ તે બજારમાં વેચાતો નથી. માણસને કોઇપણ પ્રકારનો પ્રેમ મેળવવા તરફડવું પડે છે. આમ તો પ્રેમમાં નિર્મળતા, નિર્ભયતા, ઉજ્વળતા અને નિષ્ઠાનો સમૂહ હોય છે. ઓફીસના કારકુન પાસે કામ કરાવવું હોય તો લાંચ આપવી પડે છે. તેમ ભગવાન પાસે કામ કરનારનું અમોઘ હથિયાર પ્રેમ છે. આ વિજ્ઞાનયુગમાં ભક્તિની આંખ હોવી જોઇએ, તેમ જ્ઞાન પાસે પ્રેમની આંખ હોવી જોઇએ. પ્રેમ સમાનત્વથી જ હોઈ શકે. પોતાનાથી શ્રેષ્ઠ હોય ત્યાં તો ભક્તિ હોય તો પોતાનાથી હલકી કક્ષાના હોય ત્યાં વાત્સલ્ય હોય પ્રેમ તો સમાન સાથે જ શક્ય બને. આ દુનિયામાં પ્રેમ જેવું બીજું કોઇ બળ નથી. માએ તૈયાર કરેલી રસોઈમાં નરદમ પ્રેમ ને વાત્સલ્ય હોય છે તેથીજ તે અનેરી તૃપ્તિ આપે છે.

કર્મ :

આવી પડેલું કર્મ ગર્વરહિત બનીને કુશળતાથી કરવું એનું નામ કર્મયોગ આપણા મનના સહકાર વડે કરેલા સત્કર્મની પ્રભુના દરબારમાં કિંમત છે. કર્મ અને તરુને મોટા થતાં ઘણા વર્ષો લાગે છે. પછી તે પ્રેમઃહિત છાયા આપે છે તેમ સત્કર્મના વડલાને વાર લાગે છે. પણ ઉગ્યા પછી સેંકડો વર્ષો સુધી શીતળ છાયા આપે છે સ્વાર્થની વૃતિથી કરેલા કાર્યમાં આનંદ મળતો નથી. તેમાં માત્ર શક્તિ નકામી ખર્ચાય છે સારા માણસો સમજે છે કે કર્મનું ફળ પ્રભુ આપવાના જ છે એથી તેઓને બીજા કોઇ તરફથી કદરની અપેક્ષા નથી જ હોતી. ખરું જોતાં માનવીના અંતઃકરણની ઓળખ આપનારો અરીસો છે કર્મયોગીના લોહીમાં સત્કર્મની ટેવ ભળી ગઈ હોય છે તેથી સત્કર્મ સ્વભાવ બની જાય છે.

ભક્તિ :

ભગવાનને જોવો, સમજવો ને ઓળખવો એનું જ નામ ભક્તિ આવી ભક્તિમાં જ જીવનનું સાફલ્ય સમાયું છે. સવારે પાંચ વાગે સાબરમતી કે ગંગા કે જમના જેથી પવિત્ર નદીઓમાં સ્નાન કરીને ફક્ત નામ સ્મરણથી ભક્તિ પૂરી થતી નથી નામસ્મરણ સાથે સાથે હાથ વડે ભાગવદ્ કાર્ય પણ થવું જોઇએ જો આવું સત્કર્મ કે સ્વકર્મ

ન કરીએ અને નામજપ કરીએ તો સત્ય ભક્ત નથી પણ દ્રેષી છે. કર્મ અને ભકિત જુદા થઇ શકે જ નહિ. ધણીની સેવા કરવી એટલે ધણીના કામ કરવા ભકતોએ ભગવાનને આંખની કીકીમાં બેસાડી દીધા હોય છે તેથીજ તેમને **સર્વત્ર** હરિદર્શન થાય છે આવા ભક્ત જે પ્રભુથી પળ માટે વિભક્ત નથી તેથીજ તેને ભક્ત કહે છે.

સંસ્કૃતિ :

દુનિયાના તમામ દેશોની સાંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિ શ્રેષ્ઠ છે. તેનું રહસ્ય આ પ્રમાણે છે. માણસના મનને મારવા તેને તાજુ રાખવાનો વિચાર અને જીવન તરફ જોવાનો વાસ્તવવાદી તેમજ વિધાયક દ્રષ્ટિકોણ ભારતીય સંસ્કૃતિએ જ સમજાવ્યો છે. આવી શ્રેષ્ઠ સંસ્કૃતિ માગે છે માણસને માટે આત્મીયતા ભૂતમાપને માટે મદદ પિતૃપરંપરાનું સંવર્ધન ને સત્કાર્ય માટે શકિતનું હવન શ્રેષ્ઠ સંસ્કૃતિનું વૃક્ષ મોટું કરવા આદર્શ જીવનનું ખાતર નાંખવું પડે છે. આદર્શ જીવન જીવનાર હમેશાં ભૂલ મારી છે એમ કહેશે પણ ભૂલ તારી છે એમ નહીં કહે. જ્યાં આવા આદર્શ જીવન જીવનારાનો દેશ હોય તે દેશની સંસ્કૃતિ આદર્શ ગણાય છે. પોતાનું કામ કરવું એ આસકિત બીજાનું કામ કરવું એ સંસ્કૃતિ ભગવાનનું કામ કરવું એ ભકિત ને કર્મો કરીને અલિપ્ત રહેવું એ વિરકિત સામાન્ય રીતે રોગનો પ્રચાર આપમેળે થાય, જ્યારે સદ્‌ગુણોનો પ્રચાર કરવો પડે છે. કચરો પડવો સ્વાભાવિક છે દૂર કરવા માટે જ પરિશ્રમ કરવો પડે છે.

દાન :

મંદિર કે શાળા, ધર્મશાળામાં દસ હજાર એક રૂપિયા આપીને ફોટો કે તકતી મુકાવે તેવા માણસોને દાનેશ્વરી ન કહેવાય, આદર્શ દાન કરવામાં સુસંસ્કૃત જીવનની કલ્પના આકાશ જેવું દિલ ને પ્રભુ તેમજ પોતાના ઉપરનો વિશ્વાસ આ ત્રણ તેનામાં હોવા જોઇએ આપનાર ઘમંડી ન બને અને, લેનાર દીન ન બને તે જ સાચું દાન. કોઇ સંસ્થાને દાન આપવું તેના કરતાં સવાસો બ્રહ્મભાવ બ્રાહ્મણ ટકાવી રાખવા અપાતુ દાન જ ખરું દાન છે આદર્શ માણસોએ સમાજમાં ભાવજીવન, નૈતિકજીવન ને આધ્યતિમક જીવન ટકી શકે તે માટે સમાજે કરેલા અર્થનો સદ્‌વ્યવહાર એનું નામ દાન પ્રભુકાર્ય માટે પૈસા વાપરતા અહંકાર ન કરશો. ટેકસ ન ભરનારના પૈસા કાળા ગણાય છે, તો પ્રભુકાર્ય માટે ન વાપરનારના પૈસા કેવા ગણાય? સડી જાય કે દુર્ગંધ આવે ખરું કે નહિં !

" કાતરાનો કેર "

પરસોત્તમદાસ એચ. પટેલ
ઓરિયાટીંઆકંપા

આ કાતરાનો કેર સીમમાં વધી ગયો રે,
ગજબ કર્યો કાતરા જૂલમ થયો રે — ટેક
બાજરીની આશ નથી મકાઈ ને તો મારી નાખી,
તલને તો તાણુ પાડી રે.... ગજબ
એરંડાને આડા પાડયા મગને તો મારી નાખ્યા,
સંકર-૪ ના અચાર ના રાખ્યા રે.... ગજબ
તુવેરની આશ નથી ચોખા તો ચાટી ખાધા,
મગફળી મોલા માટે ના રાખ્યાં રે.... ગજબ
વાલને વીણી લીધા ડાંગરને ડાંભી દીધી,
ખેડૂતોની આશ તૂટી રે.... ગજબ
અડદની આશ નથી જૂવારને ઝાંખી કીધી,
દિગવિજયનો ના વિજય થયો રે.... ગજબ
વટાણાને વાટી નાખ્યા મઠને મારી નાખ્યા,
ખેડૂતોને ભીખારી કીધા રે.... ગજબ
ખેડુતોનો દાસ તમને વિનવે કયારે જાસો એ કાતરા,
દવા છાંટી છાંટી ખભા તૂટયા રે.... ગજબ

દુનિયાની અજાયબી ✻

પટેલ ચંદુલાલ એમ. એસ એસ સી.
તખતગઢ

૧. દુનિયાનો ઉંચામાં ઉંચો ધોધ ન્યુઝીલેન્ડમાં આવેલો "સધર લેન્ડ ફોલ્સ" છે.
૨. દુનિયા નો ઉંચામાં ઉંચો પુલ પેન્સીલવેન્યામાં ૧૦૦ ફૂટ ઉંચાઇ અને ૭૦૦ ફૂટ લંબાઈનો છે.
૩. દુનિયામાં સૌથી મોટી દીવાદાંડી પેરિસમાં છે. તેનું તેજ ૩૦ માઇલ સુધી પડે છે.
૪. દુનિયામાં સૌથી વધારે ગરમ પ્રદેશ ઓસ્ટ્રેલિયા છે.
૫. દુનિયાનું ઉંચામાં ઉંચું દેવળ જર્મનીનું ૫૩૨ ફૂટ ઊંચાઈનું "ઉલ્મ દેવળ" છે.
૬. દુનિયાનો મોટામાં મોટો દ્વિકલ્પ હિન્દુસ્તાન છે.
૭. દુનિયાનું સૌથી મોટુ ઓગદું રશિયા નજીક આવેલું "નેયર સ્ટાઈ" છે.
૮. દુનિયાનો મોટામાં મોટો જ્વાળામુખી પર્વત હવાઈમાં આવેલો "મોગાલોવા" છે
૯. દુનિયાનું મોટું પુસ્તકાલય યુ એસ.આર. નું લેનિન પુસ્તકાલય છે. તેમાં દુનિયાની ૧૬૦ ભાષામાં લખાયેલાં ૧,૫૦,૦૦,૦૦૦ પુસ્તકો છે. ★

નવી મા

લેખક: ધનસુખભાઈ જેઠાભાઇ પટેલ
શિવપુરાકંપા

દુનિયા પણ કેવી અજાયબ છે? નવીમા આવી એટલે લોકો કહેશે. ઓરમાન મા આવી. ઓરમાયું વર્તન રાખતી મા પછી ભલેને સગીમા હોય કે નવી મા હોય, તેને ઓરમાન મા કહેવાય. પ્રેમ વર્ષાવતી મા ભલેને નવી મા હોય, તે જ સાચી મા છે. આ સત્યને રમેશ હજુ સમજી શક્યો ન હતો. પોતાના ઘરમાં નવી મા અને તેમના પુત્ર મનિષનો પ્રવેશ રમેશને આંખમાં પડેલી કાંકરીની માફક ખૂંચ્યા કરતો હતો. નવી મા સામે દૃષ્ટિ કરે તો તેને લાગતું કે કુળનું નિકંદન કાઢવા માટે પિશાચણી આવી છે. મનિપ સામે દૃષ્ટિપાત કરતાં તેને લાગતું કે મિલ્કતમાં ભાગ પડાવવા માટે કોઇ હેવાન આવ્યો છે. સત્ય હકીકત કંઈક ઉલ્ટી જ હતી નવાં આવનાર મા-દિકરો રમેશ પર પ્રેમ વર્ષાવવા આવ્યા હતાં, રમેશનું ઘર ઉજળું કરવા આવ્યાં હતાં, સગી મા અને સગાભાઇનો પ્રેમ દર્શાવવા આવ્યા હતાં. પરંતુ જ્યાં રમેશના માનસ પર ઉલટા વિચારોએ કબજો જમાવી દીધો હતો. ત્યાં સત્ય શી રીતે સમજાય? નવી મા પ્રેમથી બોલાવતી તો રમેશને લાગતું કે દેખાડવા પૂરતો જ પ્રેમ છે. મનિપની મીઠી વાણીથી તેને લાગતું કે મીઠું બોલી મને છેતરીને મિલ્કત હજમ કરવા માગે છે. મિલ્કતની સલામતી ખાતર નવા આવનાર મા દિકરાને પોતાના માર્ગમાંથી દૂર કરવાના પ્રયત્નો રમેશે આદરી દીધા.

મનિપ આજે બહારગામ ગયો હતો. અને પિતા ખેતરમાં ગયા હતાં. નવી મા ઘરકામ માટે ઘેર જ હતા. રમેશ પણ કોઈ કારણોસર ઘેર રોકાઇ ગયો હતો. નવી મા કામકાજ અંગે બહાર ગઈ. રમેશને એક અમૂલ્ય તક મળી. તેણે મનોમન વિચાર્યું કે આ સમય યોગ્ય છે. આવી તક ભવિષ્યમાં ક્યારેય નહીં આવે, માટે તેને ઝડપી લેવી એ જ યોગ્ય છે. હાથમાં ઝેરની શીશી લઇ ધીમે ડગલે તે રસોડામાં દાખલ થયો. રસોડામાં જઈને જોયું તો પિતા માટે ખાવાનું તૈયાર કરી એક બાજુ મૂકેલું હતું. અને બીજું ખાવાનું ગરમ ચુલાપર મૂકેલું હતું. ચોર દૃષ્ટિએ આજુબાજુ નજર કરી અને ધીમે રહીને ધડકતા હૈયે ચૂલાપર મૂકેલી તપેલીમાં

હાથમાં રહેલી ખતરનાક વસ્તુ નાખી દીધી અને ઝડપભેર બહાર નીકળી ગયો.

થોડીવાર રહીને નવી મા આવી અને રમેશને સંબોધીને બોલી, "બેટા, ચાલ જમી જઇએ ' ઊહું...પેટ દુઃખે છે, મારે નથી ખાવું," પેટમાં દુઃખાવાનો ઢોંગ કરી રમેશ બોલ્યો. નવીમાએ તો રમેશને જમવાનો આગ્રહ જારી રાખ્યો પરંતુ રમેશ તો ખરાબ વિચારોથી જ પેટ ભરી ચૂક્યો હતો પછી ક્યાંથી જમી શકે? આખરે નવી મા રસોડામાં ગઇ. જોયું તો પતિ માટે ખેતરે લઇ જવા માટે તૈયાર રાખેલ ખાવાનું ચૂલાપર ન રાખ્યું એ ભૂલને લીધે ઠરી ગયું હતું. આથી પતિપ્રેમી પત્નીએ ચૂલા પરનું જે ગરમ ખાવાનું હતું તે પતિ માટે તૈયાર કરી ચુલા પર જ રાખી મુક્યું અને પતિ માટે જૂદું રાખી મૂકેલું ભાથું તેણીએ ખાધું.

માનવી મનસુબો ઘરે, ધાર્યું ધણીનું થાય. એ સત્યની અસર અહીં અસલી રૂપમાં જોઇ શકાય છે. રમેશે તો ઝેર નવી મા માટે ભેળવ્યું હતું. પરંતુ ધણીની–પ્રભુની મરજી ઇચ્છા કંઇક જુદી જ હતી. તેથી જ ઝેરનો શિકાર બનવાનો કળશ રમેશના પિતા પર ઢળ્યો. નવી મા તો ભાતુ લઇને ખેતરમાં આવી. પતિને પ્રેમથી પોતાના હાથે આરોગાવે છે. થોડીવાર થઈ હશે ત્યાં તો નવી મા હેબતાઇ ગઇ. અરે આ શું? પતિનાં નેત્ર શિથિલ બની ગયાં. શરીરે પરસેવો ઉભરાઇ આવ્યો હતો અને ચકકર આવતા હતા ઉપરા ઉપરી ઉલ્ટીઓ આવવા લાગી. નવી મા તો બાવરી બની ગઈ. જોયું તો પતિનું શરીર ઉછળી રહ્યું હતુ. ધીમે ધીમે થોડી શાંતિ થતાં પતિનું મુખ ખુલ્યું નવીમાને લાગ્યું કે પતિ કઇંક કહેવા માંગે છે તેથી નજીક જઇ પતિના મસ્તકને ખોળામાં મૂકીને બેઠી. મસ્તક પર, મુખપર હાથ ફેરવી આશ્વાસન આપવા લાગી. પતિના મુખમાંથી તૂટક તૂટક શબ્દો નીકળતા હતા. નવી મા તેમના કહેવાનો ભાવાર્થ સમજી ગઈ તેઓ એમ કહેવા માગતા હતા કે, "રમેશના પ્રેમમાં ઊણપ ના આવે, આ વચન મારી સદ્દગત પત્નિએ મને કહ્યું હતું જે હું તને કહું છું. તારી અમિ દ્દષ્ટિથી રમેશને પહેલું સ્નાન કરાવજે, પછી મનિપને. બસ હવે હું જાઉ છું." નવી માની પરિસ્થતિ કાપો તો પણ લોહી ન નીકળે તેવી થઇ ગઇ. પતિના શરીરે ફરીથી ઉછાળા માર્યા અને પછી આસ્તે આસ્તે શાંત થઇ ગયું, અને તેઓ બેભાન અવસ્થાએ પહોંચી ગયા. અને ફરી ક્યારેય ભાનમાં ન આવ્યા. પત્નિ રડી પડી તેનું દિલ પણ પડી ગયું. તેના આક્રંદથી આજુબાજુનું નિર્જીવ વાતાવરણ સજીવ બની ગયું. પતિની છાતીમાં આવું કદાપી ન બની શકે, નહી... નહી...બોલતી મસ્તક ખોળામાં રાખી કોઇ પાગલની જેમ ડૂસકા ભરતી જ રહી.

ઘણો સમય વિતવાથી રમેશ ખેતરે

[illegible] જોયું તો પરિસ્થિતિ વિપરીત હતી. તે હેબતાઇ ગયો, ગભરાઇ ગયો. તેના હૃદયની ધડકન વધી ગઇ, દોડતો દોડતો ઘેર આવ્યો. ગામલોકોને આડું અવળું સમજાવી ખેતરમાં લઇ આવ્યો અને નવીમા સામું જોઇને એક સિંહ કરતાં પણ વિશેષ ભયાનક ગર્જના કરી ચિલ્લાઇ ઉઠયો, 'આ એજ ડાકણ છે, મારા બાપુજીની ખૂની છે. આખરે એ ભૂતને મારા બાપુનો જીવ લઇને જંપ વળ્યો."

એમ બોલતાં બોલતાં નવીમાને વાળ ખેંચી ઢસડીને પતિથી દૂર કરી અને "રાંડ ડાકણ હવે હું તારું પણ લોહી પીનેજ જંપીશ એમ ક્રોધમાં બોલતાં બોલતાં બરાબર લાત પ્રવાહ કર્યો અને ગામલોકો તરફ જોઇને બોલ્યો" આખરે રાંડે મિલ્કતની લાલચે મારા પિતાને ઝેર આપ્યું. ઉલ્ટીમાં પણ કેવી ઝેરની વાસ આવે છે. આજે આ પગલું ભર્યું તો આવતી કાલે મારો જાન નહી લે એની શી ખાત્રી ? ગમે તેમ તોય નવી મા છે. ઓરમાન ખરી ને ? લોકોના મુખમાં ધુતકારના ઉદ્દગાર સંભળાવા લાગ્યા.

મનમાં અસત્યને ભડકે બળતી નવીમાનું સાંભળે પણ કોણ ? હરેકને તેના તરફ નફરત જાગી રમેશના પ્રયત્નોથી કેસ પોલીસના હાથમાં પહોંચ્યો. કોર્ટમાં પહોંચી ચૂકેલ કેસમાંથી બચવા નવીમાએ હાથ ધોઈ નાખ્યા. જ્યાં આખું ગામજ તેની વિરૂધ્ધમાં શાક્ષી પુરાવા આપતું હતું ત્યાં હવે તેનુ સાંભળે પણ કોણ ? આખરે રમેશ ત્યારેજ જંપ્યો જ્યારે નવીમા જેલના સળીયા ગણવા લાગ્યાં.

મનિષ બહારગામથી પાછો આવ્યો. હકીકત સાંભળી ગુસ્સાનો પારો ઊંચો ચઢી ગયો. અને માને મળવા અધિરો બન્યો. માને મળ્યો ત્યારે માએ વિશ્વાસ અપાવ્યો કે મેં ઝેર નથી આપ્યું, પરંતુ કોઇક કુદરતી આફત બની ગઈ છે. મનિષે પરિસ્થિતિનો અભ્યાસ કરી લીધો અને જાણી લીધુ કે આ આ કાવત્રા પાછળ રમેશનો મોટો હિસ્સો છે. તે અશાંતિના દાવા નળમાં ભભૂકી ઉઠયો. રમેશ પાસે ગયો તો રમેશે **તેને** ધુતકારી કાઢી મૂક્યો" ખૂનીના દિકરા મારી નજર આગળથી તારું મોં કાળુ કર." મનિષ સમયની બલિહારીને જાણી ગયો હતો. તેથી તેણે ચલતી પકડી.

દિવસો વિતતાં, એટલે સમય પસાર થયો સમયનું ચક્ર ફર્યું, ચક્રના પ્રત્યેક આંટામ જીંદગીના કેટલાય ભાગો વણાઈ ગયેલા હોય છે. સમયનું ચક્ર ફર્યું એટલે એક એવો પાર્ટ આવ્યો કે નવીમાની જીંદગી જેલ મુક્ત થઈ, રમેશ ઘરમાલિક જાગીરદાર બન્યો અને બિચારો મનિષ બન્યો ગરીબ કઠીયારો. જેલમાંથી મુક્તિ મેળવ્યા બાદ નવીમા મનીષના સહારે જીવન વ્યતિત કરવા લાગી

મનીષનું દુનિયામાં જો કોઇ હોય તો તે નવીમા. અને નવીમાનો જો કોઇ સહારો હોય તો તે મનીષ. બંને મા–દિકરો એકમેકના સહારે જીવવા લાગ્યાં.

સવારના વહેલા ઊઠી ખભે કુહાડી-દોરડું લઈ જંગલમાં જવું, સાંજે શહેરમાં જઇ લાકડાનો ભારો વેચતાં જે કાંઈ બે રૂપિયા મળે તેમાંથી જીવન ચલાવવું એજ એનું દૈનિક જીવન. નવીમા ઘરકામ કરતી, ખાવાનું પહોંચાડતી અને અન્ય કાર્યમાં મનીષને મદદ કરતી.

એક દિવસની વાત છે. સુર્યનારાયણનો રથ બરાબર માથાપર આવી ગયો હતો જે મનીષને એવું સુચવતાં હતાં કે હવે તારા ખાવાનો સમય થઇ ગયો છે મનીષ માની રાહ જોતો એક પથ્થરના ટુકડા પર બેઠો છે. અચાનક તેની નજર એક ઘોડેસ્વાર પર સ્થિર થઇ તે તેની નજીક આવી રહ્યો હતો દૂરથી જ જનીષ તેને ઓળખી ગયો એ બીજો કોઇ નહીં પરંતુ ભાઇના રૂપમાં તેની આ વિકટ પરિસ્થિતિ સર્જનાર નરરાક્ષસ રમેશ હતો. ગુસ્સાથી મનીષ લાલચોળ થઈ ગયો, પરંતુ અત્યારે તે વિસરેલા દુઃખને યાદ કરવા અને પાપને માર્ગની નજીક જવા માગતો ન હતો તેથી તે નીચું મસ્તક ઢાળીને બેસી રહ્યો

ઘોડેસ્વાર રમેશ મનીષની નજીક આવી રૂઆબભેર બોલ્યો, એય કોણ છે તું ? ચોરી શા માટે કરે છે?

"ચોરી ! અરે આ અવાવરુ જંગલમાંથી લાકડા કાપવા એને તમે ચોરી કહો છો ? " મનીષે નતમસ્તકે જવાબ આપ્યો

"દોસ્ત જંગલ ભલે અવાવરું છે મેં એને વેચાતું રાખ્યું છે. ચોરી કરીને સામે જોતાં શરમ આવે છે કેમ ? ચોર જાત ખરીને " રમેશ કડક સ્વરે બોલ્યો.

મનીષે રમેશ સામું મસ્તક ઊંચું કરી તીરછી નજરે જોયું અને કટાક્ષમાં બોલ્યો "નહીં ચોરજાત હું નથી, હું તો તારો ઓરમાનભાઈ છું. ચોર જાતતો તું છે. આ તો પાપી સામે જોવું એ પાપ છે એથી જ તો મેં નતમસ્તક રાખવું ઉચિત માન્યું.'

રમેશ ચમકી ગયો. તે જાણી ગયો કે પિતાના ખૂનનું રહસ્ય મનીષ જાણે છે, જો તેને સીધો નહીં કરૂ તો ભવિષ્યમાં મારા માટે એક મોટો પડકાર બની જશે. રમેશ જૂની યાદમાં વધી અટવાયો, દાઝ ખીસ્સામાંથી રીવોલ્વર કાઢી મનીષ સામે ધરી દીધી અને બોલ્યો," એય ચોરટા, જીવ વહાલો હોયતો હાથ ઊંચા કરી અહીં આવ."

મનીષ હાથ ઊંચા કરી ઘોડા પાસે ગયો. રમેશના હાથમાંથી અછોડાનો ઘા મનીષ પર પડયો. મનીષ સમસમી

એને રમેશ પ્રત્યેનું વેરભાવ તાજુ થયું ધમનીઓમાં લોહીની ગતિ વધી ગઇ. પરંતુ સમય બળવાન હતો. રમેશે ઘોડા પરજ બેસીને અછોડાના ઘા મનીષની પીઠ, છાતી અને શરીરના અન્ય ભાગો પર અજમાવ્યા મનીષનું મગજ હવે ખૂનની જ્વાળાઓમાં ભડકે બળવા લાગ્યુ બદલો એજ એના મગજની એક માત્ર ક્રિયા રહી અને તે માટે તે સક્રિય બન્યો. ફરીથી જેવો મનીષને રમેશે અછોડો મારવા પ્રયત્ન કર્યો કે તરતજ મનીષે વિજળી વેગે અછોડો ખેંચી લીધો રમેશ નીચે પડયો. તરતજ રિવોલ્વરવાળા હાથ પર મનીષનો મજબુત પગ પડયો રીવોલ્વર ઝુટવી દૂર ફેંકી દીધી કેમ કે મનીષ રમેશને સીધો સ્વર્ગમાં પહોંચાડવા ન હોતો માગતો પરંતુ રીબાવી રીબાવીને.

હવે તો બરાબર દ્વંદ્વ યુધ્ધ જામ્યું. રમેશનું શરીર કસાયેલું હતું તેથી તે પાછો પડતો ન હતો. મનીષનું શરીર એકવડા બાંધાનું અને રમેશની સરીખામણીમાં ઓછું કસાયેલું હતુ ઝનુનના બળે તે સામનો કરતો હતો. રમેશે એક મજબૂત લાકડું લઇ મનીષ તરફ ફેંકયું મનીષે ચપળતા પુર્વક પકડી લીધું એજ લાકડું એનો ઉદ્ધારક બની ગયું. એ લાકડા વડે તેણે રમેશને માર મર્યો. શકિત હતી ત્યાં સુધી માર માર્યો. પરંતુ મનીષની દાઝની સીમા હજુ પુરી થઇ નહી તેની નજર કુહાડીપર ગઈ. આટલાથી ધરાયો ન હતો તેમ મનીષે મનમાં સળવળતી દાઝને પૂર્ણ કરવા ઝડપથી કુહાડી લઈ ઉંચા હાથ કરી રમેશ તરફ દોડયો. કુહાડી રમેશ તરફ પ્રયાણ કરે તે પહેલાં કોઈ મજબૂત હાથે તેને અટકાવી. એ બીજું કોઇ નહી પરંતુ મનીષની પ્રેમાળ મા હતી, રમેશની નવી મા હતી. રમેશે આ દશ્ય નિહાળ્યું મગજ ચકરાવે ચડયું. તેનું મન ભૂતકાળની ભૂતાવળને ઉકેલવા અધિરું બન્યું માનસપર અતીતનું ચલચિત્ર દેખાવા લાગ્યું.

" ચાલ હટીજા મા મારા માર્ગમાંથી, એને પુરો કરવા દે, એ રાની બીલાડાને " કહી મનીષે માને હડસેલી.

" નહીં બેટા જો તારે રમેશનો જીવ લેવો હોય તો પ્રથમ મારો જીવ લઇ લે " આડે આવતાં એક શ્વાસે નવી મા બોલી ગઇ.

" નહીં મા, તુ મને મારા વેરીને નષ્ટ કરવાના કાર્યમાં આડી ના આવ આ આપણો દુશ્મન છે. મનીષે સ્પષ્ટતા કરી.

થોડીવાર આવી રકઝક ચાલી. અંતે "જોતું તારા માને જીવતી જોવા ન માગતો હો તો રમેશને મારી શકે છે." માના આ એક વાકયે મનીષ શાંત થઇ ગયો. " પરંતુ બા તું જાણે છે, તને જેલમાં ધકેલી કલંકિત કરનાર કોણ છે? તારાં સંપત્તિ પચાવી પાડનાર કોણ છે? તારા

સર્વસ્વ સુખ છીનવી લેનાર કોણ છે? તારા વિષે સમાજમાં જુઠો પ્રચાર ફેલાવનાર કોણ છે? એક સામટા અનેક પ્રશ્નો મનીષના મુખમાંથી ક્રોધની જ્વાળા ઓકતા નીકળી પડયા. અને એ જૂસ્સામાં તે આગળ બોલ્યો, બીજુ કોઇ નહીં મા પરંતુ આ જીવતો જાગતો નરાધમ છે નરાધમને મારે પુરો કરવો જોઈતો હતો પરંતુ બા તું...અને મનીષ ગળગળો થઈ ગયો.

"હાં બા, તમારી આ પરિસ્થિતી માટે હું જ સંપુર્ણ જવાબદાર છું. મેં આપને ઓળખવામાં મોટી ભૂલ કરી છે. તમે તો દેવી તૂલ્ય મા છો. સંપત્તિ મેળવવાના નશામાં અંધ બનીને મેં આપને મારા માર્ગમાંથી દુર કરવા અનેક પ્રયત્નો કર્યાં. ઝેરનો સહારો લીધો, પરંતુ ઊલ્ટું તે મારા બાપુને માટે ઘાતક નિવડયું. મેં આપની બદનામી કરી. અપમાન, આબરુની બાબતમાં પાછું વળીને જોયું પણ નહી અત્યારે છેલ્લી ઘડીએ હું પસ્તાવાના ખાડામાં પડયો રીબાઇ રહ્યો છું. મને એમાંથી મુક્તિ જોઇએ મા, મુક્તિ માટે તો હું હવે મૃત્યુ નેજ લાયક છું. મોટાભાઈ ચલાવો તમારી કુહાડી, આ જીવતા જાગતા યમદુત–નરરાક્ષસ પર. આ નરરાક્ષસ એને જ લાયક છે." બોલતાં બોલતાં રમેશ નાના બાળકની જેમ રડી પડયો અને માના પગમાં પટકાઇ પડયો.

"ઊઠ બેટા ગઈ ગુજરી ભૂલી જા તું તારે ઘેર જા તું મારા સગા બેટા કરતાં પણ વિશેષ છે." નવીમાની આંખમાં ઝળહળીયાં આવી ગયાં.

"મોટાભાઈ હું આપની પાસે કુકર્મોની ક્ષમા યાચું છું અને હવે હું એકલો ઘેર નથી જવા માગતો, તમને પણ સાથે લઇને જઇશ." રમેશની વાણીમાં યાચનાના ભાવો સ્પષ્ટ દેખાતા હતા.

રમેશનો અતિઆગ્રહ હોવા છતાં નવી મા અડગ રહ્યાં. પરંતુ રમેશ આજે એકલો જવા ન હોતો માગતો તેથીજ તો નવીમા અને મનીષે રમેશની સાથે કદમમિલાપ કર્યો.

મનીષને આનંદ હતો કે આખરે રમેશ તેમને સમજી શકયો. નવીમાને આનંદ હતો કે તેણે તેના પતિના સ્વપ્નને–વચનને સાર્થક બનાવ્યું અને રમેશને જે આનંદ હતો તે તેના મનમાં ફુટતા ઉદ્દગારના ફણગા પરથીજ સ્પષ્ટ જણાઈ આવતો હતો. "મને નવીમાના રૂપમાં સગીમા મળી છે, દેવી મળી છે મારું સર્વસ્વ મળી ગયું છે." ★



એજ સંસાર પુષ્પ !

અમૃતલાલ આર. પટેલ
રાજપુરકંપા (સાબરકાંઠા)

શાને અધીરો બન્યો છે, તું ?
ચાલને મળીએ, વાતો કરીએ.
ધર્મ–અધર્મ, કાળ પરિવર્તન,
ઘડાય છે તેમાં જ માનવીનુ વર્તન.
જાગશે એ સમાજ કે ?
નિદ્રામાં પોઢી રહ્યો છે એ અદ્યતન સમાજ,
એક દિન ઉખેડી નાખશે એ કુરિવાજ
સૃષ્ટિને સમજશે, લોકવહેણમાં વહેશે,
સંપ, એકતા, જાગૃતિથી સમજી એ રહેશે
જનસમુદાયમાં ભળશે, ઉચ્ચ વિચાર કરશે,
સૃષ્ટિને એક અમર આદેશ આપશે.
હતી નિંદ્રા અધર્મની ત્યાં સુધી,
પણ હવે નથી રહી એ નિંદ્રા
પરિણમી છે હવે એ 'જાગૃતિ'ની અમીદષ્ટિ.
જાગતાં જાગી ગઈ એ સર્વજનની સૃષ્ટિ.
ઊઠ જાગ હવે કયાં સુધી સૂતેલો રહીશ,
ચાલ જલ્દી કર નહિ તો ફાંફાં મારતો ફરીશ.
સંસાર કેળવણી પામ્યો, તું જ બાકી એક,
પાછળથી પસ્તાઈશ સુધરી ગયા અનેક.
મિત્ર...,
પાછળથી વિચારીશ, તું જાગીને જો અન્યદિશ,
સાચી વાત કહું હું સોગંદ લઈ ઈશ.
વિચાર...,
કરે છે વળી; જો તો,
કમળ ખીલે છે પંકમાં,
પણ...,
બને છે સૃષ્ટિમાં સૌંદર્યરૂપ.
ખૂશ્બુ ફેલાવી આકર્ષે છે અનેક.
એજ થાય છે અમર સૃષ્ટિમાં એક.
આજ છે મુજને ઊંડી એક;
ઊગશે સૂર્ય સંસાર તણો,
ખીલી ઊઠશે એ સમાજ તણું પુષ્પ.
એજ સંસાર પુષ્પ...!

આપણા શરીર પર પ્રભુની માલિકી હોઈ એને ફેંકી દેવાનો, ખોટા રસ્તે વાપરવાનો કે આત્મહત્યા કરવાનો આપણને કોઈ હક્ક નથી. એ તો કાયરનુ કામ છે

સ્ત્રી ડોકટર, વકીલ કે ટાઈપીસ્ટ નહિ બને તો ચાલશે. પણ એ માતા, સખી કે સહધર્મચારિણી નહિ બને તો નહિ ચાલે. સુખદુઃખમાં ભાગ લેનારી, આંસુ લૂછી ફરીથી બેઠા થવાની પ્રેરણા આપનારી સ્ત્રી ન હોય તો સમાજનું શું થાય ?

પ્રેમની હંમેશ જીત થાય છે.

સંપાદક : પટેલ ધનસુખલાલ વસરામભાઈ
વજેપુરાકંપા

બધાંય રોગોની અચૂક ઔષધી એટલે જ પ્રેમ. એક માત્ર પ્રેમ જ સાચું જીવન બક્ષનાર અનુપમ બક્ષીસ છે. પ્રેમ એ જ જીવન, બધી વ્યથાઓને ભગાડનાર પ્રેમ અને જીવનના વાસ્તવિક આનંદનો સ્વાદ ચખાડનાર પ્રેમ જ છે,

આપણા સ્વાસ્થ્યનું મૂળ તત્વ પણ પ્રેમ જ છે. કારણ કે એક માત્ર પ્રેમ જ સ્વાસ્થ્યનું મૂળ કારણ છે. એના વડે જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. ત્યાં કામ, ક્રોધ, દ્વેષ લોભ વગેરે દુર્ગુણો ક્યારેય પ્રવેશી શકતા નથી. પ્રેમ શાંતિ છે. અને પ્રેમ જ સુખ અને આનંદ છે.

અમુક વખત પહેલાં અમેરિકાના પ્રખ્યાત ન્યુયોર્ક શહેરમાં એક પ્રદર્શન યોજાયું હતું. એમાં એક ઘોડાએ એવાં આશ્ચર્યજનક કામો કરી બતાવ્યાં હતાં કે લોકો એ જોઈ ખૂબ જ વિસ્મય પામ્યા હતા. એ ઘોડાના માલિકનું કહેવું હતું કે પાંચ વર્ષ પહેલાં એ ઘોડાનું વર્તન ઘણું જ ખરાબ હતું. જે જુએ એને લાત મારે, બચકાં ભરે, અને કોઇનાએ કાબુમાં ન આવે. પણ જ્યારથી એના પ્રત્યે પ્રેમ દાખવવો શરૂ કર્યો ત્યારથી એનામાં અદ્‌ભૂત પરિવર્તન થવા માંડયું. પ્રેમને કારણે એ ખૂબજ નમ્ર બનવા લાગ્યો...એટલું જ નહિ પણ એને જે કાંઈ શિખવવા માંડયું...એ બધુ એ ગ્રહણ કરવા લાગ્યો. પણ આ બધું ક્યારે થયું ? ત્યારેજ કે જ્યારે પાંચ વર્ષ સુધી એના માલિકે એને એક પણ ચાબુક અડાડી નહીં અને ફક્ત પોતાની પ્રેમ ભરી વાતોથી જ એને સમજાવવા માડયું. એ એક માત્ર પ્રેમને કારણે જ એ ઘોડા જેવા જાનવરમાં પણ અનોખું પરિવર્તન આવી ગયું.

આવી જ રીતે એક સ્ત્રીના જીવનમાં પણ પ્રેમ મહત્વનો ભાગ ભજવ્યો છે. પોતાનાં બાળકોને એ ક્યારેય મારતી નહિ. એનું આ વર્તન જોઇ આજુબાજુના લોકો એને હંમેશાં કહેતા કે એનાં છોકરાંઓને બગાડી રહી છે પણ પાછળથી જ્યારે એનાં બાળકોમાં ઉચ્ચ સંસ્કાર અને કેળવણી પોષાતાં જોયાં ત્યારે લોકો આશ્ચર્ય ચકિત થયાં. મનુષ્યત્વનાં વાસ્તવિક આદર્શોને એ બાળકોમાં છલોછલ ઉભરાતાં જોઈ લોકોને સંપૂર્ણ ખાત્રી થઇ કે પ્રેમપૂર્ણ વ્યવહારથી જ બાળકોનું પાલનપોષણ કરવું વધું શ્રેયસ્કર છે.

પ્રેમ એ મોટામાં મોટો શિક્ષક છે સર્વશ્રેષ્ઠ શાંતિ આપનાર પણ પ્રેમ જ છે... પ્રેમ જ સુખ અને આનંદ છે અને એને કારણે જ વ્યકિતનો ઇશ્વર સાથે મેળ સાધી શકાય છે, પ્રેમના સહારાથી જ આપણે દરેક દુઃખોને મારી હઠાવી એના ઉપર વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. દયાથી જે રીતે હરેક પ્રકારની દુષ્ટતાનો નાશ થઈ જાય છે એવી જ રીતે પ્રેમના પ્રભાવ વડે મનમાં ઉઠતાં તમામ કુવિચારો નાશ પામે છે. અને આટલા માટે જ જીવનમાં પ્રેમને મહત્વપૂર્ણ સ્થાન મળવું ખૂબ જ જરૂરી છે.

બાળકોનાં જીવનને ઘડનારી માતાઓ જ છે... એજ એમનાં ભાગ્યની વિધાત્રી છે... એક માતાજ, બાળકને સૂર્ય સમાન તેજસ્વી, વિદ્યા અને બુધ્ધિમાં ભગવાન વનસ્પતિ સમાન અને ધીરજમાં નેપોલીયન જેવા બનાવી શકે છે સંસારના સમસ્ત પાઠો માતાજ ભણાવે છે... માતા પાસેથીજ બાળક પ્રેમ–દયા –સહાનુંભુતિ અને નિઃસ્વાર્થતાના પાઠો શીખે છે... સેવા અને રીસે ચડેલું બાળક માતાના એક નાનકડા પ્રેમભર્યા અને પ્રેમપુર્ણ માતાના શબ્દો બાળકના હૈયામાં પ્રેમનાં અંકૂર પ્રગટાવી દે છે. જેના કૂણા હૈયામાં અને કોમળ માનસમાં પહેલેથીજ ખરાબ વિચારો, ભયભરી કલ્પનાઓ અને દુષ્ટ ભાવો ભરી દેવાયાં હોય એવાં બાળકોનું ભવિષ્ય શોચનીય અને કેટલું પતિત બની જાય છે? જે બાળકોનાં કોમળ મન પાપભરી કથાઓ અને અશ્લીલ વાતાવરણથી મેલાં કરી દેવામાં આવે છે. એમનું ભવિષ્ય ખૂબજ ભયંકર અને અનિષ્ટકર થઈ જાય છે.

બાળકોને તે હંમેશાં વિજય, સફળતા ઉત્સાહ અને ઉન્નતિ આદિ વિષયોની વાતો સંભળાવવી જોઇએ. એ વાતો સાંભળવાથી એમનામાં આત્મવિશ્વાસ પેદા થાય છે... એમનું મન હંમેશાં હર્ષ અને ઉત્સાહથી ભર્યું ભર્યું રહે છે. બાળકોના ઉન્નત ભવિષ્ય અને કલ્યાણ માટે એતાદશ વિચારો જ આવશ્યક છે. આ જાતના વિચારોથી ભરેલા મન વાળુ બાળક જીવનમાં કયારેય અસફળ કે દુઃખી થતું નથી શરૂઆતથી જે બાળ નાં મન ઈર્ષા, ધૃણા અને ક્રોધ વગેરે દુર્ગુણો તરફ આકર્ષિત રહે છે, તેવાં બાળકો જીવનમાં કયારેય ઉચા આવતા નથી, મહાન થઈ શકતા નથી... ઉજ્જવળ ભવિષ્ય એજ બાળકો માટે સર્જાયેલું છે કે જે હંમેશાં ઉંચા વિચારોથી પ્રભાવિત રહે છે. જેમના હૈયામાં કયારેય હીનતાના ભાવો પેદા થતા નથી... જે દરરોજ પ્રેમભર્યા જીવનમાં વાસ કરે છે અને જેમના મનમાં પ્રેમસાગર હંમેશ હીલોળા અને ઉછાળા મારતો હોય છે.

બાળકોના યોગ્ય વિકાસ માટે એક બીજી વસ્તુ પણ ખૂબ આવશ્યક છે અને તે એ કે એમની પાસે કોઈ એબ, બુરી કુટેવો કે કોઈપણ જાતની

દુર્બળતાની વાતો કરવી જોઇએ નહી. એમને તો કાયમ ઉંચા વિચારોની વાતોમાં જ તરબોળ રાખવા જોઇએ. એમની સાથે પ્રેમ અને સહાનુભુતિભર્યું વર્તન રાખવું જોઇએ એમ કરવાથી ખરાબમાં ખરાબ બાળક પણ સાચા રસ્તે આવી જાય છે. અને એના હૈયામાં દિવ્ય પ્રકાશ પ્રકાશવા માંડે છે. એવો બાળક પછીથી ઉંમરભર બુરે રસ્તે જવાનું નામ નહીં લે

સાચી વાતતો એ છે કે બાળકના આત્મવિશ્વાસને જાગૃત કરવો જોઇએ એના મનમાં એ વિશ્વાસ કરવો જોઇએ કે ભગવાનનો ઇશ્વર પુત્ર છે અને એટલા માટે ઇશ્વર સર્જયાં અનંત ઐશ્વર્ય અને અનંત કોષનો એ સાચો અધિકારી છે.

અમુક બાળકો જે કોમળ લાગણી અને મતિના હોય છે તે મોટા ભાગે ખૂબજ ડરકોપ હોય અને છે. શંકાશીલ રહે છે. એમના મનમાં એક વહેમ ઘર ઘાલી બેઠો હોય છે કે તેમનામાં કદાચ ઓછી બુધ્ધિ છે... પોતે કમઅક્કલનાં છે. એ બાળકોને પોતાની યોગ્ય ઉપર ક્યારેય વિશ્વાસ બેસતો નથી. અને એને કારણે તેઓ નિરૂત્સાહી અને નિરાશ થઈ જાય છે. બાળકોના આત્મવિશ્વાસને નષ્ટ કરવો અને એમના ઉપર નિરાશાની છાયા પાથરવા જેવું ઘોર પાપ બીજુ કોઈ જ નથી. કારણ કે આશા જનક શબ્દોની મફક જ નિરાશા જનક શબ્દો પણ બાળકના કોમળ માનસ ઉપર પોતાનું અધિપત્ય જમાવી દે છે. અને એવાં ખરાબ પરિણામે બાળકને જીવંતપર્યંત ભોગવવા પડે છે કુમળી વયના બાળકોને રોજ જો ટોક ટોક કરવામાં આવે.. અને ખરાબ વચનો અપમાન અને ગાળોથીજ જો નવા-જવામાં આવે માબાપ એને રોજ કહે કે "તુ તો મૂર્ખ છે... અક્કલ વગરનો છે... તારા કરતાં તો... સારો...' તો એ સાંભળી! સાંભળીને બાળકની પ્રગતિ બગડી જાય છે... એની નિર્માણ શકિતનો નાશ થઇ જાય છે. અને આ બધાંને કારણે એની ઉન્નતિનાં બધાંજ માર્ગોમાં અવ-રોધો આવીને ઉભા રહે છે.

જીવનમાં ઘણીયે વાર જોવામાં આવે છે કે ખુબજ તીક્ષણ બુધ્ધિનાં બાળકોને પણ માબાપો ઉપર જણાવેલા શબ્દો કહી એને હલકો પાડવા, જાણે-અજાણે પ્રવાસ કરે છે... આમ થવાથી આવાં તેજસ્વી બાળકોની સર્જન શકિત પણ મૃતઃપ્રાય બની જાય છે અને એમ થતાં સ્વાભાવિક રીતે જ બાળકનો વિકાસ સાધી શકતો નથી... કારણ કે હર ઘડીયે આ જાતના હથોડા માથા ઉપર પડવાથી બાળક સમજે છે કે એ ખરેખર મુર્ખ છે. અને એને કારણે એ પોતાની ઉન્નતિ સાધી શકતો નથી.

ઘણે સ્થળે આપણે જોઇએ છીએ કે માતા પિતા બાળકોને જે વસ્તુમાં રુચિ નથી હોતી અથવા જે એમના સ્વભાવનાં

થાય; એવા વિપરિત કામોમાં ધકેલી દઈ એમના માર્ગમાં અવરોધ ઉભો કરી દે છે. આ સંજોગોમાં માબાપ બાળકો પાસે એવું કામ કરાવવા દબાણ કરે છે અથવા નોકરીમાં ધકેલવા માંગે છે કે જેમાં બાળકનું દિલ લાગેલું હોતુ નથી અથવા જે કામ માટે તે પોતાની જાતને અયોગ્ય સમજે છે. આ રીતના માબાપના ખોટા દબાણનું પરિણામ એ આવે છે કે બાળકનું ઉજ્જવળ ભવિષ્ય અંધકાર ભર્યું બની જાય છે અને પોતાની ઇચ્છા યા રૂચિ વિરૂદ્ધના કામ ધંધે લાગવાથી એ પોતાની પ્રતિભાનો વિકાસ સાધી શકતો નથી. એટલા ખાતર જ માબાપોએ પોતાનાં બાળકોને એવાં વિષયોનું અધ્યયન કરાવવા અનુમતિ આપવી જોઈએ કે જેમાં બાળકનું સંપૂર્ણ મન લાગેલું હોય.

ખાસ કરીને બાળકોને નિશ્ચયાત્મક અને ઉત્પાદક શકિત વધે એવું શિક્ષણ આપવું ખૂબ જરૂરી છે. બચ્ચાઓને એ સમજાવવું જોઇએ કે એ પોતે કઈ રીતે સર્વોચ્ચ ઉત્પાદન શકિત પ્રત્યે પોતાનું મન દોરી શકે કઇ રીતે પોતે જીવનમાં સુખ–શાંતિ અને કઇ રીતે...એ સમજવાની શકિત આપનાર વિદ્યા, બાળકને ભણાવવાની આપણી સૌ પ્રથમ ફરજ બની રહે છે.

ઘણે સ્થળે આપણે જોઇએ છીએ કે વિદ્યાર્થીઓ શાળા અને કોલેજનાં શિક્ષણો સંપુર્ણ મેળવી વિજયથી નીવડે છે છતાંયે તેમનામાં આત્મિક યોગ્યતા અને આત્મવિશ્વાસનો સંપુર્ણ અભાવ હોય છે.

પ્રત્યેક નવયુવકને એ જ્ઞાન અને સમજણ આપવાં જોઇએ કે એ પણ જગતના એ ઉંચા શાસનનો અધિકારી છે, કે જેના ઉપર ભૂતકાળમાં આપણા મહાન પુરૂષોએ પોતાના સ્થાન જમાવ્યાં હતાં. એને એ પણ સમજાવવુ જોઇએ કે એ પણ ઇશ્વરનો એક અંશ છે... એનામાં પણ તમામ દૈવી શકિતઓ સમાયેલી હોય છે....અને એ કારણે કોઈપણ સંજોગોમાં જીવનનાં એ અસફળ થવાનો નથી. બાળક માટે એ શિક્ષણ પણ અતિ મહત્વનું છે કે જેનાથી એ સમજી શકે કે એના આત્મામાં પણ એ દિવ્યતા પ્રસરાયેલી છે કે જે આખા વિશ્વને અલૌકિક અલોક વડે અલોકિત કરી શકે છે પોતાની જાતને એ ખૂબ જ મહત્વપુર્ણ વ્યકિત સમજે એ જાતનું બાળકને જ્ઞાન આપવું એ પણ મહત્વની બીના બની રહે છે. ★

પ્રભુકાય માટે પૈસા વાપરતાં અહંકાર ન કરશો. ટેક્સ ન ભરનારના પૈસા કાળા ગણાતા હોય તો પ્રભુકાર્ય માટે ન વાપરનારના પૈસા કેવા ગણાય? –સડી જાય, ને દુર્ગંધ આવે, ખરૂ કે નહિ?

માનવોને પ્રેમથી જોડે તેનું નામ ધર્મ, માનવ સબંધોમાં વિષ પ્રગટાવે તે અધર્મ

ગીતા

卐

રચયિતા : શામજીભાઈ એલ. પટેલ
ટી. વાય. બી. કોમ
વિગોડી કચ્છ, હાલ મેંગ્લોર.

છંદ :— શાર્દૂલવિક્રીડિતઃ

ગીતા ગ્રંથ સર્જ કર્યો અમર્ષમાં, દામોદરે કેર જો,
ચેતવ્યો જગતમાં પ્રકાશ તિમિરે, ના ઉરમાંહી ધર્યા.


ત્યાંહી તો તમિસ્ત્ર વિભાવરી તણું, માર્તંણ્ડના ઉગતાં,
ચાલ્યું ધીરજ ને ધરી પર યઇ, સંસારથી વેગળુ.

આહા ! ધ્વાન્ત હતું તહાં પર પ્રભા ગીતા થકી કૃષ્ણની,
હા હા ! પ્રગટ જ્ઞાન દીપક થયો. અજ્ઞાન રૂપી તમે.

આહા ! આ શું ! વળી ફરી એ તિમિર, ભૂમાંજ વળ્યું ફરી,
આવે છે જયમ યામિની દિન પછી, ત્યાં દિપ્તિ દૂરે કરી.

ભૂલાયો મહિમા ખુલ્લાં પડળ એ જાતાં જ બીડાઈ ને,
ચાલ્યો આવ્યો હજી સુધી લથડતો, એમ જ ભૂલોક આ

ફેલાવો મહિમા સંસાર જનમાં જ્ઞાની જનો ઘૂમે છે.
જે જાણી મહિમા સંસાર મહીં આ ગીતાજ પૂજાય છે.



કચ્છી ગીત

રેવનદાસ એસ. પટેલ
મગોડી લાટ

હે મુજા કચ્છ જા પાટીદાર (૨)
ભડવા, ધરમ છડી થયા ધાર
મુંજા કચ્છ જા પાટીદાર હે મુંજા. (૧)

હેકડા જનોઇઆ બ્યા મંડરીઆ, સ્વામીનારાયણસે પ્યાર
જો કો સોધર્યા સેં સમજી કરીને, થયા ગીતા સે ન્યાર
મુંજા કચ્છ જા પાટીદાર. હે. (૨)

સૌયદ કે આંઇ સેર્દયું ખરાયોને, આંકે ન જોડે જુવાર
રબ પીપી આંજા પેટ વધીવ્યા તેં જો કર્યો કીંક ખ્યાલ
મુંજા કચ્છ જા પાટીદાર હે (૩)

ઓતમ ગનાતી આંય આંજી પણ, ગુરૂ જોડ્યા બકરામાર
આંજે પૈસે મેં લેરીયું કરે તા તેં જો કર્યો કીંક ખ્યાલ
મુ કચ્છ જા પાટીદાર (૪)

ઉમીયા દેવી આંય માતા આંજી, ને પિતા શંકર ગંગધાર
કે જા પોતરને કે તે રો લેતા, એં જો કર્યો કીંક ખ્યાલ
મુંજા કચ્છ જા પાટીદાર (૫)

કચ્છ નખત્રાણા મોરજર ગામે બારોટ કરેતો પોકાર
ઓતમ ગનાતી ઓજડ વરેતી મુજો પેટ બરે તો અપાર
મું જા કચ્છ જા પાટીદાર (૬)

કુટુંબ નિયોજન

Family Planning

ડૉ. હંસરાજભાઈ એમ. પટેલ
G. F. A, M; M. B. B. S.
મહુવા

એતો આપણે જાણીએ જ છીએ કે આપણી જ્ઞાતિમાં પ્રમાણમાં લગ્ન કંઈક નાની ઉમરે થાય છે આથી પતિ-પત્ની પોતાનું નવજીવન શરૂ કરે છે ત્યારે તેમની ઉંમર હજુ માતા-પિતા તરીકે જવાબદારી ઉઠાવવા માટે નાની હોય છે; માતા હજુ બાળ ઉછેર વિષે લગ-ભગ અજ્ઞાન હોય છે. આવા સમયે કુટુંબ નિયોજન કેવી રીતે કરી શકાય તે ખ્યાલ ન હોવાથી બે બાળક વચ્ચેનો ગાળો જોઈએ તેટલો રાખી શકતા નથી વળી કેટલાક આથી અજાણ હોવાથી બે કે ત્રણ બાળકો પછી બાળકની ઇચ્છા ન હોવા છતાં પણ તે રોકી શકતા નથી. આમ આ સઘળાં કારણોને લઈ સૌ પ્રથમ હું કુટુંબ નિયોજન વિષે લખવા પ્રેરાયો છું.

સૌ પ્રથમ કુટુંબ એટલે શું? કુટુંબ એટલે પતિ, પત્ની અને બાળકોનું બનેલું એક એકમ આપણા આ મોટા સમાજનું એ એક નાનું એકમ છે. તેના દરેક સભ્યો એક બીજા ઉપર શારીરિક, માનસિક સામાજિક અને આંર્થિક દષ્ટિએ આધાર રાખે છે.

હવે કુટુંબ નિયોજન એટલે શું ? તે જોઈએ. કુટુંબના કદનું એ રીતે આયોજન કરવું કે જે માબાપને સામાજિક અને આર્થિક રીતે અનુકુળ હોય અને જેનાથી કુટુંબના દરેક સભ્યની તંદુરસ્તી જળવાઈ રહે. અથવા તો વિના, વિચાયેં, સમજ્યે માપ વગરનાં બાળકોને રોકવાં આને આપણે કુટુંબ નિયોજન કહીશું,

કુટુંબનિયોજનના શિર્ષક હેઠળ નીચેની વસ્તુઓનો સમાવેશ કરી શકાય.

બાળકનો જન્મ અટકાવવો, બે બાળકના જન્મ વચ્ચેનો ગાળો વધારવો માબાપને લગ્નજીવનની સલાહ તેમજ માતાને બાળ સંભાળની તાલીમ, વંધ્યત્વની તપાસ, લગ્નજીવન પહેલાં લગ્નજીવનની સલાહ અને ગુપ્તભાગોની સલાહ સમાજમાં જાતિ ધોરણ ઊંચું લાવવું વગેરે.

કુટુંબનિયોજન વિષે સામાન્ય વિચાર અને તે સમસ્યાનું કદ :-

ભારતની ગણના અશિક્ષિત, ગરીબ દેશમાં થતી હતી. કેટલેક અંશે હજુપણ એ સત્ય છે. ભણેલ વર્ગ ઓછો છે. અને તેથી કોઈ નવી ચેતના કોઇ નવું આયોજન ગમે તેટલું ફળદાયી હોય છતાં પણ તેને માન્યતા મળવી મુશ્કેલ છે.

દરેક ધાર્મિક પુસ્તકમા લગભગ એકજ પ્રકારની સરખી કલ્પના જોવા મળે છે કે પૃથ્વી ઉપર એક મહાન પ્રલય થયો પશુ, પક્ષી, જીવ, જંતુ સર્વનો નાશ થયો પણ એક સ્ત્રી અને એક પુરુષ બચી ગયાં. તેમાંથી ઉત્તરોત્તર વંશવૃદ્ધિ થઈ અને આપણે જોઇએ છીએ કે એ અત્યારે કરોડો અબજોની સંખ્યામાં પહોંચી, જે અત્યારે દરેક દેશ માટે સમસ્યારૂપ બની બેઠી છે આ પ્રશ્ન ભારત માટે ખાસ મુઝવણનો છે.

વળી એક પ્રશ્ન એ પણ થાય કે પશુ, પક્ષી, જીવજન્તુ, જલચર કે નભચર કોઇપણ કામ વાસનામાંથી મુક્ત નથી તો મનુષ્યને તેમાંથી મુક્ત કરવો તે શું દગો દેવા જેવું નથી ? તે બધાને કુટુંબનિયોજનની કેમ જરૂર ન પડી ? અને મનુષ્યને જરૂર પડી ! એ વસ્તુ તો સ્હેજે સમજાય તેવી છે કે પશુ, પક્ષી એકબીજાનો ખોરાક છે. મનુષ્ય તેનો નાશ કરી શકે છે કોઈકવાર ખોરાક તરીકે તો કોઈકવાર તેનાથી થતા ઉપદ્રવ દૂર કરવા દવા દ્વારા આમ તેનો વધારો અટકે છે. વળી પ્રાણીઓમાં કામ વાસના અમુકજ ઋતુંમાં આવે છે તેથી વંશવૃદ્ધિ ઓછી થાય છે મોટાભાગના પ્રાણીઓનું આયુષ્ય પણ ટૂંકું હોય છે. મનુષ્યમાં આવું નથી.

પુરાણા યુગમાં વિશાળ ભારતમાં વસ્તી ઓછી હતી ઘણી જમીન હતી. દેશ ખૂબજ સમૃધ્ધ હતો. દેશને "સોનેકી ચીડીયા" કહેવાતું હતું ત્યારે નારીના જીવનનો ઉદ્દેશ બાળકને જન્મ આપવો, તેનુ પાલન પોષણ કરવું વિગેરે હતું. તેથી દરેક કુટુંબમાં ઘણાં બાળકો જન્મતાં પણ આધુનિક ઉપચારોને (સારવારને) અભાવે ઘણાં ઓછાં બાળકો જીવતાં વળી પ્રસુતિ પછીનો માતાનો અવતાર એ બીજો અવતાર માનવામાં આવતો હતો. હાલ આધુનિક ઉપચારોથી મૃત્યુ પ્રમાણ ઘટતાં વસ્તી કુદકે ભૂસકે વધવા માંડી અને ગામડાંને શહેર ભરાઇ જવા માંડયા.

આપણા દેશમાં દર દોઢ સેકંડે એક બાળક જન્મે છે. એટલે કે દરરોજ ૫૫૦૦ બાળકો જન્મે છે. એટલે કે બાળકનો જન્મઆંક (Birth rate) ભારતમાં ૪૧ છે જયારે પશ્ચિમના દેશમાં તે ૧૪ છે ભારતમાં મૃત્યુઆંક ૨૦ છે જયારે પશ્ચિમના દેશોમાં તે ૧૦ છે. આ આંકડાઓ જોતાં ખ્યાલ આવશે કે બીજા દેશોની સરખામણીમાં ભારતમાં વસ્તી વધારાનું પલ્લુ નમે જ અને વિચાર કરો કે જો એમ જ આગળ

વધ્યે જશે! તો શું થશે અને ત્યારે ભૂખ મરાથીમાણુસ માણસનો ખોરાક બને તો નવાઈ પામવા જેવું નહીં હોય.

જેવી રીતે ઘરમાં ખાવાના સાંસા હોય તેવો બાપ ભારે કામ ન કરી શકે તેવીજ સ્થિતિ આપણા દેશની છે. અને તેના પ્રમાણમાં અનાજ ઉત્પાદન જોઈએ તો,

વર્ષ	ખાદ્ય સામગ્રી	જન્મ
૧૯૫૧	૫૫ મીલીઅન ટન	૩૬૧ મીલીઅન
૧૯૬૬	૭૨ „	૫૦૦ „

આમ ૧૯૫૧ માં ભોજન પ્રમાણુ દરેક વ્યક્તિદીઠ ૧૨-૮ ઔંસ ખાદ્ય સામગ્રી હતી. જે ૧૯૬૬ માં ૧૨-૪ ઔંસ થઇ.

૧૯૬૮ ની વસ્તી ૫૨,૫૦૦૦૦૦૦ છે તેમાં દર વર્ષ ૨.૫% નો વધારો થાય છે. જેથી ૨૬ વર્ષ પછી એટલે કે ૧૯૯૪ માં તે ૧૦૦૦ મીલીઅન થશે અને ત્યારે માણુસ અહીં તહીં રખડતો થઇ જશે.

દુનિયાની વસ્તીનો વિચાર કરીએ તો જો વસ્તી આ પ્રમાણે જ વધતી જશે તો જે વસ્તી...૧૬૫૦ માં ૫૪ કરોડ હતી. તે વધીને ૧૯૫૦ માં ૨૩૦ કરોડ થઇ. જે ૧૯૬૮ માં ૩૩૦ કરોડ થઈ અને ૨૦૦૦ માં ૯૦૦ કરોડ થઇ જશે.

અત્યારે દુનિયાની ૨/૩ ભાગની વસ્તી પૂરતો ખોરાક પણ પામી શકતી નથી. અને આ પ્રમાણે ચાલશે તો. ગરીબાઈ, કંગાલિયત, અજ્ઞાન, અને મુશ્કેલીઓ વધશે જે અંતે એક વખત યુધ્ધને નોંતરશે.

આપણા ગુજરાતનું જમા ઉધારનું પાસું વિચારીએ તો ગુજરાતમાં દર વર્ષે ૨ ૮ ટકાનો વસ્તી વધારો થાય છે. જન્મ આંક ૪૩ છે, જે ભારતમાં સૌથી વધારે છે. ગુજરાતની વસ્તી ૧૯૫૧ માં ૧૬૩ લાખ હતી. તે ૧૯૬૧ માં ૨૦૬ લાખ થઈ. ગુજરાતની વસ્તીનો ૭૦ ટકા ભાગ ખેતીવાડી ઉપર આધાર રાખે છે. વૈજ્ઞાનિક પધ્ધતિએ ખેતી કરવામાં આવે તો પણ ખેતીની પેદાશના પ્રમાણમાં વસ્તી વધારાનું પ્રમાણ એટલુ વધારે છે કે તે જરૂર મુશ્કેલી ઊભા કરશે.

સંતતિ નિયમનનો ઇતિહાસ :-

પ્રકાર, વિષે સ્હેજ સમજ

સંતતિ નિયમન એ કંઇ નવું નથી બસો વર્ષ પૂર્વે તેના શ્રી ગણેશ મંડાયા શરૂઆત ફક્ત વિકસીત દેશોમાંજ થયેલ આના સૌથી પહેલા વિચારક હતા "મિ. માલ્થસ" અને તેથીજ તેમણે મોટી ઉંમરે લગ્નની સલાહ આપેલ ત્યારે તેમની સામે ખૂબજ વિરોધ વંટોળ ઊભો થયેલ ત્યારબાદ "મેરીસ્ટોપ" અને "મારગેટ સેંગ રે" ગર્ભનિરોધ સમજાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે પણ માણસોએ ગર્ભધારણ "પરમાત્માની ઇચ્છા" કહી ટાળી નાખ્યું અત્યારે મનુષ્ય એટલો વિચારહીન નથી કે

સંતતિ નિયમનના સાધનો હોવા છતાં પણ "ભગવાનની ઇચ્છા" ના નામે દરેક વર્ષે બાળક પેદા થવા દે. પોતાની શકિત જોઈ વિચાર કરી, ચાલવાવાળો માણસ જરૂર ઇચ્છે જ કે તેનો પરિવાર સ્વસ્થ, સુશિક્ષિત તથા સુખી હોય અને તેના માટે નાનું કુટુંબ એજ ઇચ્છિનીય છે.

પતિપત્નીનો શારીરિક સંબંધ ફકત એકજ હેતુ સંતાનોત્પતિ નથી. શારીરિક સંબંધ એ બંન્ને માટે આનંદનીય છે. અને આ આનંદ મેળવવામાં ઘણીવાર ન ઇચ્છિનીય બાળકનું આગમન થાય છે જે માબાપને ચિંતામય બનાવી દે છે. આ ચિંતામાંથી મુકત બનવા કોઈ ગર્ભપાતનો સહારો લે છે. ગર્ભપાત ગેરકાયદેસર હોવાથી કેટલીક સ્ત્રીઓ લેભાગુ ડોકટર કે દાયણના ચક્કરમાં ફસાઈ જાય છે. અને ફસાવનાર આ આ તકનો લાભ લઇ મન માન્યા પૈસા પડાવે છે. અને વળી તેમાં જીવનનુ જોખમ તો ખરું જ. આમ જીવનના જોખમે પણ જો સ્ત્રીઓ ગર્ભપાત કરાવતી હોય તો શું એ ઠીક નથી કે ગર્ભપાતને કાયદેસર બનાવવામાં આવે જેથી સ્ત્રીને સારી સંસ્થામાં નિષ્ણાત ડોકટરની સારવાર મળી શકે–લગભગ ૪૦ લાખ સ્ત્રીઓ ગર્ભપાતનો સહારો લેતી હોવાનો અંદાજ મનાય છે. જાપાનમાં ગર્ભપાત કાયદેસર છે ત્યાંના લોકો એ રીતે પોતાના દેશ પ્રમાણે આયોજન કરી રહ્યા છે. અને સફળ પણ થયા છે વળીએક વાર આવુ થયા પછી ફરી આવું ન થાય તે માટે સંતતિ નિયમનનાં સાધનોનો સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

કુટુંબ નિયોજનનો બીજો રસ્તો ગર્ભનિરોધ છે જે આપણે આગળ વિસ્તારથી જોઇશું ઘણા લોકો ગર્ભ-નિરોધને પણ ગર્ભપાતની સાથે (બરાબર) ગણાવે છે. પણ તેમાં ફરક છે. ગર્ભપાતમાં આકાર પામેલ ગર્ભનું પતન કરવામાં આવે છે જયારે ગર્ભ-નિરોધમાં ગર્ભજ ગર્ભાશયમાં આકાર પામતો નથી.

કુટુંબ નિર્માણ માટેની યોજના પ્રથમથી જ વિચારી રાખવી જોઇએ વિવાહ (લગ્ન) પછી પતિપત્નીએ પોતાના કુટુંબના આયોજન માટે વિચારવુ જરૂરી છે. કેટલાંકને સતાન ન થવાથી તેઓ ચિતાતુર બને છે કારણ કે તેમને પણ કુટુંબનું આયોજન કરવુ છે અને તેથી જ સારવાર લે છે. જયારે બીજી બાજુ વધુ પડતાં બાળકો ન થવા દેવા તે પણ કુટુંબ નિયોજન જ છે.

બે દીકરા પછી જ સંતતિ નિયમન માટે વિચારાય તેવી માન્યતા છે. આનું કારણ પુરૂષ કુટુંબનો મેરૂદંડ ગણાય છે, તદ્ઉપરાંત તેને પિતાનો વારસદાર ગણવામાં આવે છે તે છે આ માન્યતા ન રખાય તો સારૂં કારણકે તે આશામાં ને આશામાં ૬ થી ૭ દીકરીઓ થઇ જાય છે અને છેવટે તેઓ વિચારે ત્યારે તેઓ મોડા પડે છે. દીકરો કે દીકરી નસીબની વાત સમજાય તો સારૂં જો કે આ માન્યતા દૂર થવી મુશ્કેલ છે.

(વધુ આવતા અંકે)

॥ શ્રી ઉમાશરણ મસ્તુ. ॥

મ હા પ્ર યા ણ

પ્રેમજીભાઈ દેવસીભાઈ પટેલ
નવાનગર

" ધર્મ રક્ષતિ રક્ષત "

આ સૂત્ર ના હિસાબે ધર્મ આપણું રક્ષણ કરે છે પણ ક્યારે કે ધર્મનું આપણે રક્ષણ કરીએ ત્યારે, પરંતુ વધુ પડતા જાતમહેનત ના સુચનને માનનારો આપણો સમાજ એ જાણતો જ હશે કે મહારાણા પ્રતાપ પોતાની, પોતાના કુટુંબની, પોતાના રાજ્યની પરવા કર્યા સિવાય અકબર સાથે લડાઇ લડ્યા કેવળ હિન્દુ ધર્મ માટે; છત્રપતિ શિવાજી એ પણ ઘણાં દુઃખ વેઠ્યા કેવળ ધર્મ માટે, એવા એવા અનેક શૂરવીરો થઇ ગયા અને ધર્મ માટે મહાન બલિદાનો આપ્યા તેથી આગળ વધી એ ગોઝારો સમય ૧૦૨૪ થી જુલમો કરતા મુસલમાનોએ હિન્દુ ધર્મનું નિકંદન કાઢવા બધા પ્રયત્નો કર્યા સોમનાથ પાટણનો ૧૦૨૪ પછી ત્રણ વખત યવનોએ નાશ કર્યો વિદ્વાન બ્રાહ્મણો નો અગ્નિ હોમનો અને મહાન પુસ્તકોનો પણ નાશ કર્યો તેઓની નેમ હતી કે બધી જ જગ્યાએથી હિંદુ સંસ્કૃતિ નો નાશ કરવો પરંતુ અકબર પછી તેમાં પરિવર્તન થયું અને ભેળસેળ કરીને પણ બધાને મુમના બનાવવા એવીજ રીતે આપણા સમાજને કાળીટીલી પહોંચાડ નાર ઇમામશાહે આપણને ગુજરાત છોડાવી અને વધુમાં આપણા કેળવણી છોડાવી સમાજમાંથી દશોદ, વિશોંદ, અને એવી રીતે ધર્મના નામે શ્રધ્ધાથી જતા દર વર્ષે બે લાખ જેવી રકમ અને તે રકમ ત્રણભાગ ખર્ચમાં જાયતો પણ પચાસ હજાર ૫૦ × ૨૦૦ વર્ષ=૧૦૦ લાખ એકકરોડ રૂપિયા આપણા ભાઇઓ જેમાં ગરીબ પણ હશે એવા ભોળા માનવોની રકમ નો આપણા સમાજે સહેજે વિચાર નહિ કર્યો હોય... એવી જંગી રકમ ઉપર તાગડ ધિન્ના કરતા ધુતારા અને લે ભાગુ માણસો એ લોકો ને એવું પણ ઠસાવ્યું છે કે કળજુગ આવતો જાય છે, અને બાવાના કહેવા પ્રમાણે અહીં જણા મુમન રહેશે.., તો આવા આણુ યુગમાં... આપણે કણબી પાછળ કરોડ અને કણબી કોઇની પાછળ નહિ એ સૂત્રને જો દિપાવવું હશે... તો "મહા નિર્માણ" યોજનાનો યજ્ઞ ચાલુ કરવો જોઈએ. આપણી સંસ્થાનું સમાજનું એક ધાર્મિક એવુ આલીશાન તીર્થ બનાવીએ તેમાં કુળદેવીનું મંદિર, ગુરુકુળ, પાઠશાળા ગૌશાળા ભોજનાલય, વ્યાયામશાળા, પુસ્તકાલય અને કિર્તિસ્થંભ વગેરે મહા નિર્માણ ના પંથે પડવા આપણો સમાજ અને મુખ્યત્વે વડીલો વિચારે તો બધીજ મુશ્કેલીઓ દૂર કરી આપણે જરૂર " ધર્મ ને સમજ્યા " એમ ગણાશે.

અસ્તુ.

"પ્રલય"

કેશવલાલ પટેલ—ડાસરા

"પ્રલય"

'પ્રલય' છું હુ – જ્ઞાતિ પર ત્રાટકનારો...
પલમાં સમાજ–સુધાર કેરી ક્રાંતિ જગાવનારો....

ના સમજો મને કોઈ સામાન્ય છું;
સાધુ છું અસામાન્ય 'અહાલેક' જગાવનારો....

સદીઓથી સુતેલા ઓ જ્ઞાતિબંધુઓ !
હું છું તમ હતચેતનોમાં ચેતન પુરનારો....

દીઠા છે તમને અતુટ બંધને જકડાયેલા;
'સતપંથ' ના એ બંધનને હું તોડનારો....

શર્મ હોવી ઘટે એ કુરિવાજ માનવામાં;
'કબર'થી 'મંદિર' ભણી હું દોરનારો...

જાગીને જુઓ જગત જઈ રહ્યું આકાશે;
દેશે નિરૂપદ્રવીઓ'ને લાખો ફિટકારો....

શું તાકી રહ્યા છો, મુજ કવિતમાં ?
કવિત નથી એ છે 'પ્રલય'ના પોકારો....

સત્ય પણ શરમરૂપ પ્રસંગ

રણછોડભાઇ જે. પટેલ
બાવળીયા કંપા

એક વખત હું સીનોર તાલુકાના એક ગામમાં ગયો હતો ત્યાં એક આદિવાસીને ઘેર ગયો તો તેમના ઘેર પાંજરામાં એક સસલું પાળેલુ હતું તે જોઈ મારા સાથીદારે મશ્કરી કરતાં તેને પૂછ્યું ભાઈ આ પાંજરામાં તમો એ પોપટ પાળ્યા છે, કે શું? આ સાંભળી આદિવાસી શરમાઇ ગયો તેથી મેં મારા સાથીદારને કહ્યું ભાઇ મૂકી દે તે વાતને. બાળકોએ સસલાંનુ બચ્ચુ પાળ્યુ હશે. થોડીવાર પછી મેં તે આદિવાસીનું સરનામુ માગ્યું તો તેમણે સરનામુ જણાવ્યું તેમાં પોસ્ટ અવાખલ જણાવ્યું જેથી મેં મારા સાથીદારને કહ્યું કે આ ગામ કયું છે? ખબર છે ત્યારે મારા સાથીએ મને કહ્યું કે ખબર ન પડી પણ પેલો આદિવાસી સમજી ગયો ને તેણે મને કહ્યું કે તમો પેલો પંથ પાળો છે ત્યારે મેં તેમને પ્રશ્ન પુછ્યો કે કયો? ત્યારે પેલો આદીવાસી બોલ્યો પીરાણા પંથ. (સતપંથ.)

મેં જણાવ્યુ કે કેમ તને કાંઇ વાંધો આવ્યો? ત્યારે તેણે જણાવ્યું કે બીજુ કાંઇ નહિ પણ જો તમો તે પંથ પાળતા હો તો અમો તમારા પાણી પીવાનાં વાસણ ઘસી નાખીએ.

મેં કહ્યું કેમ? તો તેણે જણાવ્યું કે તે ધર્મ મુસલમાન જેવો છે. ત્યારે મેં તેને કહ્યું કે ભાઈ તમો સસલાં પાળો છો, માંસ ખાઓ છો અને અમો તો એમાંના નથી.

ત્યારે તેણે મને જવાબ આપ્યો કે ભાઇ અમો તો રજપુત છીએ ને રજપુતને સસલાં ને મૃગલાંથી રમવાનો હક્ક છે. અને તેથી અમો કાંઇ મુસલમાન જેવા ન કહેવાઇએ પણ તમો તો મુસલમાન જેવા જ છો જો હિન્દુ હો તો પીરાણા પંથ પાળવો ન જોઇએ આ તેનો જવાબ હતો.

આ ઉપરથી મને બહુ દુઃખ થયુ કે જેને ત્યાં ખાવા મકાઇ નથી તેને નોકર માટે હું લેવા ગયો હતો તેજ માણસે જો આવો જવાબ આપ્યો તો તેનેય ધર્મનું કેવું અભિમાન છે. □

- મંદિર એવું હોવું જોઇએ કે જ્યાં ગયા પછી જીવનમાં ઉત્સાહ આવે, હતાશ થયેલો માનવ આશાવાન થાય ને જીવનમાં આશ્વાસન મેળવી ઉભો થાય.

- મંદિરની સંપત્તિ ભગવાનની છે. એ તો સમાજમાં પ્રભુભકિત વધારવા માટે જ વપરાવી જોઇએ. એ રીતે વપરાતી ન હોય એવાં મંદિરને સંપત્તિ આપનાર આપીને પણ પાપી થાય છે.

રાષ્ટ્ર ગીતો

સંગ્રાહક : પટેલ વિઠ્ઠલદાસ ગોપાલદાસ
રમોસકંપા.

૧	ભારત	—	જન ગણ મન
૨	ઇંગ્લેન્ડ	—	ગોડ સેવ ધ કીંગ
૩	જર્મની	—	લાઈ ટુ ડર ડેન્ટરન્ટ સ્ટોન
૪	મિસર	—	જે દીવ સ્ત્રોત
૫	ફ્રાન્સ	—	માઝવાસ
૬	યુ. એસ. એ.	—	માય કન્ટ્રી ઇટ ઈઝ ઓફ ધી
૭	સોવિયેટ રશિયા	—	ધી ઇન્ટરનેશનલ
૮	ચીન	—	ઝીન્ય ગ
૯	જાપાન	—	કીમિયાગો
૧૦	ઝેકોસ્લોવિયા	—	કહેદા મોર ભુજ
૧૧	બલ્ગેરિયા	—	શુભા મારિગા
૧૨	બેલ્જિયમ	—	બાબ્રેલાકા
૧૩	હોલેન્ડ	—	વે પેન નાયર બેન્સરા
૧૪	ડેન્માર્ક	—	કોમ્ગ ક્રિશ્ચિયન સ્વીટ વેડ
૧૫	સ્વીડન	—	દર સ્વેન્ટ હુન્જિર તાન્સ
૧૬	કેનેડા	—	ધી એવર લાઇફ ફોર એવર
૧૭	હંગેરી	—	આઇ રોમબાહડ મેંગ એ માગ્યાર
૧૮	નોર્વે	—	જે. વી. એપ્સેકટર હેતે-લાન્દેશ

દેવી સંપ્રદાય

શામજીભાઇ એસ. પટેલ
વડોદરા.

દરેક કાર્ય માત્ર શકિતથીજ થાય છે. પ્રકાશમય જ્ઞાનરૂપ શકિતજ અજ્ઞાન રૂપ રાક્ષસોને હણનારી છે માટે શકિતજ સર્વથી શ્રેષ્ઠ છે આ તત્વો ધ્યાનમાં લઇને કેટલાક યોગીઓએ બ્રહ્મચર્ય, પ્રાણાયામ આદિ ક્રિયાઓ દ્વારા જ્ઞાન, શકિત મેળવવાનો પ્રયાસ કરવા માટે એક પંથ સ્થાપ્યો. તેનું નામ શકિત સંપ્રદાય રાખેલું. પાછળથી પુરાણોની પ્રવૃતિ થતાં તેનું પણ રૂપાંતર થઇ ગયું. શકિતને અનેક અસુરોને દેવી કલ્પી તેનું પણ ચમત્કાર અને અલંકારોથી ભરપુર મનોરંજક વર્ણન કરી તેની પણ મૂર્તિ પૂજા શરૂ કરી દીધી. હાલમાં જેનાં વિવિધ સ્વરૂપ અંબા, ભવાની, બહુચરા કાલકા, તુળજા વિગેરેની મૂર્તિ પૂજા ચાલે છે. અને આ માર્ગને દક્ષિણ માર્ગ પણ કહેવામાં આવે છે.

બીજી બાજુએ સેમિટિક વિગેરે અનાર્યો આ દેશમાં આવી વસેલા તે મૂળથીજ દેવી ભકત હતા. તેથી તે આ સંપ્રદાયમાં દાખલ થયા. પ્રથમ તેઓ લીંગ યોનીને પુજતા તેથી આ સંપ્રદાયમાં પણ તેની ખાસીયતો કેટલેક અંશે દાખલ થઇ. એ માર્ગ એવી નીચ અને મલિન ક્રિયાઓથી ભરેલો છે કે તેનુ વર્ણન પણ ન થઇ શકે. વેદમાંના 'બૃહદ્યોની" જેનો સત્યાર્થ જગનાથ થાય છે તેને ફેરવી 'માનવ-યોનીં" કર્યો અને તેની પુજા વિધી દાખલ કરી તેનું નામ 'વામ માગ" રાખ્યું. આ માર્ગ વાળા કહે છે કે વેદથી વૈષ્ણવ મત સારો, વૈષ્ણવથી શૈવ સારો, શૈવથી દક્ષિણ સારો અને દક્ષિણથી વામ સારો.

જેને માંસ, મદ્ય, મૈથુન વગેરેમાં પ્રર્વર્તવું હોય તેને માટે ધર્મના બહાને આ એક ઉત્તમ માર્ગ છે. આ મ ર્ગમાં પણ મતભેદ પડતાં તેમાંથી અઘોરી, માર્ગી, માતાપંથી, ભેરવ, કાળ ભૈરવ, ઉન્મત ભૈરવ, કુંડાપંથી, કાચ લીઆ, વીગેરે પંથ પડેલા. આ માર્ગ-વાળાનું મુખ્ય ધામ આસામ છે. એ સિવાય કાંજીવરૂમ, મદુરા, નેપાળ, બાંકીપુંર, દરભંગા, સિંધ, તથા કચ્છમાં પણ છે. ધોબી, માળી, વાળંદ વિગેરે કોમો તેમાં છે. આ માર્ગવાળા સર્વ ક્રિયાઓ ગુપ્ત રાખે છે એટલે એ માર્ગ હિન્દુસ્તાનમાં ઘણી ગુપ્ત રીતેજ ફેલાયેલો છે. ★

સમાચાર વિભાગ

સન્માન સમારંભ ✻

તલોદ
તા. ૬-૮-૭૨

કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ તલોદના ઉપક્રમે ઉપરોક્ત તારીખે જૂન ૭૨ થી શ્રી એસ. એમ. પંચાલ સાયન્સ કોલેજ તલોદમાં પ્રિન્સિપાલ પદે નિયુક્ત થયેલા બોરડીટીંબા (કચ્છ) દેવીસર નિવાસી શ્રી રતિલાલ એલ. પટેલને સન્માનવા માટે એક શાનદાર સમારંભ યોજવામાં આવ્યો હતો.

સમારંભની શરૂઆતમાં યુવકમંડળના પ્રમુખ મુળજીભાઈ કે. પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ શ્રીકચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ ધનસુરાના સહમંત્રી શ્રી ગોવિંદભાઇ વી. પટેલે માનનીય શ્રી પ્રિન્સિપાલ સાહેબનો પરિચય કરાવી સન્માન પત્રનું વાંચન કર્યું હતું પછીથી સમાજના પ્રમુખ શ્રી હીરજીભાઈ કરશનભાઈ પટેલે આનંદ વ્યકત કરતાં જણાવ્યું હતું કે સમાજનો કેળવાયેલો વર્ગ આ રીતે ઉન્નતિ સાધે તે ઇચ્છનીય છે પ્રિન્સિપાલ પણ જીવનમાં વધુ ઉન્નતિ સાધે એવી અભિલાષા.

—શ્રી વિશ્રામભાઇ નથુભાઇ પટેલ જેઓ સમાજના અગ્રણી છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થી કાળથી જ મહેનત અને ખંત સાથે અનેક સદ્ગુણનો સમન્વય થતાં શ્રી રતિલાલભાઈ એ જે પ્રગતિ સાધી છે તે બદલ તેઓ તેમજ તેમનાં માતાપિતા પણ ધન્યવાદનાં અધિકારી છે તેઓશ્રી ઉત્તરોત્તર પ્રગતિ સાધે અને અન્ય સૌને માર્ગદર્શક બની રહે.

—શ્રી નાનજીભાઇ કે. પટેલ : (શ્રી ક. ક. પા. સ. સમાજ મંત્રી) શ્રી રતિભાઇ કદમા પ્રમાણસર છે. પણ તેઓમાં અદ્ભુત શકિતઓ રહેલી છે તેના પરિણામેજ તેમણે ટૂંકાગાળામાં સારી પ્રગતિ સાધી છે. તેમના પિતાશ્રીએ તેમને કેળવણી આપીને અદ્ભુત કાર્ય કર્યું છે. તે તેઓ માટેજ નહિ પણ આપણા સૌના માટે ગૌરવ સમાન છે

—શ્રી જેઠાભાઈ પુંજાભાઇ : પ્રમુખ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદ. આજના જમાનામાં વિદ્યાર્થીઓ વિનય ખોઈ બેસે છે. જો વિનય જીવતો હશે તોજ વિદ્યા શોભશે. પ્રિન્સીપાલમાં આ બન્નેનો સમન્વય છે. તેઓશ્રી પ્રગતિમાં વધુ આગેકુચ કરે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

—કાન્તિલાલ કે. પટેલ : તંત્રી જાગૃતિ વિદ્યા વિનયથી જ શોભે છે, શ્રી રતિભાઇ પણ તેમનામાં રહેલા સદ્‌ગુણોથીજ આગળ આવ્યા છે. વિદ્યાર્થીઓમાં પણ સુષુપ્ત શકિતઓ હોય છે તેને યોગ્ય માર્ગે વહાવવામાં આવે તો નિશ્ચિત ધ્યેય પર પહોંચી શકે. બહેનો પણ કેળવણીમાં વધુ પ્રગતિ સાધે તેવો અનુરોધ કર્યો હતો. પ્રિન્સીપાલશ્રીની કારકીર્દિ વધુ ઉજ્વળ બને તેવી અભિલાષા

—શ્રી વાડીભાઈ કે. પટેલ : ગૃહપતિ શ્રી કડવા પાટીદાર વિ. ભવન ધનસુરા. આજનો પ્રસંગ એ માત્ર વ્યકિતનુંજ સન્માન નથી વિદ્યાનું પણ સન્માન છે. વિદ્યા પુજાય છે. ધન નહિ. શ્રી રતિભાઈ વિદ્યાર્થી અવસ્થાથી જ તેજસ્વી છે. સમાજ તેમજ અન્ય સંસ્થાઓ માટે તેમનામાં રહેલી સેવા ભાવના અને મિલનસાર સ્વભાવના કારણેજ તેઓ વધુ પ્રગતિ સાધી શકયા છે. વિદ્યાર્થીઓ તેમજ સમાજને માટે માર્ગદર્શન બની રહે અને તેમનું ભાવિ જીવન વધુ ઉજ્વળ બને એવી મહેચ્છા.

—શ્રી ઝવેરી સાહેબ : આચાર્ય શ્રી સી. આર ભગત હાઇસ્કૂલ, હરસોલ ૧૯૬૦ ની સાલથીજ શ્રી રતિભાઇથી પરિચિત છું. તેઓશ્રી પ્રિન્સીપાલ પદે આવ્યા તેથી આનંદ. તલોદ કોલેજમાં ભવિષ્યમાં તક્ષશિલાનું વાતાવરણ બની રહે તેવી અભિલાષા છે. શ્રી રતિભાઇ સામાજિક તેમજ સાંસ્કૃતિક કાર્યો શરૂ કરી તલોદ તેમજ આજુબાજુના વાતાવરણને જીવંત રાખે અને પોતે ખૂબજ સિધ્ધી અને પ્રગતિ સાધે.

—શ્રી પ્રેમજીભાઇ એ પટેલ : નેશનલ ટાયર્સ, ધનસુરા. ખરેખર ! આજે હર્ષનો દિવસ છે. શ્રી રતિભાઈની પસંદગી યોગ્ય જ થઇ છે તેઓમાં કાર્ય કરવાની મહત્વાકાંક્ષાથીજ તેઓ વધુ સારું સ્થાન પ્રાપ્ત કરી શકયા છે, તેમના મિલનસાર સ્વભાવને લઇને વિદ્યાર્થીઓને તેમજ સમાજને માર્ગ-દર્શન તેમજ સેવા મળતાં રહે છે અને રહેશે. ભગવાન તેમને દીર્ઘાયુ બક્ષે તેવી અપેક્ષા.

—પ્રોફેસર કે. વી. પટેલ : તલોદ કોલેજ : પોતાના વકતવ્યથી બીજાને પ્રભાવિત કરવાની તેમજ કુનેહથી કાર્ય કરાવી લેવાની શક્તિઓ તેમની પાસે રહેલી છે. માધ્યમિક શિક્ષણથી જ તેમનામાં લીડર બનવાની શક્તિઓ પરખાઇ આવતી હતી. તેમની લાયકાતથી જ તેઓશ્રી આગળ વધી શકયા છે અન્ય સંસ્થાઓ તેમજ સમાજ પ્રત્યેની તેમની ફરજ પણ તેઓશ્રી અચુક બજાવે છે. તેમના ભાવિ જીવન માટે શુભેચ્છા ધરાવું છું.

—ડૉ. ડી. કે. પટેલ : બોરડીટીંબા; (કરમસદ) : શ્રી રતિભાઇ પ્રિન્સિપાલ પદે આવ્યા તેમાં તેમના માતા પિતાનું કે કુટુંબીજનોનું જ નહિ અમારા

ગામનું પણ હું ગૌરવ અનુભવું છું. અમારા ગામમાં આજ સુધી કેળવણીનું સિંચન થયું હોય તો શ્રી રતિભાઇને જ આભારી છે, શ્રી રતિભાઇ પ્રિન્સિપાલ પદે નિયુક્ત થયા તે ખરેખર તો કાંટાળો તાજ છે પરંતુ તેમનામાં જે શક્તિઓ રહેલી છે તેનાથી કાંટાળો તાજ પણ મુગટ બનીને રહેશે એમ કહેવું કંઈ ખોટુ નથી. આશા છે કે તેઓશ્રીનું ભાવિ જીવન વધુ તેજસ્વી બને.

—ડૉ હંસરાજ એમ. પટેલ, કાનપુર કંપા (મહુધા) આજનો પ્રસંગ યોજવા બદલ યુવક મંડળ તેમજ વિદ્યાર્થી મંડળ અભિનંદનને પાત્ર છે. શ્રી રતિભાઈનાં માત-પિતાએ તેમનામાં સારા ગુણોનું સિંચન કર્યું છે. તેમનામાં રહેલા સદ્‌ગુણો અને આદર્શ ભાવનાઓથી જ તેઓશ્રી આગળ વધ્યા છે તે સમાજ માટે ગૌરવની વાત છે. તેઓ ભવિષ્યમાં આગેકદમ કરે તેવી મહેચ્છા સેવું છું.

—ડૉ. હીરૂભાઈ એમ. પટેલ : ધરમેડા કંપા (આકરૂન્દ), કોલેજમાં યુવાન વિદ્યાર્થી ભાઇ–બહેનોને કાબુમાં રાખવાનું કાર્ય મુશ્કેલ હોઈ છતાં તેમનામાં રહેલી કુનેહથી તેઓ કાર્ય કરી શકશે એમાં શંકા નથી. મિલનસાર સ્વભાવ અને કાર્યદક્ષતાથી જ તેઓ પ્રિન્સિપાલ બની શક્યા છે. ભવિષ્યમાં તેમની કારકીર્દિ યશસ્વી નીવડો એવી અભિલાષા.

—સાવિત્રીબેન વેલાણી : (ગૃહમાતા કન્યા છાત્રાલય, ધનસુરા.) વિદ્યાર્થીઓને શ્રી રતિભાઈના જીવનના સદ્‌ગુણોમાંથી પ્રેરણા લેવાનો અનુરોધ કર્યો હતો બહેનોમાં કેળવણીનું પાસું સુધરે તેવી અભિલાષા સેવી હતી. તેમની કાર્યદક્ષતા અને બુદ્ધિશક્તિથી એકમાંથી અનેક દીવા પ્રગટાવી શકાય તેમ છે. માતાપિતા તરફથી જે કંઇ માર્ગદર્શન મળ્યું છે તેમજ તેમના બાહુબળથી તેઓશ્રી આગળ વધી શક્યા છે. શ્રી રતિભાઇ પ્રિન્સિપાલ બન્યા એ રણમાં મીઠી વીરડી સમાન છે. તેમનુ ભાવિ જીવન વધુ પ્રગતિમય બને તેવી શુભેચ્છા.

—વેલજીભાઇ પ્રેમજીભાઇ પટેલ : તખતગઢ–સરતાનપુર (હડમતિયાકંપા) ઘેર ઘેર દીવા ઘણા હોય પણ કુળમાં દીવો કોક જ હોય છે. એક દીવામાંથી અનેક દીવા પ્રગટાવી શકાય છે. તેઓશ્રી કચ્છના વિદ્યાર્થીઓ માટે પણ માર્ગદર્શનરૂપ બની શકે છે. શ્રી રતિભાઇ પાસે બીજાઓને કાર્યમાં રસ લેતા કરવાની શક્તિ છે. પરમાત્મા તેમનું ભાવિ જીવન ઉજ્જવળ બનાવે અને દીર્ઘાયુ બક્ષે.

—ડૉ. જે. જે. ગોર (વડાગામ) : પુત્ર લગ્નમાં જે આનંદ થાય તેથી પણ આજે વિશેષ આનંદ થયો શ્રી રતિભાઈનામાં બાલપણથીજ પ્રભાવ શાળી વિદ્યાર્થી તરીકેનાં દર્શન થતાં હતાં તેઓશ્રી

 મ યોગી છે. તેઓ દીર્ઘાયુ બને તેવી અપેક્ષા છે. એટલું જ નહિ મારા આશીર્વાદ પણ છે જ.

—પાર્વતીબેન આર. પટેલ : રામેશ્વરકંપા શ્રી રતિભાઇ પ્રિન્સિપાલ બન્યા એ સમાજ માટે ગૌરવની વાત છે. આપણા સમાજમાં ઘૂંઘટ જેવી પ્રથા જે સ્ત્રીઓના વિકાસ માટે અવરોધક છે. તે દૂર કરવી જોઇએ સમાજ આ બાબતમાં કંઇક વિચારે શ્રી રતિભાઈની ઉજ્જવળ કારકીર્દિ ઇચ્છું છું.

—કુ. લીલાબેન અંબેરામભાઈ પટેલ (ધનસુરા) : વિદ્યાર્થીઓને યોગ્ય લાઇન પસંદ કરવામાં જે મુશ્કેલી પડે છે તેમાં શ્રી રતિભાઇ દીવાદાંડી સમ બની રહે વિદ્યાર્થીઓમાં ઘણી સુષુપ્ત શકિતઓ પડેલી હોય છે. સમાજમાં કેળવણીની જરૂર છે. સર્વિસ માટેજ કેળવણીની જરૂર નથી સ્ત્રીઓ પણ કેળવણીથી સાચી ગૃહિણી બની શકે, બહેનોની શકિતઓને ખીલવવા માટે સમાજમાં તક મળવી જોઇએ.

—શ્રી હરિભાઇ ડી. પટેલ (વજેપુરાકંપા) તેજ મૂર્તિ જેવા શ્રી રતિભાઇ તેમનામાં રહેલી નિષ્ઠાથી અને કાર્યશીલતાથીજ પ્રિન્સિપાલ પદે પહોંચી શકયા છે યુવાનોમાં અખૂટ શકિત હોય છે. પણ તેને અખંડ બનાવવા માટે શ્રી રતિભાઈ જેવા માર્ગદર્શકની જરૂર છે. તેઓશ્રી વિદ્યાર્થીઓ તેમજ સમાજ માટે પ્રેરણાદાથી બની રહે એજ અભિલાષા.

—પ્રોફેસર શ્રી વિશ્રામભાઈ આર. રૂડાણી : (સ્વામીનારાયણ કોલેજ, અમદાવાદ) દૂધમાં સાકર ભેળવીને વધુ સાકર ભેળવવાથી ફેર પડતો નથી. તેથી હું બે શબ્દો જ કહીશ, શ્રી રતિભાઈ પ્રિન્સિપાલનો હોદ્દો કાંટાળા તાજ જેવો હેવા છતાં તે મુગટ તરી કે જ દીપાવશે તેમાં શંકા નથી પ્રિન્સિપાલના હોદ્દામાં રહેલી મુશ્કેલીઓ એ તેમના માટે મુશ્કેલીઓ નહીં બની રહે. સામાન્ય રીતે આચાર્યશ્રીએ ત્રિવિધ મુશ્કેલીઓમાંથી પસાર થવાનું હોય છે. એક તો વિદ્યાર્થીઓ કે જેઓ સ્ફોટક પ્રદાર્થ જેવા હોય છે. અને એજ વિદ્યાર્થીઓ સ્હેજ આગળ વધી કોલેજમાં આધ્યાપક બને ત્યારે આ જે સ્ટાફના સભ્યો બને ત્યારે તેઓ ટાઇમીંગ બોમ્બ જેવા બની જાય છે. ઉપરાંત સમાજના વડીલજનો જેવા કેળવણી મંડળનઃ સંચાલક સભ્યો સાથે પણ કામ પડતું હોય છે. આમ વિદ્યાર્થીઓ, સ્ટાફના સભ્યો અને સંચાલકો એ દરેકની પાસેથી કુનેહથી કામ લેવું પડે શ્રી રતિભાઈની પાસે આ શકિત છે. અને તેઓશ્રી આ ત્રિવિધ પ્રકારની મુશ્કેલીઓમાંથી ફત્તેહ મેળવી આગળ વધશે અને વિદ્યાના દીપકને દીપાવશે તેમજ સમાજ માટે પણ માર્ગદર્શક બની શકશે.

વધુમાં સાવિત્રીબહેનનાં વ્યકતવ્ય

પ્રત્યે દૃષ્ટિપાત કરતાં જણાય્યું કે સ્ત્રી શકિત દ્વારા સ્ત્રીઓએ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે; ઉત્સાહી અને કાર્યદક્ષ બહેનો જરૂર તેમના જીવનમાં આગળ આવી શકે સ્ત્રીઓ પ્રત્યે સહિષ્ણુતા છે જ.

શ્રી રતિભાઇ ત્રિવિધ ક્ષેત્રે મુશ્કેલીઓ હોવા છતાં દરેકની વચ્ચે સમતુલા જળવાય એ રીતની કુનેહ તેમનામાં હોઇ તે જરૂરથી આગળ વધે એવી અભિલાષા.

—પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ (તલોદ સાયન્સ કોલેજ): સન્માન થતું હોય તો આનંદ થાય એ સ્વાભાવિક છે. પણ એ સન્માન માટે હું લાયકછું કે નહીં તે હું કહી શકતો નથી. વિદ્યાર્થી મિત્રોએ આ સમારંભ યોજવા મને વાત કરી; મેં તેમને સમારંભ ન યોજવા સમજાવ્યા પણ તેઓ ન માન્યા તેથી આ મેળાવડો યોજ્યો છે. કોઈ પણ વસ્તુને આકાર આપવા માટે વિચાર કરવો જોઇએ. આજના પ્રસંગે મારા પર જે ભારણ લાદવામાં આવ્યું છે તેને હલ કરવા હું પ્રયત્નશીલ બનીશ. આ પદે પહોંચવા માટે હું મારા માતા–પિતા, વડીલજનો અને ગ્રામ્યજનોનો ઋણી છું. હું કોલેજના મારા અભ્યાસ કાળ કરતાં તલોદમાં કંઇક વધુ શીખ્યો છું.

આજના પ્રસંગે શુભેચ્છકોએ પાઠવેલ શુભેચ્છાઓને સાકાર બનાવવા મારાથી બનતો પ્રયત્ન કરીશ.

સન્માન બદલ વિદ્યાર્થી મંડળ તેમજ યુવક મંડળના સભ્યો અને સમારંભના યોજકોનો આભાર માનું છું.

—શ્રી સોમજીભાઇ એસ. પટેલ (પ્રમુખ શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ. ધનસુરા): આપણા સમાજમાં ઘણા વખતથી શિક્ષણની ખામી હતી તે હવે દૂર થઈ છે.

આજે સમાજમાં ડોકટરો અને વકીલો પણ છે, શિક્ષણ એ મહત્વનું છે. અને તેથી જ સમાજ આગળ વધી શકે. શિક્ષિત વર્ગમાં આજે બેકારીનું પ્રમાણ વધતું જય છે, વિદ્યાર્થીઓ માત્ર સર્વિસ કરવા માટે જ કોલેજમાં ન જાય તેઓ સમાજની મુશ્કેલીઓ દૂર કરવા માટે પણ પ્રયત્નશીલ બને અને સમાજને ભારરૂપ ન થાય તેવી અપેક્ષા.

જેણે વિદ્યાને શોભાવી છે તેવી વ્યકિતઓનું સન્માન રાખવુ જ જોઇએ જેથી આવા મેળાવડાઓ દ્વારા સમાજને શિક્ષિત વ્યકિતઓના વિચારો જાણવા મળે.

શ્રી રતિભાઇ તેમના ભવિષ્યમાં વધુ આગળ વધે અને સમાજને પણ તેમની સેવાનો લાભ મળે એવી અભિલાષા.

ઉપરોક્ત રીતે વકતાઓનાં પ્રવચનો પૂરા થયા પછી યુવક મંડળના પ્રમુખ શ્રી મુળજીભાઇ કે. પટેલે આમંત્રિત મહેમાનોનો આભાર માન્યા બાદ અલ્પાહાર પછી સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ★

॥ सा विद्या या विमुक्तये ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, તલોદ

ઉપરોકત મંડળની સામાન્ય સભા કચ્છ કડવા પાટીદાર સમાજ વાડીમાં તા. ૨૫–૭–૭૨ના રોજ રાખવામાં આવી હતી. મીટીંગની કાર્યવાહીમાં જુના વર્ષની કારોબારીના હોદ્દેદારોનાં રાજીનામાં સ્વીકારવામાં આવ્યાં અને નવા–ચાલુ વર્ષની કારોબારી સમિતિની વરણી કરવામાં આવી. જેની નામાવલી નીચે મુજબ છે. અને ઠરાવો પસાર કરી મીટીંગનું વિસર્જન કર્યું.

સલાહકાર :—

માનનીય પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ–તલોદ, પ્રોફેસર ગોવિંદભાઈ વી પટેલ–બદામકંપા, શ્રી પ્રહલાદભાઈ ડી. પટેલ–મોતીસરી.

— કારોબારી સમિતિ —

હોદ્દો	નામ	વર્ષ	ગામ
પ્રમુખ	પટેલ ધનસુખભાઇ જેઠાભાઇ	ટી.વાય.બી.એસ સી.	શીવપુરાકંપા
ઉપ-પ્રમુખ	,, હરિલાલ સવજીભાઇ	ટી વાય.બી.કોમ	જંત્રાલ
મંત્રી	,, હિંમતલાલ મણીલાલ	એસ.વાય.બી એસ.સી.	વિશ્નુપુરા
સહ-મંત્રી	,, મણીલાલ દેવજીભાઇ	એસ.વાય.બી.એસ.સી	ખડોઈ (કચ્છ)
પ્રવાસ મંત્રી	,, નટુભાઇ મનુભાઇ	એસ.વાય.બી એ.	ઓરડીટીંબા
ખજાનચી	,, રતીલાલ એસ.	એસ.વાય.બી.કોમ	મહીઅલ
સહ-ખજાનચી	,, તુલસીદાસ જી.	એફ વાય બી.કોમ	રમોસકંપા
ઓડીટર	,, મહેન્દ્રકુમાર રતીલાલ	એસ.વાય.બી.કોમ	તલોદ
,,	,, નરસિંહભાઇ નાનજીભાઈ	પ્રિ.સા.	શીવપુરાકંપા
સંસ્કાર મંત્રી	,, દામોદરભાઇ વિઠ્ઠલદાસ	એફ.વાય.બી.કોમ	બિલેશ્વરકંપા
સહ-સંસ્કારમંત્રી	,, નટુભાઇ જીવરાજભાઇ	પ્રિ.આર્ટસ	થવાદલાટ
વ્યવસ્થાપક	,, અંબાલાલ દેવજીભાઇ	પ્રિ કોમ	સોનીકંપા
,,	,, રવીલાલ ભાણજીભાઈ	પ્રિ.સા.	જીઆપર
સહાયક	,, ચંદુલાલ સવગણભાઈ	પ્રિ.સા.	લાલુકંપા
,,	,, શીવલાલ નાગજીભાઇ	પ્રિ.સા.	માધવકંપા
સ્વાગત મંત્રી	કુ. પટેલ કસ્તુરબેન રતિલાલ	પ્રિ.આર્ટસ	તલોદ
સહ-સ્વાગત મંત્રી	પટેલ જયંતિલાલ રામજીભાઇ	પ્રિ કોમર્સ	જંત્રાલ

તા. ક : આ મંડળના સભ્ય શ્રી મોહનભાઇ હીરજીભાઇ પટેલ શીવપુરાકંપા-વાળા વિજ્ઞાન કોલેજમાં સાહિત્ય-ચર્ચાસભા મંત્રી તરીકે ચૂંટાઇ આવ્યા છે. અને આ મંડળનું ગૌરવ વધાર્યું છે.

મંત્રી : **હિંમત એમ. પટેલ** પ્રમુખ : **ધનસુખ જે. પટેલ**

★ સાબરકાંઠા, ખેડા જિલ્લો તેમજ આજુબાજુના વિસ્તારોને લગતાં કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઇ બહેનોને વિનંતી છે કે આપની પાસે કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળના સભ્યો આપનાં કુટુંબની સંખ્યા નોંધવા માટે આવ્યા હશે અને આપ સૌએ ગણતરીમાં આપનાં નામ નોંધાવ્યાં હશે. જો આપને સંજોગોવશાત યુવક મંડળના ભાઇઓ ન મળી શક્યા હોય અને આપનાં નામ નોંધાવ્યા વગર રહી ગયાં હોય તો સનાતન ધર્મપ્રેમી સૌં ભાઇબહેનોએ અત્રે ધનસુરા યુવક મંડળની ઓફીસે આવી સત્વરે નામ નોંધાવી જવાં.

પ્રમુખ, મંત્રી : શ્રી ક. ક. પા. સ. સ. યુ. મંડળ (ગુજરાત) ધનસુરા.

★ જ્ઞાતિબંધુઓ આપ સૌ જાણતા હશો કે મધ્ય પ્રદેશમાં વસતા આપણા સમાજના ભાઇઓની વસ્તી ગણતરીની બુકો છપાઈ હતી તે આપની પાસે આવી ગઈ હશે. એજ રીતે હાલમાં નાગપુર (વિદર્ભ વિસ્તાર) ની વસ્તી ગણતરીની બુકો છાપવાનું કામ ચાલુ છે.

દેશના જુદા જુદા વિસ્તારોમાં વસતા આપણા સમાજનાં ભાઈ-બહેનો કોણ ક્યાં બીઝનેશ કરે છે તેનો પૂરો ખ્યાલ આના પરથી આવી શકે છે.

જાણવા મળ્યું છે તે મુજબ દક્ષિણભારતમાં પણ આપણા ભાઇઓની વસ્તી ગણતરીની નોંધ ચાલુ છે.

આ રીતે વસ્તી ગણત્રીની બુકો તૈયાર કરીને સમગ્ર દેશમાં નોંધણી થાય તો આપણી કુલ વસ્તીનો ખ્યાલ આવી શકે.

★ **કન્યા છાત્રાલય, ધનસુરાને લગ્ન પ્રસંગે ભેટ :—**

૧૧-૦૦ રૂપિયા જીવરાજભાઈ ધનજીભાઇ પટેલ, ખેડબ્રહ્મા.

ચિ. સુપુત્રી ધનબાઇના લગ્ન પ્રસંગે ભેટ આપવા બદલ આભાર.

★ બાલાઘાટ સમાચાર......

કચ્છ એડોઈ હાલ બાલાઘાટ નિવાસી શ્રી રામજીભાઇ લાલજીભાઇ મધ્ય પ્રદેશની રીંવા યુનીવર્સીટીથી બી. ઈ. ઇલેક્ટ્રીકના છેલ્લા વર્ષમાં ૮૦ ટકા માર્કસ સાથે પ્રથમ શ્રેણીમાં ૫ મું સ્થાન મેળવી પાસ થયા છે. જે ખરેખર જ્ઞાતી માટે ગૌરવરૂપ ગણાય.

રામજીભાઇની સફળતા બદલ અભિનંદન.

★ તાજેતરમાં જ કચ્છમાં ભુજની અંદર પાટીદાર યુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે. વિશ્વાસપાત્ર વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે કે આ મંડળ ટૂંક સમયમાં જ "પાટીદાર દર્પણ" નામનું એક પાક્ષિક બહાર પાડવાના છે તેમાં સમાજ સુધારાને લગતી બાબતો તેમજ સામાજિક સમાચારો પ્રસિધ્ધ કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

અત્યાર સુધી આપણા સમાજનું એક માત્ર માસિક "જાગૃતિ" જ બહાર પાડવામાં આવતું હતું. આ "જાગૃતિ" માસિકના સંચાલનની બાબતમાં પ્રતિવર્ષ લવાજમો ઉઘરાવવાની બાબતમાં અત્યાર સુધી ખુબ મુશ્કેલીઓ પડી છે. પરિણામે હજુ પણ પ્રતિવર્ષ તેની આર્થિક ખોટ વધતી જાય છે એ સતત ચિંતાનો વિષય છે. સાથે સાથે સમગ્ર સમાજ માટે શરમરૂપ પણ છે. નવા શરૂ થતા માસિકના સંચાલકોને "જાગૃતિ" ના સંચાલક મંડળની નમ્ર વિનંતી છે કે તેઓ પણ આ બાબતનો ખૂબ ઊંડો વિચાર કરીને જ તેમના નૂતન કાર્યના નિર્માણમાં આગેકૂચ આદરે.

સાથે સાથે "જાગૃતિ" માસિકના સંચાલન બાબતમાં પણ પાટીદાર દર્પણના સંચાલક ભાઇઓ પોતાનાથી બનતી સક્રીય સેવા અવશ્ય આપે એવી અભિલાષા સેવવી અસ્થાને નથી જ.

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા.

આથી અમે સહર્ષ જણાવીએ છીએ જે અમારા મંડળે આપણી સમાજના છુટા છવાયેલા યુવકોમાં પરસ્પર પ્રેમ અને સંગઠન વધારવાની ભાવનાથી શ્રી અખિલ ભારતીય કડવા પાટીદાર યુવક સંમેલન યોજવાનું બે વરસ પહેલાં જાગૃતિ દ્વારા જાહેર કરેલ. આ બાબત ત્રણ ચાર મંડળો તરફથી અમને સંતોષકારક જવાબ મળેલ તેથી અમોએ હવે આ સંમેલન યોજવું જોઈએ તેવો નિર્ણય લીધેલ છે આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ આપણા યુવક ભાઈઓમાં પરસ્પર પ્રેમની ભાવના કેળવવાનો, સમાજમાં એક સંગઠન સ્થાપી સમાજના ખરા પ્રતિનિધિ થવાનો અને સમાજમાં ચાલતા કુરિવાજો સામે અવાજ ઉઠાવવાનો છે.

આ બાબત અમો આપણાં મુખ્ય શહેરોનાં દરેક મંડળો સાથે સંપર્ક સ્થાપી અને તેઓના વિચાર જાણવાની આશા રાખીએ છીએ જેથી તેઓ તરફથી પુરતો સાથ અને સહકાર મળતાં આપણું આ કાર્ય આપણા સર્વેના સાથ અને સહકારના ભોગે ફળીભૂત થાય

અમારો વિચાર છે, કે સૌ પ્રથમ આપણાં મુખ્ય મુખ્ય શહેરોનાં મંડળોના બબ્બે પ્રતિનિધીઓની એક સભા બોલાવી તેમાં આ બાબત પૂરતી ચર્ચા વિચારણા કરવી અને આજ સભામાં સંમેલનનો વિષય, સ્થળ, સમય વગેરે નક્કી કરવાં— આ પ્રતિનિધીઓની એક સમિતિ બનાવવી અને આ સંમેલનનાં દરેકે દરેક કાર્યની પુરેપૂરી રૂપરેખા તૈયાર કરવી. આ પ્રતિનિધીઓના સભા દિવાળી પહેલાં કલકત્તામાં મળેતો સારૂં રહે કે જેથી આપણે સં. ૨૦૨૯ માં સંમેલન યોજવામાં સમર્થ થઈ શકીએ.

લિ.

વેલજીભાઇ હરજીભાઇ પટેલ
સહમંત્રી
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ,

વલ્લભવિદ્યાનગર. સને: ૧૯૭૨–૭૩

આજરોજ તા. ૯/૭/૭૨ ના દિવસે ઉપરોક્ત મંડળના સભ્યોની સામાન્ય મીટીંગ રાખવામાં આવી હતી; જેમાં જુના વર્ષના હોદ્દેદારોના રાજીનામા સ્વીકારી અને નવા વર્ષની કારોબારીની વરણી કરવામાં આવી હતી.

અ.નં	હોદ્દો	નામ	ધોરણ/ડીગ્રી	વતન/ગામ
૧.	અધ્યક્ષ	બાબુભાઈ એચ. પટેલ	B.Sc.	બોરડીટીંબા
૨.	સલાહકાર	જેઠાભાઇ એસ. પટેલ	Diploma(Agri)	લહેરીપુરા
૩.	,,	મણીભાઇ એન. પટેલ	1st M Com.	તાંદલીયા
૪.	,,	રણછોડભાઇ એલ. પટેલ	M. Sc. (Agri)	હડમતીયાકંપા
૫.	,,	મગનભાઈ પી. પટેલ	B. Sc. (Agri)	ધરોલ
૬.	પ્રમુખ	લક્ષ્મણભાઇ કે. પટેલ	B. Sc. (Agri)	ખુટાલકંપા
૭.	ઉપપ્રમુખ	ધનજીભાઇ એચ. પટેલ	B. E. (Mech)	હડમતીયાકંપા
૮.	મંત્રી	હરીલાલ એસ. પટેલ	T. Y. B. A	રામપુરાકંપા
૯.	સહમંત્રી	વસનજી ડી. વેલાણી	T. Y. B. A. (Civil)	મુંબઈ
૧૦.	ખજાનચી	પ્રેમજીભાઈ એસ. પટેલ	2nd D. M. E.	દેસાઇપુરા
૧૧.	પુસ્તકાલયમંત્રી	જગદીશકુમાર આર. પટેલ	F. Y. B. A.	હીરાપુરકંપા
૧૨.	પ્રવાસમંત્રી	ગણપતલાલ વી. પટેલ	T. Y B A.	હડમતીયાકંપા
૧૩.	એડીટર	ગંગારામ કે. પટેલ	B. Sc. (Agri)	બોરડીટીંબા
૧૪.	,,	મોહનભાઇ જી. પટેલ	F, Y. B. Sc. (Agri)	ગઢકંપા
૧૫	,,	હરીલાલ ડી. પટેલ.	Pre. (Arts)	વડાગામ

કમિટીની નિમણુંક થયા બાદ પ્રાસંગિક પ્રવચનો થયાં હતાં. મંડળમાં સંપ, સહકાર અને સંગઠનની ભાવના વધે એ રીતનાં ઉદ્‌બોધનો પછી અલ્પાહાર લીધા બાદ સભા વિસર્જન થઈ હતી.

હરિલાલ એસ. પટેલ.
સેક્રેટરી,
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ–વલ્લભવિદ્યાનગર.

1972 -Jagruti (189)
1972-08 -Jagruti

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઈપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

realpatidar.com

શ્રી રા

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ



ટાયર ટયુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈનિ ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ [illegible] ડીલર્સ

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા


પ
ટે ઇલેક્ટ્રીકલ્સ
લ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના
વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધ ન સુ રા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટ્યુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...



પ્રખ્યાત—
એ વ રે સ્ટ ઈ. મોટર્સ

તેમજ


**ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ
દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ
કામકાજ તથા તેને લગતા દરેક
સ્પાર્ટસ મળશે.**

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

લિ.
**દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ**
[બહામકંપા વાળા]

'Everest'

1972 -Jagruti (189)
1972-08 -Jagruti



Shree

LAXMI ENGINEERING WORKS

AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો રૂબરૂમાં સંપર્ક સાધો.

JAGRUTI August '72 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To,

Book-Post

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી

કચ્છ કડવા પાટીદાર

સનાતન સમાજ યુવક મંડળ

તરફથી

સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક.

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ

વર્ષ : ૧૪ અંક : ૯ સપ્ટેમ્બર : ૧૯૭૨

1972 -Jagruti (189)
1972-09 -Jagruti

ખુશ ખબર !

જર્મન ટેકનોલોજી મારફતે બનાવેલ

ટેલીફંકન

રેડિયાના અધિકૃત વિક્રેતા—

આપના ઘરને સંગીતમય બનાવવા માટે અવશ્ય મુલાકાત લો—

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાયર
- ટેપરેકોર્ડર્સ

સર્વોદય રેડિયો સર્વિસ



જવાહર બજાર, **ધનસુરા.**

પ્રોપ્રાયટર્સ : ડાહ્યાભાઈ એસ. પટેલ
અંબાલાલ એલ. પટેલ શેરપુરાવાળા (ધોળકા)

ટેલિફંકન રેડિયો – બે વર્ષની ફ્રી સર્વિસ

'જાગૃતિ' લવાજમ

દેશમાં વાર્ષિક રૂા. ૬) પરદેશમાં વાર્ષિક રૂા. ૧૦)
,, આજીવન રૂા. ૧૦૧) ,, આજીન રૂા. ૧૨૫)

ડીસેમ્બર '૭૨ સુધીમાં આપનાં બાકી નીકળતાં લવાજમો મોકલી આપો.

'જાગૃતિ'ની જાહેરાતના દર

ટાઈટલ પેજ–૨	(આખુ પાનું)	વર્ષ–૧	રૂા. ૧૭૫
,, પેજ–૨	(અડધુ પાનું)	,,	રૂા. ૧૨૦
,, પેજ–૩	(આખુ પાનું)	,,	રૂા. ૧૭૫
,, પેજ–૩	(અડધુ પાનું)	,,	રૂા. ૧૨૦
,, પેજ–૪	(આખુ પાનું)	,,	રૂા. ૨૫૦
,, પેજ–૪	(અડધુ પાનું)	,,	રૂા. ૧૭૫
,, પેજ–૨ની પછી શરૂઆતનું પાનું		,,	રૂા. ૧૭૫
,, પેજ–૩ની આગળનું પાનું		,,	રૂા. ૧૭૫
અન્ય કોઇ પણ આખુ પાનું		,,	રૂા. ૧૨૫
અડધુ પાનું		,,	રૂા. ૭૫

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક



હિંદુ !

સનાતન ધર્મસભાની એક બેઠકમાં લોકમાન્ય તિલકે કહેલું કે શ્રુતિમાં સ્વયંસિદ્ધિ અને સનાતન સત્યો છે, એવી શ્રદ્ધા જેનામાં છે તે હિંદુ.

'હિંદુ મહાસભાએ એક બીજી વ્યાખ્યા આપી છે.

હિંદુ તે છે જે ભારતમાં પ્રગટ થયેલ ધર્મમાં આસ્થા વાળો હોય', જેઓ પોતાના મૃત દેહને અગ્નિદાહ કરે છે, તેઓ હિંદુ છે

કર્મ પુનર્જન્મ, પિતૃપૂજા, વર્ણાશ્રમ, વેદો અને ઇશ્વરનું અસ્તિત્વ—આટલામાં જેને સંપૂર્ણ શ્રદ્ધા હોય વેદના આદેશ પ્રમાણે જે આસ્થા અને નિખાલસતાથી વર્તન કરતો હોય, સંધ્યા, શ્રાદ્ધ, પિતૃતર્પણ, પંચ મહાયજ્ઞ જે કરતો હોય, જે અવતારોની પૂજા કરતો હોય અને શ્રુતિનું અધ્યયન કરતો હોય તે હિંદુ.

—પૂ. ડોંગરેજી

વર્ષ : ૧૪ અંક : ૯ સપ્ટેમ્બર : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમ

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬), પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧) પરદેશમાં રૂ. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ –સહતંત્રી.
એમ. એ., બી એડ્.

શ્રી. પ્રિ. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસ. સી

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

અનુક્રમણિકા

*

★

ગ્રાહક મિત્રોને—

આગામી એટલે કે ઓકટોબર–૭૨નો અંક બંધ રાખવામાં આવશે. અને નવેમ્બરમાં દીપોત્સવી અંક પ્રસિદ્ધ કરવામાં આવશે.

॥ ૐ નમઃ શીવાય ॥

✻ તંત્રી સ્થાને થી ✻

આપણે જાણીએ છીએ તે મુજબ આપણો સમગ્ર સમાજ માત્ર ભારતવર્ષના જ દરેક પ્રાંતોમાં નહિ પરંતુ દુનિયાના અન્ય કેટલાક દેશોમાં પણ રોજી અને રોટી માટે શ્રમજીવી જીવન જીવી રહયો છે. ભારતવર્ષમાં આપણા મુખ્ય વ્યવસાયો ખેતી, લાકડાનો ઉદ્યોગ બીલ્ડીંગ કોન્ટ્રાકટરનો ધંધો વગેરે ગણાવી શકાય. આપણે જોઇ શકીએ છીએ કે એક અભણ અને અજ્ઞાન સમાજ ઉપરોકત અધિકશ્રમ માગે તેવા ધંધાઓમાં પ્રવૃત્તિમય જીવન ખંતથી ગાળે છે.

હવે પછીથી સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે સમાજમાં કેળવણીનું પ્રમાણ વધતાં જતાં ભવિષ્યમાં અન્ય ધંધાઓ પ્રત્યે દૃષ્ટિપાત સ્વાભાવીક પણે થાય-તો નવાઇ નહિ. કારણ કે ખેતીવાડી ક્ષેત્રે હાલમાં જે ભાઈઓ પ્રવૃત થયેલા છે. તેઓની પેઢીઓની વૃદ્ધિ થતાં જમીનોના ટૂકડા પડતા જશે ત્યારે વધતી જતી વસ્તીનું ભારણ તે ટુકડાઓ પર અમુક હદ સુધી જ લાદી શકાશે. એજ રીતે ટીમ્બર મર્ચન્ટના વ્યવસાયમાં પણ અમુક વર્ષો પછીનું ભાવી કેવું રહેશે તે પણ કોઈ ચોકકસ કહી શકે તેમ નથી આ બધી બાબતોના પરિણામે અન્ય ક્ષેત્રોમાં યાહોમ કરીને ઝંપલાવ્યા સિવાય છૂટકો નથી. અને જો એમ ન થાય તો સમાજનો આર્થિક વિકાસ કુંઠીત બની જશે, રૂંધાઈ જશે એમ કહેવું કદાચ અસ્થાને નથી.

આપણે જોયું કે રોજી રોટીની શોધમાં આપણો સમગ્ર સમાજ દેશના જુદા જુદા પ્રાંતોમાં વેર વિખેર પડેલો છે. આ સમાજની મહામૂલી માનવમૂડીનો કયાં, અને કેવી જાતના વ્યવસાયોમાં ઉપયોગ થઈ રહયો છે. તેનો ખ્યાલ એકાએક આપણને ન આવી શકે એ સ્વાભાવીક છે તો આ બધાંની વચ્ચે કડીરૂપ બનવા, એકબીજાની પ્રવૃત્તિઓથી વાકેફ કરવા માટે ભૂતકાળમાં પણ આપણા વડીલોએ સમાજનાં મુખપત્રોને વાચા આપેલી છે. તે ખરેખર બિરદાવવા જેવી છે.

મને ખ્યાલ છે ત્યાં સુધી આપણા સમાજમાં સૌ પ્રથમ "પાટીદાર ઉદય" મુખપત્રની શરૂઆત વિક્રમ સંવત ૧૯૮૦ના અષાઢ માસમાં કરાંચીમાં થઈ હતી, ત્યારબાદ નાગપુરથી "પાટીદાર પત્રિકા", જાણવા મળ્યું છે તેમુજબ મુંબઇથી "શોભા" હિંમતનગર (ગુજરાત) માંથીસતપંથી ભાઇ એોને લગતું "અખંડ જ્યોતિ" ધ્રતસર (ગુજરાત) થી છેલ્લા ચૌદ વર્ષથી પ્રસિદ્ધ થતું "જાગૃતિ" તેમજ આજકાલ પેપર સ્વરૂપે તાજેતરમાં

News papers
in KKP
community

 [illegible] થી શરૂ થયેલું “આઝાદ કલમ” નામનું માસિક પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. શરૂઆતનાં ચાર માસિકો હાલમાં કેટલાંક વર્ષથી કેટલીક મુશ્કેલીઓને લઇ બંધ પડી ગયેલાં છે. “જાગૃતિ” માસિક પણ છેલ્લા ચૌદ વર્ષથી પ્રસિદ્ધ કરવામાં આવે છે પરંતુ અત્યાર સુધીમાં ભૂતકાળના કેટલાય (સંખ્યાબંધ) ગ્રાહકોનાં લવાજમો સમયસરતો ઠીક પણ બિલકુલ ન આવતાં આ માસિકને મૃત્યુઘાતોમાંથી પસાર થવું પડયું છે, હજુ પણ એ માસિકની સંપૂર્ણ તંદુરસ્ત સ્થિતિ ન હોઈ શ્વસનક્રિયામાં પણ ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. ખરેખર તો સમગ્ર સમાજ માટે આ બાબત શરમજનક તેમજ હીણપત ભરેલી જ કહી શકાય. પરંતુ આતો સમાજ છે ધારે તો તારે અને નહીંતર ડુબાવી પણ શકે.

માસિકોને નડતી આવી મૂશ્કેલીઓમાં પણ હાલના તબકકે છઠ્ઠા નંબરે પ્રસિદ્ધ થતું આપણા સમાજનું પખવાડીક “આઝાદ કલમ” સમગ્ર સમાજનાં વહાલસોયાં સંતાનોને એક બીજાની પ્રવૃત્તિઓથી વાકેફ રાખવા પોતાનાથી બનતા પ્રયત્નો કરશે. આશા છે કે આપણો સમાજ પોતાના ભાવિ સંગઠન માટે પોતાનું જ હિત જોઈ શકતો હોય તો હાલનાં આપણાં બન્ને મુખપત્રોને સંપૂર્ણ સહકાર આપી યોગ્ય ન્યાય આપે એવી અભિલાષા સેવવામાં ખોટું નથી.

આપણાં મુખપત્રને આપણે યોગ્ય ન્યાય ન આપી શકીએ તો એથી વિશેષ કમનસીબી બીજી ન હોઈ શકે. કારણ કે માસિકને વહીવટી દષ્ટિએ આર્થિક મુશ્કેલીઓ નડતી હોય તો સમાજમાં કોઇપણ વિભાગમાં ચાલતી પ્રવૃત્તિઓને વાચા ન જ આપી શકાય.

તાજેતરમાં જ જાણવા મળ્યું છે તે મુજબ કલકત્તા નવચેતન પાટીદાર યુવક મંડળના ભાઇઓએ દીવાળી પહેલાં જ સમગ્ર દેશમાં વસતા આપણા સમાજનાં યુવક મંડળોના બબ્બે પ્રતિનિધિ ભાઈઓને બોલાવવાનો વિચાર કર્યો છે. એ બધા જ પ્રતિનિધિઓ એક બીજાના વિચારોની આપલે કરી ભવિષ્યમાં સમાજ સુધારણાને લગતી કેટલીક બાબતોમાં યુવકભાઈઓ પણ પોતાની સેવાઓ આપી શકે તે માટે એક યુવક સંમેલન બોલાવવા વિચાર કરશે. તો જો આવા વિચારોને વાચા આપવા અને તેને સમાજના ઘેર ઘેર પહોંચાડવા માસિક જેવાં સાધનો આપણી પાસે ન હોય તો એ બાબત ઘણી જ મુશ્કેલ બની જાય.

માટે સમાજનો શાણો સમજુ વર્ગ આપણાં માસિકોનો ગ્રાહક ન હોય તો ગ્રાહક બનીને (વાર્ષિક અથવા આજીવન) અને ગ્રાહક હોય તો લવાજમ નિયમીત ભરીને માસિક પ્રત્યેની પોતાની ફરજ સમાજના હિતમાં જ અદા કરે એવી અભિલાષા.

—[illegible]

શિક્ષણક્ષેત્ર અને સમાજ ✻

લેખક :—
રતિલાલ દેવસીભાઇ પટેલ "વિજયી"
અમદાવાદ

શિક્ષણક્ષેત્રે આપણા સમાજ પર દ્રષ્ટિપાત કરતાં આપણને જણાશે કે આપણો સમાજ છેલ્લા પાંચ વરસમાં સારી એવી પ્રગતિ કરી શક્યો છે. જો કે અન્ય પ્રગતિશીલ સમાજ કરતાં આપણો સમાજ શૈક્ષણિક પછાતપણુ ભોગવે છે તે વાતનો કોઇ ઈન્કાર કરી શકે તેમ નથી.

તેમાંય વળી આજે અર્થતંત્રનું આર્થિક, સામાજીક તેમજ કાયદાકીય વ્યવહાર સંચાલન એટલુ બધુ સૂક્ષ્મ થઈ ગયું છે કે શિક્ષણ વિના જરાયે ચાલે તેમ નથી અજ્ઞાનપણુ સ્વીકારી લેવુ લેશમાત્ર પોશાય તેમ નથી. કવિવર રવિદ્રનાથ ટાગોરે કહયું છે કે શિક્ષણનો અર્થ એ નથી કે મોટી મોટી ડીગ્રીઓ મેળવી તેને માત્ર આવકનુ જ સાધન બનાવી જાણવું. શિક્ષણ માનવીને ઉચ્ચતમ જીવન કઇ રીતે જીવવું, જીવનને પ્રગતિશીલ બનાવવા માટે સારૂ એવું માર્ગદર્શન આપે છે.

આપણા સમાજમાં શિક્ષણ પ્રમાણ ઓછુ હોવાના કારણે સંભવ છે આપણે શિક્ષણનું મહત્વ ઓછુ આંકીએ. પરંતુ તે સમાજની પ્રગતિ માટે સારું નથી. આજે આપણને ગંભીરતા ધ્યાનમાં લેવાની ખાસ જરૂર છે. આજે જેટલું મહત્વ ઓછુ આપશુ તો આપણે બહારના વિશ્વની ગઈકાલની પ્રગતિ પર ચાલીશુ આવનારી આવતી કાલને પહોંચી વળવા અસમર્થ બનીશું અને એ અસમર્થતા સમાજની પ્રતિષ્ઠાને, પ્રગતિને જોખમાવશે.

ખરૂં પુછો તો આપણને માર્ગદર્શનનો અભાવ છે. જોઇએ તેવું માર્ગદર્શન ન મળવાથી વિદ્યાર્થીઓ પોતાના જીવનક્ષેત્રની યોગ્ય પસંદગી કરી શકતા નથી. પહેલાં મેટ્રીક સુધી ભણેલા વિદ્યાર્થીઓની કિંમત હતી જયારે આજે કોલેજકક્ષાના ચાર ચાર વર્ષનો અભ્યાસ હોવા છતાં ય કોઈ કિંમત નથી આ ઉપર આપણે જાણી શકીએ છીએ કે શિક્ષણનું મહત્વ કેટલું બધું ઉંચુ ગયું છે.

અહીં અમદાવાદમાં પ્રતિવર્ષ બહારગામના વિદ્યાર્થીઓની સંખ્યા પચાસ કરતાંય વિશેષ હોય છે. વિદ્યાર્થીઓના પરિચય પરથી મને એમ લાગ્યું કે કેટલાય વિદ્યાર્થીઓ નાણાંકીય સાધનોના અભાવના કારણે મહામુશ્કેલીથી ભણે છે. તો આ સમયે સમાજની અત્યંત મહત્વની ફરજ એ છે કે તેવા વિદ્યાર્થીઓને સહાય કરવી નહી તો સમાજની સર્વોપરિતાને ભુલી જશે, વિલાઈ જશે. તેમાંય સમાજને કંઇ ગુમાવવાનું નથી. વિદ્યાર્થીઓ તરફથી સમાજને જ્ઞાનલાભ તો મળવાનો જ એમાં શંકા અસ્થાને છે.

 એક વાત કહું તો અસ્થાને નહીં કહેવાય ટીકા ન સમજવા વિનંતી. સાથે સાથે એટલી વિનંતી કરવાનું ચૂકીશ નહી કે યોગ્યતા–અયોગ્યતાનું મૂલ્યાંકન કરશો.

છેલ્લાં બે ત્રણ વરસથી આપણા સમાજમાં મંદિરો બાંધવાની પ્રવૃતિએ સારૂ એવું જોર પકડયું છે. કચ્છમાં અને કંપાઓમાં કેટલાય મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા થઇ ચુકી છે. અને હજુ કેટલાંય મંદિર પ્રાણ પ્રતિષ્ઠા થવાની રાહ જોઈ બેસી રહ્યા છે. મારા મત મુજબ હિંદુ સંસ્કૃતિના સાચવણી ભાગરૂપે મંદિરની ચોક્કસ આવશ્યકતા છે. હું પોતે માનું છું કે ધર્મ પર તો સંસ્કૃતિ ખડકાઇ છે. પરંતું આમાં મને કાંઈક જુદુ જ નજરે પડે છે અહીં એક વાતની સ્પષ્ટતા કરવી જરૂરી બને છે. કે મંદિર બાંધવા સામે મારો કોઈ વિરોધ નથી પરંતુ મંદિર પાછળ જોઇએ તેનાથી વિશેષ અયોગ્ય ખર્ચ થાય છે તેની સામે મારો વિરોધ છે. ભગવાન કદી કહેતો નથી કે મારા માટે સુંદર ભવ્ય આવાસ બનાવી દિનરાત આરતી ઉતારી નજરાણું ધરો ભગવાનને પામવા માટે અપ્રતિમ શ્રધ્ધા અને જીવન પ્રત્યેની ઉત્કૃષ્ઠ શ્રેષ્ઠ ભાવનાની જરૂર પટે છે. નહીં કે મંદિરોની

મંદિરના બાંધકામમાં વપરાતી મૂડીમાંથી માત્ર પાંચ દસ ટકા મૂડીથી જો ગરીબ તેજસ્વી વિધાર્થીઓનું જીવન સુધરતુ હોય તો એજ આપણો ભગવાન છે નહી કે પાષાણમૂર્તિ બની મંદિરમાં બેઠેલ ભગવાન.

આનાથી વિશેષ કહું તો શરમજનક વાત તો એ છે કે આજદિવસ સુધી આપણે કોઈ કેળવણી ફંડની રચના પણ કરી શકયા નથી. અન્ય સમાજ આ બાબતમાં કેટલો બધો આગળ વધી ગયો છે તે જાણવા સુધ્ધાં પણ આપણે તસ્દી લીધી નથી આનોઅર્થ એ નથી કે આપણે કેળવણી અંગે કોઇ પ્રવૃત્તિ કરી નથી. નખત્રણા, ભુજ, ઘનસુરામાં આપણે છાત્રાલય પ્રવૃત્તિ વિકસાવી શકયા છીએ. પરતુ મારૂ સૂચન એટલું જ છે કે આપણે મંદિર બાંધવા પાછળ જેટલો ઉત્સાહ બતાવીએ છીએ તેના કરતાં અનેક ગણો ઉત્સાહ શિક્ષણક્ષેત્રે દાખવીશું તો તેમાં મારૂં આપનું, સમાજનું અને દેશનું ભલું થશે

એકવાત સ્પષ્ટ અને સત્ય છે કે કોઈપણ વિચારસરણીમાં કાળક્રમે પલટો આવેછે. અને સમયાનુસાર આવેલ પલટા પ્રમાણે માગવી જો તેને અનુરૂપ બનવાની કોશિશ કરતો નથી તો એક નવો સંસુર્ષ પેદા થાય છે. અને જો સંઘર્ષ સામે લડવાનો વિચાર માંડી વાળે છે તો સંભવ છે તેને પ્રશ્ચાતપાણુ સ્વીકારવું પડે છે.

બીજી અત્યંત મહત્વની અને પાયા-રૂપ બાબત એ છે કે આપણે કન્યા કેળવણી પ્રત્યે ઓરમાયું વર્તન દાખવ્યું છે. તે યોગ્ય નથી. માબાપ પુત્રને ભણાવવાનો આગ્રહ વધુ રાખેછે તેઓ માને છે કે પુત્રીને વધુ ભણાવવું

પણ આખરે તો ઘરકામ જ કરશે, રસોડું સંભાળશે ને ! એથી વિશેષ કાંઇ નહીં. પરંતુ આપણે આ માન્યતા બદલવાની જરૂર છે. ચોક્કસપણે કહી શકાય કે શિક્ષણ પામેલી માતા પોતાના બાળકમાં સંસ્કારનું સિંચન વધુ સારી રીતે કરી શકે છે. પ્રગતિશીલ જીવન જીવવા માટે સારા એવા પ્રયત્ન કરી શકે છે જો કે કન્યાકેળવણી બાબતમાં પણ આપણે સારી એવી પ્રગતિ કરી છે. એ તો ધનસુરા કન્યા છાત્રાલયની સંખ્યા જ પૂરવાર કરી આપે છે પરંતુ હજુ સંતોષકારક પ્રગતિ થઇ શકી નથી એટલે આવશ્યકતા ઉભી જ છે.

જુલાઇ અંકમાં એક ભાઇએ ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ સહાયની જાહેરાત કરી તે ખરેખર પ્રસંશનીય અને અભિનંદનીય પગલું છે, ભાવનાનું રૂપ શ્રેષ્ઠતમ છે. એક માનવી જો આટલું કરી શકે તો સમાજ શું ન કરી શકે! વ્યક્તિગત રીતે અપાતી સહાયનું પ્રમાણ બહુ નાનું નજીવું કહેવાય. પરંતુ સમાજ ફરજ સમજી જવાબદારી ઉપાડી લે તો તેનું સ્વરૂપ વિરાટ બની જાય છે અને સમાંજ આ જવાબદારીમાંથી છટકી ન શકે તેમાંય આજે શ્રેષ્ઠદાન હોય તો એક વિદ્યાદાન, બીજું રક્તદાન આ બંને દાનથી માનવજીવનનું શ્રેય ઉત્કૃષ્ટ બને છે.

છેલ્લાં પાંચ વરસથી આપણા સમાજની નાણાંકીય સધ્ધરતા ખૂબ સારી છે. તો સમાજની પ્રત્યેક વ્યક્તિની ફરજ છે, કર્તવ્ય છે કે મૂડીનો યોગ્ય ઉપયોગ થવો ઘટે.

મારૂં માનવું છે કે સમાજની કોઇ પણ કલ્યાણકારી પ્રવૃતિમાં આર્થિકરીતે સબળવર્ગ માત્ર નાણાંકીય સહાય આપી શકે કારણ કે તેવા વર્ગને પોતાના ધંધા માંથી જ નવરાશ મળતી નથી તો આ સમયે સેવાભાવી વર્ગ ઉભો કરવાની જરૂર પડે છે. શું નવયુવાન આ પડકારને ઝીલી ન શકે ? સમાજની સેવા કરી ભાવિને ઉજ્જવળતા અર્પી ન શકે ?

મેં લખાણમાં વધુ પડતું કહી દીધું હોય તો પણ આપ 'આપની' રીતે વાંચશો ક્ષતિ જણાય તો દરગુજર કરવા વિનંતી યોગ્ય લાગે તો આચરણમાં મૂકવા એક માત્ર વિનંતી અર્પી અહીં વિરમસ્થાન ભોગવું તો ખોટું તો નથી જ !

વિદ્યા પૈસા મેળવવા માટે ભણવાની નથી, વિદ્યા તો જીવનનું દર્શન કરવા સુખ. શાંતિ ને સમાધાન મેળવવા તેમજ ઇશતત્વ પાસે પહોંચવા મેળવવાની છે.

શિક્ષણ જીવિકાના સાધન તરીકે હોય તો કલા છે, જીવનવિકાસ માટે હોય તો વિદ્યા છે.

"ઝેરનાં પારખાં ન કરશો"

સંગ્રાહક :–
ચંદુલાલ કે. પટેલ
બોરડીટીંબા

વિજ્ઞાનની પાંખે બેસીને મનુષ્ય આજે અવકાશમાં વિચરી રહયો છે. મનુષ્યની પુર્ણ વિકસિત બુદ્ધિએ અને પુરૂષાર્થે પોતાના શબ્દકોશમાંથી 'અશકય' જેવો શબ્દ ચેકી નાખ્યો છે. સુખની પ્રાપ્તિ અર્થે એક આંધળી દોટ માનવજાતે મૂકી છે. આ આંધળી દોટમાં ખેડૂત પણ સામેલ છે.

એ એક હકીકત છે કે વિકાસના પ્રારંભિક તબકકાઓમાં આકાંક્ષાઓ જેટલી ઝડપથી જન્મે છે તેટલી ઝડપથી સંતોષી શકાતી નથી. આ પ્રવૃત્તિમાં 'વિકાસ'ના પૂર આવ્યાં અને એ પૂરમાં સૌ તણાયાં વિચાર કરવાનો અને કરેલા વિચારોનો અમલ કરવાનો પ્રસંગ આવે તે પહેલાંજ એક પછી એક નવા કાર્યક્રમો પ્રજા પાસે આવવા લાગ્યા.

આમ અનાજમાં વધુ ઉતાર આપતી જાતોની સાથે રોગો અને કીટકોના નિયંત્રણ અર્થે અનેક દવાઓ પણ બજારમાં મળતી થઈ છે. સમાચાર પત્રો આવી દવાઓની જાહેર ખબરોથી ઊભરાતા હોય છે. ખેડુતભાઇઓ આવી દવા ખરીદે છે અને વાપરે છે. પાકના વધુ ઉતારા માટે પાક સંરક્ષણ પગલાં નિઃશકપણે અનિવાર્ય છે પણ કેટલીક દવાઓ ઘણીજ ઝેરી હોય છે. એના બેદરકારી ભર્યા કે અણસમજ ભર્યો ઉપયોગ જોખમને નોંતરે છે એ ન ભુલશો. પ્રગતિશીલ ખેડૂતભાઇઓ માટે પાક–સંરક્ષણના પગલાં આર્થિક સધ્ધરતા માટે જરૂરી હોવા છતાં આવી દવાઓનો ઉપયોગ કરતાં પહેલાં તેના વિશેની સંપૂર્ણ માહિતી મેળવવી એટલી જ જરૂરી છે.

જંતુનાશક અને રોગનાશક દવાઓનો ઉપયોગ કરતી વખતે તેમાં રહેલા જોખમમાંથી ઉગરી જવા નીચે આપેલી સૂચના નોંધી રાખો.

(અ) દવાઓના સંગ્રહ કરતી વખતે

(૧) દવા ખરીદીને તર્તજ તેના લેબલ પર અથવા ખોખા પર આપેલી માહિતીનો રજેરજ અભ્યાસ કરો.

(૨) તાળું વાસી શકાય એવા કબાટમાં સલામત જગ્યાએ સંગ્રહ કરો.

(૩) ખોરાક રાખવાના કબાટમાં કે માંદા માણસોની દવા રાખવાની જગ્યાએ કોઇપણ સંજોગોમાં આ દવાઓ ન રાખો

(બ) દવાઓ છાંટની વખતે

(૧) શરીર પર ઘા પડયો હોય કે ગડગુમડ થયા હોય કે કોઈ માંદગી હોય તેવા ભાઇઓએ દવા છાંટવી નહિ.

(૨) દવા શરીરના કોઇપણ ભાગ પર ન પડે તેની સાવચેતી રાખવી.

(૩) દવા છાંટવાના પંપની નોઝલમાં કચરો ભરાઇ ગયો હોય તો અથવા દવા બરાબર ન છંટાતી હોય તો કોઇપણ સંજોગોમાં નોઝલ મોં વડે સાફ ન કરશો. આથી દવા પેટમાં જવા પૂરો સંભવ છે.

(૫) પવનની દિશામાં દવા છાંટવી જેથી પવન સાથે દવા શરીરના અવયવ પર ન પડે.

(૬) દવા પાણી સાથે મિશ્રણ કરતી વખતે એટલે કે પ્રવાહી રૂપમાં છાંટવાની હોય ત્યારે તેના માટે વાસણો, પીપ વગેરે ઘરના વપરાશના વાસણોથી અલગ રાખવા

(૭) દવાનો ડબ્બો સજ્જડ બંધ કરેલો હોય છે. ડબ્બો ખોલતી વખતે મોં બરાબર ડબ્બા ઉપર જ ન રાખવું. અચાનક ઢાંકણું ખૂલી જાય તો દવા મોં પર અને આંખો પર પડવા સંભવ છે. ડબ્બો રહેજ ત્રાંસો રાખીને ખોલવો.

(૮) દવા છાંટતી વખતે મોં પર બુકાની જેવું બાંધી લેવું.

(ક) દવા છાંટયા પછી—

(૧) જે ખોખામાં, ડબ્બામાં કે શીશીમાં દવા ભરેલી હોય તેનો બાળીને નાશ કરવો, આવા સાધનો ઘર વપરાશમાં લેવા લલચાવું નહિ.

(૩) બધું સ્વચ્છ કર્યા પછી હાથપગ સાબુથી ધોઈ નાખવા એમાં આળસ કરવી હીતાવહ નથી.

(૩) પાકમાં દવા છાંટયા પછી કાપણી ૭ થી ૧૫ દિવસ પછી કરવી, જેથી દવાની અસર ન રહે.

(૪) ખાસ કરીને શાકભાજીમાં દવા છાંટી હોય તો તેનો ઉપયોગ બરાબર ધોયા પછી જ કરવો.

ઉપર આપેલી સૂચના પ્રમાણે જ દવાઓ છાંટવાનો આગ્રહ રાખો. છતાં પણ જો કોઈ સંજોગોમાં ઝેરી દવાની અસર લાગે તો વિલંબ કર્યા સિવાય તુરતજ નજીકના ડોક્ટર કે હોસ્પીટલનો સંપર્ક સાધો.

આ લેખનો હેતુ ખેડૂતભાઇઓ દવાથી ભય પામીને એનો ઉપયોગ કરતા અટકી જાય એ નથી, પણ દવાનો ઉપયોગ કરતી વખતે તેમાં રહેલા જોખમ પ્રત્યે અંગુલિનિર્દેશ કરવાનો જ છે. સજાગપણે અને સલામત રીતે દવાનો ઉપયોગ કરશો તો પાક બમણો લઇ શકશો એમાં બે મત નથી.

જય જવાન — જય કિશાન

ગુનેગાર શા માટે ?

નરેન્દ્રકુમાર વી પટેલ
ધનસુરા

**'નથી જાણ્યું અમારે પંથ સી આફત પડી છે.
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.'**

સ્વ. કવિશ્રી મેઘાણીની ઉપરોક્ત પંકિત આપણા હૃદયમાં સ્વદેશ પ્રેમના ભાવો ભરે છે.

ભારત પર પરદેશી હુમલો થયો. કાશ્મીરમાં રહેતા એક ગરીબ ખેડૂતના કુટુંબમાં ઉછરેલ એકના એક લાડકવાયા સાહસિક, હિંમતવાન દિકરાએ આ વાત સાંભળી. તેના દિલમાં દુશ્મનના દાંત ખાટા કરવાની જીજ્ઞાસા થઇ પિતા પાસે રજા માગી. રજા ન મળતાં રાત્રે ઘેરથી નાશી છૂટયો.

બીજે દિવસે લશ્કરમાં ભરતી થયો ત્રીજે દિવસે લડાઇના મેદાનમાં, ચોથે દિવસે દુશ્મન સાથે ખુનખાર જંગ પાંચમા દિવસે ભૂખ્યા તરસ્યા દુશ્મનોને મારવાની શોધમાં, છઠ્ઠે દિવસે ઘાયલ દશામાં જંગલમાં એકલા પડી રહેવું, સાતમે દિવસે એ ભાન અવસ્થામાં છાવણીમાં પહોંચવું. આઠમે દિવસે હોસ્પીટલમાં ખસેડાયો. નવમે દિવસે યોગ્ય સારવાર અને દશમે દિવસે શહીદ

જયારે બીજી બાજુ પિતાજીના દસે દસ દિવસ ખરાબ તબિયત.

અગિયારમે દિવસે પિતાના લાડકવાયા દેશપ્રેમી દિકરાને દફનાવવામાં આવે છે. અને તેના પિતાજીને સમાચાર મળતાં જ પિતા ચોધાર આંસુ એ રડી પડે છે અને પોતે પોતાની જિંદગીના દિવસો યાદ કરતાં વિચારે છે.

ઝલિયાવાળાબ ગની ઘોર હત્યાકાંડમાંથી બચીને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઇને બે વર્ષ બાદ લગ્ન કર્યું પ્રથમ સ્ત્રી મરણ પામી બીજી સ્ત્રી કરી. તેનો એકનો એક દિકરો જેને ખેતી ઉપર નહિં પણ બીજી સારી નોકરીમાં મોકલવાની ઇચ્છા ધરાવતો હોવા છતાં તે દિકરો શહીદ બન્યો થોડા દિવસો બાદ તબિયત સુધરી.

જ્યાં દિકરાના મૃત્યુની છાપ હૃદયમાં ભુંસાઇ નહોતી ત્યાં તો ખોટા આરોપથી તેને અદાલતમાં હાજર રહેવું પડયું. નિર્દોષ હોવા છતાં દેહાત દંડની સજા થઇ જેલના સળીયા ગણતાં તે વિચારે છે કે મને ગુનેગાર કોને લીધે થવું પડયું? શું મને કોર્ટમાં પકડી લાવનાર પોલીસના લીધે? અંતરમાંથી જવાબ મળ્યો, 'ના' શું મારા પર આરોપ નાખનારને લીધે? જવાબ મળ્યો 'ના' શું વકીલના લીધે? જવબ મળ્યો 'ના' શું ન્યાયાધીશના લીધે? જવાબ મળ્યો 'ના' ત્યારે કોના લીધે? ઘણી વાર વિચાર્યા બાદ મળ્યો...બિલકુલ સચોટ જવાબ મળ્યો.

વિચારવામાં આવેલ ગુનેગારને મોહિત કરનાર **મિથ્યાભિમાની** બનાવનાર લક્ષ્મી અને સત્તાને કારણે...

॥ શ્રી ઉમાશરણં મમ્તુ ॥

મહા પ્રયાણ

પ્રેમજીભાઈ દેવસીભાઈ પટેલ
નવાનગર

આહાર, નિંદ્રા, ભય મૈથુનં ચ, સામાન્ય મે તત્પશુભિર્નરાણામ્ । ધર્માહિ તેષા મધિકો વિશેષો, ધર્મ હિનાઃ પશુભિ સમાના ॥

અર્થ:-આહાર, નિંદ્રા, ભય અને મૈથુન પશુ અને માનવોમાં સમાન પણે છે. માનવમાં ધર્મ એજ વિશેષતા છે તેથી જ ધર્મહીન માણસ પશુની સમાન છે. વહાલાં વાંચક વર્ગ, ઉપરના શ્લોકે આપણને સાવધાન કર્યા છે...કે મનુષ્ય દેહમાં ધર્મ એજ વિશેષતા છે પરંતુ આપણે ઘણાં વર્ષોથી ઘણાજ ઝંઝવાતો પસાર કર્યા આપણી ઘણી કસોટી થઈ છે. આપ એ પણ બારીકાઈથી ખ્યાલ કરશો કે જન્માષ્ટમીના તહેવારે ભકિતથી રાસમંડળમાં કૃષ્ણ ચરિત્રો ગાઇ ફકત "કુંતા દાદીની રાખડીના તાંતણા માફક" એજ કૃષ્ણ ભગવાને આપણને ઊંડી ખાઈમાં સમગ્ર જ્ઞાતિને પડતા બચાવ્યા અને હવે આપણે આપણા "ઉમિયા માતા કુળદેવી"ના ગૌરવથી આપણા હિન્દુ કડવા પાટીદાર જ્ઞાતિને છાજે તેવી દિશામાં જઇ રહયા છીએ. "કણબી પાછળ કરોડ, કણબી કોઇની પાછળ નહિ" એ સૂત્રના આધારે આપણે જોખમો ખેડી જમીનો મેળવી, જોખમો ખેડી ઇરીગેશનો કર્યા અને એથી પણ વધુ મોંઘા ભાવનાં ખાતરો, બિયારણો મેળવી વધુ ઉત્પાદન લેવાના ક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં નામ મેળવ્યું અને પરદેશમાં વસતા આપણા જ્ઞાતિભાઇ પણ જાત-મહેનત અને વેપારી આવડતથી ઘણા જ સુખી થયા...પરંતુ આપણી જ્ઞાતિને હાલના સંજોગોમાં આટલેથી સંતોષ પાળવો વ્યાજબી નથી આપણે ઘણા વરસો કેળવણીમાં પાછળ રહયા છીએ અને આપણી આગળ "અજ્ઞાનતા"નો લાભ લઇ આપણને "પિરાણાનું કલંક" લગાડેલું તેમાંથી રહયા સહયા આપણા વડીલોને સમજાવી એકતા સાધી અને આપણો છૂટક વસ્તીવાળો સમાજ એકતાથી એક એવા મહાપ્રયાણના રસ્તે જવાનું વિચારે કે જેથી રહયા સહયા ભોળા અને ગરીબ ભાઇઓ પણ પોતાની હઠ છોડીને બધા સમૂહ ભેગા થઇ જાય. તે કયારે કે જેમ હવામાન બદલાતાં "છૂટક વાદળાં ભેગા થઈ મહાન પ્રચંડ શકિતથી જોરદાર વરસવા માંડે" તેવી રીતે આપણે પણ હવામાન નિમિત્તથી, સ્વાર્થત્યાગ અને એકતાની ભાવના લઈ આખા સમાજને માટે એક મહા-પ્રયાણ યજ્ઞ શરૂ કરીએ કે જેથી આપણા સમાજની "કાળી ટીલી" દૂર કરી આપણે સમગ્ર ભારતને જણાવીએ કે અમો તો "કણબી પાછળ કરોડ, કણબી કોઇની પાછળ નહિ" તેવું જણાવી દઈએ.

—વધુ આવતા અંકે.

ઇશ્વર પ્રાપ્તિ

અમૃતલાલ એસ. પટેલ
એદલપુરા

કર્યાં તીર્થોનાં તીર્થો મેં તો, સકળ ભોમ ભમીને,
કાંચી, કાશી, મથુરા, દ્વારકા ને વળી એ હરદ્વાર,
ભમ્યો સર્વ તીર્થ ધામો, કર્યાં ત્યાં સર્વ સ્નાનો,
લાવ્યો કંઇ પુજા ને વિધી તારી, પદારથ સૌ,
કરી મેં તો પુજા તારી, લાવ્યો ગંગાજળ ઘટ ભરી,
છતાં ના લાગ્યુ એ કે પુન્ય મને ત્યાં કે અહીયાં,
વહી ગયા કંઈ દિનો નિશાઓ, ને કેવળ શોધે તારી,
છતાં પણ કેમે કરી, ના મળ્યું તારૂં નામોનિશાન,
કર્યાં યથાશક્તિ પ્રયત્નો નેત્રોએ પામવા તુજને,
તુજ દરશનનું બહુમન, તેથી થયો નિરાશ,

卐 卐 卐 卐

થયાં તુજ દરશન મુજને નિજ ઘર પર,
નિજ કર્મ કરતાં લેવું ઘડી બે ઘડી તુજ નામ
કરી તુજ દર્શન થયું શાંત હૃદય મારૂં.
માથું મેં તો તેજ ઘડીએ નિજ કર્મને ફરજમાં તુ,
છોડી સર્વ સ્નેહીજનો ત્યાં ના ના તુજ દર્શન.
છે તું તો નિત્ય કર્મમાં, ધર્મમાં ને સર્વ હૃદયમાં,
યાચું તુજ પાસ કરવા કષ્ટ સહનશક્તિ
એવી નિત્ય શક્તિ મુજને દે ભરી હવે તો તુ.

સનાતન

卐

ક્ષત્રિય તણા સંતાન થઇને, આમ શું કાયર થયા—!
કણબી તણા છો કુળ દિપક તો, આમ શું બુઝાઈ ગયા ! —૧
જાગી જગાવો જ્યોતને તો ઉજાશ અંતરમાં થશે,
ઉજાશના અવકાશથી સઘળું અંધારૂં વહી જશે. —૨
અંધારૂં શાથી થયું જે વિધર્મીઓના—પાશથી,
સમજણ પડશે સત્યની એ અંતરના ઉજાશથી —૩
ભાન થશે ભૂલનું જે હિંદુ મારી જાત છે,
તો હિંદુઓનો ધર્મ સનાતન જે જગતમાં વિખ્યાત છે—૪
જુઓ—! જગતમાં સનાતન ધર્મનો અધિકાર છે,
તેથી સનાતન ધર્મનો સદાય જયજય કાર છે,—૫

—અનામી



ગેંડો અને ભમરો

લે. હરિલાલ ડી. 'કશ્યપ'
પુરૂષોત્તમપુરા વા. વડાગામ

વન વગડાનો ભમરો રે'તો સુંદર મનહર વનમાં જી,
ગોબર કેરો ગેંડો રહેતો ભાગોળે ગૌદામનમાં જી.

એક દિવસ બંને જીવડાં હળ્યાં મળ્યાંને બોલ્યાં જી,
પ્રાચીન પ્રીતની રીતે દ્વાર ભૂતનાં ખોલ્યાં જી.

વન વગડાનો ભમરો બોલ્યો આપણ, બોતેર પેઢીભાઈ જી,
તારુંને મારુ એક જ ગોતર, હતી એક જ માઇ જી.

હર્ષઘેલો ગેંડો બોલ્યો આવો આતિથ્યે મમ ઘેર જી,
ભેળા રે બેસીને ગૂંથીએ સુખદુઃખની ઘેર જી.

ત્યારે મધુકર બોલ્યો કેમ કરી આવું? મને આવે શરમ જી,
વર્ષો પહેલાં જુદા થઇને લીધું તેં નીચ કરમ જી.

કંસારાનું કહ્યું કર્યુંને છોડી ફળફૂલ વાડી જી,
મળ ગોબરમાં જૈ' વસ્યોને વટલાવી નાડી જી.

ગોબર કેરો ગેંડો બોલ્યો કરી રહ્યો છઉં પિતૃકાર્ય જી,
આગળ પછળ કાંઇ ન જાણું પિતૃકર્મ અનિવાર્ય જી.

તવ મધુકર બોલ્યો, હે અજ્ઞાની! ભૂલ્યો છે તું પંથ જી,
પિતૃ નૈં' પણ પૂર્વજની ચાલે ચાલવું એના પંથ જી.

આપણા કુળને પ્રભુએ સોંપ્યું ફલીકરણનું કર્મ જી,
સ્વાર્થની સાથે પરમાર્થ ભાવે ભજવો નિજ ધર્મ જી.

નિમંત્રે મધુકર, ગેંડો ચાલ્યો ભ્રમર તણાય ઘેર જી,
ગોબર ગોળી બગલમાં લીધી. છુપાવી સુદામા પેર જી.

વાટે ચાલે મન વિચારે હશે ભોજનમાં ફળફૂલ જી,
છોડાં ખાવાં, ઠળ કાઢવા એથી નકુર ગોળી અમૂલ જી.

ભોજન પીરસ્યાં જાંબુ કેરાં, સુગંધ વહે અકથ્ય જી,
મુખમાં નાખી ચાખી બોલે. ગેંડો કંઇ ન આમાં તથ્ય જી.

તવ મધુકર ચમકયો મનથી પરખ્યો કૈંક ભેદ જી,
નિરખ્યું જઇને બગલ મહિં હતો ગોળી તણો છેદ જી.

સુગંધ ફૂળની કેમ પરખાય અન્ન તેવો ઓડકાર જી,
બેઠો એસી નહિ જમુ હું ભમરો કરે પડકાર જી.
એવામાં ત્યાં 'કશ્યપ' આવ્યો કરે ઉભયનો ન્યાય જી
મારી પેઠે મોકડવી કાયા પણ શરમ નૈ ભરમાય જી.
સ્વકર્મ ત્યજી પરકર્મ કરવું એથી તો મોત મીઠું જી,
ભૂતપૂર્વની અંગુલિ ઝાલી ચાલતું જગત મેં દીઠું જી.



વિવિધ દેશ — વિશિષ્ટ ક્ષેત્રે

સંપાદક :-
તુલસીદાસ એલ. પટેલ
નખતગઢકંપા.

૧	પ્રાચીન સંસ્કૃતિમાં...	ભારત
૨	સમૃધ્ધિ અને શક્તિમાં...	અમેરીકા
૩	અવકાશયાનમાં...	રશિયા
૪	રાજકીય કુશળતામાં...	ઈંગ્લેન્ડ
૫	ભલમનસાઈમાં...	કેનેડા
૬	સભ્યતામાં...	જાપાન
૭	આગ્રહમાં...	પાકિસ્તાન
૮	પરોણાગતામાં...	અરબસ્તાન
૯	મોજમજામાં...	ફ્રાન્સ
૧૦	વિજ્ઞાનમાં...	જર્મની
૧૧	છળકપટમાં...	ચીન
૧૨	લોક સુખાકારીમાં...	ન્યુઝીલેન્ડ
૧૩	નમ્રતામાં...	ઈન્ડોનેશીયા
૧૪	સૃષ્ટિ સૌંદર્યમાં...	સ્વીટઝરલેન્ડ
૧૫	માનવ સૌંદર્યમાં...	કોકેશિયસ
૧૬	શિલ્પકલા તથા રાંધણ કળામાં...	ઈટાલી

સ મા જ દ ર્પ ણ *

સામજીભાઈ એસ. પટેલ
વડોદરા

આપણો સમાજ ધર્મ અને સંસ્કૃતિની રીતે બે વિભાગમાં વહેંચાએલો છે. એક "સનાતન" અને બીજો "સતપંથ" સંપ્રદાયની રીતે તો આપણામાં નાના મોટા પાંચેક સંપ્રદાયો ચાલે છે. (લક્ષ્મીનારાયણ, સ્વામી-નારાયણ, કબીરપંથ, આર્યસમાજ અને સતપંથ) પણ તેમાં સતપંથ સંસ્કૃતિની રીતે દરેકથી જુદો પડી જાય છે અને તેની સંસ્કૃતિ પણ હીંદુ સંસ્કૃતિ કરતાં તદ્દન ભિન્ન હોઈ અરસ પરસ ઘર્ષણો થયા કરે છે. અને તેથી સમાજ બે વિભાગમાં વહેંચાયેલો છે. એક વર્ગ જયારે સંકુચિત મનોવૃતિ અને રૂઢિચુસ્તતાથી પીડાય છે. અને તેમાંથી તેઓ બહાર આવવામાં માનતા જ નથી. જ્યારે બીજો જાગૃત વર્ગ સુધારાવાદની હિમાયત કરે છે. આમ બંને વચ્ચે વિરોધાભાસ રહયા કરે છે. આમ છતાં સનાતનીઓની સહિષ્ણુતાની ઉદારભાવનાથી અને સતપંથીઓને પોતાની ભુલનું મોડા વહેલાં પણ ભાન થશે એવી લાંબી આશાએ બંને વચ્ચેનો કેટલોક સામાજિક વહેવાર અત્યાર સુધી ટકી રહ્યો છે.

જ્ઞાનનો ઇજારો ધરાવતા અને અલગતાવાદ સેવતા સતપંથીઓમાં સહિષ્ણુતાની ભાવના ઓછી હોય છે. તેઓ અંધ શ્રદ્ધામાં માનવાવાળા રૂઢિચુસ્ત અને ધર્મજનૂની પણ હોય છે. તેઓમાં સમજદાર વર્ગ હોય છે પણ તે પરતંત્રતા, ભય અને લાચારીથી પીડાય છે. અને કેટલાકતો લાગણીની ઘેલછામાં બાપના ચીલે ચાલવાનું વધુ પસંદ કરે છે. અને વધુમાં તેઓ પર તેમના સરમુખત્યાર અને જીદ્દી આગેવાનોની પુરી પકડ હોય છે

સતપંથની સ્થાપના:-

સને ૧૫૯૨માં મોગલકાળ દરમિયાન વિદેશી આરબ સૈયદોએ અત્રે આવી વટાળ વૃત્તિના ઇરાદાથી કેટલાંક હિન્દુ-મુસ્લીમ મિશ્ર કાલ્પનિક ધર્મશાસ્ત્રો રચીને "સતપંથની" સ્થાપના કરી છે. (તેનું મુળનામ "પીરાણા પંથ" છે. આ પંથમાં બધી બાબતો ગુપ્ત રાખવામાં આવે છે) સસ્તા સ્વર્ગની લાલચે અને ખોટા ચમત્કારો તરફ આકર્ષાઈને આપણી અજ્ઞાન અને વિશ્વાસુ કોમ તેમાં ફસાણી છે. (આપણા સિવાય બીજી પણ કેટલીક હિંદુ કોમોએ તેમાં ધર્માંતર કર્યું છે) અને પછી તો સામાન્ય નિયમ છે કે દરેક ધર્મો પોતાનાજ સિદ્ધાંતોને સાચા

અને પુરાતન માનતા હોય છે પણ હકીકતમાં તેવું હોતું નથી. દરેકની પાછળ તેનો ઇતિહાસ હોય જ છે અને દેશકાળ પ્રમાણે તેમાં પરિવર્તન થયા કરે છે.

કાળાંતરે તેઓની કળા અને સિદ્ધિના જોરે પોતાની આરબી સંસ્કૃતિ તરફનું વધતું દબાણ અને આપણી મુળભુત હિંદુ સંસ્કૃતિનો લોપ થતો જોઈ આપણા કેટલાક વિચારવંત અને બુદ્ધિશાળી જાગૃત ભાઈઓને પોતાની થયેલ ભુલનું ભાન થયું અને આખી કોમને તેમાંથી મુક્ત કરવા મોટા પાયા પર ચળવળ જાગી (તેના વિશેનો ઇતિહાસ ખુબ લખાઈ ચુકયો છે.) અને અડધા ભાગના લોકો જોતજોતામાં તેમાંથી મુક્ત થઇ પાછા સ્વધર્મ (સનાતન) માં જોડાઇ ગયા. અત્યારની ગણતરીઓ ત્રીસેક ટકા હજી તે પંથમાં હશે. અને તેમાં મુખ્યત્વે કેટલાક સ્થાપિત હિતો જ ભાગ ભજવતા હોવાથી તે પંથ અત્યાર સુધી ટકી રહેવા પામ્યો છે.

આમ સૈયદોના ગાઢ સબંધથી અને કેટલાક તેઓના પરાણે લાદવામાં આવેલા નિયમો અપનાવવાથી આપણામાં હિંદુ પણાનો લોપ થતો જોઈ ઇતર હિંદુ વર્ગની દ્રષ્ટિએ આપણી નાતની "મુમના કણબી" તરીકેની હલકી ગણના થઇ. સતપંથીઓને તો આ વાત કંઠે પડી ગયેલી હોય છે. પણ સનાતનીઓ માટે તો આ એક શીરો-વેદના સમાન છે.

આવા કેટલાક સંજોગોથી શરમીંદા બનીને સતપંથીઓમાં પણ કેટલાક ફેરફારો થવા લાગ્યા છે. તેમના ધર્મગુરૂ સૈયદોને આવતા બંધ કર્યા છે. (છતાં બેહું સાલિયાણું તો આપવું જ પડે છે) લગ્ન પ્રસંગે ચોરી કરે છે અને કેટલીક બાબતોમાં તો માત્ર વાણીજ બદલી છે. જેવી કે ખાનાને-મંદીર, જમાતને-સમાજ, કબરને-સમાધિ, દાડાને-બારસું, કલમાને-મંત્ર, રોજાને-ઉપવાસ અને સતપંથની પાછળ "સનાતન" ઉપનામ લગાડયાં વિગેરે. આમ કેટલીક બાબતોમાં બહારની દુનિયાને રૂડુ દેખાડવા પુરતી જ માત્ર વાણી બદલી છે પણ વર્તન બદલ્યા નથી અને વર્તન ન બદલે ત્યાં સુધી છાપ બદલે તેમ નથી અને તે છાપ બધાને નડતર રૂપ છે તેથી સનાતનીઓને પીડા છે.

Taqiyya:
Outwardly
changes
Renaming in
Satpanth

બે એક વર્ષ પુર્વે કચ્છના તે વખતના સભ્યશ્રી બિહારીલાલ અંતાણીએ "જન જાગે" નામના રેડીયો કાર્યક્રમ ઉપર "સરહદના લોકો" વિશે પોતાનો વાર્તાલાપ આપેલો તેમાં આપણી કોમને ઉદ્દેશીને કહયું હતું કે કચ્છમાં નખત્રાણા તાલુકામાં અને ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં ખેતીનો ધંધો કરતા અને મુસલમાની ધર્મ પાળતા "મુમના કણબી" વસે છે તેઓ ખૂબ સાહસિક અને મહેનતુ છે.

વગેરે વર્ણન કર્યું હતું આ વાર્તાલાપ આપણા ઘણા લોકોએ સાંભળ્યો હશે પણ કોઇના પેટનું પાણી પણ હાલ્યુ નહીં. પરંતુ આમાં આપણી સમગ્ર કોમની નિંદા છે. એટલું જ નહિ પણ બધા એકજ લાકડીએ હંકાય છે એવું અનેક જાગ્રતભાઈઓને લાગી આવતાં તે વાત મુંબઇની સમાજમાં પ્રસરી, મુંબઇની સમાજના એક મોવડી ભાઈએ તે વાતનો તાગ કાઢવા શ્રી અંતાણીનું એક પત્ર દ્વારા ધ્યાન ખેંચ્યું. અને તેનો વળતો જવાબ પણ આવ્યો કે મેં જે કંઈ કર્યું છે તે તદ્દન સાચી હકીકત છે અને હું તે ગમે ત્યારે પૂરવાર કરી આપીશ. અને જરૂર પડશે તો એ વાર્તાલાપની નકલ પણ મોકલી આપીશ, પછી આ વાત એટલેથી જ અટકી કારણ કે દાળમાં કાળું તો છે જ. માત્ર એક જ આંખ કાણી હોય પણ તે આખો માણસ જ ‘કાણો’ કહેવાય તેવી જ હાલત આપણી જ્ઞાતીની થઇ છે.

આપણે એ પંથ છોડયો, રીત-રિવાજ બદલાયા, પણ તેઓની સાથેના સંબંધો તો જેવાને તેવાજ રાખ્યા છે (રોટી બેટી વહેવાર સુદ્ધાં) એટલે દુનિયાની નજરે તો બધુ એકનું એક દેખાય એ સ્વાભાવિક છે.

ધર્માંધતાના જોરે રચાયેલા પાકિસ્તાનનો તાજેતરનો દાખલો મોજુદ છે મુસલમાન હોવા છતાં પોતાની ભાષા અને સંસ્કૃતિનો લોપ થતો જોઇ પૂર્વ બંગાળીઓએ લાખો માણસોનો ભોગ આપી ને પણ આરબી ભાષા અને તેની સંસ્કૃતિ પરાણે ઠોકી બેસાડવા પ્રત્યેનું એ આંદોલન છે.

ત્યારે આપણી જ્ઞાતીમાં પણ એવી જ એક પીડાય છે. કેટલીક વિદેશી સંસ્કૃતિ નો સડો પરાણે ઘુસી ગયો છે તેને નાબુદ કરવા માટેનું આ આંદોલન છે. એવા કેટલાક કુરિવાજોને હવે ઠરાવ દ્વારા નાબુદ કરી દેવા અસંખ્ય સહીઓ વાળો એક પત્ર પાઠવી જ્ઞાતીના આગેવાનોને અનુરોધ કરવામાં આવ્યો છે. (તેની પુરી વિગત "જાગૃતી"ના ગયા જુલાઇના અંકમાં જાણી હશે.

ધર્મની બાબત એક બાજુ રાખી હાલના તબક્કે માત્ર વાસ્તવિકતાનો ખ્યાલ કરી સતપંથી ભાઇઓ એક માત્ર "અગ્નિ સંસ્કારનો" આચાર સહિતા અપનાવી લેવા તૈયાર થાય તો આપણા સમાજમાંનું આ એક મોટુ અંતર દૂર થાય અને "મુમના કણબી"નું લાગેલું કલંક મટી જાય એટલું જ નહીં એકતા પણ જળવાઇ રહે.

આશા છે કે સતપંથના આગેવાન ભાઈઓ આ બાબત ગંભીરતા પૂર્વક અને શુભ નિષ્ઠથી વિચારશે.

" સિંહ હતો એ માનવ "

અરૂણ કે. પટેલ
અમદાવાદ

૧૩ મી એપ્રિલ ૧૯૧૯ નો એ દિવસ ભારતમાં ગોઝારા દિવસ તરીકે જાણીતો છે.

ભારતમાં આઝાદીની ચળવળ જોર શોરથી ચાલતી હતી એ ચળવળ દાબી દેવા માટે ગોરી સરકારે એક કાયદો જાહેર કર્યો. " રોલેટ એક્ટ " તરીકે એ જાણીતો છે.

રોલેટ એક્ટ નો વિરોધ કરવા હજારોની સંખ્યામાં સ્ત્રી પુરૂષો તથા બાળકો જલીયાંવાલા બાગમાં ભેગા થયા.

જનરલ ડાયરે એ નિર્દોષ અને નિઃશસ્ત્ર માનવીઓ ઉપર ગોળીઓ ચલાવી.

એટલી મોટી સંખ્યામાં આઝાદીના લડવૈયાઓનો સંહાર થયો કે વાત ન પૂછો.

એ માનવ સંહારની પાશવી ઘટના એક કિશોરે જોઇ. અને તેનો આત્મા કકળી ઉઠયો એ નાના સરખા છોકરા-એજ વખતે પ્રતિજ્ઞા કરી કે"આ ડાયરના બચ્ચાને હું જાનથી ન મારું ત્યાં સુધી જંપીને બેસીશ નહીં.

પંજાબનો એ ખમીરવંતો કિશોર મોટો થવા લાગ્યો આઝાદીનાં ગીતો ગાતો ભણી ગણી તૈયાર થયો પોતે ગોરાઓથી કોઈ રીતે ઉતરતો નથી એ બતાવવા તે વિલાયત પહોંચ્યો.

દિવસો અને મહિનાઓ પસાર થયા વર્ષો ગયાં પણ તેના મનમાંથી પેલું દ્રશ્ય દૂર થયું ન હતું. તે ડાયરને ડાયરની રીતેજ હિંમતથી પડકારીને મારવા માંગતો હતો.

વર્ષો બાદ એટલે ૧૩ મી માર્ચ ૧૯૪૦ ના રોજ એને તક મળી ગઇ.

લંડનના કેન્સટન હોલમાં ગોરા સેનાપતિઓની મોટી સભા ભરાઈ હતી ભારતને કેવી રીતે કચડીને શાંત રાખવું તેની વિચારણા ચાલતી હતી. પેલો ખુનખાર સિંહ અહિંયાં વેશ પલટામાં હાજર હતો.

ડાયરે એ સભામાં ઊભા થઇને કહ્યું આશરે ૨૧ વર્ષ પહેલાં મેં જલિયાં-વાલા બાગમાં લોકોને કેવી રીતે શાંત કરી દીધા હતા, એ આપ સૌને યાદ હશે....

"હા યાદ છે" એક ભારતીય જુવાન નો સ્વર સંભળાયો. તેણે કહ્યું માત્ર યાદજ નથી, અમે તે પ્રસંગ ક્યારેય ભૂલીશું પણ નહીં અને આજે તનેજ

આ ખબર આપવા આવ્યો છું. અને સનનન... સનનન... કરતી ત્રણ ગોળીઓ છૂટી. જનરલ ડાયર સભામાંજ મરણને શરણ થયો.

તરતજ એ જવાનને પકડી લેવામાં આવ્યો એણે ભાગવાનો જરા પણ પ્રયાસ કર્યો નહિ.

કોર્ટ માં જ્યારે કેસ ચાલ્યો ત્યારે તેણે કહ્યું "મેં આપની ભૂમિ ઉપર આપના એક જૂલ્મી જનરલનું ખુન એટલા માટે કર્યું છે કે ભારતના લોકો તેનાથી જાગી ઉઠ્યા છે, એનો તમને ખ્યાલ આવે. મને મોતની પરવા નથી જવાનીમાં આવતા આ મોતથી ચડિયાતું બીજું મોત નથી પણ ડાયર જેવા જુલ્મીને મારીને મને સંતોષ છે એણે જે દશા મારા દેશની, મારા દેશના લોકોની કરી છે, તેજ દશા મેં તેની કરી છે. આજે હું એક જૂનું દેવું ચૂકવી વિદાય થાઉં છું. તેનો મને અત્યત સંતોષ છે.

વિલાયતની ધરતી તથા વિલાયતની ગોરી અદાલતને ખળભળાવી મુકનાર એ પંજાબી કિશોરે જે પ્રતિજ્ઞા કિશોરાવસ્થામાં કરી હતી તે જુવાનીમાં પૂરી કરી.

આ મહાન આઝાદીના લડવૈયાનું નામ હતું ઉદ્યમસિહ, તેનું વતન પંજાબ. તેની વાત સાચી પડી. સાત વર્ષ રહીને ભારતે ગોરાઓને વિદાય કરી આઝાદી મેળવી લીધી.

ધન્ય છે આવા વીર જવાનને કે જેની માતાએ આપેલા જન્મને ઉજ્જવળ કર્યો છે.



સંતતિ નિયમન

લેખક :—ડૉ. હંશરાજભાઈ એમ. પટેલ
મહુધા

(ગતાંકથી ચાલુ)

કેટલાક માણસો સંતતિ નિયમન માટે વાંધા ઉઠાવે છે, ભય સેવે છે તેમજ ખોટી માન્યતાઓ પણ ધરાવે છે.— જેમ કે

૧ કેટલાક માને છે કે તે કુદરત વિરુધ્ધનું કાર્ય છે, પણ જરૂર વગરનું ન લેવું તેમાં કંઇ પાપ નથી. દા.ત. --નદીના પ્રવાહ કુદરતી છે તેને રોકીએ છીએ. વધતા નખ, વાળ, કાપીએ છીએ.

૨ કેટલાક અધર્મ ગણે છે- પણ આ ખોટું છે. કારણ કે આ રીતના સાધનો વાપરવાથી ગર્ભ ધારણ થતો નથી પછી અધર્મની વાત જ ક્યાં રહી.

૩ કેટલાક કહે છે કે તે વ્યવહારિક નથી. પણ સમય પ્રમાણે વ્હેણ બદલવું જ રહ્યું. જેમ કે હવે નાત જાતના ભેદ નથી વિધવા વિવાહની છૂટ છે. જે પહેલાં અવ્યવહારિક હતું હવે વ્યવહારીક છે. હવે આપણા નેતાઓજ સંતતિનિયમનનાં ભાષણો આપે છે. પહેલાં બોલવા પણ તૈયાર ન હતા. એક અમેરિકને કહ્યું છે કે,"સંતતિનિયમન એ અવ્યવહારૂ છે પણ સામાજીક દ્રષ્ટિએ વ્યવહારૂ છે. તેથી આપણે હવે તેને વ્યહવારૂ બનાવવું જોઇએ."

૪ કેટલાક એમ માને છે કે તેનો ગેરકાયદેસરનો ઉપયોગ થશે- દરેક વસ્તુને બે પાસાં હોય છે. પણ વધુ લાભદાયી વસ્તુ પ્રત્યે ધ્યાન આપવું જરૂરી છે જેમકે આણુશકિતથી વિનાશ પણ નોંતરાય અને સારો ઉપયોગ કરવામાં આવે તો અકલ્પ્ય શકિત પણ મેળવી શકાય. અને એ સિદ્ધાંત ઉપર આજે માનવે ચંદ્ર ઉપર પગ મૂકયો.

૫ કેટલાક ભય સેવે છે કે મુસ્લીમ, ગરીબ અને પછાત જાતના માણસો કુટુંબ નિયોજનમાં ન માનતા હોવાથી તેમની વસ્તિ વધશે. જ્યારે ઉંચો અને મધ્યમ વર્ગ સંતતિનિયમનમાં માનતો હોવાથી તેના ફળરૂપે ઉપલા થરના માણસોનુ પ્રમાણ ઘટશે અને નીચલા થરના માણસોનું પ્રમાણ વધશે. આ હકીકત વિચારવા જેવી છે. ધીરે ધીરે સરકારી નોકરી કરતા માણસોને બે સુવાવડ

પછી નહી મળતી સગવડ, ન મળતાં કરમાં મોકી વિગેરેથી તેઓ પણ સમજશે. પછી આનાં માટે પ્રચાર, તંદુરસ્તીજ્ઞાન તેમજ ધર્મ અંધશ્રદ્ધા નાબુદી વિગેરે જરૂરી છે.

૬ ઘણા માને છે કે આવા પ્રકારનાં સાધનોથી જાતિય આનંદ જતો રહે છે પણ સમજણ પૂર્વક જો સાધનનો ઉપયોગ કરવામાં આવે તો ખાસ પ્રશ્ન રહેતો નથી. તેનાથી કોઇપણ જાતનો રોગ પણ થતો નથી અને કોઇપણ જાતની ઇજા પણ થતી નથી.

૭ સંતતિનિયમનને અનુસરવા છતાં પણ ગર્ભધારણની બીક રહે છે. જો સાચી રીતે અમલમાં મૂકવામાં આવે તો તે નિવારી શકાય છે.

વસ્તી વધારાને પહોંચી વળવાના ઉપાયઃ—

(૧) વધારે પડતું અનાજ ઉત્પાદનઃ સરકારે તેને ખૂબ જ મહત્વ આપ્યું છે. છતાં પણ તેને પહોંચી વળવું મૂશ્કેલ છે

(૨) બીજા દેશમાં હિજરત — શકય નથી.

(૩) મૃત્યુ પ્રમાણ વધારવું.—જે રાક્ષસી અને માનવતા વિહોણું હોય છે.

(૪) જન્મ પ્રમાણ ઘટાડવું—આ એક શકય, વિચારણીય અને થઈ શકે તેમ છે.

જન્મ પ્રમાણ ઘટાડવાની રીતો

(૧) લગ્ન જ ન કરવું—કે જે શકય નથી.

(૨) લગ્ન પછી જુદા રહેવું ખૂબ અશકય છે.

(૩) લગ્ન કરવા માટેની ઉંમરમાં વધારો કરવો—લગ્ન માટેની કન્યાની ઉંમર ૨૦ વર્ષની રાખવી. આ કંઇક અંશે શકય અને ઉપયોગી થાય તેમ છે. અને તેથી જ હમણાં લગ્નની વય મર્યાદામાં વધારો કરીને ૧૬ને બદલે ૧૮ વર્ષની કન્યાની ઉંમર આપણા દેશમાં કરવામાં આવી છે.

(૪) ગર્ભપાત—ઇચ્છનીય નથી છતાં પણ તેમાં છુટછાટ જરૂરી છે. જાપાનમાં કાયદેસર ગર્ભપાત છે. આપણા અહીયાં પણ આમાં છૂટછાટ માટેની વિચારણા ચાલે છે.

(૫) બાળહત્યા—ન વિચારવા જેવું રાક્ષસી કૃત્ય છે.

૬ સંતતિનિયમનનાં સાધનો અને સ્ટરીલાઇઝેશન ઓપરેશન :— શકય, વિચારણીય, ઇચ્છનીય અને આવડા મોટા સમુદાય માટે ઉપયોગી છે.

સંતતિનિયમન કઇ કઈ રીતે થઇ શકે :—

તેને નીચે મુજબ બે રીતે વિચારી શકાય.

(૧) અમુક સમય પૂરતું — ટેમ્પરરી (*Temporary*)

(૨) કાયમી–પરમેનન્ટ (*Permanent*)

૧ ટેમ્પરરી સંતતિ નિયમન

આ પદ્ધતિમાં સંતતિનિયમન બે રીતે કરી શકાય.

(અ) કોઇ પણ જાતના સંતતિનિયમનના સાધનના ઉપયોગ વગર આમાં નીચેનાનો સમાવેશ કરી શકાય.

૧ સંયમ–આ લગભગ અશકય છે. અને તેનાથી માનસિક અસર પણ થાય. આ યોગી પુરુષો કરી શકે.

૨ અપૂરતું મૈથુન–આમાં પુરુષ ઇન્દ્રીયને વીર્યના સ્ખલન પહેલાં યોનીથી બહાર કાઢી લે જેથી વીર્યસ્રાવ યોનીમાં ન થાય આમ કરવું મુશ્કેલ છે. વળી માનસીક દ્રષ્ટિએ નુકશાન કર્તા છે.

૩ સુરક્ષિત સમય (*Safe Period*) જે **સ્ત્રીને** દર ૨૮ દિવસે માસિક (ઋતુસ્રાવ) આવતુ હોય તે માટે આ કંઇક ઠીક છે. તેમણે બે માસના ગાળાના વચ્ચેના પંદર દિવસ ખાસ કરીને માસિક આવે તે દિવસને પ્રથમ દિવસ ગણીએ તો ૧૦ થી ૨૦ દિવસનો સમય બાદ કરતાં બાકીના દિવસોમાં સંભોગ કરવો. જોઇએ. કારણ કે ૧૦ થી ૨૦ દિવસની અંદર જ સ્ત્રી બીજ (*Ovum*) તૈયાર થાય છે. જેમને માસિક દર ૨૮ દિવસે બરાબર ન આવતું હોય તેમજ બીજી તકલીફ હોય તેમણે આ વિચારવા જેવું નથી. આ રીતથી ગર્ભધારણ કરવાની ૩૫% તક છે.

(બ) અમુક પ્રકારના સાધનો, ગોળીઓ વિગેરેના ઉપયોગથી.

(૧) પુરૂષો માટે—

અ–નિરોધ (*Condom*) આ સામાન્ય રીતે વપરાતું સાધન છે તે

મુલાયમ રબરમાંથી બનાવેલું ટોટી આકારનું સાધન છે. ખૂબજ સુવિધાવાળુ છે. સંભોગ પહેલાં ઈન્દ્રીય (લીંગ) ઉપર ચઢાવવું વળી લીંગ ઉપર ચઢાવતાં પહેલાં ફુંકથી હવા ભરી તે તૂટેલું નથી તેની ખાત્રી કરી લેવી. યોની બહાર કાઢતી વખતે વિર્ય યોનીમાં ન પડે તેની કાળજી લેવી. એક નંગ સામાન્ય રીતે એકજ વખત વાપરવું.

કુટુંબ નિયોજન કેન્દ્રમાંથી તે દર મહિને ૧૨ મફત મળે છે. વળી સરકારે માર્કેટમાં ૧૫ પૈસાના ત્રણ વહેંચવાનું નક્કી કર્યું છે. કોન્ડામ એકલું તેમજ શુક્રાણુનાશક જેલી સાથે વાપરી શકાય છે. એકલા વાપરવાથી ગર્ભધારણની ૨૬% શકયતા છે. તાજેતરમા સરકારે નવ-દંપતીને લગ્નભેટ તરીકે ૬ ગ્રોસ નિરોધ આપવાનું વિચાર્યાનું જાણવા મળે છે.

બ. નિરોધ + જેલી :– સૌ પ્રથમ જેલી મૂકવાના ખાસ સાધનથી યોનિમાં જેલી (શુક્રાણુનાશક મલમ) મુકયા બાદ નિરોધ પહેરી સંભોગ કરવો–આમાં ગર્ભધારણ શકયતા ૬% છે.

(૨) સ્ત્રીઓ માટે :–

અ :– યોનીમાં મૂકવાની ગોળીઓ :– આ શુક્રાણુનાશક ગોળીઓ છે. તેને પાણીમાં સ્હેજ ભીની કરી સંભોગના પાંચ મીનીટ પહેલાં યોનીમાં ઊંડે મૂકવામાં આવે છે. ૧૨ ગોળી મહિને કુટુંબનિયોજન કેન્દ્રમાંથી મફત મળે છે. આ રીતથી ગર્ભધારણ શકયતા ૪૦% જેટલી છે.

બ :– જેલી તે ટયુબમાં મળે છે ખાસ સાધનથી સંભોગ પહેલાં યોનીમાં ઊંડે મૂકવામાં આવે છે. તે શુક્રનો નાશ કરે છે તે રીત સરળ છે એક મહિને ૧ ટયુબ તેના મૂકવાનાના સાધન સાથે મફત મળે છે. જેલીમાં પણ ગર્ભધારણ શકયતા ૪૦% છે.

(૩) ડાયાફ્રામ (*Diaphragm*):– આ રબરનું ડોમ આકારનું (અર્ધગોળાકાર જેવું સાધન છે. તે ૧૦ મી.મી. થી ૧૦૦ મી.મી. સાઈઝમાં મળે છે. આ આ સાધનના માપ તેમજ મૂકવાની રીત માટે ડોકટર પાસે જવું જરૂરી છે સ્ત્રી સંભોગ પહેલાં આંગળી વડે યોનીમાં તે ગર્ભાશયના મોઢા આગળ મૂકી દે જેથી ગર્ભાશયનું મોઢું (*Cervix*) ઢંકાઈ જાય. એકાદ બે બાળક પછી આ રીત સારી છે. ડાયાફ્રામ ઉપર જેલી લગાડવી વધારે હિતાવહ છે.

સંભોગ પછી ૮ થી ૧૦ કલાકે ડાયાફ્રામ સ્ત્રી પોતે જાતે જ કાઢી નાખી શકે. તે ડાયાફ્રામ સાફ કરી રાખી મૂકવો. એ ઘણા લાંબા સમય સુધી ચાલી શકે છે. આમાં ગર્ભધારણ શકયતા ૨ થી ૩૦% છે.

આ સાધન નિયોજન કેન્દ્રમાંથી મફત મળે છે.

(ડ) ડાયાફ્રામ + જેલી વધારે હિતાવહ અને સુરક્ષિત છે.

(ઇ) ડુમાસ કેપઃ– આ પણ અર્ધગોળાકાર, ડાયાફ્રામ કરતાં નાનું રબર કે પ્લાસ્ટીકનું બનેલું સાધન છે, યોનીમાં મૂકવામાં તકલીફ થતી હોવાથી ખાસ વપરાતું નથી. વળી મળવું પણ મુશ્કેલ છે.

(એફ) લૂપ (*I.U.C.D.*) આંકડીઃ– આની ૧૯૧૬માં શોધ થઇ "ડીકનીસને" આ પ્રકારના સાધનને સંતતિ નિયમનના સાધન તરીકે વાપર્યું. પહેલાં ચાંદીની ગ્રાફેનબર્ગ રીંગ વપરાતી હતી, કેટલાક સોનાની વીંટી પણ ગર્ભાશયમાં મૂકાવતા. હાલ આધુનીક જમાનામાં પ્લાસ્ટીક લૂપ વપરાય છે કે જે પોલીથીનની બનેલી છે. તે *X Ray*માં દેખાય છે. આનાં શોધકે છે અમેરિકાના ડો, લી. પી. (*Lippe*). તેથી તેને લીપીસ લૂપ (*Lippe's loop*) પણ કહેવામાં આવે છે. આ ખૂબજ લોકપ્રિય બનેલ. શરૂઆતના નવ મહિનામાં ૮ લાખ આંકડી મૂકવાના કેસ નોંધાયા. પણ હાલ તેમાં ઘટાડો થયો છે તેનું મૂળ કારણ વ્યક્તિની યોગ્યતા જોવાતી નથી તે છે.

આંકડી મૂકાવવાના નીચે મુજબના ફાયદા છે

ફકત એક જ વાર મૂકાવવી પડે છે, વારંવાર દવાખાને જવું પડતું નથી તેથી તેની ગુપ્તતા જળવાઇ રહે છે. ઇચ્છા પ્રમાણે કાઢી શકાય છે. અને તેથી બાળકની ઇચ્છા વખતે કઢાવી નંખાવાય, ખર્ચ વગરનું સાધન છે. પહેરવાની કે બીજી કોઈપણ જાતની કાળજીની જરૂર રહેતી નથી રહેતી લગભગ ૮૦% સ્ત્રીઓને તે માફક આવે છે. ૯% સ્ત્રીઓને તે કઢાવવી પડે છે. અને ત્રણ ટકા સ્ત્રીઓને તે અસફળ થાય છે.

લૂપ એ ત્રણ સાઇઝમાં મળે છે. ૨૫ મી. મી, ૨૭.૫ મી. મી., ૩૦ મી. મી લાંબી હોય છે. ઊંધા બે 'ડ' ને મેળવીએ તેવી એ દેખાય છે. તેના એક છેડે નાયલોનનો દોરો હોય છે. આંકડી ખાસ સાધન દ્વારા ડોકટર ગર્ભાશયમાં મૂકી આપે છે. નાયલોનનો દોરો યોનીમાં રહે છે. જેથી બહાર કાઢતી વખતે ખેંચવાથી નીકળી શકે છે. આ દોરાથી સંભોગ વખતે કોઈપણ જાતની પુરૂષને ખબર પડતી નથી કે અડચણ પણ આવતી નથી.

સતપંથી ભાઇઓને

લેખક :— ગંગારામ નાનજીભાઈ પટેલ
ટીંબાતલાવકંપા

સમાજના વડીલો, યુવક મંડળના ભાઇઓ તથા જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનો સર્વેને નમ્ર વિનંતિ છે કે, આજે આપણામાં ધર્મ વિશે જે ચર્ચાઓ ચાલી રહી છે. તેમાંથી જાણવા મળ્યું છે કે, સતપંથી ભાઇઓ ઘર દીઠ એક રૂપિયો ઉઘરાવીને પીરાણામાં મોકલે છે અને આ રીતે તેઓ તેમનો પક્ષ સબળ બનાવે છે. તો આપણે પણ ઘર દીઠ રૂપિયા બે ઉઘરાવીને આપણા સનાતન ધર્મનો પ્રચાર કરવા દરેક કંપે કંપે ફરીને તથા જાહેરાત દ્વારા તન મન અને ધનથી કામે લાગી જવું જોઈએ. તથા દરેકની નોંધણી કરવી જોઇએ. સતપંથી ભાઇઓ હજુ એટલું જોર બતાવે છે કે 'જાગૃતિ'ના તંત્રીનું

લૂપ મુકાવવાનો સમય

અટકાવ પછી ૫ મા કે છઠ્ઠા દિવસે મૂકાવી શકાય. તદઉપરાંત પ્રસુતિ પછી છ થી આઠ અઠવાડીયા પછી મૂકાવી શકાય. જો સુવાવડ પછી કે કસુવાવડ પછી છ અઠવાડીયાની અંદર મુકાવવામાં આવે તો તે બહાર નીકળી જવાની શકયતા ખરી.

આંકડી મૂકાવવાથી નીચે મુજબની તકલીફ કોઇકને થાય છે.
પેઢુનો દુઃખાવો (૮ %) લોહી અથવા માસીકનું વધારે પ્રમાણમાં આવવું (થોડા પ્રમાણમાં સ્ત્રીઓને આવું થાય છે.) જે એકાદ બે મહિનામાં મટી જાય છે. ૫ થી ૧૦% સ્ત્રીઓને તે વધારે દાખવે છે.

એટોમેટીક નીકળી જવું, સોએ એકાદ સ્ત્રીને શરીર ધોવાવાની (ધાતુની) ફરિયાદ રહે છે, માસીક વખતે દુઃખાવો (૬ %) માનસીક અસર (૦.૫%)

ખૂન કરીશુ. અને આવા નનામા પત્રો તંત્રી ઉપર આવે છે. જેથી સતપંથી ભાઇઓને સ્પષ્ટ કહી દેવું જોઇએ કે, નનામા પત્ર લખ્યા વગર તમારામાં જો બળ હોય તો જાતે આવીને અમારી પાસે ખૂલાસો માગો. અમો તમોને ખુલાસો આપવા તૈયાર છીએ. જેમ પાકિસ્તાન અને ભારતની લડાઈ થઈ ત્યારે પાકિસ્તાનના માણસો છાના છાના હુમલાઓ કરવા લાગ્યા. પરંતુ ભારતે સખ્ત હાથે કામ લીધું તો તેઓને શરણે આવવું પડયું. આથી સતપંથી ભાઇઓને જણાવવાનું કે તમો પણ સમજી જાવ તો વધુ સારૂં છે. નહિતર પરિણામ ખરાબ આવશે.

જાણવા મળ્યું છે કે, ખેડબ્રહ્મા તાલુકામાં એક બાવાનું મંદિર બનાવ્યું છે. ત્યાં ખેડબ્રહ્મામાં વસતા ડોકટરો પણ નમાજ પઢવા ખભે પછેડી નાખી માથે ટોપી પહેરીને જાય છે. ડોકટરો સાંકડી પેન્ટ પહેરી હોવાથી ઊંધા પગે નમાજ પઢતાં મૂશ્કેલી પડવાથી એક વડીલે એમ કહ્યું કે, ઊભે ઊભે બાવાને નમસ્કાર ન થાય એટલે એ ભાઇ આગળ બે હાથ જોડીને પગે લાગેલા એ મેં મારી જાતે જોયું છે. તો સતપંથી ભાઇઓ તથા યુવકોને ખાસ જણાવવાનું કે, ભણી ગણીને તમે ડોકટર, વકીલ, વેપારી અને અન્ય કામે વળગ્યા છતાં હજુ હિન્દુ છીએ એ બાબત કેમ ભૂલી જાવ છો.

સતપંથી ભાઇઓને વિનંતિ છે કે, 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી સમજીને સાચા રસ્તે પાછા આવી જાઓ. તેમાં સમાજનું અને આપણું સૌનું ગૌરવ છે. નહિતર આપણા આ વિશાળ સમાજના ભાગલા પડી જશે. અને છીન્નભિન્ન થઈ જશે. વળી નનામા પત્રો લખવા એના કરતાં કોઈ પણ બાબતનો ખુલાસો જોઈતો હોય તો સમાજની ધનસુરા ઓફિસે આવીને ચર્ચા વિચારણા કરી યોગ્ય જવાબ મેળવી શકશો.

અંતમાં તમારો બાવો જે કામ કરશે તેટલું જ શ્રી લક્ષ્મીનારાયણ પણ કરશે જ. બન્નેના હોદ્દા સરખા જ છે. પરંતુ હિન્દુને શોભે તેવું શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર છે એ ન ભૂલશો બસ એજ.

સમાચાર વિભાગ *

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા-૬

જાહેર નિવેદન

પ્રતિ,
આપણા સમાજનાં દરેક યુવક મંળળોને

આથી અમો જણાવીએ છીએ કે, અમારા મંડળે 'જાગૃતિ'ના છેલ્લા અંકમાં અખિલ ભારતીય પાટીદાર યુવક સંમેલન યોજવા બાબત નિવેદન બહાર પાડેલ તેના પ્રત્યુત્તરમાં થોડાં જ મંડળો તરફથી આ સંમેલન યોજાવું જોઇએ એવું જણાવવામાં આવેલ છે. પણ આપણા વિશાળ અને ચોમેર ફેલાયેલા સમાજને ધ્યાનમાં લેતાં આ પ્રત્યુત્તરની સંખ્યા બહુ જ ઓછી છે એટલે અમારો વિચાર હજુ વધારે મંડળોના વિચારો જાણવાનો છે.

અમો ફરીથી યાદ અપાવીએ છીએ કે, આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ આપણા છુટા છવાયેલા યુવકોમાં પરસ્પર મૈત્રી, એકતા, સહકાર અને સંગઠનની ભાવના કેળવવાનો છે. આપણામાં સંગઠન સ્થાપી સમાજના ખરા પ્રતિનિત્રિ થવાનો અને સમાજમાં ચાલતા કુરિવાજો સામે અવાજ ઉઠાવવાનો છે.

અમારો વિચાર છે સૌ પ્રથમ આપણા મુખ્ય મુખ્ય મંડળોના બબ્બે પ્રતિનિધીઓની એક સભા બોલાવવી અને તે સભામાં આ વિષય પર પૂરતી ચર્ચા વિચારણા કરી સંમેલનનો વિષય, સ્થળ, સમય વિગેરે નકકી કરવાં. આજ સભામાં એક સમિતિ બનાવવી અને તે સમિતિને સંમેલનના દરેકે દરેક કાર્યની રૂપરેખા તૈયાર કરવાનો ભાર આપવાનો પ્રતિનિધીઓની આ સભા દિવાળી પહેલાં કલકત્તા ખાતે મળે તો સારૂં જેથી વહેલી તકે આપણે સંમેલન યોજવા સમથં થઇ શકીએ.

આથી અમારું દરેક મંડળોને નિવેદન છે કે તેઓ પોતે પોતાની સભા બોલાવી આ બાબત પૂરતી ચર્ચા વિચારણા કરી અમને યોગ્ય માર્ગદર્શન આપે. તેઓના માર્ગદર્શનના આધારે જ અમો આગળ પગલું ભરવામાં સમર્થ થઈશું. આ ભગીરથ કાર્ય કોઈ એકના ભોગે પાર ન પડતાં ઝાઝા હાથે જ રળિયામણું બનશે.

દરેકે દરેક મંડળ સાથે સરનામાના અભાવે, રૂબરૂ પત્ર વ્યવહાર ન કરી શકવા બદલ અમો દિલગીર છીએ. તો આ નિવેદનનેજ પૂર્ણ માન આપી સત્વરે નીચેનાં

સરનામે પ્રત્યુત્તર આપશો. અંતે આપ સર્વેના યોગ્ય માર્ગદર્શનની આશા સેવીએ છીએ.

આપણાં મંડળો ઉત્તરોત્તર પોતાના ધ્યેય અને કાર્યમાં આગળ ધપતાં રહી સમાજના ખરા પ્રતિનિધી બને અજ અભ્યર્થના.

પત્ર વ્યવહારનું સરનામું — શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
C/o. કેશવલાલ એન્ડ કું.
૬૫/૧ મહર્ષી દેવેન્દ્ર રોડ, કલકત્તા-૬.

લિ.
વેલજી હરજી પટેલ
સહમંત્રી
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ

卐 卐 卐 卐

પત્ર છે...........

એક સનાતન ધર્મ પ્રેમી ભાઇનો
વિગત છે માનવતાને શરમાવનારી.

(૧) એક વ્યકિત કે જે સનાતન ધર્મ માટે કાર્યવાહી કરે છે. સનાતન મંડળની સભ્ય છે અને કારોબારીમાં પણ ચૂંટાયેલી છે.

(૨) એ વ્યકિત પર સતપંથીઓના મોટા મોલવીઓ (મુખી) તરફથી અમુક બાબતોમાં કેટલેક અંશે તેની સનાતન પ્રવૃત્તિ સામે લાલ આંખ હોઇ નાત બહાર મૂકવામાં આવી છે.

(૩) છતાં પણ સમજવા જેવી વસ્તુ એ છે કે તે વ્યકિતને નાતબહાર કે વ્યવહાર બાર મૂકવામાં આવ્યા છતાં કોઇપણ જાતની અડચણ નડતી નથી; પરંતુ જે વિભાગની આ હકીકત છે તે વિભાગના સનાતન મંડળના કાર્યકર્તા ભાઈઓએ પણ અમુક કારણો બાદ કરતાં સતપંથીઓની સાથે મળીને જે રીત અપનાવી છે તે સનાતનીભાઈઓ માટે કલંકરૂપ છે. કારણ કે આ

વ્યક્તિ સનાતન ધર્મના પ્રચાર માટે કંઇ પણ કાર્યવાહી કરે તેમાં સનાતની ભાઇઓનો સહકાર જરૂરી છે પણ સતપંથી ભાઇઓના દબાણથી તે સનાતની ભાઇઓ પણ ઊલટી દિશામાં જઈ રહ્યા છે.

(૪) આ અંગે કોઇપણ બાબતનો બીજો ઝઘડો વચમાં લાવવો કે તે બાબતમાં તે વ્યક્તિને સંડોવવામાં આવે તો તે વ્યક્તિને કંઇપણ લેવાદેવા નથી તે હકીકત છે.

(૫) દુઃખની વાત એ છે કે સતપંથીઓનાં દેરાઓની ઉદ્ઘાટન વિધિ પ્રસંગે સનાતની ભાઇઓ પણ હાજર રહી સ્ટેજ પરથી ભાષણો આપતા હોય છે અને તે વખતે જાહેર કરતા હોય છે કે ફલાણી વ્યક્તિથી વ્યવહાર કરવો નહિ. તો એ વ્યક્તિનું કહેવું એમ છે કે એજ સનાતની ભાઇઓએ ગુજરાતમાં ચાલતી હિંદુ સંસ્કૃતિને ને શરમાવનારી બાબતો કે જે સનાતન સમાજ માટે કલંકરૂપ છે તેને દૂર કરવા માટે સનાતની ભાઇઓ ઝુંબેશ શરૂ કરીને આગળ આવે.

(૬) જે વ્યક્તિને વ્યવહારબાર મૂકવામાં આવી છે અને તેના વ્યવહારમાં અડચણ કરવામાં આવી છે તેનાં કારણો જુદાં છે અને અંતે તે વ્યક્તિએ કોર્ટ મારફતે તે મંડળને અને લાગતા વળગતા મોટા મોવડીઓને નોટીસો આપી દીધી છે. હવે સમાજે સનાતનનો ઝંડો ઉંચો રાખવા માસિક દ્વારા તેમજ અન્ય રીતે જોરશોરથી પ્રયત્નો કરવાની જરૂર છે.

(૭) જે વ્યક્તિનો નિર્દેશ કરવામાં આવે છે તે વ્યક્તિ અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણાની કારોબારીની સભ્ય છે.

ઉપરોકત તમામ હકીકત જોતાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ તેમજ યુવક મંડળનો સાથ સહકાર મેળવવાની આવી વ્યક્તિ અભિલાષા સેવે તો તેમાં કંઇ ખોટું નથી. આ અંગે સનાતન સમાજ તેમજ યુવક મંડળ યોગ્ય વિચાર કરે

★ ગત તારીખ ૮-૬-'૭૨ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ તેમજ વિદ્યાર્થી મંડળનાં ઉપક્રમે તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી રતિલાલ એલ. પટેલને સન્માનવા માટે જે શાનદાર સમારંભ યોજવામાં આવ્યો હતો તે બદલ સમારંભની સફળતા માટે આ સમારંભના નિયોજકોને શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, નરોડા તરફથી અભિનંદન પાઠવવાંમાં આવ્યા છે.

★ ખેડબ્રહ્મા તાલુકાના પરબડીકંપાના રહીશ છગનભાઈ પચાણભાઇના સુપુત્ર શ્રી કાન્તિભાઇ (યુ. એસ. એ.) પરદેશમમાં કેમીકલ એન્જીનીયરીંગના અભ્યાસ અર્થે જતા હોઈ તેમના માનમાં ગત તા. ૨૦–૮–૭૨ના રોજ ખેડબ્રહ્મામાં ડૉ. ડૉ. છગનભાઇ એચ. પટેલના પ્રમુખસ્થાને તેમજ ડૉ. નારણભાઈ કે. પટેલ તથા ધનસુરા કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીભવનના ગૃહપતિ શ્રી વાડીભાઇ કે. પટેલના અતિથિ-વિશેષ પદે એક સમારંભ યોજામાં આવ્યો હતો.

આ પ્રસંગે આજુબાજુના કંપાઓ તેમજ ગામડાઓમાંથી સારી એવી સંખ્યામાં હાજર રહેલા માણસોએ પરદેશ જતા ભાઇશ્રી કાન્તિભાઈ પ્રતિ શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

●●

★ જાણવા મળ્યું છે તે મુજબ અત્રે વિશ્નુપુરા કંપા (કચ્છ) કરમોઇ નિવાસી પટેલ દેવજીભાઈ નથુભાઈનાં પુત્રવધુનું નાની ઉંમરે દુઃખદ અવસાન થતાં તેમની સ્મશાન યાત્રામાં ગ્રામ્યભાઈઓએ સારી એવી સંખ્યામાં હાજરી આપી હતી. સ્વર્ગસ્થનો અંતીમ વિધિ હિંદુ સંસ્કૃતિ મુજબ અગ્નિસંસ્કાર આપી કરવામાં આવ્યો હતો. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે અને તેમનાં કુટુંબી-જનોને પડેલી ખોટ સહન કરવાની શકિત અર્પે એજ અભ્યર્થના.

★ શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, અમદાવાદ.

અમોદરા કંપા નિવાસી પટેલ બાબુભાઈ દેવસીભાઈ જેઓ એસ. વાય. બી. કોમ. માં અભ્યાસ કરતા હતા તેમનું નાની ઉંમરમાં દુઃખદ અવસાન થતાં અમો આજ તા ૯–૭–૭૨ના રોજ એક સ્વજન ગુમાવવા જેટલું દુઃખ અનુભવીએ છીએ.

સદ્દગત શ્રી અમારા મંડળના એક સક્રિય સભ્ય હતા. આશાસ્પદ યુવાનના અકાળ અવસાનથી તેમનાં માતાપિતા તેમજ કુટુંબી જનોને આ કારમો આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ અભ્યર્થના

લિ. ક. ક. પા. વિદ્યાર્થી મંડળ અમદાવાદ.

★ શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ. મુંબઈ.

ગત તા. ૧૫–૮–૭૨ના રોજ બપોરના ૩–૦૦ વાગે ઉપરોકત ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા બેરીસ્ટર શ્રી વિરેન્દ્રભાઈ શીવદાસ પટેલના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં સં. ૨૦૨૭ના ટ્રસ્ટી મંડળની કાર્યવાહીનો ટૂંક અહેવાલ, આવક-જાવકનો હિસાબ તેમજ સરવૈયાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં હતાં ત્યાર બાદ સંસ્થાની પ્રગતિ તેમજ હિતવર્ધક કાર્યો અંગે સૂચનો તથા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઉપરોકત સમયે જ્ઞાતીના મેટ્રીકમાં પાસ થયેલા ૩૮ તેમજ કોલેજની વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા ૪૧ વિદ્યાર્થી ભાઈબહેનો મળી કુલ ૭૯ જણનું સન્માન કરી તેઓ સૌને સંસ્થા તરફથી એક એક પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું અને ૬૦ ટકાથી વધુ ગુણ મેળવનારને રોકડ ઇનામો આપીને સત્કારવામાં આવ્યા હતા

વધુમાં મહારાષ્ટ્ર એસ. એસ. સી. બોર્ડમાં ૧૧ મો નંબર મેળવનાર વિદ્યાર્થી શ્રી પ્રવિણકુમાર નાનજીભાઈ દેવજીભાઈ રામાણી (પૂના), કચ્છ કાદીઆ વાળાને તેમજ ગુજરાત એસ. એસ. સી. બોર્ડમાં ૧૫મો નંબર મેળવનાર શ્રી દામજી રતનશી શાંખલા કચ્છ ઉખડોવાળાને આમંત્રણ આપી તેઓને જ્ઞાતી તરફથી દરેકને રૂા. ૧૦૧/–નાં ઈનામો આપી ગૌરવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું

ત્યારબાદ આનંદ ઉત્સાહ પૂર્વક સભાનું કામકાજ પૂરૂ થયું હતું

રમણભાઈ એમ. પટેલ.
ટ્રસ્ટી,

❊ સન્માન સમારંભ ❊

ગત તારીખ ૨૮–૮–૭૨ ના રોજ અત્રે અદામકંપામાં તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલને સન્માનવા માટે એક સમારંભ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મોતેસરી નિવાસી શ્રી મણીભાઈ જેઠાભાઇ પટેલે પ્રમુખ તરીકે તેમજ ગત ચૂંટણીમાં નખત્રાણા અબડાસા (કચ્છ) મત વિસ્તારમાં શાસક પક્ષમાંથી ચૂટાયેલા ધારાસભ્ય શ્રી ખીમજી નાગજી માસ્તર (કચ્છ) મથલવાળાએ અતિથિવિશેષ-પદ શોભાવ્યું હતુ.

આજુબાજુના કંપાઓ ટીંબાતળાવકંપા, મોતેસરી, રામપુરા, ઉમેદપુરાકંપા તેમજ બોરડીટીંબામાંથી સારી એવી સંખ્યામાં આમંત્રિત ભાઇઓએ હાજરી આપી હતી.

પ્રિન્સિપાલ શ્રી રતિલાલભાઇએ ધારાસભ્ય શ્રી ખીમજીભાઇને સંબોધીને ગ્રામ્યજનોની મુશ્કેલીઓના પ્રશ્નો પોતાના વકતવ્ય દ્વારા રજુ કર્યા હતા.

એક તો ચોમાસાના સમયમાં જ્યારે વરસાદ એક, દોઢ કે બે માસ સુધી બંધ પડી જાય છે ત્યારે દૂર દૂરનાં ગામડાંઓ બસ વ્યવહારથી વંચિત રહી જતાં હોય છે પરિણામે આધુનિક વિજ્ઞાન તરફ વધતી જરૂરીયાતોને લઈ ખેડૂત વર્ગ ખૂબજ મુશ્કેલીમાં મુકાઇ જાય છે. કારણ કે રોજે રોજ આજકાલ સુધરેલી જાતના શંકર-૪ કપાસ કે અન્ય પાકો માટે દવા, ખાતર વગેરે સાધનો પૂરાં પાડવા ગામડાઓના ખેડૂતોને વાહન વ્યવહાર ન મળતાં પહોંચી વળવુ મુશ્કેલ બને છે પરિણામે ખેતીવાડીના પાકને નુકસાન જવાનો ખૂબ સંભવ રહે છે તો આવા સંજોગોમાં ચોમાસુ સમય પત્રકથી ખોરવાઇ ગયેલો બસ વ્યહાર ફરી શરૂ થાય તેવા પ્રયત્નો ગામડાઓના જ નહિ પરંતુ રાજ્ય કે દેશના હિતમાં છે એમ કહેવું ખોટું નથી.

બીજી એક બાબત એછે કે અત્યારના યુગમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના બાળકોને પ્રાથમિક ધોરણોમાં કેળવણી આપવા માટે સંખ્યાની મર્યાદા સરખી જ રાખવામાં આવતી હોય છે તો ગામડાઓ માટે આ એક મુશ્કેલ બાબત પુરવાર થાય છે કારણ કે નાનાં નાનાં ગામડાઓમાં જો પચીસત્રીસ બાળકોથી જ નિયમ મુજબ પ્રાથમિક કે માધ્યમિક શાળાઓ શરૂ થતી હોય તો કેટલીક વખત આટલી સંખ્યા મેળવવાની પણ ખૂબ મુશ્કેલી પડે છે. પરીણામે સંખ્યા ઓછી થતાં શાળા ખોલવા પરવાનગી ન મળે અને પરવાનગી ન મળતાં નાની ઉંમરનાં બાળકોને બાજુમાં થોડે દૂર આવેલાં મોટાં ગામોમાં આવવા જવાની ખૂબ મુશ્કેલીઓ પડે છે કેટલાક કિસ્સાઓમાં બાળકો અથવા તેઓના માબાપ શિક્ષણ મેળવવાનું કે અપાવવાનું બંધ કરે છે જેથી ભાવિ પેઢી શિક્ષણથી વંચિત રહી જાય છે.

ઉપરોક્ત બંને બાબતો માટે પ્રિન્સિપાલશ્રીએ ધારાસભ્યશ્રીને સંબોધીને નામદાર સરકાર સુધી આ અવાજ રજુ કરવા અનુરોધ કર્યો હતો.

આ સમારંભમાં પ્રસંગને અનુસરીને બદામકંપા નિવાસી શ્રી ગોવિંદભાઈ વી. પટેલ, શ્રી ગંગારામભાઈ નાનજીભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ કરશનભાઈ પટેલ ડો. બહેચરભાઈ આર. પટેલ., ટીંબાકંપા નિવાસી શ્રી નારણભાઈ વી. પટેલ, મોતીસરી નિવાસી શ્રી ડાહ્યાભાઈ હરીભાઈ, શ્રી મણીભાઇ જેઠાભાઈ, શ્રી બહેચરભાઇ મુળજીભાઈ, તલોદ નિવાસી શ્રી સામજીભાઈ એન પટેલ, તલોદ કોલેજનાના અધ્યાપક શ્રી કે. વી. પટેલ, ઓરડીટીંબા નિવાસી હાલ બરોડા શ્રી ગંગારામ જે. પટેલ, શ્રી કાનજીભાઇ આર. પટેલ, અમદાવાદના શ્રી વિશ્રામભાઇ કે. પટેલ તેમજ [illegible] વિદ્યાર્થી ભવનનાં ગૃહપતિ શ્રી વાડીભાઇ કે. પટેલ તેમજ ધારાસભ્ય શ્રી ખામજીભાઇએ

પોતપોતાનાં વક્તવ્યો દ્વારા માનનીય પ્રિન્સિપાલશ્રીની સમાજને લગતી સેવાઓ બદલ બિરદાવ્યા હતા.

આ પ્રસંગે પધારેલ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કંપા નિવાસી શ્રી નરસિંહભાઈ જેઠાભાઈ પટેલે તેમજ આભાર વિધિ શ્રી ગોવિંદભાઇ વેલજીભાઇ પટેલે કરી હતી.

અંતમાં અલ્પાહાર બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

શ્રી પૂના પાટીદાર યુવક મંડળ

શ્રી પૂના પાટીદાર યુવક મંડળની વાર્ષિક ચૂંટણીમાં નીચે મુજબ નવા કારોબારીના સભ્યો નીમવામાં આવ્યા છે.

પ્રમુખ	રતનસી હીરજી પટેલ		ગામ ટોડિયા
ઉપ પ્રમુખ	દેવજીભાઇ રામજી	,,	,, ,,
મંત્રી	કાંતિલાલ વાલજી	,,	,, દેશલપુર(ગુંતલી)
સહમંત્રી	મુળજીભાઈ ખીમજી	,,	,, ટોડિયા
ખજાનચી	નાનભાઇ પરબત	,,	,, ટોડિયા
ઓફીસર	માધવજી દાનાભાઇ	,,	,, નેત્રા
ગ્રંથપાલ	મણીલાલ શામજી	,,	,, ગુજરાત
સરકયુલરર	વીરજીભાઇ પ્રેમજી	,,	,, ટોડિયા

કારોબારી સભ્યો :—

(૧) રવજીભાઈ માવજી પટેલ
(૨) પ્રેમજીભાઈ ગોપાલ પટેલ
(૩) પુરસોત્તમ પ્રેમજી પટેલ
(૪) રામજીભાઇ વિશ્રામ પટેલ

ચૂંટણી થયા બાદ ગીત, ભજન અને મનોરંજનોના કાર્યક્રમો પણ રાતના મોડે સુધી ચાલ્યા હતા ત્યાર બાદ સમૂહ ભોજન કરી સભાનું વિસર્જન કર્યું હતું

ઉપરાંત મંડળનો ૧૫મી ઓગષ્ટનો રજતજયંતી મહોત્સવ મંડળની ઓફિસમાં પૂના પાટીદાર સમાજના વયોવૃદ્ધ વડીલ શ્રી ડાહ્યાલાલ તેજપાલના પ્રમુખ પણા હેઠળ ઉજવાયો હતો. તે પ્રસંગે "માનવ મંદિર" સંસ્થાના પૂજ્ય મહારાજ શ્રી દેવેન્દ્ર વિજયસિંહે તેમની પૂનિત વાણીનો પ્રસાદ આપ્યો હતો. તેઓશ્રીએ ૧૫મી ઓગષ્ટના મંગલ પ્રસંગે યુવાનોને જાગૃત રહેવા પોતાના ધર્મને ટકાવી રાખવાની હાકલ કરી હતી. તેમની કથાનો પ્રસાદ લેવા મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી પણ યુવકોનો કાર્યક્રમ આગળ ચાલુ રહ્યો હતો.

ત્યારબાદ યુવક મંડળ દ્વારા યોજાયેલ લકી નંબર ડ્રોની ટીકીટનું વેચાણ થયું હતું તે દરમિયાન સંગીત ખુરસી જેવા મનોરંજનના કાર્યક્રમો થયા હતા. ખુરશીમાં આબાલવૃદ્ધ સૌએ ખુબ રસ લીધો હતો. સંગીત ખુરશીનો શ્રેષ્ઠ વિજેતા શ્રી લક્ષ્મીદાસ મેઘજી પટેલ ગામ દેશલપુર (ગુંતલી) થયો હતો.

ત્યાર બાદ લકી ટીકીટ ડ્રોની શરૂઆત મંડળના પ્રમુખ શ્રી રતનશીભાઈ હીરજીના હસ્તે કરવામાં આવી હતી. એ ડ્રોનુ પ્રથમ ઈનામ પ્લેટોપેન કરમશીભાઈ ડાહ્યાભાઈ નં. ૨૬ — બીજુ ઈનામ એરમેઈલ પેન વેલજી રાજારામ નં. ૩૦ ત્રીજુ ઇનામ બોલ પેન વીરજી પ્રેમજી નં. ૪૪ ને મળ્યું હતું. લકી નંબર ટીકીટોનું વેહેંચાણ ૮૮ ટીકીટો સુધી થયું હતું. આમ મંડળે ખૂબ ધામધૂમથી રજતજયંતિ ઉજવી હતી.

મંત્રી, કે. વી. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ–ઈંદોર

યુવક મંડળની સાધારણ સભાની મિટીંગ તા. ૨૦–૮–૭૨ને રવીવારના બપોરે ૩–૦૦ વાગે નાથાણી એન્ડ કું. નવલખા રોડ ઉપર રાખવામાં આવેલ હતી જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી.

૧ આવતા નવરાત્રી મહોત્સવ માટે યુવક મંડળ દ્વારા પ્રસ્તુત થનાર બે સામાજિક નાટકો "સર્વોદય" અને "વિર પસલી"નું ચયન કરવામાં આવ્યું હતુ

૨ "છુટા છેડાથી આપણા સમાજને નુકશાન કરતાં ફાયદો વધારે છે" ઉપરોકત વિષય ઉપર એક વાદ વિવાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિપક્ષ જીતમાં રહયો હતો.

ઉપરોકત કાર્યો બાદ ચા-પાણી સાથે મિટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

ભીમજીભાઇ આર પટેલ
મંત્રી.

શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ, નવી-દિલ્હી.

પંદરમી ઓગસ્ટ

અત્રે શ્રી પટેલ તરૂણ મિત્રમંડળ (નવી દીલ્હી) તરફથી "પંદરમી ઓગષ્ટનો રાષ્ટ્રીય તહેવાર" શ્રી હીરાલાલ પટેલ એન્ડ કું. ના પ્રાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. ધ્વજવંદનનો કાર્યક્રમ સમાજના કાર્યકર્તા શ્રી જેઠાભાઇ પટેલ ચોપડાના હસ્તે કરવામાં આવ્યો હતો. અને આજની સભાનું પ્રમુખ સ્થાન અને સમાજના સરફર્સ્ટ શ્રી વેલજીભાઈ પટેલને આપવામાં આવ્યું હતું. પ્રમુખ શ્રી ખીમજીભાઇ તેજાભાઇ પટેલે આ સભાની શોભા વધારી હતી. અને સમાજનીની એકતા માટે પ્રવચનો થયાં હતાં.

ત્યાર બાદ મંડળના પ્રમુખ શ્રી ગંગારામ પટેલે અને સમાજના મંત્રી શ્રી ધનારામભાઈ એ પણ પ્રસંગને અનુલક્ષીને પ્રવચનો કર્યાં હતાં.

આ પ્રસંગે સ્કૂલમાં અભ્યાસ કરતી બાળાઓ તરફથી રાષ્ટ્રીય ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અંતમા મંડળના મંત્રી શ્રી કરશનભાઈ પટેલે સૌનો આભાર માન્યો હતો. અને અલ્પાહાર લીધા બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

મંત્રી :
શ્રી કરસન વી. પટેલ
શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ, નવી-દિલ્હી

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રી ૧।

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ



ટાયર ટ્યુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટ્યુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

પટેલ ઇલેક્ટ્રીકલ્સ


ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધનસુરા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઇટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.




પ્રખ્યાત—
એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]

'Everest'


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો રૂબરૂમાં સંપર્ક સાધો

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To,

Book-Post

મુદ્રક
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા


જાગૃતિ
તંત્રી: કાંતિલાલભાઈ ક. પટેલ
દીપોત્સવી અંક
realpatidar.com



નાનજીભાઈ પી. પટેલ

નાનજી પ્રેમજી પટેલ

(નેત્રાવાળા)

એજન્ટ :

લાઈફઈન્શ્યોરન્સ કોર્પો–ઓફ ઇન્ડીયા

જીવનવિમાના, આગનાવિમાના તેમજ દરેક પ્રકારના વિમાના કામકાજ માટે મળો યા લખો.

ફોન : ૨૩

નાનજીભાઈ પી. પટેલ

પટેલ સો મીલ

પ્રો. પ્રેમજીભાઈ ખેતસીભાઈ પટેલ

ઠે. એસ ટી સ્ટેન્ડ સામે

મુ. ડાકોર જિ. ખેડા. (ગુજરાત)

ખુશ ખબર !

આપના ઘરને સંગીતમય બનાવવા માટે અવશ્ય મુલાકાત લો—

જર્મન ટેકનોલોજી મારફતે બનાવેલ


ટેલીફંકન

રેડિયાના અધિકૃત વિક્રેતા

TELE FUN KEN

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાયર
- ટેપરેકોર્ડર્સ

સર્વોદય રેડિયો સર્વિસ



જવાહર બજાર, ધનસુરા.

પ્રોપ્રાયટર્સ : ડાહ્યાભાઈ એસ. પટેલ

ટેલિફંકન રેડિયો – બે વર્ષની ફ્રી સર્વિસ

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારના ઉચ્ચ
આદર્શ રજૂ કરતું પ્રાણવાન
માસિક





નૈતિક સંસ્કૃતિ અથવા વિશુદ્ધિની પ્રક્રિયા

અયોગ્ય વર્તન વિચારહિન કૃત્ય, અવિવેકી આચરણ દુઃખને જન્મ આપે છે. આવા દુઃખમાંથી મુક્ત થવાનો એક જ ઉપાય છે. સદાચરણ સત્ય અને શુદ્ધિને કડક રીતે અનુસરો, ઉચ્ચાર, વિચાર અને આચરણમાં સત્ય અને શુદ્ધિનું અક્ષરશઃ અનુસરણ કરો. પ્રેમમય બનો. સહિષ્ણુ થાઓ. સૌ પ્રત્યે ઉદારતાની અને ક્ષમાની નજરે જુઓ. ૦૦

વર્ષ : ૧૪ અંક : ૧૦-૧૧ દિપોત્સવી અંક : ૧૯૭૨

ॐ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સં[illegible] [illegible] પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચોદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬), પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ અડચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ –સહતંત્રી.
એમ. એ., બી એડ્.

શ્રી. પ્રિ. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસ. સી

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

* અનુક્રમણિકા

1972 -Jagruti (189)
1972-10 & 11 -Jagruti

તંત્રી સ્થાનેથી....

સંપાદન

ધર્મનું ભાવિ

હિન્દુ ધર્મ જેવો સ્થિતિ સ્થાપક અને ક્ષમા શીલ બીજો કોઇ ધર્મ નથી. પાયાની બાબતોમાં હિંદુ ધર્મ વજ્રથી કઠોર છે. પરંતુ બાહ્ય અને ગૌણ બાબતોમાં બાંધછોડ કરવાની તેની શક્તિ અનંત છે. અનેક સહસ્રાબ્દીઓને તેણે કુશળતા પૂર્વક પાર કરી છે, તેનું આ જ કારણ છે.

હિંદુ ધર્મનો પાયો આધ્યાત્મિક સત્યો ઉપર છે. ઋષિઓએ અને દ્રષ્ટાઓએ પ્રત્યક્ષ કરેલા સનાતન સત્યોની આધાર શીલા ઉપર તેની ઇમારત ચણાઇ છે. હજારો વર્ષ થયા તે ઇમારત એવી ને એવી ઉભી છે.

હિંદુધર્મની કીર્તિ કદી ઝાંખી પડતી નથી, વિશ્વધર્મ બનવા માટેની બધી જ પાત્રતા એનામાં છે. એના સિધ્ધાંતો ઉન્નત છે. એનું દર્શન ભવ્ય છે. એના આચારનાં ધોરણો ઉર્ધ્વગામી છે. એનાં શાસ્ત્રો અદ્‌ભુત છે. એના સાધનાના પ્રકારો, યોગ અને વેદાંતીની પ્રક્રિયાઓ અજોડ છે. એનું ભવિષ્ય એના ભૂતકાળ કરતાંય વધુ ઉજ્જ્વળ છે. વિક્ષેપ, વિસંવાદ અને યુધ્ધથી બાધિત એવા જગતને એક સંદેશો તેણે આપવાનો છે. તે સંદેશો છે. વિશ્વપ્રેમનો, સત્ય અને અહિંસાનો અને ઉપનિષદ્‌ ભાખી આધ્યાત્મિક એકતાનો હિંદુધર્મ એ ખરેખર વિશ્વધર્મ જ છે.

ભારતને અને હિંદુ ધર્મને જેમ જેમ તમે વધારે જાણશો તેમ તેમ તમને એના પ્રત્યે વધુ પ્રેમ અને આદર પ્રગટશે. અને તેમ તેમ તમે ઇશ્વરનો વધુ ને વધુ ઉપકાર માનશો કે એણે તમને ભારતમાં જન્મ આપ્યો. યોગાભ્યાસની રૂચિસાથે જન્મ આપ્યો. વંદન હો ભારતને અને હિંદુધર્મને, અને ધર્મની જ્યોતને સદૈવ જ્વલંત રાખનાર ભારતના ઋષિઓને

ગ્રાહક મિત્રોને.....



આપનું વર્ષ ડીસેમ્બરમાં પૂરું થતું હોઇ આપનાં બાકી નીકળતાં લવાજમો સત્વરે મોકલાવી આપી આભારી થશો. સાથે સાથે આપ સૌને આજીવન સભ્યફીના રૂા. ૧૦૧ ભરી કાયમી સભ્ય પદ મેળવી લેવા વિનંતી.

સમયસર લવાજમો ન મળતાં હોઇ આગામી ૭૩ જાન્યુઆરીથી ફક્ત આજીવન સભ્યોને જ અંક મોકલવાનું વિચારણા હેઠળ છે, તેની દરેક વાર્ષિક ગ્રાહક મિત્રો નોંધ લે અને આજીવન સભ્ય બની મુખપત્રને સહકાર આપે એવી અભિલાષા અંતમાં નૂતન વર્ષ આપ સૌ ગ્રાહક, વાચક અને લેખક મિત્રોને મંગલમય અને સુખદાયી નિવડો એવી શુભેચ્છા.

તંત્રી

"મુનિશ્રી ચંદ્રશેખરજીની હિંદુઓને ચિમકી"

સંપાદક : શામજીભાઈ શીવજીભાઇ પટેલ
વડોદરા.

ભૂજમાં મુનિશ્રી ચંદ્રશેખરજીએ ભારત સરકાર અને ભારતીય હિંદુ પ્રજામાં પોતાના ધર્મ અંગે આવેલી સરીયામ ઉદાસીનતાને સખત ફટકો મારતી ભાષામાં તેમણે બુલંદ અવાજે જણાવ્યું હતુ કે મહંમદ સાહેબનો બાલ ખોવાયો ! અને ભારતની જંગી બહુમતી ધરાવતી હીંદુ પ્રજાના પ્રાણ ભયમાં મુકાઈ જાય તેવી સ્થિતિ મુસ્લીમોએ સર્જી; પ્રધાનોની ખુરસીઓ હલબલી ઉઠી ! એમની નીંદ હરામ થઈ ગઇ.

આ ઐતિહાસિક ઘટના યાદ કરતાં એક વિચાર આવી જાય છે કે જો ગાય મુસ્લીમોને માન્ય પ્રાણી હોત તો તેની કતલેઆમ ન થાત વૈદીકધર્મ પાળતી હિંદુ પ્રજાના ૩૩ કરોડ દેવતાઓ તેના પુંછડામાં રહે છે. તેને બદલે જો મુસ્લીમોના ૩૩ પીર સાહેબો જ તેમાં રહ્યા હોત તો તેને કાયમનું અભય વચન મળી જાય. પછી તો કોઈ કાશ્મીરી બ્રાહ્મણની (પછી નહેરૂ સાહેબ કાં ન હોય) પણ મજાલ નથી કે એના પુંછડી પણ આમળી શકે, તો પછી કતલની તો વાત જ ક્યાં રહી ? અને જો કદાચ કોઈ એની જોડે અડપલું પણ કરે તો ૩૨ કરોડ હિંદુઓને સંડાસમાં ભરાઈ જઇને જીવ બચાવવો પડે એવી પરિસ્થિતિમાં મૂકી દેતાં લઘુમતિ મુસ્લીમકોમને કલાકો પણ ન લાગે. પણ અફસોસ કે ગાય વૈદિક ધર્મના અનુયાયીઓના પનારે પડી છે.

રાજકારણને સ્પર્શતાં મુનિશ્રીએ કહ્યું હતું કે ગમે તેટલા કાયદા આવે પણ જેઓને સમાજવાદના નામે માત્ર પોતાની ખુરશી સલામત રાખવી છે અને ખીસ્સાં તર કરવાં છે. એ લોકોના કાયદાઓ બારીવાળા જ રહેવાના. જે બાકોરામાંથી બિલાડી નીકળી જશે તે બાકોરામાંથી શું ઉંદરડાઓ નહિ નીકળી જાય ? પહેલાં આ લોકોએ ગાંધીજીના નામે ચરી ખાધું, હવે સમાજવાદના નામે ચરી ખાય છે. વિશ્વશાંતિની વાતો જ કરવાની જેમ પ્રે. નીક્ષનને ટેવ પડી છે તેમ હિંદુસ્તાનના ગૈભવી પ્રધાનોને સમાજવાદના વાતો કરવાની ટેવ પડી છે.

('આર્યસંદેશ'માંથી)

અશ્રુનાં દિવલ

હરિલાલ દેવજી પટેલ–'કલ્પ'
પુરુષોત્તમપુરા, પો. વડાગામ.

વાનરેએ કૂદાકૂદ કરીને ફટાકડા જોરથી ફૂટયા.
ચમકીને જોતો રે ભાઈ ચાબુમાને સાફ દિનચૂટયા.
કોઈ કહે એતો દિવાળી આવી હૈયામાં ઉલ્લાસ. આણી
નેપથ્ય હલ્યો રે કાળનો જ્યારે ઝબકી રોશનીની રાણી.
માનવીએ મંદિર સાફ કર્યાં, સજાવી દિપકની માળા.
રાજા તાજાને રાંકડાં સહુએ પૂર્યાં દિવલ નિરાળાં
સાવજ શિયાળને સસલાંની ચમકતી આંખો તે તો.
સજ્જ જગતની નારી આવી ચુંટવાને દિપની જ્યોતિ
મુક્તા મહેલાં કહેન કોડિયાં નજી તાજાંનાં ય તાંબા કેરાં
જ્યારે ઊભા શોચતા સહુ ત્યારે ગ્રહે નહીં દિપ અનેરા.
રજવાનિ નગર ત્યારે આવી દીન શ્રમિકના દ્વારે.
કર લગાવીને કોડિયું લીધું જેમાં દિવલ અશ્રુનાં ધારે

卐 卐

રાજાનાં રંગ કેરાં દિવલ તાજાનાં. પરપ્રસ્વેદનાં
દીનશ્રમિકનાં અશ્રુદિવલ તેજ વહે નિજ ખેદનાં.

卐 卐

નવા વર્ષની શુભ કામના

નાનજી પટેલ : એફ. વાય. બી કોમ. : પટેલ સો મોલ ડાકોર.

સાકાર થાઓ સ્વપ્ન અનેરાં જીવનના
લહેરો કિર્તિ ચૌ-દિશ સદા આજીવન
મુજ ઝંખના દિલે ઐશ્વર્ય પામશોજી
બાગ અમૃત સીંચો મહેક જેને અમાપ
રહો ધ્યેય સિદ્ધ જીવન રસ ન ખૂટે
કરે સર્વેચ્છા પૂર્ણ તે ઇચ્છું શુભ સાલ

એસ. એસ. સી. કૈસે પાસ કરું

પ્રેમજી આર. પટેલ
નિઝામાબાદ(આં. પ્ર.)

યદિ પાસ હુઆ તો, ઈસિ સાલ સાદી મેરી હો શક્તી હય.
યદિ ફેલ હુઆ તો, આઝાદી કો સાલ એક બઢ શક્તી હય.
સ્કૂલ જાઉં તો, સબ અધ્યાપક મસ્તક ચાટે જાતે હય.
યદિ ઘર લૌટું તો, સબ લડકે તફરી યાદ દિલાતે હય

અબ ટીચર કા સન્માન કરૂં, યા લડકોં કો નારાજ કરું.
તુમ્હી બતાઓ અબ મિત્રો, એસ. એસ. સી. કઈસે પાસ કરું.

ટીચર ઈતને ભલે નહિં, જો કોપી કર લેને દે.
ઘરવાલે ઇતને ભલે નહિ, જો મનમાની કર લેને દે.
અબ ટીચર કા વિશ્વાસ કરું, યા શંકર કા ઉપવાસ કરું.
તુમ્હીં બતાઓ મિત્રો, એસ. એસ. સી. કઇસે પાસ કરું

અંગ્રેજી અંગ જલાતી હય, અબ મેરી તબીયત ગભરાતી હય
ઇસકા પીરીયડ આતે હી, મેરી બુધ્ધિ ચકરાતી હય
અબ કઇસે ધીરજ ધર પાઉ, કઈસે ઈસકા ઉપચાર કરું
તુમ્હીં બતાઓ મિત્રો, એસ. એસ સી. કઇસે પાસ કરું

અબ પાસ પરીક્ષા મેં હોના, જીવનકા ઉલઝા સોદા હય
જો આશા જલ પર આધારિત, જીવન વહ નન્હા પૌંધા હય
માનવ જીવન અણમોલ બડા કયા યોંહી ઈસકા નાશ કરું
તુમ્હી બતાઓ મિત્રો, એસ, એસ. એસ. સી. કયસે. પાસ કરું.



"આપણી મહાન પરંપરા"

શામજીભાઈ એસ. પટેલ વડોદરા.

ભારતના લોકોમાં ઉદાત્ત ભાવના અને સર્વોચ્ચ દર્શનની દ્રષ્ટિ રહી છે. એથી કોણ પણ ધર્મ, સંસ્કૃતિ કે વિભુતિને એણે કદી નકારીજ નથી. આદિકાળથી આ પરંપરા ઉતરી આવી છે.

"શિવ અનાર્યના દેવ હતા પણ આપણે તેને બ્રહ્મા વિષ્ણુ સાથે સમાન સ્થાન આપી આદિ ભગવાન તરીકે અપનાવી લીધા. બુધ્ધ ભગવાન વિશે પણ એવુંજ છે. તેઓ પણ વેદ અને ઇશ્વરવાદના વિરોધી હોવા છતાં તેને વિષ્ણુ ભગવાનના અવતારોમાંના એક અવતાર તરીકે સમાવી લીધા.

સંતોમાં પણ એવુંજ થયું છે. 'કબીરને આપણે મુસલમાન તરીકે કદી જોયા જ નથા તે હિંદુ ધર્મ દર્શનના સર્વોચ્ચ શિખર પર બિરાજેલા મહાન સંત તરીકે સર્વત્ર પુજાય છે. ભગવાન ચૈતન્યના માનસ સંતાન સમા 'હરિદાસને' (જેનું મુળ નામ ગફારખાં) આપણે ક્યાં મુસ્લીમ તરીકે ઓળખીએ છીએ? બસો બાવન વૈષ્ણવોમાં શિરમોર ગણાતા સરખાંનને પણ આપણે સાચો ભાગવદ પુરૂષજ ગણીએ છીએ કર્ણાટકના નવાબની પુત્રીને ભગવાન શૈલવરાજ સાથે પરણાવીને આપણે એની હ્લાદિની મહાભાવ શક્તિ તરીકે આજે પણ પૂજનીય ગણીએ છીએ. ભગવાન જગન્નાથે પોતાના લાડકા તરીકે દર્શન આપીને 'કારેખાંને' સાચો ભગત ગણીને પોતાના મંદીરમાં સ્થાન આપ્યું છે. પાવાગઢ ઉપર માતાજીના મંદીરમાં પણ એવું જ દૃશ્ય જોવા મળે છે તદ્ઉપરાંત કેટલાક મુસ્લીમ પીર ફકીરોને વંદનીય ગણી હિંદુઓ આજે પણ તેઓમાં શ્રદ્ધા રાખતાજ હોય છે.

આમ આ પરંપરા હોવા છતાં ક્યાંય પણ હિંદુ સંસ્કૃતિનુ ઉલ્લંઘન અને વિધર્મી સંસ્કૃતિનુ અનુકરણ કરવાનું જોવા મળતું નથી, એજ તેની વિશિષ્ટતા છે. પરંતુ ભારતમાં આ બીકાળ દરમિયાન એકજ એવા મુસ્લીમ પીર થઇ ગયા કે જેના ચમત્કારો તરફ આકર્ષાઇ હિંદુઓએ પોતાનાજ દેવના અવતાર (ભગવાન) તરીકે માની ગુપ્ત રીતે તેનો પંથ ઉભો કરી દીધો જે "પીરાણા પંથ" તરીકે ઓળખાય છે. તેના પર એટલું બધું આકર્ષણ વધ્યુ કે વખત જતાં તેની કેટલીક સંસ્કૃતિ પણ અપનાવી લીધી અને પછી તો તે રૂઢિમાં વણાઇ ગઈ હાલમાં તેને હિંદુ ધર્મની હરોળમાં મુકવા તેનું બીજુ નામ "સતપંથ" પણ પાડયું છે.

દુનિયા ભરના સંપ્રદાયો જયારે સમય સાથે તાલ મીલાવી પરિવર્તન પામતા થઇ ગયા, ત્યારે અણુયુગમાં પણ આજ એવો એક પંથ છે કે જે હજુ અંધકારમાંજ જીવે છે. કેળવણી અને વિકાસને તેમાં કોઇ સ્થાનજ નથી.

★

✻ પવિત્ર સ્થાન મંદિર ✻

પટેલ જીતેન્દ્ર એન.

સજ્જનો પવિત્ર સ્થાન મંદિરોનું રહસ્યનો દોર આપ સમક્ષ ખેંચવાની તક માગું છું આશા છે કે આ રહસ્ય આપને યોગ્ય માર્ગદર્શન આપશે.

માણસને બે રૂપ હોય છે. એક બાહ્ય હોય છે. મોં કાળુ, ધોળુ, લાંબુ, ઠૂંઠું, કદાવર શરીર, પાતળુ શરીર આ બધા બાહ્ય રૂપના ગુણો છે જ્યારે આંતરિક રૂપના દર્શન ગાઢ પરિચિત માણુસ જ જોઈશ કે છે. દા. ત. એક માણુસ ચોર વૃતિ ધરાવતો હોય ખરાબ કાર્યો કરતો હોય તેને આંતરિક ગુણો કહે છે. સામાન્ય રીતે જે નજરે જોઈ શકાય તેને બાહ્ય રૂપ કહે છે અને જે જાણી શકાય તેને આંતરિક ગુણ કહે છે. બાહ્યરૂપ માટેનું પવિત્ર સ્થાન અરીસો છે. જ્યારે આંતરિક રૂપ માટેનું પવિત્ર સ્થાન મંદિર છે તે કઈ રીતે છે. તે આપણે દૃષ્ટાંત દ્વારા સમજીએ.

દા. ત. એક માણુસ પર કાળો મેશનો ડાઘ પડયો માણસ સુંદર હોવાથી તેના રૂપમાં કલંક જેવો ડાઘ તે આરીસામાં જોઇને કાઢી નાખશે તમે જ કહો કે તને પોતાનું કલંક દૂર કરવા અરીસો વાપર્યો તેથી તે અરીસો તો તેને માટે પવિત્ર સ્થાન બની ગયું કે નહિ ? પણ બાહ્ય રૂપ જોઇ શકાય છે તેથી તેનું પ્રતિબિંબ પાડીને કલંક દૂર કરીએ છીએ. પણ આંતરિક ગુણુ કે અવગુણુ રૂપી ડાઘ કયાં જોવા તે મોટો પ્રશ્ન છે. જ્ઞાતિ બંધુઓ પોતાના આંતરિક અવગુણુ રૂપી કલંકને જોવા મંદિરમાં જાય છે. ઘણા બીજે પણ જાય છે.

સજ્જનો પીરાણાને પવિત્ર સ્થાન જરૂર કહી શકાય પણ આપણા જ્ઞાતિ-બંધુઓ માટે તે પવિત્ર સ્થાન નથી પણ મુસ્લીમ ભાઇઓ માટે જરૂર પવિત્ર સ્થાન ગણાય. ખરું જોતાં જે હિન્દુ કુટુંબ માટે આ પવિત્ર સ્થાન ગણતા હોય તેને મારા મત પ્રમાણે હિન્દુ કહેવાય નહિ. જો આપ ધર્મ બદલતા હો તો ધર્મ સાથે જાત પણ બદલી નાખો.

હિંદુઓ માટે તો પવિત્ર સ્થાન મંદિર છે. તે મંદિરને ઠોકરે મારીને જગ્યામાં જવું તે મોટામાં મોટું પાપ છે.

★

ઉપદેશ સાર સંગ્રહ

સંગ્રાહક : રામજીભાઈ વિશ્રામભાઈ પટેલ
પુના–૨

૧ હૃદયકમળના અધિવાસી શ્રી ભગવાનનાં પવિત્ર ચરણોનું શરણ જે જન લેશે, તે સંસારમાં દીર્ઘકાળ સુધી જીવિત રહેશે.

૨ સર્વજ્ઞ પરમેશ્વરનાં શ્રી ચરણોની સેવા-પૂજન આપ જો ન કરી શકો, તો પછી આપની ગમે તેટલી વિદ્યા પણ શા કામની?

૩ અંતઃકરણથી પ્રભુનાં ગુણગાન ગાનાર લોકોને પોતાનાં ભલાંબૂરાં કર્મોનાં ફળ નહિ ભોગવવાં પડે.

૪ જે લોકો પરમ પુરૂષે દર્શાવેલા ધર્મ માર્ગને અનુસરીને ચાલે છે તે લોકો દીર્ઘકાળ સુધી જીવિત બને છે. અને એ અદ્વિતીય આદિ પુરૂષનુ શરણ લેનારા લોકો જ માત્ર દુઃખ અને શોકથી બચી શકે છે.

૫ ધન, વૈભવ તથા ઇંદ્રિય સુખના તોફાની સાગરમાંથી તે લોકો જ માત્ર પાર થઈ શકે છે, કે જેઓ ધર્મસાગર મુનીશ્વરનાં ચરણોમાં હંમેશા લીન રહે છે.

૬ સર્વ મહત્તાઓના સાગર એવા શ્રી પરબ્રહ્મ પરમાત્માના ચરણમાં જે મસ્તક નમતું નથી, તે મસ્તક જીવ વગરનાં મુડદાં જેવું નકામું છે.

૭ જેઓ ઇંદ્રિય સુખો તજી દઈને તપસ્વી જીવન જીવે છે. તેમનો મહિમા ધર્મ, શાસ્ત્ર કે બીજાં બધાં સત્કાર્યો કરતાંય અધિક વર્ણવે છે.

૮ જેઓ પોતાની સુદૃઢ ઇચ્છાશક્તિના પ્રભાવે પોતાની પાંચે ઇન્દ્રિયોનો મહાવત અંકુશ વડે હાથીને વશ રાખે છે તેમ વશ રાખે છે, તેઓ સ્વર્ગના દેવોને પણ પૂજવા યોગ્ય છે.

૯ ધર્મના કરતાં ચઢિયાતું બીજું કોઈ સુકૃત્ય નથી અને તેની નિંદા કરવા જેવું અન્ય કોઈ પણ દુષ્કૃત્ય નથી.

૧૦ ઇર્ષ્યા, લોભ, ક્રોધ અને અપ્રિય અથવા કડવાં વચનો એટલાથી સદાય અલગ રહો: ધર્મ પ્રાપ્તિનો એજ સરળ અને સારો માર્ગ છે.

૧૧ એવો વિચાર કદીયે ન કરશો કે, હું ધીરે ધીરે ધર્મ માર્ગનું અવલંબન કરીશ. પરંતુ એક ક્ષણના પણ વિલંબ વગર અત્યારથી જ સુકૃત્યો કરવા માંડો કારણ કે, ધર્મ જ એક એવી વસ્તુ છે કે, જે મૃત્યુ સમયે તમારો સંગાથી થશે અને અમર મિત્ર બની સાથે રહેશે.

૧૨ જો તમે પોતાનું આખું જીવન સુકૃત્યો કરતા રહો, તો ભાવિ જન્મ મરણના ફેરા જ તમારા માટે બંધ થઇ જશે.

૧૩ જે મનુષ્ય કુકર્મ કરતાં ડરે છે, અને જમવા કે વાપરવા પહેલાં તેમાંથી અન્યને આપે છે, તેનો વંશ કદાપી નષ્ટ થતો નથી.

૧૪ જે ગૃહસ્થ પોતાનું જીવન યથાયોગ્ય આચરણ આચરતાં જીવશે તે મનુષ્યો પણ દેવતા સમાન ગણાશે.

૧૫ બુદ્ધિ તથા બુદ્ધિમાન સંતતિના જેવી મહાન ઈશ્વરી બક્ષિસ અન્ય કોઈ પણ નથી.

૧૬ જેના ઘરની ખ્યાતી સારી નથી તે શત્રુઓની સામે પણ ગર્વથી ઊંચી ગરદન રાખીને સિંહ સમી ચાલે ચાલી શકતો નથી.

૧૭ જે માતાએ સુયોગ્ય પુત્રને જન્મ આપ્યો હોય છે તે માતાનું સ્થાન દેવલોકમાં પણ બહુજ ઊંચું હોય છે.

૧૮ ધન્ય છે તે મનુષ્યને કે જેનાં સંતાન નિષ્કલંક આચરણ વાળાં હોઇ પોતે સાત જન્મો સુધી પાપ–દુઃખ પામે નહિ.

૧૯ સંતતિ એજ મનુષ્યની સાચી સંપત્તિ છે; કારણ કે તે પોતાને પ્રાપ્ત થતાં બધાં પુણ્યો તેને જ અર્પણ કરે છે.

૨૦ પુત્ર પ્રત્યે પિતાનું કર્તવ્ય એજ છે કે તે તેને સમાજમાં પ્રથમ પંક્તિને યોગ્ય બનાવે.

૨૧ આત્મ જ્ઞાન હોંશિયારી અને બુદ્ધિની બાબતમાં બાળકને પોતાનાથી આગળ જતાં જોઇને દરેક મનુષ્યને આનંદ થાય છે.

૨૨ માતાની કુખે જયારે પુત્ર સંતતિનો જન્મ થાય છે ત્યારે માતા તથા પિતાના આનંદનો પાર રહેતો નથી. પરંતુ એના કરતાં પણ પારાવાર આનંદ તો તે માતા પિતાને ત્યારેજ થાય છે કે જયારે લોકોને મોઢે તે પુત્રની કીર્તિ સંભળાય છે.

૨૩ પિતા પ્રત્યે પુત્રની ફરજ એજ કે તેને જોઇને સારો સંસાર પિતાને પુછવા લાગે કે 'કયા પુણ્યના ભાવથી અને કઠ તપસ્યાના ફળથી તેમને આવા સુપુત્રની પ્રાપ્તિ થઈ છે ?'

૨૪ જેઓ પ્રેમ નથી કરી જાણતા તેઓ માત્ર પોતાને માટેજ જીવે છે. અને જેઓ પ્રેમ કરી જાણે છે તેઓ પોતાનાં હાડકાં પણ બીજાને અર્પણ કરી દે છે.

૨૫ પ્રેમજ જીવનનો પ્રાણ છે જે મનુષ્યમાં પ્રેમ નથી તે તો માત્ર ચામડીથી વીંટાયેલું હાડમાંસનુ પિંજરું છે.

૨૬ ઘેર આવતા અતિથિનો આદર સત્કાર કરવાનું જે ગૃહસ્થાશ્રમી ચુકતો નથી. તેના ઉપર કોઇ પણ જાતની આપત્તિ આવતી નથી.

૨૭ જે મનુષ્ય અતિથિનું પ્રસન્ન મુખે સ્વાગત કરે છે તેના ઘરમાં શ્રી લક્ષ્મી દેવીને પણ રહેવામાં ઘણો આનંદ આવે છે.

૨૮ પોતાનાં સગાં સંબંધી અને જ્ઞાતિજનો કરતાં પણ વગર ઓળખાણથી આવેલાં ગરીબો ગણત્રી અતિથિમાં મોખરે છે.

૨૯ જે મનુષ્ય વિદાય થનારા અતિથિનો યોગ્ય સેવા સત્કાર કરી ચુકયો છે અને આવનાર અતિથિની રાહ જોતો રહે છે તે મનુષ્ય દેવતાઓનો પ્રિય અતિથિ બને છે.

૩૦ સાચું સોનું અગર સાચા હીરાની તપાસ કરાવવા માટે સોનીની દુકાને જવું પડે છે પરંતુ સાચા જ્ઞાની માણસની તપાસ કરવા માટે પોતાને આત્મજ્ઞાની બનવું પડે છે. જયાં સુધી પોતે આત્મજ્ઞાની નથી થઇ શકતો ત્યાં સુધી સાચેના માણસને બરોબર ઓળખી નથી શકતો. ★

પુરાણ કાળ

બૌદ્ધ અને જૈન મતની સામે બ્રાહ્મણોએ શીવધર્મ અને યોગી મતનો પ્રચાર કરવા માંડયો. પરંતુ આ જ્ઞાન-ગમ્ય કઠણ વિષયો તરફ લોકોની રૂચિ થઇ નહીં. તેથી લોકોની રૂચિને અનુકુળ થાય એવા સરળ ધર્મની જરૂર જણાવાથી બ્રાહ્મણોએ પુરાણો રચવા માંડયાં. સંજોગોવસાત્ દેશકાળને લક્ષમાં લઇને દરેક પુરાણ જુદા જુદા સમયે રચાયેલાં છે. કુલ્લે ૧૮ પુરાણો છે બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, વરાહપુરાણ, સ્કંદપુરાણ વાયુપુરાણ, ભાગવતપુરાણ, માર્કંડપુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્ય–પુરાણ, લિંગપુરાણ, વામનપુરાણ, કર્મ-પુરાણ, મત્સ્યપુરાણ, ગરૂડપુરાણ, નારદ-પુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ અને બ્રહ્માંડપુરાણ

બ્રાહ્મણ વર્ગના જે વિદ્વાનો સંસ્કૃતમાં પ્રવિણ હતા તેમણે વ્યાસના નામથી કુળ વેદ માર્ગના રહસ્યોને અવલંબી લોકોના મનનું આકર્ષણ કરવા માટે અલંકાર અને ચમત્કારથી ભરપુર મનોરંજન પુરાણો બનાવ્યાં.

ઉત્પન્ન કરવું, પોષણ કરવું અને નાશ કરવો એ પરબ્રહ્મની ત્રણ શક્તિઓને અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને શીવનું નામ આપી તેમને જ પરમેશ્વર ગણવામાં આવ્યા. અને નિરાકાર પરમાત્માને સાકાર ઠરાવી કાલ્પનિક મૂર્તિઓ બનાવવામાં આવી અને વિષ્ણુ ભગવાનના દશ અવતાર માની તેને મૂર્તિ રૂપે પૂજવામાં આવ્યા. અને બૌદ્ધ ધર્મ ઉપર લોકોની મોટી આસ્થા જોઇને બૌદ્ધને પણ વિષ્ણુના દસ અવતારમાંનો એક અવતાર માની પુરાણોમાં દાખલ કરવામાં આવ્યું.

લોકો પુરાણોમાંના કાવ્ય ચમત્કૃતિ-

 યથાયોગ્ય રહસ્ય નહિ સમજતાં તેના સ્થુલ શબ્દોમાં અંધશ્રદ્ધાથી વળગી રહેતાં તેના સત્ય સ્વરૂપથી વિમુખ થઇ ગયા. અને તેથી ઘણાં અનિષ્ટ પરિણામ આવ્યાં છે. અને અનેક મતમતાંતરો ઉપસ્થિત થયા છે.

તત્વની રીતે પ્રાચીન સમયમાં સારી રાજ્ય વ્યવસ્થા કરનાર, ધર્મનું સારૂં જ્ઞાન કેળવનાર અને જન સમાજની સેવા અને ઉન્નતિ કરનાર સદ્‌ગુણ સંપન્ન અને આદર્શ એવા મહાન પુરૂષોને ઇશ્વિરાવતાર ગણવામાં આવ્યા છે. અને તેઓની યાદ રાખવા માટે તેઓની મૂર્તિઓ બનાવી જાહેર સ્થળોએ રાખવામાં આવતી, કે જેથી ભવિષ્યમાં એવા ધર્મનું રક્ષણ કરનાર ઉચ્ચ આદર્શવાદી મહાન પુરૂષોની મૂર્તિઓ જોતાં તેમનાં કર્મો અને સદ્‌ગુણોનું ભાન થવાથી જનસમુહના બુદ્ધિવાન મનુષ્યોને પણ પોતાના કર્તવ્યનું ભાન થાય.

નૂતન વર્ષાભિનંદન

ભગવાનદાસ એલ. પટેલ
હરિપુરાકંપા (બાવસર)

ગુજરાતી	—નૂતન વર્ષાભિનંદન
હિન્દી	—સાલ મુબારક
અંગ્રેજી	—એ હેપી ન્યુ ઇયર
સંસ્કૃત	—મંગલ દાટત નવ સત્સરમ
મરાઠી	—સુખદાયક નવે વર્ષ
બંગાળી	—સુખી નુતન બાસરમ
કચ્છી	—ખરસોડી
તેલુગુ	—બાના પાડાદા દીનંમું
સિંધી	—ન્યુ સાલજ મુબાળક
તામીલી	—નલ્લાત હોડીત દાનમ
ફારસી	—સાલ મુબાળક
કાન્ડી	—શુભ હો સાવ રૂપ વાગલી
ઉર્દુ	—સાલ મુબારીક
પોર્ટુગીઝ	—આ ફેલીઝ નોવાં આનો
ઇટાલીયની	—ફેલીસી ન્યુ વ્હાલાઓના
જર્મન	—ગ્લુ કલીય ન્યુ મહાર
એયન	—બુ આટસ આતુષ નાપુસા

સંતતિ નિયમન

ગતાંકથી ચાલુ

ડા. હંસરાજભાઇ એસ. પટેલ

(ક) મૌખિક ગર્ભનિરોધ ગોળી સ્ત્રી માટે

આ પ્રકારની ગોળી ૧૯૫૬માં શોધાઇ આ ગોળીથી ૧૦૦% ગેરંટી મળે છે પણ જો તે રેગ્યુલર લેવામાં આવે તો આ પ્રકારની ગોળીઓ મોટે ભાગે ઇસ્ટ્રોજેન અને પ્રોજીસ્ટ્રોનના મિશ્રણવાળી હોય છે. આ ગોળી સ્ત્રીએ દરરોજ મોઢેથી ગળી જવાની હોય છે. માસીકના પાંચમા દિવસથી (માસીક આવે તે દિવસને પ્રથમ દિવસ ગણીને) ૨૦ દિવસ સુધી લેવાની હોય છે. ત્યારબાદ અઠવાડીયું ખાલી જવા દેવાનું ટૂંકમાં ત્રણ અઠવાડીયાં લેવાની હોય છે. લેવાની રીત તે ગોળીની અંદર રહેલા તત્વ (કે જે કંપનીઓનું જુદુ જુદુ હોય છે) અને તેના પ્રકાર પ્રમાણે એ છે જે ડાકટરને પૂછી જોવું.

આ ગોળીઓથી સ્ત્રી બીજ તૈયાર થતું નથી આમ ગર્ભધારણ થતો નથી કારણ કે ગર્ભધારણ માટે સ્ત્રીબીજ અને શુક્રાણુંનું અંડવાહક નળીમાં મળવું જરૂરી છે આ ગોળીઓની ઋતુસ્રાવ (માસીક) ઉપર કોઇ અસર પડતી નથી. તે નિયમીત આવેજ છે.

આ જાતની ગોળીઓ લેવાથી શરૂઆતમાં ઉબકા માથું દુખવું પેટમાં દુઃખાવો, ચકકર આવવા વગેરે થાય પણ તે ૧૫ થી ૨૦ દિવસમાં મટી જાય છે. પછી આવી કોઈ ખરાબ અસર જણાતી નથી. કેટલાકને સ્તનમાં જરા તકલીફ જેવું લાગે છે. તદુપરાંત ચહેરા ઉપર ખીલ થવા, ઓછું પડતું માસીક આવવું વચ્ચે કોઇકવાર માસીક (લોહી) આવવું કોઇકનેજ થાય છે. આપણ ગોળીઓ ચાલુ રાખવાથીજ મટ જાય છે

આ ગોળીની કલેજા (Liver) ઉપર વીપરીત અસર થાય છે. તેથી જેમને તેને લગતો રોગ હોય (Liverdisease) હોય તેમણે આ ગોળીઓ ન લેવી હિતાવહ છે, લોહીના અમુક પ્રકારના રોગોવાળાએ પણ ન લેવી હિતાવહ છે.

આ ગોળીઓ શરૂઆત કરતાં પહેલાં સ્ત્રીની સામાન્ય તપાસ જરૂરી છે. આ પ્રકારની ગોળીઓ અમુક કેન્દ્રમાંથી મફત મળે છે.

ત્રણ ત્રણ મહિને એકવાર લેવાં પડે તેવાં ઇંજેકશન તેમજ વર્ષમાં ફકત એકજવાર લેવી પડે તેવી દવાના અખતરા ચાલુજ છે. અમુક કેસમાં

સફળતા મળી પણ છે. આશા રાખીએ કે તેમાં ૧૦૦% સફળતા મળે.

કાયમી સંતતિનિયમનની રીત :-

પુરુષો માટે :-

વાસેકટોમી નામનું ઓપરેશન એ પુરુષો માટેનું ઓપરેશન છે. આ પ્રકારના ઓપરેશનમાં શુક્રવાહિની નામની નળીને કાપી બાંધી દેવામાં આવે છે. આ ખુબજ સાદુ ઓપરેશન છે. તે માન્ય સંસ્થાઓ તેમજ કેન્દ્રમાં મફત કરી આપવામાં આવે છે. ૫ થી ૧૦ મીનીટમાં ઓપરેશન થઇ શકે છે. વૃષણના ઉપરના ભાગમાં નાનો કાપ મૂકવામાં આવે છે. ઓપરેશન પછી ૫ થી ૬ દિવસ સાયકલ ન ચલાવવી, ભારે કામ ન કરવું ઇચ્છનીય છે. લંગોટ બાંધવી અને ઓપરેશનની જગ્યાએ પાણી ન અડે તે જોવું. છઠ્ઠા દિવસે ટાંકા કઢાવવામાં આવે છે.

ઓપરેશન પછી પ્રથમ છ અઠવાડીયાં નિરોધ વાપરવો હિતાવહ છે કારણ કે કોઇ શુક્રાણું શુક્રવાહકનળીમાં રહી ગયેલ હોય તો કદાચ ગર્ભધારણ થઇ જાય. કારણ કે છ અઠવાયા બાદ વીર્યની (Semen) તપાસ કરાવવી જરૂરી છે. કારણ કે જો આવી તપાસ ન કરાવી હોય, અને કમનસીબે ઓપરેશન બાદ વીર્યમાં શુક્રાણું હોય અને તેને લીધે ગર્ભધારણ થયો હોય તો પત્ની ઉપર શંકા આવે અને નિર્દોષ પત્નીને સહન કરવું પડે.

આ ઓપરેશનથી પુરૂષને કોઇપણ જાતનો વાંધો આવતો નથી તેમજ બીજી પણ કોઇ તકલીફ થતી નથી.

આ ઓપરેશન પછી પણ જો બાળકની ઇચ્છા થાય તો નળી જોડવામાં આવે છે પણ આ કઠીન અને ઓછી ખાત્રીવાળું છે.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટેના ઓપરેશનને ટયુબેકટોમી (Tubectomy) કહેવામાં આવે છે. આ ઓપરેશન પણ મફત કરી આપવામાં આવે છે વળી ઓપરેશન કરાવનારને ૧૫ રૂા. પણ આપવામાં આવે છે. આ ઓપરેશન માસિક પછીના પાંચમા છઠ્ઠા કે સુવાવડ પછી ત્રીજા દિવસે કરાવી શકાય.

પેટના નીચેના ભાગમાં ૧ થી ૧॥ ઇંચ જેટલો ચીરો મૂકી, પેટમાંની અંડવાહક નળી કાપી બાંધી દેવામાં આવે છે.

આ ઓપરેશન માટે ૬ થી ૭ દિવસ હોસ્પીટલમાં રહેવું પડે છે. ઓપરેશન પછી ૧ થી ૨ મહિના ભારે કામ ન કરવું.

જ્યારે બાળકની ઇચ્છા થાય ત્યારે ફરીથી નળી જોડી શકાય છે. પણ આ કઠીન તેમજ ૧૦૦% ખાત્રીવાળું ઓપરેશન નથી.

હવે કુટુંબ નિયોજનના પ્લાન વિષે થોડી માહિતિ :

સામાન્ય રીતે ૨૦ થી ૨૨ વર્ષે લગ્ન થાય તે ઇચ્છનીય ગણીએ તો લગ્ન પછી એક બે વર્ષે એક બાળક થવું જોઇએ. (જો સંતતિ નિયમનનાં સાધનો ન વાપરતા હોય તો અને પતિ-પત્ની જોડે જ રહેતા હોય તો એક વર્ષ પછી જ બાળક ન થવા વિષે તપાસ કરાવવી જરૂરી છે.) ત્યારબાદ બેથી ત્રણ વર્ષનો ગાળો જવા દઈ બીજું બાળક થવા દેવું ત્યારબાદ પાંચ વર્ષે ત્રીજું બાળક – આમ પહેલા બાળકને બે વર્ષ પછી આવતા બાળકની કંપની મળી રહે છે. આપણી સરકાર ફક્ત બે જ બાળકો માટે સૂચન કરે છે.

આમ બે ત્રણ બાળક થાય ત્યારબાદ ઓપરેશન કરાવવું જરૂરી છે. સ્ત્રીકે પુરૂષ બંનેમાંથી કોઈનું પણ ઓપરેશન કરાવી શકાય ઓપરેશન કરાવતી વખતે એક બાળકની ઉંમર ૫ વર્ષ તો ઓછામાં ઓછી હોવી જોઇએ. તેમજ બધાં બાળકોને શીતળા, ધનુર, ડીપ્થેરીઆ ઊટાંટીયું ત્રીગુણી રસી, ટીબીની રસી (B. C. G.) બાળલકવાની રસી, મૂકાવેલ હોય તે તેટલુંજ અગત્યનું છે.

બે બાળક માટેનો ચોક્કસ ગાળો રાખવા માટે ખાસ કરીને હાલ નીચેના સાધનો વપરાય છે.

૧ સ્ત્રીઓનેમુકવાની ગોળી–ગાયનોમીન, કોન્ટેલ.
૨ નિરોધ (Condom)–ડ્યુરાપેક, સીલ્વરટેક્સ, નિરોધ.
૩ જેલી...
૪ ડાયાફ્રામ તેમજ ડાયાફ્રામ અને જેલી
૫ મૌખિક ગર્ભનિરોધ ગોળી–આ પૈસા ખર્ચી શકે તેવા માટે ખાસ અનુકૂળ છે. લગભગ મહિને ૭ રૂપિયા જેવું ખર્ચ થાય.
૬ લુપ

(આ લેખમાં મેં શકય એટલા પ્રયત્નો દરેક પ્રશ્નનાં જુદાં જુદાં પાસાં વિષે છણાવટ કરવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે કે આ લેખ વાંચક મિત્રોને કંઈક ઉપયોગી થશે. તેમને માર્ગદર્શન મળશે છતાંપણ કંઈક રહી ગયું હોય તો સૂચન કરવા વિનંતિ.) ★

હરરોજ દિવાળી થાતી'તી

—ભાસ્કરરાય જી. પટેલ
કલકત્તા–૪

આપસના ઝઘડાએ દેખો ભારતને બરબાદ કીધો.
જેનો હતો "મુહતાજ" જમાનો, આજ એને "મુહતાક' કીધો ।। ટેક ।।

કદી મારા આ ભારતમાં ઘી, દૂધની નદીઓ વહેતી'તી,
માટીનુ સોનું બનતું,તું. અણમોલ અહીંની રેતી હતી
થતા રોજ નવા તહેવાર, અહિં હરરોજ દિવાળી થાતી' તી.
આજ, એજ "ગુલ્શન" ને દેખો, કુસંપે તારાજ કીધો:

જેનો હતો "મુહતાજ" ।। ૧ ।।

ભારતના ભડવીર યાદો, જાગો એને પુલકિત કરો
ભારતમાતા રૂદન કરે છે, ફરી વીરો આવાજ કરો.
"નયા ખૂન" હે નવ જવાનો, કાયરો દિલે સાદ કરો
ઉજ્જડ થયેલા વતનને વીરો ફરીથી આબાદ કરો
ધન્ય ધન્ય છે એ માતાને જેણે તમને જન્મ દીધો.

જેનો હતો "મુહતાજ..." ।। ૨ ।।

"નવી તરજ" ને સુણતાં, સુણતાં. ભૂલી ગયા રે આપણી ચાલ
મુર્ખો ને સંગ રહેતાં રહેતાં રહેતાં, ભુલી ગયા રે આપણી ચાલ
ઐસા મૌજ ફેશનમાં રહીને, આજ થયું ભારત કંગાલ.
રોટી રોટી કરે પુકારો ભારતમાના લાખો લાલ,
બુલંદ હતો આવાજ અહિનો, કોને બેસુર આજ કીધો.

જેનો હતો "મુહતાજ"..।। ૩ ।।

હતા. અહિપર બાગ જો એવા હરિયાળી લહેરાતી' તી.
"ઝુમ ઝુમ" કર સુંદર કળીઓ ગાન સોનેરી ગાતી'તી.
થતા રોજ નવા તહેવાર, અહિ હરરોજ દિવાળી થાતી' તી
સુરમાં હતો સર્વ સાજ અહિનો, કોણે બેસુર આજ કીધો

જેનો હતો "મુહતાજ"....।। ૪ ।।

સમાજ સાગરને તીરેથી.........

હરીલાલ દેવસી (કશ્યપ)
પુરૂષોતમપુરા પો વડગામ

ભોળી રે પ્રકૃતિને ભોળાં ઓ માનવી!
વેવારમાં ચેતજે, આ દુનિયા છે દાનવી.
કોઈ ટીલાં ટપકાં કરે, કો' પૂજા ને પાઠ.
કો'ક ઉતારે આરતી, બધા પેટના કાઠ
કો'ક કથા કીર્તન કરે, ચાંધે બીજાને વાટ.
પંડ કદી પાળે નહિ, બધા પેટના કાઠ.
કો તીરથ ધામે બેઠા, ગંગા-જમના ઘાટ.
ઠાલા બોધ દે લોકને. બધા પેટના કાઠ.

ધર્મ, અર્થ અને કામ એ માનવીના જીવનની ત્રણ મુખ્ય મનોવૃત્તિઓ છે આ ત્રણેય મનોવૃત્તિઓ જો તે સમતાપૂર્વક જીરવી શકે તો જ તે મોક્ષને પામી શકે છે ઘણી બધી સંપત્તિનો વૈભવ ભરેલો હોય પણ તેથી માનવીને સુખ મળતું નથી. ઘણું સુખ માનવીને ઉલટું વ્યાકુળ બનાવે છે. સ્વીડન અને સ્વીટ્ઝરલેન્ડ દુનિયામાં સૌથી સુખી અને સમૃદ્ધ છે છતાં ખૂન અને આપઘાતોનું પ્રમાણ પણ સૌથી વધારે તે બંને દેશમાં જ છે. મતલબ કે એકલી ભૌતિક સમૃદ્ધિથી જ માનવ જીવન ઊંચું ગણી શકાય તે માન્યતા તદ્દન ખોટી છે. માનવજીવનમાં ભૌતિક સમૃદ્ધિ ઉપરાંત અધ્યાત્મિક સમૃદ્ધિ હોય તો જ શાંતિરૂપે સુખ મળે છે. આધ્યાત્મિક સમૃદ્ધિ માટે ધર્મનું શરણ લેવું પડે છે. ધર્મ, અથનો અને કામનો દાસ નથી પણ બાપ છે. પણ તે જ્યારે અર્થ અને કામ ઉપર પોતાનો અમલ ભોગવી બંનેને પોતાના કાર્યમાં પ્રેરે ત્યારે અર્થથી જીવનનો મોક્ષ થતો નથી. પરંતુ ધર્મથી મોક્ષ પમાય છે. **न ज्ञानात रुत मोक्ष इति श्रुति प्रमाणम् ।** વેદ પણ કહે છે. જ્ઞાન વગર મોક્ષ નથી પરંતુ ધર્મ અને જ્ઞાનને જાગ્રત કરનાર તથા બંનેનું સંકલન કરનાર બે પરિબળો છે એક ગુરૂ અને બીજુ જગત વ્યવહાર

પરંતુ ખાલી ગુરૂ કરવાથી જ્ઞાન આવી જતુ નથી સાચું આધ્યાત્મિક જ્ઞાન મેળવવા માટે તો પહેલાં ગુરૂને ઓળખો. ગુરૂપદ એટલે શું? ગુરૂની યોગ્યતા જુઓ પછી પોતાનો વ્યવહાર સંભાળો. જગતવ્યવહાર એ ધર્મની શિક્ષાશાળા છે. ઘણીવાર

પ્રભુની જેવી ઓળખ થાય છે તેવી સમાધિમાં પણ થતી નથી.

સામાન્ય રીતે મારી માન્યતા મુજબ માનવજીવનના આદિથી જોઇએ તો ગુરૂના ચાર પ્રકાર ગણાવી શકાય

૧. સંસ્કાર ગુરૂ (૨) શિક્ષા ગુરૂ ૩. કર્મગુરૂ ૪ ધર્મગુરૂ અથવા ઉપદેશ ગુરૂ

સંસ્કાર ગુરૂ : બાળક જયારે જન્મે ત્યારે તેની સંભાળ તેનાં માતાપિતા ખૂબ કાળજીપુર્વક લે છે. તે જયાં સુધી મુકતપણે પોતાની શારીરિક ક્રિયાઓ ન કરે ત્યાં સુધી તેઓ તેને ઉછેરે છે. પછી તેને આધવાચા એટલે કે માતૃભાષાનુ જ્ઞાન આપે છે. જયારે બાળકમાં ઘરના ઉંબરાથી અંદરની સમજણ શકિત ઉદ્‌ભવે છે. ત્યારે તેના પર ઘર નાસંસ્કારોની છાપ ઊભી થાય છે. મતલબ કે જે રીતે માતાપિતાનું ઘરમાં વર્તન થતું હોય તેની અસર બાળક પર પડે છે. અને બાળક જયારે તેની ઉંમરનાંબાળકો સાથે રમે છે ખેલે છે ત્યારે તેનું રમતના રૂપમાં પ્રતિબિંબ પડે છે. એટલે આ રીતે જોઇએ તો આપણાં માતા પિતાને સંસ્કાર સિંચન કરનાર ગુરૂ તરીકે ગણાવી શકાય.

બીજા પ્રકારમાં શિક્ષા ગુરૂનું સ્થાન જોઈએ તો બાળક બાલ્યાવસ્થા વટાવીને શિશુવસ્થામાં આવે છે ત્યારે તે શિક્ષણને લાયક બને છે. માતાપિતા પાયાના સંસ્કારનુ જ્ઞાન આપીને ઘરના ઉંબરથી ઝાંપા સુધી પહોંચાડે છે, પછી આંગણાના ઝાંપાથી ગામની શેરીઓ તથા ગામના ઝાંપા સુધી શિક્ષા ગુરૂ પહોંચાડે છે. શાળાઓ, બાલમંદીરો, છાત્રાલયો વગેરે વિદ્યાક્ષેત્રોમાં રહીને શિશુ જુદા જુદા વિષયોનું જ્ઞાન મેળવે છે. દરેકને બધા વિષયો સારી રીતે આવડતા નથી. તેમ દરેક બધા વિષયોમાં નિપુણ પણ બની શકતા નથી. પરંતુ પોતપોતાની માનસિક સમૃદ્ધિ તથા માનસિક રૂચિ પ્રમાણે અમુક વિષયોમાં નિષ્ણાત બને છે. આમ શિક્ષણના જે વિષયમાં વિદ્યાર્થી નિષ્ણાત બને તે વિષયનું જ્ઞાન આપનાર અધ્યાપક, શિક્ષક કે આચાર્યને આપણે શિક્ષાગુરૂ કહીશું અને પોતાના શિષ્યને પોતાનાથી પણ વિશેષ સમર્થક બનાવે તે જ સાચો ગુરૂ ગણાય.

ત્રીજા પ્રકારમાં કર્મગુરૂનું સ્થાને જોઇએ તો વિદ્યાર્થી અથવા થોડુ ભણેલ યુવકો તથા નિરક્ષર માણસો વગેરે પુખ્ત વયના થતાં જીવનના પવિત્ર સોપાન વટાવીને સંસારી ક્ષેત્રમાં પ્રવેશ કરે છે સંસારમાં પડયા પછી દરેકને કુટુબનું ભરણ પોષણ કરવાની જવાબદારી આવતાં અર્થ પ્રાપ્તિ માટે કંઇક પ્રવૃત્તિ કરવી પડે છે. આવી પ્રવૃત્તિઓ દરેકને શરૂઆતથી જ આવડતી હોતી નથી પરંતુ સૌ પ્રથમ તેનું જ્ઞાન જે તે પ્રવૃત્તિના જાણકાર પાસેથી જાણવું પડે છે. શીખવું પડે છે. મેળવવું પડે છે. ધારો કે કોઈ અપંગ યુવાન સ્ટોર ચલાવવાનું વિચારે તો તે અંગે તેને જાણકારી મેળવવી પડે છે. આવું ધંધાકીય જ્ઞાન જે આપે તે કર્મગુરૂ કહેવાય છે.

ચોથા પ્રકારમાં ધર્મગુરૂ ઉપદેશગુરૂ માનવીના જીવનમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. ઉપદેશગુરૂ માનવીના જીવનમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. ઉપદેશગુરૂ એટલે માનવીને આધ્યાત્મિક જ્ઞાનને રસ્તે લાવનાર દિવાદાંડી છે. પરંતુ તેમા પણ સાચા ગુરૂ મળે તો સારું નહિતર ભગવાં કપડાં પહેરી ટીલાં ટપકાં કરી ઢોંગ કરનાર લોકોની સેવાનો લાભ ઉઠાવનાર દંભી ગુરૂ કદાપિ સાચું જ્ઞાન સમજાવી શકે નહિ આપણી આર્યસંસ્કૃતિમાં શરૂઆતથીજ ગુરૂપદ અમર છે. દરેક ધર્મમાં દરેક જાતીમાં જુદા જુદા ગુરૂઓ હતા અને વર્ણાશ્રમો પ્રમાણે દરેક ગુરૂઓ શિષ્યોને તેમના મર્યાદાઓનું જ્ઞાન આપતા અને ફરજોના પાલન દ્વારા સૌને પ્રગતિના પંથે દોરતા હતા. રાજાઓના પણ રાજગુરૂઓ હતા અને તે વંશ પરંપરા અખંડ રહેતા તથા પૂર્વજોની રાહે નવાભિષેક રાજાને તેની ફરજોનું જ્ઞાન આપતા અને પાલન કરાવતા.

આતો સકલ માનવ સમાજની વાત થઇ પણ મુદ્દાની વાત પર ધ્યાન આપતાં આપણા સમાજની વાત કરીએ તો આપણી જ્ઞાતિનું લોકમાનસ શરૂઆતથી નિર્દોષ અને ભોળું છે તેથી ઘણીવાર આપણને જીવનનાં દરેક ક્ષેત્રોમાં દુઃખોનો સામનો કરવો પડે છે આપણા ભોળપણના ગુણથીજ આપણે આજે નિડર બન્યા છીએ એ હકીકત સાચી પણ છેક ધરો ખાનાર ગધેડાં પુરશે પણ ધરો કદી સુકાશે નહિ. એવી માન્યતા કાયમ રાખવી એ પણ એક અજ્ઞાનતાનો પ્રકાર છે. આપણા ધાર્મિક જીવનમાં આપણા ભોળપણને લીધે આપણે એક મહાન સંકટમાં ફસાઈ ગયા હતા. એ તો સૌ જાણો છો તેનું કારણ આપણા સમાજમાં શિક્ષણની ખામી હતી. આજે હવે આપણામાં શિક્ષણનું ધોરણ ઊંચું જશે તથા સાથે સાથે આધ્યાત્મિક જ્ઞાન સમૃધ્ધિ વધશે તોજ સમાજમાંથી ધાર્મિક આડંબરના કુરિવાજો વગેરે નાશ પામશે અને ત્યારેજ સાચું ધર્મજ્ઞાન સાંપડશે સાચા ગુરુના ઓળખ કરતાં પણ ત્યારેજ આવડશે હજુ આપણા સમાજમાં સ્ત્રી કેળવણીનુ પ્રમાણ ઘણું ઓછું હોવાથી તેમના ભોળા સ્વભાવનો લાભ આજે પણ કેટલાંક ભ્રામક આડંબરી તત્વો ઉઠાવે છે. ઘણા દંભીઓ સ્ત્રીઓને ખોટા વહેમોમાં નાખીને કમાઈ ખાય છે. તેમના કહેવા મુજબ સ્ત્રીઓ તેમને આપીને કેટલી ધન્યતા અનુભવે છે તે તો નજરે નિહાળ્યેજ જણાય.

આજે આપણા સમાજમાં ઘણા પોતે પૂરતુ બ્રહ્મજ્ઞાન જાણતા ન હોવા છતાં તાંત્રિક ક્રિયાઓ કરીને, સ્ત્રીઓ દ્વારા પ્રિયતા મેળવીને સમાજમાં પોતાનો પ્રચાર જમાવે છે! એમ કરતાં ધીમે ધીમે આવો સંબંધ છેક ગુરૂબોધ લેવા સુધી પહોંચે છે. અને આગળ પાછળનું કંઈ જ્ઞાન પારખ્યા વગર તેને પોતાના

ગુરૂ બનાવી કંઠી પહેરીને કૃતાર્થતા અનુભવે છે. સ્ત્રીઓને મન તો જે તાવનો, નજરનો તથા શારીરિક દુઃખાવાનો દોરા-ધાગા કરી આપે તો જ સાચો ગુરૂ ગણાય છે.

મારા વહાલા વાંચકો જે સ્ત્રીની પાસેથી આપણે સમાજના ઘડવૈયાઓની અપેક્ષા રાખીએ છીએ તે જ આજે અજ્ઞાનના અંધારામાં ડૂબેલી પડી હોય તે કેટલું વિચિત્ર કહેવાય. માટે આપણે સુશિક્ષિત વર્ગે પણ બહુ કાળજીપૂર્વક આવી આડંબરી હકીકતો પર ધ્યાન આપીને આવી બાબતોનો પુરો અભ્યાસ કરીને વ્યક્તિની પુરેપુરી કસોટી કરવી જોઇએ. આપણે તો સાચા બ્રહ્મતેજને આંખોથી નિરખવું જોઇએ જે પોતાને મુખે જ પોતાની સિદ્ધિને ગાઈ વગાડે છે તેને કદાપિ સત્ય માનવું નહિ. ગુરૂ થનાર પોતે કેટલો સંયમી, તટસ્થ તથા ત્યાગી છે તે જોવું જોઇએ. તમારે માતાપિતાને પગે લાગવું જોઇએ મોટેરાંને માન આપવું જોઇએ વગેરે શિખામણોને ગુરૂબોધ ન કહેવાય પરંતુ જે આધ્યાત્મિક જ્ઞાન વડે શાંતિનો માર્ગ બતાવે તે જ સાચા અર્થમાં ગુરૂ પદને યોગ્ય છે. ગુરૂબોધ એ કંઈ ગાઇ વગાડવાની વસ્તુ નથી પરંતુ તેનું તો મનન કરવું જોઇએ અને વ્યવહારમાં આચરણ કરવું જોઇએ.

મારો કહેવાનો આશય એ છે કે જો સમાજમાં આવા અજ્ઞાની તાંત્રિક ગુરૂઓને માન્યતા મળતી રહેશે તો આપણા સમાજનું પવિત્ર ધાર્મિક ધોરણ પવિત્ર ધર્મ વિધિઓ વગેરેનુ ખંડન થઈ જશે તેની જગ્યાએ તાંત્રિક ક્રિયાઓ બલિ તથા વહેમની અંધશ્રદ્ધાનુ પ્રમાણ વધી જશે. પરિણામે બીજા જ્ઞાતિસમાજની નજરે આપણે હીણધર્મી દેખાઈશું માટે આવા મફતિયા ગુરૂબોધ લેતાં પહેલાં ખુબ વિચાર કરજો.

અંતમાં આપણે એક કરે તેમ બીજાએ કરવું તેવું ન માનતાં કાનથી સાંભળીને ન દોરવાતાં પોતાની આંખોથી જોઈ પારખીને ચાલવું જોઇએ મતલબ કે જે વ્યક્તિમાં જેટલી યોગ્યતા હોય તેટલી જ પ્રાધાન્યતા તેને આપવી ઘટે.

અધિકાર વગરની ઉપાધિ ક્યારેક નુકશાનકર્તા નિવડે છે.

અસ્તુ......જય સનાતન,

ચરિત્ર કા પતન રોકનેકા દાયિત્વ યુવક પીઢી પર.

કુમારી નિર્મળા પટેલ
મદન મહલ, જબલપુર (મ. પ્ર.)

કિસી ભી દેશકે રાષ્ટ્રીય-જીવન વ ઉસકે ગૌરવકા આધાર ઉસ દેશકે લોગોંકા ચરિત્ર હોતા હય ઉસી પ્રકાર સમાજ કે ગૌરવકા આધાર ભી ઉસ સમાજ કે લોગોકા ચરિત્ર હોતા હય યદિ સમાજકા પ્રત્યેક વ્યકિત ચરિત્રવાન હો ઔર સમાજકે પ્રતિ અપને કર્તવ્યકો સમજતા હો તો સમાજકી કીર્તિ ચારો તરફ ફૈલ જાયેગી.

સમાજમેં ચરિત્રકે પતનકો રોકનેકા દાયિત્વ કિસ પર હય બહુત અંશમેં હમ ઇસ દાયિત્વકો યુવક પીઢીકા હી સમઝેંગે આજકી પીઢી અપનેકો સંયમિત રખે ઔર સમાજમે જો બુરાઈયાં હય ઉન્હે દૂર કરે ઈસસે વ્યકિતકા વિકાસ તો હોગા હી સાથ હી સમાજકા ભી સર્વાંગીણ વિકાસ હોગા

આપ કહેંગે કિ ચરિત્રવાન હોના કયોં આવશ્યક હય? મનુષ્ય એક સામાજિક પ્રાણી હય વહ સમાજ મેં રહતા હય ઉસકે વ્યવહારકા પ્રભાવ સમાજ કે અન્ય લોંગો પર ભી પડતા હય યદિ કિસી વ્યકિતકા આચરણ સુંદર હૈ તો સમાજ વ્યકિતઓપર ઉસકા અચ્છા પ્રભાવ પડેગા તથા બુરે વ્યકિતઓંકા પ્રભાવ બુરાહી પડેગા અતઃ વ્યકિતગત ઔર સામાજિક ઉન્નતિ કે લિયે ચરિત્ર બલ આવશ્યક હૈ.

ચરિત્રવાન બનનેમેં મુખ્ય નિમ્નલિખિત બાતેં આવશ્યક હય અચ્છી શિક્ષા સુન્દર ચરિત્રકા નિર્માણ કરતી હય શિક્ષાસે બુદ્ધિકા વિકાસ હોતા હય મનુષ્યકો પતા ચલ જાતા હય કિ કયા બુરા હય ઔર કયા અચ્છા અચ્છી શિક્ષા મનુષ્યકો બુરા આચરણ કરનેસે રોકતી હય વ્યકિતકો સદા અચ્છા સાહિત્ય પઢના ચાહિયે. સંગતિકા મનુષ્ય પર અત્યધિક પ્રભાવ પડતા હય સત્સંગતિ મનુષ્યકો ચરિત્રવાન બનાતી હય.

પૂર્વજો કે આદર્શ ચરિત્ર મનુષ્યકે સદાચારી બનનેમેં સહયોગ પ્રદાન કરતે હય જો વ્યકિત અપને સિદ્ધાંતોકા પાલન કરનેમેં જીતના પકકા હોગા ઉસકા ચરિત્ર ઉતનાહી શ્રેષ્ઠ હોગા ચરિત્રવાન બનને કે લિયે વ્યકિતકો ધૈર્યવાન, નિડર ઔર વીર હોના ચાહિયે અપની ઇન્દ્રીયોં પર પૂર્ણ નિયંત્રણ હોના ચાહિયે.

અંગ્રેજીમેં એક કહાવત હય કિ જીસકા અભિપ્રાય હય કિ " યદિ ધન નષ્ટ હોતા હય તો કુછ નષ્ટ નહીં હોતા યદિ સ્વાસ્થ્ય નષ્ટ હોતા હય

તો સમઝો કુછ નષ્ટ હોતા હૈ, ઔર યદિ ચરિત્ર નષ્ટ હોતા હય તો સમઝો સભી કુછ નષ્ટ હો જાતા હય.” કિસીભી વ્યક્તિકા ચરિત્ર ઉસકે વ્યવહારસે જાના જાતા હય. જીસ મનુષ્યકા આચરણ પવિત્ર હોતા હય ઉસકા ચરિત્ર સુંદર હોના હય. સમાજમે ઉસકી માન પ્રતિષ્ઠા હોતી હય. બડેસે બડા ધની વ્યક્તિ ભી યદિ ચારિત્રવાન નહીં હય તો સમાજમેં ઉસકા આદર નહીં હોતા હય. જબકિ એક નિર્ધન વ્યક્તિ ભી યદિ ચરિત્રવાન હય તો સમાજમેં આદર પ્રાપ્ત કરતા હય. દુર્યોધનકે પાસ સબ કુછ થા પરંતુ ચરિત્ર નહીં થા ઈસલિયે સભી ઉસકા નાશ ચાહતે થે યુધિષ્ઠિરકા સબ આદર કરતે થે કયોંકિ ઉનકા ચરિત્ર સુંદર થા. ચરિત્રબલ યા સદાચાર હી સબસે બડા બલ હય. ગાંધીજીકા હી ઉદાહરણ લીજીયે. ઉનકે પાસ કૌનસા ઐસા બલ થા? યહી ચારિત્રિક બલ જીસકે બલપર ઉન્હોંને પરાધિન ભારતકો સ્વતંત્ર બના કર અપને નામકો અમર બના દિયા. તથા ઇસુ ઔર મહાત્મા બુદ્ધકી શ્રેણીમેં આ ગયે.

મૈં અનુરોધ કરતી હૂં કિ સમાજકી યુવક પીઢી અપને ચરિત્ર બલકો બનાયે ઔર સમાજકા અધિકસે અધિક કલ્યાણ કરેં વે સમાજમેં વ્યાપ્ત કુરીતિયોંકો દબા કર ઉનસે સંઘર્ષ કરેં. ચરિત્રવાન વ્યક્તિકે મનમેં આત્મગૌરવકા ભાવ ઉત્પન્ન હો જાતા હૈ. ઉસે સદૈવ અપની પ્રતિષ્ઠાકા ધ્યાન રહતા હૈ. અતઃ વહ નીચ કામ નહીં કરતા. યુવકોંકે સાથ સાથ નારીકો ભી ચરિત્રવાન બનના ચાહિયે, એક શિક્ષિત ઔર ચરિત્રવાન નારી સમાજમેં કલા, સાહિત્ય ઔર સંસ્કૃતિકી ઉન્નતિમેં સહાયક હોગી.

અંતમેં મૈં કહૂંગી કિ વ્યક્તિ ચરિત્રવાન બને ઔર સમાજકો ઉસસે લાભ પહુંચાયે. કહા ગયા હૈ કિ ‘ધનસે ક્ષીણ મનુષ્ય નષ્ટ નહીં હોતા બલ્કિ ચરિત્રસે ક્ષીણ મનુષ્ય નષ્ટ હોતા હૈ અતઃ અપનેકો નષ્ટ હોનેસે બચાને કે લિયે ચરિત્રવાન બનના ચાહિયે.

નવયુવાનોને........

શ્રી કેશવલાલ પટેલ (ડાસરા)
" પ્રલય "

નવયુવાનોને કહેવું છે બસ આટલું કે,
'સતપંથ'થી વાળનાર, તમે કદમ થઇ જાઓ.

ભુપણ નથી એ દુષણ છે હિન્દુ સમાજનું;
સમજાવવા સૌને, તમે મક્કમ થઇ જાઓ.

સદીઓથી કચડાયેલા છે રૂઢિગત રિવાજોથી;
દેવાને સારવાર, તમે મરહુમ થઇ જાઓ.

ડંખતું તો હશે અંતર એ હિંદુ જીવોનું;
આંસુ એમનાં પોંછવા, તમે નરમ થઇ જાઓ.

સમજે ઘણુાયે પણ ડરે છે પહેલ કરતાં;
નેતા બનીને સૌના, તમે પરથમ થઇ જાઓ.

નવયુવાનો, આ કાર્ય છે તમ નવજુવાનોનું.
કરે સૌ 'વાહ' એવું તમે કરમ થઇ જાઓ.

'પ્રલયી' મન હવે એમ શાંત નહીં થાયે!
કુરિવાજને દબાવવા, તમે સિતમ થઇ જાઓ.

ક્યાં ગઈ.....?

પટેલ વિઠ્ઠલભાઈ ગોપાલભાઈ
રમોસ કંપા.

મસ્ત હતી,
અલબેલી હતી,
સુશોભીત હતી,
મોહક હતી.

સુખી બન્યો તેને ગ્રહી,
ગૂંજી ઉઠયો તેને પામી!
ગુલાબ ખીલ્યું જીવન તણું,
ફોરમ લાવી પામ્યો ઘણું!
રંજ ન રહ્યો અન્યનો દિલ મહીં
ગાંડો બન્યો મિલનથી ગુલશન મહીં.

રંજક બની હૈડે વસીને,
કૃતાર્થ કીધો,
પરમાર્થ કીધો.
જ્ઞાન, દીવડો જલાવીને,
પ્રકાશ તેણે કીધો.

પણ હાય વરસે તેના?
કરમાઇ ગયું એ ગુલ,
સુકાઇ ગઇ એ ફોરમ,
કહે 'વિઠ્ઠલ' ક્યાં એ કલમ?

★

મનુષ્યોને સમજવા જેવું

સંપાદ : રમણભાઇ કે. પટેલ
એરોજ કંપા

૧. કુદરતે આપણને આંખો શા માટે આપી? ભગવાનનાં અને સંતવડીલોનાં દર્શન માટે લીલા જોવા માટે તેમ જ દર્દીઓનાં દુખ જોવા માટે, નહિ કે વિકારી દષ્ટિ કરવા માટે.

૨. કુદરતે આપણને શક્તિ શા માટે આપી? દુઃખી અને નિરાધાર માનવીઓને મદદ કરવા માટે, દેશની સમાજની તથા આપણા સંત વડીલોની સેવા માટે, નહિ કેવળ અશક્તોને દબાવવા માટે.

૩. કુદરતે આપણને બુધ્ધિ શા માટે આપી? કર્મ કરતી વખતે સારૂ નરસું વિચારવા માટે, હકની રોટી ખાવા માટે પરમાર્થનુ કામ કરવા માટે નહિ કે કોઇને કપટ જાળમાં ફસાવવા માટે.

૪. કુદરતે આપણને સંપત્તિ શા માટે આપી પારકાને સુખી કરવા માટે દુઃખીને દિલાસો આપવા માટે, ગરીબોના બેલી થવા માટે, સમાજ અને દેશનું ભલુ કરવા માટે નહિ કે કેવળ વિષય સુખ માટે.

૫ કુદરતે આપણને મહાનતા શા માટે આપી? નીચ વિચારોને મહાન બનાવવા માટે ભૂલેલાં માનવીને સાચા માર્ગે લાવવા માટે કુદરતની અમોઘ શક્તિનું ભાન કરાવવા માટે નહિ કે ખોટા દંભ કે મોટાઇ માટે

૬ કુદરતે આપણને પગ શા માટે આપ્યા પ્રભુના દર્શને જવા અને તીર્થ કરવા માટે, નહિ કે ખોટી દોડાદોડ કરવા માટે.

૭. કુદરતે આપણને કાન શા માટે આપ્યા? સત્ય સાંભળવા માટે, પ્રભુની ભક્તિ સાંભળવા માટે, નહિ કે ખરાબ વાતો સાંભળવા માટે

૮. કુદરતે આપણને હાથ શા માટે આપ્યા? સારા કામો કરવા માટે ગરીબોને દાન આપવા માટે. નહિ કે હાથ પર સારાં ઘરેણાં પહેરી સુખી રહેવા માટે.

૯. કુદરતે આપણને મુખ શા માટે આપ્યું સત્ય બોલવા માટે પ્રભુની ભક્તિ કરવા માટે, નીચ વિચારો વાળાને પ્રભુની ભક્તિનો ઉપદેશ કરવા માટે. નહિ કે ગામ ગપાટા હાંકવા માટે.

★

સમાજ સરિતાને ઓવારેથી

લેખક : વિશ્રામભાઈ એન. પટેલ
અણીયોર કંપા.

આપના કર કમલમાં દિપોત્સવી અંક આવતાં જ આપ એક જાતનો છુપો આનંદ અનુભવસો કારણ કે, બીજા બધા જ અંકો કરતાં આમાં કાંઇક વધુ લેખન સામગ્રી હશે જ. જાગૃતિના ગ્રાહકો, વાંચકો અને ચાહકોનું આજના મારા આ લેખ માટે ખાસ ધ્યાન દોરું છું અને તે એટલા જ માટે કે આપણે આજ દિવસ સુધી આપણાં માસિક અને તેમાં પ્રગટ થતા જુદા જુદા વિષયના લેખો વાંચતા આવીએ છીએ તે પૈકી અવાર નવાર તેમાં છપાતા આપણા જ્ઞાતિ સમાચાર અને સમગ્ર સમાજના દ્રષ્ટિબિંદુ સમો રજુ થતો રૂઢિગત થએલો પીરાણા સતપંથ ધર્મનો ઉલ્લેખ. ધર્મના સબંધમાં કહેવામાં આવ્યું છે કે "સ્વધર્મે પરાયણા પરધર્મો ભયાવહ પોતાના ધર્મને અનુસરવું અને પારકા ધર્મને તજવો તે હવે પારકો અને પોતાનો ધર્મ સમજવો કઇ રીતે તેની થોડી વિગતવાર ચર્ચા કરીએ, આપણી આર્ય સંસ્કૃતિને ધ્યાનમાં લઇ જે આચાર સંહિતા કરી છે તેના તરફ દ્દષ્ટિપાત કરીશું તો નીચેના મુદ્દા તરફ આપણું ધ્યાન ખેંચાયા વિના રહેશે નહિ. સવારે સૂર્યોદય થાય ત્યારે પ્રાત:સ્મરણ કરી નમસ્કાર કરવા. દેવ મંદીરે જઇ બન્ને હાથે પ્રણિપાત કરી ઇષ્ટદેવને નમન કરવું, ગુરુ પુર્ણિમા તેમ જ પુર્ણિમાના દિવસોએ સતત જાગૃત રહી ચાંદનીનો બને તેટલો વધુ ઉપયોગ કરી ચંદ્રમાંથી નીકળતા અમૃતસમાં કિરણોમાં સ્નાન કરવું, વગેરે હિંદુધર્મે જે આચાર સંહિતા નક્કી કરી છે તે પણ ધ્યાન ખેંચે તેવી છે. બાહ્યાચાર જેવા કે જન્મ જાત પછી હિંદુ પુરૂષો માથાઉપર શીખા રાખે છે. લગ્નજેવા માંગલિક પ્રસંગે ચોરી બાંધી શાસ્ત્રમાં પારંગત એવા બ્રાહ્મણો પાસે વૈદિક લગ્ન કરાવે છે. અંત્યેષ્ટિ એટલે મરણ વખતે સ્મશાનગૃહમાં જઇ લાકડાની ચિતા બનાવી દેહની અંતિમ ક્રિયા પતાવે છે. છેલ્લે જીવાત્માની શાંતિ માટે બારમા દિવસે બ્રાહ્મણપાસે શય્યાદાન અપાવી મરનાર જીવાત્માનું કલ્યાણ વાંચ્છે છે વગેરે. એથી ઉલ્ટું અનાર્યો (મુસલમાન) માં આપણને જોવા મળે છે. જેવું કે સુર્યાસ્ત વખતે પશ્ચિમ દિશાએ નમસ્કાર કરવા અને તે પણ બે હાથ ખુલ્લા રાખીને. ઇદનો ચાંદ એટલે કે બીજના ચંદ્રનો જ તેમને મહીમા છે જેવું કે શુક્રવારી બીજ વગેરે. તેઓની આચાર સંહિતા તરફ દ્રષ્ટિપાત કરીશુ તો જણાશે. માથે મુંડન કરાવી નીચે દાઢી રાખે છે. લગ્ન જેવા પ્રસંગે મુલ્લાંને બોલાવી નીકાહ પઢાવે છે. અંત્યેષ્ઠિ ક્રીયા પણ તેમની રીતે પ્રથમ ખાડો ખોદી મરનારના દેહને અંદર

કબરની ઉપર માટી વાળી કાયમની નિશાની માટે ઉપર ઈંટ કે પથ્થરનું ચણતર કરે છે જેને કબર કહેવામાં આવે છે મરણ પછી ત્રીજા જ દિવસે તે આવે છે. આત્માની શાંતિ માટે બંદગી કરે છે. જેને ઝીયારત કહેવામાં આવે છે. તે ઉપરાંત પણ સ્ત્રીપુરૂષ લગ્નગ્રંથીથી જોડાય છે ત્યારે પોતાનાજ કુટુંબમાં એટલે કાકાઇ ભાઇ–બ્હેન પતિ પત્ની બને છે. જ્યારે આપણા હિંદુ સમાજમાં એક ગોત્રમાં તો લગ્ન થતાં નથી તેની સંપૂર્ણ કાળજી લેવામાં આવે છે. જે લગ્ન વખતે થતો ગોત્રોચ્ચાર તેની સાક્ષી પુરે છે હિંદુ અને મુસલમાન ધર્મમાં અનેક જાતનું જુદાપણુ આપણને ડગલેને પગલે જોવા મળે છે. જેનાથી આપણે કોઇપણ અજ્ઞાત નથી જ. ઉપર જણાવ્યા ખુલાસા વાંચ્યા પછી મારા વાંચક મિત્રોને થશે જ કે આ વાતો તો અમે પણ જાણીયે છીએ અને સમજ્યે છીએ તો આનો ઉલ્લેખ કરવાની અત્રે જરૂર ખરી? તો તેવા મારા મિત્રોને એકજ વાત પૂછું છું, આપણે સૌ જાણવા અને સમજવા છતાં આજદિન સુધી કચ્છ કડવા પાટીદાર સમાજનાં ભાઇ–બ્હેનો અનાર્યોનાં આચરણમાં પડી પોતાની જાતને હિંદુ કહેવડાવી હિન્દુ ધર્મની મજાક ઉડાવી રહ્યા છે.

ઉપરોકત સમગ્ર મુદ્દા માટે અવાર નવાર રાહ ભૂલેલા સમાજ બંધુઓ માટે સુચન કરવામાં આવે છે. કે તમે રાહ ભૂલ્યા છો અને તે માર્ગેથી પાછા વળો આવી પ્રગટ થતી બાબતોને સમાજના કેટલોક સમજુ વર્ગ પણ ધર્મની ટીકા કહે છે. શું એ વ્યાજબી છે. જાગૃતિ માસિકે સમાજ કે ધર્મની કયારેય પણ ટીકા કરી નથી કોને કહેવાય તેનો પણ આપણે વિચાર કરવો જોઇએ. આપણે કયારેય પણ એવું નથી છાપ્યુ જે ઇસ્લામ ધર્મ ખરાબ છે. આપણે કયારેય પણ એમ નથી કહ્યું કે ખ્રિસ્તી અને પારસી ધર્મ ખરાબ છે. એમ જરૂર લખ્યું છે કે આપણી ધર્મ અને સંસ્કૃતિને છોડ દઇ વિધર્મીયોનું ધર્માચરણ કરનાર અને દહાગૃહી બની ગણ્યા ગાંઠ્યા ગણાતા પોતાના સ્વાર્થ સાધુ કે તક સાધુ એવા આપણા સમાજના થોડા આગેવાનો જે સમાજના અજ્ઞાન અબુધ નરનારીયોને વિધર્મીયોની ઊંડી ખાઇમાં ધકેલે છે. ત્યારે એક જાગૃત વર્ગ તે બાબત ધ્યાન દોરે તેને ટીકા નહીં પણ સાચા અર્થમાં રાહ બતાવનાર ગણવા જોઇએ અમદાવાદથી આપણને દિલ્હી જવું છે, અને મુંબઇની ગાડીમાં બેસી ગયા. પછી કોઇ કહેશે આતો ગાડી મુંબઇ જશે. આટલી જાણ પછી પણ ગાડી બદલીશું નહીં તો દિલ્હી પહોંચીશું ખરા? આ આખાએ મુદ્દા માટે ઘણુ ઘણું કહેવડાવ્યું છે અને લખાયું પણ છે. કેટલીક વખત રૂબરૂ ચર્ચા પણ કરી છે. પણ એક જુઠાણાંને ઢાંકવા માટે અનેકવાર જુઠાણું કરવું પડે છે. જે આ રહ્યું–પ્રથમ તેવા દેવમંદિરને બદલે તેને ખાનું કહેતા લાંબા ગાળા

પછી ભુલ સમજાઈ કે ખાનુ તો [illegible]નુ હોય એટલે નામ બદલ્યું જ્યોતિપધામ અમુક સમય પછી એ પણ રૂચ્યું નહિ કારણ હિંદુના ધર્મના દેખાવ માટે પણ મંદિર કહેવુ જરૂરી છે. એટલે કહેવા લાગ્યા બ્રહ્માજીનું મંદિર એટલેથી ન અટકતાં સતપંથ ધર્મ કહેતાં લાજ શરમ આવે એટલા માટે વરસેકથી તેમને પત્રિકાઓ કે પ્રચારમાં સતપંથ સનાતન ધર્મના બણગા ફુંકવા માંડયા છે. વિચાર તો કરો જે અસલ વસ્તુ છે તે કોઇ દહાડો પણ ફરતી નથી. જે ફરે છે તે સાચું નથી. કેટલાક મિત્રો સામાજિક લાગણીથી પ્રેરાઇને એમપણ કહે છે કે જાહેરમાં ટીકા ન કરતાં સમજદારી પુર્વક તેમના પાસેથી કામ લેવું જોઇએ. સમજદારી કોના માટે હોય કે જે મુદ્દાને માણસ સમજતોજ ન હોય તેના માટે આતો પણ ચાદર ઓઢીને જાગતા પડયા છે ને ઉંઘવાનો ડોળ કરે છે. ઉંઘતા માણસને તમે બાજુમાં જઇને બુમ પાડો એટલે એક કે બે બુમોથી જરૂર ઉભો થઇ જશે. પણ આ તો જાગતા જ ઉંઘતા માણસો આટલા ઢોલ ત્રાંસા પીટયા છતાં પણ પડખું ફેરવતા નથી તેમની પાસેથી તમો વધારે આશા કઇ રીતે રાખી શકો. આપણે એ ન ભૂલવું જોઇએ કે લાગણીના પૂરમાં તણાવા કરતાં આપણી ફરજની કપરી કસોટી થાય છે. લાગણી એક વસ્તુ છે અને ફરજ બીજી વાત છે. મા બાપ લાગણીના પુરમાં બાળકને મનસ્વી રીતે વર્તન કરવા આપે તો કયારેય પણ બાળક સાચા અર્થમાં પોતાનો વિકાસ સાધી શકે નહીં ત્યારે બાળમાનસ સુધારવા મા-બાપ પોતાનું કર્તવ્ય સમજી બાળકને કયારેક ધોલ પણ મારે છે. તે એટલા માટે નહીં કે બાળકના પ્રત્યે તેનો પ્યાર નથી. પણ ચારિત્ર્ય ઘડતર માટે એ જરૂરી છે. તેવી જ રીતે સમાજમાં ચાલી રહેલો અધર્મ રૂપી સડો દુર કરવા સમાજના જાગૃત સભ્યોએ કમર કસવી પડશે. અરે! એટલું પણ આપણને નથી થતું કે મારા સમાજની આ દશા સમાજના કેટલાક સમજુ વર્ગનો જો એવો જ દાવો હોય કે સમજદારી પૂર્વક આપણે તેમને સાચા રાહપર લાવી શકીશું. તો આજથીજ કમરકસો અને તેના માટે પૂર્વ તૈયારી માટે પોતાનાં મંતવ્યો જણાવો એટલુ જ નહીં પણ આ સડાને નિર્મુળ કરવા અખીલ કચ્છ કડવા પાટીદાર સમાજનું અધિવેશન આ નિમિત્તે બોલાવવું પડે તો કયાં અને કયારે તેનો પણ ઉલ્લેખ કરવો ઘટે. ઉપરોકત મુદ્દાને સામાન્ય ગણી તેની હાંસી મજાક ન ઉજાડતાં કર્તવ્ય પરાયણ બની વિચારો. હાલમાં જે નવચેતન યુવક મંડળ કલકત્તાએ દેશભરમાંથી યુવક મંડળના પ્રતિનિધિઓનું જે સંમેલન રાખ્યું છે તે ઘણું જ સુચક છે. સમાજમાં કેટલાક ચાલતા રૂઢીગત રીત રિવાજોનો ઢાંચો પણ બદલવો પડશે. આ જગત પરિવર્તન શીલ છે અને સમયે સમયે ક્રાંતિકારી ફેરફારો થતા રહયા છે અને

કોણ ?

સ. શ્વાસોચ્છ્વાસ લે તથાપિ જીવતો નથી એવો કોણ ?	ઉ. ચાકર.
સ. પૃથ્વીથી અત્યંત મોટું કોણ ?	ઉ. માતા.
સ આકાશથી ઉંચું કોણ ?	ઉ. પિતા.
સ. વાયુ કરતાં વધારે વેગવાન કોણ ?	ઉ. મન.
સ. પ્રવાસમાં સન્મિત્ર કોણ ?	ઉ. સદ્વિદ્યા.
સ ઘરમાં મિત્ર કોણ ?	ઉ. સદ્ગુણી સ્ત્રી.
સ રોગીનો મિત્ર કોણ ?	ઉ. વૈદ્ય.
સ. સર્વ મનુષ્યોનો અતિથિ કોણ ?	ઉ. અગ્નિ.
સ. દેવકૃત મિત્ર કોણ ?	ઉ. સ્ત્રી.
સ દુનિયામાં સૌથી બળવાન કોણ ?	ઉ. જે પોતાના મનને જીતે તે.
સ દુનિયામાં ડાહ્યો કોણ ?	ઉ. જે પોતાનો ગુરૂ થાય તે.
સ. દુનિયામાં મોટામાં મોટો ધનવાન કોણ ?	ઉ. સંતોષી.
સ. દુનિયામાં મોટામાં મોટો ગરીબ કોણ ?	ઉ જેણે તૃષ્ણા છોડી નથી તે.
સ, જીવ લેનારો મોટો રોગ કયો?	ઉ. ચિંતા.
સ. જગતમાં મોટામાં મોટું જંગલી જનાવર કયું ?	ઉ. જીભ.

(વ્યવહારનીતિ દર્પણમાંથી)

પેજ નં. ૨૬નું ચાલુ

થતા રહેશે. અખીલ ભારત યુવક મંડળના પ્રતિનિધિ જ્યારે મળતા હોય ત્યારે સમાજનાં દરેક પાસાંનો વિચાર કરી શાંતિથી ચર્ચા કરવી જોઇએ અને ભારતીય સંસ્કૃતિને પ્રતિકુળ એમાં દઢ થયેલા માનસ સામે લાલબત્તી ધરવી જોઈએ અને નક્કર કાર્યક્રમ ઘડી કાઢવો જોઈએ. મારી તો યુવક મંડળને સલાહ છે કે તેઓ જ્યારે એકઠા થતા હોય ત્યારે થોડા વડીલોને પણ રાખી માર્ગદર્શન મેળવે તે ખુબ જરૂરી છે. આજનો યુવાન આવતી કાલના સમાજનો, સંપુર્ણ વહીવટદાર બને તે પહેલાં વિચાર વિનિમયનું તેમનું આ પગલું યોગ્ય જ ગણાશે અંતમાં ઇશ્વર સૌને સદ્બુદ્ધિ અર્પે. અસ્તુ

પ્રશ્નો અને સરવાળો ?

પટેલ શાંન્તીલાલ આર. પટેલ
જગતગઢ-સરતાનપુરા

૧	પુત્રથી વહાલું કોણ ?	સ્વાર્થ
૨	જગતમાં સુખી કોણ ?	સંતોષી
૩	સાકરથી ગળ્યું શું ?	પ્રીત
૪	અમૃતથી મીઠું શું ?	ગરજ
૫	ચંદ્રથી નિર્મળ શું ?	તપ
૬	સાગરથી મોટું કોણ ?	સત્ય
૭	મેઘથી ગરવો કોણ ?	દાતાર
૮	તણખલાંથી તુચ્છ કોણ ?	કંજૂસ
૯	ઝેરથી કડવું શું ?	દુષ્ટતા
૧૦	હવાની કિંમત શું ?	જીવન
૧૧	પૈસાથી પણ મોંઘું શું ?	સ્વમાન
૧૨	અગ્નિથી પણ ગરમ કોણ ?	ક્રોધ

તમે શું કહો છો ?

વૃક્ષ કહે છે.	—	"પરોપકારી બનો"
કૂતરો કહે છે.	—	"વફાદાર બનો"
માતા કહે છે.	—	"મહાન બનો"
ગુરૂ કહે છે.	—	"વિદ્વાન બનો"
સમુદ્ર કહે છે.	—	"વિશાળ બનો"
નદી કહે છે.	—	"નિર્મળ બનો"
મજૂર કહે છે	—	"શ્રમજીવી બનો"
બાળક કહે છે.	—	"નિર્દોષ બનો"
સૂર્ય કહે છે.	—	"નિયમિત બનો"
કરોળિયો કહે છે.	—	"ખંતીલા બનો"
વડીલ કહે છે.	—	"નમ્ર બનો"
હવે હું કહું ?	—	"તમે માનવી બનો"

બેરોજગારીની સમસ્યા

ગંગારામ અંબાલાલ પટેલ
પ્રિ કોમર્સ
મોડાસા.

આધુનિક યુગમાં આપણા દેશમાં કુદકે અને ભુસકે વસ્તીનો વધારો થઇ રહ્યો છે. દેશમાં થઇ રહેલો ઝડપી વસ્તી વધારો ઘણા પ્રશ્નો અને મુશ્કેલીઓનું સર્જન કરે છે. ઓછું ઉત્પાદન અને વધુ માગ જેમ મોંઘવારી અને ભાવ વધારાનું ચક્ર ઊભું કરે છે, તેમ વસ્તી વધારો ખાધાખોરાકી, જીવન જરૂરિયાતની ચીજો તથા વસવાટોની વિકટ સમસ્યા ઊભી કરે છે.

જે વ્યક્તિઓને કામ કરવાની ઇચ્છા છે અને તેમને કામ મળતુ નથી તેને બેરોજગારી કહેવાય. કામ કરવાવાળી ઘણી વ્યક્તિઓ છે પણ તેમને કામ કરવાની તકો ઓછી છે, તેથી તે બેકાર રખડે છે. મનુષ્ય માત્રને કંઇક ને કંઇક કરવાની ઇચ્છા તો હોય જ છે. અને તેની પાછળ કંઇક કારણ પણ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ ભણીને આગળ જઇ નોકરી કરે છે. ઘણા માત્ર આનંદ કરવા અને ફરવા માટે પણ ભણતા હોય છે.

વસ્તી વધી રહી છે. પણ તેમની સાથે નોકરીઓ અને જમીન વધતી નથી. અહીં એક કરોડ વ્યકિતઓ નોકરીઓ માટે આવે છે પણ ૨૫ લાખ જેટલાને નોકરી મળે છે અને ૭૫ લાખ લોકો બેકાર પડે છે.

આપણા ભારત જેવા દેશમાં કાચા માલની તંગી છે, સાધનો જુદા જુદા પ્રકારનાં છે. કાચા માલની તંગીને કારણે નવાં કારખાના ઊભાં થઈ શકતાં નથી અને મજુરોને (બેકારોને) વેતન આપી શકાતુ નથી. બીજું કે દેશમાં મુડીની તંગી છે. આધુનિક યુગમાં ઔદ્યોગિક ક્રાંતિ પછી ઉદ્યોગ માટે યંત્રોની કિંમત ખૂબ જ ઉંચી છે. અને અનેક પ્રકારનાં સાધનોનું ઉત્પાદન થાય છે. મુડીનો પ્રશ્ન ખુબ જ મુંઝવણમાં મુકી દે છે. પૂંજીપતિઓ પાસે મુડી ઘણી છે. પણ તે લોકો પૈસાનું વ્યાજ મેળવે છે. અને વ્યાજથી તેમનું જીવન ગુજારતા હોય છે, પણ જો તે નવા ઉદ્યોગોમાં મુડીનું રોકાણ કરે તો માલનું ઉત્પાદન થઈ શકે અને બેકારોને કામ આપીને વેતન આપી શકાય.

દેશમાં અજ્ઞાનતાને કારણે પણ મુશ્કેલી અનુભવવી પડતી હોય છે. વ્યકિતઓમાં ટેકનોલોજીના જ્ઞાનની કમી છે જે વિદ્યાર્થીઓ કોમર્સમાં ભણતા હોય છે તેમને વ્યવસાયી જ્ઞાન હોય છે. તે સરકાર પાસેથી લોન મેળવીને નવો ઉદ્યોગ કરી મજુરોને કામ આપીને વેતન આપી શકે છે. પરંતુ આર્ટસના વિદ્યાર્થીઓ આસાનીથી બે-રોજગારી દૂર કરી શકે નહિ. ગાંધીજીએ કહ્યું છે કે બે-રોજગારી દૂર કરવી હોય તો નાના નાના ગૃહઉદ્યોગો ખોલવા જોઇએ દેશમાં માનસિક વિકાસની જરૂર છે. જેમ એકી સાથે નીસરણીથી ઉપર ચડી શકાતુ નથી પણ એક પછી બીજું અને બીજા પગથીયા પછી ત્રીજું એમ ડગલે ડગલે ચડીએ છીએ તેમ બે-રોજ

ગારી ધીમે ધીમે દૂર કરી શકાય છે. એકી સાથે દૂર થઇ શકે નહિ. વસતી વધારાની સાથે નાના નાના ગૃહઉદ્યોગો નો વિકાસ થાય તો જરૂર બેરોજગારીનો પ્રશ્ન હલ થઈ શકે.

નાના નાના ઉદ્યોગોને સરકારે પણ પ્રોત્સાહન આપવું જોઇએ. વ્યવસ્થાપકોને મૂડી બાબતની મદદ કરવી જોઇએ જેથી ઉત્પાદન કરનારને પ્રોત્સાહનથી તે ધંધાનો વધુ વિકાસ કરીને મજુરોને કામ આપી શકે. સરકાર જો સાહસીકોને અરધી ગ્રાન્ટ આપે તો નવાં કારખાનાં દ્વારા બેકારોને કામ આપી શકાય છે. અને બેરોજગારીનો પ્રશ્ન હલ કરી શકાય છે

વસતી વધારાથી વસવાટોની સમસ્યા પણ તંગ બનતી જાય છે. અને બીજું ઝડપી શહેરીકરણ અને વસ્તીના સ્થળાંતરથી પણ આ મુશ્કેલીઓ ઉભી થાય છે. આજે ગામડાઓમાં ઉદ્યોગધંધા ઓછા થયા શહેરોમાં ધીમે ધીમે મોટા ઉદ્યોગોનું સ્થાનીયકરણ થાય છે. ગામડામાં ઉદ્યોગોના નાશથી બેકાર બનેલા લોકોનો મોટો પ્રવાહ પેટ પુજા (ભરણ-પોષણ) કરવા માટે શહેર તરફ આવવા લાગ્યો અને શહેરમાં વસવાટનો પ્રશ્ન વિકટ બન્યો. વિશ્વની શહેરી વસ્તીના ત્રીજા ભાગના લોકો ગંદી ચાલીઓ અને ઝૂંપડાઓમાં રહેનારા હોય છે.

ગુજરાતમાં પણ ગંદા વસવાટોમાં રહેનારાઓનું પ્રમાણ રાજ્યના બધા જ કુટુંબોના ૧૯.૮ ટકા એટલેલે ૧,૧૫,૦૦૦ ઓ સી.ડી. ટાઇપના મકાનોમાં વસે છે હવે ધીમે ધીમે નવી હાઉસીંગ સોસાયટીઓનું નિર્માણ થયા કરે છે. પણ બેકારો માટે આ પ્રશ્ન ખુબ જ વિકટ થઇ રહ્યો છે. જો સરકાર ૫૦% ગ્રાન્ટ આપે તો જરૂર આવો પ્રશ્ન હલ થઇ શકે અને વસવાટ સારું હોય તો સ્વાસ્થ્ય પણ ઓછું બગડે અને કામ કરવાની સ્ફુર્તિ વધુ પ્રમાણમાં રહે.

વસતી વધારાને કાબુમાં લેવા માટે સરકારે કુટુંબ નિયોજન કેન્દ્ર સ્થાપ્યા છે ભણેલા લોકો સમજે છે પણ અજ્ઞાન પ્રજા આ બાબતમાં સમજતી નથી! જો સમજાવવામાં આવે તો વસતી વધારો રોકી શકાય અને બેકારીનું પ્રમાણ ઘટાડી શકાય. અમેરિકા ખુબ સમૃદ્ધ દેશ છે અને ત્યાં રોજગારી મળે છે. પણ જેને નોકરી મેળવવાની ઇચ્છા હોય છે તે મેળવી શકાતી નથી.

ગામડાઓમાં વીજળીની અને પાણીની સગવડની જરૂર છે. વસ્તી વધુ છે અને જમીન થોડી છે. એટલું જ નહિ પણ જમીનના નાના નાના ટુકડાનું પ્રમાણ વધુ છે. તેથી ઉત્પાદન ઘટયું છે. પાણીની વ્યવસ્થાથી ઉત્પાદન વધારી શકાય. પ્રતિવર્ષ વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે અને અનિયમિત બનતો જાય છે, એમ કહેવાય છે કે ભારતના ખેડૂતો પ્રારબ્ધવાદી અને નિરાશા વાદી બન્યા છે. તેને ભગવાન પર ભરોસો રાખવો પડે છે સરકારના આવા પ્રોત્સાહનોથી બેરોજગારીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

જય જવાન જય કિસાન

'અપનાવો'

કાન્તિલાલ જોઈતાભાઈ પટેલ
ડુંગરવાડા (કરશનપુરા કંપાઉ

લોભ રોકો, લાલચ રોકો, શોક અને ભય રોકો,
ઝાડા-પેશાબનો વેગ હોય, તમે કદી નહિ રોકો.
ધીર બનો, ગંભીર બનો, ગરીબડી તમે ગાય બનો,
અસત્ય વચનીને હિંસક, તમે કદી નહીં બનો.
માન રોકો, ઇર્ષા રોકો, નિર્લજ્જતાનું નામ રોકો
ઓડકાર ઊલટી થતી હોય, તમે કદી નહિ રોકો.
વીર બનો શૂરવીર બનો, બળવાન અને બહાદુર બનો,
ચાડિયા તથા ભૂંડા તો, તમે કદી નહિ બનો
દ્વેષ રોકો, ક્રોધ રોકો ઇચ્છા પારકુ પડાવવાની રોકો,
ચડતી બીજાની થતી હોય તમે કદી નહિ રોકો.
મસ્ત બનો અલમસ્ત બનો, દીન દુખીયાના સાથી બનો,
મૂરખ તથા વહેમી તો, તમે કદી નહિ બનો.
મન રોકો, વાણી રોકો, કર્મના અયોગ્ય વહેપાર રોકો,
છીંક બગાસાંનો વેગ હોય, તમે કદી નહિ રોકો.
મર્દ બનો, હમદર્દ બનો, કિસાન તનો બર્દ બનો
પાપી તથા ડરપોક તો, તમે કદી નહિ બનો.
મોહ રોકો માયા રોકો, અભિમાન તનું નામ રોકો
ઊંઘ-ભૂખનો વેગ હોય, તમે કદી નહિ રોકો.
દાની બનો, જ્ઞાની બનો, પ્રેમ તણા પરબ બનો.
કોઈની પ્રત્યે કઠોર તો, તમે કદી નહિ બનો.
વ્યસન રોકો ફેશન રોકો, કુપલી અને કજિયો રોકો,
અંગ મરોડનો વેગ હોય, તમે કદી નહીં રોકો.
શાંત બનો મૌની બનો, રક્ષણ માટે સૈનિક બનો,
ચોર તથા સંગ્રહખોર તો, તમે કદી નહિ બનો.
ઊઠો જાગો કામે લાગો, આળસ છોડી આગળ ચાલો.
શિસ્ત શાંતિને સેવાનો તમે પાઠ સૌને આપે ચાલો.

વિખરેલાં પુષ્પો *

રવિલાલ આર. પટેલ
મુ. લાંજા, રત્નાગિરિ

સમાજના વડીલો બંધુઓ અને બહેનો આજના સમયના કાંટામાં આપણા ધર્મ વિશે ખુબ મત ભેદ ફેલાયા છે. તે મતભેદ ફેલાવનાર કોણ? તે પ્રશ્ન આમ સરળ છે કારણ કે સમાજના કોઈપણ વ્યકિત કડવા પાટીદાર કણબી સવે જાણે છે કે આપણે હિન્દુ છીએ. છતાં પણ એવી વ્યકિત અંધ શ્રધ્ધામાં ડુબે છે. તે જાણી સૌ કોઈ ને આશ્ચર્ય લાગે.

આપણે હિન્દુ છીએ. હિન્દુ ધર્મ ને અનુરૂપ બની આપણા સમાજ અને સંસારને પવિત્ર બનાવવાનો છે. છતાં પણ આપણે એ રીતે શા માટે જુદા પડીએ છીએ તો તેનું સાચું જ્ઞાન જે આપે છે. તેને તો સતપથી ભાઈઓ ખૂન કરવા સુધીની ધમકી આપે છે. તે તો ખરેખર વિચાર કરવા જેવી બાબત છે. સતપંથ, ધર્મને માનનારા ભાઈઓને આવી શોભા કોને બતાવી! ભાઈઓ આપણા જુના ઈતિહાસને ભુલી કેમ જાઓ છો કે ધર્મના નામે અત્યાચાર કરનારને આખરે શું સજા મળી છે! હિરણ્યકશ્યપ રાજાનો પ્રભુએ અવતાર લઈ શા માટે અંત લાવવા જન્મ લીધો તો આ બધું જૂનું છે. પણ આપણા દાદા કે મોટા વડીલોએ જાતે નિહાળ્યું છે કે સતપંથી ધર્મના શું છે. આપણે તેમાંથી શું મેળવ્યું છે આપ હિન્દુ છો કે કોણ છો? આપ પોતે પોતાની જાતને પ્રશ્ન કરશો તો બરાબર ઉત્તર મળશે.

ભાઇઓ ધર્મ એ દંડ નથી સમાજ ની શોભા છે. સનાતન ધર્મને માનનાર ભાઈઓ શા માટે સતપંથ ધર્મપર દબાણ લાવે છે. કારણ કે મા કુળદેવીને ન શોભાવનારો તે માર્ગ છે તમો એક એક રૂપીયો ઉગરાવી ધર્મની રક્ષા નથી કરતા પણ શાહીદો કે એજન્ટોના પેટ ભરો છો આપ કોઇ પણ સારી વ્યકિત ને ખૂન કરવા સુધીની ધમકી ન આપતાં તમો જાતે જ સતપંથ ધર્મના નામે પ્રચાર કરો તમોને તમારા જ ભાન્ડુઓ નહીં બાકીના સમાજ કહીં બતાવશે કે તમો કોણ છો તમારામાં ભણેલા હોંશિયાર ભાઈઓ છે તો જેમ જાગૃતિ ધર્મની પ્રસાદી પીરસે છે. તેમ તમો પણ કરી બતાવો માત્ર ચાર દિવાલમાં રહી જે નહીં.

આપે તે ન ભૂલવું જોઈએ કે સત પંથ ધર્મથી જ આપ મુમના કણબી જાહેર થયા છો બાકી સમાજ અને ધર્મની રક્ષા કરવાવાળાના વાળ સુદ્ધાં વાંકો નહીં થાય. ખાલી ખોટાં મેણાં પકડી ધર્મના નામે મતભેદ ન કરતાં સાચા માર્ગે આવો આ ધર્મ આપને જરૂર સ્વીકારાશે.

"આ છે મારો સાબરકાંઠો."

—રચયિતા.
શ્રી કચરાલાલ ગો. કવિ.
ધનસુરા, કુમારશાળા.

સાબરકાંઠા જીલ્લો મારો, સદા શાંત, ધીર, ગંભીર,
પવિત્ર નદી સાબરમતી તણાં, જ્યાં વહેતાં નિર્મળનીર.
ઉત્તરે આવ્યો બનાસકાંઠા, રાજસ્થાન પણ સાથે,
પૂર્વે પંચમહાલ દેખતાં, પશ્ચિમે મહેસાણા સંગાથે.

દક્ષિણે છે ખેડા જીલ્લો, પાસે પાટનગર છે અમદાવાદ,
ગુજરાત વચ્ચે રવિ–શશી સમ સાબરકાંઠા છે આબાદ.
દાનેશ્વરી મેં કંઈક દીઠા, કર્ણ સમા આ ભૂમિપર,
દેશ પ્રેમીને ધર્માત્મા, એવા વસી રહ્યા છે વીર નર.

રેલ્વે, નહેરો, નદીઓ સાથે, શોભે પર્વત–માળા
ઐતિહાસિક અવશેષો છે. "ઇડરમાં ગઢવાળા.
"અંબાજી' શામળાજી" સંગમાં, છે યાત્રા કેરાં ધામો,
હસ્ત ઉદ્યોગને ખેતીવાડીથી પ્રગતિશીલ સૌ ગામો.

લેખકોને કવિઓ જન્મ્યા, સાહિત્યકાર કહેવાયા
ઉમાશંકરને આલમ ઓળખે, "પન્નાલાલ" પંકાયા
"જયવદન ને રમણભાઈ" છે ભાષા જ્ઞાનભંડાર
શિક્ષણક્ષેત્રે નામ દીપાવી, બન્યા સુંદર વાર્તાકાર

"જાગૃતિ" જનતામાં જાગી, વિશાળ જીલ્લો મારો
"કવિ ઇચ્છે આબાદી સૌની, ઉદય રહો એક ધારો.

ત્રણ વસ્તુ હમેશાં યાદ રાખો.

નરસિંહદાસ કે પટેલ
મુ. દહેગામ. નવટાંકી

- ત્રણ ઉપર દયા રાખો,—બાળક, ભુખ્યાં અને પાગલ
- ત્રણ ચીજો રાહ જોતી નથી—સમય, મૃત્યુ—અને ગ્રાહક
- ત્રણ ચીજો જિંદગીમાં એક જ વાર મળે છે—મા, બાપ, અને યુવાની
- ત્રણ ચીજો નીકળી ગયા પછી પાછી આવતી નથી.—કમાનમાંથી મુખમાંથી વાત અને શરીરમાંથી પ્રાણ
- ત્રણ ચીજો ગુપ્ત રાખવા યોગ્ય છે.—ધન, સ્ત્રી અને ભોજન.
- ત્રણ ચીજોથી બચવા પ્રયત્ન કરવો.—નઠારી સોબત, સ્વાર્થ અને નિંદા
- ત્રણ ચીજોમાં મનને પરોવવાથી ઉન્નતિ થાય છે.—ઈશ્વર, મહેનત,—અને વિ
- ત્રણ ચીજો કદી ભૂલવી નહી.—કરજ, ફરજ અને રોગ.
- ત્રણનું સન્માન કરો—માતા, પિતા, અને ગુરૂ.
- ત્રણ ને હંમેશાં કબજે રાખો,—મન. કામ અને લોભ.

સ્વર્ગસ્થ વડીલ બંધુ—

તુજ વિના

પટેલ જીતેન્દ્ર
અમદાવાદ

ઓ શશિ તુ જ વિના રાત કેમ જશે
આ પાંપણ સમા તુ જ વિના અશ્રુ કેમ રોકાશે.
આ અંતર કેરી વરાળ તુજ વિના કેમ કઢાસે
આ કુદરતી કોપનો ઝેરી કટોરો કેમ પીવાશે
તુ જ વિયોગ કેરી આગ કયમ શાંત થાશે.
રઘુકુળ સમા આ કુળને તુ જ વિના શાંતિ કયાં છે
આ અભાગીથી તુ જ વિના જિંદગી કેમ જીવાશે

મારા જુવાનોઆ પાટીદાર

પા. વીસરામ જીવરાસ [illegible]
ન્યુ દીલ્હી, [illegible] મીલ

[illegible] પાછળ કરોડ છે.—કણુંમી કેમ પાછળ નહીં,
એકજ મોટી ખોટ છે–કે ઉં હું નું ઓસડ નહીં,
[illegible] બિચારો ભોળીઓ એકથી હાલે નહીં કામ
[illegible] કાર બીજો મળે તો થાય પૂરણ કામ
[illegible]માંહ્યમાં ઝઘડા કરે ને રાખે ખોટો વહેમ
[illegible]ન તમોને પુછીએ કે આવું બને છે કેમ
મારા જુવાનો આ પાટીદાર સનાતન ધર્મ છોડી થયા [illegible] . હે મારા
[illegible] કાંઇક કરી એ વિચાર મારા જુવાની આ પાટીદાર
[illegible]જનોઇઆ બીજા મંદીરીઆ ત્રીજા સ્વામીનારાણુથી પ્યાર
સમજ્યા તે સુધરી કરીને કર્યો ગીતાજીથી પ્યાર...હે મારા
[illegible] જ્ઞાતિ છે. આપણી ગુરૂ મળ્યા ઉધાર
[illegible] પૈસે મોજું કરે છે તેનો કરો કંઇક ખ્યાલ...હે મારા
[illegible] ને આપે સીરો ખવરાવીએ આપણને ના મળે જુવાર
[illegible]ભાઇ ભાઇ સુકાઇ ગયા તેનો કરો વિચાર...હે મારા
[illegible] આપણાં છે ઉનીયાજી ને પિતા બોલે ના[illegible]
[illegible]કરા ભુલી ભટકી એ તેનો કરો વિચાર...હે મારા
[illegible]ીશોહતા પૈસા લઇને નાણાં ભેગાં કર્યાં અપાર
[illegible] આચારને ખરું નહીં ને પારાણાથી પ્યાર...હે મારા
[illegible] સનાતન છે. આપણો આડે અંતથી ન્યાર
[illegible] ઝઘડા મુકી કરી ને મિલાવો એકતાનો તાર ...હે મારા
[illegible] [illegible]૮૩૨ ની સાલે એવો કર્યો વિચાર
[illegible]ારી કાઢીકરીને કબ્રસ્તાનથી પ્યાર...હે મારા
[illegible] પિતા આપણાં ભોળાં અભણ વિશ્વાસે કર્યો વેવાર
[illegible]સંતાન સમજો છો પણ સમજાતું નથી લગાર...હે મારા
[illegible] કહીએ તો લાજી મરીએ ને મુમના કહો તો મરીએ
[illegible]માં કોઇ ગણતું નથી અમો કઈ ચોરાસી ભરીએ...હે મારા
[illegible]રદેશ કાદીઆ ગામે વીસરામ કરે છે પોકાર
[illegible]માંહ્યમાં ઝઘડા મુકી કરો લક્ષ્મીનારાણથી પ્યાર...હે મારા
[illegible] કરો વિચાર મારા જુવાનીઓ પાટીદાર.

સમાચાર વિભાગ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા

★ ★

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનાં

—: યુવક મંડળોને :—

આથી અમે સહર્ષ જણાવીએ છીએ કે અમારા મંડળનાં નિવેદન અને પત્રવ્યવહારને માન આપી આપણાં ઘણાં મંડળોએ તેઓના પ્રત્યુતરમાં અમોને "અખીલ ભારત કચ્છ કડવા પાટીદાર યુવક સંમેલન"ને સફળ બનાવવા બાબત સાથ અને સહકારની બાંહેધરી આપેલ છે. આથી અમારા મંડળે આ સંમેલન યોજવાનું નક્કી કરેલ છે. આ સંમેલનની પૂર્વભુમિકા તૈયાર કરવા માટે દરેક મંડળોના પ્રતિનિધિઓની સભા તા. ૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૧૯૭૨ના દિવસે કલકત્તા ખાતે બોલાવવાનું નક્કી કરેલ છે.

આ બાબત અમોએ અમારી જાણ અનુસારનાં યુવક મંડળોને આમંત્રણ મોકલેલ છે. છતાં પણ દરેક મંડળોનાં અમારી પાસે સરનામાં ન હોતાં તેઓને આમંત્રણ મોકલી શકયા નથી. આથી અમે આ જાહેર નિવેદન દ્વારા આમંત્રણ પાઠવીએ છીએ. કે આપના મંડળનું પ્રતિનિધિત્વ ધરાવતા બે સભ્યોને આ પ્રતિનિધિઓની સભામાં ભાગ લેવા મોકલાવશો.

વિશેષમાં જણાવવાનું કે આપના પ્રતિનિધિઓ તા. ૨૨ ડિસેમ્બર ૭૨ સુધીમાં કલકત્તા પહોંચી આવે તેની નોંધ લેશો. અને તેઓનો આવવાનો ટ્રેન. દિવસ વગેરેનો અહેવાલ અમને આગળથી મોકલાવવા મહેરબાની કરશો, જેથી અમે તેઓને સમયસર સ્ટેશને લેવા જઈ શકીએ.

આપ અમારાં આ આમંત્રણને પૂર્ણમાન આપશો એવી આશા સાથે—

લિ
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
વતી,
"સંમેલન આયોજન સમિતિ"

પત્રવ્યવહારનું સરનામું :
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ-કલકત્તા
C/o. કેશવલાલ એન્ડ કાં.
૬૫/૧ મહર્ષી દેવેન્દ્ર રોડ, કલકત્તા–૬
ફોન નં. ૩૩૩૧૫૬, ૪૬૮૬૫૨ અને ૪૭૩૨૯૪

✻ દરશડી પાટીદાર સમાજ ✻

કચ્છ દરશડી ગામના વર્ષોથી ચાલતા સામાજિક પ્રકરણનો તાજેતરમાંજ શ્રી મણીભાઈ વાલજી તથા શીવગણભાઇ પ્રેમજીભાઇના સતત પ્રયાસોથી સુખદ અંત આવી ગયો છે.

આ પ્રકરણની ટુંકમાં હકીકત એવી છે કે મજકુર ગામના સમાજની "દરશડી પાટીદાર સમાજ"ના નામે રજીસ્ટર થએલ ટ્રસ્ટની તમામ મિલ્કત કેટલાક સ્થાપિત હિતો તરફથી "સતપંથ સમાજ"ના નામે ફેરવી નાખવાની છૂપી કાર્યવાહી ચેરીટી કમિશ્નર સમક્ષ કરવામાં આવી હતી. ચેરીટી કમિશ્નર તરફથી આ વાતની જાહેરાત થતાં મજકુર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા તેમાં હિત ધરાવતા કેટલાક ભાઇઓ તરફથી તેને અટકાવી દેવામાં આવી હતી. અને તેનો તોડ કાઢવા નાતના આગેવાનો સમક્ષ તે રજુ કરી હતી. જ્ઞાતિમાં પણ આ વાતનો પડઘો પડયો હતો.

આ પ્રકરણને ઘરમેળે પતાવવા માટે નાત તરફથી પ્રતિષ્ઠિત છ વ્યકિતઓનું એક લવાદ નીમવામાં આવ્યું હતું તેમાં સર્વ શ્રી ખીમજીભાઇ નાગજી (એમ.એલ.એ.) પ્રેમજીભાઇ પુંજા, પ્રેમજીભાઇ રામજી, મણીભાઇ વાલજી, શામજીભાઇ કરશન તથા કરશનભાઇ રાજાભાઇ હતા.

પંચોએ ચેરીટી કમિશ્નર સમક્ષ ટ્રસ્ટ વિરૂદ્ધ થએલ અરજીને ગેરકાયદે ઠરાવી તેને પાછી ખેંચી લેવાનું ઠરાવ્યું હતું અને બંને પક્ષોનું હિત ધ્યાનમાં લઈ જુના જ્યોતિર્ધામ મંદીર પુરતો વહીવટ તેના પુજકોને આપી બાકીની બધી મીલ્કત ટ્રસ્ટીઓ હસ્તક રાખી હતી. અને સનાતની ભાઇઓને તે મંદીરના વળતર તરીકે રૂા. પચીસ હજાર આપવાનું ઠરાવ્યું હતું. આમ તેની પતાવટ થઇ અંત આવ્યો છે.

★★

વિદર્ભ પ્રદેશની વસ્તી ગણત્રી છાપવાનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, ખરેખર સમગ્ર સમાજને ઉપયોગી ભગીરથ કાર્ય કરવા બદલ શ્રી પાટીદાર યુવક મિત્ર મંડળ, નાગપુરના યુવક બંધુઓએ પૂર્ણ કરેલાં કાર્ય બદલ તેઓ સૌને અભિનંદન આપવા ઘટે.

વિશ્વભરમાં વસતા આપણા જ્ઞાતિ બંધુઓ પ્રદેશવાર પોતપોતાનાં વસ્તી પત્રકો બહાર પાડે તો આપણી સમગ્ર વસ્તીનો ખ્યાલ આવી શકે. આશા છે કે અન્ય પ્રદેશો પણ આમાંથી પ્રેરણા મેળવે.

★

સ્વેચ્છાએ જાગૃતિ માસિકના આજીવન સભ્ય બનનાર
— વ્યક્તિઓની નામાવલી —

૧ પટેલ ધનજીભાઇ વાલજીભાઈ	ઘાટકોપર–મુંબઈ
૨ પટેલ મુળજીભાઇ દેવજીભાઇ	મુંબઈ–૯
૩ પટેલ રામજીભાઈ જેઠાભાઈ	ઘાટકોપર–મુંબઈ
૪ જેઠાલાલ એન્ડ ન્હાનજી બ્રધર્સ	સીકંદરાબાદ
૫ પટેલ નાનજીભાઈ પ્રેમજીભાઇ	ડાકોર
૬ પટેલ રતનશીભાઇ નારણભાઇ	C/o. અમર ટાઇલ્સ–વડોદરા

આશા છે કે ઉપરોક્ત રીતે આજીવન સભ્ય બનનાર વ્યક્તિઓના પુનિત પગલે ચાલી જાગૃતિના હાલના વાર્ષિક ગ્રાહકો પણ માસિકને સહાયક બને. ★

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ઈન્દોર.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ–ઈન્દોર દ્વારા ઉજવાતા નવરાત્રી મહોત્સવના ૧૩મા વર્ષમાં યુવક મંડળ દ્વારા મનોરંજનાર્થે બે સામાજીક નાટકો "વીર પસલી" અને સર્વોદયનું સફળ પ્રદર્શન કરવામાં આવ્યું. આ વખતે નવા સ્થપાયેલ "કિશોર મંડળે" પણ સારી એવી સેવા આપી હતી, અને તા. ૧૪–૧૦–૭૨ના રોજે મળેલ સાધારણ સભામાં (૧) નવચેતન યુવક મંડળ કલકત્તા દ્વારા અખિલ ભારતીય યુવક મંડળોના પ્રતિનિધીઓનું સંમેલન યોજવા થયેલી પહેલને આવકારવામાં આવી અને તેઓના એ ભગીરથ કાર્યમાં સક્રિય સહકાર આપવાનું નક્કી થયું. (૨) માર્ચ એપ્રિલ' ૭૨ માં લેવાયેલ પરીક્ષાઓમાં સારા માર્કસથી પાસ થયેલા આપણી સમાજના વિદ્યાર્થીઓના પ્રોત્સાહનાર્થે ઇનામો આપવાનું નક્કી કરવામાં આવ્યું.

ભીમજીભાઈ એચ. પટેલ
મંત્રી
કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ ઈન્દોર

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

નરોડા રોડ, અમદાવાદ.

મંડળની સ્થાપના:- સમુહ પ્રતિજ્ઞા લઈને તા. ૨૯-૮-૭૦ને શનિવારના રોજ

મંડળનો મુખ્ય ઉદ્દેશ:- છુટા છવાયા જ્ઞાતિભાઈઓને એકત્ર કરી સમાજ કલ્યાણ તથા શિક્ષણ ક્ષેત્રે આગેકૂચ કરવાનો

કારોબારી સમિતિ

પ્રમુખ	પટેલ દેવજીભાઈ ખીમજીભાઈ
ઉપપ્રમુખ	પટેલ લક્ષ્મણભાઈ પ્રેમજીભાઈ
મંત્રી	પટેલ વિઠ્ઠલભાઈ મેઘાભાઈ
સહમંત્રી	પટેલ દેવજીભાઈ રામજીભાઈ
કોષાધ્યક્ષ	દામુભાઈ ડી. પટેલ

તા. ૨૭-૮-૭૨ના રોજ ઉપરોક્ત મંડળનાં સમુહમિલન સમારંભના ઉપક્રમે આનંદ સિનેમા નરોડામાં એક ફિલ્મ શો "ખાનદાન" નું આયોજન કરવામાં આવ્યું હતું, સમારંભમાં અતિથિ વિશેષ તરીકે અબડાસા તાલુકાના લોકપ્રિય ધારાસભ્ય, **શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ પટેલ** પધાર્યા હતા. તેમણે યુવાન વર્ગને પ્રેરક અને બોધદાયક પ્રવચન કર્યું હતું સમારંભનું પ્રમુખ સ્થાન અમદાવાદ પાટીદાર સમાજના અગ્રગણ્ય કાર્યકર **શ્રી વિશ્રામભાઈ ખીમજીભાઈ પટેલે** સંભાળ્યું હતુ તથા વડીલોમાંથી શ્રી જેઠાભાઈ પુંજાભાઈ શ્રી શીવજીભાઈ દેવશીભાઈ તથા વેલજીભાઈ રામજીભાઈએ પણ પ્રસંગને અનુરૂપ પ્રવચનો કર્યા હતાં.

અંતમાં મંડળના પ્રમુખ શ્રી દેવજીભાઈ ખીમજીભાઈએ આભારવિધિ કરી હતી.

મંત્રી

દુ:ખદ અવસાન

અમીનપુરા તા. કપડવંજના સ્વ. નારણભાઈ હરજીભાઈના જ્યેષ્ઠ દીકરા અંબાલાલ નારણભાઈ તા. ૧૦-૯-૭૨ ના રોજ હૃદય રોગના ઓચિંતા હુમલાથી ૨૫ વર્ષની વયે અકાળ અવસાન પામ્યા છે. તેમની પાછળ ત્રણ સંતાનો તથા નાનાં ૭ ભાઈબહેનોને નિરાધાર બનાવી ગયા છે. વળી બહુમના પિતાજી સ્વ. નારણભાઈ હરજીભાઈ પણ ૪૩ વર્ષની યુવાન વયે સ્વર્ગસ્થ થયા હતા જેથી ઉપરાઉપરી આ કુદરતી કારી ઘાથી પાછળના કુટુંબ માથે વિકટ અસહ્ય જવાબદારી અને દુ:ખ સહન કરવાની શકિત આપે.

આપણું ગૌરવ ✻ શ્રેષ્ઠ વિદ્યાર્થી



નાનજીભાઈ પી. પટેલ

★★

અત્રે ડાકોરમાં આવેલા પટેલ સો મીલના માલિક શ્રી પ્રેમજીભાઇ ખેતશીભાઇના ચિ. શ્રી નાનજીભાઈ, ભવન્સ જશોદાબેન કોમર્સ કોલેજમાં એફ.વાય.બી.કોમ. માં અભ્યાસ કરે છે. ૧૯૭૧–૭૨ના વર્ષમાં ભાઈશ્રીએ જનરલ સેક્રેટરી તરીકે સુંદર સેવા બજાવી છે. તેમ છતાંય અભ્યાસમા તે આગળ જ રહ્યા છે. આથી તેમને ઉત્તમ પ્રતિભા ધરાવતા કોલેજના 'શ્રેષ્ઠ વિદ્યાર્થી'નો એવોર્ડ આપી બહુમાન કરવામાં આવ્યું છે. નાનજીભાઇને ભારતીય વિદ્યાભવન મુંબઈ તરફથી 'કુલપતિ ગોલ્ડમેડલ' આપવામાં આવનાર છે.

ધર્મ કે અત્યાચાર ?

ખેડબ્રહ્મા ગામે એક સનાતનીભાઇ શ્રી સોમજીભાઈ લધાભાઇ પોતાને સનાતની તરીકે ઓળખાવે છે. પણ તેને ગામમાં ઘર નથી, સીમમાં ખેતર નથી એવા એ ભાઇ ખેડબ્રહ્મામાં પીરાણાપંથી સતપંથ સમાજ વાડીના નામે ઓળખાતી વાડીમાં તે રહે છે. જ્યારે સોમજી લધાનાં ધર્મ પત્નીનું અવસાન થતાં તે બીચારા સનાતન પ્રેમી ભાઇએ તેને ખેડબ્રહ્મા ત્રીવેણી સંગમ ઉપર અગ્નિદાહ આપવાનું નક્કી કર્યું અને ખેડબ્રહ્મામાં વસતા બીજા સનાતનભાઇઓ પણ સ્મશાન યાત્રામાં જોડાયા પણ ખેડબ્રહ્મા આજુબાજુના સતપંથી ભાઇઓ વધારે પ્રમાણમાં થતાં તેને બળજબરીથી, જોહુકમીથી તે મદડાંને નદીના કિનારે દફનાવવું પડયું. તેમાં ખેડબ્રહ્મા વિભાગના સનાતનીભાઈ પણ સાથે હતા પણ બિચારા શું કરે, કારણ કે તે સતપંથીઓના દબાણમાં કંઈ પણ કરી શકે તેમ ન હોઇ આખરે એક સનાતન પ્રેમી ભાઇ તરીકે ઓળખાતા શ્રી સોમજીભાઇ લધાભાઇને નમતું જોખવું પડયુ કારણ કે તે સતપંથા સમાજ વાડીમાં રહે છે. જેથી આ રીતે તે ભાઇને ધર્મ પણ સાચવવામાં તકલીફ પડે છે, પણ તે ભાઈ સોમજી લધા તે સતપથાઓના સાળા–મામા થતા હોઈ તેનું ચાલે તેમ નથી

★

વધુ અભ્યાસ માટે વિદેશગમન

અમીનપુરા તા કપડવંજના રહીશ પટેલ રવજીભાઇ સંગ્રામભાઇના ચિ. **મગનલાલ રવજીભાઇ પટેલ** બી. એસ. મીકેનીકલ એન્જીનીયરીંગના વધુ અભ્યાસ અર્થે અમેરિકા–શીકાગો જવા તા ૨૮–૯–૭૨ ના સાંજના ૨–૨૦ વાગે ઉપડતા લુફથાન્સા જર્મન એર લાઇન્સના જંબુજેટ વિમાનમાં રવાના થઇ ગયા છે.

તેમને સન્માનવા તા. ૨૬–૯–૭૨ ના રોજ અમીનપુરા ગામે રવજીભાઈ સંગ્રામભાઇના નિવાસ સ્થાને નવામુવાડા તા. કપડવંજના પટેલ પ્રેમજીભાઈ લઘાભાઇના પ્રમુખપણા હેઠળ સવારના ૯–૩૦ વાગે સમારંભ રાખવામાં આવ્યો હતો અને તેનું સંચાલન શ્રી મથુરભાઇ રામજીભાઇ પટલે કર્યું હતું.

શ્રી મગનલાલ રવજીભાઇએ સને ૧૯૬૮ માં આણંદ વલ્લભવિદ્યાનગરમાં સરદાર વલ્લભભાઇ પટેલ યુનિવર્સિટીમાં ૫૮ %થી પ્રી સાયન્સ કર્યું છે અને સને ૧૯૭૧ માં મીકેનીકલ એન્જીનીયરીંગ ડીગ્રી ૬૨ % થી મેળવી છે.

અમીનપુરા ગામમાં દુઃખદ અવસાનનો બનાવ તાજેતરમાં બન્યો છે વળી આ વિસ્તારમાં વરસાદની અછતની કપરી પરિસ્થિતિના લીધે આ સમારંભ બહુજ સાદાઇથી ઉજવવામાં આવ્યો હતો.

સમારંભના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ લઘાભાઇ પટેલ મોતીભાઇ રણછોડભાઈ દેશાઇ કરશનભાઇ દેવજીભાઇ પટેલ, હીરજીભાઇ માવજીભાઇ પટેલ તથા ખંડાલ, માનરીયા પ્રા. શાળાના શિક્ષક શ્રી છોટાભાઇ અને મથુરભાઈ રામજીભાઇએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. તેમાં અમેરિકા જતાં થનાર ખર્ચ અને તેમના વાલીઓએ સેવેલી અભિલાષા ધ્યાનમાં લઇ અમેરીકાની લપસણી ભૂમિમાં લપસી ન જવાય અને પોતાના કુટુંબ, ન્યાત, સમાજ તેમજ આપણા દેશને ઉપયોગી નીવડે તેવું શિક્ષણ મેળવી સમાજની પ્રગતિમાં સહાયક થાય તેવી સફળતા ઇચ્છતાં સૌએ ફુલહારવિધિ કરી વિદાય આપી હતી

★

મફેટ ગુજરાતી મંડળ—

અત્રે ચાલુ વર્ષે પટેલ, શાહ તેમજ બ્રાહ્મણ જ્ઞાતિના ગુજરાતી મંડળે નવરાત્રી મહોત્સવ દરમિયાન રાસ, ગરબાનો મનોરંજન કાર્યક્રમ ગોઠવી જનતાને આનંદની લહાણ પીરસી હતી.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, તલોદ.

તા. ૩-૧૦-૭૨ ના રોજ મંડળની સામાન્ય સભા શ્રી કચ્છી પાટીદાર સમાજ વાડીમાં રાત્રે ૮-૦૦ કલાકે મળેલ અને સંવત ૨૦૨૯ની સાલ માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

પ્રમુખ	વાલજીભાઇ લધાભાઇ પટેલ
ઉપપ્રમુખ	મુળજીભાઇ કરશનભાઇ પટેલ
મંત્રી	મોહનલાલ ગંગારામ પટેલ
સહમંત્રી	મગનભાઇ મુળજીભાઇ પટેલ
ટ્રેઝરર	લાલજીભાઈ સોમજીભાઇ પટેલ

— કારોબારીના સભ્યો —

(૧) ...ભાઇ લધાભાઇ પટેલ (પ્રિ)
(૨) રામજીભાઇ જેઠાભાઇ પટેલ
(૩) કરશનભાઇ વાલજીભાઈ પટેલ
(૪) મણીભાઇ છગનભાઇ પટેલ
(૫) ધરમશીભાઇ વાલજીભાઈ પટેલ
(૬) ડાહ્યાભાઇ દેવસીભાઇ પટેલ

લિ.
મંત્રી : મોહનલાલ જી પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, તલોદ

શ્રી રણજીતપુરા હાઇસ્કૂલ

રણજીતપુરા. તા. બાલાશિનોર જિ. ખેડા.

રણજીતપુરા લાટ (ખરોડકંપા)માં શરૂ થયેલી રણજીતપુરા હાઇસ્કૂલ ઉત્તરોત્તર પ્રગતિના પંથે પ્રયાણ કરી રહી છે,

જૂન ૭૨થી ધો.-૧૧નો વર્ગ શરૂ થયો છે. તથા શાળા સતત પ્રવૃત્તિમય વાતાવરણથી વિકસતી જાય છે. ચાલુ સાલે બાલાશિનોર તાલુકાના ક્રિડા મહોત્સવમાં વ્યક્તિગત ૧૦ રમતોમાં પ્રથમ નંબર મેળવીને શ્રી રણજીતપુરા હાઇસ્કૂલ તાલુકા ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરે છે. નાની સંસ્થા હોવા છતાં આચાર્યશ્રીના સુંદર સંચાલન તથા કેળવણી મંડળના સહકાર અને વિદ્યાર્થીઓના ઉત્સાહના કારણે શાળા ઝડપી પ્રગતિ કરી રહી છે. વળી રમતોત્સવમાં બહેનોએ પણ ૪ રમતોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શાળાના ઝડપી વિકાસ માટે કેળવણી મંડળ તથા ગ્રામજનો પણ સતત સહકાર આપી રહ્યા છે. તથા ચાલુ સાલે અંદાજે ૧ લાખ ૫૦ હજારના ખર્ચે શાળાનું મકાન બાંધવાની પ્રવૃત્તિ પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

શ્રી પાટીદાર યુવક મંડળ–મુંબઈ

ચાલુ વરસે પંદરમી ઓગસ્ટથી મુંબઈ પાટીદાર યુવક મંડળ પાંચમા વરસમાં પ્રવેશે છે. મંડળની ગત પંચવર્ષીય કાર્યવાહી સંપુર્ણ સફળ અને પ્રવૃત્તિમય રહી હતી. ઉપરોક્ત મંડળની સ્થાપના પછી જાગૃતિ માસિકમાં આ અમારો પ્રથમ અહેવાલ રજુ કરીએ છીએ.

શ્રી પાટીદાર યુવક મંડળના હેતુઓ :

★ મુંબઈના વિવિધ પરામાં રહેતા ભાઈ બહેનોનું સંગઠન કરવું.

★ પાટીદાર જ્ઞાતિના અન્ય સામાજિક સંસ્થાઓ, યુવક મંડળો વચ્ચે કડીરૂપ બનવાનું.

શાળા કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને યોગ્ય સહાય કરવી તેમજ શૈક્ષણિક કાર્યક્રમો ઘડવા જેવા કે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે બુકબેંક ચલાવવી, લાયબ્રેરીનું સંચાલન કરવું વગેરે વગેરે.

★ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પર્યટનો, મેળાવડાઓ તથા અન્ય સામાજિક પ્રોત્સાહિત પ્રવૃત્તિઓ યોજવી બાળકલ્યાણ કેન્દ્ર દ્વારા નાનાં બાળકોને લાભદાયક પ્રવૃતિઓનું સંચાલન કરવું.

અહેવાલ : ચાલુ વરસની કારોબારીની ચૂંટણી તથા ગત વરસે યોજાયેલ રાસ, ગરબા નાટક વગેરેના ઇનામ વિતરણ માટે તા. ૧૩/૮ના રોજે એક આમ જનરલ સભા બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે આપણી જ્ઞાતિના વડીલજનોને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનનીય શ્રી મણિભાઈ પૂંજાભાઈના વરદ હસ્તે લગભગ ૧૦૨ જેટલાં નાના મોટાં ભાઈબહેનોને ઇનામ રૂપે સ્ટીલની ડીશ ભેટ આપવામાં આવી હતી. રાસગરબા અને દાંડિયા રાસના સંચાલક શ્રી ગોવિંદભાઈ માકાણી તથા નાટકના દિર્ગદર્શક ભાઇશ્રી શ્રોફને પણ ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપે સ્ટીલનો એક એક સેટ ભેટ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે હાજર રહેલા મુંબઈ સમાજના મંત્રી શ્રી માવજીભાઇ પોકાર તથા કચ્છ પાટીદાર ટ્રસ્ટ ફંડના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રણમલભાઇએ યુવક ભાઈઓની પ્રવૃતિને બિરદાવી હતી ગોવિંદભાઈ માકાણીએ આપણી ૮ થી ૧૫ વરસની બેનોએ રાસગરબાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે જે અનેરો ઉત્સાહ અને જિજ્ઞાસા દાખવી તે માટે બેનોનો તેમજ તેથી વિશેષ તેમના વડીલ જનોનો ખૂબખૂબ આભાર માન્યો હતો.

ત્યાર બાદ યુવક મંડળના મંત્રી શ્રી દામજીભાઈ વેલાણીએ પાટીદાર યુવક મંડળની પ્રવૃતિઓનો ટૂંકમાં ખ્યાલ આપ્યો હતો. મંડળ દ્વારા સંચાલિત કોલેજ

બુક બેંકની સ્કીમમાં દર વરસે લગભગ ૫૦ જેટલા કોલેજીયન ભાઇ-બહેનોને તમામ ચોપડી આપવામાં આવે છે. સરેરાશ દરવરસે રૂ. ૧૫૦૦)ની બુકોનો વધારો કરાય છે. શ્રી મણીભાઈ પુંજાભાઈએ બુકએન્ક સ્કીમ માટે તેમજ ભાઇબેનોને રાસગરબાની લ્હાણી માટે અનુક્રમે રૂ. ૫૦૧) અને રૂ. ૨૦૧) આપ્યા હતા. અને પાટીદાર યુવક મંડળે તેનો સાભાર સ્વીકાર કર્યો હતો. અને ભવિષ્યમાં મંડળની પ્રવૃતિ આમ જનસમુદાયના લાભાર્થે થતી રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

સમારંભની પૂર્ણાહુતિ બાદ મંડળની કારોબારીની ચૂંટણી ભાઇશ્રી તુલશીભાઇ પોકાર, રૂકમણીબેન અને અર્જુનદેવ પોકારની વ્યવસ્થા નીચે યોજવામાં આવી હતી. આ ચૂંટણીમાં નીચે મુજબ ૧૫ ભાઇઓ ચૂંટાયેલા જાહેર થયા હતા.

નામાવલિ તથા સભ્યોની કાર્યવાહી.

પ્રમુખ : ડો. શ્રી રામજીભાઇ લાલજી ચોપડા M. B. B. S (Bom)
ઉપ પ્રમુખ : શ્રી દામજીભાઈ દેવસી વેલાણી Bsc. Maths
મંત્રી : શ્રી ભરતકુમાર ગોપાલજી પોકાર Bsc.
સહમંત્રી : શ્રી કાન્તિલાલ લાલજી ચોપડા IInd M B B. S.
,, શ્રી અરૂણકુમાર હંસરાજ નાકરાણી Int, Commerce
મેગેઝીન લાયબ્રેરી શ્રી લાલજીભાઇ કરશનભાઈ ચોપડા B. Arch A. I. I. A
ખજાનચી શ્રી રમેશચંદ્ર ગોપાલજી રાજાણી B. Com (Jr.)
પર્યટન-મનોરંજન શ્રી ભગવાનજી નાનજી વેલાણી Bsc. (Jr)
શ્રી ગીરધરલાલ ગોપાલ લીંબાણી B Com (Jr)
શ્રી નારણભાઇ અબજી નાકરાણી BSc (Sr)

અન્ય કારોબારી સભ્યો.

શ્રી લખમસીભાઇ રવજી IInd Eng
શ્રી મોહનલાલ દેવજી પટેલ
શ્રી મનજી દેવસી પટેલ
શ્રી પ્રેમચંદ કરશન પટેલ
શ્રી તુલસીદાસ પરબત પટેલ

આ ઉપરાંત બહુમતિએ નીચે મુજબ ત્રણ ભાઇઓને (Co opt) સહાયક તરીકે કારોબારીમાં સામેલ કર્યા હતા.

સર્વ શ્રી —શ્રીધીરૂભાઇ વિશ્રામ રંગાણી
શ્રી અર્જુનદેવ ગોપાલજી
શ્રી ભરતકુમાર કેશરા પટેલ DCivil Eng

પાટીદાર યુવક મંડળ વતી
ચોપડા લાલજી કરશનદાસ



સ્વ. પ્રવીણકુમાર નારણદાસ પટેલ

દીપક બુઝાઈ ગયો !

કચ્છ ઘડુલીના વતની તેમજ અમદાવાદની જાણીતી શ્રી ઉમીયા વિજય સો મીલના માલિક શ્રી દેવસીભાઈ રામજીભાઈ પટેલના પૌત્ર તેમજ શ્રી નારણભાઈ દેવસી પટેલના સુપુત્ર ચિ. પ્રવીણકુમારનું ગત માર્ચ માસમાં બી કોમ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી ધંધાર્થે પગરણ આદરતાં તેમજ પ્રભુતામાં પગલાં પાડ્યાં પછી પુરા એક માસે તા. ૧-૧૦-૭૨ ના રોજ અકાળે દુઃખદ અવસાન થયું છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને શાંતિ અર્પે તેમજ તેના નિર્ધનથી તેનાં માતા પિતા, કુટુંબીજનો તેમજ મિત્ર વર્તુળને પડેલી ખોટ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ અર્પો એજ અભ્યર્થના.

દુઃખદ અવસાન

અત્રે મુંબઈમાં મલાડ મધ્યે ગત તા. ૨૦-૯-૭૨ ના રોજ ખીમજી નારણ એન્ડ કું. ના ભાગીદાર ખીમજીભાઈ દેવસીભાઈ પટેલના પિતાજી શ્રી દેવસીભાઈ સોમજીભાઈ પટેલનું ૮૫ વર્ષની ઉમરે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થના સ્મરણાર્થે શ્રી ખીમજીભાઈ ડી. પટેલ તરફથી શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી મંડળ તેમ જ કન્યા છાત્રાલય, ઘનસુરાને ભોજન પેટે રૂા. ૫૧-૦૦ એકાવન રૂપિયા આપવામાં આવ્યા છે

શ્રી પાટીદાર યુવક મંડળ,

શ્રી પાટીદાર સમાજ ભવન, મદનમહનં, નાગપુર રોડ,

જબલપુર-૧ (મ. પ્ર.)

શ્રી પાટીદાર યુવક મંડળ જબલપુર તરફથી નવરાત્રી ઉત્સવ ખૂબ ધામધૂમથી મનાવવામાં આવેલ હતો. જેમાં રાસ દાંડીયા તેમજ રાધા કૃષ્ણની રાસલીલાનો પ્રોગ્રામ નવદિવસ બહુજ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો. ત્યાર બાદ શરદપૂર્ણિમાની રાત્રે રાસ તેમજ નાના પ્રકારની રમત ગમત અને ભજન વગેરેના કાર્યક્રમથી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ નવયુવક મંડળની ચુંટણી કરવામાં આવી શ્રી પ્રભુદાસ મહારાજના અધ્યક્ષપદે આ મીટીંગ રાખવામાં આવી હતી. તેમાં ચાલુ વર્ષના આવક તથા ખર્ચનો અહેવાલ મંત્રી શ્રી વીરેન્દ્રકુમારે વાંચી સંભળાવ્યો હતો. અને એ ચુંટણીમાં નીચે હોદ્દેદારોની બહુમતી થી ચુંટણી કરવામાં આવી હતી.

૧ પ્રમુખ	શ્રી શીવજીભાઈ પ્રેમજીભાઈ	પટેલ
૨ ઉપ-પ્રમુખ	" વીરેન્દ્રકુમાર બાવજીભાઈ	"
૩ મંત્રી	" ચંદુલાલ જીવરાજભાઈ	"
૪ સહમંત્રી	" વાલજીભાઈ અરજણભાઈ	"
૫ ખજાનતી	" કરમશીભાઈ ડાહ્યાભાઈ	"

સભ્ય

૧ મગનલાલ રાજાભાઈ	પટેલ
૨ શીવજીભાઇ નથુભાઇ	"
૩ લાલજીભાઈ પ્રેમજીભાઈ	"
૪ ભાણજીભાઈ હરજીભાઈ	"
૫ મણીલાલ ભાણજીભાઈ	"
૬ દેવસીભાઈ કાનજીભાઈ	"
૭ રવજીભાઇ કાનજીભાઇ	"
૮ બાબુલાલ નાનજીભાઇ	"

ચંદુલાલ જીવરાજ પટેલ
મંત્રી, શ્રી પાટીદાર યુવક મંડળ.

પાટીદાર યુવક મંડળ—સાગર

સાગર (મ .પ્ર.) માં આપણા સમાજમાં વર્ષ ૧૯૭૧–૭૨ ની વાર્ષિક પરીક્ષામાં કુલ ૮૪ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેનું પરિણામ ૯૨.૮% આવ્યું છે. આમાંથી ૨૯ વિદ્યાર્થીઓ પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયા છે. અહી આર્ટસ, સાયન્સ કોમર્સ, લો બધી શાખાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વર્ષે શ્રી હરીલાલ ભીમજી, હાયર સેકેન્ડરીની પરીક્ષામાં કોમર્સ વિષય સાથે તેમની સ્કૂલમાં ફ્રસ્ટ કલાસ ફસ્ટમાં પાસ થયેલ છે. તે સિવાય બી. એસ. સી. પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અબજીભાઇ મેઘજી, ફ્રસ્ટકલાસથી પાસ મેડીકલ કોલેજ, ઇન્દોરમાં દાખલ થઇ ગયો છે.

આ પરીક્ષાઓમાં સારા ગુણ (૬૦% ઉપર) મેળવી પાસ થયેલા વિદ્યાર્થીઓને શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સાગર તરફથી ઇનામો આપવામાં આવશે. યુનિવર્સીટીના વિદ્યાર્થીઓમાં અબજીભાઇ મેઘજી બી. એસ. સી. પ્રથમ વર્ષ તથા કેશવલાલ વીરજી એલ. એલ. બી. પ્રથમ વર્ષને સારા ગુણાંક માટે પારિતોષિક આપવામાં આવશે. હાઇસ્કૂલના વિદ્યાર્થીઓમાં ત્રણ વિદ્યાર્થીઓ (૧) વીરજીભાઈ મેઘજી (૨) મનજીભાઈ ભાણજી (૩) હરીલાલ ભીમજીને યોગ્યતા બદલ ઇનામો આપવામાં આવશે.

નીચેના ધોરણોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સારા ગુણ મેળવી પાસ થયેલ વિદ્યાર્થીઓને યોગ્યતા બદલ ઇનામો આપવામાં આવશે.

લિ. પાટીદાર યુવક મંડળ વતી.
ઉપપ્રમુખ : હીરજીભાઇ જેઠાભાઇ પટેલ

★ ★

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ : પુના

✻ નવરાત્રી મહોત્સવ ✻

અત્રે વસ્તા સમાજ તરફથી આ વર્ષે નવરાત્રી મહોત્સવ શ્રી આશાપુરા સો મીલના ભવ્ય પટાંગણમાં શાનદાર રીતે ઉજવવામાં આવ્યો. મંડપમાં કુળદેવી શ્રી ઉમીયા માતાજીના ઉંઝામાં આવેલ મંદિરનું આબેહુબ ચિત્ર રજુ કરવામાં આવ્યું હતું. કચ્છમાં ગામ શ્રી ટોડીયાથી પધારેલ શ્રી શિવદાસ મનજી દિવાણીના પ્રમુખ પદે બહેનોને ભેટ અર્પણ કરવામાં આવી હતી. તથા પુર્ણાહુતિ પ્રસંગે પ્રસંગને અનુરૂપ પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા અન્ય વકતાઓએ પ્રવચન કર્યા હતાં. અંતમાં સહુ ઉલ્લાસ ભેર વિખરાયા હતા.

✻

❋ સન્માન સમારંભ

અત્રે બોરડીટીંબા મુકામે તા. ૫–૧૦–૭૨ ના રોજ સંવત ૨૦૨૮ ની દીવાળીની સલૂણી સંધ્યાએ ગ્રામજનો તરફથી ગામનાંજ કેળવણીકાર અને તલોદ એસ. એમ. પંચાલ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતીલાલ એલ. પટેલને સન્માનવાનો એક શાનદાર સમારંભ યોજવામા આવ્યો હતો.

બાલિકાઓના સંસ્કૃત સ્તવનથી સમારંભની શરૂઆત થઈ હતી. ત્યારબાદ રતિલાલ કે. પટેલે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પછીથી મહેમાનોને ફૂલહાર કર્યા બાદ ડો. ડી. કે. પટેલે તેઓનો પરિચય કરાવ્યો હતો. અને શ્રી કરશનદાસ એચ. પટેલે ગામના ભૂતકાળથી માંડી આજ દિવસ સુધીના ઇતિહાસની ઝાંખી કરાવી હતી.

ત્યારબાદ શ્રી મગનભાઇ એચ. પટેલે બહારથી આવેલા સંદેશાઓનું વાંચન કર્યું હતું. અને બાબુભાઇ એચ. પટેલે સન્માનપત્ર વાંચન કર્યા બાદ સમારંભના અતિથિવિશેષ શ્રી શાંતુભાઇ ચુનીભાઇ પટેલના હસ્તે સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ નીચે મુજબના વકતાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

ડા. ડી. કે. પટેલ :– પ્રિ. રતિભાઇ પર આવેલી જવાબદારી એ ખરેખર તો કાંટાળો તાજ છે. છતાં વિદ્યાર્થીજગત તેમજ અન્ય સૌનો પ્રેમ સંપાદન કરી તેઓશ્રી કાંટાળા તાજને મુગટમાં ફેરવી શકશે.

વિશ્રામભાઈ નથુભાઈ પટેલ :– આજે આપણે શ્રીયુત રતિલાલનું કે તેમની કેળવણીનું નહીં પરંતુ તેમનામાં રહેલા સદ્‌ગુણોનું સન્માન કરીએ છીએ. ભાવિ પેઢીને આમાંથી પ્રેરણા મળશે. કેળવણી મેળવી વિવિધક્ષેત્રે સારાં રત્નો કામ કરે તે સમાજનું ગૌરવ છે. શ્રી રતિભાઈ ગામ તેમજ સમાજ માટે દીવાદાંડીરૂપ છે. તેઓ માત્ર ગામ કે સમાજનું જ નહિ પરંતુ સમગ્ર જિલ્લાનું ભુષણ બની રહે તેમ ઇચ્છીએ. તેમનામાં સંસ્કારોનું સિંચન કરનાર તેમનાં માતાપિતાનું સન્માન કરવુ જોઇએ.

નાનજીભાઈ કે. પટેલ :– શ્રી રતિભાઇને પ્રિન્સિપાલ તરીકે બઢતી મળતાં આજ સમારંભ ગોઠવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તે બદલ તેમનાં માતાપિતા અભિનંદનનાં અધિકારી છે. એટલું જ નહિ તલોદ કેળવણી મંડળના ફાળે પણ એ યશ જાય છે. તેઓશ્રીના સ્વભાવ અને રીતભાત પરથીજ તેમને ઉચ્ચ પદવી મળી છે. ભાવિ કારકીર્દિ હજુ પણ વધુ ઉજ્જવળ બને એવી મહેચ્છા.

આમજીભાઇ એસ. પટેલ :– શ્રી ક. ક. પા. સ. સ યુ. મંડળ,-ધનસુરા સમાજમાં કેળવણીની ભુખ હતી. અનેહજુ પણ છે. વડીલોએ સંકટો વેઠી બાળકોને કેળવણી આપી છે. તો યુવાનો તેનો સદ્‌ઉપયોગ કરે આજે આપણે સાચી વિદ્યાનુ ફળ મેળવીએ છીએ.

શ્રી હીરજીભાઇ કે. પટેલ :– પ્રમુખ શ્રી ક. ક. પા સ. સમાજ રતિલાલનો સન્માન સમારંભ ગોઠવીને સુંદર કાર્ય થયુ છે તેઓશ્રી ને દરેક ક્ષેત્રમાં તેમજ સમાજ પ્રત્યે પ્રેમ છે. નવયુવાનોને વિનંતી છે. કે તેઓ શ્રી રતિલાલના જીવનમાંથી પ્રેરણા મેળવે.

શ્રી વાડીભાઈ કે. પટેલ :– ગૃહપતિ શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન ધનસુરા. આજે જે સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે તે પ્રસંશનીય છે. આજે વિદ્યાનું સન્માન થઇ રહ્યુ છે. શિક્ષણક્ષેત્રે આ કંપો ખૂબ આગળ છે. તે આનંદની વાત છે. અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શ્રી રતિભાઇ વડીલો સાથે પણ સુમેળ સાધી શકે છે સૌ કોઇ એમાંથી પ્રેરણા મેળવે.

ચંદુભાઈ ડી. પટેલ : તલોદ મનુષ્યના જીવન ઘડતરનું કાર્ય પ્રાથમિક શાળાના શિક્ષકથી શરૂ થાય છે. શ્રી. રતિભાઇના સદ્‌ગુણોની આપણે પ્રશંસા કરીએ છીએ કેળવણી મંડળે પણ સદ્‌ગુણોની કદર કરી છે. આજે જીવનમાં જ્ઞાનની સૌ કોઈને ભૂખ છે. ભાવિ પેઢીની સગવડ માટે આ કારખાનાંઓને ફૂલ નહી તો ફૂલની પાંખડી આપી શ્રી રતિભાઈ ને સાથ સહકાર આપીએ.

ડા. હીરૂભાઈ એમ. પટેલ : ધરમેડા કંપા—શ્રી રતિભાઇ ને માર્ગદર્શન ન મળેલુ હોવા છતાં તેમણે જે પ્રગતિ સાધી છે અને તેમનાં વડીલોએ કેળવણી આપી છે. તે બદલ તેઓ અભિનંદનને પાત્ર છે. તેઓશ્રીને સન્માનવા બદલ યુવકમંડળનો આભારી છું. પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષે.

ગંગારામ નાનજીભાઈ પટેલ બહામકંપા—શ્રી રતિભાઇના ગુણોનું વર્ણન કરીએ તેટલુ ઓછુ છે માતાપિતાએ તો બાળકોને શિક્ષણ આપવાની ફરજ અદા કરી. પણ આજે ભણનાર છે ત્યાં ભણાવનાર નથી, અને ભણાવનાર છે ત્યાં ભણનાર નથી, તો રતિભાઇએ નાનપણથી જ મૂશ્કેલીઓ વેઠી, શિક્ષણ મેળવી ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કર્યો છે. તેમનુ ભાવિ જીવન વધુ ઉજજવળ બને એવી મહેચ્છા.

પ્રેમજીભાઈ એ પટેલ ધનસુરા : શ્રી રતિભાઇ પ્રિન્સિપાલ બન્યા એ સમાજનું ગૌરવ છે તેમનામાં રહેલા રચનાત્મક ગુણોથી જ તેમણે સારો હોદ્દો મેળવ્યો છે. તેઓ વધુ કાર્યદક્ષ બને. ઉજજવળ કારકીર્દિ મેળવે અને દીર્ઘાયુ બને એવી અભિલાષા.

પ્રો. કે. વી. પટેલ તલોદ—શ્રી રતિભાઈની કામ કરવાની ધગશ, કાર્યદક્ષતા અને વિચક્ષણ શક્તિથી જ તેઓશ્રીને આ પદ મળ્યું છે. અત્યાર સુધી તેઓ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા છે. તેમની વિચક્ષણ બુધ્ધિથી ગમે તેવા સંજોગો-માંથી પણ માર્ગ કાઢી શકાશે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી અભિલાષા.

પ્રો. ગોવીંદભાઇ વી. પટેલ બહામકંપા:—આધ્યાત્મિક (શિક્ષણ જેવી) અને ભૌતિક (વિજળીની સગવડો વગેરે) સુખો ગામને મળ્યાં છે તે શ્રી રતિભાઇને આભારી છે. તેઓશ્રી પાસેથી નવયુવકો પણ પ્રેરણા મેળવે એવી અભિલાષા. તેમની પ્રેરણાથી જ ગામે શિક્ષણક્ષેત્રે ઠીકઠીક પ્રગતિ સાધી છે.

અતિથિવિશેષ શ્રી શાંતુભાઇ પટેલ:— આજનો સમારંભ આવકારદાયક છે. કેળવણીક્ષેત્રે પડેલા ભાઇઓની કદર થવી જોઇએ અને તેવી કદર આ ગામના ભાઇઓએ કરી છે. પરમાત્માનો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેમનાં માતાપિતા પણ સન્માનનીય છે. અત્યારના યુગમાં શિક્ષણ, ખેતી અને ઉદ્યોગક્ષેત્રે આગળ આવવા પ્રયત્નશીલ બનવું જોઇએ. આઝાદી પછી એ બધા ક્ષેત્રોમાં પ્રગતિ થઈ રહી છે. સૌ કોઇ પોતપોતાના ક્ષેત્રમાં ઉત્પાદન વૃધ્ધિ કરવા પ્રયત્નશીલ છે. વૈજ્ઞાનિક ઢબે ખેતી કરી વધુ ઉત્પાદન કરવું જોઇએ નાના મોટા ખેડૂતોએ બજેટ નક્કી કરીને જ ઉત્પાદન વૃધ્ધિ પર ભારમૂકવો જોઇએ. સમાજનાં મોટા ખેડુતોએ અન્ય નાના–નાના ખેડુતોને ખેતીવાડી માટેની સમજ પુરી પાડવી જોઇએ રાજકારણ દરેક ક્ષેત્રોમાં પ્રવેશેલું હોય છતાં પણ જે કેઈ કાર્ય હાથમાં લઇએ તે જવાબદારી પૂર્વક અદા કરવા માટે હિંમત દાખવવી જોઇએ. આપણે આગળ વધવા જવાબદારી લઇએ શ્રી રતિભાઇએ જવાબદારી સ્વીકારી છે. કોઇપણ સંસ્થાની જવાબદારી લેવામાં અનેક મૂશ્કેલીઓ આવે પણ હિંમતથી તેનો સામનો કરવામાં આવે તો કુદરત જરૂર મદદ કરે છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં સંખ્યાની જે ખોટ પડે છે. તે પૂરવા માટે આપ સૌએ પણ પુરેપુરો સહકાર આપવાની જરૂર છે સંસ્થાનું સંચાલન સારી રીતે થાય તે માટે નિષ્ઠાપુર્વક કાર્યરત રહેવું જોઇએ.

પ્રિ. રતિલાલ એલ. પટેલ: ગામના નાગરિકો મારું સન્માન કરે તેથી હું જરૂર શરમિંદો બનું છું આ પ્રસંગ ઉપસ્થિત ન થાય એ માટે મેં પ્રયત્ન કર્યો પરંતુ તમારા સૌના પ્રેમથી હું તે ટાળી ન શક્યો. મારાં માતા–પિતાનો શ્રમ, કુટુંબીજનોનો સહકાર અને ગામ લોકોનો પ્રેમ હોવાથી હું આગળ વધી શક્યો છું વડીલોની પ્રેરણાથીજ હું ભણી શક્યો છું. ગામનો પ્રેમ જોઈ તેનો બદલો આપી શક્તિમાન નીવડું એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

શિક્ષણનાં વ્યવસાયમાં કારકીર્દિ મેળવ્યાથી મારું સન્માન કરી રહ્યા છો તે સ્વીકારતાં કદાચ થોડું કંઇ થયું હોય તો વડીલોના સાથ; સહકાર અને આશીર્વાદથી હું મારાથી બનતું બધું કરવા પ્રયત્નશીલ બનીશ અભ્યાસ કીય બાબતો અંગે જે કોઇ અમોને મળશે તેમને યોગ્ય સલાહસુચન આપીશું સમારંભ યોજી મારા પર જે ઋણ ચડાવ્યુ છે તે અદા કરવા પ્રભુ શકિત આપે.

પ્રમુખશ્રી નાનુભાઇ ઉપાધ્યાય મહીયલ - રતિભાઇને છેલ્લાં કેટલાંક વર્ષથી ઓળખું છું તેમની શાંત પ્રકૃતિ, શિસ્ત, ભાવના વગેરે જોઇ મંડળે તેમને બઢતી આપી છે. વિદ્યાદેવીને રતિભાઇએ પ્રસન્ન કરી છે તેથી આજે આપણે તેમનું સન્માન કરીએ છીએ. તલોદ કોલેજમાં રહી તેઓશ્રી અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવે છે. તમોએ જે સન્માન ગોઠવ્યું છે તે પ્રસંગે અમો શ્રી રતિભાઇ પ્રત્યેના પ્રેમથી ખેંચાઇ આવ્યા છીએ.

મારું કાર્ય જનસંપર્કમાં રહેવાનું છે. અપુરતા વરસાદથી દુકાળ જેવી પરિસ્થિતિમાં પણ તમો નિરાશ થયા વગર જે કાર્ય કરો છો તે બદલ તમારી સમગ્ર જ્ઞાતિને ધન્યવાદ આપું છું.

ગામમાં જો અગિયાર ગ્રેજ્યુએટ હોય તો ગામને નગર ગણવું જોઇએ. ગમે તેવા કપરા સંજોગોમાં પણ તમો નિરાશ થયા વગર પ્રયત્નશીલ રહો છો કણમાંથી હજારો મણ પેદા કરનાર ખેડૂતે નિરાશ થવાની જરૂર નથી.

આજના પ્રસંગે તમારા ગામના ઉમંગ ઉત્સાહ અને પ્રેમથી પ્રભાવિત થયો છું યોગ્ય વ્યકિતનું સન્માન થવું જોઇએ. અને તમોએ તે કર્યું છે

દુષ્કાળ જેવા સમયમાં પડોશીઓ પ્રત્યે હમદર્દી અને સદ્ભાવના રાખવી એ ગરીબી હઠાવવાનું પ્રથમ પગલું છે.

અંતમાં સમારંભના અંતે શ્રી નરસિંહભાઇ એસ. પટેલે સૌનો આભાર માન્યો હતો.

તા. ૬-૧૧-૭૨ ના રોજ તલોદ કોલેજના પ્રિંસીપાલ શ્રી રતિભાઇ એલ. પટેલને સન્માનવાનો સમારંભ પુરો થયા બાદ સ્વસ્તિક કલા મંડળ બોરડીટીંબા તરફથી "ધરતીનું છોરું" 'નાટક ભજવી બતાવવામાં આવ્યું હતુ. નાટકમાં ભાગ લીધેલ દરેક પાત્રોના અભિનયે દરેક પ્રેક્ષકોનાં મન જીતી લીધાં હતાં. એટલુંજ નહિ શિક્ષણ મેળવી રહેલી કંપાની બાળાઓએ રજુ કરેલ ગરબા-રાસનો કાર્યક્રમ પણ અતિ સુંદર અને મનોરમ્ય હતો.

સ્વસ્તિક કલા મંડળે યોજેલા બંને પ્રોગ્રામોમાં ખરેખર કલા અને સંસ્કૃતિના સુમેળથી રંગમંચ ઉપર રજુ થયેલાં દશ્યોની છાપ પ્રેક્ષકોના માનસપટ પર લાંબા સમય સુધી ઉપસેલી રહેશે એમ કહેવું અસ્થાને નથી.

તા. ૧૧ અને ૧૨-૧૦-૭૨ નાં બંને દિવસે અમોએ ગરબાં હરિફાઈનું આયોજન કરેલ તેમાં તલોદ વિસ્તારના ૧૯ (ઓગણીસ) મંડળની બહેનોએ ભાગ લીધેલ અને તા. ૧૩-૧૦-૭૨ ના રોજ વેશભુષા હરિફાઈ રાખેલ તેમાં ચોવીસ હરીફોએ ભાગ લીધેલ હતો તલોદ તેમ જ આજુબાજુના ગામોમાંથી સંખ્યાબંધ લોકોએ આ કાર્યક્રમ રસ પૂર્વક નીહાળ્યો હતો.

તા ૧૧-૧૦-૭૨ ના રોજ ગરબા હરિફાઇ તલોદ લાયન્સ કલબના પ્રમુખ શ્રી અમરતલાલ જેઠાલાલ શાહના તા. તા. ૧૨-૧૦ ૭૨ ના રોજ ગરબા હરીફાઇ તલોદના હાર્ડવેરના વેપારી શ્રી શામળદાસ મીસ્ત્રીના અને તા. ૧૩-૧૦-૭૨ ના રોજ વેશભુષા હરીફાઈમાં શ્રી ચંદુભાઇ મોતીભાઈ અમીનના. પ્રમુખસ્થાને હતા.

મંડળ તરફથી ગરબા હરીફાઇમાં પ્રથમ ત્રણ વિજેતાં મંડળોને અનુક્રમે રૂા. ૨૫. ૧૫ અને ૧૦ ના રોકડાં ઇનામો આપવમાં આવેલ હતા અને ભાગ લેનાર તમામ બહેનોને લ્હાણી આપવામાં આવેલ હતી વેસભુશા હરીફાઇમાં પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂા. ૧૧, ૭ અને ૫ નાં રોકડા ઇનામ આપવામાં આવેલ હતા. ઉપરોક્ત અમારા મંડળ તરફથી રજુ થયેલ કાયક્રમ તલોદ તેમજ આજુબાજુના ગામોમાં ખુબ પ્રસંગ પામેલ તલોદના અગ્રગણ્ય નાગરીકો તરફથી ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરવા બદલ મંડળને ધન્યવાદ આપવામાં આવ્યા હતા

શ્રી કસ્તુરી માઈ મંડળ,-તલોદ વતી પટેલ મગનલાલ મુળજીભાઈ

★ જાગૃતિ માસિક દ્વારા જાણવા મળ્યુ છે તે મુજબ શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા તરફથી ભારત ભરનાં યુવક મંડળોના બબ્બે પ્રતિનિધિઓનું એક અધિવેશન તા. ૨૩, ૨૪, ૨૫ ડીસેમ્બર '૭૨ ના દિવસે મળનાર છે આથી યુવાન પેઢીને સામાજિક કાર્ય કરવા માટે આગળ આવવાની તક મળશે અને સામાજિક ઉન્નતિ માટે એક બીજાના સારા સારા વિચારો જાણી શકશે

આ અધિવેશનનો ઉદ્દેશ શું છે. તે સ્પષ્ટ થયું નથી મારો ખ્યાલ એવો છે કે અધિવેશન કયા કારણથી બોલાવવામાં આવ્યું છે. તેમજ જે જે વિષયો પર ચર્ચા કરવાની છે તેનો ખ્યાલ અન્ય શહેરોમાં યુવક મંડળોને પણ પણ અગાઉથી આપવો જોઇએ.

બીજું અધિવેશનના સ્થળની પસંદગી એવી હોવી જોઇએ જેથી દરેકના સમય અને ધનનો દુર્વ્યય ન થાય મારું એવું મંતવ્ય છે કે અધિવેશનમાં શિક્ષિત ભાઈ-બહેનો જો ભાગ લેવા ઇચ્છતાં હોય તો તેઓને પણ આમંત્રણ આપવું જોઇએ. શિક્ષિતનો અર્થ કેવળ શાળાનું શિક્ષણ નહિ પરંતુ જેનામાં સામાજિક સેવા કરવાની યોગ્યતા હોય એમ પણ ઘટાવી શકાય કારણ કે તેનાથી જેમનામાં સામાજિક વિષયોનું જ્ઞાન હોય તેઓ પણ પોતાની આગવી સુઝથી સારા વિચારો રજુ કરી શકે

અંતમાં યુવક મંડળ કલકત્તા દ્વારા બોલાવાયેલુ અધિવેશન સફળ થાય એવી ઇશ્વરને પ્રાર્થના કરું છું અને એ રીતે અમારી જ્ઞાતિમાં આગળ આવવાની પ્રભુ પ્રેરણા અને શક્તિ આપે એવી અભિલાષા.

લી. **નિર્મળાબેન રામજીભાઇ પટેલ** જબલપુર

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુ શ ખ બ ર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો

દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે

....તેમજ....

મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેકટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામક પાવાગા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામક પાવાગા)

ખા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ
કરી આપવામાં આવે છે.

શ્રી ૧।

આપની જરૂરીયાત મુજબ :
- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

જાગૃતિ વર્ષાભિનંદન

ટાયર ટયુબ.

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

પટેલ ઇલેક્ટ્રીકલ્સ

ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.


સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધનસુરા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટ્યુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર

વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.



પ્રખ્યાત—


એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના સ્ટાર્ટર તથા સ્વીચો અને તેને લગતી તમામ વસ્તુઓ.

'Everest'

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બહામકંપા વાળા]


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના

JAGRUTI · ·   November '72   Reg. No. G.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

卐

卐

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે.
અનુપમ પ્રિન્ટિંગ
હાઈસ્કૂલ સામે, તલો
ધનસુરા, જિ. સાબ

1972 -Jagruti (189)
1972-12 -Jagruti





નાનજી પ્રેમજી પટેલ

(નેત્રાવાલા)

એજન્ટ :

લાઇફ઼ઇન્શ્યોરન્સ કોર્પો-ઓફ઼ ઇન્ડીયા

જીવનવિમાના, આગનાવિમાના તેમજ દરેક પ્રકારના વિમાના કામકાજ માટે મળો યા લખો

ફોન : ૨૩

નાનજીભાઈ પી. પટેલ

પટેલ સો મીલ

પ્રો. પ્રેમજીભાઈ ખેતસીભાઈ પટેલ

ઠે. એસ. ટી. સ્ટેન્ડ સામે

મુ. ડાકોર જિ. ખેડા. (ગુજરાત)

ખુશ ખબર !

જર્મન ટેકનોલોજી મારફતે બનાવેલ

ટેલીફંકન

રેડિયાના અધિકૃત વિક્રેતા

TELE FUN KEN

આપના ઘરને સંગીતમય બનાવવા માટે અવશ્ય મુલાકાત લો—

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાયર
- ટેપરેકોર્ડર્સ

સર્વોદય રેડિયો સર્વિસ



જવાહર બજાર, ધનસુરા.

પ્રોપ્રાયટર્સ : ડાહ્યાભાઈ એસ. પટેલ

ટેલિફંકન રેડિયો – બે વર્ષની ફ્રી સર્વિસ

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ

તરફથી
સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક



ગ્રાહકભાઇઓને :

આવતા જાન્યુઆરી માસથી આપણું 'જાગૃતિ' માસિક ૧૫ મા વર્ષમાં પ્રવેશ કરશે, આપ સહુને વિદિત તો છેજ કે જાગૃતિ આર્થિક રીતે સધ્ધર નથી, જેથી દરેક ગ્રાહક ભાઇઓને વિનંતિ સાથે જણાવવાનું કે આપનાં બાકી લવાજમો સત્વરે મોકલી આપી સંગઠન અને સેવાનો દાખલો પૂરો પાડે. તેમજ નવા ગ્રાહકો અને આજીવન સભ્યો વધુને વધુ નોંધાવીને માસિકને પગભર કરવાનો સહુકોઇ નિર્ણય કરે તેવી અપેક્ષા સાથે—

—તંત્રી

વર્ષ : ૧૪ અંક : ૧૨ ડિસેમ્બર : ૧૯૭૨



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવ[illegible] ૯, વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૨૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬]. પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧] પરદેશમાં રૂા. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ –સહતંત્રી
એમ. એ., બી એડ્.

શ્રી. પ્રિ. રતિભાઈ એલ. પટેલ
એમ. એસ. સી.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસ. સી

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એમ. પટેલ

શ્રી. રતિલાલ એમ પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

✻ અનુક્રમણિકા ✻



નમઃ શિવાય

તંત્રી સ્થાનેથી....

આપણે સૌ જાણીએ છીએ તેમ કલકત્તા ખાતે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ દ્વારા અખિલ ભારતમાંથી આપણા સમાજનાં યુવક મંડળોના બબ્બે પ્રતિનિધિઓને બોલાવી એક સંમેલન યોજવાનું વિચારવામાં આવ્યું છે.

સૌ પ્રથમ તો આપણે આવી ભગીરથ કાર્યવાહી ઉપાડવા બદલ કલકત્તાના યુવક મંડળને હાર્દિક ધન્યવાદ આપવા જોઈએ. કારણ કે એનાથી ભારતભરમાં વસતા આપણા સમાજની નવ લોહીયા પેઢીને પોતાના સમાજના ભાવિ માટે કંઈક કરી છુટવાની તમન્ના અને વખતો વખત એ પોતે સમાજને કઇ રીતે ઉપયોગી નીવડે એવા કેટલાક વિચારોનું ભાથુ આવનાર પ્રતિનિધિઓ અવશ્ય મેળવશે એવી આશા આકાંક્ષા આ તબક્કે જરૂરથી રાખી શકાય.

આ સંમેલનથી સમાજના કેટલાક સડાઓ જેવાકે સમાજિક, ધાર્મિક વગેરે સામે લાલબત્તી ધરવા માટે યુવક મંડળો, વડીલ પેઢીને [illegible] ઉપયોગી નીવડી શકે અને ભવિષ્યમાં સમગ્ર સમાજમાં બનતી ઘટનાઓથી વખતો વખત સુમાહિતગાર રહી એ અંગે પરસ્પર વિચાર વિમર્શ કરી યોગ્ય સેવાકાર્ય કરવાની ભાવનાઓનો વિકાસ કરી શકે. —અસ્તુ.

卐 આરતી 卐

ૐ જય જગદીશ હરે, પ્રભુ: જય જગદીશ હરે,
ભક્ત જનોંકે સંકટ, (૨) ક્ષણમેં દૂર કરે—ૐ
જયોં ધ્યાવે ફલ પાવે દુઃખ વિનસે મનકા—પ્રભુ—
સુખ સંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા—ૐ
માતા પિતા તુમ મેરે શરણ ગહું કીસકી?—પ્રભુ—
તુમ બિન ઔર ન કોઈ, (૨) આશ કરુ કીસકી?—ૐ
તુમ પૂરણ પરમાત્મા, તુમ અંતરયામી—પ્રભુ—
પરબ્રહ્મ પરમેશ્વર, (૨) તુમ સબકે સ્વામી—ૐ
તુમ કરૂણાકે સાગર, તુમ પાલન કર્તા—પ્રભુ—
મેં મૂરખ અજ્ઞાની (૨) કૃપા કરો ભર્તા—ૐ
તુમ હો એક અગોચર સબકે પ્રાણપતિ—પ્રભુ—
કિસ વિધ મિલું દયામય (૨) તુમકો, મેં કુમતિ—ૐ
દીનબંધુ દુઃખહર્તા તુમ રક્ષક મેરે—પ્રભુ—
અપને હસ્ત ઉઠાઓ (૨) દ્વાર ખડા તેરે—ૐ
વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા—પ્રભુ—
શ્રદ્ધા ભક્તિ બઢાઓ (૨) સંતનકી સેવા—ૐ

પુરુષાર્થની મશાલ

પટેલ ચંદુભાઇ એમ.
તખતગઢ

સંવત ૧૮૯૫ ના ભયંકર દુષ્કાળની ખપ્પરમાં ગુજરાત હોમાયું ત્યારે ઘેરી કરુણાનું વાતાવરણ સર્જાયું હતું. પાણી અને અન્ન વિના પ્રજા પીડાતી હતી. જ્યારે માણસો ભૂખથી રાંકા બની, મૃત્યુને ભેટતા હતા. ૧૫૦ વર્ષ પહેલાંનું ભારત એટલે અંધકાર યુગ! મુસાફરીમાં સહુથી વધારે ઝડપી વાહન ઘોડાનો એ જમાનો! એકથી બીજે સ્થળે માલ લઈ જવાની સગવડતાનો અભાવ આ દુષ્કાળમાં મહાવિનાશ નોતરવાને માટે કારણભૂત બન્યો હતો.

આ કાળ અજગરના ભરડામાંથી પાલીતાણા પાસેના ગારીયાધાર ગામનું એક કુટુંબ સમથા ઝઝૂમી કેવી રીતે બચ્યું તે પ્રસંગ ખૂબ પ્રેરણા આપનાર છે. આ ખેડુત કુટુંબમાં ચાર સભ્યો હતા. વૃધ્ધ માતા નામ જીવીમા, અને ત્રણ યુવાન પુત્રો નામ ધરમશી, જીવરાજ અને સાંમજી. મનુષ્યનાં રૂપ ધારણ કરી, જાણે શ્રધ્ધાદેવી, શૌર્ય, ઉત્સાહ અને ધીરજ સાથે, એક નાના ઘરમાં આવી રહી હોય તેવી પ્રતિભા આ ચારેય વ્યક્તિઓની લાગે!

આ કપરા કાળમાં તેઓની પાસે મૂડીમાં ફક્ત એકજ રૂપિયો હતો, અને આ એકજ રૂપિયામાં પુરુષાર્થ કરી, આ ભયાનક દુષ્કાળ–સાગર તરવાનો નિર્ધાર તે ગરીબ કુટુંબે કરી લીધો. તે વખતે ગારીયાધાર ગામમાં એક રૂપિયામાં ત્રણ માણા જુવાર વેચાય. (એક માણુ એટલે આશરે નવશેર અનાજ) પરંતુ ત્યાંથી સોળ માઈલ દુર આવેલ લાઠી ગામમાં એક રૂપિયામાં ચાર માણા જુવાર વેચાતાં મળે. ત્રણે ભાઇઓએ ભેગા મળી વિચાર કર્યો કે લાઠીમાંથી એક રૂપિયાની ચાર માણા જુવાર લાવી, ગારીયાધારમાં રૂપિયાની ત્રણ માણા લેખે વેચી નાખીએ, તો આપણે રૂપિયો પાછો મેળવી શકીએ અને એક માણુ જુવાર વધે, ચારે જણને દરરોજનું પેટ પૂરતું ભોજન થઇ જાય.

દરરોજ, એકભાઈ, ડોશીમાએ ઘડી આપેલ જુવારના બે રોટલા બાંધી, સોળ માઇલનો લાંબો પ્રવાસ કરી લાઠી આવે. અને એક રૂપિયાની ચાર માણા જુવાર ખરીદી, સાંજે ગારીયાધાર આવી, ત્રણ માણા જુવાર વેચી નાખે, અને એક માણુ અનાજમાં ચાર જણા માટે ત્રણ ટંકનો ખોરાક ઉભો કરી લે. બીજે દિવસે બીજો ભાઈ એજ રીતે જુવાર ખરીદવા લાઠી જાય, અને ત્રીજે દિવસે ત્રીજો ભાઈ. આ રીતે આખો દુષ્કાળ શ્રમજીવી કુટુંબે પસાર કર્યો, અને છતાં પણ પોતાની મૂળ મૂડી–એક રૂપિયો તો અખંડ જ રાખ્યો. જ્યારે ભૂખની જવાળામાં અનેક કુટુંબોની લીલી વાડી ભસ્મીભૂત થઈ ગઈ ત્યારે ધીરજ અને સહનશીલતાના પુજારી સમા આ કુટુંબે પ્રગટાવેલી પુરુષાર્થની મશાલ તેના આનંદમય ભાવિને ઉજાળી રહી.

સુવિચાર ❊

ડી. એલ. પટેલ-કડુર

(૧) બીજા ને દુઃખ દે ને અગવડતા કરે તે—દુર્જન
(૨) બીજા માટે કંઇક કરી છુટે તે—સજ્જન
(૩) હૈયુ હળવું કરેતે—સ્નેહી.
(૪) સર્વને આશ્રયસ્થાન આપે તે—સાધુ
(૫) પોતે શુધ્ધ થઇ બીજા ને શુધ્ધ કરે તે સાચો—સેવક
(૬) હરઘડી હેરાન કરે તે—હરામખોર
(૭) સુશીખતે માગું આપે તે જ —મિત્ર
(૮) દીલ બહેલાવે તે—દિલોજાન
(૯) દાઝયા પર ડામ આપે તે શત્રુ.
(૧૦) સર્વ પ્રત્યે ભાતૃભાવ રાખેતે મિત્ર

ભારતમાં સૌથી પ્રથમ શ્રેષ્ઠ ❊

સંગ્રાહક : અરજણ માનણ પટેલ
મેન્ગલોર

(૧) સૌથી શ્રેષ્ઠ ડેલ્ટા — સુંદરવન ડેલ્ટા (૮૦૦૦) માઇલ
(૨) સૌથી શ્રેષ્ઠ પ્લેટફોર્મ — સોનેપુર (૨૪૧૫ ફુટ)
(૩) સૌથી શ્રેષ્ઠ પશુમેળો — સોનેપુર મેળો
(૪) સૌથી શ્રેષ્ઠ સુરંગ -- જવાહર સુરંગ
પંજાબથી કાશ્મીર સુધી
(૫) સૌથી શ્રેષ્ઠ શિખર — નંદાદેવી (૨૫૬૪૫ ફુટ)
(૬) સૌથી શ્રેષ્ઠ મસ્જિદ — જુમ્મા મસ્જિદ (દિલ્હી)
(૭) સૌથી શ્રેષ્ઠ દરવાજો — બુલંદ દરવાજો (૧૭૬ ફુટ)
(૮) સૌથી પ્રથમ જળવિદ્યુત સ્ટેશન — દાર્જીલીંગ
(૯) સૌથી શ્રેષ્ઠ પ્રતિમા — ગોમતેશ્વર (માયસોર)

અવનવું ❊

(૧) ભારતના બંધારણે માન્ય કરેલ ૧૪ ભાષાઓમાંથી ૧૧ ભાષાઓમાં ગાંધીજી સહી કરતા હતા.
(૨) હિન્દુસ્તાનમાં દેડકાંની લગભગ ૫૦ જાતો છે
(૩) જિરાફ એક લાતે સિંહને અધમુઓ કરી નાખે છે
(૪) સિક્કા પર સૌ પ્રથમ તસ્વીર મહાન સિકંદરની અંકાયેલ
(૫) આંસુઓના સો બિન્દુનું વજન અઢી તોલા હોય છે
(૬) સંસ્કૃત ભાષામાં પાણીના સમાન અર્થના ૧૦૩ શબ્દો છે

★ ★

અંજલિ

ગીરીશ એસ. પટેલ
પાલઘર

એ સમય હતો સ્વાતંત્ર્ય સંગ્રામનો. ભારતદેશ અંગ્રેજ સરકારની ગુલામી નીચે સબડી રહ્યો હતો. એ હતી શહીદોની લડત જેના નામો હિન્દુસ્તાનના ઈતિહાસમાં સદા માટે કોતરાઈ ગયા હતા. પીંજરામાં પુરાયેલા પક્ષી કે જેની પાંખો પણ કપાઈ ચુકી હતી છતાં પણ નીલ ગગનના આઝાદ વાતાવરણમાં જવા પ્રયત્ન કરતું હતું.

અનેક શહીદો અમર બની ગયા અને પાલઘરના તે વિદ્યાર્થી અવસ્થા ભોગવતા પાંચ યુવાનોના બલીદાને આખા દેશમાં ખળભળાટ મચાવી દીધો. કદાચ ભારતમાં નહીં તો મહારાષ્ટ્રમાં તો આ સનસનાટી ભર્યો બનાવ હતો.

તે હતો ૧૯૪૨ની સાલનો એક દિવસ અને ૧૪મી ઓગષ્ટની એક બપોર હતી. વરસાદની ઋતુ હોવા છતાં વરસાદનું નામ નિશાન ન હતું. કદાચ બ્રિટીશ સરકારના અત્યાચારથી તે પણ ગભરાઈ ગયો હતો અને આવા ધખધખતા બપોરે પણ સત્યાગ્રહની લડત ચાલુ જ હતી. "ઇન્કલાબ ઝીંદાબાદ" "ભારતમાતા કી જય" ના પોકારોથી શેરીઓમાં પણ પડઘા પડયા હતા અને આ શબ્દોમાં શું જાદુ હતુ? જેથી અંગ્રેજ સરકાર આવા મામુલી શબ્દોથી પણ ગુસ્સે થઈ બોલનાર પર જંગલી જાનવરની જેમ તુટી પડતી અને આ બાબતનું જ અહીં પુનરાવર્તન થયું. એકાએક પોલીસનું એક ટોળું આ સરઘસ પર ધસી ગયુ સત્યાગ્રહીઓ ગભરાઈને ખુણે ખાંચે ભરાઈ ગયા અને દોડધામ મચી ગઈ. પરંતુ આશ્ચર્ય! આ સરઘસમાંના પાંચ યુવાનો ત્યાં જ ઉભા ઉભા પોતાના હાથમાંનો તિરંગો ઝંડો મુક્ત હવામાં ફરકાવી રહ્યા હતા. ક્ષણભર પોલીસ પણ તેમની બહાદુરી જોઇ છક્ક થઇ ગઇ અનેક પોલીસો એ તેના પર લાઠીના પ્રહારો કર્યા પરંતુ સ્વદેશાભિમાને તેઓમાં શક્તિનો સંચાર કર્યો હતો.

યુવાનોની આ હિંમતથી પોલીસના ગુસ્સામાં વધારો થયો અને અહીં જલીયાંવાલાબાગનું પુનરાવર્તન થયું. આ પાંચે યુવાનોને ગોળીથી ઠાર કરવામાં આવ્યા. પાંચે યુવાનના મુખ પર આ ફાની દુનિયા અને સગાસબંધી છોડવાનું જરાયે દુઃખ ન હોતુ તેના ચહેરા પર પોતાની ફરજ બજાવ્યા બદલ સંતોષનું સ્મિત હતું.

આ સમયે આ પાંચના મૃત્યુ પર રડનાર કોઇપણ હાજર નહોતુ પરંતુ... બીજી સવાર કઇ જુદી જ હતી. સૌના મુખપર આ બલીદાનની વાતો જ હતી

અણમોલ ભેટ

અમૃતલાલ એચ. પટેલ
સેવાલીયા

ઉગતા સૂર્યના અમિત કિરણોથી પશ્ચિમાકાશ રકતવર્ણું બની ગયું હતું. રકિતમ કિરણો ચેનભરી સંધ્યાની મદહોશીમાં બેધ્યાન પડયાં હતાં. અને ચેન ભરી સંધ્યા ધીરે ધીરે રાત્રી રાણીના અંકમાં ઢળી રહી હતી. નિશા-રાણી અંધકારનો અંચળો ઓઢી તિમિરના અભેદ આવરણ હેઠળ મદહોશ પડી હતી.

આ ટાણે મોહન પોતાની ઝૂંપડીમાં બિમારીથી કૃશ અને શ્રમિત બનેલ પોતાની વહાલસોયી બહેન કંકુની પથારી પાસે બેઠો બેઠો અનિમેષ નયને, ભૂતકાળ અને વર્તમાનને પોતાના માનસચક્ષુ વડે નિહાળી રહ્યો હતો...

છેલ્લા વીસ દિવસથી સતત તાવમાં બેહોશ પડેલી પોતાની એક માત્ર વહાલસોયી બહેન જ તેનું 'સર્વસ્વ' તેના 'જીગરનો ટુકડો' હતી કારણ...

પિતા તો તેને પાંચ વર્ષનો મુકી ક્ષયના રોગમાં મૃત્યુ પામ્યા હતા તેથી પિતૃપ્રેમથી તો તે વંચિત હતો જ મા પણ બિચારી લોકોનાં દળણાં-પાણી કરી, નયું વૈતરું કરી તેમને ઉછેરતી હતી શ્રમિત દેહ પણ કયાં સુધી 'જીવતરના બોજ' વહે? તોયે કૃશ થતી કાયાનો રકતરસ નિચોવી નિચોવીને પણ તે ત્રણ જીવનું પેટિયું ભરવા પયત્ન કરતી...છેવટે એક ઘોર કાજળઘેરી મધરાતે પોતાના બંને બાળકોને આ ધરતી પર 'અનાથ' બનાવી તે પણ પતિના પથને અનુસરી. અને એ જ મધરાત સરખું અંધારુ તેમન જીવનમાં પણ છવાઈ ગયું.

'અનાથ' અને નિરાધારનું બિરૂદ પામેલ આ બંને બાળકોને ઉપર આભ નીચે ધરતી સિવાય કોઇ આશરો ન હતો, દુનિયાથી તરછોડાયેલાં હોવા છતાં એજ દુનિયાની વાસ્તવિકતાની 'ઠોકરો' ખાવા તેઓ જીવતાં જ રહયાં. જાણે કે મૃત્યુએ પણ તેમનાથી મુખ ફેરવી લીધું હતું.

તેના બલીદાનના ઉદાહરણથી લોકોમાં દેશ માટેના ઉત્સાહનો ઉદય થયો. અને "હીંદ છોડો" "ભારત માતાકી જય" શબ્દો એ શેરીઓ ગજવી નાખી. આજે પણ દરેક વર્ષની ૧૪મી ઓગષ્ટે લોકોએ તેના માટે બનાવેલું સ્મારક "પાંચ દીપ" પાસે જમા થાય છે. અને દેશના માટે મરી ફીટનાર લોકોને શ્રધ્ધા ભરી અંજલી અર્પણ કરે છે.

★ ★

અથડાતા કૂટાતા બંને ભાઈ બહેન પોતાની જીવન વાટ કાપતાં હતાં મોહન છાપાં વેચતો, દિવાસળી વેચતો ફેરી કરતો અને એમ પોતાની 'પસીનાની કમાણી બહેનના હાથમાં મુકી તેના કોડ પુરવા આતુર રહેતો–હર હમેશ! તે જ પ્રમાણે કુશળ અને ઘરરખ્ખુ બહેન પણ ભાઈથી છાનાં લોકોનાં દળણાં–પાણી કરીને મુડીમાં વધારો કરતી અને આમ સુખથી તેઓ જીવી શકતા, ભલે બચાવી શકતા નહિ તો પણ...

રોજિંદી દિનચર્યાથી પરવારી સાંજે ગરમા ગરમ રસોઇ બનાવી કંકુ સંધ્યા કાળે ભાઇના આગમનની રાહ જોતી...

થાકયો પાકયો ભાઇ પણ સંધ્યાકાળે ઘરની વાટ પકડતો. બારણામાં જ મલપતા મુખડે વાટ જોતી બહેન એનું સ્વાગત કરવા હાજર જ રહેતી. હર્ષથી હાથ મોં ધોતાં અને 'અલક-મલક ની' વાતો કરતાં કરતાં બંને ભાઇ બહેન એક જ થાળીમાં પોતાનું મન ગમતું ભોજન જમતાં. વાતોની આડશે બહેન કેટલુંય પીરસી દેતી...જેનો ખ્યાલ તો ભાઇને "તૃપ્તિનો ઓડકાર" જ આપતો. અને ત્યારે ભાઇ રસોઇના વખાણ કરી કરી બહેનના મલકતા મુખડાને જોઇ રહેતો...કેમ કે હર્ષથી તે પણ ફૂલી ન સમાતી. ભલા સ્વર્ગમાં આથી પણ અદકેરૂં સુખ હશે શું? બંને વિચારતા વિચારતા નિંદરને ખોળે પોઢી જતાં...

એજ વહાલસોયી બહેન વીસ વીસ દિવસથી આંખ પણ ઉંચી કરતી ન હતી. પરિણામે ભાઇ ચોવીસે કલાક આંખનું મટકું પણ માર્યા સિવાય તેની પથારી પાસે બેઠો બેઠો તેને પાણીનાં પોતાં મુકયા કરતો હતો.. અને સાથે સાથે આછેરો નિશ્વાસ પણ તેનાથી નંખાઇ જતો.

પણ ભાઇના આ શ્રમના પારિતોષિક રૂપે જ હોય તેમ આજે બહેને આંખો ખોલી હતી દુઃખ અને ગ્લાનિ ભર્યા ચહેરા પર સંતોષનું સ્મિત રેલાયું અને ભાઇના જીવમાં જીવ આવ્યો.

બહેનની માંદગીએ કમાણીને રોકી દીધી હતી. થોડીઘણી 'બચત' પણ ખલાસ થઈ ગઇ તેઓની બચત એ તો શ્રીમંતોની 'ખિસ્સા ખર્ચી' ભલે 'કુબેરનો ભંડાર હોય' પણ તેન ક્યાં સુધી ટકે?

આજે તો ઘરમાં લગભગ બધું જ ખલાસ થવા આવ્યું હતું. બહેનની ફેશ તબીયતને કારણે મોહનની ના-મરજી છતાં પરાણે કંકુએ તેને ફેરી કરવા મોકલ્યો હતો, જો કે હૈયુ તો માંદી અને શ્રમિત બહેનની પાસે જ હતું પણ આવતી કાલે રક્ષાબંધન હતું બહેન અને ભાઈના પવિત્ર પ્રેમના શુભંગ મિલનનું એ શુચિ પર્વ....

બહેન ભાઇને સુંદર 'રક્ષા' બાંધવાના ખ્યાલમાં હતી તો ભાઈ તેને 'મનગમતી ભેટ' આપવાના મૂડમાં હતો. અને તેથી જ તો અનેક ઉજાગરા હોવા

છતાં તે ગજા કરતાં પણ વધુ રખડયો. ઘેંઘ થાક અને ભુખના ત્રિવિધ મારાથી તેનું અંગે અંગ કળતું હતું. તાવથી તો કેટલાય દિવસથી તંગ હતો જ. તેમાં શ્રાવણીનાં સરવણિયાં' એ પણ તેને સારી પેઠે શરદીનો ભોગ બનાવ્યો હતો... માથું ભમતુ હતું....તેણે પૈસા ગણ્યા અને સંતોષનો શ્વાસ લઈ બહે-નને ખૂબ જ પ્રિય એવી સુંદર લીલી ઓઢણી ખરીદી કે... જેની કેટલાય દિવસથી ઝંખના હતી બહેનને. ..

ઓઢણીનું બંડલ બગલમાં દબાવી એ ઘડીક થંભ્યો લીલી ઓઢણી ઓઢેલ બહેનની કલ્પના મૂર્તિને ચક્ષુથી નિહાળી રહ્યો. ગૌરવર્ણ બહેન પર લીલી ઓઢણી ખૂબ જ શોભતી હતી. આનંદથી પ્રફુલ્લિત રક્તિમ કપોલો પર છવાયેલાં એ આનંદને નિહાળતાં જ્યાં એ સડક પાર કરવા ગયો ત્યાંજ સ્વપ્ન ખંડિત બન્યું. પાછળથી હોર્નનો અવાજ સંભળાયો, જેવો તે દોડવા ગયો તેવોજ અશક્ત શરીરે દગો દીધો. આંખની આસપાસ અંધારા છવાઇ ગયા ...... ચોતરફ કાળુંધબ...કાંઇ જ ન દેખાયું ને પટકાઇ પડયો......

શ્રીમંતાઈનું પ્રદર્શન કરતી એ કાળી ચકચકિત કાર અને એનો હૃદયહીન માલિક તેના દેહને આત્માથી છુટો પાડી પલાયન થઇ ગયો, કાળા અંધકારમાં જ તો ! અને લીલા ગવનના બંડલને હૈયા સરસું ચાંપી ભાઈ ત્યાં જ પોઢી ગયો કાયમને માટે......

આ તરફ આતુર હૈયે ભાઈની વાટ જોઇ રહેલી બહેન મધરાત વીતવા છતાં એ ભાઇ ન આવતાં વ્યાકુળ બની... કેટલાક અમંગળ વિચારોથી તેનું 'ગભરૂ' હૈયું ફફડી ઉડયું... અને જયારે પરોઢના ચાર વાગ્યે તેની સહન શક્તિની સીમા આવી ગઇ ત્યારે તેનાથી પડોશી 'છગનકાકા' ને બૂમ પાડી દેવાઇ... એ પરગજુ બુઢ્ઢો ફિરસ્તો બહેનને લઈ ભાઇની શોધમાં નીકળી પડયા...

ખોળતાં ખોળતાં જયારે તેઓ મુખ્ય માર્ગ પર આવી પહોચ્યા ત્યારે રક્ષાબંધનનું સુવર્ણ પ્રભાત ઉગી રહ્યુ હતું જેમાંથી નીકળતા સુવર્ણ રશ્મિ કિરણો બહેનના હાથમા રહેલ સુવર્ણાંગી રક્ષા' સાથે ગોઠડી (વાત) કરી રહ્યા હતા

અને ત્યાંજ...રસ્તા વચ્ચે ભાઇને સૂતેલ જોઇએ બહેન ચમકી... દોડી અને ભાઈના દેહને વળગી પડી, સ્નેહથી એ અમૂલ્ય પ્રતિક બાંધવા. અગત્યના શુ.. ઠંડો બરફ જેવો હાથ અને પાસે પડેલ બંડલ જોતાં જ હૈયાનાબંધ તૂટી પડયા કંપતા રહૃદયે બંડલ ખોલી જોતાં જ નજરે પડી પોતાની લીલી પ્રિય ઓઢણી...પણ એનો લાવનાર કયાં ? એક કારમી ગોઝારી ચીસ પાડી એ પણ ભાઇના મૃતદેહ પર ઢળી પડી, સદાને માટે... 'છગનકાકાના' ના શ્વેત મોતીઓનો અભિષેક એ બનેના મૃતદેહ પર કફનની ગરજ સારી રહયો હતો. જયારે ભાઈ–બહેનના આ 'અપૂર્ણ' મૃત્યુ ને બિરદાવતો રવિરાજ પોતાના પૂજન થાળમાંથી ' અબીલ ગુલાલ ' વર્ષા તેમના મૃતદેહ પર કરી રહ્યો હતો... અને રક્ષા બંધનનું એ અશુભ પ્રભાત ઉગી ચૂકયું હતું.

★ ★

✲ રાષ્ટ્રીયતા ✲

પ્રેષક : કુમારી મણીબેન પટેલ
મદનમહલ, જબલપુર-૬

રાષ્ટ્રીયતા આધુનિક રાજનૈતિક શક્તિ છે. આધુનિક યુગમાં રાષ્ટ્ર દેવોનું સ્થાન પામ્યું છે. દરેક રાષ્ટ્રના સભ્યો પોતાની માતૃભુમિ ને દેવભક્તિદેવ સન્માન અર્પણ કરે છે અને રાષ્ટ્રને કાજે ઉપનરાન અમુલ્ય ત્યાગ પણ કરે છે. આમાં સંશય નથી અનેકો ઉદાહરણ છે. ભારતીય સ્વતંત્રતા યુદ્ધ (૧૮૫૭–૧૯૪૭) રાષ્ટ્રીયતાના કારણે જ થયું હતું ભારતીયો આત્મસન્માનની ઠેસને કદાપિ સહન ન કરતા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ માં જર્મનીના પરાજયે જર્મન રાષ્ટ્રીયતા (Nationality)ને સખત ચોટ પહોંચાડી. પરીણામ સ્વરૂપે દુનિયાએ દ્વિતિય વિશ્વયુદ્ધ ને દ્રષ્ટિત કર્યું અને સદંતર ત્રીજા વિશ્વ યુદ્ધથી બચવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ (United Nations) નું નિર્માણ થયું પોપની પ્રભુતા, જર્મની તથા ઈટલીનું એકીકરણ, બ્રિટનનું સામ્રાજ્ય વર્ધન સર્વેનું જડ કારણ રાષ્ટ્રીયતાજ છે. આથી આ મહાન શક્તિનો ઉદ્‌ગમ કેવી રીતે થયો એ વિચાર્ય વિષય છે.

રાષ્ટ્રીયતાના પ્રથમ લક્ષણો યુરોપમાં ૧૯ મી સદીમાં પરિલક્ષિત થયાં. ૧૭૮૯ પછી થયેલ ૧૮૩૦ અને ૧૮૪૮ની અને ફ્રેન્ચ ક્રાંતિઓએ સમસ્ત યુરોપમાં પોતાના-સમતા, સ્વતંત્રતા અને બંધુતાના સિદ્ધાંતોને હવામાં લહરની માફક વહેતા મુક્યા જેની અસર શીતતાની માફક નેહરૅન્ડસ ઈટલી જર્મની, રુસ, બાલ્કન પ્રદેશ (હાલના ગ્રીસ યુગોસ્લાવિયા બલ્ગેરીયા, રોમાનીયા, યુરોપીય તુર્કી વગેરે દેશો) હેબ્સબર્ગ (ઓસ્ટ્રીયા) ડોમિનિયન અંતર્ગત સ્થિત ૨૩ જર્મન રાજ્ય. સ્લેવ પ્રદેશ, ઓસ્ટ્રીયા વગેરે પ્રદેશોમાં થઈ. રાષ્ટ્રીય ભાવનાનું મુળ તાકતવર દેશોની (તે સમયમાં બ્રિટેન, ફ્રાન્સ ઓસ્ટ્રીયા અને રુસ) સામ્રાજ્યવાદી નીતીમાં ક્રાંતિકારીના નર હેઠળ દબાયેલ છે. શક્તિ સમૃદ્ધ દેશો પોતાની સીમા વિસ્તાર માટે એક બીજાની સામે ભય ધૃણા અને લોલુપતાથી જોતા હતા ક્રાંતિની લહરનાં પ્રથમ ચરણે ઈટલી અને જર્મનીમાં તે ઉપરાંત બાલ્કન પ્રદેશમાં દ્રષ્ટિગોચર થયાં. સન ૧૮૩૦ માં ઈટલી, જર્મની અને બાલ્કન પ્રદેશમાં સત્તારૂઢ સામે જનતાએ પ્રતિકાર કર્યો પણ અસફળ થયા. સન ૧૮૪૮ ક્રાંતિઓનું વર્ષ (year of Revolutions) કહેવાય છે. જર્મની અને ઈટલીના એકીકરણ માટે પ્રથમ પગલાં લેવાયાં. સન ૧૮૫૦ થી રાષ્ટ્રીય

ભાવના વધુ પ્રબળ બની અને સન ૧૮૭૧ સુધી બન્ને દેશો એકીકૃત થઇ ચૂક્યા હતા. જર્મનીની આગેવાની પ્રસિયાએ અને ઇટલી ની પાઇડમન્ટ સાર્ડિનિયાએ લીધી હતી. ફળ સ્વરૂપ યુરોપમાં સામ્રાજ્યવાદી દેશોને આધીન સમસ્ત જન રાષ્ટ્રોએ સ્વતંત્રતા યુદ્ધનો જયઘોષ કર્યો ત્યાં સુધી કે યુરોપથી બહારની પણ ભુમી ઉપર સ્વતંત્રતા માટે આંદોલનોના શ્રી ગણેશ થયા. ભારતે સન ૧૮૫૭મા જ શરૂઆત કરી દીધી. ધીરે ધીરે વહ્નિ આફ્રિકામાં પણ પ્રસરી અને અધિકાંશ ઉપનિવેશ પ્રથમ વિશ્વયુદ્ધ સુધી સ્વતંત્ર થઈ ગયા સ્પષ્ટતમ છે કે રાષ્ટ્રીયતા ફ્રેંચ રિવોલુશન (રાજ્ય ક્રાંતિ) નું ફળ છે. ફ્રાંસની સન્ ૧૭૮૯થી રાજ્યક્રાંતિ અમેરિકન વાર ઓફ ઇન્ડેપેન્ડેન્સથી પ્રતીપ હિત સિદ્ધાંતોથી પ્રભાવિત છે કારણ કે પ્રથમ સંવિધાન અનુસારે સ્વતંત્ર અમેરીકાએ સ્વતંત્રતા, સમતા અને બંધુતાનો ઉદ્દઘોષ કર્યો હતો અને ફ્રેંચ રાજ્ય ક્રાંતિનો ઉદ્દેશ્ય પણ રાજાવાદ (Monarchy) સામંતવાદ nability અને પાદરીઓ (clevgy) ની સત્તાથી સ્વતંત્રતા, સર્વે "ફ્રેંચ" જનો વચ્ચે સમતા અને બંધુતાનુ પ્રાપ્તી કરણ હતુ. "સર્વે ફ્રેંચ" જનો વચ્ચે બંધુતા અને સમતાએ સિદ્ધાંતે સાચા અર્થમાં રાષ્ટ્રીયતાનાં બીજ વાવ્યા હતાં. વધુમાં તે સમયે ફ્રેંચ ગવર્નમેંટે પોતાના ઉપનિવેશોમાં Self Ctovernment વતનીઓ દ્વારા ગવર્મેંટ) નો સિદ્ધાંત અપનાવ્યો જેથી રાષ્ટ્રીયતા ના ભાવને જબરદસ્ત સહારો મળ્યો અને રાષ્ટ્રીયો ને જાગૃત કર્યાં.

રાષ્ટ્રીયતાનું ઉદ્દગમ સ્ત્રોત ભુમિપ્રેમ છે. મનુષ્યને જ્યારે પોતાના વસવાટની ભુમિ સાથે પ્રીત બંધાય છે ત્યારે ક્રમે કરીને ભુમિને ત્યાગ દેવા ઇચ્છતો નથી પણ જીવન વ્યય પુરતું પાડવા માટે કાયમ એકજ ભુમ્યંશ પર રહી શકતો નથી અને આથી ઘર, ગામ, પ્રાંત અને અંતે સંપૂર્ણ દેશને પોતાના વસવાટની ઇકાઇ રૂપ ગણી પ્રેમ કરતો થાય છે અને પ્રેમ એટલો વધી જાય છે કે જ્યારે તે પોતાની ભુમિ ઉપર અન્યને ધસી આવતો જુએ છે તે ટટ્ટાર થઈ જાય છે અને કેવળ પોતાની "માતૃભુમિ ની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરી દે છે તે ઉપરાંત **'पुत्रोऽहं मातापृथ्वी'** ગણતો થાય છે જ્યારે માણસ કોઇ ચીજને પ્રેમ કરે છે, સ્વાભાવિક છે કે તે વસ્તુ ને તે છોડતો નથી, અને જે વસ્તુ પોતાની છે તે કેવી પણ અનાવશ્યક, બેકાર હોય છતા પ્યાર કરે છે. સરલ ઉદાહરણો સહજે ઉપલબ્દ થઇ શકે. બે બાળકો પાસે ભમરડા હોય, એકનો નકામો હોય' ફરતો ન હોય છતાં તે કહેશે 'આ ભમરડો મારો છે' અને તેનો નાશ થતો જોઇ મનોમન દુઃખ પામશે તેવીજ રીતે ચાહે જમીન અત્યંત ફળદ્રુપ હોય યા અરબસ્તાન જેવી મરૂસ્થલ હોય જ્યાં કોઈ અન્ન જ પેદા ન થઇ શકે, પાણીની

★ ★

તંગી હોય છતાં પ્રત્યેક ભૂ અંશ વાસીઓ પોતાની ભુમીને 'પોતાની' સ ગૌરવ કહેશે, અને પોતાની ભુમીને હીન જોતાં તેને વિકસાવવા બનતા પ્રયત્નો કરશે, અંતે એ હીનતા જ ભુમિ-પ્રેમ જ રાષ્ટ્રીયતાનો જન્મદાતા છે. રાષ્ટ્રનું ગૌરવ જાળવવા માટેના માનવ પ્રયાસો રાષ્ટ્રીયતાના અંત્યેષ્ટી છે પોતાનુ રાષ્ટ્ર કેવી રીતે બળવત્તર બને, સ્વાવલંબી અને પ્રભાવકર્તા બને એજ રાષ્ટ્રવાદનો ઉદ્દેશ્ય હોયજ છે પરંતુ પ્રત્યેક રાષ્ટ્રો એમ નથી કરી શકતા કેવળ સ્વતંત્રતા અને ભુમીના અભાવે હાલમાં પણ અમુક રાષ્ટ્રો અન્ય રાંષ્ટ્રો ના તાબા હેઠળ છે. તેવા રાષ્ટ્રો પોતાની શક્તિનો યથાનુરૂપ ઉપયોગ નથી કરી શકતા અને પોતાનાજ દેશને અંધકાર ના ગર્તમાં ધકેલે છે કારણકે સત્તારૂપ રાષ્ટો પ્રતિ ધૃણા તેઓને નિષ્કામ બનાવી દે છે અને પ્રાય: પ્રતિશોધની જ્વાલા માં જ્વલિત થયા રાખે છે.

'રાષ્ટ્ર' રાજ્યથી અનેક ગણુ શક્તિમાન હોય છે. કેમ કે 'રાષ્ટ્ર' નું અગર રાજ્ય હોય તો રાષ્ટ્રીયો નો સંપુર્ણ પ્રેમ અને વિશ્વાસ રાજ્ય પર રહે છે પણ જે રાજ્ય રાષ્ટ્ર ન હોય પણ અનેક જાતિ વિશેષ નું બનેલ હોય તો દરેક જાતિઓ પોતપોતાના વિષયોને પ્રથમ માન આપે છે અને અંતે રાજ્ય દુર્બળ બને છે ભારત રાષ્ટ્ર છે, કેમ કે ધર્મ એ રાષ્ટ્રનો નિરૂપક નથી સંસ્કૃતિ છે. જો કે ભાષા પણ રાષ્ટ્રીયતાના નિરૂપણ માં અત્યંત મહત્વનો પાઠ કરે છે. ભાષા રાષ્ટ્રીયો નો બંધનકર્તા છે. પ્રેમના એક સુત્રથી બાંધે છે પણ ભાષાનું મહત્વ તેના સાહિત્ય ઉપર અવલંબિત છે વિકસિત સાહિત્યવાન ભાષાઓની ક્ષુદ્ર સાહિત્યિક ભાષાઓ ઉપર પ્રભાવ જમાવી રાખે છે. એટલે સ્પષ્ટતમ છે કે વિકસિત સાહિત્ય પરોક્ષ રૂપથી રાષ્ટ્રીયતાના નિરૂપણનો સહાકર્તા છે ભારતમાં ભાષાની વિવિધતા છે પણ ભારત 'રાષ્ટ્ર રાજ્ય' છે "જેમાં ભિન્ન ભાષિઓ વચ્ચે પ્રેમ નથી" સંપુર્ણ દેશમાં હિન્દી ભાષા વાપરવાવાળા અન્ય ભાષાના પ્રમાણમાં વધારે છે. માટે અન્ય ન્યુનભાષીઓ ને હિન્દી રાષ્ટ્રભાષા અપનાવવી જોઇએ જેથી પ્રત્યેક ભારતીય, જે પોતાને ભારતીય કહે છે, અન્ય ભારતીયો સાથે પ્રેમની ડોર સાથે બંધાઇ સંપુર્ણ રાષ્ટ્રને એ શક્તિ અર્પે, મજબુતી આપે, એકતા સંગઠન અને વિકાસ નો એક ધ્યેય અર્પે જેથી કોઇપણ "કાળી નજર વાળો" પાડોશી આપણા દેશ ઉપર કાળી નજર ફેંકતાં ખચકાય અને પ્રથમ અને પરિણામ ઉપર શાંતીસાથ વાદ પુર્નવિચાર કરે— ભારત એક ગૌરવવાન, ચરિત્રવાન, શક્તિશાળી અને એકીકૃત બને.

જાણવા જેવું

પુરૂષોત્તમ શિવદાસ પટેલ
દરસડી (કચ્છ)

(૧) દેવા જેવું તો "ધન" છે.
(૨) સંઘરવા જેવી તો "શક્તિ" છે.
(૩) કિંમતી તો "સ્વભાવ" છે.
(૪) દિપાવવા જેવું તો "ચારિત્ર્ય" છે.
(૫) આપવા જેવો તો "ભોગ" છે,
(૬) સાચી શાંતિ તો "મૌન" છે.
(૭) યાદ રાખવા જેવું તો "સત્ય" છે.
(૮) સાચી કસરત તો "તપ" છે,
(૯) લેવા જેવો તો "સંતોષ" છે.
(૧૦) સાચા લખાણ તો "ફુલવાડી" ના જ છે.
(૧૧) શોધવા જેવી તો "શાંતિ" છે.

★

દુનિયાના ધર્મો

૧ ખ્રિસ્તી—
૨ હિંદુ—
૩ મુસ્લીમ—
૪ જૈન—
૫ પારસી—
૬ તાઓ—
૭ બૌધ—
૮ શીખ—
૯ શીન્તો—
૧૦ કન્ફ્યુશિયસ—
૧૧ યહુદી—

યાદ રાખવા જેવું

પીવા જેવો તો "ગમ" છે.
ખાવા જેવો "ક્રોધ" છે.
જીતવા જેવો તો "પ્રેમ" છે.
ગળવા જેવો તો "ગમ" છે.
કરવા જેવો તો "ત્યાગ" છે.
સાચવવા જેવી તો "લાજ" છે.
વશ કરવા જેવી તો "જીભ" છે
બાળવા જેવી તો "ઇર્ષા" છે.
ઢાંકવા જેવી તો "આંખ" છે.
રાખવા જેવી તો "હિંમત" છે.

★ ★

પહાડોની ઊંચાઈ

કરશનભાઈ વી. પટેલ
મદ્રાસ-૪૫

પહાડનું નામ	રેન્ઝ	લંબાઇ ફુટમાં
(૧) એવરેસ્ટ	હિમાલય	૨૯,૧૪૫
(૨) કે. ૨	કારાકોરમ	૨૮;૨૫૦
(૩) કંચનઝંઘા	હિમાલય	૨૮,૧૪૬
(૪) નાગાપર્વત	”	૨૬,૬૩૯
(૫) નાગાદેવી	”	૨૫,૬૪૫
(૬) કમેટ	”	૨૫,૪૪૭
(૭) મિનીયા કોન્કા	ચીન	૨૪,૯૦૦
(૮) પીક કોમુનિજમુ	પામિર	૨૪,૫૯૦
(૯) પીક. પોમેડેં	ટીનશાન	૨૪,૪૦૬
(૧૦) આકોન કાન્ગા	અંડેરા	૨૨,૮૩૫
(૧૧) ઓઝેરાડેલ સાલાડો	અંડેરા	૨૨,૫૫૦
(૧૨) નંદકાન્ત	હિમાલય	૨૨,૫૧૦
(૧૩) હુવાસકાર્ન	”	૨૨,૨૦૫
(૧૪) માઉન્ટ લુકાનીયા	યુકોન	૧૭,૧૫૦
(૧૫) આરાકાટ	અરમેન્યા	૧૬,૯૪૫

ત્રણ ચમત્કાર

[૧] ત્રણ વસ્તુ રાખવી જોઈએ :- પ્રેમ, નમ્રતા, ધૈર્ય
[૨] ત્રણના ગુણ ગાવા જોઇએ :- જ્ઞાન, દાન, સદ્‌ગુણ
[૩] ત્રણથી દૂર નાસવું જોઇએ :- દ્વેષ, આડંબર, ઘમંડ
[૪] ત્રણ માટે લડવું જોઈએ :- આઝાદી, ઈમાન, ઇન્સાફ
[૫] ત્રણ પર કાબુ રાખવો જોઈએ :- જીભ, ટેવ, ગુસ્સો
[૬] ત્રણને આવકાર આપવો જોઇએ :- તંદુરસ્તી, સાથી, સચ્ચાઇ

★ ★

કહેશો હું કોણ છું ?

હરિલાલ જી. પટેલ
રણજીતપુરાલાટ

વર્ગમાં છું પણ કલાસમાં નથી.
રસાયણમાં છું પણ ભૌતિકમાં નથી.
ધમણમાં છું પણ પંખામાં નથી.
રીતમાં છું પણ ન્યાયમાં નથી.
વિદ્યામાં છું પણ વીણામાં નથી.
ભારતમાં છુ પણ વિદેશમાં નથી.
ગણનામાં છું પણ ગણતરીમાં નથી.
હાઇસ્કૂલમાં છું પણ શાળામાં નથી.
ઈશ્વરમાં છું પણ ભગવાનમાં નથી.
સ્કૂટરમાં છું પણ આગગાડીમાં નથી.
રમતમાં છું પણ ગમ્મતમાં નથી.
ધનમાં છું પણ પૈસામાં નથી.
રીતમાં છું પણ કુરિવાજમાં નથી.
શોધી કાઢો હું કોણ ?



વિવિધ કહેવતો

(૧) સાંભળનાર બે સાક્ષી કરતાં નજરે જોતો એક સાક્ષી સારોઃ- (ઇરાની)
(૨) ભિખારીને આખી દુનિયા આપશો તો પણ એ ભિખારી રહેશેઃ- (ફારસી)
(૩) સૌંદર્ય બેસીને રડશે જ્યારે નસીબ બેસીને જમશેઃ- (તામિલ)
(૪) કાળા મનુષ્યનાં દિલ કાળા હોતા નથીઃ- (અરબી)
(૫) સાંકડા જોડા પહેરવા કરતાં ખુલ્લા પગે ફરવું સારુંઃ- (કાશ્મીરી)
(૬) ખરે સમયે મુર્ખ બનવું એ પણ એક કલા છે.:- (સ્વિઝર્લેન્ડ)

★ ★

વ્યકિત અને વિશેષણ

પટેલ કેશવલાલ લધાભાઈ
ચંદ્રપુરાકંપા

વ્યક્તિ	વિશેષણ
(૧) ગાંધીજી	મહાત્મા (રાષ્ટ્રપિતા)
(૨) પટેલ વલ્લભભાઈ	સરદાર (લોખંડી પુરુષ)
(૩) રવિન્દ્રનાથ ટાગોર	કવિવર (ગુરુદેવ)
(૪) વિવેકાનંદ	(ગરીબોના તારણહાર)
(૫) વિનોબા	(ભૂદાન પ્રણેતા)
(૬) સુભાષચંદ્ર બોઝ	(નેતાજી)
(૭) ગોપાલકૃષ્ણ ગોખલે	(મહાત્મા ગુરુ)
(૮) સરોજીની નાયડુ	(બુલબુલ)
(૯) રણજિતસિંહ	(પંજાબનો કેસરી)
(૧૦) મહાદેવ ગોવિંદ રાન	(નીડર ન્યાયાધીશ)
(૧૧) શિવાજી	(ડુંગરનો ઉંદર)
(૧૨) કલાઈવ	(સ્વર્ગમાં જન્મેલો યોધ્ધો)
(૧૩) જમશેદજી	(ઉદ્યોગપતિ, હિંદના દાદા)
(૧૪) ગોપાલાચાર્ય	(રાજાજી)
(૧૫) લોર્ડ રિપન	(હિંદનો ઘડવૈયા)
(૧૬) ચિતરંજન	(દેશબંધુ)

—: સંસારના શ્રેષ્ઠ મહાકવિઓ :—

૧	હિંદી	તુલસીદાસ
૨	ગુજરાતી	પ્રેમાનંદ, નાનાલાલ
૩	બંગાળી	રવીન્દ્રનાથ ટાગોર
૪	આસામી	શંકરદેવ
૫	કન્નડ	પમ્મા
૬	મલયાલમ	નારાયન મેનન, વલ્લથોલ
૭	સંસ્કૃત	વાલ્મિકી, કાલીદાસ
૮	અરબી	ખલિલ જિબ્રાન
૯	ગ્રીક	હોમર
૧૦	ચીની	ચૂ – યૂ – આન
૧૧	ઇટાલિયન	દાન્તે
૧૨	અંગ્રેજી	વિલિયમ શેકસપિયર
૧૩	જર્મન	જોન વુલ્ફગેન્ગ ગેટે
૧૪	સિલાનીઝ	ગુણરત્નમ
૧૫	રશિયન	પેસેનીન
૧૬	પર્શિયન	શેખ શાદી
૧૭	ફ્રેંચ	પસવલ્લી ઘોપ

મૃત્યુ વડે જીવન

આબુલાલ વી. પટેલ
બેંગલોર-૪

રાત્રિના અંધાર પછેડાએ નગરને પોતાના અંચળામાં ઢાંકી લીધું હતું. શેરીઓમાંથી માણસો ઘર તરફ પાછાં ફરી રહ્યાં હતાં. ઉત્તરના ઠંડા પવને બાગબગીચાઓને વેરાન બનાવી દીધાં હતાં ગામથી થોડેક દૂર પડવાના વાંકે જીવતું એક જીર્ણશીર્ણ ઝૂંપડું ઊભું હતું ત્યાં ખૂણામાં પથારીમાં એક મરવા પડેલો જુવાન પડ્યો હતો પવન આવવાથી હરપળે હાલી રહેલી ઝાંખા દીવાની ધ્રુજતી વાટને એ જોઇ રહ્યો હતો !

તેના મનમાં એક વાત ઊગી ગઇ હતી જીવનના પંજામાંથી એને મુક્ત કરનાર શાંતિમય મૃત્યુ આવી રહ્યું હતુ તે મૃત્યુની રાહ જોઇ રહ્યો હતો. તેના ફિક્કા ચહેરા ઉપર આશાનું કિરણ પ્રગટ્યું. તેના હોઠ ઉપર એક શોક-ભર્યું સ્મિત આવ્યું. તેના નેત્રમાં જીવન સમાધાનની–ક્ષમાની શાંતિ આવી.

આ લક્ષ્મીભરપુર નગરનો ભૂખથી પીડાતો એ એક ક વ હતો

પોતાની ચિંતનશીલ ગંભીર સુંદર વાણીથી લોકનાં હૃદયને પ્રફુલ્લિત કરવા માટે એને અહીં મોકલવામાં આવ્યો હતો તે એક સુંદર આત્મા હતો. માનવના અંતરને વિનમ્ર બનાવવાને અને શાંત સ્વસ્થ રાખવાને, એને પ્રજ્ઞાદેવીએ અહીં મોકલ્યો હતો પરંતુ અફસોસ ! આ દુનિયાના વિચિત્ર જેવા રહેવાશીઓ પાસેથી પહેલાં કર્મ કર્યું હશે તેનું પાપ આ ભવમાં લઇ રહ્યો છે. આ ધરતીમાંથી આજે એ વિદાય લઇ રહ્યો હતો !

તેની આ વિદાય ઘડી એ પેલા તૈલદીપ વિના બીજુ કોઇ તેની પાસે ન હતું એ એકજ એનો મિત્ર હતો. આ તેલનો દીવો અને થોડાંક એનાં કાગળિયાં જેમાં એણે પોતાના હૃદયની લાગણીઓ કોતરી દીધી હતી ! આ બેજ એના સાથી એણે પોતાના સુક્કા નબળા હાથને આકાશની સામે જોડયા વાદળ છાયા આકાશમાંના તારા જોવા માટે પોતાની આંખોને નિરાશામાં ત્યાં ફેરવી અને એ બોલી ઊઠ્યો " ઓ મૃત્યુદેવ ! સુંદરતમ આવો, આવો મારો આત્મા તમારા આગમનને ઝંખી રહ્યો છે મારી વધું નજીક આવો મને જીવન બંધનમાંથી મુક્ત કરો એને ખેચવાનો હવે મને થાક લાગ્યો છે દેવદુતોની વાણીનું અનુસરણ કરવા માટે મને વિચિત્ર ગણતા મારા પાડોશીઓમાંથી ઉપાડી લઇને મારો ઉધ્ધાર કરો.

ઓ શાંત મૃત્યુ દેવ આવો, ઉતાવળ કરો અને આ જનટોળામાંથી મને ઉપાડી લ્યો ! એમણે મને અંધકારમાં ધકેલી દીધો હતો કારણકે એમની જેમ

નિર્મળોનુ લોહી ચૂસણિયું હું ન બની શક્યો, મૃદુ મૃત્યુદેવ આવો અને મને તમારી પાંખોમાં સમાવી દો મારા અહીંના સાથીઓને મારી ખપ (જરૂરત) નથી. તમે મૃત્યુદેવ ! તમારા પ્રેમ અને દયા ભરપુર હૃદયે મને ભેટો તમારા હૈડથી મારા આ હૃદય ને સ્પર્શો મારા આ હૃદય જેમણે કોઇ દિવસ માતાના ચુંબનને જાણ્યું નથી જેમણે કોઈ દિવસ બહેનના માથા ને સ્પર્શ કર્યો નથી અને જેમણે કોઇ દિવસ ધર્માદાય કર્યું નથી અને જેમણે કોઈ દિવસ કોઇનું ભલુ કર્યું નથી ઓ ! મારરા પ્યારા મૃત્યુદેવ આવો આવો અને મને સ્વીકારો !

પછી એ કવિની મૃત્યુ શય્યા પાસે એક દેવતાઇ સ્વરૂપ આવ્યું ? એ રૂપ એવું એનું સૌન્દર્ય હતું. અદ્‌ભુત એવો એનો દેખાવ હતો એના હાથમાં કમળની માળા હતી તેણે કવિની ભેટ કરી અને તેનાં નેત્રો (આંખો) બંધ કર્યા કે જેથી એ પાર્થિવ (પોતાની) આંખો વડે વધુ કઇ જોઇ શકે નહીં એના હોઠ ઉપર એક સંતોષની છાયાનું અમર સ્મિત આવીને બેઠું પછી એ ઝૂંપડું ખાલીખમ થઇ ગયુ. ઉત્તરનો ઠંડો પવન વાતો રહ્યો અને કવિએ થોડાં ક કાગળિયાં ફેકી દીધાં હતાં તે કાગળિયાં ત્યાં ઉડતાં હતાં એમણે નગરના સુંદર તમ ઉદ્યાનમાં આ કવિનું એક આરસ પૂતળુ ઉભુ કર્યું અને એમને અજ્ઞાનના બંધનમાંથી મુક્ત કરનારા એ કવિના માનમાં દર વર્ષે ઉત્સાહ મેળો રચ્યો ! આહ ! ત્યારે માણસો નહિ પણ માણસની આજ્ઞાનતા કેટલી બધી ક્રૂર છે.... ★

ચિંતા ચિત્તને ચીરી નાખે

રચયિતા : શાન્તિલાલ શામજીભાઇ પટેલ
એદલપુરવાળા

ચિંતા ચિત્તને ચીરી નાખે,
ચિંતાને જાણીએ ચોર જ રે !
ચિંતા ચોરે માનવ આનંદ, ચિંતા ચોરે માનવપ્રેમ
ચિંતીત વ્યકિત નવ જાણી શકે, સાચી સમજણ.
ચિંતા કેરા ચક્રે, ચાલે ચિંતન ચિત્ત
વિચારોના પંથે ચાલે ચિંતીત્ત ચિત્ત
નવ સૂઝે નવીન રાહ, નવ દેખાય સત્ય રાહ
હાય ! કાય થશે શું ! સૂઝાડે આવી સમજણ
ભાવિનું ચિત્ત દોરવા લાગી જાય છે ચિંતા.
સારૂં છે જ કે નવ જાણતો માનવ ભાવિને.

જમાનાનો વળાંક

વિનાયક પટેલ
નારણપુરા, અમદાવાદ

"તો શું મારે આવી નાનકડી વાત માટે મારા આ મહામૂલા જીવનનો ભોગ આપવો!"

"તો તારું કહેવું એમ જ થયું ને કે અમને આબરૂ વહાલી નહીં હોય."

"પિતાજી, તમારે સમાજમાં આબરૂ સાચવવી હશે તો મારે મારા મિત્ર વર્તુળમાં શિખું તો રહેવું જોઈએ કે નહીં? તમે આગળ ગયેલા પુત્રની આવી અવદશા કઈ રીતે ઝંખી રહ્યા છો તે જ સમજાતું નથી."

"પરંતુ વિનોદ, તો તારે આ વાત મને પહેલાં કહેવી હતી કે જેથી હુ તારા સાસરા પક્ષને તેનાથી વાકેફ કરત"

"પરંતુ પિતાજી તમે મને એવી કઈ તક આપી છે કે જેનાથી હું મારા જીવનસાથીની ચકાસણી કરી શકું. આ તમારી માન મર્યાદા અને આબરૂનું રક્ષણ કરવામાંથી ઉંચું અવાય તો થાય ને. તે માટે પિતાજી આપ જ જવાબદાર છો"

વાત એમ બની કે......

વિનોદ આજે બી. એસ. સી. થઈ એમ. એસ. સી- માં પ્રવેશી ચુકયો છે. અને દિવાળી વેકેશનમાં ઘેર આવેલ છે. તેના માતા પિતાએ તેનો સંબંધ નાનપણમાં જ કરેલો. પરંતુ વિનોદ જેટલો ચતુર હતો તેટલી જ નફ્ફટ અને બેદરકાર તેની પત્ની સરીતા હતી. વિનોદની બુદ્ધિ આસમાનના તારલીયા જમીન પર લાવે તો સરીતા તેને પાણીમાં ડૂબાડી બુઝાવી વો જરૂર શકે.

વિનોદ દેખાવે પણ સાધારણ હતો તો સરીતા કઈ કાંઈ નાખ્યા જેવી તો નહીં જ. તેને રૂપનુ અભિમાન ખરું બાકી ટકાવારી કાઢો તો આજના વર્ષના આનાવારી જેટલી જ. વિનોદને પીકચરમાં રસ અને પીકચરના ગાયન સાંભળે તો સરીતાને રેડીયાથી રીસામણા જ હોય. સેકસમાં વિનોદ રસ લે, તો સરીતા સેકસથી સો ગાઉ દુર જ હોય ફીલ્મી દુનીયાની નીચે વિનોદ આનંદ મેળવે તો બીચારી સરીતાએ 'કૃષ્ણ લીલા' અને 'જેસલ તોરલ' જેવાં સામાન્ય સેકસી પીકચરને પણ વગોવી નાખેલાં પરંતુ બિચારો વિનોદ સરીતાના આવા સ્વભાવની જાણ બહાર હતો.

વિનોદે પોતાનું ગુજરાતી શાળાનું ભણતર પૂર્ણ કરી હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કરવા આવ્યો ત્યારે એક વાત બની અને તે લગ્નની વિનોદને આની માઠી અસર લાગી તેણે ના પાડવી ન પડી પણ તેના પિતાજી એજ અસ્વીકાર

 [illegible]ર્યો. આજ અરસામાં વિનોદને સરીતાનું મીલન થાય તેવો પ્રસંગ સાંપડયો પણ સરીતા તો મગજની કાઠી તેથી મીલનને સાર્થક ન થવા દીધું બિચારા વિનોદની આશા મનમાં જ રહી.

સમયની ગતિ સરીતાની ગતિથી જેમ અખંડ છે. જેમાં આજની અમુક સરીતાઓ અપવાદ પણ છે. સરીતાને ઘેર ભાભી આવી અને વિનોદને પણ તેની ભાભી દમયંતીના સ્વભાવથી ઘરમાં કાયમ કલેશ રહેતો જ્યારે સરીતાની ભાભી ચંદ્રીકા ચતુર અને હાઇસ્કૂલમાં ભણેલી પણ હતી બિચારા વિનોદને ભાભીની મશ્કરીથી કંટાળો આવતો જ્યારે ચંદ્રીકાને સરીતાના આધૂનિક સ્વભાવથી વિનોદ આવા કારણોને લીધે ચતુર ભાભીઓની કલ્પનામાં જતો તેથી ઓછી બુધ્ધિવાળાં ભાભી ચીડાતાં તો નહી જ અને ચંદ્રીકાની શિખામણુ કે આધૂનિક બનાવવા ના પ્રયત્નો સરીતા નિષ્ફળ જ કરતી

વિનોદ હવે એસ. એસ. સી કરી કોલેજમાં અમદાવાદ ગયો અને પ્રથમ પત્ર સરીતા પર લખ્યો પણ સરીતાએ કંઈ લખતાં જ જાણે ન આવડતું હોય તેમ જવાબ ન વાળ્યો. ચીડાયેલા વિનોદે કડક પત્ર લખ્યો તો સરીતા ચદ્રિકા ભાભીની મદદે દોડી ગઇ અને પત્ર લખી આપવા કહ્યું તો ભાભી એ યોગ્ય રીતે જણાવ્યું કે દંપતીની વાતમાં મારાથી કેમ માથું મરાય મારે અને તમારે એ વાતો સ્વય રીતે ગુપ્ત રાખવી ઘાટે પણ નણંદલ બા તો રીસાયાં છેવટે કલેશની બીકે ચદ્રિકાએ પત્ર લખી આપ્યો, અને પત્ર વ્યવહારના સાંકળ ચાલુ થઇ.

આધુનિક વર્ણનમાં પાંચ થી છ ધોરણના હસ્તાક્ષર જોઈ વિનોદને નવાઈ લાગી પણ તેનુ નીવારણ તે વખતે ન થયુ વિનોદ વર્ણનથી લલચાયો અને શુદ્ધ ભાષા લખવા લાગ્યો અને સરીતાને અંગ્રેજી ભણવાનું સુચન આપવાનું ન ચૂકયો પરંતુ બિચારી સરીતાને તો આ ભેંસ આગળ ભાગવત જેવું લાગ્યું ભાભી ફોડ પાડે અને સરીતા સમજે, સમજે નહી તો સહ અને ગંભીર વાત પણ વિચારી ન શકે છેવટે વિનોદે ફોન પર સરીતાને બોલાવી તો ન આવી, વિનોદને આ ઉપરથી તેના ગામડીયાપણાનો સ્વભાવ પકડાયો અને વિચારે ચઢ્યો.

હકીકતથી વિમુખ હોવાથી વિનોદે આ બધુ યોગ્ય રીતે ચાલુ રાખ્યું પણ સરીતા તે ન સાચવી શકી. પત્ર પણ ગમે તેમ મુકતી જેથી તેના ભાઇ અને પિતાજી વાંચી શકતા વળી આમેય ગાંડી એટલે ગામના લોકોને જાણ થઇ ગઇ પણ લોકો એ ન સમજી શકયા કે આવો ફાંકડો નવજુવાન શું આ વાતથી અજાણ હશે? શિક્ષિત યુવાન આ અશિક્ષિત યુવતીને નહીં ઓળખી શકયો હોય? વિનોદને ફેશન પસંદ હશે અને આ ફેશનની વીરોધી યુવતીનું કેમ ગાડુ ચાલશે?

પરંતુ હવે સમયે વળાંક લીધો સરીતાના ગામનો એક વિદ્યાર્થી

★ ★

અમદાવાદ ભણવા ગયો ત્યાં વિનોદે તેનાં ભાગ્ય પોલ જાણી લીધી. તેનાં સાતે વહાણ ડૂબી ગયાં કલ્પનાનો બાગ તેનાથી ગાઉ દૂર જતો રહયો ખીલેલી કલીઓ અદશ્ય થતી લાગી અને જાણે તે આ વિશાળ આભલામાં ગુંગળાવા લાગ્યો. તે હવે જાગી ચૂકયો હતો. પરંતુ તે સવાર ન હતી, બપોરના બાર વાગ્યા હતા. તેને એ પણ જાણમાં આવ્યુ કે સરીતા કપડાં ધોવાનુ, રસોઈનું કે કાળા લાંબા બાલ વાળાનું દીલ પણ નથી જાણતી બસ થઇ રહ્યું પહેલાનો વિનોદ હવે બદલી ગયો. અને વિનોદ-સરીતાના પત્ર વ્યવહાર જે ખરેખર સરીતા એકસચેન્જ દ્વારા વિનોદ અને ચદ્રીકા વચ્ચે થતા ફોન જેવો હતો તે બંધ થયો. વિનોદે પોતાની ઇચ્છાનું રક્ષણ બધ કર્યુ અને આધુનિક યુવતીને શોધવા નીકળ્યો.

દુકાળમાં અધીક માસની જેમ આજે વિનોદ દીવાળી વેકેશનમાં ઘેર આવ્યો હતો. ત્યારે તેના સસગ વાલજીભાઈ લગ્નનુ નક્કી કરવા આવ્યા. પણ વિનોદનાં મંતવ્યો જાણતાં બધા નિરાશ થયા. વિનોદે જણાવી દીધું કે હુ અભ્યાસ કરીશ તો પરણીશ નહીં અને પરણીશ તો અભ્યાસ નહી હવે પિતાજી તમે જ નક્કી કરો.

"પણ વિનોદ તારે સમજવું જોઇએ". 'તમે મને સંસંધ વખતે પુછવા આવ્યા હતા? મને તે વખતે વિચારવાનું કે સમજવાનું કહયું હતું ? તો આજે હું વિચારુ?'

"તો અમારે શું કરવુ" 'તમારા હાથનાં કર્યાં હૈયે ભોગવો. મે મારા જીવન સાથીની પસંદગી નથી કરી તમોએ કરી છે તો તમે'......

બસ વિનોદ હવે બહુ બોલવું સારું નથી 'તો મારે આ' વિવાહ મંજુર નથી. જો વિવાહ કરવો હોય તો પાંચ વર્ષ બાદ થશે તમારી પુત્રી ત્યાં સુધી રાખવી હોય તો રાખો નહી તો ખુશીથી બીજી જગ્યાએ પરણાવી શકો છો.'

આમ કહી વિનોદે જાગેલી બધી જ વાત જણાવી દીધી. અને પંચ દ્વારા ચુકાદો પણ મેળવી ચુકયો તે વિનોદે પત્ર રહયો સાંભળવુ પડયું વેવાઈઓને જ તો...

આ ઉપરથી આપણે આપણી સમાજના લોકોને એજ જાણવું જરૂરી છે કે જમાનો બદલાઇ ચુકયો છે તેની સાથે બધાને બદલાવું જ પડશે પહેલાંની રૂઢિયોને રૂપાંતર આપવું જરૂરી છે. નહીં તો આજની યુવા પેઢી અને વૃદ્ધા પેઢીને અંટી પડશે. યુવાનોને પણ તેમનું માન હશે. તો આજના યુવાનોને તેમને યોગ્ય લાગતુ કરી તેનું જીવન સાર્થક બનાવવા દો. ભલે તે પણ પોતાનો ભાર પોતાની મેળે ઉપાડીને ચાલતાં શીખે. આથી આજના વાલિઓનો ભાર કંઈક અંશે હળવો થશે. હા તેની ચકાસણી તમે જરૂરથી કરી શકો છો, પરંતુ પસંદગી તો નહી જ, નહિ તો આજનો યુવાન એમ જ કહેશે કે જેણે પસંદ કરેલ છે તેની સાથે પરણાવો. ત્યારે માતા-પિતાની આબરૂને સાચવવી ભારે પડશે. તો તેથીજ સમજવુ જોઇએ કે જમાનાએ વળાંક લીધો છે તો આપણે પણ જમાનાની સાથે કદમ તાલ મીલાવી વળાંકમાં વળીએ.

★ ★

પત્થરનો ભગવાન !

મગનલાલ. આર. પટેલ
જબલપુર

ભાઈ સાહબ મારી છોકરી બહુજ માંદી છે' તે ગિડગિડાવીને દરવાજાના પાસે ઉભા ચપરાસીથી બોલતી હતી. જે ભીડને એકના બાદ એક દરવાજાના અંદર પ્રવેશ કરવાની અનુમતી આપતો હતો

બહુજ માંદી છે તો હું શું કરું ચપરાસી જોરથી બોલ્યો. મને આગળ જવાદો. તેની વાણીમાં નમ્રતા હતી

ચલ હટ, મોટાથી મોટા થઈ ગયા અને દોલી કહે છે મને પાર ઉતારી દો

તેની ગોદમાં છોકરી બહુજ રોતી જાય છે, એમ લાગે છે કે રોતાં રોતાં જ મોતના મુંહમાં ચાલી જશે! ડોકટરથી લઈને ત્યાં જેટલા ઉભા માણસોમાંથી છોકરીની રોવાની કોઇને અસર નથી થતી અને ન કોઈ માની કરુણ પુકારનો અસર થાય છે. એમ લાગે છે ત્યાં જેટલા માણસ ઉભા છે તેના કાન બહરા છે તથા દિલ પત્થરના છે, તેણે વિચાર કર્યો કે એક વખત ફરીથી ભીડના વચમાં પ્રાર્થના કરી લઉં. લાઈનમાં પ્રથમ ઉભાં એક મહીલાથી બોલાયું કે, આશાથી એનું માતૃત્વ જાગી જાય.

બાબુજી તમારી જગ્યા મને આપો. મારી છોકરી બહુજ તડપે છે! એના શબ્દોમાં એમ લાગે છે કે સંપૂર્ણ માતૃત્વ રૂદન કરે છે.

મોટી આવી જગ્યા લેવા સ રૂં હું શું અહિયા પ્રસાદ લેવા માટે આવી છુ. તે મહિલાનો જવાબ હતો તેને સાંભળીને સન્નાટામાં પડી ગઈ અને તેની આંખોમાં આંસુ નીકળા લાગ્યાં.

એક વખત ફરીથી સરસરી નજર છોકરી ઉપર નાખેલ છોકરીનુ ફુલ સમાન ચહેરો મુરકાઇ ગયેલ હતો શાયદ તેની માની રોવાની શકિત પણ ખતમ થઇ ગયેલ લાગે છે તે જોરથી સાસના સાથે હિચકીયા લેતી હતી. જ્યારે છોકરીનો ચહેરો જોયો ત્યારે આંસુ જોરથી પડવા લાગ્યા, તેનો સમ્પૂર્ણ માતૃત્વ ફુટી ફુટીને રોતો હતો.

કહેવામાં આવે છે કે ભગવાનનુ બીજુ રૂપ ડોકટર છે. તેને વિચાર કર્યો કે એક વખત ભગવાનની પરીક્ષા લેવી જોઇએ.

એક વિચાર કરીને બીજા દરવાજાથી સીધી ડોકટરના રુમમાં પ્રવેશ કરેલ. અહિયાંથી નહિ લાઇનથી આવો, ડોકટર બોલ્યાં, જોવો સાહેબ મારી છોકરી!" હુ કહું છું બહાર નીકળો! જાઓ? શેરની દહાડ સામે બેચારી ગરીબ હિરની કેમ રોકાઈ શકે? તે રુમથી બારે આવી તેને એમ લાગેલ કે મારી છોકરી થોડાક સમય માટેની

મેહમાન છે તેનું માતૃત્વ રડી રડીને ઊઠતું હતું તેને એક વખત ફરીથી પ્રયાસ કર્યો કે મારા આંસુ શાયદ કામ આવે.

એ ડોકટર જે હજારો આંસુ તથા કરુણ પુકાર દિવસભર જોવા અને સાંભળવાના કારણથી પત્થરની પ્રતિમા બની ચુકી છે, અમારા જેવું બેબસ માણસના આંસુ તેને કેમ પીગલાવી શકે "જીવનનો ઉદેશ્ય સફલતાનો મોહ મુકીને કર્મ કરવું છે," તે વિચારીને એક વખત ફરીથી ડોકટરના કમરામાં પ્રવેશ કર્યો. પાગલ છો શું ? એક વખત સમજાવવા બાદ પણ માનતી નથી, ગંવાર કહીની. અહિંથી નીકળી જા બેચારી તેમજ બહાર આવી ગઇ.

તેજ સમયે યદિ નારીત્વ છોડીને કાલી બની ગઇ હોત તો ડોકટરનું ખુન કરી દેત પોતાની લજ્જા મુકીને ઝાંસીની રાણી બની જાત અને ડોકટરને મોતની ગોદમાં સુવાડી દેત તો દુનિયાનો કોઇપણ કાનૂન તેણે અપરાધીના રૂપમાં પ્રમાણીત ન કરી શકે ખુન કરી દેત પણ કાનુનના અનુસાર

"પત્થરના ભગવાન" ની આરાધનામાં તે પોતાની સુધ બુધ ભુલી ગઇ. આ વખત અનાયાસ જ તેની નજર છોકરી ઉપર પડેલ તેના મોં માંથી હૃદય દ્રાવક ચીસ નીકળી અને ધડામથી ફર્શ પર પડી ગઇ

જેણે જોયું જેને સાંભળ્યું બધાય કાના ફુસી કરવા લાગ્યા 'એક ગરીબ મા ની છોકરી અસ્પતાલમાં ડોકટરના સામે તડપી ને મરી ગઈ. ★

❋ વૈષ્ણવ સંપ્રદાય ❋

પુરાણોના આધારે સૌથી પહેલાજ આ સંપ્રદાયની સ્થાપના થઈ. આ સંપ્રદાયના સ્થાપક મહાત્મા વિષ્ણુસ્વામી હતા. ઇ. સ. ના ત્રીજા સૈકામાં તેમણે આ પંથની સ્થાપના કરેલી હશે તેમના પિતા દ્રાવિડ દેશમાંના એક રાજાના પ્રધાન હતા તેથી તેને પણ એ પ્રધાનપદુ શીખવવા આજ્ઞા કરી, પણ પોતે અલ્પ સમૃદ્ધિ વાળા રાજાઓની સેવા કરવા કરતાં સકળ સૃષ્ટિના રાજા પરમાત્માની સેવા કરવી વધારે સારી સમજી તેમણે ઉપનિષદોનો અભ્યાસ કર્યો જેથી તેને પરમાત્માના સત્ય સ્વરૂપનું જ્ઞાન થયું.

તેમણે લોક રૂચિને માન આપી પુરાણોના આધારે "વૈષ્ણવ" પંથ સ્થાપન કરી વિષ્ણુ ભગવાનની મૂર્તિ પુજા કરવાનો વહીવટ ચલાવ્યો, ગીતાજીને મુખ્ય માની ઉપદેશ આપવાનું શરૂ કર્યું- અને તેને લગતા ગ્રંથો રચ્યા. ફક્ત વિષ્ણુની મૂર્તિ પુજા અને તેની ભક્તિ કરવાથીજ મુક્તિ મળે છે એમ જણાવાથી બૌદ્ધ વીગેરે ધર્મોના લોકો પણ તેમાં દાખલ થવા લાગ્યા વિષ્ણુ સ્વામી ત્રિદંડી સન્યાસી થઇને સમાધિસ્થ થયા હતા તેમના પછી તેની ગાદી જ્ઞાન દેવને મળી હતી ત્યારથી એ ગાદીવાળા ગોસ્વામી એવું પદ વંશપરંપરાથી ધરાવે છે.

★ ★

"ચિંતન કણિકા"

પ્રેમજી બાણી વિશ્રામભાઇ એચ
લુડવા–કચ્છ

એક ખલાસી પોતાના વહાણને કિનારાથી છોડયા વગર રાત્રે મુસાફરી શરૂ કરે છે; સારી રાત સુધી સતત હલેસાં માર્યાં કરે છે સવાર થતાં જુએ છે તો –જ્યાં હતા ત્યાંજ– પછી તેને સાચી સમજ આવે છે કે આ માત્ર ખોટો જ પ્રયત્ન હતો.

આ માત્ર બોધકથા છે. પરંતુ આપણામાંના લગભગ બધા આદરપ્રિય જીવન જીવવા માટે પ્રયત્નો કરે છે, નિષ્ફળતા મળે છે પણ કોઇ પોતાની નિષ્ફળતા વિશે વિચાર કરતા નથી. મારા પ્રયત્નોને નિષ્ફળતા શાથી મળી પેલા ખલાસીની જેમ આપણે પણ આંખો બંધ કરી બીજા કહે છે માટે સાચુ છે એમ માની ખોટા પ્રયત્નો જ કરીએ છીએ અને તેને જ કારણે નિષ્ફળતા મળે છે.

નિરાશ થવાની જરૂર નથી. હું તમને સાચો રસ્તો બતાવું છું. આપણે અપાર શક્તિના સ્વામી છીએ દુનિયામાં આપણા માટે કોઇ કાર્ય અશકય નથી. આપણા આદર્શમય જીવન જીવવા માટેનો રસ્તો આપણે જ બનાવવાનો છે. બહારથી કોઇ જાતની મદદ મળવાની નથી. બધું જ આપણી અંદર જ છે. બાકી બહાર અંધારું જ છે.

દરેક આદર્શમય જીવન જીવવાનું શરૂ કરે તે પહેલાં નીચેના પ્રશ્નોના જવાબો પોતાના આત્મા પાસેથી મેળવવામાં કોશીષ કરે.

હું કોણ? મારું કોણ? મારું શું હું આ જગતમાં શા માટે આવ્યો? કયાંથી આવ્યો અને કયાં જવાનો છું? વગેરે પ્રશ્નો પર સતત ચિંતન ચલાવી તેમાંથી આપણને આદર્શમય જીવન જીવવાના સિધ્ધાંતો ઘડવા જોઈએ. શરૂઆતમાં નિષ્ફળતા મળે તો પણ હતાશ થતા નહીં. હું કહું છું કે જો તમને એક હજારવાર નિષ્ફળતા મળે તો પણ તમારા સિધ્ધાંતો છોડતા નહિ ફરી પ્રયત્નો શરૂ કરો. ખાત્રી રાખો કે વિજય તમારો જ છે જરૂર વહેલો મોડો તમને મળશે. જરા શાંતિની જરૂર છે. હતાશ થશો નહિ, આગળને આગળ વધો. ભૂતકાળ તરફ જોવાનું આપણું કામ નથી, વર્તમાન સુધારો

દરેક મનુષ્યે પોતાના જીવનની દરેકે ક્ષણોનો સદ્ઉપયોગ કરતાં શીખવું જોઇએ. દિવસની શુભ શરૂઆતથી દિવસના અંત સુધીનું સરવૈયુ રાખવુ

રોજ સાંજે સુતી વખતે ધ્યાન પૂર્વક વિચારવું જોઇએ કે મેં મારા ધ્યેય તરફ કેટલું પ્રયાણ કર્યું? મારાથી સારા દિવસમાં શું ભૂલો થઇ? તેને કઇ રીતે સુધારી શકાય. આજ કરતાંઆવતો કાલ સારી જાય તેનો દૃઢ નિશ્ચય કરવો વેપારીઓ પોતાના વેપારનું દરરોજનું સરવૈયુ રાખે છે. તેમ દરેક મનુષ્યે દરરોજનું સરવૈયું રાખવું જોઇએ. તો જ જિંદગી સફળ બને. પૂર્વજન્મના અપાર પુણ્યો પછી આ માનવ દેહ મળ્યો છે તેને વેડફી ન નાખતા તેનો સદ્‌પયોગ કરવો જોઇએ. હું આશા રાખું કે દરેક મનુષ્ય આ દિશામાં વિચાર કરે અને પોતાની વેડફાતી જિંદગી તરફ દ્રષ્ટિપાત કરે ★

મનુષ્યમાં રહેલા પ્રાકૃતિક ગુણો

સંકલન : શામજીભાઇ એસ. પટેલ
વડોદરા.

ભારતમાં પ્રાચિન કાળથી પરદેશીઓ ઉતરી આવ્યા છે. વિશાળ દેશ, અફાટ અરણ્યો, નદીઓની જળ સમૃધ્ધિ એ બધી સગવડે ના લીધે દ્રવિડ સંસ્કૃતિ ખીલી હતી. આર્યો તેનાથી લોભાઇ નિરાંતનુ જીવન ગાળવા અહીં ઉતરી આવ્યા. દ્રાવિડોને દક્ષિણમાં ધકેલ્યા અને પોતે ઉત્તરમાં વસવાટ કર્યો. જીવન નિર્વાહની નિરાંતને લીધે એ શાંતિ ભર્યું જીવન ગાળતા. એ વાતાવરણમાં ઋષિમુનિઓના ચિંતન-માંથી આર્ય સંસ્કૃતિની ભાગીરથ વહી.

ભારતની પશ્ચિમે આવેલા અરબસ્તાન ઇજીપ્ત વગેરે રણ પ્રદેશોમાં ખેતીની અનુકુળતા અને જંગલોની સમૃધ્ધિ ન હતી. તેમને ખોરાક માટે રખડુ જીવન ગાળવું પડતું હતું લૂટફાટ તેમનો વહેવાર બન્યો જેથી સંગઠન શક્તિ ખીલી અને નવાનવા પ્રદેશો તરફ નજર દોડાવી જરૂરીયાતમાંથી આક્રમક પ્રવૃત્તિઓ બંધાઇ મહદ્ અંશે અત્રેના મુસલમાનોમાં પણ આ લક્ષણ જોવા મળે છે, તે એમના ધર્મે આપેલ નથી પણ એમના પ્રદેશના સંજોગોમાંથી જન્મેલા વારસામાંથી મળેલા છે.

પશ્ચિમના દેશોને વળી એના કરતાં આબોહવાને લીધે જુદા પ્રકારનું બરફ અને ઠંડીમાં કઠણ જીવન ગાળવું પડતું હતું. તેઓને રોટલાની જરૂરીયાત કરતાં ચડી જાય તેવી સાહેબીની ભૂખ લાગી. તેથી સમૃધ્ધિના શોધમાં તેઓમાં આક્રમક પ્રવૃતિ ખીલી અને દરીયો ખેડવા માંડયો. અને વિશેષમાં એમને વિજ્ઞાનનું બળ હાથમાં આવતાં આખી દુનિયાને કબજે કરવાની હામ ભીડી. આમ ભિન્ન પ્રજાઓની ભિન્ન ભિન્ન પ્રકૃતિ બની ગઈ.

★

★ ★

જડે તો....

હરીલાલ ડી. પટેલ 'કશ્યપ'
પુરુષોત્તમપુરા.

(સ્રગ્ધરા)

તુંને કંઇ જડે તો પથિક ! અરણને મારગે ચાલતાં જો
છોડીને તેહને પાછળ નિરઅરથી કલ્પી ના ચાલજે તો,
તૂટી શાખા જડે તો તુજ મન અવરોધી ગણી પંથ કેરી
ફેંકી નઃ દૂર દેજે પણ રક્ષક બને, જો ઘડે, અંગ કેરી
વાંસો ટૂંકો જડે તો નકૂરપ વિણ પોલો ગણી ના તજી તે,
લેઈ સંગાથ, જો છેદ સુમધુર કરે ગાન વેણું સજીને
પાણો નાનો જડે તો અણઘડ પથરો માનતાં ફેંકજે નાં
દે' દેજે શિલ્પીને સુંદર સુરતિ બને જ્યાં અડે હાથ તેના.
ચૂસી ગોટી જડે તો, વિચરત વખતે આમકુંજો મહીંથી.
દૌં' લેશે સગ જો. કો'ક દિન સફળ આંબો બને તે મહીંથી
ખંખો નાના જડે તો, સરિત તટ દટાયા નદીની અટાળે.
લો' લેજે એક શોધી અરપણ કરવા પ્રભુને પ્રાતકાળે,
ખંડેરીયાં જડે તો તવ મુખ નવ મોડી લઇ ટાળજે ના.
લેખો જૂનાપુરાણા અવપિત પણ જોવા ન ચૂકીશ તેના.
બીતો ના ભૂતવાસે નિરઅરથક શે ને જવું એમ માની,
ખૂણે ખૂણે સુણે તું પણ પથિક ભલેનેથતા હાથ કાળા,
કોલ્સો કાળો જડે તો પણ પથિક; ભલેને થતા હાથ કાળા,
દોરાશે તે વડે પંથ ઉપર નકશા મારગોના નિરાળા,
ભૂલીને પંથ જો જંગલ વિકટ વિષે આ મથે શોધવાને
કૃતાર્થી તું થશે હા! તમ વિસરિત પથો સુઝાડી જવાને

સમાચાર વિભાગ

'સ્નેહ સંમેલન' શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (વડોદરા)

વડોદરા સમાજનું નવા વર્ષના શુભદિને એક સ્નેહ સંમેલન ધી લક્ષ્મી સો મીલમાં યોજવામાં આવ્યું હતું. જેમાં ૧૯૭૨ના વર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામોની વહેંચણી કરવામાં આવી હતી

સંમેલનનું પ્રમુખ સ્થાન સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ શીવદાસભાઈ પટેલે લીધું હતું. સમાજના મંત્રી શ્રી રવજીભાઈ ડાહ્યાભાઈએ સંમેલનનું હાર્દ સમજાવ્યુ હતું ત્યારબાદ સમાજના વડીલ શ્રી રામજીભાઈ લખુભાઈના શુભ હસ્તે વિદ્યાર્થી ભાઇ-બહેનોને સમાજ તરફથી ઈનામો વહેંચવામાં આવ્યા હતા. શ્રી શામજીભાઈ ખેતાભાઈ (છાણીવાળા) તરફથી અપાતી ટ્રોફી આ વર્ષે શ્રી નરેન્દ્રકુમાર રતનશીભાઈ પટેલ ધોરણ ૧૦માં ૭૨% માર્કસ મેળવી લઇ ગયા હતા.

દેશની પરિસ્થિતિને ખ્યાલમાં રાખી દર વર્ષે થતો સમુહ ભોજન સમારંભનો કાર્યક્રમ આ વર્ષે રદ કરવામાં આવ્યો હતો પ્રાસંગિક પ્રવચનો અને આભારવિધી બાદ સભાનું વિસર્જન થયું હતું.

ઉપરોક્ત સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૩-૧૧-૭૨ ના રોજ મળી હતી જેમાં નવા વર્ષ માટેની કારોબારી સમિતિની સર્વાનુમતે નીચે મુજબ વરણી કરવામાં આવી હતી.

૧. પ્રમુખ : શ્રી પ્રેમજીભાઈ શીવદાસભાઈ પટેલ
૨. ઉપપ્રમુખ : શ્રી રતનશીભાઈ નારણભાઈ પટેલ
૩. મંત્રી : શ્રી રવજીભાઈ ડાહ્યાભાઈ પટેલ
૪. સહમંત્રી : શ્રી મનુભાઈ હરજીભાઈ પટેલ
૫. ખજાનચી : શ્રી શામજીભાઈ માવજીભાઈ પટેલ

કારોબારીના સભ્યો

૬. : શ્રી ગંગદાસભાઇ કાનજીભાઇ પટેલ
૭. : શ્રી કરશનભાઈ માવજીભાઈ પટેલ
૮. : શ્રી શામજીભાઇ પચાણભાઈ પટેલ
૯. : શ્રી ગોપાલ ભાઇ શામજીભાઈ પટેલ
૧૦. : શ્રી પ્રેમજીભાઇ ગોપાલભાઇ પટેલ
૧૧. : શ્રી નાગજીભાઈ જેઠાભાઈ પટેલ
૧૨. : શ્રી હરીભાઈ ધનજીભાઇ પટેલ
૧૩. : શ્રી છગનલાલ દાનાભાઇ પટેલ
૧૪. ઓડીટર : શ્રી લધારામ રામજીભાઇ પટેલ

મંત્રી રવજીભાઈ ડાહ્યાભાઇ પટેલ

★ ★

ટીંબાતલાવકંપા યુવક મંડળ

પ્રથમ મીટીંગ તા. ૧૯/૧૧/૭૨

શ્રી ટીંબાતલાવકંપા યુવક મંડળની પ્રથમ જનરલ મીટીંગ સંવત ૨૦૨૯ના કારતુક સુદ-૧૩ ને રવીવાર તા. ૧૯-૧૧-૭૨ના રોજ રાત્રે ૮-૩૦ વાગે મળી હતી જેમાં નીચે દર્શાવ્યા મુજબના કારોબારીના સભ્યોની વરણી કરવામાં આવી હતી. આજની સભાના પ્રમુખસ્થાને ગામના વડીલ શ્રી કાનજીભાઇ રામજીભાઈ બીરાજ્યા હતા.

(૧) પ્રમુખ : કાન્તિલાલ ખીમજીભાઈ પટેલ તંત્રી : જાગૃતિ
(૨) ઉપપ્રમુખ : ગંગારામ નાનજીભાઇ પટેલ
(૩) સેક્રેટરી : હરીભાઇ મેઘજીભાઈ પટેલ
(૪) સહમંત્રી : નારણભાઇ મુળજીભાઇ પટેલ
(૫) ખજાનચી : પ્રહલાદભાઈ ખીમજીભાઈ પટેલ

કાર્યવાહક કમિટી :

(૧) સામજીભાઈ વસરામભાઈ પટેલ
(૨) પ્રહલાદભાઈ ખીમજીભાઈ પટેલ
(૩) માવજીભાઇ જેઠાભાઇ પટેલ
(૪) ઇશ્વરભાઇ મણીભાઇ પટેલ
(૫) ચતુરભાઈ કાનજીભાઇ પટેલ
(૬) ડાહ્યાભાઈ પરબતભાઇ પટેલ
(૭) મગનભાઇ રામજીભાઇ પટેલ

સલાહકાર સમિતિ :

(૧) નારણભાઇ વસરામભાઇ પટેલ
(૨) મુળજીભાઇ લાલજીભાઇ પટેલ
(૩) રતનશીભાઇ હરીભાઇ પટેલ
(૪) અરજણભાઇ મેઘજીભાઇ પટેલ
(૫) રામજીભાઇ નથુભાઇ પટેલ
(૬) ધનજીભાઇ રામજીભાઇ પટેલ
(૭) સામજીભાઈ હીરજીભાઇ પટેલ

શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ

ઠે રાવરનગર – સુરેન્દ્રનગર

શ્રી સંવત ૨૦૨૯ના ચૂંટાયેલા કારોબારીના સભ્યો.

પ્રમુખ	– શ્રી રામજી પટેલ	ધાવડા	(કચ્છ)
ઉપપ્રમુખ	– શ્રી વિશ્રામ કાનજી પટેલ	ખોંભડી	,,
મંત્રી	– શ્રી કરસન પ્રેમજી પટેલ	અંગીયા	,,
સહમંત્રી	– શ્રી અરજણ તેજા પટેલ	આંબાળા	,,
ખજાનચી	– શ્રી કરસન કાનજી પટેલ	ખોંભડી	,,
સહખજાનચી	– શ્રી વિંશ્રામ સોમજી પટેલ	નખત્રાણા	,,
સલાહકારો	– વડીલ તેજા ખેતા પટેલ	આંબાળા	,,
	,, તેજા હીરજી પટેલ	ખીરસરા	,,
ઓડીટર	– શ્રી વાલજી કેસરા પટેલ	સાંયરા	,,
કાર્યવાહક કમીટી	– કાનજી સોમજી પટેલ	લક્ષ્મીપુર	,,
	– સોમજી કાનજી પટેલ	નખત્રાણા	,,
	– તુલસીદાસ તેજા પટેલ	આંબાળા	,,
	– હરિલાલ તેજા પટેલ	ખીરસરા	,,
	– શીવજી મેઘજી પટેલ	આંબાળા	,,
	– હરિલાલ કરસન પટેલ	લક્ષ્મીપુર	,,

ઉપર મુજબ નવા સભ્યો ચુંટયા બાદ સભાનું કામકાજ પુરૂ કરવામાં આવેલ હતું.

લિ. મંત્રી : કરસનભાઇ પી. પટેલ

શ્રી પાટીદાર યુવક મંડળ,

બગડગંજ, **નાગપુર–૮**

કારોબારી મંડળ સંવત ૨૦૨૯

		સદસ્ય :–	,, ખેતશી લધા પટેલ
પ્રમુખ :–	શ્રી કરસન માવજી પટેલ	,, :–	,, શામજી નારણ ,,
ઉપ પ્રમુખ :–	,, લાલજી મનજી ,,	,, :–	,, મગનલાલ ગોપાળ ,,
મંત્રી :–	,, માવજી કરસન ,,	,, :–	,, મગનલાલ પચાણ ,,
સ. મંત્રી :–	,, જીવરાજ રામજી ,,	,, :–	,, અંબાલાલ શીવજી ,,
ખજાનચી :–	,, પંચાણ નારણ ,,	,, :–	,, જીવરાજ સોમજી ,,
		,, :	,, વસંતકુમાર રતનશી ,,
		,, :–	,, નારાયણ વેલજી ,,

ઓડીટર :– ,, વાલજી અભજી પટેલ

"પાટીદાર યુવક મંડળ" સાગર

પાટીદાર યુવક મંડળ સાગરની સ્થાપના સને ૧૯૬૫માં કરવામાં આવી હતી આ મંડળ આ વર્ષે આઠમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. વર્ષ ૧૯૭૨–૭૩ માટે કારોબારી સમિતિની વરણી આ પ્રમાણે કરવામાં આવી છે.

(૧) દેવસીભાઈ હરજીભાઈ (પ્રમુખ)
(૨) ગોપાલભાઈ લાલજી ઉપપ્રમુખ M. Sc.
(૩) કેશવલાલ વીરજીભાઈ મંત્રી M. A. Pol. Sc. LL B.
(૪) હીરજીભાઇ જેઠાભાઈ સહમંત્રી B. A
(૫) સામજીભાઈ જેઠા (એકાઉન્ટન્ટ) B. Com.
(૬) નાનજીભાઈ લાલજી (ખજાનચી)
(૭) હરીલાલ ભીમજીભાઇ (એડીટર) H. S C.
(૮) માવજીભાઈ કરસનભાઈ B. Com સાંસ્કૃતિક અને પર્યટન મંત્રી
(૯) મણીલાલ ભાણજી H. S. C. (ખેલકૂદ મંત્રી)
(૧૦) ખેતાભાઈ જેઠાભાઈ
દેવજીભાઈ કેશરાભાઈ સંગીત આયોજક મંત્રી
(૧૧) શિવદાસભાઇ શીવજી B. Com.
કિશનભાઈ નારાણ B. Com
કાન્તિભાઇ રામજી B. Com. ગ્રંથપાલ

આ કારોબારી સમિતિ ચુંટાઇ આવ્યા બાદ પોતાના ભવિષ્યના કાર્યક્રમોનો ચુસ્તપણે અમલ કરવાની ઘોષણા કરી કલકત્તા નવચેતન યુવક મંડળની કાર્યવાહીને પ્રોત્સાહન આપવા તથા જેટલો બની શકે એટલો સહયોગ આપવાનું પણ બહુમતિથી સ્વીકાર કરવામાં આવ્યું, અને ત્યાં તત્કાલ મળતા ડિસેમ્બર સમ્મેલનમાં પોતાના પ્રતિનિધિઓ મોકલી સમાજના નવઘડતરમાં સહયોગ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. વધારામાં આવી અપીલ કરવામાં આવી કે દેશને ખુણેખુણેથી મંડળોને સહયોગ આપવો જોઇએ અને અખીલ ભારતીય યુવક મંડળની સ્થાપના કરવી જોઇએ.

★ ★

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનાં

—: યુવક મંડળોને :—

આથી અમે સહર્ષ જણાવીએ છીએ જે અમારા મંડળનાં નિવેદન અને પત્રવ્યવહારને માન આપી આપણાં ઘણાં મંડળોએ તેઓના પ્રત્યુતરમાં અમોને "અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર યુવક સંમેલન સફળ બનાવવા બાબત સાથ અને સહકારની બાંહેધરી આપેલ છે. આથી અમારા મંડળે આ સંમેલન યોજવાનું નક્કી કરેલ છે. આ સંમેલનની પૂર્વભૂમિકા તૈયાર કરવા માટે દરેક મંડળોના પ્રતિનિધિઓની સભા તા. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર ૧૯૭૨ ના દિવસે કલકત્તા ખાતે બોલાવવાનું નક્કી કરેલ છે.

આ બાબત અમોએ અમારી જાણ અનુસારના યુવક મંડળોને આમંત્રણ મોકલાવેલ છે. છતાં પણ દરેક મંડળોનાં અમારી પાસે સરનામાં ન હોતાં તેઓને આમંત્રણ મોકલી શકયા નથી. આથી અમે આ જાહેર નિવેદન દ્વારા આમંત્રણ પાઠવીએ છીએ જે આપના મંડળનું પ્રતિનિધીત્વ ધરાવતા બે સભ્યોને આ પ્રતિનિધીઓની સભામાં ભાગ લેવા મોકલાવશો.

વિશેષમાં જણાવવાનું જે આપના પ્રતિનિધીઓ તા. ૨૨ ડિસેમ્બર' ૭૨ સુધીમાં કલકત્તા પહોંચી આવે તેની નોંધ લેશો અને તેઓનો ટ્રેન, દિવસ વિગેરેનો અહેવાલ અમને આગળથી મોકલાવવા મહેરબાની કરશો. જેથી અમે તેઓને સમયસર સ્ટેશને લેવા જઈ શકીએ.

આપ અમારા આ આમંત્રણને પૂર્ણ માન આપશો. એવી આશા સાથે.

લિ.

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ

વતી

" સંમેલન આયોજન સમિતિ "

પત્રવ્યવહારનું સરનામું :

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તા

C/o. કેશવલાલ એન્ડ કાં.

૬૫/૧ મહર્ષી દેવેન્દ્ર રોડ, કલકત્તા–૬

ફોન નં. ૩૩૩૧૫૬, ૪૬૮૬૫૨, અને ૪૭૩૨૯૪

શ્રી કચ્છ પાટીદાર સમાજ : જબલપુર

કારોબારી મંડળ : સંવત ૨૦૨૯

તા. ૧૨/૧૧/૭૨ના શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ જબલપુરની જનરલ મીટીંગ શ્રી હેમરાજભાઇ રાજાભાઇના પ્રમુખ પદે પાટીદાર ભુવનમાં બપોરના ૩–૦૦ વાગે યોજવામાં આવી હતી. તેમાં ગઇ સાલનો અહેવાલ અને આવક જાવક હીસાબ શ્રી પ્રભુદાસ જસરાજભાઇએ સભા સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. ત્યાર બાદ ચુંટણીનું કાર્ય શરૂ કરવામાં આવેલ હતું. જેમાં સર્વાનુમતે કારોબારી મંડળના મેમ્બરો ચુંટવામાં આવેલ હતા જેના નામ નીચે મુજબ છે.

સભ્ય	
૬ શ્રી પુરુષોત્તમદાસ પ્રેમજીભાઈ	
૭ ,, વીરજીભાઈ લાલજીભાઈ	૧ શ્રી માવજીભાઇ હીરજીભાઇ પ્રમુખ
૮ ,, હરરાજભાઈ નાનજીભાઈ	૨ ,, પુંજાભાઇ અરજણભાઇ ઉ. પ્રમુખ
૯ ,, રામજીભાઇ સામજીભાઇ	૩ ,, વાલજીભાઈ નાનજીભાઈ મંત્રી
૧૦ ,, શીવજીભાઈ નથુભાઇ	૪ ,, પ્રભુદાસ જસરાજભાઈ સહમંત્રી
૧૧ ,, વાલજીભાઇ અરજણભાઈ	૫ ,, રતનસીભાઇ ધનજીભાઇ કોષાધ્યક્ષ

કો–ઓપ્ટ

શ્રી હરીભાઈ ડાયાભાઇ પટેલ

,, કેશવલાલ લાલજીભાઇ પટેલ

ઉપર મુજબ કારોબારીના હોદ્દેદારોએ સોગંદ વીધી લઇ પોતાનું સ્થાન શોભાવ્યું હતું અને સર્વે સભાજનોએ તેઓને હર્ષનાદ અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. બાદમાં ચા પાન લઈ સાંજે ૬–૦૦ વાગે મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

કચ્છ કડવા પાટીદાર સમાજ
વાલજીભાઈ નાનજીભાઇ પાંચાણી
મંત્રી

—: આ માસના આજીવન સભ્યો :—

(૧) શીવદાસભાઇ ગોવિંદભાઈ પટેલ હરસડી – કચ્છ
(૨) જીવરાજભાઈ હીરજીભાઇ પટેલ ,, ,,
(૩) મણીલાલ હીરજીભાઇ પટેલ હીરાખાડી કંપા– ગુજરાત

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તા ની ભગીરથ કાર્યવાહી જાણી ખૂબ આનંદ થયો. આપણા સમાજની નવયુવાન પેઢીનું લોકો સમાજ અને દેશ માટે કંઈક કરી બતાવવા જાગૃત થયું છે. ચાલુ ડીસેમ્બર માસમાં અખિલ ભારતીય નવયુવક મંડળોના બબ્બે પ્રતિનિધિઓને કલકત્તા ખાતે બોલાવવામા આવ્યા છે એનો ઉદ્દેશ શું છે તે જો કે જાણવા મળ્યું નથી. છતાં અખિલ ભારતીય નવયુવક મંડળની સ્થાપના કરવાનું મુખ્ય ધ્યેય હશે એમ હું માનું છું ત્યાર પછીની આપણી નવી પેઢીનો પાયો મજબુત હશે અને તેનાથી સમાજમાં જે અનેક પ્રકારની ગેરરીતીઓ, અંધવિશ્વાસ અલ્પ શિક્ષણ પ્રમાણ, બે મુખ્ય સંપ્રદાયોમાં ફેલાયેલા સમાજમાં સપ, સંગઠન અને સહકારની સ્થાપના કરવાનાં પ્રયત્નો થઈ શકશે.

મારી એવી નમ્ર અભિલાષા હતી કે આ સંગઠન કરતાં પહેલાં પ્રાંતિય યુવક મંડળો જેમ કે અખીલ મધ્ય પ્રદેશ નવયુવક મંડળ કે જે તે પ્રાંતના જુદાજુદા યુવક મંડળોના સભ્યોનું બનેલું હોય અને ત્યાર પછી તેમાંથી કોઈપણ પસંદ કરાયેલા બે પ્રતિનિધિઓને આવા અખિલ ભારતીય સંમેલનમાં મોકલે જેથી આપણને ખર્ચની દ્રષ્ટિએ તેમજ બીજી કેટલીક રીતે ફાયદાકારક બને.

જો આપણે પ્રગતિ કરવીજ હોય તો ઇતિહાસનું પુનરાવર્તન કરવાની જરૂર નથી. પરંતુ નવતર ઇતિહાસનું ઘડતર કરવું જોઇએ.

અંતમાં નવયુવાન પેઢીને તેના ભગીરથ પ્રયત્નમાં સફળતા મળે એજ અભિલાષા.

મણીલાલ બી. પટેલ (સાગર, મ પ્ર.)

શોકજનક અવસાન

ઉખેડા (કચ્છ) ગામના વતની અને મે. કે. એમ પટેલની કું. મુંબઇના ભાગીદાર પટેલ પ્રેમજીભાઈ માવજીભાઇનું તા. ૨૩–૧૧–૭૨ના રોજ દુઃખદ અવસાન થયું છે. ગામમાં "શ્રી લક્ષ્મીનારાયણ યોગેશ્વર ભગવાન"ના મંદિરના પાયાથી શિખર સુધીના બાંધકામમાં સદ્‌ગતશ્રીએ રાત દિવસ જોયા વગર ખુબજ પરિશ્રમ ઉઠાવ્યો હતો. પ્રભુ ઇચ્છાથી તેજ મંદિરમાં સૌ ગ્રામજનોની હાજરીમાં અચાનક હૃદય રોગનો હુમલો થતાં તેઓ મંદિરમાં જ ઢળી પડ્યા હતા અને પ્રભુના દરબારમાં જ દેહ ત્યાગ કર્યો હતો. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને સદ્‌ગતના કુટુંબીજનોને આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના છે.

સદ્‌ગતના માનમાં અમદાવાદમાં વસતા ઉખેડા નિવાસી ભાઇઓની શોક સભા તા. ૨૪–૧૧–૭૨ના રોજ પટેલ લાલજીભાઇ મેઘજીભાઇના નિવાસસ્થાને મળી હતી.

★ ★

શ્રી જયઅંબ



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુ શ ખ બ ર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો
હરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

હરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ હરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેકટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બદામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બદામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

શ્રી ૧૧



આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયિર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઈ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઇન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

☎ નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

પટેલ ઇલેક્ટ્રીકલ્સ

ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના
વહેપારી.

●

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધનસુરા.
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ


- ટ્યુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઈલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...

●

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

●

લિ.
દેવજીભાઈ કરશનભાઈ
ભીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]



પ્રખ્યાત—
એવરેસ્ટ ઈ. મોટર્સ


તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

●

'Everest'

1972 -Jagruti (189)
1972-12 -Jagruti



JAGRUTI December '72 Reg. No. G

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટે...
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન ...
યુવક મંડળ (ગુજરાત) વતી
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

Book-Post

48 Rajaram Patel & Co.
187, Mahershi Debendra
Road, (Nimtolla) Calcutat-6

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. ...
અનુપમ પ્રિન્ટિંગ ...
ધનસુરા, જિ. સાબર...